પદાર્થ
પ્રકાશ

ભાગ-૧૬

વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત

# શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર

પદાર્થસંગ્રહ
તથા
મૂળસૂત્ર - શબ્દાર્થ

આચાર્યદેવ શ્રીમદ્વિજય
હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

# પદાર્થ પ્રકાશ

## ભાગ-૧૬

વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત

# શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર

પદાર્થસંગ્રહ
તથા
મૂળસૂત્ર - શબ્દાર્થ

• સંકલન–સંપાદન •
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

વીર સં. ૨૫૩૯ • વિ.સં. ૨૦૬૯ • ઈ.સ. ૨૦૧૩

• પ્રકાશક •
સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ
સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

# પ્રાપ્તિસ્થાન

- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬.
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
  મો : ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫. (ઉ.ગુ.). ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી-૬, સર્વોદય સોસાયટી, સાંઈનાથનગર, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭, મો : ૯૮૨૦૫૯૫૦૪૯
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો : ૯૫૯૪૫૫૫૫૦૫


પ્રથમ આવૃત્તિ — નકલ ૫૦૦

**મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
૭, ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

# દિવ્યવંદના



પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના





## શુભાશિષ



પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર
ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની
અમીદષ્ટિ સદા અમારી ઉપર વરસતી રહો.

# પ્રકાશકીય

'પદાર્થપ્રકાશ ભાગ-૧૬'ને પ્રકાશિત કરતા અમે આજે અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તકમાં પરમ પૂજ્ય ગુરુદેવ વૈરાગ્ય-દેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ વાચકવર્ય શ્રીઉમાસ્વાતિ મહારાજ રચિત શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના પદાર્થ-સંગ્રહ અને કારિકા-મૂળસૂત્ર-શબ્દાર્થનું સુંદર અને સરળ સંકલન કરેલ છે. આ પૂર્વે પૂજ્યશ્રી દ્વારા સંકલિત ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણિ, ક્ષેત્રસમાસ, કર્મપ્રકૃતિ અને પ્રકીર્ણક ગ્રંથોના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ પદાર્થપ્રકાશ ભાગ ૧ થી ૧૫ રૂપે પ્રકાશિત કરવાનો અમને અમૂલ્ય લાભ મળ્યો છે. પદાર્થપ્રકાશ શ્રેણીના આ પુસ્તકોનું સંકલન પૂજ્યશ્રીએ સુંદર, સરળ, સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ અને સચોટ શૈલીથી કર્યું હોવાથી અભ્યાસીઓને આ પુસ્તકો ખૂબ જ ઉપયોગી બને છે અને તેમને સુંદર અને શીઘ્ર બોધ થાય છે. અમે પૂજ્યશ્રીના ભગીરથ કાર્યની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. આવા અનેક પદાર્થગ્રંથોનું સંકલન કરી પૂજ્યશ્રી અભ્યાસી આત્માઓ ઉપર કૃપા વરસાવતાં રહે એવી પૂજ્યશ્રીને વિનંતિ.

આ પુસ્તકનું સંપૂર્ણ મેટર પંડિતવર્ય શ્રી પારસભાઈએ તપાસી આપ્યું છે. તેમની આ પ્રસંગે ધન્યવાદ આપવાપૂર્વક અનુમોદના કરીએ છીએ.

આ પુસ્તકનું મુદ્રણકાર્ય ભરત ગ્રાફિક્સવાળા ભરતભાઈ અને મહેન્દ્રભાઈએ ખૂબ ખંતપૂર્વક કરેલ છે. તેમને પણ આ પ્રસંગે ધન્યવાદ આપીએ છીએ.

આ પુસ્તકનું આકર્ષક ટાઈટલ મલ્ટી ગ્રાફિક્સવાળા મુકેશભાઈએ તૈયાર કરેલ છે. તેમને પણ આ પ્રસંગે ધન્યવાદ આપીએ છીએ.

અનેક પદાર્થરત્નોના મહાસાગર સમાન શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના પદાર્થોને આ પુસ્તકના માધ્યમે બરાબર સમજીને, પોતાના જીવનમાં સમ્યગ્જ્ઞાનને વધારીને, આસ્રવ અને બંધને ત્યજીને, સંવર અને નિર્જરાને ભજીને જીવો અજીવ સાથેનો સંપર્ક છોડીને કાયમ માટે મોક્ષને પામે એ જ અભ્યર્થના.

**લી. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટના**

**ટ્રસ્ટીગણ**

**૧. તારાચંદ અંબાલાલ શાહ ૨. ધરણેન્દ્ર અંબાલાલ શાહ**

**૩. પુંડરીક અંબાલાલ શાહ ૪. મુકેશ બંસીલાલ શાહ**

**૫. ઉપેન્દ્ર તારાચંદ શાહ**

## થોડા માં ઘણું

એક શેઠ હતા. તેમણે એક નોકર રાખેલો. તે મૂર્ખ હતો. તે મશ્કરી, ચેષ્ટાઓ, ગમત વગેરે કરીને બધાને હસાવતો. શેઠે ખુશ થઈને તેને એક લાકડી આપી અને કહ્યું, 'તારાથી વધુ મૂર્ખ માણસ મળે ત્યાં સુધી તારે આ લાકડી રાખવી. તારાથી વધુ મૂર્ખ માણસ મળે એટલે તારે આ લાકડી તેને આપવી.'

ઘણાં વરસો વીતી ગયા. એકવાર શેઠ માંદા પડ્યા. શેઠની બીમારી અસાધ્ય હોવાથી મરણ નજીકમાં હતું. બધા સ્વજનો શેઠને મળવા આવતાં હતાં. પેલો નોકર પણ શેઠ પાસે આવ્યો. શેઠે કહ્યું, 'હું આ દુનિયા છોડીને જાઉં છું.' નોકર- 'ક્યાં પધારો છો ?' શેઠ - 'પરલોકમાં'. નોકર - 'પાછા ક્યારે પધારશો ? એક મહિના પછી ?' શેઠ - 'ના'. નોકર - 'એક વરસ પછી ?' શેઠ - 'ના'. નોકર - 'તો ક્યારે પધારશો ?' શેઠ - 'ક્યારેય નહીં.' નોકર - 'હેં! આપ ક્યારેય પાછા નહીં પધારો ? તો તો આપ આપની સાથે ખજાનામાંથી ધન લેતા જજો. તેથી પરલોકમાં સુખી થશો.' શેઠ - 'મારી ઈચ્છા તો બધું લઈ જવાની છે. પણ મારી સાથે પરલોકમાં કંઈ આવે તેમ નથી.' નોકર - 'આપે સાથે ભાથું લીધું કે નહીં ?' શેઠ - 'ના.' નોકર - 'આપે જવા માટેની કંઈ તૈયારી કરી કે નહીં.' શેઠ - 'ના. મારે જવું નથી, પણ જવું પડે છે. મને બહુ બીક લાગે છે.' નોકર - 'પરલોકમાં શું થશે ? એની આપે કશી ચિંતા કરી જ નથી. પરલોકમાં સદ્ધર બનવા માટે આપે કશી તૈયારી કરી જ નથી. આમ તૈયારી કર્યા વિના જ આપ પરલોકમાં જવા ઉપડ્યા છો. તો આ મારી લાકડી આપ જ રાખો. આપ મોટામાં મોટા મૂર્ખ છો. આપના જેવો મૂર્ખ બીજો કોઈ જોયો નથી.' નોકર શેઠને લાકડી પકડાવી રવાના થઈ ગયો.

આ પ્રસંગ એટલું જ કહે છે કે જે માત્ર આ ભવને જ સુધારવા મહેનત કરે છે અને પરભવની ઉપેક્ષા કરે છે તે મૂર્ખ છે. આ ભવમાં મળેલા સુખોની ઉપેક્ષા કરી પરભવમાં કાયમ માટે મોક્ષના સુખો મળે એ માટેની મહેનત જે કરે છે તે પંડિત છે.

જીવ પરભવની ઉપેક્ષા કરે છે અને સંસારમાં ભટકે છે તેનું કારણ તેનામાં રહેલું અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે તેને ભૌતિક પદાર્થોમાં સુખ દેખાય છે. તેને મેળવવા તે દોડે છે. પરિણામે તેને સુખ તો મળતું નથી, પણ તે વધુ ને વધુ દુઃખી થાય છે. માટે દુઃખ અને સંસારભ્રમણને નિવારવા અજ્ઞાનને દૂર કરવું જરૂરી છે. અજ્ઞાનને દૂર કરવા સમ્યગ્જ્ઞાનને પામવું આવશ્યક છે. સમ્યગ્જ્ઞાનના સૂર્યનો આત્મામાં ઉદય થતાં આત્માનો અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે.

સમ્યગ્જ્ઞાન એટલે વીતરાગ સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલા પદાર્થો પરની શ્રદ્ધાપૂર્વકનું તેમનું જ્ઞાન. સમ્યગ્જ્ઞાનથી જીવને સાચા સ્વરૂપનું ભાન થાય છે. તેથી તેના જીવનમાંથી નકામી પ્રવૃત્તિઓ બંધ થાય છે. તે પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા ઉદ્યમ કરે છે. એક દિવસ તેને પોતાનું ખોવાયેલું સ્વરૂપ અવશ્ય પાછું મળે છે.

ગણધર ભગવંતો અને પરંપરામાં થયેલા મહાપુરુષોએ રચેલા શાસ્ત્રોના અધ્યયન દ્વારા સમ્યગ્જ્ઞાન થાય છે. જૈનદર્શનમાં આવા અનેક શાસ્ત્રો રચાયા છે. તે શાસ્ત્રોમાંનું એક શાસ્ત્ર એટલે **શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર**.

આ ગ્રન્થની રચના વાચકવર્ય **શ્રીઉમાસ્વાતિ** મહારાજે કરેલી છે. તેમનો જીવનકાળ વીર સં. ૭૧૪ થી ૭૯૮ સુધીનો હતો. તેમનો જન્મ ન્યગ્રોધિકા ગામમાં થયો હતો. વત્સ ગોત્રવાળા ઉમાદેવી તેમના માતાજી હતા. કુભીષણ ગોત્રવાળા સ્વાતિ તેમના પિતાજી હતા. માતા-પિતાના નામ પરથી તેમનું 'ઉમાસ્વાતિ' એવું નામ પડેલું. તેઓ જન્મથી બ્રાહ્મણ હતા. પણ જિનપ્રતિમાના દર્શનથી તેમણે જૈનદીક્ષા લીધી હતી. તેઓ પૂર્વધર થયા હતા અને તેમને 'વાચક'નું બિરૂદ મળ્યું હતું. તેઓ વાચક-મુખ્ય શિવશ્રીજીના પ્રશિષ્ય હતા, ઘોષનંદી ક્ષમાશ્રમણજીના શિષ્ય હતા અને વાચનાથી મહાવાચક ક્ષમણમુંડપાદના શિષ્ય વાચક મૂલના શિષ્ય હતા. તેઓ ઉચ્ચનાગરશાખાના હતા. તેમણે પાંચ સો પ્રકરણોની રચના કરી હતી. હાલ તેમાંથી થોડા જ ગ્રંથો મળે છે. તેમના નામ નીચે મુજબ છે -

(૧) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૨) તત્ત્વાર્થાધિગમસૂત્રનું ભાષ્ય
(૩) પ્રશમરતિ
(૪) જંબૂદ્વીપસમાસપ્રકરણ
(૫) પૂજાપ્રકરણ
(૬) શ્રાવકપ્રજ્ઞપ્તિ
(૭) ક્ષેત્રવિચાર

શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર અને તેનું ભાષ્ય તેમણે કુસુમપુરમાં એટલે કે પાટલીપુત્રનગરમાં રચેલું. તેઓ શ્વેતાંબર સંપ્રદાયમાં થયેલા. દિગંબર સંપ્રદાયવાળા તેમને દિગંબર સંપ્રદાયના માને છે. પણ શ્રીતત્ત્વાર્થાધિગમ-સૂત્રના અનેક સૂત્રો અને તેમની ટીકાઓ પરથી તેમની માન્યતા ખોટી હોવાનું સિદ્ધ થાય છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે સિદ્ધહેમશબ્દાનુ-શાસનમાં શ્રીઉમાસ્વાતિવાચકજીની પ્રશંસા કરતાં કહ્યું છે, 'સંગ્રહ કરનારાઓમાં શ્રીઉમાસ્વાતિવાચક સૌથી શ્રેષ્ઠ છે.' આનું કારણ એ છે કે શ્રીઉમાસ્વાતિવાચકજીએ શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રમાં સંક્ષેપમાં ઘણા બધા પદાર્થોનો સંગ્રહ કર્યો છે.

શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રમાં ગ્રન્થકારે દશ અધ્યાયોમાં કુલ ૩૪૪ સૂત્રો રચ્યા છે.

પહેલા અધ્યાયમાં ૩૫ સૂત્રો છે. તેમાં મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન, સાત તત્ત્વો, નિક્ષેપો, અનુયોગદ્વારો, સમ્યગ્જ્ઞાન, નય વગેરે વિષયોનું સ્વરૂપ બતાવ્યું છે.

બીજા અધ્યાયમાં ૫૧ સૂત્રો છે. તેમાં જીવતત્ત્વ, પાંચ ભાવો, જીવોના ભેદ, ઈન્દ્રિયો, જન્મ, યોનિ, શરીર, આયુષ્ય વગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે.

ત્રીજા અધ્યાયમાં ૧૮ સૂત્રો છે. તેમાં નરકપૃથ્વીઓ, નારકો, તિર્ચ્છાલોક, મનુષ્યક્ષેત્ર, મનુષ્ય-તિર્યંચની સ્થિતિ વગેરેનું નિરૂપણ કર્યું છે.

ચોથા અધ્યાયમાં ૫૩ સૂત્રો છે. તેમાં ચાર પ્રકારના દેવોના સ્વરૂપ, ભેદ, આયુષ્ય વગેરે પદાર્થો બતાવ્યા છે.

પાંચમા અધ્યાયમાં ૪૪ સૂત્રો છે. તેમાં અજીવતત્ત્વ, પાંચ દ્રવ્યો, તેમના ઉપકાર, સત્, પુદ્ગલોનો બંધ, કાળ, ગુણ, પરિણામ વગેરેનું વર્ણન કર્યું છે.

છઠ્ઠા અધ્યાયમાં ૨૬ સૂત્રો છે. તેમાં આસ્રવતત્ત્વના સ્વરૂપ, ભેદ વગેરે બતાવ્યા છે.

સાતમા અધ્યાયમાં ૩૪ સૂત્રો છે. તેમાં અણુવ્રત, મહાવ્રત, મહાવ્રતોની ભાવના, અવ્રત, શ્રાવકના બાર વ્રત, વ્રતોના અતિચારો, દાન વગેરેનું વર્ણન કર્યું છે.

આઠમા અધ્યાયમાં ૨૬ સૂત્રો છે. તેમાં બંધતત્ત્વ, બંધહેતુઓ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ, પુણ્ય, પાપ વગેરેનું સ્વરૂપ બતાવ્યું છે.

નવમા અધ્યાયમાં ૪૯ સૂત્રો છે. તેમાં સંવરતત્ત્વ, નિર્ગ્રન્થો વગેરેનું વર્ણન કર્યું છે.

દશમા અધ્યાયમાં ૭ સૂત્રો છે. તેમાં મોક્ષતત્ત્વ, સિદ્ધોની બાર દ્વારોથી વિચારણા વગેરે પદાર્થોનું નિરૂપણ કર્યું છે.

આમ આ નાના ગ્રંથમાં ગ્રન્થકારે અનેકાનેક પદાર્થોનો સંગ્રહ કર્યો છે. તેમણે બિંદુમાં સિંધુ સમાવવા પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથ લગભગ ૧૯૮ શ્લોકપ્રમાણ છે.

શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર ઉપર શ્રીઉમાસ્વાતિવાચકજીએ ભાષ્ય પણ રચેલું છે. તે ૨,૨૦૦ શ્લોક પ્રમાણ છે. તેમાં શરૂઆતમાં ૩૧ સંબંધકારિકાઓ છે. અંતે અંતિમોપદેશની ૩૨ કારિકાઓ અને પ્રશસ્તિની ૬ ગાથાઓ છે. ભાષ્યમાં ગ્રન્થકારે મૂળસૂત્રોના રહસ્યો સંક્ષેપમાં ખોલ્યા છે.

શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. તેમાં વર્તમાનકાળે ઉપલબ્ધ ટીકાઓમાં સૌથી મોટી ટીકા શ્રીસિદ્ધસેનગણિ

મહારાજે રચી છે. આ ટીકા તેમણે ભાષ્યને અનુસારે રચી છે. તે ૧૮,૨૮૨ શ્લોકપ્રમાણ છે. તેમાં ટીકાકારે ભાષ્યના પદાર્થોનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર, તેનું ભાષ્ય અને તેની શ્રીસિદ્ધસેનગણિજી કૃત ટીકાના આધારે અમે આ પુસ્તકમાં પદાર્થોનું નિરૂપણ કર્યું છે. આ પુસ્તકમાં બધા પદાર્થો સહેલાઈથી સમજાઈ શકે એવી સરળ શૈલીથી લખ્યા છે. લાંબી અને ક્લિષ્ટ ચર્ચાઓને આમાં અવકાશ અપાયો નથી. પદાર્થોનો સરળ અને સહજ રીતે બોધ થાય તે રીતે પદાર્થોનું વર્ણન કર્યું છે. પહેલા બધા પદાર્થોનું નિરૂપણ કરાયું છે. તેમાં અધ્યાયો અને સૂત્રોના ક્રમ મુજબ નિરૂપણ કર્યું નથી. પણ સહેલાઈથી, સ્પષ્ટ, સંપૂર્ણ અને શીઘ્ર બોધ થાય એ માટે ભિન્ન ભિન્ન પ્રકરણો પ્રમાણે પદાર્થોનું નિરૂપણ કર્યું છે. તે પ્રકરણો અને તેમના વિષયો વિષયાનુક્રમણિકામાંથી જાણી શકાશે. બધે કોઠાઓ દ્વારા પદાર્થોને એકદમ સ્પષ્ટ કરાયા છે. જરૂરી સ્થળોએ પદાર્થોને સ્પષ્ટ કરવા ચિત્રો પણ મૂક્યા છે. આ ચિત્રો પૂજ્ય પંન્યાસ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ સંપાદિત 'બહત્ક્ષેત્રસમાસ' પુસ્તકમાંથી સાભાર લીધા છે. પદાર્થોના નિરૂપણમાં તે તે સૂત્રોના નંબરો પણ લખ્યા છે જેથી તે તે પદાર્થો કયા કયા સૂત્રના છે ? તે સમજી શકાય. પુસ્તકની શરૂઆતમાં સૂત્રાનુક્રમણિકા પણ આપી છે. તેનાથી તે તે સૂત્રોના પદાર્થો કયા કયા પાના પર છે ? તે જાણી શકાય છે. પદાર્થોના નિરૂપણ બાદ તત્ત્વાર્થાધિગમસૂત્રના ભાષ્યની સંબંધકારિકા અને તેમના શબ્દાર્થો આપ્યા છે. ત્યાર પછી શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના મૂળસૂત્રો અને તેમના શબ્દાર્થો આપ્યા છે. ત્યાર પછી શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના ભાષ્યની અંતિમોપદેશ-કરિકાઓ, પ્રશસ્તિ અને તેમના શબ્દાર્થો આપ્યા છે.

આમ શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના સાંગોપાંગ અભ્યાસ માટે આ પુસ્તક 'Master Piece' છે. માત્ર પદાર્થોની રૂચિવાળા જીવો માટે પણ આ પુસ્તક ઉપાદેય છે, કેમકે પહેલા માત્ર પદાર્થોનું નિરૂપણ કર્યું છે. માત્ર સૂત્રોની રૂચિવાળા જીવો માટે પણ આ પુસ્તક ઉપાદેય છે, કેમકે અંતે સૂત્ર અને તેમના શબ્દાર્થોનું નિરૂપણ કર્યું છે. સૂત્રો પરથી પદાર્થો જાણવાની

રુચિવાળા જીવો માટે પણ આ પુસ્તક ઉપાદેય છે, કેમકે પદાર્થોના નિરૂપણમાં તે તે સૂત્રોના નંબરો મૂક્યા છે. આમ આ પુસ્તક બધા જીવો માટે ઉપયોગી છે.

આ ગ્રંથમાં મુખ્યતયા જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વોનું વર્ણન કર્યું છે. તેમાં જીવ અને અજીવ જાણવા યોગ્ય છે. આસ્રવ અને બંધ છોડવા યોગ્ય છે. સંવર, નિર્જરા અને મોક્ષ આદરવા યોગ્ય છે.

આ ગ્રંથ માત્ર વાંચી જવાનો નથી. આ ગ્રંથને વાંચીને તેના પદાર્થો બરાબર સમજવાના છે, તે પદાર્થો ઉપર મજબુત શ્રદ્ધા ઊભી કરવાની છે, તે પદાર્થો કહેનાર પરમાત્મા ઉપર અત્યંત બહુમાન ઊભું કરવાનું છે, તે પદાર્થોને કંઠસ્થ કરી તેમનો દરરોજ પાઠ કરવાનો છે, તે પદાર્થોને જીવનમાં ઉતારવાના છે. તેના દ્વારા હેયને છોડીને - ઉપાદેયને આદરીને આત્માને તેના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરાવવાની છે. આટલું થશે તો જ આ ગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ થશે, અન્યથા અધુરો રહેશે. બધાએ તે માટે અવશ્ય પ્રયત્નશીલ બનવું.

પરમ પૂજ્ય પરમગુરુદેવ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય પ્રગુરુદેવ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અને પરમ પૂજ્ય ગુરુદેવ સમતાસાગર પંન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી મહારાજા - આ ત્રણે ગુરુદેવોની અચિંત્ય કૃપાના બળે જ આ કાર્ય સંપન્ન થયું છે. આ ત્રણે ગુરુદેવોના ચરણોમાં અનંતશઃ વંદના. આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેની ક્ષમા યાચું છું.

આ ગ્રંથના અભ્યાસ દ્વારા સહુ જીવો મુક્તિસુખને વરે એ જ અભ્યર્થના.

**ફાગણ સુદ-૫,**
**વીર સં. ૨૫૩૯,, વિ.સં. ૨૦૬૯**
**ઈ.સ. ૧૬-૩-૨૦૧૩,**
**પાવાપૂરી તીર્થધામ (રાજ.)**

**- પરમ પૂજ્ય સંયમૈકનિષ્ઠ**
**પંન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી**
**મહારાજનો ચરણકજમધુકર**
**આચાર્ય વિજય હેમચન્દ્રસૂરિ**

## પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

# ગુજરાતી સાહિત્ય

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧
(જીવવિચાર-નવતત્ત્વનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨
(દંડક-લઘુસંગ્રહણીનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩
(૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪
(૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) પદાર્થપ્રકાશ ભાગ-૫
(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૬) પદાર્થપ્રકાશ ભાગ-૬
(પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૭) પદાર્થપ્રકાશ ભાગ-૭
(છઠ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૮) પદાર્થપ્રકાશ ભાગ-૮
(બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૯) પદાર્થપ્રકાશ ભાગ-૯
(બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૦) પદાર્થપ્રકાશ ભાગ-૧૦
(કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૧) પદાર્થપ્રકાશ ભાગ-૧૧
(કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૨) પદાર્થપ્રકાશ ભાગ-૧૨

(કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૩) પદાર્થપ્રકાશ ભાગ-૧૩

(કર્મપ્રકૃતિ ઉદયાધિકાર તથા સત્તાધિકારનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૪) પદાર્થપ્રકાશ ભાગ-૧૪

(શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ, શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિદ્વાત્રિંશિકાનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-અવચૂરિ)

(૧૫) પદાર્થપ્રકાશ ભાગ-૧૫

(શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહસ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ, શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્ગલપરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી, શ્રીસમવરણસ્તવનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-અવચૂરિ)

(૧૬) મુક્તિનું મંગલદ્વાર

(ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)

(૧૭) શ્રી સીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)

(૧૮) ચાતુર્માસિક અને જીવનના નિયમો

(૧૯) વીશ વિહરમાન જિન સચિત્ર

(૨૦) વીશ વિહરમાન જિન પૂજા



(૨૧) બંધનથી મુક્તિ તરફ (બારવ્રત તથા ભવઆલોચના વિષયક સમજણ)

(૨૨) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપનોંધ

(૨૩) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ

(૨૪) તત્ત્વાર્થ ઉષા (લે. પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)

(૨૫) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં. પદ્મવિજયજી મ.નું જીવનચરિત્ર)

(૨૬) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)

(૨૭) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)

(૨૮) પ્રેમપ્રભા ભાગ-૩

(બ્રહ્મચર્યસમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)

(૨૯) સાધુતાનો ઉજાસ (લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)

(૩૦) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (લે. પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)

(૩૧) ગુરુ દીવો, ગુરુ દેવતા. (પ્રેમપ્રભા ભાગ-૬)

(૩૨) પ્રભુ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)

(૩૩) સમાધિસાર (પ્રેમપ્રભા ભાગ-૮)

(૩૪) પ્રભુ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)

(૩૫) કામસુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)

(૩૬-૩૭) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧-૨ (પ્રેમપ્રભા ભાગ-૧૧-૧૨)

(૩૮) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા-દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)

(૩૯) ભક્તિમાં ભીંજાણા (લે. પં. પદ્મવિજયજી ગણિવર્ય) (પૂ. શ્રીવીરવિજયજી મ. કૃત સ્નાત્રપૂજાનું ગુજરાતીમાં વિવેચન)

(૪૦) આદીશ્વર અલબેલો રે (સં. પૂ. ગણિ કલ્યાણબોધિવિજયજી) (શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)

(૪૧) ઉપધાનતપવિધિ

(૪૨) રત્નકુક્ષી માતા પાહિણી



(૪૩) સતીસોનલ

(૪૪) નેમિદેશના

(૪૫) નરક દુઃખ વેદના ભારી

(૪૬) પંચસૂત્રનું પરિશીલન

(૪૭) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)

(૪૮) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)

(૪૯) અધ્યાત્મયોગી (આ. કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)

(૫૦) ચિત્કાર

(૫૧) મનોનુશાસન

(૫૨) ભાવે ભજો અરિહંતને

(૫૩) લક્ષ્મી સરસ્વતી સંવાદ

(૫૪-૫૬) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩

(૫૭-૬૦) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪

(૬૧) સમતાસાગર (પૂ.પં. પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)

(૬૨) પ્રભુ દરિસણ સુખ સંપદા

(૬૩) શુદ્ધિ (ભવઆલોચના)

(૬૪) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો

(૬૫) જયવીયરાય

(૬૬) આર્હન્ત્ય

(૬૭) બ્રહ્મવૈભવ

(૬૮) પ્રતિકાર

(૬૯) તીર્થ-તીર્થપતિ

(૭૦) વેદના-સંવેદના

## અંગ્રેજી સાહિત્ય

(૧) A Shining Star of Spirituality
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)

(૨) Padartha Prakash Part-I (જીવવિચાર-નવતત્ત્વ)

(૩) Pahini-A Gem-womb Mother
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् ( गद्य ) (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.



# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| I | **શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રનો પદાર્થસંગ્રહ** | **૧-૪૪** |
| A | **મોક્ષમાર્ગ પ્રકરણ** | **૧** |
| B | **સમ્યગ્દર્શન પ્રકરણ** | **૨-૫** |
| ૧ | સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ | ૨ |
| ૨ | નિસર્ગ સમ્યગ્દર્શન | ૨-૪ |
| ૩ | અધિગમ સમ્યગ્દર્શન | ૪ |
| ૪ | પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિનું ચિત્ર | ૫ |
| C | **સાત તત્ત્વ પ્રકરણ** | **૬-૩૧** |
| ૧ | સાત તત્ત્વો | ૬ |
| ૨ | ચાર નિક્ષેપોની વ્યાખ્યા | ૭-૯ |
| ૩ | જીવના નિક્ષેપો | ૯-૧૦ |
| ૪ | અજીવના નિક્ષેપો | ૧૦ |
| ૫ | આસ્રવના નિક્ષેપો | ૧૦ |
| ૬ | બંધના નિક્ષેપો | ૧૧ |
| ૭ | સંવરના નિક્ષેપો | ૧૧ |
| ૮ | નિર્જરાના નિક્ષેપો | ૧૧-૧૨ |
| ૯ | મોક્ષના નિક્ષેપો | ૧૨ |
| ૧૦ | સમ્યગ્દર્શનના નિક્ષેપો | ૧૨-૧૩ |
| ૧૧ | સમ્યગ્જ્ઞાનના નિક્ષેપો | ૧૩ |
| ૧૨ | સમ્યક્ચારિત્રના નિક્ષેપો | ૧૩-૧૪ |
| ૧૩ | દ્રવ્યના નિક્ષેપો | ૧૪ |
| ૧૪ | પ્રમાણ, નય | ૧૪-૧૫ |
| ૧૫ | છ અનુયોગદ્વારો | ૧૫ |
| ૧૬ | છ અનુયોગદ્વારોથી જીવતત્ત્વની વિચારણા | ૧૫-૧૬ |
| ૧૭ | છ અનુયોગદ્વારોથી સમ્યગ્દર્શનની વિચારણા | ૧૬-૨૩ |
| ૧૮ | આઠ અનુયોગદ્વારો | ૨૩ |
| ૧૯ | આઠ અનુયોગદ્વારોથી સમ્યગ્દર્શનની વિચારણા | ૨૩-૩૧ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| D | **સમ્યગ્જ્ઞાન પ્રકરણ** | **૩૨-૪૪** |
| ૧ | સમ્યગ્જ્ઞાનના પાંચ પ્રકાર | ૩૨ |
| ૨ | પ્રત્યક્ષપ્રમાણ, પરોક્ષપ્રમાણ | ૩૨-૩૪ |
| ૩ | મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો | ૩૪ |
| ૪ | મતિજ્ઞાનના પ્રકારો | ૩૪-૩૮ |
| ૫ | શ્રુતજ્ઞાનના પ્રકારો | ૩૮-૩૯ |
| ૬ | મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ભેદ | ૩૯ |
| ૭ | અવધિજ્ઞાનના પ્રકારો | ૪૦-૪૧ |
| ૮ | મનઃપર્યાયજ્ઞાનના પ્રકારો | ૪૧ |
| ૯ | ઋજુમતિમનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિમનઃપર્યાયજ્ઞાનનો ભેદ | ૪૧ |
| ૧૦ | અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ | ૪૨ |
| ૧૧ | પાંચ જ્ઞાનના વિષયો | ૪૨ |
| ૧૨ | એક સમયે એક જીવને કેટલા જ્ઞાન હોય ? | ૪૩ |
| ૧૩ | કેવળજ્ઞાન હોય ત્યારે મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનો હોય કે ન હોય ? | ૪૩-૪૪ |
| ૧૪ | કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગ સંબંધી ત્રણ મતો | ૪૪ |
| ૧૫ | અજ્ઞાન | ૪૪ |
| E | **નય પ્રકરણ** | **૪૫-૪૯** |
| ૧ | નયના પાંચ પ્રકાર | ૪૫-૪૮ |
| ૨ | કયા નયો કેટલા જ્ઞાન અને કેટલા અજ્ઞાનને માને છે ? | ૪૮-૪૯ |
| F | **જીવતત્ત્વ** | **૫૦-૨૧૯** |
| (i) | **ભાવ પ્રકરણ** | **૫૦-૫૪** |
| ૧ | પાંચ ભાવો | ૫૦ |
| ૨ | ઔપશમિક ભાવ | ૫૦ |
| ૩ | ક્ષાયિકભાવ | ૫૦ |
| ૪ | ક્ષાયોપશમિકભાવ | ૫૧ |
| ૫ | ઔદયિકભાવ | ૫૧-૫૨ |
| ૬ | પારિણામિકભાવ | ૫૨-૫૩ |
| ૭ | જીવનું લક્ષણ | ૫૩ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૮ | સાકારોપયોગ | ૫૩ |
| ૯ | અનાકારોપયોગ | ૫૩-૫૪ |
| (ii) | **જીવભેદ પ્રકરણ** | **૫૫-૬૦** |
| ૧ | જીવોના બે ભેદ | ૫૫ |
| ૨ | સમનસ્ક જીવો | ૫૫ |
| ૩ | ત્રણ પ્રકારની સંજ્ઞાઓ | ૫૫-૫૬ |
| ૪ | ચાર પ્રકારની સંજ્ઞાઓ | ૫૬ |
| ૫ | અમનસ્ક જીવો | ૫૬ |
| ૬ | સ્થાવર જીવો | ૫૬-૫૯ |
| ૭ | ત્રસ જીવો | ૫૯-૬૦ |
| (iii) | **ઈન્દ્રિય પ્રકરણ** | **૬૧-૬૫** |
| ૧ | ઈન્દ્રિયોના પાંચ પ્રકાર | ૬૧ |
| ૨ | નિર્વૃત્તિઈન્દ્રિય | ૬૧-૬૨ |
| ૩ | ઉપકરણઈન્દ્રિય | ૬૨ |
| ૪ | લબ્ધિઈન્દ્રિય | ૬૨-૬૩ |
| ૫ | ઉપયોગઈન્દ્રિય | ૬૩ |
| ૬ | ઈન્દ્રિયો-અનિન્દ્રિયના વિષયો | ૬૩ |
| ૭ | ઈન્દ્રિયો-અનિન્દ્રિયની પ્રાપ્યકારિતા-અપ્રાપ્યકારિતા | ૬૩-૬૪ |
| ૮ | કઈ ઈન્દ્રિયો કેટલે દૂર રહેલા કે કેટલે દૂરથી આવેલા વિષયોને ગ્રહણ કરે ? | ૬૪ |
| ૯ | કયા જીવોને કેટલી ઈન્દ્રિયો હોય ? | ૬૫ |
| (iv) | **યોગ પ્રકરણ** | **૬૬-૬૯** |
| ૧ | મનોયોગ | ૬૬ |
| ૨ | વચનયોગ | ૬૬-૬૭ |
| ૩ | કાયયોગ | ૬૭ |
| ૪ | કયા યોગો કયા જીવોને હોય છે ? | ૬૮-૬૯ |
| ૫ | કયા જીવોને કયા યોગો હોય ? | ૬૯ |
| (v) | **ગતિ પ્રકરણ** | **૭૦-૭૫** |
| ૧ | જીવની બે પ્રકારની ગતિ | ૭૦-૭૧ |
| ૨ | વિગ્રહગતિમાં આહારકપણું-અનાહારકપણું | ૭૧-૭૨ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩ | ઋજુગતિ-વિગ્રહગતિના ચિત્રો | ૭૨-૭૪ |
| ૪ | આહારના ત્રણ પ્રકાર | ૭૫ |
| (vi) | **જન્મ પ્રકરણ** | **૭૬-૭૭** |
| ૧ | સંમૂર્ચ્છનજન્મ | ૭૬ |
| ૨ | ગર્ભજન્મ | ૭૬ |
| ૩ | ગર્ભજન્મવાળા જીવોના ત્રણ પ્રકાર | ૭૬-૭૭ |
| ૪ | ઉપપાતજન્મ | ૭૭ |
| (vii) | **યોનિ પ્રકરણ** | **૭૮-૮૦** |
| ૧ | સચિત્ત-અચિત્ત-મિશ્ર યોનિ | ૭૮ |
| ૨ | શીત-ઉષ્ણ-મિશ્ર યોનિ | ૭૮ |
| ૩ | સંવૃત-વિવૃત-મિશ્ર યોનિ | ૭૯ |
| ૪ | જીવોને વિષે યોનિની સંખ્યા | ૭૯-૮૦ |
| (viii) | **શરીર પ્રકરણ** | **૮૧-૮૮** |
| ૧ | શરીરના પાંચ પ્રકારો | ૮૧-૮૩ |
| ૨ | પાંચ શરીરોની નવ દ્વારોથી વિચારણા | ૮૪-૮૭ |
| ૩ | એક સાથે કેટલા શરીર કયા જીવોને હોય ? | ૮૭-૮૮ |
| (ix) | **વર્ગણા પ્રકરણ** | **૮૯-૯૫** |
| ૧ | ઔદારિક વગેરેની ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય વર્ગણાઓ | ૮૯-૯૪ |
| ૨ | ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓનો કોઠો | ૯૪-૯૫ |
| ૩ | જીવોને વિષે ત્રણ પ્રકારના વેદ | ૯૫ |
| (x) | **આયુષ્ય પ્રકરણ** | **૯૬-૯૮** |
| ૧ | પરભવનું આયુષ્ય ક્યારે બંધાય ? | ૯૬ |
| ૨ | સોપક્રમ આયુષ્ય | ૯૬ |
| ૩ | નિરુપક્રમ આયુષ્ય | ૯૭ |
| ૪ | અનપવર્તનીય આયુષ્ય | ૯૭ |
| ૫ | અપવર્તનીય આયુષ્ય | ૯૮ |
| (xi) | **નરકગતિ પ્રકરણ** | **૯૯-૧૨૨** |
| ૧ | લોકનું સ્વરૂપ | ૯૯-૧૦૨ |
| ૨ | ચૌદ રાજલોકના સ્વરૂપનું ચિત્ર | ૧૦૦ |
| ૩ | સાત નરકપૃથ્વીઓના ગોત્ર, નામ, જાડાઈ, લંબાઈ અને પહોળાઈ | ૧૦૨ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪ | નરકપૃથ્વીઓના છેડે ઘનોદધિ, ઘનવાત અને તનવાતના વલયોની જાડાઈ | ૧૦૩ |
| ૫ | રત્નપ્રભાપૃથ્વીના ત્રણ કાંડ | ૧૦૪ |
| ૬ | નરકાવાસ | ૧૦૪-૧૦૬ |
| ૭ | નરકના એક પ્રતરના નરકાવાસોનું ચિત્ર | ૧૦૭ |
| ૮ | નરકમાં લેશ્યા | ૧૦૮-૧૦૯ |
| ૯ | નરકમાં દશ પ્રકારનો પુદ્ગલપરિણામ | ૧૦૯-૧૧૦ |
| ૧૦ | નરકમાં જીવોના શરીર અને તેમની અવગાહના | ૧૧૦-૧૧૧ |
| ૧૧ | નરકમાં વેદના | ૧૧૨-૧૧૩ |
| ૧૨ | નરકમાં વિક્રિયા | ૧૧૩ |
| ૧૩ | નરકમાં ક્ષેત્રસ્વભાવજનિત વેદના | ૧૧૩-૧૧૪ |
| ૧૪ | નરકમાં પરસ્પરોદીરિત વેદના | ૧૧૪ |
| ૧૫ | નરકમાં પરમાધામીકૃત વેદના | ૧૧૪-૧૧૭ |
| ૧૬ | ૧૫ પ્રકારના પરમાધામી | ૧૧૫ |
| ૧૭ | પરમાધામી વડે નારકીને કરાતી પીડા | ૧૧૬-૧૧૭ |
| ૧૮ | પરમાધામી દેવોનું ભાવિ | ૧૧૭-૧૧૮ |
| ૧૯ | કઈ નરકપૃથ્વીમાં કેટલા પ્રકારની વેદના હોય ? | ૧૧૯ |
| ૨૦ | નરકમાં આયુષ્ય | ૧૨૦ |
| ૨૧ | કયા જીવો કેટલી નરકપૃથ્વીમાં ઉત્પન્ન થઈ શકે ? | ૧૨૦-૧૨૧ |
| ૨૨ | કઈ નરકપૃથ્વીમાંથી નીકળેલા જીવને કઈ લબ્ધિ પ્રાપ્ત થાય ? | ૧૨૧ |
| ૨૩ | નરકપૃથ્વીઓમાં દેવોની ઉત્પત્તિ અને ગમન | ૧૨૨ |
| **(xii)** | **તિર્ચ્છાલોક પ્રકરણ** | **૧૨૩-૧૬૬** |
| ૧ | દ્વીપો-સમુદ્રોના નામો | ૧૨૩ |
| ૨ | જંબૂદ્વીપ | ૧૨૩ |
| ૩ | તિર્ચ્છાલોકનું ચિત્ર | ૧૨૪ |
| ૪ | જંબૂદ્વીપની જગતીનું ચિત્ર | ૧૨૫ |
| ૫ | જગતી, વેદિકા, વનખંડ તથા ગવાક્ષકટકના દેખાવનું ચિત્ર | ૧૨૬ |
| ૬ | જગતીના મધ્યભાગે ગવાક્ષકટકના દેખાવનું ચિત્ર | ૧૨૭ |
| ૭ | મેરુપર્વત | ૧૨૮-૧૩૧ |
| ૮ | મેરુપર્વતનું ચિત્ર | ૧૩૦ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯ | દિશા-વિદિશા | ૧૩૧-૧૩૨ |
| ૧૦ | જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતો | ૧૩૨-૧૩૩ |
| ૧૧ | જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતોનું ચિત્ર | ૧૩૪ |
| ૧૨ | જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતોના વિસ્તારનું ચિત્ર | ૧૩૫ |
| ૧૩ | દીર્ઘવૈતાઢ્ય પર્વત | ૧૩૬ |
| ૧૪ | દીર્ઘવૈતાઢ્યપર્વતના ચિત્રો | ૧૩૬-૧૩૭ |
| ૧૫ | દેવકુરુ-ઉત્તરકુરુ | ૧૩૬-૧૩૮ |
| ૧૬ | દેવકુરુ, ઉત્તરકુરુ, ગજદંતપર્વત, ચિત્ર-વિચિત્ર પર્વત, યમકપર્વત અને કંચનગિરિનું ચિત્ર | ૧૩૯ |
| ૧૭ | મહાવિદેહક્ષેત્ર | ૧૪૦ |
| ૧૮ | મહાવિદેહક્ષેત્રનું ચિત્ર | ૧૪૧ |
| ૧૯ | કૂટો | ૧૪૨ |
| ૨૦ | વર્ષધર પર્વતો ઉપરના દ્રહો | ૧૪૨ |
| ૨૧ | નદીઓ | ૧૪૩ |
| ૨૨ | વૃત્તવૈતાઢ્ય પર્વતો | ૧૪૩ |
| ૨૩ | જંબૂદ્વીપની મહાનદીઓનું ચિત્ર | ૧૪૪ |
| ૨૪ | મહાવિદેહક્ષેત્રની એક વિજયનું ચિત્ર | ૧૪૫ |
| ૨૫ | વૃષભકૂટ | ૧૪૬ |
| ૨૬ | જીવા, ઈષુ, ધનુઃપૃષ્ઠ, બાહા વગેરે | ૧૪૬ |
| ૨૭ | જંબૂદ્વીપની પરિધિ | ૧૪૬-૧૪૮ |
| ૨૮ | જંબૂદ્વીપનું ક્ષેત્રફળ | ૧૪૮-૧૫૦ |
| ૨૯ | જીવા લાવવા માટેનું કરણ | ૧૫૧-૧૫૨ |
| ૩૦ | ઈષુ લાવવા માટેનું કરણ | ૧૫૨-૧૫૩ |
| ૩૧ | ધનુઃપૃષ્ઠ લાવવા માટેનું કરણ | ૧૫૩-૧૫૪ |
| ૩૨ | જંબૂદ્વીપની પહોળાઈ લાવવાનું કરણ | ૧૫૫ |
| ૩૩ | બાહા લાવવાનું કરણ | ૧૫૬ |
| ૩૪ | જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતના પહોળાઈ, ઈષુ અને જીવાનો કોઠો | ૧૫૭-૧૫૮ |
| ૩૫ | જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતના ધનુઃપૃષ્ઠ, બાહા અને ઊંચાઈનો કોઠો | ૧૫૮-૧૫૯ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૬ | જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતના પ્રતરગણિત, ઘનગણિત અને શેના બનેલા છે ? તેનો કોઠો | ૧૬૦-૧૬૧ |
| ૩૭ | ધાતકીખંડ અને પુષ્કરવરાર્ધ દ્વીપના મેરુપર્વતોનું ચિત્ર | ૧૬૨ |
| ૩૮ | ધાતકીખંડ અને પુષ્કરવરાર્ધ દ્વીપના મેરુપર્વતો | ૧૬૩ |
| ૩૯ | ધાતકીખંડ દ્વીપ | ૧૬૩ |
| ૪૦ | ધાતકીખંડનું ચિત્ર | ૧૬૪ |
| ૪૧ | પુષ્કરવરાર્ધ દ્વીપ | ૧૬૫ |
| ૪૨ | પુષ્કરવરાર્ધદ્વીપનું ચિત્ર | ૧૬૬ |
| **(xiii)** | **મનુષ્યક્ષેત્ર પ્રકરણ** | **૧૬૭-૧૬૯** |
| ૧ | મનુષ્યક્ષેત્ર | ૧૬૭ |
| ૨ | મનુષ્યક્ષેત્રનું ચિત્ર | ૧૬૮ |
| ૩ | મનુષ્યક્ષેત્રનું પ્રમાણ | ૧૬૮ |
| ૪ | મનુષ્યક્ષેત્રમાં આવતા ક્ષેત્રો, પર્વતો વગેરે | ૧૬૯ |
| **(xiv)** | **મનુષ્યપ્રકાર પ્રકરણ** | **૧૭૦-૧૭૧** |
| ૧ | આર્ય મનુષ્યો | ૧૭૦-૧૭૧ |
| ૨ | મ્લેચ્છ મનુષ્યો | ૧૭૧ |
| **(xv)** | **અંતરદ્વીપ પ્રકરણ** | **૧૭૨-૧૭૪** |
| ૧ | અંતરદ્વીપોનું સ્વરૂપ અને નામ | ૧૭૨-૧૭૪ |
| ૨ | અંતરદ્વીપોનું ચિત્ર | ૧૭૩ |
| **(xvi)** | **કર્મભૂમિ-અકર્મભૂમિ પ્રકરણ** | **૧૭૫** |
| **(xvii)** | **મનુષ્ય-તિર્યંચ સ્થિતિ પ્રકરણ** | **૧૭૬-૧૭૯** |
| ૧ | મનુષ્યોની ભવસ્થિતિ | ૧૭૬ |
| ૨ | મનુષ્યોની કાયસ્થિતિ | ૧૭૬ |
| ૩ | તિર્યંચોની ભવસ્થિતિ | ૧૭૭ |
| ૪ | પૃથ્વીકાયમાં વિશેષ ભવસ્થિતિ | ૧૭૭ |
| ૫ | પંચેન્દ્રિય તિર્યંચની વિશેષ ભવસ્થિતિ | ૧૭૮ |
| ૬ | તિર્યંચોની કાયસ્થિતિ | ૧૭૮-૧૭૯ |
| **(xviii)** | **દેવગતિ પ્રકરણ** | **૧૮૦-૧૮૧** |
| ૧ | દેવોના પ્રકાર | ૧૮૦-૧૮૧ |
| **(xix)** | **ભવનપતિદેવ પ્રકરણ** | **૧૮૨-૧૮૯** |
| ૧ | ભવનપતિ, વ્યંતર, વાણવ્યંતર અને નરકના સ્થાનનું ચિત્ર | ૧૮૨ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨ | ભવનપતિના દશ પ્રકાર | ૧૮૩-૧૮૪ |
| ૩ | ભવનપતિદેવોના ઈન્દ્રો, ભવનો, ચિહ્નો, શરીરનો વર્ણ અને વસ્ત્રનો વર્ણ | ૧૮૫ |
| ૪ | ભવનપતિ દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૮૬ |
| ૫ | ભવનપતિદેવોની લેશ્યા | ૧૮૬ |
| **(xx)** | **વ્યંતરદેવ પ્રકરણ** | **૧૮૭-૧૯૧** |
| ૧ | વ્યંતરદેવોના પ્રકારો | ૧૮૭-૧૮૯ |
| ૨ | વ્યંતરદેવોના ઈન્દ્રોના નામ, વર્ણ અને ચિહ્ન | ૧૯૦ |
| ૩ | વ્યંતરદેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૯૦ |
| ૪ | વ્યંતરદેવોની લેશ્યા | ૧૯૧ |
| ૫ | વાણવ્યંતરદેવો | ૧૯૧ |
| **(xxi)** | **જ્યોતિષદેવ પ્રકરણ** | **૧૯૨-૨૦૧** |
| ૧ | જ્યોતિષદેવો | ૧૯૨-૧૯૪ |
| ૨ | જ્યોતિષવિમાનોના સ્થાનોનું ચિત્ર | ૧૯૩ |
| ૩ | મનુષ્યક્ષેત્રમાં સૂર્ય વગેરેની સંખ્યા | ૧૯૫ |
| ૪ | સૂર્યના મંડલ | ૧૯૫-૧૯૬ |
| ૫ | ચંદ્રના મંડલ | ૧૯૬ |
| ૬ | ચંદ્ર-સૂર્યના મંડલક્ષેત્રનું ચિત્ર | ૧૯૭ |
| ૭ | સૂર્યના મંડલ અને તેના આંતરાનું ચિત્ર | ૧૯૮ |
| ૮ | ચંદ્રના મંડલ અને તેના આંતરાનું ચિત્ર | ૧૯૯ |
| ૯ | જ્યોતિષવિમાનોની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ | ૨૦૦ |
| ૧૦ | જ્યોતિષવિમાનોને વહન કરનારા દેવો | ૨૦૧ |
| ૧૧ | જ્યોતિષ દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૨૦૧ |
| ૧૨ | જ્યોતિષદેવોની લેશ્યા | ૨૦૧ |
| **(xxii)** | **વૈમાનિકદેવ પ્રકરણ** | **૨૦૨-૨૧૯** |
| ૧ | વૈમાનિકદેવોના પ્રકારો | ૨૦૨-૨૦૩ |
| ૨ | દેવલોકના નામના હેતુઓ | ૨૦૩-૨૦૪ |
| ૩ | વૈમાનિક દેવ-દેવી જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૨૦૪-૨૦૬ |
| ૪ | વૈમાનિકદેવોના પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યા, ઈન્દ્રિયોનો વિષય અને અવધિજ્ઞાનનો વિષય | ૨૦૬-૨૦૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫ | વૈમાનિકદેવોનો ગમનનો વિષય | ૨૦૮-૨૦૯ |
| ૬ | વૈમાનિકદેવોની શરીરની અવગાહના | ૨૦૯ |
| ૭ | વૈમાનિક દેવલોકના એક પ્રતરના વિમાનોનું ચિત્ર | ૨૧૦ |
| ૮ | વૈમાનિક દેવલોકના વિમાનો | ૨૧૧-૨૧૨ |
| ૯ | વૈમાનિકદેવોના અભિમાન, શ્વાસોચ્છ્વાસ, આહાર, વેદના | ૨૧૨-૨૧૩ |
| ૧૦ | દેવોમાં ઉપપાત | ૨૧૩-૨૧૪ |
| ૧૧ | લોકાંતિકદેવો, કૃષ્ણરાજીઓ | ૨૧૪-૨૧૬ |
| ૧૨ | કૃષ્ણરાજીઓનું ચિત્ર | ૨૧૫ |
| ૧૩ | દેવોનું સિદ્ધિગમન | ૨૧૭ |
| ૧૪ | દેવોના પ્રવીચાર-અપ્રવીચાર | ૨૧૭-૨૧૮ |
| ૧૫ | કેટલા આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીઓ કયા દેવોના ઉપભોગ માટે હોય ? | ૨૧૮-૨૧૯ |
| **G** | **અજીવતત્ત્વ** | **૨૨૦-૨૫૪** |
| **(i)** | **દ્રવ્ય પ્રકરણ** | **૨૨૦-૨૨૩** |
| ૧ | દ્રવ્યના પાંચ પ્રકાર | ૨૨૦-૨૨૨ |
| ૨ | પાંચ દ્રવ્યોના ઉપકારો | ૨૨૨-૨૨૩ |
| **(ii)** | **પુદ્ગલ પ્રકરણ** | **૨૨૪-૨૩૭** |
| ૧ | પુદ્ગલના દશ પ્રકારના પરિણામો | ૨૨૪-૨૩૬ |
| ૨ | પુદ્ગલોનો બંધ કેવી રીતે થાય ? | ૨૨૫-૨૨૯ |
| ૩ | જીવોના શરીરના સંસ્થાન | ૨૩૦-૨૩૧ |
| ૪ | અજીવોના સંસ્થાન | ૨૩૧-૨૩૫ |
| ૫ | પુદ્ગલોના બે પ્રકાર | ૨૩૬-૨૩૭ |
| **(iii)** | **કાળ પ્રકરણ** | **૨૩૮-૨૫૪** |
| ૧ | કાળ એ દ્રવ્ય છે કે પર્યાય છે ? | ૨૩૮ |
| ૨ | કાળનો વિભાગ | ૨૩૮-૨૫૦ |
| ૩ | સંખ્યાતકાળ | ૨૩૯-૨૪૨ |
| ૪ | પાંચ પ્રકારના માસ-વર્ષ | ૨૪૨-૨૪૩ |
| ૫ | અસંખ્યકાળ, પલ્યોપમ-સાગરોપમનું સ્વરૂપ | ૨૪૩-૨૪૫ |
| ૬ | અવસર્પિણી-ઉત્સર્પિણી | ૨૪૬-૨૪૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૭ | કાળચક્રનું ચિત્ર | ૨૪૭ |
| ૮ | અનંતકાળ, પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ | ૨૪૮-૨૫૦ |
| ૯ | કાળના ઉપકાર | ૨૫૦-૨૫૪ |
| **H** | **સત્ પ્રકરણ** | **૨૫૫-૨૫૮** |
| ૧ | સત્-અસત્ | ૨૫૫ |
| ૨ | ઉત્પત્તિ | ૨૫૫ |
| ૩ | વિનાશ | ૨૫૫-૨૫૬ |
| ૪ | સ્થિતિ | ૨૫૬ |
| ૫ | અર્પિતથી અનર્પિતની સિદ્ધિ | ૨૫૬ |
| ૬ | સત્‌ના ચાર પ્રકાર | ૨૫૭-૨૫૮ |
| **I** | **સપ્તભંગી પ્રકરણ** | **૨૫૯-૨૬૦** |
| ૧ | સાત ભાંગા | ૨૫૯ |
| ૨ | નયોની અપેક્ષાએ સપ્તભંગી | ૨૬૦ |
| **J** | **આસ્રવતત્ત્વ** | **૨૬૧-૨૭૭** |
| ૧ | ત્રણ પ્રકારનો યોગ | ૨૬૧-૨૬૨ |
| ૨ | પુણ્યના ૪૨ પ્રકાર | ૨૬૨ |
| ૩ | પાપના ૮૨ પ્રકાર | ૨૬૩ |
| ૪ | સાંપરાયિક કર્મોના ૩૯ આસ્રવો | ૨૬૪ |
| ૫ | ૨૫ ક્રિયા | ૨૬૪-૨૬૮ |
| ૬ | આસ્રવની તરતમતાના કારણો અને ફળ | ૨૬૮ |
| ૭ | અધિકરણ | ૨૬૮-૨૭૨ |
| ૮ | કર્મોના વિશેષ આસ્રવો | ૨૭૨-૨૭૭ |
| **K** | **વ્રત પ્રકરણ** | **૨૭૮-૨૯૪** |
| ૧ | અણુવ્રત | ૨૭૮-૨૭૯ |
| ૨ | મહાવ્રત | ૨૭૯-૨૮૦ |
| ૩ | રાત્રિભોજનનો ત્યાગ કરવાના કારણો | ૨૮૦ |
| ૪ | પાંચ અવ્રતો | ૨૮૧-૨૮૩ |
| ૫ | મહાવ્રતોની સ્થિરતા માટેની ૨૫ ભાવનાઓ | ૨૮૩-૨૮૫ |
| ૬ | બધા મહાવ્રતોની સામાન્ય ભાવનાઓ | ૨૮૫-૨૮૭ |
| ૭ | ચાર ભાવનાઓ | ૨૮૭-૨૮૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૮ | જગતના સ્વભાવની અને કાયાના સ્વભાવની ભાવના | ૨૮૮-૨૮૯ |
| ૯ | વ્રતીના બે પ્રકાર | ૨૮૯-૨૯૧ |
| ૧૦ | શલ્યના ત્રણ પ્રકાર | ૨૮૯ |
| ૧૧ | શ્રાવકના બાર વ્રતો | ૨૯૧-૨૯૪ |
| ૧૨ | સંલેખના વ્રત | ૨૯૪ |
| **L** | **વ્રતઅતિચાર પ્રકરણ** | **૨૯૫-૩૦૬** |
| ૧ | સમ્યક્ત્વના પાંચ અતિચારો | ૨૯૫ |
| ૨ | ૩૬૩ પાખંડીઓ | ૨૯૫-૨૯૯ |
| ૩ | બાર વ્રતના અતિચારો | ૨૯૯-૩૦૫ |
| ૪ | સંલેખનાના અતિચારો | ૩૦૫-૩૦૬ |
| **M** | **દાન પ્રકરણ** | **૩૦૭-૩૦૮** |
| ૧ | દાનનું સ્વરૂપ, વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્ર | ૩૦૭-૩૦૮ |
| **N** | **બંધતત્ત્વ** | **૩૦૯-૩૫૮** |
| ૧ | બંધના હેતુઓ | ૩૦૯-૩૧૦ |
| ૨ | ગુણસ્થાનકે બંધહેતુઓ | ૩૧૧ |
| ૩ | બંધના ચાર પ્રકાર | ૩૧૨ |
| ૪ | મૂળપ્રકૃતિબંધ | ૩૧૨-૩૧૩ |
| ૫ | ઉત્તરપ્રકૃતિબંધ | ૩૧૩-૩૪૨ |
| ૬ | મૂળપ્રકૃતિમાં સ્થિતિબંધ | ૩૪૨-૩૪૩ |
| ૭ | ઉત્તરપ્રકૃતિમાં સ્થિતિબંધ | ૩૪૩-૩૫૧ |
| ૮ | રસબંધ | ૩૫૨-૩૫૪ |
| ૯ | ફળની અપેક્ષાએ કર્મોના ચાર પ્રકાર | ૩૫૨-૩૫૩ |
| ૧૦ | કર્મોનું ફળ બે રીતે મળે છે | ૩૫૩-૩૫૪ |
| ૧૧ | ઉદ્વર્તના, અપવર્તના | ૩૫૪ |
| ૧૨ | પ્રદેશબંધ | ૩૫૫ |
| ૧૩ | પુણ્યકર્મના ૪૫ ભેદ | ૩૫૬ |
| ૧૪ | પાપકર્મના ૮૧ ભેદ | ૩૫૭ |
| ૧૫ | પુણ્યકર્મ-પાપકર્મ અંગે બે મતોમાં ભેદ | ૩૫૮ |
| **O** | **સંવરતત્ત્વ** | **૩૫૯-૪૦૬** |
| ૧ | સંવરના ૫૭ ભેદ | ૩૫૯ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨ | ત્રણ ગુપ્તિ | ૩૫૯-૩૬૦ |
| ૩ | પાંચ સમિતિ | ૩૬૦ |
| ૪ | દશ પ્રકારનો યતિધર્મ | ૩૬૦-૩૯૪ |
| ૫ | ક્રોધનો નિગ્રહ કરવાના ઉપાયો | ૩૬૧-૩૬૨ |
| ૬ | માનના આઠ સ્થાન | ૩૬૨-૩૬૩ |
| ૭ | ચાર પ્રકારની બુદ્ધિ | ૩૬૨ |
| ૮ | સંયમના ૧૭ પ્રકાર | ૩૬૪-૩૬૫ |
| ૯ | બાહ્ય તપ | ૩૬૬-૩૭૧ |
| ૧૦ | અનશનના પ્રકારો | ૩૬૬-૩૬૭ |
| ૧૧ | ઊણોદરીના પાંચ પ્રકાર | ૩૬૭-૩૬૮ |
| ૧૨ | ચાર પ્રકારના અભિગ્રહ | ૩૬૮ |
| ૧૩ | ચાર મહાવિગઈ | ૩૬૯ |
| ૧૪ | છ વિગઈ | ૩૬૯-૩૭૦ |
| ૧૫ | અભ્યંતર તપ | ૩૭૧-૩૮૩ |
| ૧૬ | પ્રાયશ્ચિત્તના નવ ભેદ | ૩૭૧-૩૭૩ |
| ૧૭ | વિનયના ચાર ભેદ | ૩૭૩-૩૭૫ |
| ૧૮ | આઠ પ્રકારનો જ્ઞાનાચાર | ૩૭૪ |
| ૧૯ | આઠ પ્રકારનો દર્શનાચાર | ૩૭૪-૩૭૫ |
| ૨૦ | આઠ પ્રકારનો ચારિત્રાચાર | ૩૭૫ |
| ૨૧ | વૈયાવચ્ચના દશ ભેદ | ૩૭૬-૩૭૭ |
| ૨૨ | સ્વાધ્યાયના પાંચ ભેદ | ૩૭૮ |
| ૨૩ | વ્યુત્સર્ગના ભેદ | ૩૭૮ |
| ૨૪ | ધ્યાનના ચાર પ્રકાર | ૩૭૮-૩૮૩ |
| ૨૫ | પ્રકીર્ણક તપ | ૩૮૩-૩૯૦ |
| ૨૬ | સાધુની બાર પ્રતિમા | ૩૯૦-૩૯૩ |
| ૨૭ | બાર ભાવનાઓ | ૩૯૪-૩૯૭ |
| ૨૮ | ૨૨ પરીષહો | ૩૯૭-૪૦૩ |
| ૨૯ | સ્થવિરકલ્પ | ૩૯૭-૩૯૮ |
| ૩૦ | જિનકલ્પ | ૩૯૮-૪૦૦ |
| ૩૧ | યથાલંદકલ્પ | ૪૦૧ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૨ | કયા ગુણઠાણે કેટલા પરીષહ હોય ? | ૪૦૩ |
| ૩૩ | કયા કર્મોના ઉદય વગેરેથી કયા પરીષહો ? | ૪૦૪ |
| ૩૪ | ચારિત્રના પાંચ ભેદ | ૪૦૪-૪૦૬ |
| P | **નિર્જરાતત્ત્વ** | **૪૦૭-૪૧૫** |
| ૧ | નિર્જરાના બે પ્રકાર | ૪૦૭ |
| ૨ | ચૌદ ગુણઠાણાનું સ્વરૂપ | ૪૦૭-૪૧૦ |
| ૩ | ચૌદ ગુણસ્થાનકોનો જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ | ૪૧૧ |
| ૪ | ઉપશમશ્રેણિ | ૪૧૨-૪૧૩ |
| ૫ | ક્ષપકશ્રેણિ | ૪૧૩-૪૧૪ |
| ૬ | જીવોની નિર્જરા | ૪૧૫ |
| Q | **નિર્ગ્રન્થ પ્રકરણ** | **૪૧૬-૪૨૧** |
| ૧ | નિર્ગ્રન્થના પાંચ પ્રકાર | ૪૧૬-૪૧૮ |
| ૨ | નિર્ગ્રન્થોની આઠ અનુયોગદ્વારો વડે વિચારણા | ૪૧૮-૪૨૧ |
| R | **મોક્ષતત્ત્વ** | **૪૨૨-૪૪૪** |
| ૧ | મોક્ષનું સ્વરૂપ | ૪૨૨ |
| ૨ | કયા ગુણઠાણે કઈ પ્રકૃતિઓનો ક્ષય થાય છે ? | ૪૨૨-૪૨૪ |
| ૩ | કર્મક્ષય થયા પછી જીવની ગતિ | ૪૨૪-૪૨૫ |
| ૪ | બાર અનુયોગદ્વારોથી સિદ્ધોની વિચારણા | ૪૨૫-૪૩૯ |
| ૫ | ઋદ્ધિઓ | ૪૩૯-૪૪૨ |
| ૬ | સિદ્ધશિલાનું સ્વરૂપ | ૪૪૨-૪૪૪ |
| ૭ | સિદ્ધશિલા અને સિદ્ધભગવંતોનું ચિત્ર | ૪૪૩ |
| ૮ | સુખના ચાર અર્થો | ૪૪૪ |
| II | **શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રની કારિકાના મૂળગાથા અને શબ્દાર્થ** | **૪૪૫-૪૫૨** |
| III | **શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના મૂળસૂત્ર અને શબ્દાર્થ** | **૪૫૩-૫૦૦** |
| IV | **શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રની અન્તિમોપદેશકારિકા અને ભાષ્યગત પ્રશસ્તિના મૂળગાથા અને શબ્દાર્થ** | **૫૦૧-૫૦૯** |
| V | **સુવાક્યો** | **૫૧૦-૫૧૩** |

# સૂત્રવિષયાનુક્રમણિકા


| સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧/૧ | ૧ | ૧/૩૩ | ૪૪ | ૨/૩૦ | ૭૦ | ૩/૬ | ૧૨૦ |
| ૧/૨ | ૨ | ૧/૩૪ | ૪૫ | ૨/૩૧ | ૭૧ | ૩/૭ | ૧૨૩ |
| ૧/૩ | ૨ | ૧/૩૫ | ૪૫, ૪૭ | ૨/૩૨ | ૭૬ | ૩/૮ | ૧૨૩ |
| ૧/૪ | ૬ | ૨/૧ | ૫૦ | ૨/૩૩ | ૭૮ | ૩/૯ | ૧૨૩ |
| ૧/૫ | ૯ | ૨/૨ | ૫૦ | ૨/૩૪ | ૭૭ | ૩/૧૦ | ૧૩૨ |
| ૧/૬ | ૧૪ | ૨/૩ | ૫૦ | ૨/૩૫ | ૭૭ | ૩/૧૧ | ૧૩૨ |
| ૧/૭ | ૧૫ | ૨/૪ | ૫૦ | ૨/૩૬ | ૭૬ | ૩/૧૨ | ૧૬૩ |
| ૧/૮ | ૨૩ | ૨/૫ | ૫૧ | ૨/૩૭ | ૮૧ | ૩/૧૩ | ૧૬૫ |
| ૧/૯ | ૩૨ | ૨/૬ | ૫૧ | ૨/૩૮ | ૮૩ | ૩/૧૪ | ૧૬૭ |
| ૧/૧૦ | ૩૨ | ૨/૭ | ૫૨ | ૨/૩૯ | ૮૫ | ૩/૧૫ | ૧૭૦ |
| ૧/૧૧ | ૩૩ | ૨/૮ | ૫૩ | ૨/૪૦ | ૮૫ | ૩/૧૬ | ૧૭૫ |
| ૧/૧૨ | ૩૩ | ૨/૯ | ૫૩ | ૨/૪૧ | ૮૩ | ૩/૧૭ | ૧૭૬ |
| ૧/૧૩ | ૩૪ | ૨/૧૦ | ૫૫ | ૨/૪૨ | ૮૩ | ૩/૧૮ | ૧૭૭ |
| ૧/૧૪ | ૩૪ | ૨/૧૧ | ૫૫ | ૨/૪૩ | ૮૩ | ૪/૧ | ૧૮૦ |
| ૧/૧૫ | ૩૫ | ૨/૧૨ | ૫૬ | ૨/૪૪ | ૮૭ | ૪/૨ | ૨૦૧ |
| ૧/૧૬ | ૩૬ | ૨/૧૩ | ૫૭ | ૨/૪૫ | ૮૩ | ૪/૩ | ૧૮૩, |
| ૧/૧૭ | ૩૫ | ૨/૧૪ | ૫૯ | ૨/૪૬ | ૮૧ | | ૧૮૭, |
| ૧/૧૮ | ૩૫ | ૨/૧૫ | ૬૧ | ૨/૪૭ | ૮૧ | | ૧૯૨, |
| ૧/૧૯ | ૩૫ | ૨/૧૬ | ૬૧ | ૨/૪૮ | ૮૧ | | ૨૦૨ |
| ૧/૨૦ | ૩૮ | ૨/૧૭ | ૬૧ | ૨/૪૯ | ૮૨ | ૪/૪ | ૧૮૦ |
| ૧/૨૧ | ૪૦ | ૨/૧૮ | ૬૨ | ૨/૫૦ | ૯૫ | ૪/૫ | ૧૮૧ |
| ૧/૨૨ | ૪૦ | ૨/૧૯ | ૬૩ | ૨/૫૧ | ૯૫ | ૪/૬ | ૧૮૪, |
| ૧/૨૩ | ૪૦ | ૨/૨૦ | ૬૩ | ૨/૫૨ | ૯૭ | | ૧૮૯ |
| ૧/૨૪ | ૪૧ | ૨/૨૧ | ૬૩ | ૩/૧ | ૧૦૨ | ૪/૭ | ૧૮૬, |
| ૧/૨૫ | ૪૧ | ૨/૨૨ | ૬૩ | ૩/૨ | ૧૦૫ | | ૧૯૧ |
| ૧/૨૬ | ૪૨ | ૨/૨૩ | ૬૫ | ૩/૩ | ૧૦૮, | ૪/૮ | ૨૧૮ |
| ૧/૨૭ | ૪૨ | ૨/૨૪ | ૬૫ | | ૧૦૯, | ૪/૯ | ૨૧૮ |
| ૧/૨૮ | ૪૨ | ૨/૨૫ | ૫૫ | | ૧૧૦, | ૪/૧૦ | ૨૧૮ |
| ૧/૨૯ | ૪૨ | ૨/૨૬ | ૭૧ | | ૧૧૨, | ૪/૧૧ | ૧૮૩ |
| ૧/૩૦ | ૪૨ | ૨/૨૭ | ૭૦ | | ૧૧૩ | ૪/૧૨ | ૧૮૭ |
| ૧/૩૧ | ૪૩ | ૨/૨૮ | ૭૧ | ૩/૪ | ૧૧૪ | ૪/૧૩ | ૧૯૨ |
| ૧/૩૨ | ૪૪ | ૨/૨૯ | ૭૦, ૭૧ | ૩/૫ | ૧૧૪ | ૪/૧૪ | ૧૯૪ |

| સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૪/૧૫ | ૨૩૮ | ૪/૫૦ | ૨૦૧ | ૫/૩૧ | ૨૫૬ | ૬/૨૨ | ૨૭૬ |
| ૪/૧૬ | ૧૯૪ | ૪/૫૧ | ૨૦૧ | ૫/૩૨ | ૨૨૫ | ૬/૨૩ | ૨૭૬ |
| ૪/૧૭ | ૨૦૨ | ૪/૫૨ | ૨૦૧ | ૫/૩૩ | ૨૨૫ | ૬/૨૪ | ૨૭૭ |
| ૪/૧૮ | ૨૦૨ | ૪/૫૩ | ૨૦૧ | ૫/૩૪ | ૨૨૫ | ૬/૨૫ | ૨૭૭ |
| ૪/૧૯ | ૨૦૩ | ૫/૧ | ૨૨૩ | ૫/૩૫ | ૨૨૬ | ૬/૨૬ | ૨૭૭ |
| ૪/૨૦ | ૨૦૩ | ૫/૨ | ૨૨૦ | ૫/૩૬ | ૨૨૬ | ૭/૧ | ૨૭૮ |
| ૪/૨૧ | ૨૦૪ | ૫/૩ | ૨૨૦ | ૫/૩૭ | ૨૨૦ | ૭/૨ | ૨૭૮ |
| ૪/૨૨ | ૨૦૮ | ૫/૪ | ૨૨૨ | ૫/૩૮ | ૨૩૮ | ૭/૩ | ૨૮૩ |
| ૪/૨૩ | ૨૦૭ | ૫/૫ | ૨૨૦ | ૫/૩૯ | ૨૪૯ | ૭/૪ | ૨૮૫ |
| ૪/૨૪ | ૨૦૩ | ૫/૬ | ૨૨૦ | ૫/૪૦ | ૨૨૦ | ૭/૫ | ૨૮૭ |
| ૪/૨૫ | ૨૧૪ | ૫/૭ | ૨૨૦ | ૫/૪૧ | ૨૫૧ | ૭/૬ | ૨૮૭ |
| ૪/૨૬ | ૨૧૬ | ૫/૮ | ૨૨૧ | ૫/૪૨ | ૨૫૧ | ૭/૭ | ૨૮૮ |
| ૪/૨૭ | ૨૧૭ | ૫/૯ | ૨૨૧ | ૫/૪૩ | ૨૫૨ | ૭/૮ | ૨૮૧ |
| ૪/૨૮ | ૧૭૫ | ૫/૧૦ | ૨૨૨ | ૫/૪૪ | ૨૫૨ | ૭/૯ | ૨૮૨ |
| ૪/૨૯ | ૧૮૬ | ૫/૧૧ | ૨૨૨ | ૬/૧ | ૨૬૧ | ૭/૧૦ | ૨૮૩ |
| ૪/૩૦ | ૧૮૬ | ૫/૧૨ | ૨૨૦- | ૬/૨ | ૨૬૧ | ૭/૧૧ | ૨૮૩ |
| ૪/૩૧ | ૧૮૬ | | ૨૨૨ | ૬/૩ | ૨૬૨ | ૭/૧૨ | ૨૮૩ |
| ૪/૩૨ | ૧૮૬ | ૫/૧૩ | ૨૨૦ | ૬/૪ | ૨૬૨ | ૭/૧૩ | ૨૮૯ |
| ૪/૩૩ | ૨૦૪ | ૫/૧૪ | ૨૨૨ | ૬/૫ | ૨૬૩ | ૭/૧૪ | ૨૮૯ |
| ૪/૩૪ | ૨૦૪ | ૫/૧૫ | ૨૨૧ | ૬/૬ | ૨૬૪ | ૭/૧૫ | ૨૯૦ |
| ૪/૩૫ | ૨૦૪ | ૫/૧૬ | ૨૨૧ | ૬/૭ | ૨૬૮ | ૭/૧૬ | ૨૯૧ |
| ૪/૩૬ | ૨૦૪ | ૫/૧૭ | ૨૨૨ | ૬/૮ | ૨૬૮ | ૭/૧૭ | ૨૯૪ |
| ૪/૩૭ | ૨૦૪ | ૫/૧૮ | ૨૨૨ | ૬/૯ | ૨૭૦ | ૭/૧૮ | ૨૯૫ |
| ૪/૩૮ | ૨૦૪ | ૫/૧૯ | ૨૨૨ | ૬/૧૦ | ૨૭૧ | ૭/૧૯ | ૨૯૫ |
| ૪/૩૯ | ૨૦૪ | ૫/૨૦ | ૨૨૨ | ૬/૧૧ | ૨૭૩ | ૭/૨૦ | ૨૯૯ |
| ૪/૪૦ | ૨૦૪ | ૫/૨૧ | ૨૨૨ | ૬/૧૨ | ૨૭૩ | ૭/૨૧ | ૩૦૦ |
| ૪/૪૧ | ૨૦૪ | ૫/૨૨ | ૨૫૦ | ૬/૧૩ | ૨૭૩ | ૭/૨૨ | ૩૦૧ |
| ૪/૪૨ | ૨૦૪ | ૫/૨૩ | ૨૨૨ | ૬/૧૪ | ૨૭૪ | ૭/૨૩ | ૩૦૧ |
| ૪/૪૩ | ૧૨૦ | ૫/૨૪ | ૨૨૪ | ૬/૧૫ | ૨૭૪ | ૭/૨૪ | ૩૦૨ |
| ૪/૪૪ | ૧૨૦ | ૫/૨૫ | ૨૩૬ | ૬/૧૬ | ૨૭૫ | ૭/૨૫ | ૩૦૨ |
| ૪/૪૫ | ૧૮૬ | ૫/૨૬ | ૨૩૭ | ૬/૧૭ | ૨૭૫ | ૭/૨૬ | ૩૦૪ |
| ૪/૪૬ | ૧૯૦ | ૫/૨૭ | ૨૩૬ | ૬/૧૮ | ૨૭૫ | ૭/૨૭ | ૩૦૩ |
| ૪/૪૭ | ૧૯૦ | ૫/૨૮ | ૨૩૭ | ૬/૧૯ | ૨૭૫ | ૭/૨૮ | ૩૦૩ |
| ૪/૪૮ | ૨૦૧ | ૫/૨૯ | ૨૫૫ | ૬/૨૦ | ૨૭૫ | ૭/૨૯ | ૩૦૪ |
| ૪/૪૯ | ૨૦૧ | ૫/૩૦ | ૨૫૬ | ૬/૨૧ | ૨૭૬ | ૭/૩૦ | ૩૦૩ |

| સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. | સૂત્રક. | પાના નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૭/૩૧ | ૩૦૫ | ૮/૨૦ | ૩૪૨ | ૯/૧૬ | ૪૦૪ | ૯/૩૮ | ૩૮૧ |
| ૭/૩૨ | ૩૦૫ | ૮/૨૧ | ૩૪૨ | ૯/૧૭ | ૪૦૪ | ૯/૩૯ | ૩૮૨ |
| ૭/૩૩ | ૩૦૭ | ૮/૨૨ | ૩૫૨ | ૯/૧૮ | ૪૦૪ | ૯/૪૦ | ૩૮૨, |
| ૭/૩૪ | ૩૦૭ | ૮/૨૩ | ૩૫૪ | ૯/૧૯ | ૩૬૬ | | ૩૮૩ |
| ૮/૧ | ૩૦૯ | ૮/૨૪ | ૩૫૪ | ૯/૨૦ | ૩૭૧ | ૯/૪૧ | ૩૮૨ |
| ૮/૨ | ૩૦૯ | ૮/૨૫ | ૩૫૫ | ૯/૨૧ | ૩૭૧ | ૯/૪૨ | ૩૮૨, |
| ૮/૩ | ૩૦૯ | ૮/૨૬ | ૨૫૬ | ૯/૨૨ | ૩૭૧ | | ૩૮૩ |
| ૮/૪ | ૩૧૨ | ૯/૧ | ૩૫૯ | ૯/૨૩ | ૩૭૩ | ૯/૪૩ | ૩૮૨ |
| ૮/૫ | ૩૧૨ | ૯/૨ | ૩૫૯ | ૯/૨૪ | ૩૭૬ | ૯/૪૪ | ૩૮૨ |
| ૮/૬ | ૩૧૨ | ૯/૩ | ૩૫૯, | ૯/૨૫ | ૩૭૭ | ૯/૪૫ | ૩૮૨ |
| ૮/૭ | ૩૧૩ | | ૪૦૭ | ૯/૨૬ | ૩૭૮ | ૯/૪૬ | ૩૮૨ |
| ૮/૮ | ૩૧૪ | ૯/૪ | ૩૫૯ | ૯/૨૭ | ૩૭૮ | ૯/૪૭ | ૪૧૫ |
| ૮/૯ | ૩૧૫ | ૯/૫ | ૩૬૦ | ૯/૨૮ | ૩૭૯ | ૯/૪૮ | ૪૧૬ |
| ૮/૧૦ | ૩૧૫ | ૯/૬ | ૩૬૧ | ૯/૨૯ | ૩૭૯ | ૯/૪૯ | ૪૧૮ |
| ૮/૧૧ | ૩૨૨ | ૯/૭ | ૩૯૪ | ૯/૩૦ | ૩૮૨, | ૧૦/૧ | ૪૨૨ |
| ૮/૧૨ | ૩૨૨ | ૯/૮ | ૩૯૭ | | ૩૮૩ | ૧૦/૨ | ૪૨૨ |
| ૮/૧૩ | ૩૪૧ | ૯/૯ | ૩૯૭ | ૯/૩૧ | ૩૭૯ | ૧૦/૩ | ૪૨૨ |
| ૮/૧૪ | ૩૪૧ | ૯/૧૦ | ૪૦૩ | ૯/૩૨ | ૩૭૯ | ૧૦/૪ | ૪૨૪ |
| ૮/૧૫ | ૩૪૨ | ૯/૧૧ | ૪૦૩ | ૯/૩૩ | ૩૭૯ | ૧૦/૫ | ૪૨૪ |
| ૮/૧૬ | ૩૪૨ | ૯/૧૨ | ૪૦૩ | ૯/૩૪ | ૩૭૯ | ૧૦/૬ | ૪૨૪ |
| ૮/૧૭ | ૩૪૨ | ૯/૧૩ | ૪૦૪ | ૯/૩૫ | ૩૭૯ | ૧૦/૭ | ૪૨૫ |
| ૮/૧૮ | ૩૪૨ | ૯/૧૪ | ૪૦૪ | ૯/૩૬ | ૩૮૦ | | |
| ૮/૧૯ | ૩૪૨ | ૯/૧૫ | ૪૦૪ | ૯/૩૭ | ૩૮૧ | | |




શ્રીઉમાસ્વાતિ વાચકવર્ય વિરચિત

# શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર

## પદાર્થસંગ્રહ

શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર વાચકવર શ્રીઉમાસ્વાતિજી મહારાજે રચેલ છે. તેની ઉપર તેમણે ભાષ્ય પણ રચેલ છે. શ્રીસિદ્ધસેનગણિ મહારાજે આ ભાષ્ય ઉપર ટીકા રચી છે. આ ત્રણેના આધારે આ પદાર્થોનો સંગ્રહ કર્યો છે.

## મોક્ષમાર્ગ પ્રકરણ (સૂત્ર-૧/૧)

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ છે. આ ત્રણે ભેગા મળીને મોક્ષના સાધનરૂપ બને છે. ત્રણમાંથી કોઈ પણ એકના અભાવમાં બાકીના બે મોક્ષના સાધન બનતા નથી. આ ત્રણમાંથી પૂર્વ-પૂર્વનાનો લાભ હોય ત્યારે પછી-પછીનાનો લાભ હોય અથવા ન હોય, પછી-પછીનાનો લાભ હોય ત્યારે પૂર્વ-પૂર્વનાનો લાભ અવશ્ય હોય. એટલે કે સમ્યગ્દર્શન હોય ત્યારે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોય અથવા ન પણ હોય. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય ત્યારે સમ્યક્ચારિત્ર હોય અથવા ન પણ હોય. સમ્યગ્જ્ઞાન હોય ત્યારે સમ્યગ્દર્શન અવશ્ય હોય, સમ્યક્ચારિત્ર હોય અથવા ન પણ હોય. સમ્યક્ચારિત્ર હોય ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અવશ્ય હોય.

| | | |
|---|---|---|
| સમ્યગ્દર્શન હોય | સમ્યગ્જ્ઞાન હોય/ન હોય | સમ્યક્ચારિત્ર હોય/ન હોય |
| સમ્યગ્જ્ઞાન હોય | સમ્યગ્દર્શન હોય | સમ્યક્ચારિત્ર હોય/ન હોય |
| સમ્યક્ચારિત્ર હોય | સમ્યગ્દર્શન હોય | સમ્યગ્જ્ઞાન હોય |

# સમ્યગ્દર્શન પ્રકરણ

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષરૂપી તત્ત્વોની ભાવપૂર્વક શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન છે. (સૂત્ર-૧/૨)

સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ છે -

૧) **પ્રશમ** - જિનપ્રવચનના રાગથી દોષો શાંત થવા તે પ્રશમ, અથવા ઈન્દ્રિયોના વિષયોના ભોગવટાનો ત્યાગ કરવો તે પ્રશમ.

૨) **સંવેગ** - જૈનપ્રવચનને અનુસારે નરક વગેરે ગતિઓને જોઈને ભય પામવો તે સંવેગ, અથવા મોક્ષની તીવ્ર અભિલાષા તે સંવેગ.

૩) **નિર્વેદ** - વિષયો પ્રત્યેની અનાસક્તિ તે નિર્વેદ.

૪) **અનુકંપા** - કોઈ જાતના સ્વાર્થ વિના જીવો ઉપર કરુણા તે અનુકંપા.

૫) **આસ્તિક્ય** - જૈનપ્રવચનમાં કહેલા જીવ, પરલોક વગેરે બધા અતીન્દ્રિય પદાર્થો વિદ્યમાન છે એવી શ્રદ્ધા તે આસ્તિક્ય.

આ પાંચ લક્ષણો દ્વારા જીવમાં રહેલું સમ્યગ્દર્શન ઓળખાય છે. પ્રશમાદિ પાંચની પ્રાપ્તિ પશ્ચાનુપૂર્વીના ક્રમે થાય છે. પહેલા આસ્તિક્ય પ્રાપ્ત થાય, પછી ક્રમશઃ અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્દર્શનના બે પ્રકાર છે. તે આ પ્રમાણે - (સૂત્ર-૧/૩)

**(૧) નિસર્ગ સમ્યગ્દર્શન** - તીર્થંકર વગેરેના ઉપદેશ વિના જીવને જાતે જ કર્મોના ઉપશમ વગેરેથી જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે, તે નિસર્ગ સમ્યગ્દર્શન છે. તે પામવાની પ્રક્રિયા આ પ્રમાણે છે-

**(i) યથાંપ્રવૃત્તકરણ** - જેમ પર્વતમાંથી નીકળતી નદીના પ્રવાહમાં તણાઈ રહેલો પર્વતનો પથ્થર અથડાતો, કૂટાતો પોતાની મેળે જ લીસો થઈ જાય છે તેમ અનાદિકાળથી સંસારમાં ભમતો જીવ ક્યારેક અનાભોગથી સાહજિક રીતે જ યથાપ્રવૃત્તકરણના શુભ અધ્યવસાયો પામે છે. તેનાથી તે સત્તામાં રહેલા આયુષ્ય સિવાયના કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ખપાવીને અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ કરે છે. તેમાંથી પણ તે પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ સ્થિતિ ખપાવે છે. તે વખતે તે ગાઢ રાગ-દ્વેષના પરિણામરૂપ વજ્ર જેવી દુર્ભેદ્ય અને કઠણ ગ્રન્થિને ભેદવાની નજીક આવે છે. આ ગ્રન્થિ અનાદિકાળથી જીવને વળગેલી છે. ભવ્યજીવો અને અભવ્યજીવો અનંતીવાર અહીં સુધી આવે છે.

**(ii) અપૂર્વકરણ** - ચરમાવર્તકાળવર્તી વિશુદ્ધ પરિણામવાળો કોઈક ભવ્ય જીવ અપૂર્વકરણ વડે તે ગ્રંથિને ભેદે છે. અનાદિકાળમાં પહેલા ક્યારેય નહિ આવેલો વિશુદ્ધ અધ્યવસાય તે અપૂર્વકરણ. અપૂર્વકરણમાં જીવ પૂર્વે ક્યારેય નહિ કરેલ એવા સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી અને અપૂર્વસ્થિતિબંધ કરે છે.

**સ્થિતિઘાત** - સત્તામાં રહેલા આયુષ્ય સિવાયના સાત કર્મોની દીર્ઘ સ્થિતિને અપવર્તનાકરણ વડે ઘટાડીને અલ્પ કરવી તે સ્થિતિઘાત.

**રસઘાત** - સત્તામાં રહેલા અશુભ કર્મોના તીવ્રરસને અપવર્તનાકરણ વડે ઘટાડીને અલ્પ કરવો તે રસઘાત.

**ગુણશ્રેણી** - ઉદયવાળી પ્રકૃતિમાં ઉદયસમયથી અને અનુદયવાળી પ્રકૃતિમાં ઉદયાવલિકાની ઉપરના સમયથી અંતર્મુહૂર્ત સુધીના નિષેકોમાં કર્મદલિકોને અસંખ્યગુણાકારે ગોઠવવા તે ગુણશ્રેણી.

**અપૂર્વસ્થિતિબંધ** - પછી પછીનો સ્થિતિબંધ પલ્યોપમ/સંખ્યાત પ્રમાણ ન્યૂન કરવો તે અપૂર્વસ્થિતિબંધ.

અપૂર્વકરણ વડે ગ્રન્થિને ભેદીને જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે.

**(iii) અનિવૃત્તિકરણ** - એકસાથે અનિવૃત્તિકરણમાં પ્રવેશેલા જીવોના અધ્યવસાય સરખા હોય છે. અનિવૃત્તિકરણના સંખ્યાતાબહુભાગો વીત્યા પછી એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે જીવ અંતરકરણ કરે છે, એટલે કે અંતર્મુહૂર્ત સુધીના □નિષેકોમાંથી મિથ્યાત્વમોહનીયકર્મના દલિકો ખાલી કરે છે. અંતરકરણની નીચેની સ્થિતિને પ્રથમ સ્થિતિ કહેવાય છે અને ઉપરની સ્થિતિને બીજી સ્થિતિ કહેવાય છે. અંતરકરણ કર્યા પછી જીવ પ્રથમ સ્થિતિને ઉદય-ઉદીરણાથી ભોગવે છે અને બીજી સ્થિતિમાં રહેલા કર્મદલિકોને અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. પ્રથમસ્થિતિ ભોગવાઈ જતા મિથ્યાત્વમોહનીયકર્મના બંધ અને ઉદય અટકી જાય છે અને બીજી સ્થિતિમાં રહેલ મિથ્યાત્વમોહનીય કર્મના બધા દલિકો ઉપશાંત થઈ જાય છે. ત્યારે અનિવૃત્તિકરણ પૂર્ણ થાય છે.

ત્યાર પછીના સમયે જીવ અંતરકરણમાં પ્રવેશે છે. અંતરકરણના પ્રથમસમયે જીવને તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપ ઔપશમિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જન્મથી અંધને આંખ મળતા જેટલો આનંદ થાય તેના કરતા વધુ આનંદ જીવને ઔપશમિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વખતે થાય છે.

કોઈક જીવ ગ્રંથિદેશે આવી પાછો ફરે છે. કોઈક જીવ ગ્રંથિદેશે આવી ત્યાં જ રહે છે.

સાદિ મિથ્યાદૃષ્ટિ કે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિ સંસારમાં ભમતા ભમતા કોઈના પણ ઉપદેશ વિના પરિણામવિશેષથી અપૂર્વકરણ પામી જે સમ્યગ્દર્શન પામે છે, તે નિસર્ગ સમ્યગ્દર્શન છે.

**(૨) અધિગમ સમ્યગ્દર્શન** - બીજાના ઉપદેશ વગેરે નિમિત્તને પામીને જીવાદિ તત્ત્વો ઉપર જે શ્રદ્ધા થાય તે અધિગમ સમ્યગ્દર્શન છે.

---

□ નિષેક=તે તે સમયે ગોઠવાયેલા કર્મદલિકો.

## પ્રથમઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ




૧ - અંતરકરણક્રિયાકાળ
૨ - મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમકાળ
૩ - મિથ્યાત્વમોહનીયની પ્રથમ સ્થિતિ
૪ - અપૂર્વકરણના પ્રથમ સમયે ગુણશ્રેણીશીર્ષ
૫ - પ્રથમ સ્થિતિની બે આવલિકા શેષે આગાલવિચ્છેદ તથા મિથ્યાત્વમોહનીયનો ગુણશ્રેણીવિચ્છેદ
૬ - પ્રથમ સ્થિતિની આવલિકા શેષે મિથ્યાત્વમોહનીયના સ્થિતિઘાત-રસઘાત અટકે તથા મિથ્યાત્વમોહનીયનો ઉદીરણાવિચ્છેદ
૭ - અનિવૃત્તિકરણનો ચરમ સમય, મિથ્યાત્વમોહનીયનો બંધોદયવિચ્છેદ
૮ - ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ, ત્રિપુંજીકરણ, મિથ્યાત્વમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ
૯ - આવલિકા બાદ મિશ્રમોહનીયના ગુણસંક્રમનો પ્રારંભ
૧૦ - ગુણસંક્રમ અટકી જાય. શેષકર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી પણ અટકી જાય
૧૧ - અંતરકરણની સમયાધિક આવલિકા શેષે દ્વિતીય સ્થિતિમાંથી દર્શન-૩ના દલિક લઈ ચરમાવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે
૧૨ - દર્શન-૩ માંથી કોઈપણ એકનો ઉદય

# સાત તત્ત્વ પ્રકરણ (સૂત્ર-૧/૪)

તત્ત્વો સાત પ્રકારના છે. તે આ પ્રમાણે -

(૧) **જીવ** - જીવો ઔપશમિક વગેરે ભાવોથી યુક્ત છે, □સાકાર-અનાકાર ઉપયોગવાળા છે, શબ્દ વગેરે વિષયોને જાણનારા છે, ત્રણે કાળમાં સમાન કર્તાવાળી ક્રિયા કરનારા છે, ક્રિયાના ફળને ભોગવનારા છે, અમૂર્ત સ્વભાવવાળા છે.

૨) **અજીવ** - જીવના ધર્મો વિનાના હોય તે અજીવ. તે ચાર પ્રકારના છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય.

૩) **આસ્રવ** - શુભ અને અશુભ કર્મોને ગ્રહણ કરવાના કારણો તે આસ્રવ.

૪) **બંધ** - આસ્રવો વડે ગ્રહણ કરેલા કર્મોનો આત્માની સાથે જે સંયોગ તે બંધ. તે ચાર પ્રકારે છે - પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ.

૫) **સંવર** - ગુપ્તિ વગેરે વડે આસ્રવોને અટકાવવા તે સંવર.

૬) **નિર્જરા** - ઉદયથી કે તપથી કર્મોનો ક્ષય થવો તે નિર્જરા.

૭) **મોક્ષ** - જ્ઞાન, શમ, વીર્ય, દર્શન, આત્યન્તિક - એકાન્તિક - અવ્યાબાધ - નિરૂપમ સુખ સ્વરૂપ આત્માનું પોતાના સ્વરૂપમાં રહેવું તે મોક્ષ.

---

□ સાકાર ઉપયોગ=જ્ઞાનોપયોગ, અનાકાર ઉપયોગ=દર્શનોપયોગ.

અન્યત્ર ઉપર કહેલા સાત તત્ત્વો અને પુણ્ય-પાપ એમ નવ તત્ત્વો કહ્યા છે. અહીં પુણ્ય-પાપ તત્ત્વોનો બંધ તત્ત્વમાં સમાવેશ કર્યો હોવાથી સાત તત્ત્વો કહ્યા છે. જે કર્મના ઉદયથી સંસારી જીવને સુખનો અનુભવ થાય તે પુણ્ય. જે કર્મના ઉદયથી સંસારી જીવને દુઃખનો અનુભવ થાય તે પાપ.

**પ્રશ્ન** - મિથ્યાદર્શન વગેરે રૂપ આસ્રવ એ જીવનો પરિણામ છે. કર્મપુદ્ગલોનો આત્માની સાથેનો સંબંધ તે બંધ છે. આસ્રવોના નિરોધરૂપ અને દેશ-સર્વ ભેદવાળો સંવર પણ આત્માના પરિણામરૂપ છે. આત્મા ઉપરથી કર્મોનું જુદા થવું એ નિર્જરા છે. બધા કર્મો રહિત આત્મા એ મોક્ષ છે. આમ આસ્રવ વગેરે પાંચ તત્ત્વોનો જીવ-અજીવ તત્ત્વોમાં જ સમાવેશ થઈ જાય છે. તો પછી એ પાંચ તત્ત્વોને જુદા કેમ બતાવ્યા?

**જવાબ** - આ શાસ્ત્ર દ્વારા 'જ્ઞાનાદિ કારણોને સેવવાથી મોક્ષ થાય છે, અન્યથા સંસાર થાય છે' એમ બતાવી શિષ્યની મોક્ષ તરફ પ્રવૃત્તિ કરાવવી છે. 'આસ્રવ અને બંધ એ સંસારના કારણો છે તથા સંવર અને નિર્જરા એ મોક્ષના કારણો છે' એમ કહેવાથી શિષ્ય સંસારના કારણોને છોડવા પ્રયત્ન કરશે અને મોક્ષના કારણોને ગ્રહણ કરવા પ્રયત્ન કરશે. વળી મોક્ષ એ તો મુખ્ય સાધ્ય છે કે જેના માટે પ્રવૃત્તિ કરવાની છે. આમ આસ્રવ વગેરે પાંચ તત્ત્વોના જ્ઞાનથી જીવની મોક્ષ તરફ પ્રવૃત્તિ થાય છે. માટે આસ્રવ વગેરે પાંચ તત્ત્વોનો જીવ-અજીવ તત્ત્વોમાં સમાવેશ થવા છતાં તેમને જુદા બતાવ્યા છે.

● **નિક્ષેપ** - વસ્તુના પ્રતિવિશિષ્ટ સ્વરૂપને જાણવા નામ વગેરે વડે રચના કરવી તે નિક્ષેપ. તે ચાર પ્રકારે છે- નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ.

(૧) **નામનિક્ષેપ** - વસ્તુનું નામ તે નામનિક્ષેપ છે. અથવા જે વસ્તુમાં પોતાના નામનો અર્થ ઘટતો ન હોય તે નામનિક્ષેપ છે. દા.ત. 'ઈન્દ્ર' એવું નામ તે ઈન્દ્રનો નામનિક્ષેપ છે. અથવા કોઈ સામાન્ય મનુષ્યનું 'ઈન્દ્ર' એવું નામ પાડવામાં આવે તો તે મનુષ્ય એ ઈન્દ્રનો નામનિક્ષેપ છે.

(૨) **સ્થાપનાનિક્ષેપ** - જે વસ્તુમાં અન્ય વસ્તુની સ્થાપના કરાય તે વસ્તુ તે અન્ય વસ્તુનો સ્થાપનાનિક્ષેપ છે. સ્થાપનાનિક્ષેપના બે પ્રકાર છે -

**(i) સદ્‌ભૂતસ્થાપનાનિક્ષેપ** - જે વસ્તુમાં અન્ય વસ્તુની સ્થાપના કરાય તે વસ્તુમાં તે સ્થપાતી વસ્તુનો આકાર હોય તો તે વસ્તુ તે અન્ય વસ્તુનો સદ્‌ભૂતસ્થાપનાનિક્ષેપ છે. દા.ત. ઈન્દ્રના ચિત્ર, મૂર્તિ, પૂતળા વગેરેમાં ઈન્દ્રની સ્થાપના કરાય તો તે ચિત્ર, મૂર્તિ, પૂતળા વગેરે ઈન્દ્રના સદ્‌ભૂતસ્થાપનાનિક્ષેપ છે.

**(ii) અસદ્‌ભૂતસ્થાપનાનિક્ષેપ** - જે વસ્તુમાં અન્ય વસ્તુની સ્થાપના કરાય તે વસ્તુમાં તે સ્થપાતી વસ્તુનો આકાર ન હોય તો તે વસ્તુ તે અન્ય વસ્તુનો અસદ્‌ભૂતસ્થાપનાનિક્ષેપ છે. દા.ત. પુસ્તક, લાકડી વગેરેમાં ઈન્દ્રની સ્થાપના કરાય તો તે પુસ્તક, લાકડી વગેરે ઈન્દ્રના અસદ્‌ભૂતસ્થાપનાનિક્ષેપ છે.

(૩) **દ્રવ્યનિક્ષેપ** - વસ્તુની ભૂતકાળની એ ભવિષ્યકાળની અવસ્થા એ તે વસ્તુનો દ્રવ્યનિક્ષેપ છે. અથવા વસ્તુના ભાવનિક્ષેપનું જે કારણ હોય તે દ્રવ્યનિક્ષેપ છે. અથવા વસ્તુના નામનો અપ્રધાન અર્થ જેમાં હોય તે દ્રવ્યનિક્ષેપ છે. દા.ત. જે સાધુ આવતા ભવમાં ઈન્દ્ર થવાના હોય તે સાધુ ઈન્દ્રનો દ્રવ્યનિક્ષેપ છે. ઈન્દ્ર ચ્યવીને

મનુષ્ય થાય તો તે મનુષ્ય ઈન્દ્રનો દ્રવ્યનિક્ષેપ છે. માટી એ ઘડાનું કારણ છે, તેથી માટી એ ઘડાનો દ્રવ્યનિક્ષેપ છે. બંધનો મુખ્ય અર્થ છે કર્મથી બંધાવું. સાંકળથી બંધાવું એ બંધનો ગૌણ અર્થ છે. તેથી સાંકળ એ બંધનો દ્રવ્યનિક્ષેપ છે.

(૪) **ભાવનિક્ષેપ** - વસ્તુનું વર્તમાન સ્વરૂપ એ તે વસ્તુનો ભાવનિક્ષેપ છે. અથવા વસ્તુના નામનો મુખ્ય અર્થ જેમાં હોય એ તે વસ્તુનો ભાવનિક્ષેપ છે. દા.ત. વર્તમાનકાળે દેવલોકમાં બધા દેવોના જે માલિક હોય તે ઈન્દ્રનો ભાવનિક્ષેપ છે. બંધનો મુખ્ય અર્થ 'કર્મથી બંધાવું' એવો છે. તેથી કર્મબંધ એ બંધનો ભાવનિક્ષેપ છે.

આ ચાર અનુયોગદ્વારો વડે જીવ વગેરે તત્ત્વોના નિક્ષેપ થાય છે. (સૂત્ર-૧/૫) બધી વસ્તુઓના સ્વરૂપને જાણવા નિક્ષેપ કરવા.

(૧) જીવ -

**નામજીવ** - જીવ એવું નામ તે નામજીવ. અથવા જીવના અર્થ વિનાની કોઈ વસ્તુનું જીવ એવું નામ રાખવામાં આવે તો તે વસ્તુ નામજીવ કહેવાય.

**સ્થાપનાજીવ** - જે લાકડા, વસ્ત્ર, ચિત્ર વગેરેમાં અને શંખ વગેરેમાં જીવની સ્થાપના કરાય તે લાકડા વગેરે અને શંખ વગેરે સ્થાપનાજીવ છે. લાકડા વગેરેમાં જીવની સદ્ભાવ (આકારવાળી) સ્થાપના થાય છે. શંખ વગેરેમાં જીવની અસદ્ભાવ (આકાર વિનાની) સ્થાપના થાય છે.

**દ્રવ્યજીવ** - અનાદિ પારિણામિક ભાવવાળો, ગુણ-પર્યાય વિનાનો બુદ્ધિથી કલ્પાયેલો જીવ તે દ્રવ્યજીવ. અથવા જે અજીવ ભવિષ્યમાં જીવ બને તે અજીવ એ દ્રવ્યજીવ. આ શક્ય નથી. તેથી આ નિક્ષેપ શૂન્ય છે.

**ભાવજીવ** - ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક ભાવોથી યુક્ત, ઉપયોગ લક્ષણવાળો જીવ તે ભાવજીવ.

**(૨) અજીવ -**

**નામઅજીવ** - અજીવ એવું નામ તે નામઅજીવ. અથવા જે સચેતન કે અચેતન વસ્તુનું અજીવ એવું નામ કરાય તે વસ્તુને નામઅજીવ કહેવાય.

**સ્થાપનાઅજીવ** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં અજીવની સ્થાપના કરાય તે સ્થાપનાઅજીવ.

**દ્રવ્યઅજીવ** - અજીવના ગુણ-પર્યાયો વિનાનો, બુદ્ધિથી કલ્પાયેલો અજીવ તે દ્રવ્યઅજીવ.

**ભાવઅજીવ** - પોતાના ગુણ-પર્યાયોથી યુક્ત એવા ધર્માસ્તિકાય વગેરે તે ભાવઅજીવ.

**(૩) આસ્રવ -**

**નામઆસ્રવ** - આસ્રવ એવું નામ તે નામઆસ્રવ. અથવા આસ્રવના અર્થ વિનાની જે વસ્તુનું આસ્રવ એવું નામ કરાય તે નામઆસ્રવ.

**સ્થાપનાઆસ્રવ** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં આસ્રવની સ્થાપના કરાય તે સ્થાપનાઆસ્રવ.

**દ્રવ્યઆસ્રવ** - આત્માની સાથે જોડાયેલા, ઉદયમાં નહિ આવેલા કર્મપુદ્ગલો તે દ્રવ્યઆસ્રવ.

**ભાવઆસ્રવ** - આત્માની સાથે જોડાયેલા, ઉદયમાં આવેલા કર્મ-પુદ્ગલો તે ભાવઆસ્રવ.

(૪) બંધ -

**નામબંધ** - બંધ એવું નામ તે નામબંધ. અથવા બંધના અર્થ વિનાની જે વસ્તુનું બંધ એવું નામ કરાય તે નામબંધ.

**સ્થાપનાબંધ** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં બંધની સ્થાપના કરાય તે સ્થાપનાબંધ.

**દ્રવ્યબંધ** - જે દ્રવ્યથી વસ્તુને બંધાય તે દ્રવ્યબંધ. દા.ત. સાંકળ વગેરે.

**ભાવબંધ** - આત્માની સાથે કર્મોનો સંબંધ થવો તે ભાવબંધ. દા.ત. પ્રકૃતિબંધ વગેરે.

(૫) સંવર -

**નામસંવર** - સંવર એવું નામ તે નામસંવર. અથવા સંવરના અર્થ વિનાની જે વસ્તુનું સંવર એવું નામ કરાય તે નામસંવર.

**સ્થાપનાસંવર** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં સંવરની સ્થાપના કરાય તે સ્થાપનાસંવર.

**દ્રવ્યસંવર** - જે દ્રવ્યથી વસ્તુ ઢંકાય તે દ્રવ્યસંવર. દા.ત. ઢાંકણું વગેરે.

**ભાવસંવર** - ગુપ્તિ વગેરેના પરિણામને પામેલો જીવ તે ભાવસંવર.

(૬) નિર્જરા -

**નામનિર્જરા** - નિર્જરા એવું નામ તે નામનિર્જરા. અથવા નિર્જરાના અર્થ વિનાની જે વસ્તુનું નિર્જરા એવું નામ કરાય તે નામનિર્જરા.

**સ્થાપનાનિર્જરા** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં નિર્જરાની સ્થાપના કરાય તે સ્થાપનાનિર્જરા.

**દ્રવ્યનિર્જરા** - મોક્ષના અધિકાર વિનાનું એવું જે દ્રવ્યનું છૂટું પડવું તે દ્રવ્યનિર્જરા. દા.ત. ડાંગર વગેરેનું છોડમાંથી છૂટું પડવું તે.

**ભાવનિર્જરા** - આત્મા ઉપરથી કર્મોનું છૂટા પડવું તે ભાવનિર્જરા.

**(૭) મોક્ષ** -

**નામમોક્ષ** - મોક્ષ એવું નામ તે નામમોક્ષ. અથવા મોક્ષના અર્થ વિનાની જે વસ્તુનું મોક્ષ એવું નામ કરાય તે નામમોક્ષ.

**સ્થાપનામોક્ષ** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં મોક્ષની સ્થાપના કરાય તે સ્થાપનામોક્ષ.

**દ્રવ્યમોક્ષ** - દ્રવ્યમાંથી છૂટવું તે દ્રવ્યમોક્ષ. દા.ત. બેડી વગેરેમાંથી છૂટવું તે.

**ભાવમોક્ષ** - બધા કર્મોનો ક્ષય થવો તે ભાવમોક્ષ.

**(૮) સમ્યગ્દર્શન** -

**નામસમ્યગ્દર્શન** - સમ્યગ્દર્શન એવું નામ તે નામસમ્યગ્દર્શન. અથવા સમ્યગ્દર્શનના અર્થ વિનાની જે વસ્તુનું સમ્યગ્દર્શન એવું નામ કરાય તે નામસમ્યગ્દર્શન કહેવાય.

**સ્થાપનાસમ્યગ્દર્શન** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં સમ્યગ્દર્શનની સ્થાપના કરાય તે સ્થાપનાસમ્યગ્દર્શન.

**દ્રવ્યસમ્યગ્દર્શન** - ભવ્ય જીવોના મિથ્યાત્વમોહનીયના જે પુદ્ગલો સમ્યક્ત્વમોહનીયરૂપે પરિણમવાના હોય તે દ્રવ્યસમ્યગ્દર્શન. અથવા

ઉદયમાં નહીં આવેલા સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલો તે દ્રવ્યસમ્યગ્દર્શન.

**ભાવસમ્યગ્દર્શન** - મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીયના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમથી આત્મામાં ઉત્પન્ન થયેલો પરિણામ તે ભાવસમ્યગ્દર્શન.

**(૯) સમ્યગ્જ્ઞાન -**

**નામસમ્યગ્જ્ઞાન** - સમ્યગ્જ્ઞાન એવું નામ તે નામસમ્યગ્જ્ઞાન. અથવા સમ્યગ્જ્ઞાનના અર્થ વિનાની જે વસ્તુનું સમ્યગ્જ્ઞાન એવું નામ કરાય તે નામસમ્યગ્જ્ઞાન.

**સ્થાપનાસમ્યગ્જ્ઞાન** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં સમ્યગ્જ્ઞાનની સ્થાપના કરાય તે સ્થાપનાસમ્યગ્જ્ઞાન.

**દ્રવ્યસમ્યગ્જ્ઞાન** - પુસ્તકાદિમાં આલેખાયેલું સમ્યગ્જ્ઞાન તે દ્રવ્યસમ્યગ્જ્ઞાન. અથવા શાસ્ત્રો ભણતી વખતે જે અનુપયુક્ત હોય તેનું સમ્યગ્જ્ઞાન તે દ્રવ્યસમ્યગ્જ્ઞાન.

**ભાવસમ્યગ્જ્ઞાન** - આત્મામાં પરિણમેલું સમ્યગ્જ્ઞાન તે ભાવસમ્યગ્જ્ઞાન. અથવા શાસ્ત્રો ભણતી વખતે જે ઉપયુક્ત હોય તેનું જ્ઞાન તે ભાવસમ્યગ્જ્ઞાન.

**(૧૦) સમ્યક્ચારિત્ર -**

**નામસમ્યક્ચારિત્ર** - સમ્યક્ચારિત્ર એવું નામ તે નામસમ્યક્ચારિત્ર. અથવા સમ્યક્ચારિત્રના અર્થ વિનાની જે વસ્તુનું સમ્યક્ચારિત્ર એવું નામ કરાય તે નામસમ્યક્ચારિત્ર.

**સ્થાપનાસમ્યક્ચારિત્ર** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં સમ્યક્ચારિત્રની સ્થાપના કરાય તે સ્થાપનાસમ્યક્ચારિત્ર.

**દ્રવ્યસમ્યક્ચારિત્ર** - અભવ્યનું ચારિત્ર અથવા ભવ્યનું ઉપયોગ વિનાનું ચારિત્ર તે દ્રવ્યસમ્યક્ચારિત્ર.

**ભાવસમ્યક્ચારિત્ર** - ભવ્યનું ઉપયોગપૂર્વકનું ચારિત્ર તે ભાવસમ્યક્ચારિત્ર.

**(૧૧) દ્રવ્ય -**

**નામદ્રવ્ય** - દ્રવ્ય એવું નામ તે નામદ્રવ્ય. અથવા દ્રવ્યના અર્થ વિનાની જે વસ્તનું દ્રવ્ય એવું નામ કરાય તે નામદ્રવ્ય.

**સ્થાપનાદ્રવ્ય** - જે લાકડા વગેરેમાં કે શંખ વગેરેમાં દ્રવ્યની સ્થાપના કરાય તે સ્થાપનાદ્રવ્ય.

**દ્રવ્યદ્રવ્ય** - ગુણ-પર્યાય વિનાનું બુદ્ધિથી કલ્પાયેલું દ્રવ્ય તે દ્રવ્યદ્રવ્ય.

**ભાવદ્રવ્ય** - ગુણ-પર્યાયથી યુક્ત ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો તે ભાવદ્રવ્ય.

● **પ્રમાણ, નય** - (સૂત્ર-૧/૬)

પ્રમાણો અને નયો વડે જીવાદિ તત્ત્વોનું વિસ્તારપૂર્વક જ્ઞાન થાય છે.

**પ્રમાણ** - અનંતધર્માત્મક વસ્તુના સંપૂર્ણ સ્વરૂપને જણાવનારું જ્ઞાન તે પ્રમાણ. પ્રમાણના બે પ્રકાર છે - પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રમાણ એ સમ્યગ્જ્ઞાન છે.

**નય** - અનંતધર્માત્મક વસ્તુને એક જ ધર્મરૂપે જણાવે તે નય. નયોના પાંચ પ્રકાર છે - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ. નયો એ મિથ્યાજ્ઞાન છે.

કેટલાક એમ કહે છે કે - અનંતધર્માત્મક વસ્તુને એક ધર્મરૂપે જણાવે તે નય. પરસ્પર સાપેક્ષ એવા નૈગમ વગેરે નયો તે સુનય છે. પરસ્પર સાપેક્ષ એવા નયો વડે થતું જ્ઞાન તે પ્રમાણ છે. પરસ્પર નિરપેક્ષ એવા નૈગમ વગેરે નયો તે નયાભાસ છે. નયાભાસ એ મિથ્યાજ્ઞાન છે.

પ્રમાણ અને નયનું વિસ્તૃત સ્વરૂપ આગળ બતાવાશે.

● **છ અનુયોગદ્વારો** - (સૂત્ર-૧/૭)

નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન - આ છ અનુયોગદ્વારો વડે જીવાદિ તત્ત્વોનું વિસ્તારપૂર્વક જ્ઞાન થાય છે.

**(૧) નિર્દેશ** - ઉદ્દેશ વિના નિર્દેશ ન હોય. સામાન્ય અર્થને જણાવનારું વચન તે ઉદ્દેશ. વિશેષ અર્થને જણાવનારું વચન તે નિર્દેશ.

**(૨) સ્વામિત્વ** - માલિકપણું.

**(૩) સાધન** - જેનાથી સધાય તે સાધન.

**(૪) અધિકરણ** - આધાર.

**(૫) સ્થિતિ** - પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થવાનો કાળ.

**(૬) વિધાન** - પ્રકાર.

નિર્દેશાદિ દ્વારોથી જીવતત્ત્વની વિચારણા -

**(૧) નિર્દેશ** - જીવ કોણ છે ? જીવ ઔપશમિક વગેરે ભાવોથી યુક્ત દ્રવ્ય છે.

**(૨) સ્વામિત્વ** - જીવ કોનો સ્વામી છે ? અથવા, જીવના કોણ સ્વામી છે ? જીવ ધર્માસ્તિકાય વગેરે ચારે ઉપર મૂર્ચ્છા કરે છે, તેમને ભોગવે છે, શરીર તરીકે ગ્રહણ કરે છે. માટે જીવ ધર્માસ્તિકાય વગેરે

ચારેનો સ્વામી છે. જીવની ઉપર પણ બીજા જીવો મૂર્છા વગેરે કરે છે. તેથી જીવના પણ બીજા જીવો સ્વામી છે.

**(૩) સાધન** - જીવ કોનાથી સધાય છે ? જીવ હંમેશા અવસ્થિત હોવાથી કોઈથી પણ સધાતો નથી. અથવા બાહ્ય પુદ્ગલો વડે દેવ વગેરે જીવો સધાય છે, એટલે કે તે તે સ્થાનમાં લઈ જવાય છે.

**(૪) અધિકરણ** - જીવનો આધાર શું ? નિશ્ચયથી જીવ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે, વ્યવહારથી જીવ શરીર-આકાશ વગેરેમાં પ્રતિષ્ઠિત છે.

**(૫) સ્થિતિ** - જીવ જીવ તરીકે કેટલો કાળ રહે છે ? ભવોની અપેક્ષા વિના જીવ જીવ તરીકે સર્વકાળ રહે છે. દેવાદિ ભવોની અપેક્ષાએ જ્યાં જેટલી સ્થિતિ હોય ત્યાં તેટલો કાળ દેવ વગેરે તરીકે જીવ રહે છે.

**(૬) વિધાન** - જીવના પ્રકાર કેટલા છે ? ત્રસ-સ્થાવર વગેરે જીવોના પ્રકારો છે. તે આગળ કહેવાશે.

આમ શેષ તત્ત્વોની પણ આ છ દ્વારોથી વિચારણા કરવી.

નિર્દેશાદિ દ્વારોથી સમ્યગ્દર્શનની વિચારણા -

**(૧) નિર્દેશ** - સમ્યગ્દર્શન શું છે ? સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલોના ભોગવટાથી જીવ (ક્ષાયોપશમિક) સમ્યગ્દર્શન પામે છે. તેથી (કારણમાં કાર્યનો ઉપચાર કરીને) સમ્યગ્દર્શન એ દ્રવ્ય છે. મુખ્યતયા સમ્યગ્દર્શન એ આત્માનો પરિણામ હોવાથી □દ્રવ્યનયની અપેક્ષાએ સમ્યગ્દર્શન એ દ્રવ્ય છે અને Δપર્યાયનયની અપેક્ષાએ સમ્યગ્દર્શન એ ગુણ છે.

□ દ્રવ્યને મુખ્યરૂપે માનનારો નય તે દ્રવ્યનય.

Δ પર્યાયને મુખ્યરૂપે માનનારો નય તે પર્યાયનય.

(૨) **સ્વામિત્વ** - સમ્યગ્દર્શન કોને હોય ? અહીં ત્રણ વિકલ્પો છે-

(૧) **આત્મસંયોગથી** - જ્યારે ઉત્પન્ન થનારા સમ્યગ્દર્શનના પ્રતિમા વગેરે બાહ્ય નિમિત્તોની અપેક્ષા ન કરાય ત્યારે આત્મસંયોગથી સમ્યગ્દર્શન થયું, એમ કહેવાય. આત્મસંયોગથી સમ્યગ્દર્શન જીવને હોય છે.

(૨) **પરસંયોગથી** - જ્યારે ઉત્પન્ન થનારા સમ્યગ્દર્શનના પ્રતિમા વગેરે બાહ્ય નિમિત્તોની અપેક્ષા કરાય ત્યારે પરસંયોગથી સમ્યગ્દર્શન થયું, એમ કહેવાય. પરસંયોગથી સમ્યગ્દર્શન જે નિમિત્તથી તે થયું હોય તેને હોય છે. અહીં છ વિકલ્પો છે -

(i) **જીવનું** - જ્યારે જીવને એક સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું છે, એમ કહેવાય.

(ii) **અજીવનું** - જ્યારે જીવને પ્રતિમા વગેરે કોઈ એક અજીવ પદાર્થને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન અજીવનું છે, એમ કહેવાય.

(iii) **બે જીવોનું** - જ્યારે જીવને બે સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન બે જીવોનું છે, એમ કહેવાય.

(iv) **બે અજીવોનું** - જ્યારે જીવને બે પ્રતિમા વગેરે અજીવ પદાર્થોને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન બે અજીવોનું છે, એમ કહેવાય.

(v) **ઘણા જીવોનું** - જ્યારે જીવને ઘણા સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન ઘણા જીવોનું છે, એમ કહેવાય.

(vi) **ઘણા અજીવોનું** - જ્યારે જીવને ઘણી પ્રતિમા વગેરે અજીવ પદાર્થોને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન ઘણા અજીવોનું છે, એમ કહેવાય.

(૩) **ઉભયસંયોગથી** - જ્યારે સમ્યગ્દર્શનના આત્મારૂપ અભ્યંતર નિમિત્ત અને સાધુ, પ્રતિમા વગેરે રૂપ બાહ્ય નિમિત્તની વિવક્ષા કરાય ત્યારે ઉભયસંયોગથી સમ્યગ્દર્શન થયું, એમ કહેવાય. ઉભયસંયોગથી સમ્યગ્દર્શન આત્માને અને પરને બંનેને હોય છે. અહીં છ વિકલ્પો છે -

(i) **જીવનું અને જીવનું** - જ્યારે જીવને એક સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું અને જીવનું છે, એમ કહેવાય.

(ii) **જીવનું અને અજીવનું** - જ્યારે જીવને એક પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું અને અજીવનું છે, એમ કહેવાય.

(iii) **જીવનું અને બે જીવોનું** - જ્યારે જીવને બે સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું અને બે જીવોનું છે, એમ કહેવાય.

(iv) **જીવનું અને બે અજીવોનું** - જ્યારે જીવને બે પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું અને બે અજીવોનું છે, એમ કહેવાય.

(v) **જીવનું અને ઘણા જીવોનું** - જ્યારે જીવને ઘણા સાધુઓ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું અને ઘણા જીવોનું છે, એમ કહેવાય.

(vi) **જીવનું અને ઘણા અજીવોનું** - જ્યારે જીવને ઘણી પ્રતિમા વગેરેને

જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવનું અને ઘણા અજીવોનું છે, એમ કહેવાય.

(૩) **સાધન** - સમ્યગ્દર્શન શેનાથી થાય છે ? સમ્યગ્દર્શન બે રીતે થાય છે -

(૧) **નિસર્ગથી** - સ્વાભાવિક રીતે.

(૨) **અધિગમથી** - બીજાના ઉપદેશ વગેરેથી.

આ બંને રીતે થનારું સમ્યગ્દર્શન તેને આવરનારા કર્મોના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે.

(૪) **અધિકરણ** - સમ્યગ્દર્શન શેમાં હોય ? અહીં ત્રણ વિકલ્પો છે -

(૧) **આત્મસંનિધાનથી** - જ્યારે ઉત્પન્ન થનારા સમ્યગ્દર્શનના બાહ્ય નિમિત્તની વિવક્ષા ન કરાય ત્યારે સમ્યગ્દર્શન આત્મસંનિધાનથી થયું એમ કહેવાય. આત્મસંનિધાનથી સમ્યગ્દર્શન જીવમાં હોય છે.

(૨) **પરસંનિધાનથી** - જ્યારે ઉત્પન્ન થનારા સમ્યગ્દર્શનના બાહ્ય નિમિત્તની વિવક્ષા કરાય ત્યારે સમ્યગ્દર્શન પરસંનિધાનથી થયું, એમ કહેવાય. પરસંનિધાનથી સમ્યગ્દર્શન બાહ્ય નિમિત્તમાં હોય છે. અહીં છ વિકલ્પો છે -

(i) **જીવમાં** - જ્યારે જીવને એક સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં છે, એમ કહેવાય.

(ii) **અજીવમાં**- જ્યારે જીવને એક પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન અજીવમાં છે, એમ કહેવાય.

(iii) **બે જીવોમાં** - જ્યારે જીવને બે સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન બે જીવોમાં છે, એમ કહેવાય.

(iv) **બે અજીવોમાં** - જ્યારે જીવને બે પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન બે અજીવોમાં છે, એમ કહેવાય.

(v) **ઘણા જીવોમાં** - જ્યારે જીવને ઘણા સાધુઓ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન ઘણા જીવોમાં છે, એમ કહેવાય.

(vi) **ઘણા અજીવોમાં** - જ્યારે જીવને ઘણી પ્રતિમાઓ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન ઘણા અજીવોમાં છે, એમ કહેવાય.

(૩) **ઉભયસંનિધાનથી** - જ્યારે ઉત્પન્ન થનારા સમ્યગ્દર્શનના આત્મારૂપ અભ્યંતર નિમિત્ત અને સાધુ, પ્રતિમા વગેરે રૂપ બાહ્ય નિમિત્તની વિવક્ષા કરાય ત્યારે તે સમ્યગ્દર્શન ઉભયસંનિધાનથી થયું, એમ કહેવાય. ઉભયસંનિધાનથી સમ્યગ્દર્શન આત્મામાં અને બાહ્ય નિમિત્તમાં બંનેમાં હોય છે. અહીં છ વિકલ્પો છે -

(i) **જીવમાં અને જીવમાં** - જ્યારે જીવને એક સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં અને જીવમાં છે, એમ કહેવાય.

(ii) **જીવમાં અને અજીવમાં** - જ્યારે જીવને એક પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં અને અજીવમાં છે, એમ કહેવાય.

(iii) **જીવમાં અને બે જીવોમાં** - જ્યારે જીવને બે સાધુ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં અને બે જીવોમાં છે, એમ કહેવાય.

(iv) **જીવમાં અને બે અજીવોમાં** - જ્યારે જીવને બે પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં અને બે અજીવોમાં છે, એમ કહેવાય.

(v) **જીવમાં અને ઘણા જીવોમાં** - જ્યારે જીવને ઘણા સાધુઓ વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં અને ઘણા જીવોમાં છે, એમ કહેવાય.

(vi) **જીવમાં અને ઘણા અજીવોમાં** - જ્યારે જીવને ઘણી પ્રતિમા વગેરેને જોઈને સમ્યગ્દર્શન થાય ત્યારે તે સમ્યગ્દર્શન જીવમાં અને ઘણા અજીવોમાં છે, એમ કહેવાય.

**૫) સ્થિતિ** - દર્શનમોહનીય કર્મના ઉપશમ કે ક્ષયોપશમથી થયેલા સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શન કહેવાય છે. દર્શનમોહનીય કર્મના ક્ષયથી થયેલા સમ્યગ્દર્શનને સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દષ્ટિ બે પ્રકારે છે -

(૧) સાદિસાંત - શ્રેણિક વગેરેની જેમ. દર્શન ૭ નો ક્ષય થાય ત્યારે સાદિ. કેવળજ્ઞાન પામે ત્યારે સાંત. (અહીં સમ્યગ્દષ્ટિ રૂપી રુચિને મતિજ્ઞાનનો ભેદ માની કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે મતિજ્ઞાનના નાશની સાથે સમ્યગ્દષ્ટિનો પણ અંત થાય, એ અપેક્ષાએ સમ્યગ્દષ્ટિ સાદિસાંત કહી છે. બાકી સમ્યગ્દષ્ટિ સાદિઅનંત જ હોય.)

(૨) સાદિઅનંત - સયોગી કેવલી ભગવંતો, અયોગી કેવલી ભગવંતો અને સિદ્ધ ભગવંતોને હોય.

સમ્યગ્દર્શન સાદિસાંત જ હોય -

(૧) ઔપશમિકસમ્યગ્દર્શનનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

(૨) ક્ષાયોપશમિકસમ્યગ્દર્શનનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમ છે. અહીં ૮ વર્ષની વયે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન પામી દીક્ષા લઈ દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી તેને પાળી સમ્યગ્દર્શન સહિત વિજયાદિ ચાર વિમાનોમાં ઉત્પન્ન થાય. ત્યાં ૩૩ સાગરોપમ સુધી

સમ્યગ્દર્શન પાળી સમ્યગ્દર્શન સાથે મનુષ્યમાં આવી દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળી ફરી સમ્યગ્દર્શન સાથે વિજયાદિ વિમાનોમાં જાય. ત્યાં ૩૩ સાગરોપમ સુધી સમ્યગ્દર્શન પાળી મનુષ્યમાં આવી દેશોન પૂર્વક્રોડ વર્ષનું સંયમ પાળી સિદ્ધ થાય. આમ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનનો કુલ કાળ ૬૬ સાગરોપમ +૩ પૂર્વક્રોડ વર્ષ થયો. અથવા બે વાર વિજયાદિ વિમાનમાં ઉત્પન્ન થવાના બદલે ત્રણ વાર અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થઈને પણ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનનો સાધિક ૬૬ સાગરોપમ કાળ થઈ શકે.

**(૬) વિધાન** - □સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર છે -

(૧) **ઔપશમિક સમ્યગ્દર્શન** - તેના બે પ્રકાર છે.

(i) **પ્રથમ ઔપશમિક સમ્યગ્દર્શન** - મિથ્યાત્વમોહનીયકર્મના ઉપશમથી એટલે કે પ્રદેશોદય અને વિપાકોદય બન્નેના અભાવથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન તે પ્રથમ ઔપશમિક-સમ્યગ્દર્શન.

(ii) **ઉપશમશ્રેણિનું ઔપશમિક સમ્યગ્દર્શન** - દર્શન ૭ (દર્શન-મોહનીય ૩ અને અનંતાનુબંધી ૪)ના ઉપશમથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન તે ઉપશમશ્રેણિનું ઔપશમિક સમ્યગ્દર્શન.

(૨) **ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન** - દર્શન ૭ ના ક્ષયોપશમથી એટલે કે ઉદયમાં આવેલા દલિકોના ક્ષયથી અને ઉદયમાં નહીં આવેલા દલિકોના ઉપશમથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન તે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન છે. આમાં સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય હોય છે

□ **તત્ત્વાર્થાધિગમસૂત્રની શ્રીસિદ્ધસેનગણિકૃત ટીકામાં** સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર આ રીતે બતાવ્યા છે- **(૧) ઔપશમિક સમ્યગ્દર્શન** - દર્શન ૭ અને જ્ઞાનાવરણ કર્મના ઉપશમથી થતું સમ્યગ્દર્શન તે ઔપશમિક સમ્યગ્દર્શન છે. **(૨) ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન** - દર્શન ૭ અને જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થતું સમ્યગ્દર્શન તે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન છે. **(૩) ક્ષાયિક સમ્યગ્દર્શન** - દર્શન ૭ અને જ્ઞાનાવરણ કર્મના ક્ષયથી થતું સમ્યગ્દર્શન તે ક્ષાયિક સમ્યગ્દર્શન છે. આનું કારણ એ છે કે ત્યાં સમ્યગ્દર્શનરૂપી રુચિને જ્ઞાનનો ભેદ માન્યો છે.

અને બાકીના છ કર્મોનો પ્રદેશોદય હોય છે.

(૩) **ક્ષાયિક સમ્યગ્દર્શન** - દર્શન ૭ના ક્ષયથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન તે ક્ષાયિકસમ્યગ્દર્શન છે.

ઔપશમિક સમ્યગ્દર્શન સૌથી મલિન છે, અંતર્મુહૂર્ત માત્ર ટકતું હોવાથી અને ત્યાર પછી જીવ ફરી મિથ્યાત્વે જતો હોવાથી. આગમનો મત એવો છે કે ઔપશમિક સમ્યગ્દર્શનના કાળમાં મૃત્યુ ન પામે તો અંતર્મુહૂર્તકાળ પૂર્ણ થતા અવશ્ય મિથ્યાત્વ પામે. ઔપશમિક સમ્યગ્દર્શન કરતાં ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન વિશુદ્ધ છે, સાધિક ૬૬ સાગરોપમ ટકતું હોવાથી અને વધુ સ્પષ્ટ બોધ કરાવતું હોવાથી. તેના કરતાં ક્ષાયિક સમ્યગ્દર્શન વધુ વિશુદ્ધ છે, સાદિઅનંત કાળ ટકતું હોવાથી અને વસ્તુનો એકદમ સ્પષ્ટ બોધ કરાવતું હોવાથી.

● **આઠ અનુયોગદ્વારો** - (સૂત્ર-૧/૮)

સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ - આ આઠ અનુયોગદ્વારો વડે બધા તત્ત્વોનું વિસ્તારપૂર્વક જ્ઞાન થાય છે.

આઠ અનુયોગદ્વારોથી સમ્યગ્દર્શનની વિચારણા -

(૧) **સત્** - સમ્યગ્દર્શન છે કે નહીં ? સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન ક્યાં છે ? સમ્યગ્દર્શન અજીવોમાં નથી, જીવોમાં વિકલ્પે હોય છે.

સમ્યગ્દર્શનની જીવોમાં ૧૩ અનુયોગદ્વારો વડે સદ્ભૂત પ્રરૂપણા -

(૧) ગતિ -

| ગતિ | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| નરકગતિ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| તિર્યંચગતિ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| મનુષ્યગતિ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| દેવગતિ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૨) ઈન્દ્રિય -

| જીવો | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| એકેન્દ્રિય | ન હોય□ | ન હોય | -□ |
| વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય | હોય | ન હોય | સાસ્વાદન |
| સંજ્ઞી પંચેન્દ્રિય | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૩) કાય -

| કાય | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય | ન હોય□ | ન હોય | -□ |
| વિકલેન્દ્રિય ત્રસકાય, અસંજ્ઞી પંચેન્દ્રિય ત્રસકાય | હોય | ન હોય | સાસ્વાદન |
| સંજ્ઞી પંચેન્દ્રિય ત્રસકાય | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

□ **ચોથા કર્મગ્રંથ**માં કહ્યું છે કે સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવો કાળ કરીને બાદર પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયમાં આ ગુણસ્થાનક લઈને જાય છે. તેથી ત્યાં તેમને અપર્યાપ્તાવસ્થામાં બીજુ ગુણસ્થાનક અલ્પકાળ માટે હોય છે. તેથી તેમને પૂર્વે પ્રાપ્ત થયેલું સાસ્વાદનસમ્યગ્દર્શન હોય.

(૪) યોગ -

| જીવો | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| કાયયોગી (એકેન્દ્રિય) | ન હોય□ | ન હોય | -□ |
| કાયયોગી + વચનયોગી (વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય) | હોય | ન હોય | સાસ્વાદન |
| કાયયોગી + વચનયોગી + મનોયોગી (સંજ્ઞી પંચેન્દ્રિય) | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૫) કષાય -

| જીવો | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| અનંતાનુબંધી કષાયના ઉદયવાળા | ન હોય | ન હોય | - |
| અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયવાળા | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયવાળા | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| સંજ્વલન કષાયના ઉદયવાળા | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

□ પાના નં. ૨૪ની ટિપ્પણ જુઓ.

(૬) વેદ -

| વેદ | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| સ્ત્રીવેદ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| પુરુષવેદ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| નપુંસકવેદ(એકેન્દ્રિય) | ન હોય□ | ન હોય | -□ |
| નપુંસકવેદ (વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય) | હોય | ન હોય | સાસ્વાદન |
| નપુંસકવેદ (સંજ્ઞી પંચેન્દ્રિય) | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૭) લેશ્યા -

| લેશ્યા | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| કૃષ્ણ, નીલ, કાપોત | હોય | ન હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| તેજો, પદ્મ, શુક્લ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૮) સમ્યક્ત્વ - નિશ્ચયનયમતે$^{\Delta}$

| સમ્યક્ત્વ | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| સમ્યગ્દષ્ટિ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| મિથ્યાદષ્ટિ | ન હોય | ન હોય | - |

□ પાના નં. ૨૪ની ટિપ્પણ જુઓ.

Δ નિશ્ચયનય એમ માને છે કે વિદ્યમાન હોય એ જ ઉત્પન્ન થાય, અસત્ ઉત્પન્ન ન થાય.

**વ્યવહારનયમતે**Δ

| **સમ્યક્ત્વ** | **સમ્યગ્દર્શન પૂર્વે પામેલા** | **સમ્યગ્દર્શન પામનારા** | **સમ્યગ્દર્શન** |
|---|---|---|---|
| સમ્યગ્દષ્ટિ | હોય | ન હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| મિથ્યાદષ્ટિ | ન હોય | હોય | ઔપશમિક, ક્ષાયોપ્રશમિક |

(૯) **જ્ઞાન** -

**નિશ્ચયમતે**□

| **જ્ઞાન** | **સમ્યગ્દર્શન પૂર્વે પામેલા** | **સમ્યગ્દર્શન પામનારા** | **સમ્યગ્દર્શન** |
|---|---|---|---|
| જ્ઞાન | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| અજ્ઞાન | ન હોય | ન હોય | - |

**વ્યવહારનયમતે**Δ

| **જ્ઞાન** | **સમ્યગ્દર્શન પૂર્વે પામેલા** | **સમ્યગ્દર્શન પામનારા** | **સમ્યગ્દર્શન** |
|---|---|---|---|
| જ્ઞાન | હોય | ન હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| અજ્ઞાન | ન હોય | હોય | ઔપશમિક, ક્ષાયોપશમિક |

Δ વ્યવહારનય એમ માને છે કે જેની પાસે સમ્યગ્દર્શન ન હોય એને એની પ્રાપ્તિ થાય.

□ નિશ્ચયનય એમ માને છે કે વિદ્યમાન હોય એ જ ઉત્પન્ન થાય, અસત્ ઉત્પન્ન ન થાય.

(૧૦) દર્શન -

| દર્શન | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| અચક્ષુદર્શન (એકેન્દ્રિય) | ન હોય | ન હોય | -[1] |
| અચક્ષુદર્શન (બેઈન્દ્રિય, તેઈન્દ્રિય) | હોય | ન હોય | સાસ્વાદન |
| ચક્ષુદર્શન, અચક્ષુદર્શન (ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચે૦) | હોય | ન હોય | સાસ્વાદન |
| ચક્ષુદર્શન, અચક્ષુદર્શન (સંજ્ઞી પંચેન્દ્રિય) | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| અવધિદર્શન | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| કેવળદર્શન | હોય | ન હોય | ક્ષાયિક |

(૧૧) ચારિત્ર -

| ચારિત્ર | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| ચારિત્રી | હોય | ન હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| અચારિત્રી | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

[1] પાના નં. ૨૪ની ટિપ્પણ જુઓ.

(૧૨) આહારક -

| જીવો | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| આહારક | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| અનાહારક | હોય | ન હોય | ઔપશમિક☐, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૧૩) ઉપયોગ -

| ઉપયોગ | સમ્યગ્દર્શન પૂર્વે પામેલા | સમ્યગ્દર્શન પામનારા | સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| સાકારોપયોગ | હોય | હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |
| અનાકારોપયોગ | હોય | ન હોય | ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક |

(૨) **સંખ્યા** - સમ્યગ્દર્શની કેટલા છે ? સમ્યગ્દર્શની અસંખ્ય છે. સમ્યગ્દૃષ્ટિ કેટલા છે ? સમ્યગ્દૃષ્ટિ અનંત છે.

(૩) **ક્ષેત્ર** - સમ્યગ્દર્શન-સમ્યગ્દૃષ્ટિ કેટલા ક્ષેત્રમાં છે ?
એક સમ્યગ્દર્શની લોકના અસંખ્યાતમા ભાગમાં છે.
બધા સમ્યગ્દર્શની લોકના અસંખ્યાતમા ભાગમાં છે.
એક સમ્યગ્દૃષ્ટિ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.
બધા સમ્યગ્દૃષ્ટિ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

☐ મતાંતરે અનાહારકને ઔપશમિક સમ્યગ્દર્શન ન હોય.

(૪) **સ્પર્શના** - સમ્યગ્દર્શન-સમ્યગ્દૃષ્ટિ લોકના કેટલા ભાગને સ્પર્શે ?

સમ્યગ્દર્શની જઘન્યથી લોકના અસંખ્યાતમા ભાગને સ્પર્શે અને ઉત્કૃષ્ટથી દેશોન ૮/૧૪ લોકને સ્પર્શે. અચ્યુત દેવલોકનો દેવ જન્માંતરના કે એ જ ભવના સ્નેહથી આઠમા સહસ્રાર દેવલોક સુધીના દેવને બારમા અચ્યુત દેવલોક સુધી લઈ જાય છે. બારમા દેવલોકે ગયેલ સહસ્રાર સુધીનો દેવ ત્યાંથી ઉત્તરવૈક્રિય શરીર બનાવી ત્રીજી નરકમાં જાય. અથવા સહસ્રાર દેવલોક સુધીનો સમ્યગ્દર્શની દેવ એક રૂપે બારમા દેવલોકમાં જાય અને બીજા રૂપે નીચે ત્રીજી નરક સુધી જાય. તિર્ચ્છાલોકના મધ્ય-ભાગથી અચ્યુત દેવલોક સુધી ૫ રાજ છે અને ચોથી નરકના ઉપરના તલ સુધી ૩ રાજ છે. વળી દેવો ધજા સુધી જતા નથી, દેવસભા સુધી જ જાય છે. એથી ઉપરનો ધજાનો ભાગ બાકી રહે છે. નીચે ચોથી પૃથ્વીના ઉપરના તલે ૩ રાજ પૂર્ણ થાય છે. દેવો ત્યાં સુધી જતા નથી, પણ માત્ર ત્રીજી પૃથ્વી સુધી જ જાય છે. આથી ત્રીજી પૃથ્વી પછીનો ભાગ બાકી રહે છે. આમ સમ્યગ્દર્શની ન્યૂન ૮ રાજને સ્પર્શે છે, એટલે કે ન્યૂન ૮/૧૪ લોકને સ્પર્શે છે.

સમ્યગ્દૃષ્ટિ સર્વલોકને સ્પર્શે છે. કેવળી સમુદ્ઘાતની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને સર્વલોકની સ્પર્શના હોય છે.

(૫) કાળ - સમ્યગ્દર્શન-સમ્યગ્દૃષ્ટિ કેટલો કાળ ટકે ?

એક જીવને આશ્રયી સમ્યગ્દર્શનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટકાળ સાધિક ૬૬ સાગરોપમ છે.

બધા જીવોને આશ્રયી સમ્યગ્દર્શનનો કાળ સર્વકાળ છે.

એક જીવને આશ્રયી સમ્યગ્દષ્ટિનો કાળ સાદિઅનંત છે.

બધા જીવોને આશ્રયી સમ્યગ્દષ્ટિનો કાળ અનાદિઅનંત છે.

(૬) **અંતર** - સમ્યગ્દર્શન-સમ્યગ્દષ્ટિનું અંતર (એકવાર ગયા પછી ફરી મળે ત્યાં સુધીનો કાળ) કેટલું છે ?

એક જીવને આશ્રયી સમ્યગ્દર્શનનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ અંતર દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત છે.

બધા જીવોને આશ્રયી સમ્યગ્દર્શનનું અંતર નથી.

સમ્યગ્દષ્ટિનું અંતર નથી.

(૭) **ભાવ** - સમ્યગ્દર્શન-સમ્યગ્દષ્ટિ કયા ભાવમાં હોય ?

સમ્યગ્દર્શન-સમ્યગ્દષ્ટિ ઔદયિક અને પારિણામિક સિવાયના ત્રણ ભાવમાં હોય. ઔપશમિક સમ્યગ્દર્શન ઔપશમિક ભાવમાં હોય છે. ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન ક્ષાયોપશમિક ભાવમાં હોય છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ક્ષાયિકભાવમાં હોય છે.

(૮) **અલ્પબહુત્વ** - ઔપશમિક સમ્યગ્દર્શની સૌથી થોડા છે.

તેના કરતાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ (છદ્મસ્થ) અસંખ્યગુણ છે.

તેના કરતાં ક્ષાયોપશમિક સમ્યગ્દર્શની અસંખ્યગુણ છે.

તેના કરતાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ (કેવલી) અનંતગુણ છે.

સમ્યગ્દર્શનની વિચારણા કરી. હવે સમ્યગ્જ્ઞાનની પ્રરૂપણા કરાય છે.

• • •

# સમ્યગ્જ્ઞાન પ્રકરણ

સમ્યગ્જ્ઞાનના પાંચ પ્રકાર છે - (સૂત્ર-૧/૯)

(૧) **મતિજ્ઞાન** - પાંચ ઈન્દ્રિયો અને મનથી થતું અક્ષર વિનાનું જ્ઞાન તે મતિજ્ઞાન.

(૨) **શ્રુતજ્ઞાન** - શબ્દ સાંભળતા, બોલતા, જોતાં કે પાંચ ઈન્દ્રિયો અને મનથી થતું અક્ષરવાળું જ્ઞાન તે શ્રુતજ્ઞાન.

(૩) **અવધિજ્ઞાન** - અમુક મર્યાદા સુધીમાં રહેલા રૂપી પદાર્થોનું ઈન્દ્રિય અને મન વિના થતું જ્ઞાન તે અવધિજ્ઞાન.

(૪) **મનઃપર્યવજ્ઞાન** - સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવોને જણાવનારું જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન.

(૫) **કેવળજ્ઞાન** - લોકાલોકના બધા દ્રવ્યોના ત્રણે કાળના બધા પર્યાયોનું એકસાથે એક સમયે થતું જ્ઞાન તે કેવળજ્ઞાન, અથવા મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનો સિવાયનું જ્ઞાન તે કેવળજ્ઞાન.

આ પાંચ પ્રકારનું જ્ઞાન એ બે પ્રમાણરૂપ છે. તે આ પ્રમાણે - પ્રત્યક્ષ અને પરોક્ષ. (સૂત્ર-૧/૧૦)

**પ્રત્યક્ષ પ્રમાણ** - અક્ષ એટલે આત્મા. ઈન્દ્રિયોની સહાય વિના સાક્ષાત્ આત્માને થતું જ્ઞાન તે પ્રત્યક્ષ પ્રમાણ.

**પરોક્ષ પ્રમાણ** - આત્માથી પર એવી ઈન્દ્રિયો અને મનની સહાયથી થતું જ્ઞાન તે પરોક્ષ પ્રમાણ.

બૌદ્ધો બે પ્રમાણ માને છે - □પ્રત્યક્ષ, અનુમાન.

---

□ પ્રત્યક્ષ - ઈન્દ્રિયોથી થતું વિષયોનું સાક્ષાત્ જ્ઞાન તે પ્રત્યક્ષ પ્રમાણ.

અનુમાન - લિંગ દ્વારા લિંગીનું જ્ઞાન કરવું તે અનુમાન પ્રમાણ. દા.ત. ધૂમાડા ઉપરથી અગ્નિનું જ્ઞાન કરવું તે.

વૈશેષિકો બે કે ત્રણ પ્રમાણ માને છે - પ્રત્યક્ષ, અનુમાન અથવા પ્રત્યક્ષ, અનુમાન, આગમ.

સાંખ્યો ત્રણ પ્રમાણ માને છે - પ્રત્યક્ષ, અનુમાન, આગમ.

નૈયાયિકો ચાર પ્રમાણ માને છે - પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન.

મીમાંસકો છ પ્રમાણ માને છે - પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, અર્થાપત્તિ, અભાવ.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણરૂપ છે, (સૂત્ર-૧/૧૧) કેમકે,

(૧) મતિજ્ઞાન ઇન્દ્રિય અને મનરૂપી નિમિત્તથી થાય છે અને

(૨) શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વકનું હોય છે અને બીજાના ઉપદેશથી થાય છે.

અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે, કેમકે તે અતીન્દ્રિય છે. (સૂત્ર-૧/૧૨)

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન નિશ્ચયથી પરોક્ષ પ્રમાણરૂપ છે, વ્યવહારથી પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે.

---

ઉપમાન - એક વસ્તુની ઉપમાથી બીજી વસ્તુનું જ્ઞાન કરવું તે ઉપમાન પ્રમાણ. દા.ત. 'ગાય જેવું ગવય છે, એમ જાણ્યા પછી ગાય જેવા પ્રાણીમાં ગવયનું જ્ઞાન કરવું તે.'

આગમ - આપ્તપુરુષના વચનથી થતું જ્ઞાન તે આગમ પ્રમાણ. દા.ત. શાસ્ત્રો ભણવા દ્વારા જે જ્ઞાન થાય છે તે.

અર્થાપત્તિ - એક બાબત વિના ન સંભવતી બીજી બાબતના જ્ઞાનથી પહેલી બાબતનું જ્ઞાન કરવું તે અર્થાપત્તિ પ્રમાણ. દા.ત. 'પુષ્ટ દેવદત્ત દિવસે જમતો નથી.' એવું જાણ્યા પછી તેના રાત્રિભોજનનું જ્ઞાન થવું તે.

અભાવ - વસ્તુ ન હોવાથી તેના અભાવનું જ્ઞાન થવું તે અભાવ પ્રમાણ. દા.ત. જમીન ઉપર ઘડો ન હોવાથી તેના અભાવનું જ્ઞાન થાય તે.

અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એકાંતે પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે.

**પ્રશ્ન** - અન્ય દર્શનવાળા અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ, સંભવ, અભાવરૂપ પ્રમાણો પણ માને છે, તો શું એ પ્રમાણરૂપ નથી ?

**જવાબ** - અનુમાન વગેરે પ્રમાણો ઈન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષના નિમિત્તથી થાય છે. તેથી તેમનો સમાવેશ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં થઈ જાય છે. અથવા અનુમાન વગેરે પ્રમાણો મિથ્યાદષ્ટિઓએ સ્વીકાર્યા હોવાથી તે પ્રમાણરૂપ નથી.

● **મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો** - મતિજ્ઞાન, સ્મૃતિજ્ઞાન, સંજ્ઞાજ્ઞાન, ચિંતાજ્ઞાન, આભિનિબોધિકજ્ઞાન - આ બધા મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે. (સૂત્ર-૧/૧૩)

**મતિજ્ઞાન** - ઈન્દ્રિય અને મનના નિમિત્તે થનારું વર્તમાનકાળનું જ્ઞાન તે મતિજ્ઞાન.

**સ્મૃતિજ્ઞાન** - ઈન્દ્રિયોથી જણાયેલા રૂપાદિ વિષયો કાલાંતરે નાશ થાય તો પણ તેમનું જે સ્મરણ થાય તે સ્મૃતિજ્ઞાન.

**સંજ્ઞાજ્ઞાન** - ઈન્દ્રિયો વડે પૂર્વે અનુભવેલ પદાર્થને ફરી જોઈને 'આ તે જ છે જેને મેં પૂર્વે જોયું હતું' એવું જ્ઞાન તે સંજ્ઞાજ્ઞાન.

**ચિંતાજ્ઞાન** - આગામી વસ્તુ આ રીતે થશે, આ રીતે નહીં - એમ વિચારવું તે ચિંતાજ્ઞાન.

**આભિનિબોધિકજ્ઞાન** - વસ્તુને સન્મુખ નિશ્ચિત જ્ઞાન તે આભિનિબોધિકજ્ઞાન.

● **મતિજ્ઞાનના પ્રકાર** -

મતિજ્ઞાનના બે પ્રકાર છે - (સૂત્ર-૧/૧૪)

(૧) **ઈન્દ્રિયનિમિત્તક** - પાંચ ઈન્દ્રિયોના નિમિત્તે થતું જ્ઞાન તે ઈન્દ્રિયનિમિત્તક મતિજ્ઞાન છે.

(૨) **અનિન્દ્રિયનિમિત્તક** - મનથી થતું જ્ઞાન અને ઓઘજ્ઞાન એ અનિન્દ્રિયનિમિત્તક મતિજ્ઞાન છે. વેલડી વગેરેનું દિવાલ વગેરે તરફ સરકવું તે ઓઘજ્ઞાન છે.

આ બંને પ્રકારનું મતિજ્ઞાન ચાર પ્રકારે છે - (સૂત્ર-૧/૧૫)

(૧) **અવગ્રહ** - ઈન્દ્રિયો અને મન વડે થતું પોતાના વિષયોનું સ્વરૂપ-નામ-જાતિ વગેરેની કલ્પના વિનાનું વસ્તુસામાન્યનું અવ્યક્ત જ્ઞાન તે અવગ્રહ. અવગ્રહ, ગ્રહ, ગ્રહણ, આલોચન, અવધારણ - આ પર્યાયવાચી શબ્દો છે. અવગ્રહ બે પ્રકારના છે -

(૧) **વ્યંજનાવગ્રહ** - વ્યંજનનો અવગ્રહ તે વ્યંજનાવગ્રહ. (સૂત્ર-૧/૧૮) ઈન્દ્રિયોના વિષયોનો ઈન્દ્રિયોની સાથેનો સંબંધ તે વ્યંજન. ઈન્દ્રિયોના વિષયોનો ઈન્દ્રિયોની સાથે સંબંધ થયા પછી થતો અત્યંત અવ્યક્ત બોધ તે વ્યંજનાવગ્રહ. ચક્ષુરિન્દ્રિય અને મનથી વ્યંજનાવગ્રહ થતો નથી. શેષ ચાર ઈન્દ્રિયોથી વ્યંજનાવગ્રહ થાય છે. (સૂત્ર-૧/૧૯)

(૨) **અર્થાવગ્રહ** - અર્થનો અવગ્રહ તે અર્થાવગ્રહ. ઈન્દ્રિયો અને મનના વિષયો તે અર્થ. વ્યંજનાવગ્રહ થયા પછી 'આ કંઈક છે' એવું અવ્યક્ત જ્ઞાન થાય તે અર્થાવગ્રહ. (સૂત્ર-૧/૧૭) અર્થાવગ્રહ બે પ્રકારના છે -

**(i) નૈશ્ચયિક અર્થાવગ્રહ** - વ્યંજનાવગ્રહ થયા પછી 'આ કંઈક છે' એવું અવ્યક્ત જ્ઞાન થાય તે નૈશ્ચયિક અર્થાવગ્રહ. તે એક સમયનો હોય છે.

**(ii) વ્યવહારિક અર્થાવગ્રહ** - જે અપાય પછી ફરી ઈહા, અપાય, ધારણા થાય તે વ્યવહારિક અર્થાવગ્રહ છે.

**(૨) ઈહા** - વિષયના સામાન્ય સ્વરૂપનું જ્ઞાન કર્યા પછી વિશેષ ભેદની વિચારણા કરવી તે ઈહા. ઈહા, ઊહા, તર્ક, પરીક્ષા, વિચારણા, જિજ્ઞાસા - આ પર્યાયવાચી શબ્દો છે. દા.ત. આ પુરુષ હોવો જોઈએ.

**(૩) અપાય** - ઈહા પછી વસ્તુના ગુણ-દોષને વિચારીને વસ્તુમાં નહીં રહેલા ધર્મને દૂર કરવા પૂર્વક વસ્તુનો નિશ્ચય કરવો તે અપાય. અપાય, અપગમ, અપનોદ, અપવ્યાધ, અપેત, અપગત, અપવિદ્ધ, અપનુત્ય - આ પર્યાયવાચી શબ્દો છે. દા.ત. આ પુરુષ જ છે.

**(૪) ધારણા** - નિશ્ચિત કરેલ વસ્તુને મતિમાં ધારણ કરી રાખવી તે ધારણા. તેના ત્રણ પ્રકાર છે -

**(i) અવિચ્યુતિ** - નિશ્ચિત કરેલ વસ્તુનો મતિમાંથી નાશ ન થવો તે.

**(ii) સંસ્કાર** - નિશ્ચિત કરેલ વસ્તુને મતિમાં લબ્ધિરૂપે ધારણ કરવી તે.

**(iii) સ્મૃતિ** - નિશ્ચિત કરેલ વસ્તુને કાલાન્તરે યાદ કરવી તે.

ધારણા, પ્રતિપત્તિ, અવધારણ, અવસ્થાન, નિશ્ચય, અવગમ, અવબોધ - આ પર્યાયવાચી શબ્દો છે.

ઈહા, અપાય, ધારણા- અર્થના જ હોય છે, વ્યંજનના નહીં.

આ ચારે પ્રકારનું મતિજ્ઞાન બાર પ્રકારે છે - (સૂત્ર-૧/૧૬)

૧) **બહુ** - દા.ત. ઘણી વસ્તુઓના સ્પર્શ વગેરેને જાણે તે.

૨) **અલ્પ** - દા.ત. એક વસ્તુના સ્પર્શ વગેરેને જાણે તે.

૩) **બહુવિધ** - દા.ત. એક જ વસ્તુના સ્પર્શના ઘણા પર્યાયોને જાણે તે.

૪) **એકવિધ** - દા.ત. એક વસ્તુના સ્પર્શના એક પર્યાયને જાણે તે.

૫) **ક્ષિપ્ર** - જલ્દી જાણે તે.

૬) **ચિર** - ઘણા કાળે જાણે તે.

૭) **અનિશ્રિત** - લિંગ વિના જાણે તે.

૮) **નિશ્રિત** - લિંગ વડે જાણે તે.

૯) **અસંદિગ્ધ** - નિશ્ચિત જાણે તે.

૧૦) **સંદિગ્ધ** - શંકાવાળુ જાણે તે.

૧૧) **ધ્રુવ** - હંમેશા જાણે તે.

૧૨) **અધ્રુવ** - ક્યારેક જાણે, ક્યારેક ન જાણે તે.

આમ મતિજ્ઞાનના

૧) બે પ્રકાર છે - ઈન્દ્રિયનિમિત્તક અને અનિન્દ્રિયનિમિત્તક

૨) ચાર પ્રકાર છે - અવગ્રહ, ઈહા, અપાય, ધારણા

૩) ૨૮ પ્રકાર છે -

પાંચ ઈન્દ્રિય અને મન = ૬ x અર્થાવગ્રહાદિ ૪ = ૨૪
મન અને ચક્ષુરિન્દ્રિય સિવાયની ચાર ઈન્દ્રિય x વ્યંજનાવગ્રહ = ૪
૨૪ + ૪ = ૨૮

(૪) ૧૬૮ પ્રકાર છે -
૨૮ x બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અસંદિગ્ધ, ધ્રુવ=૬=
૧૬૮

(૫) ૩૩૬ પ્રકાર છે -
૨૮ x બહુ, બહુવિધ વગેરે ૧૨ = ૩૩૬

**(૬) ૩૪૦ પ્રકાર છે- પહેલા કર્મગ્રંથ**માં મતિજ્ઞાનના બે ભેદ બતાવ્યા છે - **(૧) શ્રુતનિશ્રિત મતિજ્ઞાન**- શાસ્ત્ર(પરોપદેશ, આગમ વગેરે)થી પરિકર્મિત બુદ્ધિવાળા જીવને શાસ્ત્રાર્થને વિચાર્યા વિના જ એકાએક જે જ્ઞાન ઉત્પન્ન થાય તે શ્રુતનિશ્રિતમતિજ્ઞાન. તેના ૩૩૬ ભેદ છે. તે ઉપર કહ્યા મુજબ જાણવા. **(૨) અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન**- જેણે ક્યારેય શાસ્ત્રો ભણ્યા કે વિચાર્યા નથી તેવા જીવને તેવા પ્રકારના ક્ષયોપશમથી એકાએક જે જ્ઞાન ઉત્પન્ન થાય તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન. તેના ચાર ભેદ છે- ઔત્પાતિકીબુદ્ધિ, વૈનયિકીબુદ્ધિ, કાર્મિકીબુદ્ધિ અને પારિણામિકીબુદ્ધિ. તેમનું સ્વરૂપ આગળ (પાના નં. ૩૬૨-૩૬૩ ઉપર) બતાવાશે. આમ મતિજ્ઞાનના ૩૩૬+૪=૩૪૦ ભેદ છે.

● **શ્રુતજ્ઞાન**

શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વકનું હોય છે. (સૂત્ર-૧/૨૦)

શ્રુતજ્ઞાન, આપ્તવચન, આગમ, ઉપદેશ, ઐતિહ્ય, આમ્નાય, પ્રવચન, જિનપ્રવચન - આ પર્યાયવાચી શબ્દો છે.

શ્રુતજ્ઞાનના બે પ્રકાર છે -

**(૧) અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાન** - તીર્થંકર ભગવાને કહેલું અને ગણધર ભગવંતોએ રચેલું શ્રુતજ્ઞાન તે અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાન. તે બાર પ્રકારનું છે -

| | |
|---|---|
| ૧) આચારાંગ | ૭) ઉપાસકદશાંગ |
| ૨) સૂત્રકૃતાંગ | ૮) અંતકૃદ્દશાંગ |
| ૩) સ્થાનાંગ | ૯) અનુત્તરોપપાતિકદશાંગ |
| ૪) સમવાયાંગ | ૧૦) પ્રશ્નવ્યાકરણ |
| ૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | ૧૧) વિપાકસૂત્ર |
| ૬) જ્ઞાતાધર્મકથા | ૧૨) દૃષ્ટિવાદ |

(૨) **અંગબાહ્ય શ્રુતજ્ઞાન**-ગણધર ભગવંતોની પરંપરામાં આવેલા સાધુ ભગવંતોએ રચેલું શ્રુતજ્ઞાન તે અંગબાહ્ય શ્રુતજ્ઞાન. તે અનેક પ્રકારનું છે -

૧) સામાયિક
૨) ચતુર્વિંશતિસ્તવ
૩) વંદન
૪) પ્રતિક્રમણ
૫) કાયોત્સર્ગ
૬) પ્રત્યાખ્યાન
૭) દશવૈકાલિક સૂત્ર
૮) ઉત્તરાધ્યયન સૂત્ર
૯) દશાશ્રુતસ્કંધ
૧૦) બૃહત્કલ્પસૂત્ર
૧૧) વ્યવહારસૂત્ર
૧૨) નિશીથ સૂત્ર
૧૩) ઋષિભાષિત વગેરે

● **મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ભેદ -**

| ક્ર. | મતિજ્ઞાન | ક્ર. | શ્રુતજ્ઞાન |
|---|---|---|---|
| ૧ | તે વર્તમાનકાળવિષયક છે. | ૧ | તે ત્રિકાળવિષયક છે. |
| ૨ | તે વિશુદ્ધ છે | ૨ | તે વ્યવધાનવાળા, દૂરના, અનેક, સૂક્ષ્મ વગેરે પદાર્થોને ગ્રહણ કરતું હોવાથી મતિજ્ઞાન કરતા વધુ વિશુદ્ધ છે. |
| ૩ | તે પાંચ ઈન્દ્રિય અને મનથી થાય છે. | ૨ | તે મતિજ્ઞાનપૂર્વક થાય છે. |
| ૪ | તે સંસારમાં ભમતા જીવને હંમેશા હોય છે. | ૩ | તે આપ્તના ઉપદેશથી થાય છે. |

● **અવધિજ્ઞાન** -

તે બે પ્રકારનું છે - (સૂત્ર-૧/૨૧)

**૧) ભવપ્રત્યય અવધિજ્ઞાન** - ભવના કારણે થતું અવધિજ્ઞાન તે ભવપ્રત્યય અવધિજ્ઞાન છે. તે નારકીઓ અને દેવોને હોય છે. (સૂત્ર-૧/૨૨)

**૨) ક્ષયોપશમનિમિત્તક અવધિજ્ઞાન** - અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થતું અવધિજ્ઞાન તે ક્ષયોપશમનિમિત્તક અવધિજ્ઞાન છે. તે મનુષ્યો અને તિર્યંચોને હોય છે. તે છ પ્રકારનું છે - (સૂત્ર-૧/૨૩)

**(૧) અનાનુગામિક** - જીવને જે ક્ષેત્રમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે ક્ષેત્રથી અન્યત્ર જતાં જે અવધિજ્ઞાન ચાલ્યું જાય તે અનાનુગામિક અવધિજ્ઞાન છે. જેમ કોઈ નિમિત્તિયો પૂછેલ બાબતને અમુક ચોક્કસ સ્થાનમાં જ બરાબર કહી શકે, અન્યત્ર નહીં, તેમ.

**૨) આનુગામિક** - જીવને જે ક્ષેત્રમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાંથી અન્યત્ર જતાં પણ જે અવધિજ્ઞાન સાથે આવે તે આનુગામિક અવધિજ્ઞાન છે. સૂર્યના પ્રકાશની જેમ, ઘડાની લાલાશની જેમ.

**(૩) હીયમાન** - જે અવધિજ્ઞાન ઘણા ક્ષેત્રનું થયા પછી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્ર સુધી ક્રમશઃ ઘટતું જાય તે હીયમાન અવધિજ્ઞાન છે. પરિમિત ઈંધનવાળા અગ્નિની જેમ.

**(૪) વર્ધમાન** - જે અવધિજ્ઞાન અલ્પક્ષેત્રનું ઉત્પન્ન થયા પછી ક્રમશઃ સર્વલોક સુધી વધતું જાય તે વર્ધમાન અવધિજ્ઞાન છે. ઈંધનથી વધુ ને વધુ પુષ્ટ થતા અગ્નિની જેમ.

**(૫) અનવસ્થિત** - જે અવધિજ્ઞાનમાં વધ-ઘટ થયા કરે અથવા જે અવધિજ્ઞાન વારંવાર ઉત્પન્ન થાય અને નાશ પામે તે અનવસ્થિત

અવધિજ્ઞાન છે. સમુદ્રના મોજાની જેમ. આને પ્રતિપાતી અવધિજ્ઞાન પણ કહેવાય છે.

(૬) **અવસ્થિત** - જે અવધિજ્ઞાન કેવળજ્ઞાન સુધી કે ભવક્ષય સુધી ટકે કે બીજા ભવમાં પણ સાથે આવે તે અવસ્થિત અવધિજ્ઞાન. પુરુષવેદ વગેરે લિંગની જેમ. આને અપ્રતિપાતી અવધિજ્ઞાન પણ કહેવાય છે.

● **મનઃપર્યાયજ્ઞાન -**

આને મનઃપર્યવજ્ઞાન પણ કહેવાય છે. તે બે પ્રકારનું છે - (સૂત્ર-૧/૨૪)

(૧) **ઋજુમતિમનઃપર્યાયજ્ઞાન** - જેનાથી સંજ્ઞી પંચેન્દ્રિય જીવે વિચારેલા ઘડો વગેરે પદાર્થો સામાન્યથી જણાય તે ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન છે. દા. ત. 'આણે ઘડો વિચાર્યો છે' એમ જણાય.

(૨) **વિપુલમતિમનઃપર્યાયજ્ઞાન** - જેનાથી સંજ્ઞી પંચેન્દ્રિય જીવે વિચારેલા ઘડો વગેરે પદાર્થો અનેક પર્યાયો સહિત જણાય તે વિપુલમતિમનઃપર્યાયજ્ઞાન છે. દા. ત. 'આણે માટીનો, લાલ રંગનો, વાપીમાં બનેલો, નવો ઘડો વિચાર્યો છે' એમ જણાય.

● **ઋજુમતિમનઃપર્યાયજ્ઞાન અને વિપુલમતિમનઃપર્યાયજ્ઞાનનો ભેદ -** (સૂત્ર-૧/૨૫)

| ક્ર. | ઋજુમતિમનઃપર્યાયજ્ઞાન | ક્ર. | વિપુલમતિમનઃપર્યાયજ્ઞાન |
|---|---|---|---|
| ૧ | તે અલ્પ પર્યાયોને જાણતું હોવાથી અલ્પવિશુદ્ધ છે. | ૧ | તે ઘણા પર્યાયોને જાણતું હોવાથી વધુ વિશુદ્ધ છે. |
| ૨ | તે આવ્યા પછી ચાલ્યુ જાય. | ૨ | તે આવ્યા પછી કેવળજ્ઞાન સુધી ન જાય. |

**અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ** - (સૂત્ર-૧/૨૯)

| ક્ર. | અવધિજ્ઞાન | ક્ર. | મનઃપર્યાયજ્ઞાન |
|---|---|---|---|
| ૧ | **વિશુદ્ધિ** - અવધિજ્ઞાની અલ્પ પર્યાયવાળા રૂપી દ્રવ્યોને જાણે. તેથી અલ્પવિશુદ્ધ હોય છે. | ૧ | **વિશુદ્ધિ** - મનઃપર્યાયજ્ઞાની વિચારાતા તે જ રૂપી દ્રવ્યોને ઘણા પર્યાયવાળા જાણે. તેથી વધુ વિશુદ્ધ હોય છે. |
| ૨ | **ક્ષેત્ર** - અવધિજ્ઞાન અંગુલના અસંખ્યાતમા ભાગથી માંડીને સર્વલોક સુધીનું થાય છે. | ૨ | **ક્ષેત્ર** - મનઃપર્યાયજ્ઞાન મનુષ્યક્ષેત્રનું જ થાય છે. |
| ૩ | **સ્વામી**-અવધિજ્ઞાનસંયતને, અસંયતને કે સંયતાસંયતને થાય. અવધિજ્ઞાન ચારે ગતિમાં હોય. | ૩ | **સ્વામી**-મનઃપર્યાયજ્ઞાન સંયતને જ હોય. મનઃપર્યાયજ્ઞાન મનુષ્યગતિમાં જ હોય. |
| ૪ | **વિષય** - અવધિજ્ઞાનનો વિષય રૂપી દ્રવ્યો અને તેના અમુક પર્યાયો છે, બધા પર્યાયો નહીં. | ૪ | **વિષય** - મનઃપર્યાયજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનના વિષયભૂત દ્રવ્યો અને પર્યાયોનો અનંતમો ભાગ છે. |

**પાંચ જ્ઞાનના વિષયો** - (સૂત્ર-૧/૨૭ થી ૧/૩૦)

| ક્ર. | જ્ઞાન | વિષય |
|---|---|---|
| ૧,૨ | મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન | સર્વદ્રવ્યો, અસર્વપર્યાયો |
| ૩ | અવધિજ્ઞાન | રૂપી દ્રવ્યો, અસર્વપર્યાયો |
| ૪ | મનઃપર્યાયજ્ઞાન | અવધિજ્ઞાનના વિષયભૂત રૂપી દ્રવ્યોનો અનંતમો ભાગ. તે પણ મનથી વિચારા-યેલા રૂપી દ્રવ્યો. અસર્વપર્યાયો |
| ૫ | કેવળજ્ઞાન | સર્વદ્રવ્યો, સર્વપર્યાયો |

**એક સમયે એક જીવને કેટલા જ્ઞાન હોય ? (સૂત્ર-૧/૩૧)**

એક સમયે એક જીવને એક જ્ઞાન હોય - મતિજ્ઞાન અથવા કેવળજ્ઞાન. જે નિસર્ગ સમ્યગ્દર્શન પામે છે તેને માત્ર મતિજ્ઞાન જ હોય છે, શ્રુતજ્ઞાન હોતું નથી, કેમકે તેને સામાયિક વગેરે શ્રુતનું જ્ઞાન હોતું નથી. શ્રુતજ્ઞાન વિના પણ તે અષ્ટપ્રવચનમાતાને જાણે છે.

અથવા, એક સમયે એક જીવને બે જ્ઞાન હોય - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન.

અથવા, એક સમયે એક જીવને ત્રણ જ્ઞાન હોય - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન. અથવા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન.

અથવા, એક સમયે એક જીવને ચાર જ્ઞાન હોય - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન.

**કેવળજ્ઞાન હોય ત્યારે મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનો હોય કે ન હોય ?**

અહીં બે મત છે -

(૧) કેટલાક આચાર્યો માને છે કે - કેવળજ્ઞાન હોય ત્યારે મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનો હોય છે, પણ જેમ સૂર્યના પ્રકાશમાં અગ્નિ, મણિ, ચંદ્ર, નક્ષત્ર વગેરેનો પ્રકાશ આવરાઈ જવાથી અકિંચિત્કર બને છે, તેમ કેવળજ્ઞાનની પ્રભામાં મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનોની પ્રભા આવરાઈ જવાથી તે અકિંચિત્કર બને છે.

(૨) કેટલાક આચાર્યો માને છે કે - કેવળજ્ઞાન હોય ત્યારે મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનો ન હોય. કેમકે,

(i) મતિજ્ઞાન અપાયપૂર્વક થાય છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. અવધિજ્ઞાન-મનઃપર્યાયજ્ઞાન રૂપી દ્રવ્યો વિષયક છે. કેવળજ્ઞાનીને અપાય હોતો નથી. તેથી મતિજ્ઞાન ન હોય. મતિજ્ઞાન ન હોવાથી કેવળજ્ઞાનીને શ્રુતજ્ઞાન ન હોય. કેવળજ્ઞાન સર્વદ્રવ્યવિષયક હોવાથી કેવળજ્ઞાનીને અવધિજ્ઞાન-મનઃપર્યાયજ્ઞાન ન હોય.

(ii) મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનોમાં ઉપયોગ ક્રમશઃ હોય છે. કેવળજ્ઞાનમાં એકસાથે ઉપયોગ હોય છે.

(iii) મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનો ક્ષાયોપશમિકભાવે છે. કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે.

**કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગ સંબંધિ ત્રણ મત છે -**

(૧) **મલ્લવાદીજીનો મત**-કેવળજ્ઞાન અને કેવળદર્શન ભિન્ન છે અને તેમનો સમયાંતરે ઉપયોગ હોય છે. આ મત ભેદગ્રાહી વ્યવહારનયના આધારે છે.

(૨) **જિનભદ્રગણિક્ષમાશ્રમણજીનો મત** - કેવળજ્ઞાન અને કેવળદર્શન ભિન્ન છે અને તેમનો એક સમયે ઉપયોગ હોય છે. આ મત શુદ્ધ ઋજુસૂત્રનયના આધારે છે.

(૩) **સિદ્ધસેનદિવાકરસૂરિજીનો મત** - કેવળજ્ઞાન અને કેવળદર્શન અભિન્ન છે. આ મત અભેદગ્રાહી સંગ્રહનયના આધારે છે.

**અજ્ઞાન** - (સૂત્ર-૧/૩૨)

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના વિપરીતજ્ઞાનો હોય છે.

મિથ્યાદૃષ્ટિનું મતિજ્ઞાન એ મતિઅજ્ઞાન છે.

મિથ્યાદૃષ્ટિનું શ્રુતજ્ઞાન એ શ્રુતઅજ્ઞાન છે.

મિથ્યાદૃષ્ટિનું અવધિજ્ઞાન એ વિભંગજ્ઞાન છે.

કેમકે, (સૂત્ર-૧/૩૩)

(૧) મિથ્યાદૃષ્ટિને વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોનો યથાવત્ બોધ હોતો નથી.

(૨) મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પાગલની જેમ વિચાર્યા વિનાનું હોય છે.

• • •

# નય પ્રકરણ

અનંતધર્માત્મક વસ્તુના એક ધર્મને જણાવે તે નય. નયો પાંચ પ્રકારના છે - (સૂત્ર-૧/૩૪)

**(૧) નૈગમનય** - લોકોમાં ઉચ્ચારાતા શબ્દોનું જ્ઞાન જેનાથી થાય તે નૈગમનય. નૈગમનય સામાન્ય વગેરે પદાર્થોને પરસ્પર ભિન્ન માને છે. નૈગમનય પદાર્થને અનેક પ્રકારે સ્વીકારે છે. તેના બે પ્રકાર છે - (સૂત્ર-૧/૩૫)

**(૧) વિશેષગ્રાહી (દેશગ્રાહી)** - વિશેષનો બોધ કરાવે તે.

**(૨) સામાન્યગ્રાહી (સર્વગ્રાહી)** - સામાન્યનો બોધ કરાવે તે.

વૈશેષિકદર્શન નૈગમનય ઉપર આધારિત છે.

નૈગમનયને સમજવા શાસ્ત્રમાં વસતિ અને પ્રસ્થકના બે દૃષ્ટાંત જણાવ્યા છે. તે આ પ્રમાણે -

**(૧) વસતિનું દૃષ્ટાંત** - પાટલીપુત્રમાં રહેતા કોઈ પુરુષને બીજો પુરુષ પૂછે છે કે 'તું ક્યાં રહે છે ?' અવિશુદ્ધ નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું લોકમાં રહું છું.' વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું તિર્ચ્છાલોકમાં રહું છું.' વિશુદ્ધતર નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું જંબૂદ્વીપમાં રહું છું.' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું ભરતક્ષેત્રમાં રહું છું.' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું દક્ષિણ ભરતાર્ધમાં રહું છું.' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું પાટલીપુત્રમાં રહું છું.' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે પુરુષ કહે છે કે, 'હું દેવદત્તના ઘરમાં રહું છું.' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે

તે પુરુષ કહે છે કે, 'હું અંદરના ઓરડામાં રહું છું.' આમ નૈગમનય પદાર્થને અનેક પ્રકારે સ્વીકારે છે.

(૨) **પ્રસ્થકનું દૃષ્ટાંત** - કોઈ માણસ પ્રસ્થક (અનાજ માપવાનું માપ) બનાવવા માટેનું લાકડું લેવા કુહાડી લઈને જંગલ તરફ જાય છે. બીજો પુરુષ તેને પૂછે છે કે, 'તું ક્યાં જાય છે ?' અવિશુદ્ધનૈગમનયને અનુસારે તે માણસ જવાબ આપે છે કે, 'હું પ્રસ્થક લેવા જાઉં છું.' લાકડું કાપતા તેને કોઈ પુરુષ પૂછે છે કે, 'તું શું કાપે છે ?' વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે જવાબ આપે છે કે, 'હું પ્રસ્થક કાપું છું.' લાકડું છોલતા તેને કોઈ પૂછે છે કે, 'તું શું છોલે છે ?' વિશુદ્ધતર નૈગમનયને અનુસારે તે જવાબ આપે છે કે, 'હું પ્રસ્થક છોલું છું.' અંદરથી ખોતરતા તેને કોઈ પૂછે છે કે, 'તું શું કરે છે ?' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે કહે છે કે, 'હું પ્રસ્થક ખોતરું છું.' કાચ કાગળથી ઘસતા તેને કોઈ પૂછે છે કે, 'તું શું ઘસે છે ?' વધુ વિશુદ્ધ નૈગમનયને અનુસારે તે કહે છે કે, 'હું પ્રસ્થક ઘસું છું.' આમ નૈગમનય પદાર્થને અનેક પ્રકારે સ્વીકારે છે.

(૨) **સંગ્રહનય** - ઘડો વગેરે પદાર્થોના સામાન્ય અને વિશેષને એક કરીને સામાન્ય રૂપે ગ્રહણ કરે તે સંગ્રહનય. સંગ્રહનય એમ માને છે કે વિશેષને સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ ન હોવાથી વાસ્તવિક રીતે સામાન્ય જ સત્ છે.

(૩) **વ્યવહારનય** - જે લોકોના વ્યવહારની સમાન હોય, ઉપચારની બહુલતાવાળો હોય અને વિસ્તૃત અર્થવાળો હોય તે વ્યવહારનય. તે એમ માને છે કે સામાન્યનું જ્ઞાન થતું ન હોવાથી સામાન્ય અસત્ છે, વિશેષ જ સત્ છે.

ભમરા વગેરેમાં વાસ્તવિક રીતે પાંચે રંગો હોવા છતાં લોકમાં તે

કાળા રંગે સ્વીકારાય છે, કેમકે તે કાળો રંગ સ્પષ્ટરૂપે તેમાં વિશેષ જણાય છે. વ્યવહારનય પણ લોકાનુયાયી હોવાથી તે કાળા રંગને જ સ્વીકારે છે, પણ બીજા સફેદ વગેરે રંગો તેમાં હોવા છતાં માનતો નથી.

(૪) **ૠજુસૂત્રનય** - વર્તમાનકાળના પદાર્થોનું જ્ઞાન કરે તે ૠજુસૂત્રનય. ૠજુસૂત્રનય એમ માને છે કે જે પદાર્થ અર્થક્રિયા (પ્રયોજનને સિદ્ધ કરનારી ક્રિયા) કરી શકે તે જ સત્ છે. ભૂત-ભવિષ્યના પદાર્થો અર્થક્રિયા કરવા સમર્થ નથી, કેમકે ભૂતકાળના પદાર્થો નાશ પામ્યા છે અને ભવિષ્યના પદાર્થો ઉત્પન્ન થયા નથી, તેથી તે સત્ નથી. વર્તમાનકાલીન પદાર્થો અર્થક્રિયા કરવા સમર્થ છે. તેથી તે સત્ છે. ૠજુસૂત્રનય પારકી વસ્તુને વાસ્તવિકપણે અસત્ માને છે, કેમકે તે બીજાના ધનની જેમ પ્રયોજન વિનાની છે.

(૫) **શબ્દનય** - વસ્તુના અર્થકૃત વિશેષને ગૌણ કરીને તેના શબ્દકૃત વિશેષને માને તે શબ્દનય. તેના ત્રણ ભેદ છે - (સૂત્ર-૧/૩૫)

(i) **સામ્પ્રતનય** - પૂર્વે જાણેલા વાચ્ય-વાચક સંબંધ દ્વારા શબ્દથી પદાર્થને જણાવે તે સામ્પ્રતનય. તે લિંગ, વચન, વિભક્તિ, કાળ, કારક વગેરેથી શબ્દોના વાચ્યાર્થને ભિન્ન ભિન્ન માને છે. દા.ત. तटः, तटी, तटं – આ ત્રણેથી વાચ્ય પદાર્થો ભિન્ન છે - એમ માને છે.

(ii) **સમભિરૂઢનય** - એક જ પદાર્થના વાચક ભિન્ન ભિન્ન પર્યાયવાચી શબ્દોના વાચ્યાર્થ ભિન્ન-ભિન્ન માને તે સમભિરૂઢનય. દા.ત. घट, कुट, कलश થી વાચ્ય પદાર્થો ભિન્ન છે - એમ માને છે.

(iii) **એવંભૂતનય** - તે તે પદાર્થના વાચક એવા શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત ક્રિયા જયારે થતી હોય તે વખતે જ તે શબ્દથી તે પદાર્થને

વાચ્ય માને તે એવંભૂતનય. દા.ત. સ્ત્રીના માથા પર રહેલ જે ઘડો પાણી લાવવાની વિશિષ્ટ ક્રિયા કરતો હોય તે જ ઘડો ઘટ શબ્દથી વાચ્ય છે, જે ઘડો તે ક્રિયા કરતો નથી તે ઘટ શબ્દથી વાચ્ય નથી-એમ માને છે.

દેશગ્રાહી નૈગમનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, સામ્પ્રતનય, સમભિરૂઢનય - આ નયો 'જીવ' એમ બોલવા પર પાંચમાંથી કોઈપણ ગતિમાં રહેલા જીવનું જ્ઞાન કરે છે, કેમકે આ નયો ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક ભાવોથી યુક્ત પદાર્થોને ગ્રહણ કરે છે, 'નોજીવ' એમ બોલવા પર અજીવદ્રવ્યનું જ્ઞાન કરે છે અથવા જીવના દેશ-પ્રદેશનું જ્ઞાન કરે છે, 'અજીવ' એમ બોલવા પર અજીવદ્રવ્યનું જ્ઞાન કરે છે, 'નોઅજીવ' એમ બોલવા પર જીવનું જ્ઞાન કરે છે અથવા અજીવના દેશ-પ્રદેશનું જ્ઞાન કરે છે.

એવંભૂતનય 'જીવ' એમ બોલવા પર સંસારી જીવનું જ્ઞાન કરે છે, કેમકે આ નય ઔદયિકભાવથી યુક્ત જીવને ગ્રહણ કરે છે, 'નોજીવ' એમ કહેવા પર અજીવનું જ્ઞાન કરે છે અથવા સિદ્ધનું જ્ઞાન કરે છે, 'અજીવ' એમ કહેવા પર અજીવનું જ્ઞાન કરે છે, 'નોઅજીવ' એમ કહેવા પર સંસારી જીવનું જ્ઞાન કરે છે.

**કયા નયો કેટલા જ્ઞાન અને કેટલા અજ્ઞાનને માને છે ?**

નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનને માને છે.

ઋજુસૂત્રનય મતિજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અને મતિઅજ્ઞાન સિવાયના બે અજ્ઞાનને માને છે, કેમકે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું ઉપગ્રાહક હોવાથી તેનાથી અભિન્ન છે અને મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાનનું ઉપગ્રાહક હોવાથી તેનાથી અભિન્ન છે.

શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનને માને છે, શેષ જ્ઞાનો અને અજ્ઞાનોને માનતો નથી, કેમકે મતિજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન શ્રુતજ્ઞાનના ઉપગ્રાહક હોવાથી તેનાથી અભિન્ન છે અને જીવ જ્ઞ-સ્વભાવવાળો હોવાથી કોઈ મિથ્યાદૃષ્ટિ નથી, તેથી અજ્ઞાન નથી.

| નય | જ્ઞાન-અજ્ઞાન |
|---|---|
| નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય | પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન |
| ઋજુસૂત્રનય | મતિજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન, મતિઅજ્ઞાન સિવાયના બે અજ્ઞાન |
| શબ્દનય | શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન |

● ● ●

- રોગનો ઈલાજ ન કરાવે, બેદરકાર રહે એનો રોગ વધી જાય, એ રોગ અસાધ્ય બની જાય અને એક દિવસ એ રોગીનું મરણ થઈ જાય. કર્મરોગનો ઈલાજ ન કરાવે, બેદરકાર રહે તો કર્મરોગ વધી જાય, જીવ ભારેકર્મી બને, અનંતસંસારી બને અને અનંત જન્મ-મરણનો આભાગી બને.
- સંક્લેશ વિનાનું મન એ આંતરધન છે. અબજપતિ પાસે પણ જો આ ધન નથી તો એ ભિખારી છે. ફૂટપાથ પર સૂનારા પાસે પણ જો આ ધન છે તો એ શ્રીમંત છે.
- જે મનથી ક્ષપકશ્રેણી માંડવાની છે એ મનને ખરાબ વિચારોના કાદવમાં રગદોળવું નહીં. કાદવમાં શરીર અને કપડાને ખરાબ કરનારા પુત્રને પિતાજી તેમ ન કરવા સમજાવે. છતા તે ન સમજે તો પિતાજી તેને લાફો મારીને પણ તેમ કરતો અટકાવે. તેમ ખરાબ વિચારોમાં રગદોળાતા મનને સમજાવીને પાછું વાળવું. કદાચ એ ન માને તો પરાણે પણ તેને પાછું વાળવું.

# જીવતત્ત્વ
## ભાવ પ્રકરણ

● **પાંચ ભાવો** - (સૂત્ર-૨/૧, ૨/૨) ભાવ એ જીવનું સ્વરૂપ એટલે કે સ્વભાવ છે. તે પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે -

**૧) ઔપશમિકભાવ** - રાખથી ઢંકાયેલા અગ્નિની જેમ કર્મોના ઉપશમથી થયેલ ભાવ તે ઔપશમિકભાવ. તેના બે ભેદ છે - (સૂત્ર-૨/૩)

| ક્ર. | ઔપશમિકભાવ | ગુણસ્થાનક |
|---|---|---|
| ૧ | ઔપશમિક સમ્યક્ત્વ | ૪થા થી ૧૧મુ |
| ૨ | ઔપશમિક ચારિત્ર | ૬ઠ્ઠા થી ૧૧મુ |

**૨) ક્ષાયિકભાવ** - કર્મોના ક્ષયથી થયેલ ભાવ તે ક્ષાયિકભાવ. તેના નવ ભેદ છે - (સૂત્ર-૨/૪)

| ક્ર. | ક્ષાયિકભાવ | ગુણસ્થાનક |
|---|---|---|
| ૧ | ક્ષાયિક સમ્યક્ત્વ | ૪થા થી ૧૪મુ |
| ૨ | ક્ષાયિક ચારિત્ર | ૧૨મા થી ૧૪મુ |
| ૩ | કેવળજ્ઞાન | ૧૩મુ, ૧૪મુ |
| ૪ | કેવળદર્શન | ૧૩મુ, ૧૪મુ |
| ૫ | દાનલબ્ધિ | ૧૩મુ, ૧૪મુ |
| ૬ | લાભલબ્ધિ | ૧૩મુ, ૧૪મુ |
| ૭ | ભોગલબ્ધિ | ૧૩મુ, ૧૪મુ |
| ૮ | ઉપભોગલબ્ધિ | ૧૩મુ, ૧૪મુ |
| ૯ | વીર્યલબ્ધિ | ૧૩મુ, ૧૪મુ |

૩) **ક્ષાયોપશમિકભાવ** - કર્મોના ક્ષયોપશમથી થયેલ ભાવ તે ક્ષાયોપશમિકભાવ. તેના અઢાર ભેદ છે - (સૂત્ર-૨/૫)

| ક્ર. | ક્ષાયોપશમિકભાવ | ગુણસ્થાનક |
|---|---|---|
| ૧-૪ | મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન | ૪થા થી ૧૨મુ |
| ૫-૭ | મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન | ૧લા થી ૨જુ કે ૩જુ |
| ૮-૧૦ | ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન | ૧લા થી ૧૨મુ |
| ૧૧-૧૫ | દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ, વીર્યલબ્ધિ | ૧લા થી ૧૨મુ |
| ૧૬ | ક્ષાયોપશમિક સમ્યક્ત્વ | ૪થા થી ૭મુ |
| ૧૭ | ક્ષાયોપશમિક ચારિત્ર | ૬ઠ્ઠુ, ૭મુ |
| ૧૮ | દેશવિરતિ | ૫મુ |

૪) **ઔદયિકભાવ** - કર્મોના ઉદયથી થયેલ ભાવ તે ઔદયિકભાવ. તેના ૨૧ ભેદ છે - (સૂત્ર-૨/૬)

| ક્ર. | ઔદયિકભાવ | ગુણસ્થાનક |
|---|---|---|
| ૧ | નરકગતિ | ૧લા થી ૪થુ |
| ૨ | દેવગતિ | ૧લા થી ૪થુ |
| ૩ | તિર્યંચગતિ | ૧લા થી ૫મુ |

| ક્ર. | ઔદયિકભાવ | ગુણસ્થાનક |
|---|---|---|
| ૪ | મનુષ્યગતિ | ૧લા થી ૧૪મુ |
| ૫-૭ | ક્રોધ, માન, માયા | ૧લા થી ૯મુ |
| ૮ | લોભ | ૧લા થી ૧૦મુ |
| ૯-૧૧ | પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ | ૧લા થી ૯મુ |
| ૧૨ | મિથ્યાત્વ | ૧લુ |
| ૧૩ | અજ્ઞાન | ૧લા થી ૨જુ કે ૩જુ |
| ૧૪ | અવિરતિ | ૧લા થી ૪થુ |
| ૧૫ | અસિદ્ધત્વ | ૧લા થી ૧૪મુ |
| ૧૬ | કૃષ્ણલેશ્યા | ૧લા થી ૬ઠ્ઠુ |
| ૧૭ | નીલલેશ્યા | ૧લા થી ૬ઠ્ઠુ |
| ૧૮ | કાપોતલેશ્યા | ૧લા થી ૬ઠ્ઠુ |
| ૧૯ | તેજોલેશ્યા | ૧લા થી ૭મુ |
| ૨૦ | પદ્મલેશ્યા | ૧લા થી ૭મુ |
| ૨૧ | શુક્લલેશ્યા | ૧લા થી ૧૩મુ |

**૫) પારિણામિકભાવ** - પરિણામ એ જ પારિણામિકભાવ છે. તેના ત્રણ ભેદ છે - (૧) જીવત્વ (૨) ભવ્યત્વ (૩) અભવ્યત્વ (સૂત્ર-૨/૭)

આ ત્રણ પારિણામિકભાવો જીવના છે.

અન્ય પારિણામિકભાવો જીવના અને અજીવના નીચે પ્રમાણે છે-

(૧) અસ્તિત્વ
(૨) અન્યત્વ
(૩) કર્તૃત્વ
(૪) ભોક્તૃત્વ
(૫) ગુણવત્ત્વ
(૬) અસર્વગતત્વ
(૭) અનાદિકર્મસંતાનબદ્ધત્વ
(૮) પ્રદેશવત્ત્વ
(૯) અરૂપીત્વ
(૧૦) નિત્યત્વ

બીજા પણ ક્રિયાવત્ત્વ વગેરે અનાદિપારિણામિકભાવો છે.

આ પાંચ ભાવો અને તેના ૫૩ ભેદો જીવોનું સ્વરૂપ છે.

● **જીવનું લક્ષણ** -

ઉપયોગ એ જીવનું લક્ષણ છે. (સૂત્ર-૨/૮)

જ્ઞાન-દર્શનનો પોતાના વિષય તરફનો નજીકનો વ્યાપાર તે ઉપયોગ. જેનાથી વસ્તુ ઓળખાય તે લક્ષણ. લક્ષણ એટલે અસાધારણ ધર્મ. ઉપયોગના બે પ્રકાર છે - (સૂત્ર-૨/૯)

**(૧) સાકારોપયોગ** - સાકારોપયોગ એટલે જ્ઞાનોપયોગ. તેના આઠ પ્રકાર છે -

૧) મતિજ્ઞાનોપયોગ
૨) શ્રુતજ્ઞાનોપયોગ
૩) અવધિજ્ઞાનોપયોગ
૪) મનઃપર્યાયજ્ઞાનોપયોગ
૫) કેવળજ્ઞાનોપયોગ
૬) મતિઅજ્ઞાનોપયોગ
૭) શ્રુતઅજ્ઞાનોપયોગ
૮) વિભંગજ્ઞાનોપયોગ

**(૨) અનાકારોપયોગ** - અનાકારોપયોગ એટલે દર્શનોપયોગ. તેના ચાર પ્રકાર છે -

૧) ચક્ષુદર્શનોપયોગ - આંખથી થતો સામાન્ય બોધ.

૨) અચક્ષુદર્શનોપયોગ - આંખ સિવાયની ચાર ઇન્દ્રિયો અને મનથી થતો સામાન્ય બોધ.

૩) અવધિદર્શનોપયોગ - અમુક મર્યાદામાં રહેલ રૂપી પદાર્થોનો સામાન્ય બોધ.

૪) કેવળદર્શનોપયોગ - લોકાલોકના સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોનો સામાન્ય બોધ.

• • •

- જે બહારથી ખાલી થાય છે તે અંદરથી ભરાય છે. જે બહારથી શૂન્ય બને છે તે અંદરથી પૂર્ણ બને છે. જેને કંઈ જોઈતું નથી તેને બધું મળે છે. જે દોડે છે તે ભટકે છે. જે સ્થિર થાય છે તે પહોંચે છે.
- સૂતેલાઓની વચ્ચે જાગતા રહેવું. તીવ્ર બુદ્ધિવાળા પંડિતે આયુષ્યનો વિશ્વાસ ન કરવો. કાળ નિર્દય છે. શરીર અબળ છે. માટે ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત રહેવું.
- કીર્તિનો જાદુ પ્રેમના તમામ આકર્ષણને ટપી જાય છે, કારણ કે વૃદ્ધાવસ્થા કે મૃત્યુ પણ તેને દૂર કરી શકતા નથી.
- ચિંતન કરવા માટે ટોળાથી દૂર જવું જોઈએ અને ક્રિયાશીલ બનવા માટે ટોળામાં ઓગળી જવું જોઈએ.
- પ્રભુ તો એવા પ્રેમાળ છે કે તેને મેળવવા તમે એકાદું પગલું ભરશો તો તે તમને મળવા સામેથી આવશે.
- હે પ્રભુ ! જો કોઈવાર તારા આહ્વાનથી મારી ઊંઘ ન ઊડી જાય તો તું મને વજ્રવેદનાથી જગાડજે, પાછો ન ચાલ્યો જતો.

# જીવભેદ પ્રકરણ

● **જીવોના ભેદ -**

જીવોના બે પ્રકાર છે - (સૂત્ર-૨/૧૦)

**૧) સંસારી જીવો** - કર્મોથી યુક્ત, સંસારમાં ભમતા જીવો તે સંસારી જીવો.

**૨) મુક્ત જીવો** - કર્મોથી મુક્ત થયેલા, મોક્ષમાં ગયેલા જીવો તે મુક્તજીવો.

સંસારી જીવોના બે પ્રકાર છે - ૧) સમનસ્ક જીવો અને ૨) અમનસ્ક જીવો. (સૂત્ર-૨/૧૧)

**૧) સમનસ્ક જીવો** - મન બે પ્રકારનું છે. દ્રવ્યમન અને ભાવમન. વિચારવા માટે મનપર્યાપ્તિથી ગ્રહણ કરેલ મનોવર્ગણાના પુદ્ગલો તે દ્રવ્યમન□. જીવનો ઉપયોગ તે ભાવમન. દ્રવ્યમન અને ભાવમન બંનેથી યુક્ત જીવો તે સમનસ્ક જીવો. નારકીઓ, દેવો, ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો એ સમનસ્ક જીવો છે.

સંજ્ઞી જીવો સમનસ્ક છે. (સૂત્ર-૨/૨૫) જેને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય તેવા સંજ્ઞી જીવો અહીં લેવા. સંજ્ઞા એટલે વિજ્ઞાન. તે ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે -

**(૧) હેતુવાદોપદેશિકી સંજ્ઞા** - જેમાં માત્ર વર્તમાનકાળનું જ જ્ઞાન હોય તે.

---

□ દ્રવ્યમન ઘરડાની લાકડી જેવું છે. તેના આધારે જીવ સ્પષ્ટ રીતે વિચારી શકે છે.

(૨) **દીર્ઘકાલિકી સંજ્ઞા** - જેમાં ઈહા-અપોહ થાય, ગુણ-દોષની વિચારણા થાય, ત્રણે કાળની વિચારણા થાય તે.

(૩) **દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા** - સમ્યગ્દષ્ટિ જીવોને હોય તે.

બીજી રીતે સંજ્ઞાઓ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે -

૧) **આહારસંજ્ઞા** - અસાતાવેદનીયના ઉદયથી આહારની અભિલાષા થવા પૂર્વક વિશિષ્ટ પુદ્ગલોને ગ્રહણ કરવા તે આહારસંજ્ઞા.

૨) **ભયસંજ્ઞા** - ભય પામવો તે ભયસંજ્ઞા.

૩) **મૈથુનસંજ્ઞા** - પુરુષવેદ વગેરે વેદના ઉદયથી દિવ્ય-ઔદારિક સંબંધની અભિલાષા થવી તે મૈથુનસંજ્ઞા.

૪) **પરિગ્રહસંજ્ઞા** - મૂર્ચ્છા એ પરિગ્રહસંજ્ઞા.

૨) **અમનસ્ક જીવો** - જે જીવોને માત્ર ભાવમન હોય, પણ દ્રવ્યમન ન હોય તે અમનસ્ક જીવો. સંમૂર્ચ્છિમ મનુષ્યો, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો, વિકલેન્દ્રિય અને એકેન્દ્રિય એ અમનસ્ક જીવો છે.

અસંજ્ઞી જીવો અમનસ્ક છે. જેને દીર્ઘકલિકી સંજ્ઞા ન હોય તેવા અસંજ્ઞી જીવો અહીં લેવા.

સંસારી જીવોના બીજી રીતે બે પ્રકાર છે - સ્થાવર અને ત્રસ. (સૂત્ર-૨/૧૨)

૧) **સ્થાવર** - જેઓ તાપ આદિથી પીડિત થયે છતે એક સ્થાનથી બીજા સ્થાને જઈ શકતા નથી, જેમના સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ વગેરે અસ્પષ્ટ હોય છે તે સ્થાવર નામકર્મના ઉદયવાળા જીવો તે સ્થાવર.

તેમને સ્પર્શનેન્દ્રિય નામની એક જ ઈન્દ્રિય હોય છે. તે પાંચ પ્રકારના છે - (સૂત્ર-૨/૧૩)

**(૧) પૃથ્વીકાય** - પૃથ્વીરૂપ શરીરવાળા જીવો તે પૃથ્વીકાય. દા.ત. શુદ્ધ પૃથ્વી, કાંકરા, રેતી, પથ્થર, શિલા, મીઠું, ક્ષાર, લોઢું, સીસુ, તાંબુ, ચાંદી, સોનુ, વજ્ર, હરતાળ, હિંગળોક, પારો, સસ્યકરત્ન, સુરમો, પરવાળા, અબરખ, ગોમેદ રત્ન, રુચક રત્ન, અંક રત્ન, સ્ફટિક રત્ન, લોહિતાક્ષ રત્ન, મરકત રત્ન, મસારગલ્લ રત્ન, ભુજગ રત્ન, ઈન્દ્રનીલ રત્ન, ચંદન રત્ન, ગૈરિક રત્ન, હંસગર્ભ રત્ન, પુલક રત્ન, સૌગન્ધિક રત્ન, ચંદ્રકાંતમણિ, સૂર્યકાંતમણિ, વૈડૂર્ય રત્ન, જલકાન્ત રત્ન વગેરે. તેમના શરીરનો આકાર મસુરની દાળ જેવો છે.

**(૨) અપ્કાય** - પાણીરૂપ શરીરવાળા જીવો તે અપ્કાય. દા.ત. ઓસ, ઝાકળ, ધૂમ્મસ, કરા, વનસ્પતિ ઉપર ફૂટી નીકળતું પાણી, શુદ્ધ પાણી, ગરમ પાણી વગેરે. તેમના શરીરનો આકાર પાણીના પરપોટા જેવો છે.

**(૩) તેઉકાય** - અગ્નિરૂપ શરીરવાળા જીવો તે તેઉકાય. દા.ત. અંગારા, જ્વાળા, અંબાળીયું, અગ્નિ, તણખા વગેરે. તેમના શરીરનો આકાર સોયના સમૂહ જેવો છે.

**(૪) વાયુકાય** - વાયુરૂપ શરીરવાળા જીવો તે વાયુકાય. દા.ત. પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, ઉત્કલિકા વાયુ, ગોળ ગોળ ફરતો વાયુ, ઘનવાત, તનવાત વગેરે. તેમના શરીરનો આકાર ધજા જેવો છે.

**(૫) વનસ્પતિકાય** - વનસ્પતિરૂપ શરીરવાળા જીવો તે વનસ્પતિકાય. તેમના શરીરનો આકાર અનેક પ્રકારનો છે. તેમના બે પ્રકાર છે -

**(૧) પ્રત્યેક વનસ્પતિકાય** - જે વનસ્પતિકાયના એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિકાય. દા.ત. વૃક્ષ, ગુચ્છા, ગુલ્મ, લતા વગેરે.

**(૨) સાધારણ વનસ્પતિકાય** - જે વનસ્પતિકાયના એક શરીરમાં અનંતા જીવો હોય તે સાધારણ વનસ્પતિકાય. દા.ત. સેવાળ, ફૂગ, લીલી હળદર, આદુ, મૂળા, આલુ વગેરે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, સાધારણ વનસ્પતિકાયના દરેકના બે-બે ભેદ છે - સૂક્ષ્મ અને બાદર.

**(૧) સૂક્ષ્મ** - એક કે બે કે સંખ્યાતા કે અસંખ્યાતા જીવોના શરીર ભેગા થાય તો પણ ચર્મચક્ષુથી જોઈ ન શકાય તે સૂક્ષ્મ જીવો.

**(૨) બાદર** - એક કે બે કે સંખ્યાતા કે અસંખ્યાતા જીવોના શરીરો ભેગા થાય ત્યારે ચર્મચક્ષુથી જોઈ શકાય તે બાદર જીવો.

પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય છે.

આમ સ્થાવર જીવોના ૧૧ ભેદ થયા. તે દરેકના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદ છે. એટલે સ્થાવર જીવોના ૨૨ ભેદ થયા.

**પર્યાપ્તા** - સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી હોય અથવા પૂર્ણ કરીને જ મરવાના હોય તે પર્યાપ્તા જીવો.

**અપર્યાપ્તા** - સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરી હોય અથવા પૂર્ણ કર્યા વિના જ મરવાના હોય તે અપર્યાપ્તા જીવો.

પર્યાપ્તિનું સ્વરૂપ આગળ (પાના નં. ૩૩૭-૩૩૯ ઉપર) બતાવાશે.

- જેમાં વધુ નિર્જરા થાય તે યોગને મહત્ત્વ આપવું.

## સ્થાવર જીવોના ૨૨ ભેદ

| | | | |
|---|---|---|---|
| ૧ | અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય | ૧૨ | પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય |
| ૨ | અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય | ૧૩ | પર્યાપ્તા બાદર પૃથ્વીકાય |
| ૩ | અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય | ૧૪ | પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય |
| ૪ | અપર્યાપ્તા બાદર અપ્કાય | ૧૫ | પર્યાપ્તા બાદર અપ્કાય |
| ૫ | અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય | ૧૬ | પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય |
| ૬ | અપર્યાપ્તા બાદર તેઉકાય | ૧૭ | પર્યાપ્તા બાદર તેઉકાય |
| ૭ | અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય | ૧૮ | પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય |
| ૮ | અપર્યાપ્તા બાદર વાયુકાય | ૧૯ | પર્યાપ્તા બાદર વાયુકાય |
| ૯ | અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય | ૨૦ | પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય |
| ૧૦ | અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય | ૨૧ | પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય |
| ૧૧ | અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય | ૨૨ | પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય |

૨) **ત્રસ** - જેઓ તાપ આદિથી પીડિત થયે છતે એક સ્થાનથી બીજા સ્થાને જઈ શકે છે, જેમના સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ વગેરે સ્પષ્ટ હોય છે તે ત્રસ નામકર્મના ઉદયવાળા જીવો તે ત્રસ. ત્રસપણું બે પ્રકારે હોય છે - (સૂત્ર-૨/૧૪)

૧) **ક્રિયાથી** - ક્રિયા એટલે હલન-ચલન કરવું તે અથવા અન્ય સ્થાનમાં જવું તે. ક્રિયાથી ત્રસ તેઉકાય, વાયુકાય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય છે.

૨) **લબ્ધિથી** - લબ્ધિ એટલે-ત્રસ નામકર્મનો ઉદય. લબ્ધિથી ત્રસ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય છે.

વિકલેન્દ્રિય એટલે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય.

**બેઈન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય રૂપ બે ઈન્દ્રિયોવાળા જીવો તે બેઈન્દ્રિય. દા.ત. કૃમિ, શંખ, કીડા, વાસી ભોજનમાં થતા લાળીયા જીવો વગેરે.

**તેઈન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય રૂપ ત્રણ ઈન્દ્રિયોવાળા જીવો તે તેઈન્દ્રિય. દા.ત. કીડી, ઈયળ, જૂ, માંકડ, કાનખજૂરા વગેરે.

**ચઉરિન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય રૂપ ચાર ઈન્દ્રિયોવાળા જીવો તે ચઉરિન્દ્રિય. દા.ત. ભમરા, માખી, મચ્છર, ડાંસ, વીંછી, તીડ, પતંગિયા વગેરે.

**પંચેન્દ્રિય** - પાંચે ઈન્દ્રિયોવાળા જીવો તે પંચેન્દ્રિય. દા.ત.માછલા, સર્પ, દેડકા, પક્ષી, ગાય, નારકી, મનુષ્ય, દેવ વગેરે.

• • •

- સાધ્વીજી કે શ્રાવિકાઓ જોડે કારણ પ્રસંગે વાત કરવી પડે તો પણ અતિનિકટ ન આવે, થોડું અંતર રહે, તેનો ખ્યાલ રાખવો તથા સાથે ત્રીજાને બેસાડવા.
- મોટી આયંબિલની ઓળીઓ કે વિશિષ્ટ ઉગ્ર તપના પારણાના થોડા જ દિવસો હોય તો જ વિગઈઓ વાપરવી. અન્યથા અતિ સાદુ અલ્પવિગઈવાળુ ભોજન કરવું.
- સંસારીપણાના માતા-બેન વગેરે વિજાતીય સગા જોડે પણ એકાંતમાં ન બેસવું. જરૂર પડે બધાની દૃષ્ટિ પડે તે રીતે બેસવું અને ટુંકામાં પતાવવું.

# ઇન્દ્રિય પ્રકરણ

● ઈન્દ્રિય - ઈન્દ્ર એટલે જીવ, કેમકે તે બધા દ્રવ્યોમાં ઐશ્વર્યવાળો છે અથવા વિષયોને વિષે પરમ ઐશ્વર્યવાળો છે, તેને ઓળખવાનું ચિહ્ન તે ઈન્દ્રિય. ઈન્દ્રિયો પાંચ છે. (સૂત્ર-૨/૧૫) તે આ પ્રમાણે છે-

૧) સ્પર્શનેન્દ્રિય - ચામડી
૨) રસનેન્દ્રિય - જીભ
૩) ઘ્રાણેન્દ્રિય - નાક
૪) ચક્ષુરિન્દ્રિય - આંખ
૫) શ્રોત્રેન્દ્રિય - કાન

આ દરેક ઈન્દ્રિયો બે પ્રકારની છે - (સૂત્ર-૨/૧૬)
૧) દ્રવ્યેન્દ્રિય અને ૨) ભાવેન્દ્રિય

**૧) દ્રવ્યેન્દ્રિય** - દ્રવ્યરૂપ ઈન્દ્રિય તે દ્રવ્યેન્દ્રિય. તેના બે પ્રકાર છે - **(૧) નિર્વૃત્તિઈન્દ્રિય** અને **(૨) ઉપકરણઈન્દ્રિય.** (સૂત્ર-૨/૧૭)

**(૧) નિર્વૃત્તિઈન્દ્રિય** - નિર્માણ નામકર્મ અને અંગોપાંગ નામકર્મના ઉદયથી થયેલ ઈન્દ્રિયોનો આકાર તે નિર્વૃત્તિઈન્દ્રિય. તે બે પ્રકારે છે -

**(a) અભ્યંતર નિર્વૃત્તિઈન્દ્રિય** - ઈન્દ્રિયોનો અંદરનો આકાર તે અભ્યંતર નિર્વૃત્તિઈન્દ્રિય. તે બધા જીવોને એક સરખી હોય છે. તે આ પ્રમાણે -

(i) સ્પર્શનેન્દ્રિય - વિવિધ આકારની
(ii) રસનેન્દ્રિય - અસ્રાના આકારની
(iii) ઘ્રાણેન્દ્રિય - અતિમુક્તના પુષ્પના આકારની
(iv) ચક્ષુરિન્દ્રિય - મસુરના આકારની
(v) શ્રોત્રેન્દ્રિય - નાલિક પુષ્પના આકારની

સ્પર્શનેન્દ્રિય અને દ્રવ્યમન કાયપ્રમાણ છે.

શેષ ચાર ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**(b) બાહ્ય નિર્વૃત્તિઇન્દ્રિય** - ઇન્દ્રિયોનો બહારનો આકાર તે બાહ્ય નિર્વૃત્તિઇન્દ્રિય. તે બધા જીવોને ભિન્ન ભિન્ન હોય છે.

**(૨) ઉપકરણઇન્દ્રિય** - નિર્વૃત્તિઇન્દ્રિયની પોતપોતાના વિષયોને ગ્રહણ કરવાની શક્તિ તે ઉપકરણઇન્દ્રિય. નિર્વૃત્તિઇન્દ્રિય તલવાર જેવી છે અને ઉપકરણઇન્દ્રિય તલવારની ધાર જેવી છે. ઉપકરણઇન્દ્રિયના બે પ્રકાર છે -

**(a) અભ્યંતર ઉપકરણઇન્દ્રિય** - અભ્યંતર નિર્વૃત્તિઇન્દ્રિયની શક્તિ તે અભ્યંતર ઉપકરણઇન્દ્રિય.

**(b) બાહ્ય ઉપકરણઇન્દ્રિય** - બાહ્ય નિર્વૃત્તિઇન્દ્રિયની શક્તિ તે બાહ્ય ઉપકરણઇન્દ્રિય.

આગમમાં ઉપકરણઇન્દ્રિયના અભ્યંતર અને બાહ્ય એવા કોઈ ભેદ બતાવ્યા નથી. **આચારાંગની શીલાંકાચાર્યજી કૃત ટીકામાં** ઉપકરણ-ઇન્દ્રિયના અભ્યંતર અને બાહ્ય એમ બે ભેદ બતાવ્યા છે.

**૨) ભાવેન્દ્રિય** - ભાવરૂપ એટલે કે આત્માના પરિણામરૂપ ઇન્દ્રિય તે ભાવેન્દ્રિય. તેના બે પ્રકાર છે - (૧) લબ્ધિઇન્દ્રિય અને (૨) ઉપયોગઇન્દ્રિય. (સૂત્ર-૨/૧૮)

**(૧) લબ્ધિઇન્દ્રિય** - ગતિ-જાતિ વગેરે નામકર્મના ઉદયથી, તે તે વિષયોના જ્ઞાનને આવરનારા કર્મોના ક્ષયોપશમથી અને નિર્માણ નામકર્મ-અંગોપાંગ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ તે તે વિષયોનું જ્ઞાન કરવાની લબ્ધિ તે લબ્ધિઇન્દ્રિય. તે પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે -

(i) સ્પર્શનેન્દ્રિય લબ્ધિઇન્દ્રિય

(ii) રસનેન્દ્રિય લબ્ધિઇન્દ્રિય

(iii) ઘ્રાણેન્દ્રિય લબ્ધિઇન્દ્રિય

(iv) ચક્ષુરિન્દ્રિય લબ્ધિઇન્દ્રિય

(v) શ્રોત્રેન્દ્રિય લબ્ધિઇન્દ્રિય

૨) **ઉપયોગઈન્દ્રિય** - ઇન્દ્રિયોનો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવારૂપ વ્યાપાર તે ઉપયોગઇન્દ્રિય. ઉપયોગ એટલે પ્રણિધાન, એકાગ્રતા. (સૂત્ર-૨/૧૯)

પહેલા નિર્વૃત્તિઇન્દ્રિય હોય. નિર્વૃત્તિઇન્દ્રિય હોતે છતે ઉપકરણ-ઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય હોય. લબ્ધિઇન્દ્રિય હોતે છતે નિર્વૃત્તિઇન્દ્રિય, ઉપકરણેન્દ્રિય અને ઉપયોગેન્દ્રિય હોય.

નિર્વૃત્તિઇન્દ્રિય, ઉપકરણઇન્દ્રિય, લબ્ધિઇન્દ્રિય અને ઉપયોગઇન્દ્રિય - આ ચારમાંથી એક પણ ન હોય તો વિષયોનું જ્ઞાન ન થાય.

- **ઇન્દ્રિયો-અનિન્દ્રિયના વિષયો** - (સૂત્ર-૨/૨૦, ૨/૨૧, ૨/૨૨)

| ક્ર. | ઇન્દ્રિયો-અનિન્દ્રિય | વિષયો |
|---|---|---|
| ૧ | સ્પર્શનેન્દ્રિય | સ્પર્શ |
| ૨ | રસનેન્દ્રિય | રસ |
| ૩ | ઘ્રાણેન્દ્રિય | ગંધ |
| ૪ | ચક્ષુરિન્દ્રિય | રૂપ |
| ૫ | શ્રોત્રેન્દ્રિય | શબ્દ |
| ૬ | મન | શ્રુતજ્ઞાન |

- **ઇન્દ્રિયો-અનિન્દ્રિયની પ્રાપ્યકારિતા-અપ્રાપ્યકારિતા** -

૧) **પ્રાપ્યકારિતા** - ઇન્દ્રિયોનો વિષયોની સાથે સંબંધ થયા પછી વિષયોનું જ્ઞાન થવું તે પ્રાપ્યકારિતા.

૨) **અપ્રાપ્યકારિતા** - ઇન્દ્રિયોનો વિષયોની સાથે સંબંધ થયા વિના વિષયોનું જ્ઞાન થવું તે અપ્રાપ્યકારિતા.

| ક્ર. | ઇન્દ્રિયો-અનિન્દ્રિય | પ્રાપ્યકારી/અપ્રાપ્યકારી |
|---|---|---|
| ૧ | સ્પર્શનેન્દ્રિય | પ્રાપ્યકારી |
| ૨ | રસનેન્દ્રિય | પ્રાપ્યકારી |
| ૩ | ઘ્રાણેન્દ્રિય | પ્રાપ્યકારી |
| ૪ | શ્રોત્રેન્દ્રિય | પ્રાપ્યકારી |
| ૫ | ચક્ષુરિન્દ્રિય | અપ્રાપ્યકારી |
| ૬ | મન | અપ્રાપ્યકારી |

● **કઈ ઈન્દ્રિયો કેટલે દૂર રહેલા કે કેટલે દૂરથી આવેલા વિષયોને ગ્રહણ કરે ?**

| ક્ર. | ઇન્દ્રિયો | કેટલે દૂર રહેલા કે કેટલે દૂરથી આવેલા વિષયોને ગ્રહણ કરે ? | |
|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | સ્પર્શનેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૯ યોજન |
| ૨ | રસનેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૯ યોજન |
| ૩ | ઘ્રાણેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૯ યોજન |
| ૪ | ચક્ષુરિન્દ્રિય | અંગુલ/સંખ્યાત | સાધિક ૧ લાખ યોજન |
| ૫ | શ્રોત્રેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૧૨ યોજન |

**● કયા જીવોને કેટલી ઈન્દ્રિયો હોય ? (સૂત્ર-૨/૨૩, ૨/૨૪)**

| ક્ર. | જીવો | ઈન્દ્રિય |
|---|---|---|
| ૧ | પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય | સ્પર્શનેન્દ્રિય |
| ૨ | બેઈન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય |
| ૩ | તેઈન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય |
| ૪ | ચઉરિન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય |
| ૫ | પંચેન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય |

● ● ●

- સાધુએ સાધ્વીઓ કે શ્રાવિકાઓને ભણાવવા નહિ, ગાથા આપવી નહીં. (સ્વ. પ્રેમસૂરિ મ.ને આનો અભિગ્રહ હતો.) બહેનોને પ્રશ્નોના ખુલાસા માટે સાધ્વીજી મ. પાસે મોકલવા.
- વ્યાખ્યાનમાં કે વાચનામાં જ સાધ્વીઓ કે શ્રાવિકાઓ વંદન કરી લે તેવી પ્રથા રાખવી.
- મુખ્યતયા સાધુઓએ સાધ્વીઓને વાચના ન આપવી.
- અધ્યયનમાં કાવ્યો વગેરેમાં આવતાં શૃંગારરસના વર્ણનના શ્લોકો છોડી દેવા.

# યોગ પ્રકરણ

**યોગ**- મનોવર્ગણાના પુદ્ગલો, ભાષાવર્ગણાના પુદ્ગલો અને ઔદારિક વગેરે શરીર યોગ્ય વર્ગણાના પુદ્ગલોના આલંબનથી જીવના જે વીર્યનો ઉપયોગ થાય તે યોગ. ટુંકમાં, મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે યોગ.

તેના ત્રણ પ્રકાર છે -

૧) **મનોયોગ** - મનોવર્ગણાના પુદ્ગલોના આલંબનથી જીવના જે વીર્યનો ઉપયોગ થાય તે મનોયોગ. તેના ચાર પ્રકાર છે -

(૧) **સત્યમનોયોગ** - સાચું વિચારવું તે સત્યમનોયોગ. દા.ત. 'જીવ છે' એમ વિચારવું.

(૨) **અસત્યમનોયોગ** - ખોટું વિચારવું તે અસત્યમનોયોગ. દા.ત. 'જીવ નથી' એમ વિચારવું.

(૩) **સત્યાસત્યમનોયોગ** - જેમાં સાચું પણ હોય અને ખોટું પણ હોય તેવું વિચારવું તે સત્યાસત્યમનોયોગ. દા.ત. 'જીવ છે, જીવ અનિત્ય છે' એમ વિચારવું.

(૪) **અસત્યામૃષામનોયોગ** - જેમાં સાચું પણ ન હોય અને ખોટું પણ ન હોય તેવું વિચારવું તે અસત્યામૃષામનોયોગ. દા.ત. 'ઘડો લાવવો જોઈએ, તપ કરવો જોઈએ' એમ વિચારવું.

૨) **વચનયોગ** - ભાષાવર્ગણાના પુદ્ગલોના આલંબનથી જીવના જે વીર્યનો ઉપયોગ થાય તે વચનયોગ. તેના ચાર પ્રકાર છે -

(૧) **સત્યવચનયોગ** - સાચું બોલવું તે સત્યવચનયોગ. દા.ત. 'જીવ છે' એમ બોલવું.

(૨) **અસત્યવચનયોગ** - ખોટું બોલવું તે અસત્યવચનયોગ. દા.ત. 'જીવ નથી' એમ બોલવું.

(૩) **સત્યાસત્યવચનયોગ** - જેમાં સાચું પણ હોય અને ખોટું પણ

હોય તેવું બોલવું તે સત્યાસત્યવચનયોગ. દા.ત. 'જીવ છે, જીવ અનિત્ય છે' એમ બોલવું.

**(૪) અસત્યામૃષાવચનયોગ** - જેમાં સાચું પણ ન હોય અને ખોટું પણ ન હોય તેવું બોલવું તે અસત્યામૃષાવચનયોગ. દા.ત. 'ઘડો લાવ, તપ કર' એમ બોલવું.

**૩) કાયયોગ** - ઔદારિક વગેરે શરીર યોગ્ય વર્ગણાના પુદ્ગલોના આલંબનથી જીવના જે વીર્યનો ઉપયોગ થાય તે કાયયોગ. તેના સાત પ્રકાર છે -

**(૧) ઔદારિકકાયયોગ** - ઔદારિક શરીરથી થતી પ્રવૃત્તિ તે ઔદારિકકાયયોગ.

**(૨) વૈક્રિયકાયયોગ**- વૈક્રિય શરીરથી થતી પ્રવૃત્તિ તે વૈક્રિયકાયયોગ.

**(૩) આહારકકાયયોગ** - આહારક શરીરથી થતી પ્રવૃત્તિ તે આહારકકાયયોગ.

**(૪) ઔદારિકમિશ્રકાયયોગ** - ઔદારિક શરીર ન બને ત્યાં સુધી ઔદારિક અને કાર્મણ પુદ્ગલોની અથવા વૈક્રિય અને ઔદારિક પુદ્ગલોની અથવા આહારક અને ઔદારિક પુદ્ગલોની ભેગી પ્રવૃત્તિ તે ઔદારિકમિશ્રકાયયોગ.

**(૫) વૈક્રિયમિશ્ર કાયયોગ** - વૈક્રિય શરીર ન બને ત્યાં સુધી વૈક્રિય અને કાર્મણ પુદ્ગલોની અથવા વૈક્રિય અને ઔદારિક પુદ્ગલોની ભેગી પ્રવૃત્તિ તે વૈક્રિયમિશ્રકાયયોગ.

**(૬) આહારકમિશ્રકાયયોગ** - આહારક શરીર ન બને ત્યાં સુધી આહારક અને ઔદારિક પુદ્ગલોની ભેગી પ્રવૃત્તિ તે આહારકમિશ્ર-કાયયોગ.

**(૭) કાર્મણકાયયોગ** - તૈજસ અને કાર્મણ શરીરથી થતી પ્રવૃત્તિ તે કાર્મણકાયયોગ.

## કયા યોગો કયા જીવોને હોય ?

| ક્ર. | યોગ | જીવો |
|---|---|---|
| ૧ | સત્યમનોયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી સયોગી કેવલી સુધીના જીવો |
| ૨ | અસત્યમનોયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી ક્ષીણકષાય વીતરાગછદ્મસ્થ સુધીના જીવો |
| ૩ | સત્યાસત્યમનોયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી ક્ષીણકષાય વીતરાગછદ્મસ્થ સુધીના જીવો |
| ૪ | અસત્યામૃષામનોયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી સયોગી કેવલી સુધીના જીવો |
| ૫ | સત્યવચનયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી સયોગી કેવલી સુધીના જીવો |
| ૬ | અસત્યવચનયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી ક્ષીણકષાય-વીતરાગછદ્મસ્થ સુધીના જીવો |
| ૭ | સત્યાસત્યવચનયોગ | સંજ્ઞી મિથ્યાદષ્ટિથી ક્ષીણકષાય-વીતરાગછદ્મસ્થ સુધીના જીવો |
| ૮ | અસત્યામૃષાવચનયોગ | બેઈન્દ્રિય મિથ્યાદષ્ટિથી સયોગી કેવલી સુધીના જીવો |
| ૯ | ઔદારિકકાયયોગ | મનુષ્યો, તિર્યંચો |
| ૧૦ | વૈક્રિયકાયયોગ | દેવો, નારકો, ઉત્તરવૈક્રિયશરીર કરેલ મનુષ્યો-તિર્યંચો |
| ૧૧ | આહારકકાયયોગ | પ્રમત્ત-અપ્રમત્ત સંયત. આહારક-કાયયોગનો પ્રારંભ પ્રમત્ત સંયત કરે, પછી અપ્રમત્ત સંયતને પણ હોય. |

| ક્ર. | યોગ | જીવો |
| --- | --- | --- |
| ૧૨ | ઔદારિકમિશ્રકાયયોગ | અપર્યાપ્તા મનુષ્યો, અપર્યાપ્તા તિર્યંચો, કેવળી સમુદ્ઘાતમાં બીજા, છઠ્ઠા, સાતમા સમયે રહેલા જીવો. |
| ૧૩ | વૈક્રિયમિશ્રકાયયોગ | અપર્યાપ્તા દેવો, અપર્યાપ્તા નારકો, ઉત્તરવૈક્રિય શરીર કરતા મનુષ્યો-તિર્યંચો |
| ૧૪ | આહારકમિશ્રકાયયોગ | આહારકશરીર કરતા પ્રમત્તસંયત |
| ૧૫ | કાર્મણકાયયોગ | વિગ્રહગતિમાં અને કેવળી સમુદ્ઘાતમાં ત્રીજા-ચોથા-પાંચમા સમયે રહેલા જીવો. |

## કયા જીવોને કયા યોગો હોય ?

| ક્ર. | જીવો | યોગો |
| --- | --- | --- |
| ૧-૬ | અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયથી અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ઔદારિકમિશ્રકાયયોગ, કાર્મણ-કાયયોગ |
| ૭ | અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ |
| ૮ | પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | ઔદારિકકાયયોગ |
| ૯ | પર્યાપ્તા બાદર એકેન્દ્રિય | ઔદારિકકાયયોગ, વૈક્રિય-કાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ |
| ૧૦-૧૩ | પર્યાપ્તા બેઈન્દ્રિયથી પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ઔદારિકકાયયોગ, અસત્યામૃષા વચનયોગ |
| ૧૪ | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | સર્વયોગ |

• • •

# ગતિ પ્રકરણ

● ભવાંતરમાં જતા જીવની ગતિ આકાશપ્રદેશોની શ્રેણિને અનુસારે થાય છે.

પુદ્‌ગલની સ્વાભાવિક ગતિ આકાશપ્રદેશોની શ્રેણિને અનુસારે થાય છે. (સૂત્ર-૨/૨૭)

ભવાંતરમાં જતા જીવની ગતિ અને પુદ્‌ગલની સ્વાભાવિક ગતિ આકાશપ્રદેશોની વિશ્રેણીમાં ન થાય. એટલે કે ભવાંતરમાં જતા જીવની ગતિ અને પુદ્‌ગલની સ્વાભાવિક ગતિ સીધી જ થાય, ત્રાંસી કે વાંકી-ચૂકી ન થાય.

**જીવની બે પ્રકારની ગતિ -**

**૧) ઋજુગતિ** - વળાંક વિનાની સીધી ગતિ તે ઋજુગતિ. તે એક સમયની હોય છે. (સૂત્ર-૨/૩૦)

**૨) વિગ્રહગતિ** - વળાંકવાળી ગતિ તે વિગ્રહગતિ. તેમાં વળાંક એટલે વક્ર. ૧ વક્રવાળી વિગ્રહગતિ ૨ સમયની હોય છે. ૨ વક્રવાળી વિગ્રહગતિ ૩ સમયની હોય છે. ૩ વક્રવાળી વિગ્રહગતિ ૪ સમયની હોય છે. ૪ વક્રવાળી વિગ્રહગતિ ૫ સમયની હોય છે. (સૂત્ર-૨/૨૯)

**૧ વક્રવાળી વિગ્રહગતિ** - દા.ત. એક જ પ્રતરમાં એક દિશામાંથી બીજી દિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે પહેલા સમયે મરણદેશની દિશામાંથી વિદિશામાં આવે અને બીજા સમયે વિદિશામાંથી ઉત્પત્તિદેશની દિશામાં આવે. આમ આમાં એક વળાંક થયો.

**૨ વક્રવાળી વિગ્રહગતિ** - દા.ત. એક દિશામાંથી ઉપર બીજી દિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે પહેલા સમયે મરણદેશની દિશામાંથી

વિદિશામાં આવે, બીજા સમયે ઉપર જાય અને ત્રીજા સમયે વિદિશામાંથી ઉત્પત્તિદેશની દિશામાં આવે. આમ આમાં બે વળાંક થયા.

**૩ વક્રવાળી વિગ્રહગતિ** - દા.ત. અધોલોકમાં ત્રસનાડીની બહારની દિશામાંથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહારની વિદિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે પહેલા સમયે અધોલોકમાં ત્રસનાડીની બહારની દિશામાંથી ત્રસનાડીમાં આવે, બીજા સમયે ઉપર જાય, ત્રીજા સમયે ત્રસનાડીની બહાર દિશામાં જાય અને ચોથા સમયે ત્રસનાડીની બહાર દિશામાંથી વિદિશામાં જાય. આમ આમાં ત્રણ વળાંક થયા.

**૪ વક્રવાળી વિગ્રહગતિ** - અધોલોકમાં ત્રસનાડીની બહારની વિદિશામાંથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહારની વિદિશામાં ઉત્પન્ન થવાનું હોય ત્યારે પહેલા સમયે અધોલોકમાં ત્રસનાડીની બહાર વિદિશામાંથી દિશામાં આવે, બીજા સમયે ત્રસનાડીમાં આવે, ત્રીજા સમયે ઉપર જાય, ચોથા સમયે ત્રસનાડીમાંથી બહાર દિશામાં જાય અને પાંચમા સમયે ત્રસનાડીની બહાર દિશામાંથી વિદિશામાં જાય. આમ આમાં ચાર વળાંક થયા.

૪ વક્રવાળી ૫ સમયની વિગ્રહગતિ ક્યારેક જ થતી હોવાથી મૂળકારે તે કહી નથી.

મોક્ષમાં જતા જીવની ગતિ સરળ જ હોય છે, એટલે કે ઋજુગતિ હોય છે. (સૂત્ર-૨/૨૮)

ભવાંતરમાં જતા સંસારી જીવની ગતિ ઋજુગતિ અને વિગ્રહગતિ એમ બે પ્રકારની હોય છે. (સૂત્ર-૨/૨૯) વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે. (સૂત્ર-૨/૨૬)

**વિગ્રહગતિમાં આહારકપણું - અનાહારકપણું** - (સૂત્ર-૨/૩૧)

એક વક્રવાળી વિગ્રહગતિમાં જીવ બંને સમયે આહારક હોય છે.

બે વક્રવાળી વિગ્રહગતિમાં જીવ પહેલા અને ત્રીજા સમયે આહારક હોય છે, બીજા સમયે અનાહારક હોય છે.

ત્રણ વક્રવાળી વિગ્રહગતિમાં જીવ પહેલા અને ચોથા સમયે આહારક હોય છે, બીજા અને ત્રીજા સમયે અનાહારક હોય છે.

ચાર વક્રવાળી વિગ્રહગતિમાં જીવ પહેલા અને પાંચમા સમયે આહારક હોય છે, બીજા-ત્રીજા-ચોથા સમયે અનાહારક હોય છે.

પહેલા સમયે મરણદેશમાં પૂર્વ શરીરનો ત્યાગ હોવાથી આહારક હોય છે. છેલ્લા સમયે ઉત્પત્તિદેશમાં નવા શરીરનું ગ્રહણ હોવાથી આહારક હોય છે. વચ્ચેના સમયોમાં અનાહારક હોય છે.

ઋજુગતિ -




એક વક્રવાળી વિગ્રહગતિ



## બે વક્રવાળી વિગ્રહગતિ




## ત્રણ વક્રવાળી વિગ્રહગતિ



## ચાર વક્રવાળી વિગ્રહગતિ



| વિગ્રહગતિ | સમય | પહેલા સમયે | વચ્ચેના સમયોમાં | છેલ્લા સમયે |
|---|---|---|---|---|
| ૧ વક્રવાળી | ૨ | આહારક | - | આહારક |
| ૨ વક્રવાળી | ૩ | આહારક | એક સમય અનાહારક | આહારક |
| ૩ વક્રવાળી | ૪ | આહારક | બે સમય અનાહારક | આહારક |
| ૪ વક્રવાળી | ૫ | આહારક | ત્રણ સમય અનાહારક | આહારક |

● આહારના ત્રણ પ્રકાર છે -

**૧) ઓજાહાર** - ઉત્પત્તિ સમયે તૈજસ-કાર્મણ શરીરથી અને ત્યાર પછી શરીરપર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્ર કે વૈક્રિયમિશ્ર કાયયોગથી જીવ જે ઔદારિક વગેરે શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે ઓજાહાર. તે શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધીની અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે અંતર્મુહૂર્ત સુધી હોય છે.

**૨) લોમાહાર** - શરીરપર્યાપ્તિથી પર્યાપ્તા થયા પછી ભવના અંત સુધી સ્પર્શનેન્દ્રિય વડે જીવ જે પુદ્ગલોનું સતત ગ્રહણ કરે છે તે લોમાહાર.

**૩) પ્રક્ષેપાહાર** - મુખમાં કોળીયો નાંખવારૂપ આહાર તે પ્રક્ષેપાહાર. તે ક્યારેક ક્યારેક હોય છે.

● ● ●

● છ'રી પાળતા સંઘ વગેરેમાં પણ જયણાપૂર્વક ચાલવું. અનેક સાધુઓએ સાથે રહેવું તથા સાધ્વીઓ કે શ્રાવિકાઓ સાથે ન ચાલવું. સાધુઓ અને શ્રાવકો પહેલા નીકળી જાય, થોડીવાર પછી સાધ્વીઓ કે શ્રાવિકાઓ નીકળે જેથી રસ્તામાં સાથે ન થવાય. પૂજ્યપાદ પરમ ગુરુદેવ પ્રેમસૂરિ મહારાજ મોટા ભાગે સંઘમાં જવાની ના પાડતા હતા.

## જન્મ પ્રકરણ

● **જન્મ** - પૂર્વભવના આયુષ્યનો ક્ષય થવા પર પૂર્વે બાંધેલા કર્મોના ઉદયથી ઉત્પત્તિક્ષેત્રને પામેલો જીવ શરીર બનાવવા માટે પુદ્‌ગલોને જે ગ્રહણ કરે તે જન્મ. જન્મના ત્રણ પ્રકાર છે. (સૂત્ર-૨/૩૨) તે આ પ્રમાણે -

૧) **સંમૂર્ચ્છનજન્મ** - જીવ જે સ્થાનમાં ઉત્પન્ન થવાનો હોય ત્યાંના પુદ્‌ગલોને ગ્રહણ કરીને શરીર બનાવતો થકો જે જન્મ પામે તે સંમૂર્ચ્છન જન્મ. દા.ત. લાકડા વગેરેમાં થતો કૃમિ વગેરેનો જન્મ તે સંમૂર્ચ્છનજન્મ. પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચને સંમૂર્ચ્છનજન્મ હોય છે. (સૂત્ર-૨/૩૬)

૨) **ગર્ભજન્મ** - જે જન્મમાં જીવ માતાની યોનિમાં આવી વીર્ય અને લોહીને ગ્રહણ કરે અને માતાએ વાપરેલા આહારના રસથી પોષણ મેળવે તે ગર્ભજન્મ. ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને ગર્ભજન્મ હોય છે. ગર્ભજ મનુષ્ય જરાયુજ છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો ત્રણ પ્રકારના છે - જરાયુજ, અંડજ, પોતજ.

**(i) જરાયુજ** - □જરાયુથી વીંટાયેલા થકા જેઓ જન્મે છે તે જરાયુજ જીવો. દા.ત. મનુષ્ય, ગાય, ભેંસ, ઘેટા, બકરા, ઘોડા, ગધેડા, ઊંટ, હરણ, ભૂંડ, રોઝ, સિંહ, વાઘ, રીંછ, ચિત્તો, કૂતરો, શિયાળ, બિલાડી વગેરે.

**(ii) અંડજ** - જેમનો જન્મ ઈંડારૂપે થાય છે તે અંડજ જીવો. દા.ત. સર્પ, ગરોળી, માછલી, કાચબો, મગર, રૂંવાટાની પાંખવાળા કાગડા, મોર વગેરે પક્ષીઓ વગેરે.

---

□ જરાયુ=ગર્ભને વીંટાઈ વળતું ચામડું.

**(iii) પોતજ** - જરાયુ કે ઈંડા વિના જ જેમનો સીધો બચ્ચારૂપે જન્મ થાય છે તે પોતજ જીવો. દા.ત. હાથી, સસલા, નોળિયો, ઉંદર, ચામડાની પાંખવાળા જળો, વાગોળ, ભારંડ વગેરે પક્ષીઓ વગેરે.

જરાયુજ, અંડજ, પોતજ જીવોને ગર્ભજન્મ હોય છે. (સૂત્ર-૨/૩૪)

(૩) **ઉપપાતજન્મ** - ઉત્પન્ન થવાના ક્ષેત્રને માત્ર પ્રાપ્ત કરવાથી જે જન્મ થાય તે ઉપપાતજન્મ. ઉપપાતજન્મ નારકીઓ અને દેવોને હોય છે. (સૂત્ર-૨/૩૫) જીવ નરકના □નિષ્કુટોમાં ઉત્પન્ન થઈ વૈક્રિયપુદ્ગલોને ગ્રહણ કરીને શરીર બનાવે છે. તે ઉપપાતજન્મ. જીવ દેવલોકમાં ઉત્પન્ન થઈ દેવશય્યાના પ્રચ્છદપટ (ઢાંકવાના વસ્ત્ર)ની ઉપર અને દેવદૂષ્યની નીચેના વૈક્રિયપુદ્ગલોને ગ્રહણ કરીને શરીર બનાવે છે. તે ઉપપાતજન્મ.

• • •

- વક્તાઓએ વ્યાખ્યાનમાં શિષ્ટ ભાષાનો ઉપયોગ કરવો. તથા વ્યાખ્યાનમાં પણ સાધ્વીજીઓ કે બેનો સામે ન આવે, સાઈડમાં બેસે તેવી વ્યવસ્થા ગોઠવવી. જેથી દૃષ્ટિ ન પડે.
- કામનો ઉપાય કામ છે. માટે સ્વાધ્યાય વગેરે કાર્યપ્રવૃત્તિનો બોજો માથે રાખવો, જેથી નવરાશ ન મળે. તથા વૈરાગ્ય ભાવનાઓથી આત્માને ભાવિત રાખવો. તપ-ત્યાગ પણ ઘોર કરવા.
- અનાયતન એટલે સ્ત્રી-પશુ આદિથી સંસક્ત વસતિનો ત્યાગ કરવો.

□ નિષ્કુટ એટલે નારકીને ઉત્પન્ન થવાના સ્થાન. તે સાંકડા મોઢાવાળા, પહોળા પેટવાળા, વજ્રની દિવાલવાળા અને ભીંતમાં હોય છે.

# યોનિ પ્રકરણ

● યોનિ - પૂર્વશરીરનો ત્યાગ કરી જે સ્થાનમાં આવી જીવ શરીર બનાવવા માટે પુદ્ગલોને ગ્રહણ કરે અને તેમને કાર્મણ શરીર સાથે મિશ્રિત કરે તે યોનિ.

યોનિ ત્રણ રીતે ત્રણ પ્રકારની છે - (સૂત્ર-૨/૩૩)

**(૧) પહેલી રીત - સચિત્ત, અચિત્ત, સચિત્ત-અચિત્ત**

| જીવો | યોનિ |
|---|---|
| દેવો, નારકીઓ | અચિત્ત |
| ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | સચિત્ત-અચિત્ત |
| સ્થાવર ૫, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ | સચિત્ત, અચિત્ત, સચિત્ત-અચિત્ત |

**(૨) બીજી રીત - શીત, ઉષ્ણ, શીતોષ્ણ**

| જીવો | યોનિ |
|---|---|
| ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, દેવો | શીતોષ્ણ |
| તેઉકાય | ઉષ્ણ |
| સ્થાવર ૫, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, નારકી | શીત, ઉષ્ણ, શીતોષ્ણ |

## (૩) ત્રીજી રીત - □સંવૃત, વિવૃત, સંવૃત-વિવૃત

| જીવો | યોનિ |
|---|---|
| સ્થાવર ૫, દેવો, નારકી | સંવૃત |
| ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | સંવૃત-વિવૃત |
| વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ | વિવૃત |

### જીવોને વિષે યોનિની સંખ્યા

| જીવો | યોનિ |
|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ |
| અપ્કાય | ૭ લાખ |
| તેઉકાય | ૭ લાખ |
| વાયુકાય | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪ લાખ |
| બેઈન્દ્રિય | ૨ લાખ |
| તેઈન્દ્રિય | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય | ૨ લાખ |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૪ લાખ |
| નારકી | ૪ લાખ |

□ સંવૃત=ઢંકાયેલી, વિવૃત=ખુલ્લી

| જીવો | યોનિ |
|---|---|
| દેવો | ૪ લાખ |
| મનુષ્યો | ૧૪ લાખ |
| કુલ | ૮૪ લાખ |

જીવોને ઉત્પન્ન થવાના ઘણા સ્થાનો છે. છતાં સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા ઘણા સ્થાનોનો એક યોનિમાં સમાવેશ કર્યો છે. તેથી કુલ યોનિ ૮૪ લાખ છે.

• • •

- સાધુની વસતિમાં (ઉપાશ્રયમાં) સૂર્યાસ્ત પછી બેનો ન પ્રવેશી શકે, સાધ્વીજીની વસતિમાં સૂર્યાસ્ત પછી ભાઈઓ ન પ્રવેશી શકે તેમ વ્યવસ્થા કરાવવી. દિવસે પણ અતિમહત્ત્વના કારણ સિવાય સાધુની વસતિમાં બહેનો વંદન કરવા કે સાતા પૂછવા ન આવે. સાધ્વીજીઓને પણ વાચના-વ્યાખ્યાન તથા આઠમ-ચૌદસ સિવાય આવવાનું નથી.
- ગોચરી એકલા ન જવું. ગોચરી જઈએ ત્યાં સાવધાની રાખવી. ગોચરી સિવાયની બીજી કોઈ પણ વાતચીત વહોરાવનાર શ્રાવિકા જોડે કરવી નહિ. ઉપદેશ પણ ત્યાં આપવો નહિ.
- બ્રહ્મચર્યની નવ વાડોનું ચુસ્તપણે પાલન કરવું.
- લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે, તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી એકાંકી અને નિર્ધન-નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે.

# શરીર પ્રકરણ

● શરીર પાંચ પ્રકારના છે. (સૂત્ર-૨/૩૭) તે આ પ્રમાણે -

**૧) ઔદારિક શરીર** - પુદ્ગલવિપાકી ઔદારિકશરીરનામકર્મના ઉદયથી થયેલ અને સ્થૂલ એવા ઔદારિક વર્ગણા યોગ્ય પુદ્ગલોથી બનેલ શરીર તે ઔદારિક શરીર. ગર્ભજન્મથી અને સંમૂર્ચ્છનજન્મથી ઔદારિક શરીર ઉત્પન્ન થાય છે. (સૂત્ર-૨/૪૬) એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને ઔદારિક શરીર હોય છે. ઔદારિક શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧,૦૦૦ યોજન છે.

**૨) વૈક્રિય શરીર** - પુદ્ગલવિપાકી વૈક્રિયશરીરનામકર્મના ઉદયથી થયેલ, વિવિધ ગુણો-ઋદ્ધિથી યુક્ત એવા વૈક્રિય વર્ગણા યોગ્ય પુદ્ગલોથી બનેલ, જેનાથી ઘણા રૂપો કરી શકાય એવું શરીર તે વૈક્રિય શરીર. વૈક્રિય શરીર ઉપપાતજન્મથી અને લબ્ધિથી ઉત્પન્ન થાય છે. (સૂત્ર-૨/૪૭, ૨/૪૮) ઉપપાતથી ઉત્પન્ન થતું વૈક્રિય શરીર દેવોને અને નારકીઓને હોય છે. દેવો અને નારકીઓનું વૈક્રિય શરીર બે પ્રકારનું હોય છે - ભવધારણીય વૈક્રિય શરીર અને ઉત્તરવૈક્રિય શરીર.

**દેવો અને નારકીઓના વૈક્રિયશરીરની અવગાહના**

| શરીર | વૈક્રિય શરીરની | |
|---|---|---|
| | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
| ભવધારણીય વૈક્રિય શરીર (નારકી) | અંગુલ/અસંખ્ય | ૫૦૦ ધનુષ્ય |
| ભવધારણીય વૈક્રિય શરીર (દેવો) | અંગુલ/અસંખ્ય | ૭ હાથ |
| ઉત્તરવૈક્રિય શરીર (નારકી) | અંગુલ/સંખ્યાત | ૧૦૦૦ ધનુષ્ય |
| ઉત્તરવૈક્રિય શરીર (દેવો) | અંગુલ/સંખ્યાત | ૧ લાખ યોજન |

લબ્ધિથી ઉત્પન્ન થતું વૈક્રિય શરીર કેટલાક ગર્ભજ મનુષ્યો, કેટલાક ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને કેટલાક પર્યાપ્ત બાદર વાયુકાયને હોય છે.

**મનુષ્યો અને તિર્યંચોના લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીરની અવગાહના**

| જીવો | લબ્ધિપ્રત્યય વૈક્રિય શરીરની | |
|---|---|---|
| | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
| ગર્ભજ મનુષ્ય | અંગુલ/સંખ્યાત | સાધિક ૧ લાખ યોજન |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | અંગુલ/સંખ્યાત | ૨૦૦ થી ૯૦૦ યોજન |
| પર્યાપ્ત બાદર વાયુકાય | અંગુલ/અસંખ્ય | અંગુલ/અસંખ્ય |

૩) **આહારક શરીર**- (સૂત્ર-૨/૪૯) પુદ્ગલવિપાકી આહારકશરીર-નામકર્મના ઉદયથી થયેલ, અતિશુભ-શુક્લ-વિશુદ્ધ એવા આહારક વર્ગણા યોગ્ય પુદ્ગલોથી બનેલ, વિશિષ્ટ પ્રયોજન માટે જે શરીર બનાવાય તે આહારક શરીર. આહારક શરીરની સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આહારક શરીરની જઘન્ય અવગાહના દેશોન ૧ હાથ છે અને ઉત્કૃષ્ટ અવગાહના ૧ હાથ છે. આહારક શરીર સમચતુરસ્રસંસ્થાનવાળુ છે. એ હિંસાદિ પાપોમાં પ્રવર્તતું નથી. એ હિંસાદિની પ્રવૃત્તિથી ઉત્પન્ન થતું નથી. એ કોઈને હણતું નથી. એ કોઈનાથી હણાતું નથી. એ કોઈનાથી સ્ખલના પામતું નથી. ચૌદ પૂર્વધર મહાત્માને અતિગહન એવા કોઈક પદાર્થમાં શંકા પડે ત્યારે આહારક શરીર બનાવી મહાવિદેહક્ષેત્રમાં ભગવાન પાસે જઈ પોતાની શંકા પૂછી તેનું સમાધાન મેળવે. ચૌદ પૂર્વધર મહાત્મા તીર્થંકરની ઋદ્ધિ જોવા આ શરીર બનાવી મહાવિદેહક્ષેત્રમાં જાય અને પ્રભુની ઋદ્ધિ જુવે. તે અંતર્મુહૂર્ત પછી અહીં આવી આહારક શરીરનું વિસર્જન કરે.

(૪) **તૈજસ શરીર** - પુદ્ગલવિપાકી તૈજસશરીરનામકર્મના ઉદયથી થયેલ અને તૈજસ વર્ગણાના પુદ્ગલોનું બનેલું હોય તે તૈજસ શરીર. જો

ઉત્તરગુણલબ્ધિ ન હોય તો તૈજસ શરીર ગ્રહણ કરેલા આહારને પચાવે છે. જો ઉત્તરગુણલબ્ધિ હોય તો ગુસ્સાવાળો જીવ ઉષ્ણ તેજથી બીજાને બાળે અને પ્રસન્ન જીવ શીત તેજથી બીજા ઉપર કૃપા કરે. ઉષ્ણ તેજ તે તેજોલેશ્યા છે અને શીત તેજ તે શીતલેશ્યા છે. તૈજસ શરીરની જઘન્ય અવગાહના અંગુલ/અસંખ્ય છે અને ઉત્કૃષ્ટ અવગાહના લોકાકાશ પ્રમાણ છે. તૈજસ શરીર લોકાંત સિવાય ક્યાંય સ્ખલના પામતું નથી. (સૂત્ર-૨/૪૧) તે બધા સંસારી જીવોને હોય છે. (સૂત્ર-૨/૪૩) તેનો જીવની સાથેનો સંબંધ અનાદિકાળનો છે. (સૂત્ર-૨/૪૨) કેટલાક આચાર્યો માને છે કે કાર્મણશરીરનો જ .જીવની સાથે અનાદિકાળનો સંબંધ હોય છે. તૈજસશરીર તો લબ્ધિની અપેક્ષાએ હોય છે. તેથી તે બધાને ન હોય, અને જીવની સાથે તેનો અનાદિકાળનો સંબંધ ન હોય.

**૫) કાર્મણ શરીર** - પુદ્ગલવિપાકી કાર્મણશરીરનામકર્મના ઉદયથી થયેલ, કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું બનેલું, કુંડ જેમ બોરોનો આધાર છે તેમ બધા કર્મોના આધારભૂત એવું જે શરીર તે કાર્મણ શરીર. આ વ્યાખ્યા ભેદનયની અપેક્ષાએ થઈ. અભેદનયની અપેક્ષાએ કાર્મણ શરીરની વ્યાખ્યા આ પ્રમાણે છે - આત્મા ઉપર લાગેલા કર્મોનો સમૂહ એ જ કાર્મણ શરીર. કાર્મણ શરીરની જઘન્ય અવગાહના અંગુલ/અસંખ્ય છે અને ઉત્કૃષ્ટ અવગાહના લોકાકાશ પ્રમાણ છે. કાર્મણ શરીર લોકાંત સિવાય ક્યાંય સ્ખલના પામતું નથી. (સૂત્ર-૨/૪૧) તે બધા સંસારી જીવોને હોય છે. (સૂત્ર-૨/૪૩) તેનો જીવની સાથેનો સંબંધ અનાદિકાળનો છે. (સૂત્ર-૨/૪૨)

કાર્મણ શરીરથી સુખદુ:ખનો ઉપભોગ થતો નથી, કર્મ બંધાતું નથી, કર્મ વેદાતું નથી, કર્મની નિર્જરા થતી નથી. (સૂત્ર-૨/૪૫) શેષ ચાર શરીરોથી સુખ-દુ:ખનો ઉપભોગ થાય છે, કર્મ બંધાય છે, કર્મ વેદાય છે, કર્મની નિર્જરા થાય છે.

ઔદારિક વગેરે પાંચ શરીરોમાં ઉત્તરોત્તર શરીરમાં પરમાણુ વધુ છે અને સૂક્ષ્મતા પણ વધુ છે. (સૂત્ર-૨/૩૮)

**● પાંચ શરીરોની નવ દ્વારોથી વિચારણા -**

૧) **કારણ** - ઔદારિક શરીર સ્થૂલ પુદ્ગલોથી બનેલું છે. ત્યાર પછી ઉત્તરોત્તર શરીર સૂક્ષ્મ-સૂક્ષ્મ પુદ્ગલોથી બનેલા છે.

૨) **વિષય** - ગમનનો વિષય

| **શરીર** | **વિષય** |
|---|---|
| ઔદારિક | વિદ્યાધરોને નંદીશ્વરદ્વીપ સુધી, જંઘાચારણોને રુચક પર્વત સુધી, ઉપર બંનેને પાંડુકવન સુધી. |
| વૈક્રિય | તીર્છું અસંખ્ય દ્વીપસમુદ્ર સુધી, ઉપર બારમા દેવલોક સુધી, નીચે સાતમી નરક સુધી. |
| આહારક | મહાવિદેહક્ષેત્ર |
| તૈજસ | સર્વ લોક |
| કાર્મણ | સર્વ લોક |

૩) **સ્વામી** -

| **શરીર** | **સ્વામી** |
|---|---|
| ઔદારિક | મનુષ્ય, તિર્યંચ |
| વૈક્રિય | દેવો, નારકીઓ, લબ્ધિધર મનુષ્યો-તિર્યંચો |
| આહારક | કેટલાક ચૌદ પૂર્વધર સંયતો |
| તૈજસ | સર્વ સંસારી જીવો |
| કાર્મણ | સર્વ સંસારી જીવો |

૪) પ્રયોજન -

| શરીર | પ્રયોજન |
|---|---|
| ઔદારિક | ધર્મ, અધર્મ, સુખ, દુઃખ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ વગેરે |
| વૈક્રિય | સ્થૂલત્વ, સૂક્ષ્મત્વ, એકત્વ, અનેકત્વ, આકાશગમન, પૃથ્વીગમન વગેરે અનેક પ્રકારની વિભૂતિ |
| આહારક | અતિગહન સૂક્ષ્મ પદાર્થોનો સંશય છેદવો, તીર્થંકર-પ્રભુની ઋદ્ધિ જોવી |
| તૈજસ | આહાર પચાવવો, શાપ આપવો, અનુગ્રહ કરવો |
| કાર્મણ | ભવાંતરમાં જવું |

૫) પ્રમાણ -

| શરીર | ઉત્કૃષ્ટ પ્રમાણ | જઘન્ય પ્રમાણ |
|---|---|---|
| ઔદારિક | સાધિક ૧૦૦૦ યોજન | અંગુલ/અસંખ્ય |
| વૈક્રિય | સાધિક ૧ લાખ યોજન | અંગુલ/અસંખ્ય |
| આહારક | ૧ હાથ | દેશોન ૧ હાથ |
| તૈજસ | લોકાકાશ પ્રમાણ | અંગુલ/અસંખ્ય |
| કાર્મણ | લોકાકાશ પ્રમાણ | અંગુલ/અસંખ્ય |

૬) પ્રદેશસંખ્યા -
(સૂત્ર-૨/૩૯, ૨/૪૦)

| શરીર | પ્રદેશસંખ્યા |
|---|---|
| ઔદારિક | અલ્પ |
| વૈક્રિય | અસંખ્યગુણ |
| આહારક | અસંખ્યગુણ |
| તૈજસ | અનંતગુણ |
| કાર્મણ | અનંતગુણ |

૭) અવગાહના -

| શરીર | અવગાહના |
|---|---|
| આહારક | અલ્પ પ્રદેશોમાં અવગાઢ |
| ઔદારિક | સંખ્યાતગુણ પ્રદેશોમાં અવગાઢ |
| વૈક્રિય | સંખ્યાતગુણ પ્રદેશોમાં અવગાઢ |
| તૈજસ-કાર્મણ | અસંખ્યગુણ પ્રદેશોમાં અવગાઢ (પરસ્પર તુલ્ય) |

૮) સ્થિતિ -

| શરીર | સ્થિતિ | |
|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ઔદારિક | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| ભવધારણીય વૈક્રિય | ૧૦,૦૦૦ વર્ષ | ૩૩ સાગરોપમ |
| ઉત્તરવૈક્રિય | અંતર્મુહૂર્ત | અર્ધમાસ |
| આહારક | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| તૈજસ | અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિ સાંત | |
| કાર્મણ | અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિ સાંત | |

- વિશિષ્ટ આચાર્ય પણ એકલા એકાંતમાં એક સાધ્વીને કે એક શ્રાવિકાને આલોચના ન આપે, સાથે અન્યને રાખે.
- સ્ત્રીઓની અવર-જવર ન હોય તેવા જ સ્થાને સ્થંડિલ જવું તથા માત્રુ પરઠવવા જવું.

(૯) અલ્પબહુત્વ -

| શરીર | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| આહારક | અલ્પ | ક્યારેક હોય, ક્યારેક ન હોય.★ હોય ત્યારે પણ જઘન્યથી ૧ અને ઉત્કૃષ્ટથી ૯,૦૦૦ હોય. |
| વૈક્રિય | અસંખ્યગુણ | દેવો-નારકો અસંખ્ય હોવાથી |
| ઔદારિક | અસંખ્યગુણ | તિર્યંચ-મનુષ્યના શરીર અસંખ્ય હોવાથી |
| તૈજસ-કાર્મણ | અનંતગુણ (પરસ્પર તુલ્ય) | દરેક સંસારી જીવને હોવાથી |

● એક સાથે કેટલા શરીર કયા જીવોને હોય ? (સૂત્ર-૨/૪૪)

| ક. | શરીર | જીવ |
|---|---|---|
| ૧ | તૈજસ, કાર્મણ | વિગ્રહગતિવાળા |
| ૨ | તૈજસ, કાર્મણ, ઔદારિક | ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૩ | તૈજસ, કાર્મણ, વૈક્રિય | ભવસ્થ દેવો-નારકીઓ |
| ૪ | તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય | વૈક્રિયલબ્ધિધર મનુષ્ય-તિર્યંચ વૈક્રિય શરીર બનાવે ત્યારે (ત્યારે ઔદારિક શરીર સાથે અવિચ્છિન્ન આત્મપ્રદેશ હોય છે.) |
| ૫ | તૈજસ, કાર્મણ, ઔદારિક, આહારક | આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહાત્મા આહારક શરીર બનાવે ત્યારે. (ત્યારે ઔદારિક શરીર સાથે અવિચ્છિન્ન આત્મપ્રદેશ હોય છે.) |

★ આહારક શરીરનું અંતર જઘન્યથી ૧ સમય છે અને ઉત્કૃષ્ટથી ૬ માસ છે.

કેટલાક આચાર્યો આહારને પચાવવામાં કારણભૂત તૈજસ શરીરને કાર્મણ શરીરની અંતર્ગત માને છે, જુદું માનતા નથી. તેઓ તૈજસ શરીરનો અર્થ શાપ અને અનુગ્રહમાં કારણભૂત એવી તૈજસ લબ્ધિથી છોડાતું ઉષ્ણતેજ કે શીતતેજ એવો કરે છે. તેમના મતે એક સાથે કેટલા શરીર કયા જીવોને હોય ? તેની વિચારણા નીચે પ્રમાણે સંભવે છે.

| ક્ર. | શરીર | જીવ |
|---|---|---|
| ૧ | કાર્મણ | વિગ્રહગતિવાળા |
| ૨ | કાર્મણ, ઔદારિક | ભવસ્થ મનુષ્યો-તિર્યંચો |
| ૩ | કાર્મણ, વૈક્રિય | ભવસ્થ દેવો-નારકીઓ |
| ૪ | કાર્મણ, ઔદારિક, વૈક્રિય | વૈક્રિયલબ્ધિધર મનુષ્ય-તિર્યંચ વૈક્રિય શરીર બનાવે ત્યારે |
| ૫ | કાર્મણ, ઔદારિક, આહારક | આહારક લબ્ધિધર ચૌદ પૂર્વધર મહાત્મા આહારકશરીરબનાવે ત્યારે |
| ૬ | કાર્મણ, ઔદારિક, તૈજસ | તૈજસ લબ્ધિવાળા મનુષ્ય-તિર્યંચ તેજોલેશ્યા કે શીતલેશ્યા મૂકે ત્યારે |
| ૭ | કાર્મણ, તૈજસ, ઔદારિક, વૈક્રિય | વૈક્રિય લબ્ધિવાળા અને તૈજસ લબ્ધિવાળા મનુષ્ય-તિર્યંચ લબ્ધિનો ઉપયોગ કરે ત્યારે |
| ૮ | કાર્મણ, તૈજસ, ઔદારિક, આહારક | આહારક લબ્ધિવાળા અને તૈજસ લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહાત્મા લબ્ધિનો ઉપયોગ કરે ત્યારે |

વૈક્રિય શરીર અને આહારક શરીર એક જીવને એક સાથે ક્યારેય ન હોય. એક જીવને એક સાથે પાંચે શરીર ક્યારેય ન હોય.

# વર્ગણા પ્રકરણ

**● ઔદારિક વગેરેની ગ્રહણયોગ્ય - અગ્રહણયોગ્ય વર્ગણાઓ -**

લોકમાં જેટલા ૧-૧ પરમાણુ છે, તેમની ૧ વર્ગણા છે. બે-બે પ્રદેશોવાળા સ્કંધોની ૧ વર્ગણા છે. ૩-૩ પ્રદેશોવાળા સ્કંધોની ૧ વર્ગણા છે. એમ સંખ્યાતા પ્રદેશોવાળા સ્કંધોની સંખ્યાતી વર્ગણા છે. અસંખ્યાતા પ્રદેશોવાળા સ્કંધોની અસંખ્યાતી વર્ગણા છે. અનંતા પ્રદેશોવાળા સ્કંધોની અનંતી વર્ગણા છે. આ બધી વર્ગણાઓ અલ્પ પ્રદેશવાળી અને સ્થૂલ હોવાથી જીવને માટે અગ્રહણયોગ્ય છે. અનંતાનંત પ્રદેશવાળા અનંત સ્કંધોની અનંતાનંત વર્ગણાઓમાંથી કેટલીક વર્ગણાઓ અગ્રહણયોગ્ય છે અને કેટલીક વર્ગણાઓ ગ્રહણયોગ્ય છે.

**ઔદારિકની ગ્રહણયોગ્ય વર્ગણા** - અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા પ્રદેશવાળા સ્કંધોની વર્ગણા તે ઔદારિકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ઔદારિકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતાં અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**વૈક્રિયની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. વૈક્રિયની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતાં અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણવાથી જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**આહારકની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની આહારકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. આહારકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની આહારકની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની

જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**તૈજસની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. તૈજસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની તૈજસની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**ભાષાની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ભાષાની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ભાષાની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ભાષાની

ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની ભાષાની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

ભાષાની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. શ્વાસોચ્છ્વાસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતાં જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**મનની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની મનની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. મનની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મનની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની મધ્યમ અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**કર્મની ગ્રહણયોગ્ય વર્ગણા** - ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની કર્મની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. કર્મની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની કર્મની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે એકોત્તર વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની કર્મની મધ્યમ ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

આમ ઔદારિક વગેરે દરેકની ત્રણ-ત્રણ પ્રકારની વર્ગણાઓ થઈ. અગ્રહણયોગ્ય, ગ્રહણયોગ્ય અને અગ્રહણયોગ્ય. પહેલી અગ્રહણયોગ્ય

વર્ગણાઓ અલ્પ પરમાણુવાળી અને સ્થૂલ હોવાથી અગ્રહણયોગ્ય છે. છેલ્લી અગ્રહણયોગ્ય વર્ગણાઓ વધુ પરમાણુવાળી અને સૂક્ષ્મ હોવાથી અગ્રહણયોગ્ય છે. વચ્ચેની વર્ગણાઓ અનુરૂપ હોવાથી ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે.

**ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓ -**

| ક્રમ | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધમાં પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધમાં પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૧ | અગ્રહણયોગ્ય | એક | અનંતાનંત | અંગુલ/અસંખ્ય |
| ૨ | ઔદારિકની ગ્રહણયોગ્ય | અભવ્ય કરતાં અનંતગુણ | જઘન્ય+$\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૩ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ ઔદારિક-ગ્રહણયોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૪ | વૈક્રિયની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૫ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ વૈક્રિય-ગ્રહણયોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૬ | આહારકની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૭ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ આહારક-ગ્રહણયોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૮ | તૈજસની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૯ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ તૈજસ-ગ્રહણયોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |

| ક્રમ | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધમાં પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધમાં પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૧૦ | ભાષાની ગ્રહણ-યોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{જઘન્ય}{અનંત}$ | અંગુલ/અસંખ્ય |
| ૧૧ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ ભાષા-ગ્રહણયોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૨ | શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{જઘન્ય}{અનંત}$ | અંગુલ/અસંખ્ય |
| ૧૩ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ શ્વાસોચ્છ્-વાસગ્રહણયોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૪ | મનની ગ્રહણ-યોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{જઘન્ય}{અનંત}$ | અંગુલ/અસંખ્ય |
| ૧૫ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ મનગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય X અભવ્ય કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૬ | કર્મની ગ્રહણ-યોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય+૧ | જઘન્ય+$\frac{જઘન્ય}{અનંત}$ | અંગુલ/અસંખ્ય |

● વેદ - વેદ ત્રણ પ્રકારે છે - પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ (સૂત્ર-૨/૫૦, ૨/૫૧)

| જીવો | વેદ |
|---|---|
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, નારકી | નપુંસકવેદ |
| દેવ | પુરુષવેદ, સ્ત્રીવેદ |
| ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ |

# આયુષ્ય પ્રકરણ

● પરભવનું આયુષ્ય ક્યારે બંધાય ?

| જીવો | પરભવાયુષ્ય ક્યારે બાંધે ? |
|---|---|
| નારકી, દેવો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | □સ્વભવાયુષ્યના ૬ માસ બાકી હોય ત્યારે |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, નિરુપક્રમ આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | સ્વભવાયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે |
| સોપક્રમ આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | સ્વભવાયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, અથવા નવમો ભાગ બાકી હોય ત્યારે, અથવા સત્યાવીશમો ભાગ બાકી હોય ત્યારે, અથવા છેલ્લા અંતર્મુહૂર્તમાં |

● **આયુષ્યના પ્રકાર -**

આયુષ્ય બે પ્રકારનું છે -

**(i) સોપક્રમ આયુષ્ય** - દીર્ઘ સ્થિતિવાળું આયુષ્ય અધ્યવસાય વગેરે જે કારણોથી અલ્પસ્થિતિવાળુ કરાય તે કારણો એટલે ઉપક્રમ. જે આયુષ્યને આ ઉપક્રમો લાગે તે સોપક્રમ આયુષ્ય.

ઉપક્રમ ૭ પ્રકારે છે. તે આ પ્રમાણે -

(૧) **અધ્યવસાય**-તે ત્રણ પ્રકારે છે-(૧) રાગ, (૨) સ્નેહ, (૩) ભય.

---

□ મતાંતરે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો સ્વભાવાયુષ્યનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે પરભવાયુષ્ય બાંધે. આ મત **પંચસંગ્રહના પાંચમા દ્વારની ૪૧મી** ગાથામાં બતાવ્યો છે.

(૨) **નિમિત્ત** - દંડ, ચાબૂક, શસ્ત્ર, દોરડુ વગેરે.

(૩) **આહાર** - અતિસ્નિગ્ધ કે ઘણું ખાવું.

(૪) **વેદના** - શૂળ વગેરે.

(૫) **પરાઘાત** - ખાડામાં પડવું વગેરે.

(૬) **સ્પર્શ** - અગ્નિ, સર્પ વગેરેનો.

(૭) **શ્વાસોચ્છ્વાસ** - શ્વાસોચ્છ્વાસ વધી જવા કે રુંધાવા.

(ii) **નિરુપક્રમ આયુષ્ય** - જે આયુષ્યને ઉપક્રમોનો સંપર્ક ન થાય તે નિરુપક્રમ આયુષ્ય.

બીજી રીતે પણ આયુષ્ય બે પ્રકારનું છે-

૧) **અનપવર્તનીય આયુષ્ય** - પૂર્વભવમાં બાંધેલા જે આયુષ્યની સ્થિતિ તેટલી જ રહે, ઓછી ન થાય તે અનપવર્તનીય આયુષ્ય. તે બે પ્રકારનું છે - સોપક્રમ અને નિરુપક્રમ.

દેવો, નારકીઓ, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ, ચરમશરીરી, ઉત્તમ પુરુષો અનપવર્તનીય આયુષ્યવાળા જ હોય છે. (સૂત્ર-૨/૫૨) ચરમશરીરી એટલે જેઓ તે જ શરીર વડે મોક્ષમાં જાય તે. ઉત્તમ પુરુષો એટલે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરે. અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો એટલે અકર્મભૂમિના, અંતરદ્વીપના, દેવકુરુ-ઉત્તરકુરુના, કર્મભૂમિમાં અવસર્પિણીના પહેલા-બીજા-ત્રીજા આરાના અને ઉત્સર્પિણીના ચોથા-પાંચમા-છઠ્ઠા આરાના મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો. દેવો, નારકીઓ, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો નિરુપક્રમ આયુષ્યવાળા છે. ચરમશરીરી અને ઉત્તમ પુરુષો સોપક્રમ આયુષ્યવાળા અને નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે. સોપક્રમ આયુષ્યવાળા તેમને ઉપક્રમોનો સંપર્ક

થવા છતાં તેમનું આયુષ્ય ગાઢ બંધાયેલું હોવાથી તેનું અપવર્તન થતું નથી.

૨) **અપવર્તનીય આયુષ્ય** - પૂર્વભવમાં બાંધેલા જે આયુષ્યની સ્થિતિ ઉપક્રમોથી ઓછી થાય તે અપવર્તનીય આયુષ્ય. અહીં 'સ્થિતિ ઓછી થાય' નો અર્થ એમ સમજવો કે અલ્પકાળમાં આયુષ્યકર્મના દલિકો શીઘ્ર ભોગવાઈ જાય, જેમ સૂકું ઘાસ છૂટું છૂટું હોય તો બળતા વાર લાગે, પણ ભેગું કરાયેલું તે જ ઘાસ જલ્દીથી બળી જાય છે તેમ. અપવર્તનીય આયુષ્ય સોપક્રમ જ હોય છે.

દેવો, નારકીઓ, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-પંચેન્દ્રિય તિર્યંચો, ચરમશરીરી, ઉત્તમ પુરુષો સિવાયના શેષ મનુષ્યો-તિર્યંચો અનપવર્તનીય આયુષ્યવાળા અને અપવર્તનીય આયુષ્યવાળા હોય છે. અનપવર્તનીય આયુષ્યવાળા તેઓ નિરુપક્રમ આયુષ્યવાળા જ હોય છે. અપવર્તનીય આયુષ્યવાળા તેઓ સોપક્રમ આયુષ્યવાળા જ હોય છે.

• • •

- **नमो नमः श्रीस्थूलभद्रस्वामिने ।** આ પદનો જાપ ઉછળતા હૈયાથી કરવો. એ જ રીતે **ॐ ह्रीँ नमो घोरबंभवयधारिणं झ्रौँ झ्रौँ स्वाहा ।** આ પદનો જાપ રોજ કરવો. બંને પદોની ઓછામાં ઓછી એક માળા રોજ ગણવી.
- પૂજ્યપાદ પરમ ગુરુદેવ આચાર્ય શ્રીપ્રેમસૂરીશ્વરજી મહારાજનું પણ બ્રહ્મચર્ય અત્યંત ઉત્કૃષ્ટ કોટિનું હોઈ તેમના નામનો પણ જાપ કરવો- **नमो नमः श्रीगुरुप्रेमसूरये ।**
- **नमो लोए सव्वसाहूणं ।** પદનો જાપ પણ બ્રહ્મચર્ય પાલન માટે શ્રેષ્ઠ છે.

# નરકગતિ પ્રકરણ

● **લોકનું સ્વરૂપ**- બે હાથ કેડે રાખીને અને બે પગ પહોળા કરીને ઊભેલા પુરુષ જેવો લોકનો આકાર છે. લોક પાંચ અસ્તિકાયાત્મક છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. લોકપુરુષના કેડના સ્થાને તિર્ચ્છાલોક છે. તિર્ચ્છાલોકની મધ્યમાં સમતલભૂમિભાગે બે ક્ષુલ્લક પ્રતરો રહેલા છે. ત્યાંથી નવ સો યોજન ઉપર અને નવ સો યોજન નીચે એમ અઢાર સો યોજન પ્રમાણ તિર્ચ્છાલોક છે. તિર્ચ્છાલોકની નીચે લોકના નીચેના અંત સુધી અધોલોક છે. તિર્ચ્છાલોકની ઉપર લોકના ઉપરના અંત સુધી ઊર્ધ્વલોક છે.[Δ] અધોલોક ઊંધા વાળેલા કોળિયાના આકારનો છે. તિર્ચ્છાલોક ઝાલરના આકારનો છે. ઊર્ધ્વલોક કોળિયાના સંપુટના આકારનો છે, એટલે કે એક સીધા કોળિયાની ઉપર રાખેલ ઊંધા કોળિયાના આકારનો એટલે કે મૃદંગ[□] આકારનો છે.

૧ રજ્જુ=અસંખ્ય યોજન. લોકના સૌથી નીચેના તલથી મહાતમઃ-પ્રભા પૃથ્વીના ઉપરના તલ સુધી પહેલુ રજ્જુ છે. મહાતમઃપ્રભાના ઉપરના તલથી તમઃપ્રભાના ઉપરના તલ સુધી બીજુ રજ્જુ છે. તમઃપ્રભાના ઉપરના તલથી ધૂમપ્રભાના ઉપરના તલ સુધી ત્રીજુ રજ્જુ છે. ધૂમપ્રભાના ઉપરના તલથી પંકપ્રભાના ઉપરના તલ સુધી ચોથુ રજ્જુ છે. પંકપ્રભાના ઉપરના તલથી વાલુકાપ્રભાના ઉપરના તલ સુધી પાંચમુ રજ્જુ છે. વાલુકાપ્રભાના

---

Δ **તત્ત્વાર્થભાષ્યની સિદ્ધસેનગણિ કૃત ટીકા**માં કહ્યું છે કે, 'સમભૂતલથી નીચે ૯૦૦ યોજન જઈએ એટલે ૧ રજ્જુ વિસ્તારવાળા બે ક્ષુલ્લક પ્રતરો છે. ત્યાંથી નીચે સાતમી નરકપૃથ્વી પછી ૧૬ યોજન સુધી અધોલોક છે. ક્ષુલ્લક પ્રતરોથી ઉપર જ્યોતિષના ઉપરના તલ સુધી ૧૮૦૦ યોજન પ્રમાણ તિર્ચ્છાલોક છે. તિર્ચ્છાલોકની ઉપર સિદ્ધશિલા પછી-૧ યોજન સુધી ઊર્ધ્વલોક છે.'

□ મૃદંગ = ઉપર-નીચે સાંકડુ અને વચ્ચે પહોળુ એવું એક પ્રકારનું વાજીંત્ર.

## ચૌદ રાજલોકનું સ્વરૂપ તથા વૈમાનિક દેવલોકો અને નરકોના સ્થાનો



ઉપરના તલથી શર્કરાપ્રભાના ઉપરના તલ સુધી છઠ્ઠુ રજ્જુ છે. શર્કરાપ્રભાના ઉપરના તલથી રત્નપ્રભાના ઉપરના તલ સુધી સાતમુ રજ્જુ છે. રત્નપ્રભાના ઉપરના તલથી સૌધર્મ દેવલોકના ઉપરના અંત સુધી આઠમુ રજ્જુ છે. સૌધર્મ દેવલોકના ઉપરના અંતથી માહેન્દ્ર દેવલોકના ઉપરના અંત સુધી નવમુ રજ્જુ છે. માહેન્દ્ર દેવલોકના ઉપરના અંતથી લાંતક દેવલોકના ઉપરના અંત સુધી દસમુ રજ્જુ છે. લાંતક દેવલોકના ઉપરના અંતથી સહસ્રાર દેવલોકના ઉપરના અંત સુધી અગિયારમું રજ્જુ છે. સહસ્રાર દેવલોકના ઉપરના અંતથી અચ્યુત દેવલોકના ઉપરના અંત સુધી બારમુ રજ્જુ છે. અચ્યુત દેવલોકના ઉપરના અંતથી નવમા ગ્રૈવેયકના ઉપરના અંત સુધી તેરમુ રજ્જુ છે. નવમા ગ્રૈવેયકના ઉપરના અંતથી લોકના ઉપરના અંત સુધી ચૌદમુ રજ્જુ છે. આ **આવશ્યકસૂત્ર**ની નિર્યુક્તિ અને **ચૂર્ણિ**નો અભિપ્રાય છે. **ભગવતીસૂત્ર**ના અભિપ્રાયે રત્નપ્રભાપૃથ્વીની નીચે ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશનો અસંખ્યાતમો ભાગ મૂક્યા પછી લોકનો મધ્યભાગ આવેલ છે. તેથી અધોલોક સાધિક ૭ રજ્જુ પ્રમાણ છે અને ઊર્ધ્વલોક ન્યૂન ૭ રજ્જુ પ્રમાણ છે.

**યોગશાસ્ત્રવૃત્તિ, લોકનાલિસ્તવ** વગેરેના અભિપ્રાયે સમભૂતલથી સૌધર્મ દેવલોક સુધી દોઢ રજ્જુ છે, માહેન્દ્ર દેવલોક સુધી અઢી રજ્જુ છે, બ્રહ્મલોક દેવલોક સુધી સાડાત્રણ રજ્જુ છે, સહસ્રાર દેવલોક સુધી ચાર રજ્જુ છે, અચ્યુત દેવલોક સુધી પાંચ રજ્જુ છે, ગ્રૈવેયક સુધી છ રજ્જુ છે અને લોકાંત સુધી સાત રજ્જુ છે.

**બૃહત્સંગ્રહણી**ના અભિપ્રાયે સમભૂતલથી સૌધર્મ દેવલોક સુધી દોઢ રજ્જુ છે, માહેન્દ્ર દેવલોક સુધી અઢી રજ્જુ છે, સહસ્રાર દેવલોક સુધી પાંચ રજ્જુ છે, અચ્યુત દેવલોક સુધી છ રજ્જુ છે અને લોકાંત સુધી સાત રજ્જુ છે.

**પ્રશ્ન** - લોક કેટલો મોટો છે ?

**જવાબ** - છ દેવો જંબૂદ્વીપના મેરુપર્વતની ચૂલિકા ઉપર ઊભા છે. ચાર દિક્કુમારીઓ જંબૂદ્વીપના ચાર દરવાજે બહારની તરફ મુખ રાખીને

ઊભી છે. તેઓ બહારની તરફ એક સાથે બલિપિંડ નાંખે છે. તે દરેક દેવ તે ચારેય બલિપિંડ ભૂમિ ઉપર પડ્યા પહેલા ગ્રહણ કરવા સમર્થ છે. તે ગતિથી તે છએ દેવો છ દિશામાં જાય છે. તે વખતે ૧૦૦૦ વર્ષના આયુષ્યવાળો બાળક જન્મે છે. તેના માતા-પિતા મરી જાય છે, તો પણ તે દેવો લોકના છેડાને પામતા નથી. તે બાળક મરી જાય છે, તો પણ તે દેવો લોકના છેડાને પામતા નથી. તે બાળકની સાતમી પેઢી મરી જાય છે, તો પણ તે દેવો લોકના છેડાને પામતા નથી. તે બાળકનું નામ પણ ભૂલાઈ જાય છે, તો પણ તે દેવો લોકના છેડાને પામતા નથી. તે વખતે તેઓ ઘણું ઓળંગી જાય છે, થોડું બાકી છે. તેઓ જેટલું ઓળંગ્યા તેનો અસંખ્યાતમો ભાગ બાકી છે. લોક આટલો મોટો છે.

● **સાત નરકપૃથ્વીઓ-** (સૂત્ર-૩/૧) સાત નરકપૃથ્વીઓના ગોત્ર, નામ, જાડાઈ, લંબાઈ-પહોળાઈ નીચે મુજબ છે. અન્વયવાળુ હોય તે

| નરક-પૃથ્વી | નરકપૃથ્વીનું ગોત્ર | નરકપૃથ્વીનું નામ | નરકપૃથ્વીની જાડાઈ | નરકપૃથ્વીની લંબાઈ-પહોળાઈ |
|---|---|---|---|---|
| ૧લી | રત્નપ્રભા | ઘર્મા | ૧,૮૦,૦૦૦ યોજન | ૧ રજ્જુ |
| ૨જી | શર્કરાપ્રભા | વંશા | ૧,૩૨,૦૦૦ યોજન | ૨ ૧/૨ રજ્જુ |
| ૩જી | વાલુકાપ્રભા | શૈલા | ૧,૨૮,૦૦૦ યોજન | ૪ રજ્જુ |
| ૪થી | પંકપ્રભા | અંજના | ૧,૨૦,૦૦૦ યોજન | ૫ રજ્જુ |
| ૫મી | ધૂમપ્રભા | રિષ્ઠા□ | ૧,૧૮,૦૦૦ યોજન | ૬ રજ્જુ |
| ૬ઠ્ઠી | તમઃપ્રભા | માઘવ્યા$^{\Delta}$ | ૧,૧૬,૦૦૦ યોજન | ૬ ૧/૨ રજ્જુ |
| ૭મી | મહાતમઃપ્રભા⊠ | માઘ્વી⊕ | ૧,૦૮,૦૦૦ યોજન | ૭ રજ્જુ |

□ બૃહત્સંગ્રહણિની ગાથા-૨૩૯ની ટીકામાં આને રિષ્ટા કહી છે.

Δ બૃહત્સંગ્રહણિની ગાથા-૨૩૯માં આને મઘા કહી છે.

⊠ બૃહત્સંગ્રહણિની ગાથા-૨૩૩ની ટીકામાં આને તમસ્તમઃપ્રભા કહી છે.

⊕ બૃહત્સંગ્રહણિની ગાથા-૨૩૯માં આને માઘવતી કહી છે.

ગોત્ર. અન્વય વિનાનું હોય તે નામ. અધોલોકમાં ઊંધા છત્રાતિછત્રના આકારે સાત પૃથ્વીઓ આવેલી છે. નીચે નીચેની નરકપૃથ્વીઓ વધુ વિસ્તારવાળી છે.

આપણે જેની ઉપર રહીએ છીએ તે રત્નપ્રભા પૃથ્વીનું ઉપરનું પડ છે. તેની નીચે ક્રમશઃ સાત નરકપૃથ્વીઓ છે. દરેક નરકપૃથ્વી ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે. ઘનોદધિ ઘનવાત ઉપર પ્રતિષ્ઠિત છે. ઘનવાત તનવાત ઉપર પ્રતિષ્ઠિત છે. તનવાત આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. આકાશ પોતાની ઉપર જ પ્રતિષ્ઠિત છે. ઘનોદધિની વચ્ચે જાડાઈ ૨૦,૦૦૦ યોજન છે. ઘનવાતની વચ્ચે જાડાઈ અસંખ્ય હજાર યોજન છે. તનવાતની વચ્ચે જાડાઈ અસંખ્ય હજાર યોજન છે. આકાશની જાડાઈ અસંખ્ય કોટાકોટી યોજન છે. ઘનોદધિ-ઘનવાત-તનવાતના વલયો દરેક નરકપૃથ્વીને વીંટીને નરકપૃથ્વીના છેડે એકદમ પાતળા થઈ જાય છે. વલયોથી વીંટાયેલી નરકપૃથ્વી અલોકને સ્પર્શતી નથી. દરેક નરકપૃથ્વીના છેડે તે વલયોની જાડાઈ આ પ્રમાણે છે -

| નરકપૃથ્વી | નરકપૃથ્વીના છેડે | | | નરકપૃથ્વીનું અલોકથી અંતર |
|---|---|---|---|---|
| | ઘનોદધિની જાડાઈ | ઘનવાતની જાડાઈ | તનવાતની જાડાઈ | |
| ૧લી | ૬ યોજન | $૪\frac{૧}{૨}$ યોજન | ૧ યોજન ૨ ગાઉ | ૧૨ યોજન |
| ૨જી | ૬ યોજન $૧\frac{૧}{૩}$ ગાઉ | $૪\frac{૩}{૪}$ યોજન | ૧ યોજન $૨\frac{૧}{૩}$ ગાઉ | ૧૨ યોજન $૨\frac{૨}{૩}$ ગાઉ |
| ૩જી | ૬ યોજન $૨\frac{૨}{૩}$ ગાઉ | ૫ યોજન | ૧ યોજન $૨\frac{૨}{૩}$ ગાઉ | ૧૩ યોજન $૧\frac{૧}{૩}$ ગાઉ |
| ૪થી | ૭ યોજન | $૫\frac{૧}{૪}$ યોજન | ૧ યોજન ૩ ગાઉ | ૧૪ યોજન |
| ૫મી | ૭ યોજન $૧\frac{૧}{૩}$ ગાઉ | $૫\frac{૧}{૨}$ યોજન | ૧ યોજન $૩\frac{૧}{૩}$ ગાઉ | ૧૪ યોજન $૨\frac{૨}{૩}$ ગાઉ |
| ૬ઠ્ઠી | ૭ યોજન $૨\frac{૨}{૩}$ ગાઉ | $૫\frac{૩}{૪}$ યોજન | ૧ યોજન $૩\frac{૨}{૩}$ ગાઉ | ૧૫ યોજન $૧\frac{૧}{૩}$ ગાઉ |
| ૭મી | ૮ યોજન | ૬ યોજન | ૨ યોજન | ૧૬ યોજન |

ઉપરથી નીચે જતા રત્નપ્રભા પૃથ્વીના ક્રમશઃ ત્રણ કાંડ છે. તે આ પ્રમાણે-

**૧) ખરપૃથ્વીકાંડ** - તે ૧૬,૦૦૦ યોજન જાડો છે. તેમાં ૧,૦૦૦-૧,૦૦૦ યોજનના ૧૬ કાંડ છે. તે આ પ્રમાણે -

| | | |
|---|---|---|
| (૧) રત્નકાંડ | (૬) હંસગર્ભકાંડ | (૧૧) પુલકકાંડ |
| (૨) વજ્રકાંડ | (૭) પુલકકાંડ | (૧૨) રજતકાંડ |
| (૩) વૈડૂર્યકાંડ | (૮) સૌગન્ધિકકાંડ | (૧૩) જાતરૂપકાંડ |
| (૪) લોહિતાક્ષકાંડ | (૯) જ્યોતિરસકાંડ | (૧૪) અંકકાંડ |
| (૫) મસારગલ્લકાંડ | (૧૦) અંજનકાંડ | (૧૫) સ્ફટિકકાંડ |
| | | (૧૬) અરિષ્ટકાંડ |

**૨) પંકબહુલકાંડ** - તે ૮૪,૦૦૦ યોજન જાડો છે. તેમાં કાદવની બહુલતા હોય છે.

**૩) જલબહુલકાંડ** - તે ૮૦,૦૦૦ યોજન જાડો છે. તેમાં પાણીની બહુલતા હોય છે.

શર્કરાપ્રભામાં કાંકરાની બહુલતા છે.

વાલુકાપ્રભામાં રેતીની બહુલતા છે.

પંકપ્રભામાં કાદવની બહુલતા છે.

ધૂમપ્રભામાં ધૂમાડાની બહુલતા છે.

તમઃપ્રભામાં અંધકારની બહુલતા છે.

મહાતમઃપ્રભામાં અત્યંત અંધકારની બહુલતા છે.

● **નરકાવાસ**- પહેલી છ પૃથ્વીઓમાં ઉપર-નીચે ૧,૦૦૦ - ૧,૦૦૦ યોજન છોડી વચ્ચેના ક્ષેત્રમાં નરકાવાસ છે. સાતમી પૃથ્વીમાં

ઉપર-નીચે ૫૨,૫૦૦ - ૫૨,૫૦૦ યોજન છોડી વચ્ચેના ૩,૦૦૦ યોજનમાં નરકાવાસ છે. (સૂત્ર-૩/૨)

નારકીઓને રહેવાના સ્થાન તે નરકાવાસ. નરકાવાસો અસ્ત્રા આકારના વજ્રના તળિયાવાળા, અત્યંત ગાઢ અંધકારના સમૂહથી ભરેલા, સર્પ-બિલાડી વગેરેના મડદાની ગંધ જેવી ગંધવાળા, કરવત-શક્તિ-ભાલા-ત્રિશૂલના અગ્રભાગના સ્પર્શ જેવા સ્પર્શવાળા છે. બધા નરકાવાસો ૩,૦૦૦ યોજન ઊંચા હોય છે. નીચે ૧,૦૦૦ યોજન ઘન પૃથ્વીરૂપ પીઠ હોય છે, વચ્ચે ૧,૦૦૦ યોજન પોલા હોય છે અને ઉપર ચૂલિકા સુધી ૧,૦૦૦ યોજન સાંકડા હોય છે.

| **નરકપૃથ્વી** | **નરકાવાસોનું ક્ષેત્ર** | **પ્રતર** | **બે પ્રતર વચ્ચેનું અંતર** |
|---|---|---|---|
| ૧લી | ૧,૭૮,૦૦૦ યોજન | ૧૩ | ૧૧,૫૮૩ $\frac{૧}{૩}$ યોજન |
| ૨જી | ૧,૩૦,૦૦૦ યોજન | ૧૧ | ૯,૭૦૦ યોજન |
| ૩જી | ૧,૨૬,૦૦૦ યોજન | ૯ | ૧૨,૩૭૫ યોજન |
| ૪થી | ૧,૧૮,૦૦ યોજન | ૭ | ૧૬,૧૬૬ $\frac{૨}{૩}$ યોજન |
| ૫મી | ૧,૧૬,૦૦૦ યોજન | ૫ | ૨૫,૨૫૦ યોજન |
| ૬ઠ્ઠી | ૧,૧૪,૦૦૦ યોજન | ૩ | ૫૨,૫૦૦ યોજન |
| ૭મી | ૩,૦૦૦ યોજન | ૧ | - |

પ્રતર એટલે ઉપરાઉપરી માળ.

$$\text{બે પ્રતર વચ્ચેનું અંતર} = \frac{\text{નરકાવાસોનું ક્ષેત્ર} - (\text{પ્રતર} \times ૩૦૦૦)}{(\text{પ્રતર} - ૧)}$$

નરકાવાસો બે પ્રકારના છે -

(૧) **આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ** - પંક્તિમાં રહેલા નરકાવાસ તે આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ. તે ગોળ, ત્રિકોણ અને ચોરસ હોય છે.

(૨) **પુષ્પાવકીર્ણ નરકાવાસ** – પુષ્પોની જેમ છૂટા-છવાયા રહેલા નરકાવાસ તે પુષ્પાવકીર્ણ નરકાવાસ. તે વિવિધ આકારના હોય છે.

દરેક પ્રતરની મધ્યમાં ગોળાકાર ઈન્દ્રક નરકાવાસ હોય છે. ત્યાર પછી દિશા-વિદિશામાં ક્રમશઃ ત્રિકોણ, ચોરસ, ગોળ, ત્રિકોણ, ચોરસ, ગોળ એ ક્રમે નરકાવાસો હોય છે. રત્નપ્રભાના પહેલા પ્રતરમાં ચાર દિશામાં ૪૯-૪૯ નરકાવાસો અને ચાર વિદિશામાં ૪૮-૪૮ નરકાવાસો હોય છે. નીચે-નીચેના પ્રતરોમાં દિશા-વિદિશામાંથી અંતિમ ૧-૧ નરકાવાસ ઓછો થાય છે. સાતમી નરકપૃથ્વીમાં દિશામાં ૧-૧ નરકાવાસ છે અને વિદિશામાં નરકાવાસ નથી. સાતમી નરકપૃથ્વીના નરકાવાસ - પૂર્વમાં કાલ, પશ્ચિમમાં મહાકાલ, દક્ષિણમાં રૌરવ□, ઉત્તરમાં મહારૌરવΔ, વચ્ચે અપ્રતિષ્ઠાન.

| **નરકપૃથ્વી** | **આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ** | **પુષ્પાવકીર્ણ નરકાવાસ** | **કુલ નરકાવાસ** |
|---|---|---|---|
| ૧લી | ૪,૪૩૩ | ૨૯,૯૫,૫૬૭ | ૩૦,૦૦,૦૦૦ |
| ૨જી | ૨,૬૯૫ | ૨૪,૯૭,૩૦૫ | ૨૫,૦૦,૦૦૦ |
| ૩જી | ૧,૪૮૫ | ૧૪,૯૮,૫૧૫ | ૧૫,૦૦,૦૦૦ |
| ૪થી | ૭૦૭ | ૯,૯૯,૨૯૩ | ૧૦,૦૦,૦૦૦ |
| ૫મી | ૨૬૫ | ૨,૯૯,૭૩૫ | ૩,૦૦,૦૦૦ |
| ૬ઠ્ઠી | ૬૩ | ૯૯,૯૩૨ | ૯૯,૯૯૫ |
| ૭મી | ૫ | - | ૫ |
| કુલ | ૯,૬૫૩ | ૮૩,૯૦,૩૪૭ | ૮૪,૦૦,૦૦૦ |

□ બૃહત્સંગ્રહણિની ગાથા-૨૫૫ની ટીકામાં આને રોરુક કહ્યો છે.
Δ બૃહત્સંગ્રહણિની ગાથા-૨૫૫ની ટીકામાં આને મહારોરુક કહ્યો છે

# નરકના એક પ્રતરના નરકાવાસો



આવલિકાપ્રવિષ્ટ નરકાવાસોમાં ગોળ, ત્રિકોણ, ચોરસ નરકાવાસોની સંખ્યા જાણવા **દેવેન્દ્રનરકેન્દ્રપ્રકરણ, બૃહત્સંગ્રહણિ, સંગ્રહણિસૂત્ર** વગેરે શાસ્ત્રો જોવા.

રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસો અશુભ છે. નીચે નીચેની નરકપૃથ્વીના નરકાવાસો વધુ ને વધુ અશુભ છે.

● **નરકમાં લેશ્યા** - (સૂત્ર-૩/૩) કૃષ્ણાદિ દ્રવ્યોના સાંનિધ્યથી આત્મામાં ઊભો થતો પરિણામ તે લેશ્યા. તેમાં કૃષ્ણાદિ દ્રવ્યો તે દ્રવ્યલેશ્યા છે અને પરિણામ તે ભાવલેશ્યા છે. લેશ્યાઓ છ પ્રકારની છે. તે આ પ્રમાણે -

(૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા (૩) કાપોતલેશ્યા (૪) તેજોલેશ્યા (૫) પદ્મલેશ્યા (૬) શુક્લલેશ્યા.

લેશ્યાના સ્વરૂપને સમજવા જાંબૂ ખાવા ઈચ્છતા છ મનુષ્યોનું દૃષ્ટાંત ઉપયોગી છે. તે આ પ્રમાણે -

છ મનુષ્યોને જાંબૂ ખાવાની ઈચ્છા થઈ. તેઓ જાંબૂના ઝાડ પાસે ગયા. પહેલા મનુષ્યે વિચાર્યું કે, 'જાંબૂના ઝાડને મૂળમાંથી ઉખેડી નાંખીએ.' બીજા મનુષ્યે વિચાર્યું કે, 'માત્ર મોટી ડાળીઓ તોડીએ.' ત્રીજા મનુષ્યે વિચાર્યું કે, 'માત્ર નાની ડાળીઓ તોડીએ.' ચોથા મનુષ્યે વિચાર્યું કે, 'માત્ર જાંબૂના ઝુમખા તોડીએ.' પાંચમા મનુષ્યે વિચાર્યું કે, 'માત્ર જાંબૂ તોડીએ.' છઠ્ઠા મનુષ્યે વિચાર્યું કે, 'નીચે પડેલા જાંબૂ ખાઈએ.'

પહેલા મનુષ્ય જેવા અત્યંત ક્રૂર પરિણામ તે કૃષ્ણલેશ્યા. બીજા મનુષ્ય જેવા કંઈક ઓછા ક્રુર પરિણામ તે નીલલેશ્યા. ત્રીજા મનુષ્ય જેવા તેનાથી કંઈક ઓછા ક્રુર પરિણામ તે કાપોતલેશ્યા. ચોથા મનુષ્ય જેવા કંઈક સારા પરિણામ તે તેજોલેશ્યા. પાંચમા મનુષ્ય જેવા વધુ સારા પરિણામ તે પદ્મલેશ્યા. છઠ્ઠા મનુષ્ય જેવા શ્રેષ્ઠ પરિણામ તે શુક્લલેશ્યા.

નારકીઓની લેશ્યા નિરંતર અશુભ હોય છે. (સૂત્ર-૩/૩) નરકપૃથ્વીમાં દ્રવ્યલેશ્યા આ પ્રમાણે હોય છે -

| **નરકપૃથ્વી** | **લેશ્યા** |
|---|---|
| ૧લી | કાપોત લેશ્યા (તીવ્ર) |
| ૨જી | કાપોત લેશ્યા (તીવ્રતર) |
| ૩જી | પ્રથમ પ્રતરમાં કાપોત લેશ્યા (તીવ્રતમ)<br>શેષ પ્રતરોમાં નીલ લેશ્યા (તીવ્ર) |
| ૪થી | નીલ લેશ્યા (તીવ્રતર) |
| ૫મી | પ્રથમ પ્રતરમાં નીલ લેશ્યા (તીવ્રતમ)<br>શેષ પ્રતરોમાં કૃષ્ણ લેશ્યા (તીવ્ર) |
| ૬ઠ્ઠી | કૃષ્ણ લેશ્યા (તીવ્રતર) |
| ૭મી | કૃષ્ણ લેશ્યા (તીવ્રતમ) |

ભાવલેશ્યા નારકીઓને છએ હોઈ શકે.

- **નરકમાં ૧૦ પ્રકારનો પુદ્ગલપરિણામ** - (સૂત્ર-૩/૩)

નરકમાં પુદ્ગલોનો દશ પ્રકારનો પરિણામ નિરંતર અશુભ હોય છે.

૧) **સ્પર્શ** - નરકમાં પુદ્ગલોનો સ્પર્શ વિંછીના ડંખ, કપિકચ્છૂલતા, અંગારાના સ્પર્શ કરતાં વધુ દુઃખદાયી હોય છે.

૨) **રસ** - નરકમાં પુદ્ગલોનો રસ લીંબડા, ઘોષાતકી (એક પ્રકારની વનસ્પતિ)ના રસ કરતા વધુ કડવો હોય છે.

૩) **ગંધ** - નરકમાં પુદ્ગલોની ગંધ કૂતરા, બિલાડા વગેરેના મડદાની ગંધ કરતાં પણ ખરાબ હોય છે.

૪) **વર્ણ** - નરકમાં પુદ્ગલોનો વર્ણ અત્યંત કાળો હોય છે. તે ભયાનક અને ત્રાસદાયક હોય છે.

૫) **શબ્દ** - નરકમાં પુદ્ગલોનો શબ્દ કર્કશ અને નિષ્ઠુર હોય છે.

૬) **સંસ્થાન** - નરકાવાસોની આકૃતિ અને નારકીઓની આકૃતિ (અત્યંત હુંડક સંસ્થાન) અત્યંત ઉદ્વેગ કરાવનાર હોય છે.

૭) **ભેદ** - શરીર, નરકની દિવાલ વગેરેમાંથી ખરતા પુદ્ગલોનો પ્રહાર શસ્ત્રોના પ્રહાર કરતા પણ વધુ પીડાકારી હોય છે.

૮) **ગતિ** - અશુભ વિહાયોગતિ નામકર્મના ઉદયથી નારકીઓની ગતિ ઊંટ, પતંગિયા વગેરેની જેમ અશુભ હોય છે.

૯) **બંધ** - નરકમાં શરીર વગેરેની સાથે સંબંધમાં આવતા પુદ્ગલોનો પરિણામ મહાગ્નિના સંબંધ કરતા પણ વધુ વેદનાવાળો હોય છે.

૧૦) **અગુરુલઘુ** - બધા જીવોના શરીર પોતાનાથી ગુરુ પણ નથી અને લઘુ પણ નથી. એટલે અગુરુલઘુ પરિણામવાળા છે. નરકમાં તે અગુરુલઘુ પરિણામ અનેક દુ:ખોના આશ્રયરૂપ હોવાથી અનિષ્ટ હોય છે.

● **નરકમાં જીવોના શરીર અને તેમની અવગાહના** - (સૂત્ર-૩/૩)

નરકમાં જીવોના શરીર અશુભ નામકર્મના ઉદયથી અશુભ અંગોપાંગવાળા હોય છે. શરીરના બધા અવયવો પ્રમાણ વિનાના હોય છે. શરીર હુંડકસંસ્થાનવાળા હોય છે. તે પીંછા વિનાના પક્ષીના શરીરની જેમ બિભત્સ હોય છે. તે ભયાનક, દુ:ખયુક્ત અને અશુચિથી ભરેલા હોય છે. નીચે નીચેની પૃથ્વીઓમાં શરીર વધુ ને વધુ અશુભ હોય છે.

નારકીઓનું શરીર બે પ્રકારનું હોય છે - ભવધારણીય અને ઉત્તરવૈક્રિય.

દરેક પ્રતરે નારકીઓના શરીરની અવગાહના **બૃહત્સંગ્રહણિ** વગેરેમાંથી જાણી લેવી.

## સાત નરકપૃથ્વીઓમાં શરીરની અવગાહના

| નરક-પૃથ્વી | ભવધારણીય શરીરની અવગાહના | | | | ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | | |
| | | ધનુષ્ય | હાથ | અંગુલ | | ધનુષ્ય | હાથ | અંગુલ |
| ૧લી | અંગુલ/અસંખ્ય | ૭ | ૩ | ૬ | અંગુલ/સંખ્યાત | ૧૫ | ૨ | ૧૨ |
| ૨જી | અંગુલ/અસંખ્ય | ૧૫ | ૨ | ૧૨ | અંગુલ/સંખ્યાત | ૩૧ | ૧ | - |
| ૩જી | અંગુલ/અસંખ્ય | ૩૧ | ૧ | - | અંગુલ/સંખ્યાત | ૬૨ | ૨ | - |
| ૪થી | અંગુલ/અસંખ્ય | ૬૨ | ૨ | - | અંગુલ/સંખ્યાત | ૧૨૫ | - | - |
| ૫મી | અંગુલ/અસંખ્ય | ૧૨૫ | - | - | અંગુલ/સંખ્યાત | ૨૫૦ | - | - |
| ૬ઠ્ઠી | અંગુલ/અસંખ્ય | ૨૫૦ | - | - | અંગુલ/સંખ્યાત | ૫૦૦ | - | - |
| ૭મી | અંગુલ/અસંખ્ય | ૫૦૦ | - | - | અંગુલ/સંખ્યાત | ૧૦૦૦ | - | - |

• નરકમાં વેદના - (સૂત્ર-૩/૩)

| **નરકપૃથ્વી** | **વેદના** |
|---|---|
| ૧લી | ઉષ્ણવેદના |
| ૨જી | ઉષ્ણવેદના (તીવ્રતર) |
| ૩જી | ઉષ્ણવેદના (તીવ્રતમ) |
| ૪થી | ઉપરના ઘણા નરકાવાસોમાં ઉષ્ણવેદના, નીચેના થોડા નરકાવાસોમાં શીતવેદના |
| ૫મી | ઉપરના ઘણા નરકાવાસોમાં શીતવેદના, નીચેના થોડા નરકાવાસોમાં ઉષ્ણવેદના |
| ૬ઠ્ઠી | શીતવેદના (તીવ્રતર) |
| ૭મી | શીતવેદના (તીવ્રતમ) |

**ઉષ્ણવેદના** - ભર ઉનાળામાં, પિત્તના પ્રકોપવાળા, ચારે બાજુ અગ્નિથી ઘેરાયેલા, છત્ર વિનાના મનુષ્યને બપોરે પવન વિનાના, વાદળ વિનાના આકાશમાં જેવું ઉષ્ણવેદનાનું દુઃખ હોય છે, તેના કરતાં અનંતગુણ ઉષ્ણવેદનાનું દુઃખ ઉષ્ણવેદનાવાળી નરકોમાં નારકીઓને હોય છે.

જો તે નારકીને ત્યાંથી ઉપાડીને અહીં સળગતા અંગારાના મોટા ઢગલા ઉપર મૂકવામાં આવે તો તે તેને અત્યંત ઠંડા, મૃદુ પવનવાળા શીતળ છાંયડાની જેમ માની અનુપમ સુખ પામે અને ઊંઘી જાય.

**શીતવેદના** - બરફના કણિયાથી લેપાયેલા શરીરવાળા, અગ્નિ-આશ્રય-વસ્ત્ર વિનાના મનુષ્યને પોષ-મહા મહિનાની કડકડતી ઠંડીવાળી

રાતે પ્રતિસમય વધુ ને વધુ ઠંડો પવન વાતે છતે જેવુ ઠંડીનું દુઃખ હોય તેના કરતાં અનંતગુણ ઠંડીનું દુઃખ શીતવેદનાવાળી નરકોમાં નારકીઓને હોય છે.

જો તે નારકીને ત્યાંથી ઉપાડીને મહા મહિનાની કડકડતી ઠંડીવાળી રાતે ખુલ્લા આકાશમાં પવન વાતે છતે બરફના મોટા ઢગલા ઉપર મૂકવામાં આવે તો તે ત્યાં સુખ પામે અને ઊંઘી જાય.

• **નરકમાં વિક્રિયા** - (સૂત્ર-૩/૩)

નરકમાં વિક્રિયા અત્યંત અશુભ હોય છે. નારકીઓ શુભ વિકુર્વીશું એમ વિચારી વિકુર્વે પણ અત્યંત અશુભ જ વિકુર્વે. દુઃખથી હણાયેલા નારકીઓ દુઃખનો પ્રતિકાર કરવા ઈચ્છે, પણ તેઓ દુઃખના હેતુઓને જ વિકુર્વે.

• **નરકમાં ત્રણ પ્રકારની વેદના** -

**૧) ક્ષેત્રસ્વભાવજનિત વેદના** - નરકમાં નારકીને દશ પ્રકારની ક્ષેત્રસ્વભાવજનિત વેદના હોય છે -

(૧) **શીત** - તે પૂર્વે કહી છે.

(૨) **ઉષ્ણ** - તે પૂર્વે કહી છે.

(૩) **ભૂખ** - નિરંતર જેમાં સૂકુ ઈંધન નંખાઈ રહ્યું છે એવા અગ્નિ જેવા ક્ષુધાગ્નિથી પીડાતા નારકીઓ પ્રતિસમય આહાર કરે છે. તેઓ બધા પુદ્ગલોને વાપરે તો ય તૃપ્તિ ન થાય, પણ તેમની ભૂખ વધે. આવા ભૂખના દુઃખથી તેઓ પીડાય છે.

(૪) **તરસ** - હંમેશા લાગેલી તરસથી સુકાતા કંઠ, હોઠ, તાળવું, જીભવાળા નારકીઓ બધા સમુદ્રોને પી જાય તો પણ તેમને તૃપ્તિ ન થાય, પણ તેમની તરસ વધે. આવા તરસના દુઃખથી નારકીઓ પીડાય છે.

**(૫) ખંજવાળ** - છરીથી ખંજવાળવા છતા મટે નહીં તેવી ખંજવાળ નરકમાં નારકીઓને હોય છે.

**(૬) પરવશતા** - પરાધીનપણું. નરકમાં પરાધીનપણું પણ પાર વગરનું હોય છે.

**(૭) તાવ** - જીવનભર અહીંના તાવ કરતા અનંતગુણ તાવ હોય છે.

**(૮) દાહ** - અહીંના દાહ કરતા અનંતગુણ દાહ હોય છે.

**(૯) ભય** - અહીંના ભય કરતા અનંતગુણ ભય હોય છે.

**(૧૦) શોક** - અહીંના શોક કરતા અનંતગુણ શોક હોય છે.

નારકીઓનું વિભંગજ્ઞાન કે અવધિજ્ઞાન પણ તેમના દુઃખનું કારણ બને છે. તેઓ દૂરથી જ પરમાધામી, બીજા નારકીઓ, શસ્ત્ર વગેરે દુઃખના હેતુઓને આવતાં જુએ છે અને ભયથી કંપે છે.

**૨) પરસ્પરોદીરિત વેદના**- (સૂત્ર-૩/૪) જન્મજાત વૈરવાળા કાગડો-ઘૂવડ, સર્પ-નોળિયો વગેરેની જેમ નારકીઓ એકબીજા ઉપર પ્રહાર કરે છે. જેમ નવા કૂતરાને જોઈ કૂતરો તેની ઉપર પ્રહાર કરે છે, તેમ એક નારકી બીજા નારકી ઉપર પ્રહાર કરે છે. તે પ્રહાર બે રીતે કરે છે -

**(૧) શરીરથી** - હાથ, પગ, દાંત વગેરેથી.

**(૨) શસ્ત્રથી** - પૃથ્વીના પરિણામથી જનિત શિલા, કુહાડી, ભાલા, ત્રિશૂલ વગેરેથી. એકબીજા ઉપર પ્રહાર કર્યા પછી કપાયેલા અંગોવાળા, ચીસો પાડતા, ગાઢ વેદનાવાળા તેઓ કતલખાનાના ઢોરની જેમ લોહીના કાદવમાં આળોટે છે.

**૩) પરમાધામીકૃત વેદના** - (સૂત્ર-૩/૫)

પરમાધામીઓ ભવનપતિના અસુરનિકાયની અંતર્ગત એક પ્રકારના

દેવો છે. તેઓ સંક્લિષ્ટ ચિત્તવાળા હોય છે. તેઓ પૂર્વભવમાં અશુભનો અનુબંધ કરાવનારા બાલતપ અને અકામનિર્જરા કરી દેવાયુષ્ય બાંધી પરમાધામી તરીકે ઉત્પન્ન થાય છે. તેઓ પરભવને જોતા નથી. તેઓ નારકીઓને દુઃખ આપીને આનંદ પામે છે. તેઓ એમ માને છે કે જગતમાં આટલું જ સુખ છે. તેઓ ૧૫ પ્રકારના છે. તેમના નામ અને તેમના વડે નારકીઓને કરાતી પીડા આ પ્રમાણે છે -

**૧૫ પ્રકારના પરમાધામી -**

૧) **અંબ** - તે નારકીઓને આકાશમાં લઈ જઈને છોડી દે છે.

૨) **અંબરીષ** - તે હણાયેલા નારકીઓના કાતરથી ટુકડા કરીને તેમને ભઠ્ઠીમાં પકાવવા યોગ્ય કરે છે.

૩) **શ્યામ** - તે દોરડા, હાથ વગેરેના પ્રહારથી નારકીઓને મારે છે, પાડે છે. તે વર્ણથી શ્યામ હોય છે.

૪) **શબલ** - તે નારકીઓના આંતરડા, ચરબી, હૃદય, કાળજા વગેરેને ખેંચી કાઢે છે. તેનો વર્ણ કાબરચીતરો હોય છે.

૫) **રુદ્ર** - તે નારકીઓને શક્તિ, ભાલા વગેરેમાં પરોવે છે.

૬) **ઉપરુદ્ર** - તે નારકીઓના અંગોપાંગ ભાંગે છે.

૭) **કાલ** - તે નારકીઓને લોઢી ઉપર રાંધે છે. તેનો વર્ણ કાળો છે.

૮) **મહાકાલ** - તે નારકીઓના શરીરમાંથી માંસના નાના ટુકડા કાપીને તેમને ખવડાવે છે. તેનો વર્ણ અત્યંત કાળો છે.

૯) **અસિ**□ - તે તલવારથી નારકીઓને છેદે છે.

□ **પ્રવચનસારોદ્ધારમાં ૧૮૦મા દ્વારમાં** 'અસિ'ની બદલે 'ધનુ' નામના પરમાધામી કહ્યા છે. ધનુષ્યમાંથી છોડાયેલા અર્ધચંદ્ર વગેરે બાણો વડે નારકીઓના કાન વગેરેનું છેદન-ભેદન કરે તે ધનુ.

૧૦) **અસિપત્ર** - તે અસિપત્રોનું વન વિકુર્વીને તેમાં આવેલા નારકીઓ ઉપર અસિપત્રો પાડીને તેમના તલ જેવડા ટુકડા કરે છે.

૧૧) **કુંભી** - તે કુંભી વગેરેમાં નારકીઓને રાંધે છે.

૧૨) **વાલુક** - તે કદંબના પુષ્પના આકારની કે વજ્રના આકારની તપેલી વૈક્રિય રેતીમાં નારકીઓને ચણાની જેમ પકાવે છે.

૧૩) **વૈતરણી** - તે ખૂબ ગરમ એવા પરુ, લોહી, સીસુ, તાંબુ વગેરેથી ભરેલી વૈતરણી નદી વિકુર્વીને નારકીઓને તેમાં તરાવીને તેમને હેરાન કરે છે.

૧૪) **ખરસ્વર** - તે વજ્રના કાંટાવાળા શાલ્મલી વૃક્ષ ઉપર નારકીને ચડાવીને કર્કશ અવાજ કરનારા તેમને કર્કશ અવાજ કરીને ખેંચે છે.

૧૫) **મહાઘોષ** - તે ડરેલા, ભાગતા અને મોટો અવાજ કરનારા નારકીઓને પશુઓની જેમ વાડામાં પૂરે છે.

**પરમાધામી વડે નારકીને કરાતી પીડા -**

૧) નારકીને તપેલા સીસાનો રસ પીવડાવે.
૨) નારકીને તપેલા લોઢાના થાંભલા સાથે આલિંગન કરાવે.
૩) નારકીને શાલ્મલીવૃક્ષના અગ્રભાગ ઉપર ચઢાવે.
૪) નારકી ઉપર લોઢાના ઘનથી ઘાત કરે.
૫) નારકીને રંધો, અસ્ત્રો વગેરેથી છોલી તેના ઉપર તપેલા ખારા તેલનો અભિષેક કરે.
૬) નારકીને લોઢાના ભાલામાં પરોવે.
૭) નારકીને ભઠ્ઠીમાં ભૂંજે.
૮) નારકીને તલની જેમ યંત્રમાં પીલે.
૯) નારકીને કરવતથી કાપે.

૧૦) વૈક્રિય સિંહ, વાઘ, ચિત્તા, શિયાળ, ગીધ, કાગડા, ઘૂવડ, બાજ વગેરેને વિકુર્વીને તેનાથી નારકીને અનેક રીતે હેરાન કરે.
૧૧) તપેલી રેતીમાં નારકીને ઊભા રાખે.
૧૨) નારકીને અસિપત્રવનમાં પ્રવેશ કરાવે.
૧૩) નારકીને વૈતરણી નદીમાં ઉતારે.
૧૪) નારકીઓને પરસ્પર યુદ્ધ કરાવે.
૧૫) નારકીઓને કુંભીમાં પકાવે.
૧૬) નારકીને અંગારાથી બાળે.
૧૭) નારકી પાસે ભાર ઉંચકાવે.
૧૮) સોય વગેરેથી નારકીને ખેંચે.

**પરમાધામી દેવોનું ભાવિ -**

પરમાધામી દેવો અનંત પાપો એકઠા કરીને મૃત્યુ પામીને અંડગોલીક મનુષ્યો (જલચર મનુષ્યો) તરીકે ઉત્પન્ન થાય છે.

જ્યાં સિંધુ નદી લવણ સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાંથી દક્ષિણ દિશામાં પંચાવન યોજન જતાં સાડા બાર યોજનનું વેદિકા(કિલ્લા જેવું)થી વીંટળાયેલું એક ભયંકર સંતાપ આપનાર સ્થળ છે. એમાં સુડતાલીસ અતિ અંધકારમય ગુફાઓ છે. પરમાધામી દેવો પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને આ ગુફાઓમાં મનુષ્યપણાને પામે છે.

તેઓ પ્રથમ સંઘયણવાળા, ક્રુર પરાક્રમવાળા, મદ્ય, માંસ અને સ્ત્રીઓમાં લોલુપી હોય છે. વળી તેઓ ખરાબ વર્ણવાળા, કઠણ સ્પર્શવાળા, ભયંકર દષ્ટિવાળા, સાડા બાર હાથ ઊંચાઈવાળા અને સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા હોય છે. તેઓ દુઃખપૂર્વક જીવન જીવનારા હોય છે. તેમના શરીરમાં રહેલી અંડગોળીઓનો પ્રભાવ એવો હોય છે કે તેને પાસે રાખીને કોઈ પણ મનુષ્ય સમુદ્રમાં ઊતરે તો મગરાદિ ક્રુર

જળચર પ્રાણીઓ તે મનુષ્યને કંઈ પણ કરે નહીં. આ અંડગોળીઓના કારણે એ મનુષ્યોને અંડગોલિક મનુષ્યો કહેવાય છે.

હવે આ સંતાપદાયક સ્થળથી ૩૧ યોજન દૂર લવણ સમુદ્રમાં જ રત્નદ્વીપ નામનો દ્વીપ આવેલો છે. અહીં રત્નના વેપારીઓ વસે છે. તેઓને સમુદ્રમાંથી રત્ન પ્રાપ્ત કરવા માટે મગરમચ્છાદિથી રક્ષણ માટે અંડગોલિક પુરુષોની અંડગોળીઓની જરૂર રહે છે, પણ આ અંડગોલિક મનુષ્યો એટલા બધા ક્રૂર છે કે તેઓ તો રત્નદ્વીપના મનુષ્યોને જીવતા જ ચાવી જાય તેવા છે. એટલે આ રત્નદ્વીપના મનુષ્યો અંડગોળીઓ મેળવવા યુક્તિ કરે છે. તેઓ યાંત્રિક ઘંટીઓને મદ્ય-માંસથી લીપે છે. વળી ઘંટીઓ ઉપર મદ્ય-માંસના ઢગલા કરે છે. આ યાંત્રિક ઘંટીઓ તથા મદ્ય-માંસના તુંબડાઓ ભરેલા વહાણો પણ લઈ તેઓ સમુદ્રમાં જાય છે. ત્યાં નજીક જઈને તેઓ આ અંડગોલિક મનુષ્યોને મદ્ય-માંસથી લલચાવે છે. મદ્ય-માંસની લાલચથી તેઓ તેમની પાછળ આવતા યાંત્રિક ઘંટીઓમાં આવી જાય છે. બે, ત્રણ દિવસ સુધી તેઓ નિરાંતે માંસ ખાય છે. ત્યાં તો રત્નદ્વીપના શસ્ત્રસજ્જ સુભટો આવીને તે ઘંટીઓને ઘેરી લે છે. તેઓ ઘંટીઓ ચાલુ કરી દે છે. આ અંડગોલિક મનુષ્યો જીવતા આ ઘંટીમાં દળાય છે. એક વર્ષ સુધી સતત દળાતા, ઘોર દુઃખો સહન કરતા વર્ષના અંતે તેઓ મૃત્યુ પામે છે અને લગભગ નરકમાં નારકી તરીકે ઉત્પન્ન થાય છે, કેમકે ઘંટી વચ્ચે દળાતા દુઃખો ભોગવતી વખતે તેઓને ઘોર રૌદ્રધ્યાન હોય છે. જેમ તેઓએ પૂર્વભવમાં બીજા નારકીઓને દુઃખ આપ્યું હતું તેવું દુઃખ તેઓ હવે નારકી થઈને ભોગવે છે.

રત્નદ્વીપના માણસો અંડગોલીક મનુષ્યોના શરીરમાંથી તે અંડગોળીઓ કાઢીને તેમને ચમરી ગાયની પૂંછડીના વાળમાં ગૂંથીને બે કાનમાં બાંધીને સમુદ્રમાં જાય છે. આથી કરચલા, મગરો વગેરે ક્રુર જળચર જીવો તેમને પીડા ઉત્પન્ન કરી શકતા નથી.

**• કઈ નરકપૃથ્વીમાં કેટલા પ્રકારની વેદના હોય ?**

| નરકપૃથ્વી | વેદના |
|---|---|
| ૧લી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત |
| ૨જી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત |
| ૩જી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત |
| ૪થી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત |
| ૫મી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત |
| ૬ઠ્ઠી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત |
| ૭મી | ક્ષેત્રસ્વભાવજનિત, પરસ્પરોદીરિત |

છઠ્ઠી-સાતમી નરકમાં પરસ્પરોદીરિતવેદના શસ્ત્રકૃત ન હોય પણ નારકીઓ વજ્રના મોઢાવાળા કુંથવા વિકુર્વીને એકબીજાને પીડે.

નિરંતર આવું અતિતીવ્ર દુઃખ અનુભવતા નારકીઓ મરવા ઈચ્છે છે, પણ તેઓ અનપવર્તનીય આયુષ્યવાળા હોવાથી તેમનું અકાળે મરણ થતું નથી. ત્યાં તેમને કોઈ શરણરૂપ નથી. ત્યાંથી ભાગી શકાતું નથી. તેમના બળેલા, કપાયેલા, ભેદાયેલા, છેદાયેલા, ઘવાયેલા શરીરો કર્મવશ પાણીમાં કરાયેલી રેખાની જેમ તરત જ રૂઝાઈ જાય છે.

• વૈરાગ્યભાવ વધે તેવા ગ્રંથો- આચારાંગ, ઉત્તરાધ્યયનસૂત્ર, ભગવતીસૂત્ર વગેરે આગમો, ભવભાવના, ઉપમિતિ, અધ્યાત્મસાર, પુષ્પમાળા, ઉપદેશમાળા, સમરાઈચ્ચકહા વગેરેનું વિશેષ વાંચન કરવું. વૈરાગ્યજનક ગ્રંથો ગોખવા, તેમનું પરાવર્તન કરવું, તેમનાથી આત્માને ભાવિત કરવો.

● **નરકમાં આયુષ્ય** - (સૂત્ર-૩/૬, ૪/૪૩, ૪/૪૪)

| **નરકપૃથ્વી** | **જઘન્ય આયુષ્ય** | **ઉત્કૃષ્ટ આયુષ્ય** |
|---|---|---|
| ૧લી | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| ૨જી | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૩જી | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪થી | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫મી | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૬ઠ્ઠી | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૭મી | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

જઘન્ય આયુષ્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યની વચ્ચેનું બધું મધ્યમ આયુષ્ય જાણવું. નરકના દરેક પ્રતરમાં જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય બૃહત્સંગ્રહણિ વગેરેમાંથી જાણી લેવું.

● **કયા જીવો કેટલી નરકપૃથ્વીમાં ઉત્પન્ન થઈ શકે ?**

| **કયા જીવો ?** | **કેટલી નરકપૃથ્વીમાં ઉત્પન્ન થઈ શકે ?** |
|---|---|
| સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ☐ | ૧લી |
| ગર્ભજ ભુજપરિસર્પ | ૧લી, ૨જી |
| ગર્ભજ ખેચર | ૧લી, ૨જી, ૩જી |
| ગર્ભજ ચતુષ્પદ | ૧લી, ૨જી, ૩જી, ૪થી |

☐ સંમૂર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે. એ અવસ્થામાં કાળ કરીને તેઓ નરકમાં જતા નથી. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચની નરકમાં જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમ/અસંખ્ય છે.

| કયા જીવો ? | કેટલી નરકપૃથ્વીમાં ઉત્પન્ન થઈ શકે ? |
|---|---|
| ગર્ભજ ઉરપરિસર્પ | ૧લી, ૨જી, ૩જી, ૪થી, ૫મી |
| ગર્ભજ મનુષ્ય સ્ત્રી | ૧લી, ૨જી, ૩જી, ૪થી, ૫મી, ૬ઠ્ઠી |
| ગર્ભજ જલચર, ગર્ભજ મનુષ્ય પુરુષ | ૧લી, ૨જી, ૩જી, ૪થી, ૫મી, ૬ઠ્ઠી, ૭મી |

દેવો-નારકીઓ નરકમાં ઉત્પન્ન થતા નથી.

## • કઈ નરકપૃથ્વીમાંથી નીકળેલા જીવને કઈ લબ્ધિ પ્રાપ્ત થાય ?

| નરક | કઈ લબ્ધિ પ્રાપ્ત થાય ? |
|---|---|
| ૧લી | ચક્રીપણું, બળદેવપણું, વાસુદેવપણું, તીર્થંકરપણું, મુક્તિ, સંયમ, દેશવિરતિ, મનુષ્યપણું, સમ્યગ્દર્શન |
| ૨જી | બળદેવપણું, વાસુદેવપણું, તીર્થંકરપણું, મુક્તિ, સંયમ, દેશવિરતિ, મનુષ્યપણું, સમ્યગ્દર્શન |
| ૩જી | તીર્થંકરપણું, મુક્તિ, સંયમ, દેશવિરતિ, મનુષ્યપણું, સમ્યગ્દર્શન |
| ૪થી | મુક્તિ, સંયમ, દેશવિરતિ,મનુષ્યપણું, સમ્યગ્દર્શન |
| ૫મી | સંયમ, દેશવિરતિ, મનુષ્યપણું, સમ્યગ્દર્શન |
| ૬ઠ્ઠી | દેશવિરતિ, મનુષ્યપણું, સમ્યગ્દર્શન |
| ૭મી | સમ્યગ્દર્શન |

નરકમાંથી નીકળીને જીવો દેવલોકમાં ઉત્પન્ન થતા નથી.

નરકપૃથ્વીઓમાં દેવોની ઉત્પત્તિ રત્નપ્રભામાં ભવનપતિ-વ્યંતર દેવો તરીકે જ થાય.

નરકપૃથ્વીઓમાં દેવોનું ગમન પહેલી ત્રણ નરકપૃથ્વી સુધી થઈ શકે.

• • •

- સાધુએ સામાન્યથી શરીરની શુશ્રુષા (દબાવડાવવું વગેરે) ન કરાવવી. વિશિષ્ટ કારણે વૃદ્ધ સાધુ પાસે શરીર-શુશ્રુષા કરાવવી.
- સામાન્ય સંયોગોમાં સાધ્વીજી અથવા શ્રાવિકાએ વ્યાખ્યાનના સમય સિવાય સાધુની વસતિમાં આવવું નહીં. એ માટે વ્યાખ્યાન આદિ પ્રસંગે નિષેધ કરવો અને શક્ય પ્રબંધ કરાવવો.
- અસાધારણ સંયોગોમાં, દાખલા તરીકે બહારગામથી કોઈ આવ્યા હોય અથવા આપણે નવા ગામમાં ગયા હોઈએ અને ત્યાં કોઈ આવે તો એકાદ દિવસ વંદન કરવા આવી જાય તો રોકવા નહીં.
- જોગની ક્રિયાઓમાં પણ સાધ્વીજીએ બનતા સુધી શ્રાવિકાને લઈને આવવું. શ્રાવિકાએ ઉપધાનની ક્રિયા પ્રસંગે પુરુષને સાથે લઈને આવવું. સાધુની અકસ્માત-બિમારી જેવા પ્રસંગમાં નિષેધ કરવો નહીં.
- માણસ પોતાના પગરખા કે પાઘડી વચ્ચે સમાઈ જતો નથી, તેની અંદર જે જે શક્તિ, જ્ઞાન અને પ્રેમ રહેલા છે, તે માત્ર અર્થ અને કામ એ બે પુરુષાર્થથી ખીલતાં નથી, ધર્મથી ખીલે છે.

# તિર્ચ્છાલોક પ્રકરણ

તિર્ચ્છાલોકની મધ્યમાં ૧ લાખ યોજન લંબાઈ-પહોળાઈવાળો વૃત્તાકાર જંબૂદ્વીપ છે. તે થાળી આકારનો છે. ત્યાર પછી સ્વયંભૂરમણ સમુદ્ર સુધી બમણી-બમણી પહોળાઈવાળા, પૂર્વ-પૂર્વના દ્વીપ-સમુદ્રને વીંટાયેલા, વલયાકાર, શુભ નામવાળા અસંખ્ય દ્વીપો-સમુદ્રો આવેલા છે. દ્વીપ પછી સમુદ્ર છે, સમુદ્ર પછી દ્વીપ છે. એમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું. (સૂત્ર-૩/૭, ૩/૮)

**કેટલાક દ્વીપો-સમુદ્રોના નામો -**

| | | |
|---|---|---|
| ૧) જંબૂદ્વીપ | ૭) વરુણવરદ્વીપ | ૧૩) ઈક્ષુવર દ્વીપ |
| ૨) લવણોદ સમુદ્ર | ૮) વરુણોદ સમુદ્ર | ૧૪) ઈક્ષુવરોદ સમુદ્ર |
| ૩) ધાતકીખંડ દ્વીપ | ૯) ક્ષીરવર દ્વીપ | ૧૫) નંદીશ્વર દ્વીપ |
| ૪) કાલોદ સમુદ્ર | ૧૦) ક્ષીરોદ સમુદ્ર | ૧૬) નંદીશ્વરોદ સમુદ્ર |
| ૫) પુષ્કરવર દ્વીપ | ૧૧) ઘૃતવર દ્વીપ | ૧૭) અરુણવર દ્વીપ |
| ૬) પુષ્કરોદ સમુદ્ર | ૧૨) ઘૃતોદ સમુદ્ર | ૧૮) અરુણવરોદ સમુદ્ર |

આમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અસંખ્ય દ્વીપો-સમુદ્રો છે.

● **જંબૂદ્વીપ** - જંબૂદ્વીપની ચારે બાજુ ફરતો એક કિલ્લો છે. તેને જગતી કહેવાય છે. તે જગતિની મધ્યમાં ચારે બાજુ ફરતુ એક ગવાક્ષકટક (જાળી) છે. જગતીની ઉપર મધ્યમાં વલયાકારે એક પદ્મવરવેદિકા છે. તે વેદિકાની બહાર અને અંદર વલયાકારે ૧-૧ વનખંડ છે. જગતીની ચારે દિશામાં ૧-૧ દ્વાર છે. તે આ પ્રમાણે - પૂર્વમાં વિજયદ્વાર, ઉત્તરમાં વૈજયંતદ્વાર, પશ્ચિમમાં જયંતદ્વાર અને દક્ષિણમાં અપરાજિતદ્વાર. (સૂત્ર-૩/૯)

● સંપત્તિનો અતિરેક વિપત્તિ છે.

## તિર્ચ્છાલોક


જંબૂ
દ્વીપ
લવણ સમુદ્ર
ધાતકી ખંડ
કાલોદધિ સમુદ્ર
પુષ્કરવર દ્વીપ
પુષ્કરોદ સમુદ્ર
સ્વયંભૂરમણ દ્વીપ
સ્વયંભૂરમણ સમુદ્ર

## જંબૂદ્વીપની જગતી


ઉત્તર
અપરાજિત દ્વાર
વેદીકા
જયંત દ્વાર
પશ્ચિમ
જં બૂ દ્વી પ
પૂર્વ
વિજય દ્વાર
વિસ્તાર
ચાર
વૈજયંત દ્વાર
દક્ષિણ

## આકાશમાંથી દેખાતો જગતી-વેદિકા-વનખંડ તથા ગવાક્ષકટકનો દેખાવ.

૧ વનખંડ

૨ વેદિકા

૩ વનખંડ

૪ ગવાક્ષકટક



જગતીના મધ્યભાગે ગવાક્ષકટકનો દેખાવ



ગવાક્ષકટક બે ગાઉ ઊંચું અને ૫૦૦ ધનુષ્ય વિસ્તારવાળું છે અને સમુદ્ર તરફ છે

● **મેરુપર્વત** - જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત છે. મેરુપર્વત વૃત્તાકાર છે. તે ૧,૦૦૦ યોજન ભૂમિની નીચે અવગાઢ છે અને ૯૯,૦૦૦ યોજન ભૂમિની ઉપર ઊંચો છે. ભૂમિની નીચે જે ૧,૦૦૦ યોજન છે, તેની લંબાઈ-પહોળાઈ ૧૦,૦૦૦□ યોજન છે. મેરુપર્વતના ઉપરીતલની લંબાઈ-પહોળાઈ ૧,૦૦૦ યોજન છે.

મેરુપર્વતના ત્રણ કાંડ છે -

**૧) પહેલો કાંડ** - તેમાં ક્યાંક પૃથ્વી વધુ છે, ક્યાંક પથ્થર વધુ છે, ક્યાંક હીરા વધુ છે, ક્યાંક કાંકરા વધુ છે. તે ૧,૦૦૦ યોજન ઊંચો છે. તે ભૂમિમાં અવગાઢ છે.

**૨) બીજો કાંડ** - તેમાં ક્યાંક રજત વધુ છે, ક્યાંક સુવર્ણ વધુ છે, ક્યાંક અંકરત્ન વધુ છે, ક્યાંક સ્ફટિરત્ન વધુ છે. તે ૬૩,૦૦૦ યોજન ઊંચો છે. તે ભૂમિની ઉપર છે.

**૩) ત્રીજો કાંડ** - તે જાંબૂનદ સુવર્ણનો છે. તે ૩૬,૦૦૦ યોજન ઊંચો છે. તે બીજા કાંડની ઉપર છે.

મેરુપર્વતના ઉપરીતલે મધ્યમાં ૪૦ યોજન ઊંચી વૈડૂર્યરત્નની બહુલતાવાળી ચૂલિકા છે. તે મૂળમાં ૧૨ યોજન લાંબી-પહોળી છે, મધ્યમાં ૮ યોજન લાંબી-પહોળી છે અને ઉપર ૪ યોજન લાંબી-પહોળી છે.

મેરુપર્વતની તળેટીમાં વલયાકાર ભદ્રશાલવન છે.

મેરુપર્વતની તળેટીથી ૫૦૦ યોજન ઉપર જતા ચારે બાજુથી ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. તેમાં ૫૦૦ યોજન વિસ્તારવાળુ નંદનવન છે.

---

□ **બૃહત્ક્ષેત્રસમાસની ગાથા-૩૦૪**માં ભૂમિની નીચે ૧,૦૦૦ યોજન ગયા પછી મેરુપર્વતની લંબાઈ-પહોળાઈ ૧૦,૦૯૦ ૧૦/૧૧ યોજન કહી છે અને ભૂમિતલે મેરુપર્વતની લંબાઈ-પહોળાઈ ૧૦,૦૦૦ યોજન કહી છે.

નંદનવનથી ૬૨,૫૦૦ યોજન ઉપર જતા ચારે બાજુથી ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. તેમાં ૫૦૦ યોજન વિસ્તારવાળુ સૌમનસવન છે.

સૌમનસવનથી ૩૬,૦૦૦ યોજન ઉપર જતા મેરુપર્વતના ઉપરી તલે ૪૯૪ યોજન વિસ્તારવાળુ પાંડુકવન છે. પાંડુકવનની મધ્યમાં ૪૦ યોજન ઊંચી અને ૧૨ યોજન લાંબી-પહોળી ચૂલિકા છે.

**બૃહત્ક્ષેત્રસમાસની ગાથા-૩૨૮, ૩૨૯, ૩૩૯, ૩૪૦, ૩૪૭ની** ટીકામાં કહ્યું છે કે - મેરુપર્વતની તળેટીથી ઉપર ૧-૧ યોજન જતા પહોળાઈ $\frac{૧}{૧૧}$-$\frac{૧}{૧૧}$ યોજન ઘટે છે.

નંદનવને મેરુપર્વતની બાહ્ય પહોળાઈ = ૧૦,૦૦૦ − $\frac{૫૦૦}{૧૧}$ =
૧૦,૦૦૦ − ૪૫$\frac{૫}{૧૧}$ = ૯,૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન

નંદનવને મેરુપર્વતની અભ્યંતર પહોળાઈ = ૯,૯૫૪$\frac{૬}{૧૧}$ − ૧,૦૦૦ =
= ૮,૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન

સૌમનસવને મેરુપર્વતની બાહ્ય પહોળાઈ = ૯,૯૫૪$\frac{૬}{૧૧}$ − $\frac{૬૨,૫૦૦}{૧૧}$ =
= ૯,૯૫૪$\frac{૬}{૧૧}$ − ૫,૬૮૧$\frac{૯}{૧૧}$ = ૪,૨૭૨$\frac{૮}{૧૧}$

સૌમનસવને મેરુપર્વતની અભ્યંતર પહોળાઈ = ૪,૨૭૨$\frac{૮}{૧૧}$ − ૧,૦૦૦ =
= ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન

પાંડુકવને મેરુપર્વતની પહોળાઈ = ૪,૨૭૨$\frac{૮}{૧૧}$ − $\frac{૩૬,૦૦૦}{૧૧}$ =
૪,૨૭૨$\frac{૮}{૧૧}$ − ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ = ૧,૦૦૦ યોજન

**તત્ત્વાર્થસૂત્રની સિદ્ધસેનગણિજી કૃત ટીકામાં** કહ્યું છે કે - મેરુપર્વતની તળેટીથી નંદનવન સુધી ૧-૧ યોજન ઉપર જતા મેરુપર્વતની પહોળાઈ $\frac{૧}{૧૧}$-$\frac{૧}{૧૧}$ યોજન ઘટે છે. તેથી નંદનવને મેરુપર્વતની બાહ્ય પહોળાઈ=

## મેરુપર્વત




**મેરુ પર્વતના ચિત્રની સમજ** : મેરુ પર્વતમાં ભૂમિતલથી ૫૦૦ યોજન ઊંચે જતા ચારે બાજુ ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. અર્થાત્ તેટલી જમીન સપાટ આવે છે. તેને **નંદનવન** કહે છે. વળી ઉપર ૬૨,૫૦૦ યોજન જતા એ જ રીતે ચારે બાજુ ૫૦૦ યોજનનો ખાંચો આવે છે. તેને **સૌમનસ** વન કહે છે. વળી ૩૬,૦૦૦ યોજન ઉપર જતાં મેરુનું ઉપરિ તલ આવે છે, આને **પાંડુકવન** કહેવાય છે. પાંડુકવનની મધ્યમાં ૪૦ યોજન ઊંચી ચૂલિકા છે, જે મૂળમાં ૧૨ યોજન તથા ઉપર ૪ યોજન વિસ્તૃત છે. ચૂલિકાની ઉપર એક શાશ્વત ચૈત્ય છે.

૧૦,૦૦૦ $-\frac{૫૦૦}{૧૧}=$ ૧૦,૦૦૦ $-$ ૪૫$\frac{૫}{૧૧}=$ ૯,૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન

નંદનવને મેરુપર્વતની અભ્યંતર પહોળાઈ = ૯,૯૫૪$\frac{૬}{૧૧}$ − ૧,૦૦૦
= ૮,૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન

નંદનવનથી સૌમનસવન સુધી ૧-૧ યોજન ઉપર જતા મેરુપર્વતની પહોળાઈ $\frac{૧}{૧૧}$-$\frac{૧}{૧૧}$ યોજન ઘટે છે.

તેથી સૌમનસવને મેરુપર્વતની અભ્યંતર પહોળાઈ = ૮,૯૫૪$\frac{૬}{૧૧}$ − $\frac{૬૨,૫૦૦}{૧૧}$
= ૮,૯૫૪$\frac{૬}{૧૧}$ − ૫,૬૮૧$\frac{૯}{૧૧}$ = ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન

સૌમનસવને મેરુપર્વતની બાહ્ય પહોળાઈ = ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ + ૧,૦૦૦ = ૪,૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન

સૌમનસવનથી પાંડુકવન સુધી ૧-૧ યોજન ઉપર જતા મેરુપર્વતની પહોળાઈ $\frac{૨૫}{૩૯૬}$ યોજન ઘટે છે. તેથી પાંડુકવને મેરુપર્વતની પહોળાઈ = ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ − ૩૬,૦૦૦ × $\frac{૨૫}{૩૯૬}$ = ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ − $\frac{૯,૦૦,૦૦૦}{૩૯૬}$ = ૩,૨૭૨$\frac{૮}{૧૧}$ − ૨,૨૭૨$\frac{૮}{૧૧}$ = ૧,૦૦૦ યોજન

**● દિશા-વિદિશા - નિશ્ચયમતે -**

તિર્ચ્છાલોકની મધ્યમાં સમતલ ભૂમિભાગે મેરુપર્વતની મધ્યમાં બે ક્ષુલ્લકપ્રતરોમાં ચાર ઉપર અને ચાર નીચે એમ આઠ રુચક પ્રદેશો ચોરસ આકારે રહેલા છે. ત્યાંથી દિશા-વિદિશાની શરૂઆત થાય છે. દિશા ચાર છે - પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર. તેમના બીજા નામો ક્રમશઃ ઐન્દ્રી, યામી, વારુણી, સૌમ્યા છે. તે બે પ્રદેશથી શરૂ થાય છે અને ઉત્તરોત્તર ૨-૨ પ્રદેશની વૃદ્ધિથી વધતી જાય છે. તે ગાડાની ઉધના આકારની છે. તે સાદિ અનંત છે. વિદિશા ચાર છે - ઈશાની, આગ્નેયી, નૈર્ઋતી, વાયવ્યા.

તેમના બીજા નામો ક્રમશઃ ઉત્તરપૂર્વ, દક્ષિણપૂર્વ, દક્ષિણપશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ છે. તે ૧-૧ આકાશપ્રદેશની રચનાવાળી છે. તે મોતીની સેરના આકારની છે. તે સાદિ અનંત છે. વિજયદ્વારની દિશા તે પૂર્વ દિશા છે. ત્યાર પછી પ્રદક્ષિણા ક્રમે એટલે કે જમણી બાજુથી ફેરો ફરતા ક્રમશઃ નીચે પ્રમાણે દિશા-વિદિશા આવેલી છે - પૂર્વ, આગ્નેયી, દક્ષિણ, નૈર્ઋતી, પશ્ચિમ, વાયવ્યા, ઉત્તર, ઈશાની. તે આઠ રુચક પ્રદેશોની ઉપર ચાર પ્રદેશની આદિવાળી વિમલા દિશા છે. તે આઠ રુચક પ્રદેશોની નીચે ચાર પ્રદેશની આદિવાળી તમા દિશા છે.

**વ્યવહારમતે** -

જે ક્ષેત્રમાં જે દિશામાં સૂર્ય ઊગે તે પૂર્વ, જે દિશામાં સૂર્ય આથમે તે પશ્ચિમ, જે દિશામાં રહી કર્કથી ધન સુધીની રાશીઓને સૂર્ય ચરે તે દક્ષિણ, જે દિશામાં રહી મકરથી મિથુન સુધીની રાશિઓને સૂર્ય ચરે તે ઉત્તર. આ દિશાઓના સંયોગથી વિદિશાઓ થાય છે. તેમજ ઉપરની અને નીચેની દિશાઓ છે.

વ્યવહારમતની દિશાઓની અપેક્ષાએ મેરુપર્વત બધા ક્ષેત્રોની ઉત્તરમાં છે.

• **ક્ષેત્રો-પર્વતો** - (સૂત્ર-૩/૧૦, ૩/૧૧)

જંબૂદ્વીપમાં સાત ક્ષેત્રો અને છ વર્ષધર પર્વતો છે. વર્ષધર પર્વતો બે-બે ક્ષેત્રોની વચ્ચે આવેલા છે. તેઓ તે તે ક્ષેત્રોનો વિભાગ કરે છે. બધા ક્ષેત્રો-પર્વતો પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ પહોળા છે. સૌથી દક્ષિણમાં ભરતક્ષેત્ર છે. ત્યારપછી ઉત્તર તરફ ક્રમશઃ લઘુહિમવંત-પર્વત, હિમવંત(હૈમવત)ક્ષેત્ર, મહાહિમવંતપર્વત, હરિવર્ષક્ષેત્ર, નિષધપર્વત, મહાવિદેહક્ષેત્ર, નીલવંતપર્વત, રમ્યકક્ષેત્ર, રુક્મીપર્વત, હિરણ્યવંત(હૈરણ્યવત)ક્ષેત્ર, શિખરીપર્વત, ઐરવતક્ષેત્ર છે.

ભરતક્ષેત્રનો વિસ્તાર ૫૨૬ યોજન ૬ કળા છે. ત્યાર પછી મહાવિદેહક્ષેત્ર સુધી ક્ષેત્રો-પર્વતોનો વિસ્તાર ક્રમશઃ બમણો-બમણો છે. મહાવિદેહક્ષેત્રથી ઐરવતક્ષેત્ર સુધી ક્ષેત્રો-પર્વતોનો વિસ્તાર ક્રમશઃ અડધો-અડધો છે.

દરેક વર્ષધર પર્વતની બંને બાજુ ૧-૧ પદ્મવરવેદિકા અને ૧-૧ વનખંડ છે.

| ક્ર. | ક્ષેત્રો-પર્વતો | વિસ્તાર | ઊંચાઈ | ઊંડાઈ |
|---|---|---|---|---|
| ૧ | ભરતક્ષેત્ર | ૫૨૬ યો. ૬ ક. | - | - |
| ૨ | લઘુહિમવંતપર્વત | ૧,૦૫૨ યો. ૧૨ ક. | ૧૦૦ યો. | ૨૫ યો. |
| ૩ | હિમવંતક્ષેત્ર | ૨,૧૦૫ યો. ૫ ક. | - | - |
| ૪ | મહાહિમવંતપર્વત | ૪,૨૧૦ યો. ૧૦ ક. | ૨૦૦ યો. | ૫૦ યો. |
| ૫ | હરિવર્ષક્ષેત્ર | ૮,૪૨૧ યો. ૧ ક. | - | - |
| ૬ | નિષધપર્વત | ૧૬,૮૪૨ યો. ૨ ક. | ૪૦૦ યો. | ૧૦૦ યો. |
| ૭ | મહાવિદેહક્ષેત્ર | ૩૩,૬૮૪ યો. ૪ ક. | - | - |
| ૮ | નીલવંતપર્વત | ૧૬,૮૪૨ યો. ૨ ક. | ૪૦૦ યો. | ૧૦૦ યો. |
| ૯ | રમ્યકક્ષેત્ર | ૮,૪૨૧ યો. ૧ ક. | - | - |
| ૧૦ | રુક્મીપર્વત | ૪,૨૧૦ યો. ૧૦ ક. | ૨૦૦ યો. | ૫૦ યો. |
| ૧૧ | હિરણ્યવંતક્ષેત્ર | ૨,૧૦૫ યો. ૫ ક. | - | - |
| ૧૨ | શિખરીપર્વત | ૧,૦૫૨ યો. ૧૨ ક. | ૧૦૦ યો. | ૨૫ યો. |
| ૧૩ | ઐરવતક્ષેત્ર | ૫૨૬ યો. ૬ ક. | - | - |

- સાધુએ જોઈતી વસ્તુ માટે ટુકડીના વડીલને કહેવું અને વડિલ તેની સગવડ કરી આપે.
- રેશમી કામળી, દશી, મુહપત્તિ વગેરે વાપરવા નહીં.

## જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતો




આ ચિત્રમાં સાત ક્ષેત્રો, છ વર્ષધર પર્વતો, મેરુ પર્વત, ચાર વૃત્ત વૈતાઢ્ય પર્વતો તથા ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની મધ્યમાં આવેલા બે દીર્ઘ વૈતાઢ્ય પર્વતો બતાવેલા છે.


જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતોનો વિસ્તાર
૧,૦૫૨ યો. ૧૨ ક. શિખરી પર્વત
ઐરવત ક્ષેત્ર ૫૨૬ યો. ૬ ક.
૪,૨૧૦ યો. ૧૦ ક. રુક્મિ પર્વત
હિરણ્યવંત ક્ષેત્ર ૨,૧૦૫ યો. ૫ ક.
રમ્યક ક્ષેત્ર ૮,૪૨૧ યો. ૧ ક.
નીલવંત પર્વત
૧૬,૮૪૨યો. ૨ ક.
મહાવિદેહ ક્ષેત્ર
૩૩,૬૮૪ યો. ૪ ક.
નિષધ પર્વત
૧૬,૮૪૨ યો. ૨ ક.
હરિવર્ષ ક્ષેત્ર ૮,૪૨૧ યો. ૧ ક.
૪,૨૧૦ યો. ૧૦ ક. મહાહિમાવંત પર્વત
હિમવંત ક્ષેત્ર ૨,૧૦૫ યો. ૫ ક.
૧,૦૫૨ યો. ૧૨ ક. લઘુહિમવંત પર્વત
ભરત ક્ષેત્ર ૫૨૬ યો. ૬ ક.

• **દીર્ઘવૈતાઢ્યપર્વત** - ભરતક્ષેત્રની અને ઐરવતક્ષેત્રની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લાંબા, ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન પહોળા, ૨૫ યોજન ઊંચા અને ૬ ૧/૪ યોજન ઊંડા ૧-૧ વૈતાઢ્યપર્વત છે. તેમાં નીચેથી ૧૦-૧૦ યોજન ઉપર જતા ઉત્તર અને દક્ષિણ બંને બાજુથી ૧૦-૧૦ યોજનના ખાંચા પડે છે. આ પ્રથમ મેખલા છે. તેમાં વિદ્યાધરોની શ્રેણિઓ છે. ત્યાંથી ૧૦-૧૦ યોજન ઉપર જતાં બંને બાજુથી ૧૦-૧૦ યોજનના ખાંચા પડે છે. આ બીજી મેખલા છે. તેમાં સૌધર્મેન્દ્રના લોકપાલ દેવોના આભિયોગિક દેવોની શ્રેણિઓ છે. મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયોમાં પણ આ જ રીતે ૧-૧ વૈતાઢ્યપર્વત છે. તેમની લંબાઈ વિજયની પહોળાઈ જેટલી છે.

**વૈતાઢ્ય પર્વત**




• **દેવકુરુ-ઉત્તરકુરુ** - મહાવિદેહક્ષેત્રની મધ્યમાં ગોળાકાર મેરુપર્વત છે. મેરુપર્વતથી દક્ષિણમાં અને નિષધપર્વતથી ઉત્તરમાં દેવકુરુ છે. નિષધપર્વતના ઉત્તર છેડાથી દેવકુરુમાં સાધિક ૮૩૪ ૪/૭ યોજન જઈએ એટલે સીતોદાનદીના પૂર્વ કિનારે વિચિત્રકૂટ પર્વત છે અને પશ્ચિમ કિનારે ચિત્રકૂટ પર્વત છે. તે ૧,૦૦૦ યોજન ઊંચા છે. તેમનો મૂળમાં




દક્ષિણ તરફની બે મેખલા જેવી જ ઉત્તર તરફની બે મેખલા છે.

વિસ્તાર ૧,૦૦૦ યોજન છે. તેમનો ઉપરનો વિસ્તાર ૫૦૦ યોજન છે. ચિત્રકૂટ-વિચિત્રકૂટ પર્વતોથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન ઉત્તરમાં જતા નિષધ દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન ઉત્તરમાં જતા સૂર દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન ઉત્તરમાં જતા દેવકુરુ દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન ઉત્તરમાં જતા સુલસ દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન ઉત્તરમાં જતા વિદ્યુત્પ્રભ દ્રહ છે. દેવકુરુ વિદ્યુત્પ્રભ-સોમનસ આ બે ગજદંતગિરિથી વીંટાયેલ છે. નિષધ પર્વત ઉપરથી પડતી સીતોદાનદી આ દ્રહોની મધ્યમાં થઈને વહે છે. તે દેવકુરુના પૂર્વ-પશ્ચિમ બે ભાગ કરે છે. તેમાંથી પશ્ચિમાર્ધની મધ્યમાં શાલ્મલીવૃક્ષ છે.

મહાવિદેહક્ષેત્રમાં મેરુપર્વતથી ઉત્તરમાં અને નીલવંતપર્વતથી દક્ષિણમાં ઉત્તરકુરુ છે. નીલવંતપર્વતના દક્ષિણ છેડાથી ઉત્તરકુરુમાં સાધિક ૮૩૪ ૪/૭ યોજન જઈએ એટલે સીતાનદીના બંને કિનારે ૧-૧ યમક પર્વત છે. તે ચિત્રકૂટ-વિચિત્રકૂટ પર્વતની સમાન છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન દક્ષિણમાં જતા નીલવંત દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન દક્ષિણમાં જતા ઉત્તરકુરુ દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન દક્ષિણમાં જતા ચંદ્ર દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન દક્ષિણમાં જતા ઐરાવત દ્રહ છે. ત્યાંથી સાધિક ૮૩૪ ૪/૭ યોજન દક્ષિણમાં જતા માલ્યવંત દ્રહ છે. ઉત્તરકુરુ ગંધમાદન-માલ્યવંત આ બે ગજદંતગિરિથી વીંટાયેલ છે. નીલવંત પર્વત ઉપરથી પડતી સીતાનદી આ દ્રહોની મધ્યમાં થઈને વહે છે. તે ઉત્તરકુરુના પૂર્વ-પશ્ચિમ બે ભાગ કરે છે. તેમાંથી પૂર્વાર્ધની મધ્યમાં જંબૂવૃક્ષ આવેલું છે.

આ ૧૦ દ્રહોની પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં ૧૦-૧૦ યોજન દૂર ૧૦-૧૦ પર્વતો છે. કુલ ૨૦૦ પર્વતો છે. આને કંચનગિરિ કહેવાય છે.

## દેવકુરુ, ઉત્તરકુરુ, ગજદંતપર્વત, ચિત્ર-વિચિત્ર પર્વત, યમક પર્વત તથા ૨૦૦ કંચનગિરિ




આ ચિત્રમાં ૪ ગજદંત પર્વતો, ચિત્ર વિચિત્ર-પર્વતો તથા યમક પર્વતો અને બસો કંચનગિરિ બતાવ્યા છે. મહાવિદેહક્ષેત્રનો આ મધ્ય પ્રદેશ છે. વધારામાં દસ દ્રહો (સરોવરો) તથા નિષધ-નીલવંતમાંથી નીકળીને મેરુથી વળીને પશ્ચિમ તથા પૂર્વ તરફ જતી સીતોદા અને સીતા નદી, તેમજ જંબૂવૃક્ષ અને શાલ્મલીવૃક્ષ પણ બતાવેલ છે. સરોવરના કાંઠે ઝીણા ઝીણા ટપકા કંચનગિરિના છે.

નં. ૧-ચિત્રકૂટ પર્વત    નં. ૩-યમકગિરિ

નં. ૨-વિચિત્રકૂટ પર્વત    નં. ૪-યમકગિરિ

દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ ૧૧,૮૪૨ યોજન ૨ કળા છે.

• **મહાવિદેહક્ષેત્ર** - મેરુપર્વતની પૂર્વમાં પૂર્વ મહાવિદેહક્ષેત્ર છે અને પશ્ચિમમાં પશ્ચિમ મહાવિદેહક્ષેત્ર છે. સીતા-સીતોદા નદીઓના કારણે આ બંને વિભાગના ઉત્તર-દક્ષિણ એમ બે-બે વિભાગ થાય છે. આ દરેક વિભાગમાં ૮ વિજય, ૪ વક્ષસ્કારપર્વત અને ૩ અંતરનદી છે. પહેલા વિજય આવે, પછી વક્ષસ્કારપર્વત આવે, પછી વિજય આવે, પછી અંતરનદી આવે. આ ક્રમે આગળ પણ જાણવું. મહાવિદેહક્ષેત્રમાં કુલ ૩૨ વિજય છે. ચક્રવર્તીને જીતવા યોગ્ય અને ભોગવવા યોગ્ય ક્ષેત્ર તે વિજય. સીતા નદી પૂર્વ સમુદ્રને મળે, ત્યાં તેના બંને કિનારે ૧-૧ વનમુખ છે. સીતોદા નદી પશ્ચિમ સમુદ્રને મળે, ત્યાં તેના બંને કિનારે ૧-૧ વનમુખ છે.

- સાધ્વીજી પાસે સાધુઓએ કાંઈપણ કામ કરાવવું નહીં, અને સાધુએ પોતાના કામો દા.ત. પાતરા રંગવા, સાંધવા વગેરે શીખી લેવા, જ્યાં સુધી ન શીખાય ત્યાં સુધી ઓઘા, ઠવણી જેવા અશક્ય કામો મુખ્ય સ્પર્ધકપતિઓએ સ્થાનિક પૌઢ શ્રાવક દ્વારા સાધ્વીજી પાસે કરાવી લેવા, પણ સાધુઓએ સાધ્વીના સંપર્કમાં આવવું નહીં.
- સામાન્ય સંયોગોમાં ૧૫ દિવસ પહેલા કાપ કાઢવો નહીં, સિવાય લૂણા, ઝોળી, ખેરીયુ જેવા કપડા.
- દેશના વ્યવહારપ્રધાન આપવી અને વ્યવહારમાં પ્રાણ પૂરવા માટે ભાવ સમજાવવો.
- માણસ સ્વાસ્થ્ય અવગણી પૈસા બનાવે છે, પછી સ્વાસ્થ્ય સાચવવા તે પૈસા ખર્ચે છે.
- જેને બદલી ન શકાય તેને સ્વીકારી લેવું જોઈએ.
- ગુરુબહુમાનથી પરમગુરુનો સંયોગ થાય છે.

## મહાવિદેહક્ષેત્ર




**મહાવિદેહક્ષેત્રના ચિત્રની સમજ :**

જંબૂદ્વીપના મધ્ય ભાગમાં રહેલ મહાવિદેહક્ષેત્રનું આ જુદુ સ્વતંત્ર ચિત્ર છે.

આમાં ૧ થી ૩૨ આંકડાવાળી ૩૨ વિજયો છે.

〰〰〰 આ નિશાનીવાળા ૧૬ વક્ષસ્કાર પર્વતો છે.

═ ═ ═ ═ આ નિશાનીવાળી ૧૨ અંતરનદીઓ છે.

ચિત્રમાં ચારે છેડે વિજયોની પછી એક એક વનખંડ છે.

□ = વનખંડ

વચ્ચે મેરુ પર્વત, સીતોદા નદી, સીતા નદી, ચાર ગજદંત પર્વતો, વગેરે છે.

ક = ગંધમાદન ગજદંત પર્વત, બ = માલ્યવંત ગજદંત પર્વત,

ડ = વિદ્યુત્પ્રભ ગજદંત પર્વત, અ = સોમનસ ગજદંત પર્વત

● **કૂટો** - વૈતાઢ્યપર્વતો ઉપર ૯-૯ કૂટો (શિખરો) છે. લઘુહિમવંતપર્વત અને શિખરીપર્વત ઉપર ૧૧-૧૧ કૂટો છે. મહાહિમવંતપર્વત અને રુક્મીપર્વત ઉપર ૮-૮ કૂટો છે. નિષધપર્વત અને નીલવંતપર્વત ઉપર ૯-૯ કૂટો છે. સોમનસ અને ગંધમાદન ગજદંતપર્વતો ઉપર ૭-૭ કૂટો છે. વિદ્યુત્પ્રભ અને માલ્યવંત ગજદંતપર્વતો ઉપર ૯-૯ કૂટો છે. વક્ષસ્કારપર્વતો ઉપર ૪-૪ કૂટો છે.

● **વર્ષધર પર્વતો ઉપરના દ્રહો** -

| ક્ર. | દ્રહ | કયા પર્વત ઉપર છે ? | દેવીનો વાસ | લંબાઈ (યોજન) | પહોળાઈ (યોજન) | નીકળતી નદી | નદી કયા ક્ષેત્રમાં છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પદ્મ | લઘુહિમવંત | શ્રીદેવી | ૧,૦૦૦ | ૫૦૦ | ગંગા<br>સિંધુ<br>રોહિતાંશા | ભરત<br>ભરત<br>હિમવંત |
| ૨ | મહાપદ્મ | મહાહિમવંત | હ્રીદેવી | ૨,૦૦૦ | ૧,૦૦૦ | રોહિતા<br>હરિકાંતા | હિમવંત<br>હરિવર્ષ |
| ૩ | તિગિચ્છિ | નિષધ | *ધૃતિદેવી | ૪,૦૦૦ | ૨,૦૦૦ | હરિસલિલા<br>સીતોદા | હરિવર્ષ<br>મહાવિદેહ |
| ૪ | કેસરી | નીલવંત | કીર્તિદેવી | ૪,૦૦૦ | ૨,૦૦૦ | સીતા<br>નારીકાંતા | મહાવિદેહ<br>રમ્યક |
| ૫ | મહા-પુંડરીક | રુક્મી | બુદ્ધિદેવી | ૨,૦૦૦ | ૧,૦૦૦ | નરકાંતા<br>રુક્મીકૂલા | રમ્યક<br>હિરણ્યવંત |
| ૬ | પુંડરીક | શિખરી | લક્ષ્મીદેવી | ૧,૦૦૦ | ૫૦૦ | સુવર્ણકૂલા<br>રક્તવતી<br>રક્તા | હિરણ્યવંત<br>ઐરવત<br>ઐરવત |

* લઘુસંગ્રહણિમાં તિગિચ્છિદ્રહમાં ધીદેવીનો વાસ કહ્યો છે.

● **નદીઓ** -

પદ્મદ્રહના પૂર્વતોરણથી ગંગાનદી નીકળે છે, તે ગંગાવર્તનકૂટ પાસે ૨ ગાઉ આગળથી વળાંક લઈને દક્ષિણ તરફ વહી પર્વતના છેડા સુધી આવી જીહ્વિકામાંથી ગંગાપ્રપાતકુંડમાં પડે છે. પછી તે ઉત્તરભરતાર્ધમાં દક્ષિણ તરફ વહે છે. પછી ખંડપ્રપાતગુફાની પૂર્વ બાજુએ વૈતાઢ્યને નીચેથી ભેદી, તે દક્ષિણભરતાર્ધના મધ્યભાગથી પૂર્વ તરફ વળે છે અને પૂર્વ સમુદ્રને મળે છે.

પદ્મદ્રહના પશ્ચિમ તોરણથી સિંધુનદી નીકળે છે. તે સિંધ્વાવર્તનકૂટ પાસે ૨ ગાઉ આગળથી વળાંક લઈને દક્ષિણ તરફ વહી પર્વતના છેડા સુધી આવી જીહ્વિકામાંથી સિંધુપ્રપાતકુંડમાં પડે છે. પછી તે ઉત્તરભરતાર્ધમાં દક્ષિણ તરફ વહે છે. પછી તિમિસ્રાગુફાની પશ્ચિમ બાજુએ વૈતાઢ્યને નીચેથી ભેદી, તે દક્ષિણભરતાર્ધના મધ્યભાગથી પશ્ચિમ તરફ વળે છે અને પશ્ચિમ સમુદ્રને મળે છે.

રક્તા નદીની બધી હકીકત ગંગાનદી પ્રમાણે જાણવી.

રક્તવતી નદીની બધી હકીકત સિંધુનદી પ્રમાણે જાણવી.

શેષ નદીઓમાંથી ક્ષેત્રની દક્ષિણ તરફના દ્રહોમાંથી નીકળતી નદીઓ ઉત્તર તરફ વહે છે. તે મેરુપર્વત કે વૃત્તવૈતાઢ્યપર્વતથી પશ્ચિમ તરફ વળી ક્ષેત્રના બે ભાગ કરી પશ્ચિમ સમુદ્રને મળે છે. ક્ષેત્રની ઉત્તર તરફના દ્રહોમાંથી નીકળતી નદીઓ દક્ષિણ તરફ વહે છે. તે મેરુપર્વત કે વૃત્તવૈતાઢ્યપર્વતથી પૂર્વ તરફ વળી ક્ષેત્રના બે ભાગ કરી પૂર્વસમુદ્રને મળે છે.

● **વૃત્તવૈતાઢ્ય પર્વતો** - હિમવંત ક્ષેત્ર, હિરણ્યવંત ક્ષેત્ર, હરિવર્ષ ક્ષેત્ર, રમ્યક ક્ષેત્રની મધ્યમાં ગોળાકાર વૃત્તવૈતાઢ્ય પર્વતો છે. તેમના નામ ક્રમશઃ શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી, માલ્યવંત છે. તે સર્વત્ર

## જંબૂદ્વીપની મહાનદીઓ



## મહાવિદેહક્ષેત્રની એક વિજય




**મહાવિદેહક્ષેત્રની ૧ વિજયનું આ ચિત્ર છે :**

તેમાં મધ્યમાં દીર્ઘ વૈતાઢ્ય છે. બત્રીસે વિજયમાં આ રીતે દીર્ઘ વૈતાઢ્યો છે. તેમજ ભરત, ઐરવત ક્ષેત્રની બરાબર મધ્યમાં પણ એક એક વૈતાઢ્ય પર્વત છે. (જે પૂર્વેના ચિત્રમાં બતાવેલ છે.) આ ઉપરાંત દરેક વિજયમાં વૃષભ કૂટો તથા માગધ, વરદામ અને પ્રભાસ નામના તીર્થોનું સ્થાન પણ બતાવેલ છે.

૧,૦૦૦ યોજન પહોળા અને ૧,૦૦૦ યોજન ઊંચા છે.

• **વૃષભકૂટ** - ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને ૩૨ વિજયોમાં વૈતાઢ્ય-પર્વતથી ઉત્તર-દક્ષિણ એમ બે વિભાગ થાય છે. દરેક વિભાગમાં ગંગા-સિંધુ કે રક્તા-રક્તવતી નદીથી ૩-૩ ખંડ થાય છે. કુલ છ ખંડ થાય છે. આમાંથી ઉત્તર તરફના મધ્યખંડમાં ૧-૧ વૃષભકૂટ છે.




• **જીવા, ઈષુ, ધનુ:પૃષ્ઠ, બાહા વગેરે** -

**જીવા** - પૂર્વ-પશ્ચિમ લંબાઈને જીવા કહેવાય છે.

**ધનુ:પૃષ્ઠ** - જીવાના એક છેડાથી બીજા છેડા સુધીના વર્તુળાકાર અંતરને ધનુ:પૃષ્ઠ કહેવાય છે.

**ઈષુ** - જીવાના મધ્યબિંદુથી ધનુ:પૃષ્ઠના મધ્યબિંદુ સુધીના અંતરને ઈષુ કહેવાય છે.

**બાહા** - મોટી જીવાના એક છેડાથી નાની જીવાના તે જ દિશાના છેડાના વર્તુળાકાર અંતરને બાહા કહેવાય છે.

**પરિધિ, ક્ષેત્રફળ, જીવા, ઈષુ, ધનુ:પૃષ્ઠ, બાહા લાવવા માટેના કરણો -**

**(૧) જંબૂદ્વીપની પરિધિ -**

વૃત્તની પરિધિ $= \sqrt{\text{પહોળાઈ}^2 \times \text{૧૦}}$

જંબૂદ્વીપની પરિધિ $= \sqrt{\text{૧,૦૦,૦૦૦} \times \text{૧,૦૦,૦૦૦} \times \text{૧૦}}$

$= \sqrt{\text{૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦}}$

= ૩,૧૬,૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ્ય ૧૩ ૧/૨ અંગુલથી અધિક

૩,૧૬,૨૨૭ યોજન

| | |
|---|---|
| ૩ | ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ |
| + ૩ | −૯ |
| ૬૧ | ૦૧૦૦ |
| + ૧ | − ૬૧ |
| ૬૨૬ | ૦૩૯૦૦ |
| + ૬ | −૩૭૫૬ |
| ૬૩૨૨ | ૦૧૪૪૦૦ |
| + ૨ | −૧૨૬૪૪ |
| ૬૩૨૪૨ | ૦૧૭૫૬૦૦ |
| + ૨ | −૧૨૬૪૮૪ |
| ૬૩૨૪૪૭ | ૦૪૯૧૧૬૦૦ |
| + ૭ | −૪૪૨૭૧૨૯ |
| ૬૩૨૪૫૪ | ૦૪૮૪૪૭૧ |

૧ યોજન = ૪ ગાઉ

∴ ૪૮૪૪૭૧
x ૪
૧૯૩૭૮૮૪

૩ ગાઉ
૬૩૨૪૫૪) ૧૯૩૭૮૮૪
− ૧૮૯૭૩૬૨
૦૦૪૦૫૨૨

૧ ગાઉ = ૨૦૦૦ ધનુષ્ય

∴ ૪૦૫૨૨
x ૨૦૦૦
૮૧૦૪૪૦૦૦

૧૨૮ ધનુષ્ય
૬૩૨૪૫૪) ૮૧૦૪૪૦૦૦
−૬૩૨૪૫૪
૧૭૭૯૮૬૦
−૧૨૬૪૯૦૮
૦૫૧૪૯૫૨૦
− ૫૦૫૯૬૩૨
૦૦૮૯૮૮૮

૧ ધનુષ્ય = ૯૬ અંગુલ

```
∴ ૮૯૮૮૮
    x ૯૬
--------
 ૫૩૯૩૨૮
+૮૦૮૯૯૨૦
--------
 ૮૬૨૯૨૪૮
```

```
               ૧૩ અંગુલ
૬૩૨૪૫૪) ૮૬૨૯૨૪૮
        − ૬૩૨૪૫૪
        ---------
          ૨૩૦૪૭૦૮
        − ૧૮૯૭૩૬૨
        ---------
          ૦૪૦૭૩૪૬
```

૧ અંગુલ = ૨ અર્ધાંગુલ

```
∴ ૪૦૭૩૪૬
      x ૨
---------
   ૮૧૪૬૯૨
```

```
              ૧ અર્ધાંગુલ
૬૩૨૪૫૪) ૮૧૪૬૯૨
        − ૬૩૨૪૫૪
        ---------
          ૧૮૨૨૩૮
```

(૨) જંબૂદ્વીપનું ક્ષેત્રફળ -

વૃત્તનું ક્ષેત્રફળ = પરિધિ × $\frac{\text{પહોળાઈ}}{૪}$

જંબૂદ્વીપનું ક્ષેત્રફળ = ૩,૧૬,૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ્ય ૧૩$\frac{૧}{૨}$ અંગુલથી અધિક x $\frac{૧,૦૦,૦૦૦}{૪}$

= ૩,૧૬,૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ્ય ૧૩$\frac{૧}{૨}$ અંગુલથી અધિક x ૨૫,૦૦૦

= ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન ૧ ગાઉ ૧,૫૧૫ ધનુષ્ય ૬૦ અંગુલથી અધિક

- સંયમજીવનની મૂડી- સત્ત્વ, શ્રદ્ધા, સમર્પણ
- જે જાગે છે તે જીતે છે.

$$\begin{array}{r} ૩૧૬૨૨૭ \\ \times\ ૨૫૦૦૦ \\ \hline ૧૫૮૧૧૩૫૦૦૦ \\ +\ ૬૩૨૪૫૪૦૦૦૦ \\ \hline ૭૯૦૫૬૭૫૦૦૦ \end{array}$$ યોજન

$$\begin{array}{r} ૨૫,૦૦૦ \\ \times\ ૩ \\ \hline ૭૫,૦૦૦ \end{array}$$ ગાઉ

૪ ગાઉ = ૧ યોજન

$\therefore$ ૭૫,૦૦૦ ગાઉ = $\frac{૭૫,૦૦૦}{૪}$ યોજન = ૧૮,૭૫૦ યોજન

$$\begin{array}{r} ૨૫,૦૦૦ \\ \times\ ૧૨૮ \\ \hline ૨૦૦૦૦૦ \\ ૫૦૦૦૦૦ \\ +\ ૨૫૦૦૦૦૦ \\ \hline ૩૨૦૦૦૦૦ \end{array}$$ ધનુષ્ય

૮,૦૦૦ ધનુષ્ય = ૧ યોજન

$\therefore$ ૩૨,૦૦,૦૦૦ ધનુષ્ય = $\frac{૩૨,૦૦,૦૦૦}{૮,૦૦૦}$ યોજન

= ૪૦૦ યોજન

$$\begin{array}{r} ૨૫,૦૦૦ \\ \times\ ૧૩.૫ \\ \hline ૧૨૫૦૦૦ \\ ૭૫૦૦૦૦ \\ +\ ૨૫૦૦૦૦૦ \\ \hline ૩૩૭૫૦૦.૦ \end{array}$$ અંગુલ

૧,૯૨,૦૦૦ અંગુલ = ૧ ગાઉ

$\therefore$ ૩,૩૭,૫૦૦ અંગુલ = $\frac{૩,૩૭,૫૦૦}{૧,૯૨,૦૦૦}$ ગાઉ

= ૧ $\frac{૧,૪૫,૫૦૦}{૧,૯૨,૦૦૦}$ ગાઉ

- યુદ્ધના મોરચે લડવા ગયેલ સૈનિકને ગાફેલ રહેવું ન પરવડે. તેમ સાધુને પ્રમત્ત (પ્રમાદી) રહેવું ન પરવડે.

```
                 ૧ ગાઉ
૧,૯૨,૦૦૦) ૩,૩૭,૫૦૦
          − ૧,૯૨,૦૦૦
            ૧,૪૫,૫૦૦ અંગુલ
```

૯૬ અંગુલ = ૧ ધનુષ્ય

$\therefore$ ૧,૪૫,૫૦૦ અંગુલ = $\frac{૧,૪૫,૫૦૦}{૯૬}$ = ૧,૫૧૫ ધનુષ્ય

```
     ૧,૫૧૫
૯૬) ૧૪૫૫૦૦
   −૯૬
    ૦૪૯૫
   −૪૮૦
     ૦૧૫૦
    − ૯૬
      ૦૫૪૦
     −૪૮૦
        ૬૦ અંગુલ
```

```
   ૭,૯૦,૫૬,૭૫,૦૦૦
          + ૧૮,૭૫૦
             + ૪૦૦
   ૭,૯૦,૫૬,૯૪,૧૫૦  યોજન
                ૧   ગાઉ
            ૧,૫૧૫   ધનુષ્ય
               ૬૦   અંગુલથી અધિક
```

- કચરો આવતા આંખ બંધ થઈ જાય છે. તેમ નબળા વિચારો આવતા મન બંધ થઈ જવું જોઈએ.

**(૩) જીવા લાવવા માટેનું કરણ -**

જીવા = $\sqrt{(\text{જંબૂદ્વીપની પહોળાઈ} - \text{ઈષુ}) \times \text{ઈષુ} \times ૪}$

ભરતક્ષેત્રની, ઉત્તરભરતક્ષેત્રની, ઐરવતક્ષેત્રની અને ઉત્તર-ઐરવતક્ષેત્રની જીવા

= $\sqrt{(૧,૦૦,૦૦૦ \text{ યોજન} - ૧૦,૦૦૦ \text{ કળા}) \times ૧૦,૦૦૦ \times ૪}$

= $\sqrt{(૧૯,૦૦,૦૦૦ - ૧૦,૦૦૦) \times ૧૦,૦૦૦ \times ૪}$

= $\sqrt{૧૮,૯૦,૦૦૦ \times ૧૦,૦૦૦ \times ૪}$

= $\sqrt{૧૮,૯૦,૦૦,૦૦,૦૦૦ \times ૪}$

= $\sqrt{૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦}$

= સાધિક ૨,૭૪,૯૫૪ કળા

= સાધિક ૧૪,૪૭૧ યોજન ૫ કળા

૨,૭૪,૯૫૪ કળા

| | |
|---|---|
| ૨ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ |
| + ૨ | − ૪ |
| ૪૭ | ૩૫૬ |
| + ૭ | − ૩૨૯ |
| ૫૪૪ | ૦૨૭૦૦ |
| + ૪ | − ૨૧૭૬ |
| ૫૪૮૯ | ૦૫૨૪૦૦ |
| + ૯ | − ૪૯૪૦૧ |
| ૫૪૯૮૫ | ૦૨૯૯૯૦૦ |
| + ૫ | − ૨૭૪૯૨૫ |
| ૫૪૯૯૦૪ | ૦૨૪૯૭૫૦૦ |
| + ૪ | − ૨૧૯૯૬૧૬ |
| ૫૪૯૯૦૮ | ૦૨૯૭૮૮૪ કળા |

```
       ૧૪,૪૭૧ યોજન
૧૯ ) ૨૭૪૯૫૪
    − ૧૯
     ૦૮૪
    − ૭૬
      ૦૮૯
    − ૭૬
       ૧૩૫
    − ૧૩૩
       ૦૦૨૪
        − ૧૯
          ૦૫ કળા
```

**(૪) ઈષુ લાવવા માટેનું કરણ -**

$$\text{ઈષુ} = \frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - \sqrt{\text{જંબૂદ્વીપની પહોળાઈ}^{૨} - (\text{જીવા})^{૨}}}{૨}$$

ભરતક્ષેત્રનું, ઉત્તરભરતક્ષેત્રનું, ઐરવતક્ષેત્રનું, ઉત્તરઐરવતક્ષેત્રનું ઈષુ

$$= \frac{૧૯,૦૦,૦૦૦ - \sqrt{(૧૯,૦૦,૦૦૦)^{૨} - (\text{સા. } ૨,૭૪,૯૫૪)^{૨}}}{૨}$$

$$= \frac{૧૯,૦૦,૦૦૦ - \sqrt{૩૬,૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ - ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦}}{૨}$$

$$= \frac{૧૯,૦૦,૦૦૦ - \sqrt{૩૫,૩૪,૪૦,૦૦,૦૦,૦૦૦}}{૨}$$

$$= \frac{૧૯,૦૦,૦૦૦ - ૧૮,૮૦,૦૦૦}{૨}$$

$$= \frac{૨૦,૦૦૦}{૨} = ૧૦,૦૦૦ = \text{૫૨૬ યોજન ૬ કળા}$$

```
  ૩૬,૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦
 − ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦
 ─────────────────────
  ૩૫,૩૪,૪૦,૦૦,૦૦,૦૦૦
```

```
                ૧૮,૮૦,૦૦૦
          ┌──────────────────
       ૧  │  ૩૫૩૪૪૦૦૦૦૦૦૦૦
      +૧  │ −૧
      ૨૮  │  ૨૫૩
     + ૮  │ −૨૨૪
     ૩૬૮  │  ૦૨૯૪૪
     + ૮  │  −૨૯૪૪
 ૩૭૬૦૦૦૦  │   ૦૦૦૦
```

**(૫) ધનુઃપૃષ્ઠ લાવવા માટેનું કરણ -**

$$\text{ધનુઃપૃષ્ઠ} = \sqrt{(\text{ઈષુ})^2 \times ૬ + (\text{જીવા})^2}$$

ભરતક્ષેત્રનું, ઉત્તરભરતક્ષેત્રનું, ઐરવતક્ષેત્રનું અને ઉત્તર-ઐરવતક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ

$$= \sqrt{(૧૦,૦૦૦)^2 \times ૬ + (\text{સા. } ૨,૭૪,૯૫૪)^2}$$

$$= \sqrt{૧૦,૦૦,૦૦,૦૦૦ \times ૬ + ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦}$$

$$= \sqrt{૬૦,૦૦,૦૦,૦૦૦ + ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦}$$

$$= \sqrt{૭૬,૨૦,૦૦,૦૦,૦૦૦}$$

= સાધિક ૨,૭૬,૦૪૩ કળા

= સાધિક ૧૪,૫૨૮ યોજન ૧૧ કળા

૨,૭૬,૦૪૩ કળા

| | |
|---|---|
| ૨ | ૭૬૨૦૦૦૦૦૦૦૦ |
| +૨ | −૪ |
| ૪૭ | ૩૬૨ |
| +૭ | −૩૨૯ |
| ૫૪૬ | ૦૩૩૦૦ |
| +૬ | − ૩૨૭૬ |
| ૫૫૨૦ | ૦૦૨૪૦૦ |
| +૦ | − ૦૦૦૦ |
| ૫૫૨૦૪ | ૨૪૦૦૦૦ |
| + ૪ | −૨૨૦૮૧૬ |
| ૫૫૨૦૮૩ | ૦૧૯૧૮૪૦૦ |
| +૩ | − ૧૬૫૬૨૪૯ |
| ૫૫૨૦૮૬ | ૦૨૬૨૧૫૧ |

૧૪,૫૨૮ યોજન

૧૯) ૨૭૬૦૪૩

−૧૯

૦૮૬

−૭૬

૧૦૦

− ૯૫

૦૦૫૪

− ૩૮

૧૬૩

− ૧૫૨

૦૧૧ કળા

**(૬) જંબૂદ્વીપની પહોળાઈ લાવવાનું કરણ -**

$$\text{જંબૂદ્વીપની પહોળાઈ} = \frac{\frac{(\text{જીવા})^2}{૪} + (\text{ઈષુ})^2}{\text{ઈષુ}}$$

ભરતક્ષેત્રની જીવા = સાધિક ૨,૭૪,૯૫૪ કળા

ભરતક્ષેત્રનું ઈષુ = ૧૦,૦૦૦ કળા

$$\text{જંબૂદ્વીપની પહોળાઈ} = \frac{\frac{(\text{સા.}૨,૭૪,૯૫૪)^2}{૪} + (૧૦,૦૦૦)^2}{૧૦,૦૦૦}$$

$$= \frac{\frac{(૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦)}{૪} + (૧૦,૦૦,૦૦,૦૦૦)}{૧૦,૦૦૦}$$

$$= \frac{૧૮,૯૦,૦૦,૦૦,૦૦૦ + ૧૦,૦૦,૦૦,૦૦૦}{૧૦,૦૦૦}$$

$$= \frac{૧૯,૦૦,૦૦,૦૦,૦૦૦}{૧૦,૦૦૦}$$

= ૧૯,૦૦,૦૦૦ કળા

= ૧,૦૦,૦૦૦ યોજન

- સાધુએ માઈકમાં બોલવું નહીં, ફોટા પડાવવા નહીં.
- બ્રહ્મચર્યના-સદાચારના અદ્ભુત મીઠા ફળો જોઈતા હોય, તો સહનશક્તિ વધારીને પણ ગુરુકુળવાસને વળગી રહેવું જોઈએ.

(૭) **બાહા લાવવાનું કરણ** -

$$\text{બાહા} = \frac{\text{મોટુ ધનુઃપૃષ્ઠ} - \text{નાનુ ધનુઃપૃષ્ઠ}}{૨}$$

લઘુહિમવંતપર્વતની બાહા =

$$\frac{\text{સા.૨૫,૨૩૦ યો. ૪ ક.} - \text{સા. ૧૪,૫૨૮ યો. ૧૧ ક.}}{૨}$$

$$= \frac{\text{૧૦,૭૦૧ યો. ૧૨ ક.}}{૨}$$

$$= \text{૫,૩૫૦ યો. ૧૫ ૧/૨ ક.}$$

આ કરણો પ્રમાણે બધા ક્ષેત્રો, પર્વતો વગેરેના પરિધિ વગેરે જાણી લેવા. વિશેષ જિજ્ઞાસુઓએ **બૃહત્ક્ષેત્રસમાસ-લઘુક્ષેત્રસમાસનું** અવગાહન કરવું.

- બ્રહ્મચર્ય વિનાનો ત્યાગી અને સ્વદારાસંતોષરૂપ શિયળ વિનાનો ગૃહસ્થ આલોકમાં પગલે-પગલે અપમાન, અપયશ, તિરસ્કાર વગેરે પામે છે અને પરલોકમાં નરકાદિ દુર્ગતિની કારમી પીડાઓ પામે છે.
- મૈથુનસંજ્ઞા ચાર કારણોએ ઉદ્ભવે છે-

  (૧) શરીરમાં માંસ તથા લોહીની પુષ્ટિ થવાથી.

  (૨) મોહનીયકર્મના ઉદયથી.

  (૩) ભોગવિલાસની કથા કરવાથી કે સાંભળવાથી અને

  (૪) મૈથુન સંબંધી ચિંતન કરવાથી

  માટે આ ચારેયનો નિગ્રહ કરવો જરૂરી છે.

## જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતના પહોળાઈ, ઈષુ અને જીવા

| ક્રમ | ક્ષેત્ર-પર્વત | પહોળાઈ | | | ઈષુ | | | જીવા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળા | કળા | યોજન | કળા | કળા | યોજન | કળા | કળા |
| ૧ | દક્ષિણ ભરતક્ષેત્ર | ૨૩૮ | ૩ | ૪,૫૨૫ | ૨૩૮ | ૩ | ૪,૫૨૫ | સા.૯૭૪૮ | ૧૨ | સા. ૧,૮૫,૨૨૪ |
| ૨ | દક્ષિણ ઐરવતક્ષેત્ર | ૨૩૮ | ૩ | ૪,૫૨૫ | ૨૩૮ | ૩ | ૪,૫૨૫ | સા.૯૭૪૮ | ૧૨ | સા. ૧,૮૫,૨૨૪ |
| ૩ | ભરતક્ષેત્રનો વૈતાઢ્ય પર્વત | ૫૦ | - | ૯૫૦ | ૨૮૮ | ૩ | ૫,૪૭૫ | સા.૧૦,૭૨૦ | ૧૧ | સા. ૨,૦૩,૬૯૧ |
| ૪ | ઐરવતક્ષેત્રનો વૈતાઢ્ય પર્વત | ૫૦ | - | ૯૫૦ | ૨૮૮ | ૩ | ૫,૪૭૫ | સા.૧૦,૭૨૦ | ૧૧ | સા. ૨,૦૩,૬૯૧ |
| ૫ | ઉત્તર ભરતક્ષેત્ર | ૨૩૮ | ૩ | ૪,૫૨૫ | ૫૨૬ | ૬ | ૧૦,૦૦૦ | સા.૧૪,૪૭૧ | ૫ | સા. ૨,૭૪,૯૫૪ |
| ૬ | ઉત્તર ઐરવતક્ષેત્ર | ૨૩૮ | ૩ | ૪,૫૨૫ | ૫૨૬ | ૬ | ૧૦,૦૦૦ | સા.૧૪,૪૭૧ | ૫ | સા. ૨,૭૪,૯૫૪ |
| ૭ | લઘુહિમવંતપર્વત | ૧,૦૫૨ | ૧૨ | ૨૦,૦૦૦ | ૧,૫૭૮ | ૧૮ | ૩૦,૦૦૦ | સા.૨૪,૯૩૨ | ૧/૨ | સા.૪,૭૩,૭૦૮ $\frac{૧}{૨}$ |
| ૮ | શિખરીપર્વત | ૧,૦૫૨ | ૧૨ | ૨૦,૦૦૦ | ૧,૫૭૮ | ૧૮ | ૩૦,૦૦૦ | સા.૨૪,૯૩૨ | ૧/૨ | સા.૪,૭૩,૭૦૮ $\frac{૧}{૨}$ |
| ૯ | હિમવંતક્ષેત્ર | ૨,૧૦૫ | ૫ | ૪૦,૦૦૦ | ૩,૬૮૪ | ૪ | ૭૦,૦૦૦ | સા.૩૭,૬૭૪ | ૧૫ | સા.૭,૧૫,૮૨૧ |
| ૧૦ | હિરણ્યવંતક્ષેત્ર | ૨,૧૦૫ | ૫ | ૪૦,૦૦૦ | ૩,૬૮૪ | ૪ | ૭૦,૦૦૦ | સા.૩૭,૬૭૪ | ૧૫ | સા.૭,૧૫,૮૨૧ |
| ૧૧ | મહાહિમવંતપર્વત | ૪,૨૧૦ | ૧૦ | ૮૦,૦૦૦ | ૭,૮૯૪ | ૧૪ | ૧,૫૦,૦૦૦ | સા.૫૩,૯૩૧ | ૬ | સા.૧૦,૨૪,૬૯૫ |
| ૧૨ | રુક્મીપર્વત | ૪,૨૧૦ | ૧૦ | ૮૦,૦૦૦ | ૭,૮૯૪ | ૧૪ | ૧,૫૦,૦૦૦ | સા.૫૩,૯૩૧ | ૬ | સા.૧૦,૨૪,૬૯૫ |
| ૧૩ | હરિવર્ષક્ષેત્ર | ૮,૪૨૧ | ૧ | ૧,૬૦,૦૦૦ | ૧૬,૩૧૫ | ૧૫ | ૩,૧૦,૦૦૦ | સા.૭૩,૯૦૧ | ૧૭$\frac{૧}{૨}$ | સા.૧૪,૦૪,૧૩૬ ૧/૨ |
| ૧૪ | રમ્યકક્ષેત્ર | ૮,૪૨૧ | ૧ | ૧,૬૦,૦૦૦ | ૧૬,૩૧૫ | ૧૫ | ૩,૧૦,૦૦૦ | સા.૭૩,૯૦૧ | ૧૭$\frac{૧}{૨}$ | સા.૧૪,૦૪,૧૩૬ ૧/૨ |

| ક્રમ | ક્ષેત્ર-પર્વત | પહોળાઈ | | | ઇષુ | | | જીવા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળા | કળા | યોજન | કળા | કળાઃ | યોજન | કળા | કળા |
| ૧૫ | નિષધપર્વત | ૧૬,૮૪૨ | ૨ | ૩,૨૦,૦૦૦ | ૩૩,૧૫૭ | ૧૭ | ૬,૩૦,૦૦૦ | સા.૯૪,૧૫૬ | ૨ | સા.૧૭,૮૮,૯૯૯ |
| ૧૬ | નીલવંતપર્વત | ૧૬,૮૪૨ | ૨ | ૩,૨૦,૦૦૦ | ૩૩,૧૫૭ | ૧૭ | ૬,૩૦,૦૦૦ | સા.૯૪,૧૫૬ | ૨ | સા.૧૭,૮૮,૯૯૯ |
| ૧૭ | દક્ષિણ અર્ધ-મહાવિદેહક્ષેત્ર | ૧૬,૮૪૨ | ૨ | ૩,૨૦,૦૦૦ | ૫૦,૦૦૦ | - | ૯,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | - | ૧૯,૦૦,૦૦૦ |
| ૧૮ | ઉત્તર અર્ધ-મહાવિદેહક્ષેત્ર | ૧૬,૮૪૨ | ૨ | ૩,૨૦,૦૦૦ | ૫૦,૦૦૦ | - | ૯,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | - | ૧૯,૦૦,૦૦૦ |

## જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતના ધનુઃપૃષ્ઠ, બાહા અને ઊંચાઈ

| ક્રમ | ક્ષેત્ર-પર્વત | ધનુઃપૃષ્ઠ | | | બાહા | | | ઊંચાઈ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળાઃ | કળા | યોજન | કળા | કળા | યોજન |
| ૧ | દક્ષિણભરતક્ષેત્ર | સા.૯,૭૬૬ | ૧ | સા.૧,૮૫,૫૫૫ | - | - | - | - |
| ૨ | દક્ષિણઐરવતક્ષેત્ર | સા.૯,૭૬૬ | ૧ | સા.૧,૮૫,૫૫૫ | - | - | - | - |
| ૩ | ભરતક્ષેત્રનો વૈતાઢ્યપર્વત (૧લો ખંડ) | સા.૧૦,૭૪૩ | ૧૫ | સા.૨,૦૪,૧૩૨ | સા.૪૮૮ | ૧૬ ૧/૨ | સા.૯,૨૮૮ ૧/૨ | ૧૦ |
| ૪ | ઐરવતક્ષેત્રનો વૈતાઢ્યપર્વત (૧લો ખંડ) | સા.૧૦,૭૪૩ | ૧૫ | સા.૨,૦૪,૧૩૨ | સા.૪૮૮ | ૧૬ ૧/૨ | સા.૯,૨૮૮ ૧/૨ | ૧૦ |
| ૫ | ઉત્તરભરતક્ષેત્ર | સા.૧૪,૫૨૮ | ૧૧ | સા.૨,૭૬,૦૪૩ | સા.૧,૮૯૨ | ૭ ૧/૨ | સા.૩૫,૯૫૫ ૧/૨ | - |
| ૬ | ઉત્તરઐરવતક્ષેત્ર | સા.૧૪,૫૨૮ | ૧૧ | સા.૨,૭૬,૦૪૩ | સા.૧,૮૯૨ | ૭ ૧/૨ | સા.૩૫,૯૫૫ ૧/૨ | - |
| ૭ | લઘુહિમવંતપર્વત | સા.૨૫,૨૩૦ | ૪ | સા.૪,૭૯,૩૭૪ | સા.૫,૩૫૦ | ૧૫ ૧/૨ | સા.૧,૦૧,૬૬૫ ૧/૨ | ૧૦૦ |

| ક્રમ | ક્ષેત્ર-પર્વત | ધનુઃપૃષ્ઠ | | | બાહા | | | ઊંચાઈ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળા | કળા | યોજન | કળા | કળા | યોજન |
| ૮ | શિખરીપર્વત | સા.૨૫,૨૩૦ | ૪ | સા.૪,૭૯,૩૭૪ | સા.૫,૩૫૦ | ૧૫ ૧/૨ | સા.૧,૦૧,૬૬૫ ૧/૨ | ૧૦૦ |
| ૯ | હિમવંતક્ષેત્ર | સા.૩૮,૭૪૦ | ૧૦ | સા.૭,૩૬,૦૭૦ | સા.૬,૭૫૫ | ૩ | સા.૧,૨૮,૩૪૮ | - |
| ૧૦ | હિરણ્યવંતક્ષેત્ર | સા.૩૮,૭૪૦ | ૧૦ | સા.૭,૩૬,૦૭૦ | સા.૬,૭૫૫ | ૩ | સા.૧,૨૮,૩૪૮ | - |
| ૧૧ | મહાહિમવંતપર્વત | સા.૫૭,૨૯૩ | ૧૦ | સા.૧૦,૮૮,૫૭૭ | સા.૯,૨૭૬ | ૯ ૧/૨ | સા.૧,૭૬,૨૫૩ ૧/૨ | ૨૦૦ |
| ૧૨ | રુક્મિપર્વત | સા.૫૭,૨૯૩ | ૧૦ | સા.૧૦,૮૮,૫૭૭ | સા.૯,૨૭૬ | ૯ ૧/૨ | સા.૧,૭૬,૨૫૩ ૧/૨ | ૨૦૦ |
| ૧૩ | હરિવર્ષક્ષેત્ર | સા.૮૪,૦૧૬ | ૪ | સા.૧૫,૯૬,૩૦૮ | સા.૧૩,૩૬૧ | ૬ ૧/૨ | સા.૨,૫૩,૮૬૫ ૧/૨ | - |
| ૧૪ | રમ્યક્ક્ષેત્ર | સા.૮૪,૦૧૬ | ૪ | સા.૧૫,૯૬,૩૦૮ | સા.૧૩,૩૬૧ | ૬ ૧/૨ | સા.૨,૫૩,૮૬૫ ૧/૨ | - |
| ૧૫ | નિષધપર્વત | સા.૧,૨૪,૩૪૬ | ૯ | સા.૨૩,૬૨,૫૮૩ | સા.૨૦,૧૬૫ | ૨ ૧/૨ | સા.૩,૮૩,૧૩૭ ૧/૨ | ૪૦૦ |
| ૧૬ | નીલવંતપર્વત | સા.૧,૨૪,૩૪૬ | ૯ | સા.૨૩,૬૨,૫૮૩ | સા.૨૦,૧૬૫ | ૨ ૧/૨ | સા.૩,૮૩,૧૩૭ ૧/૨ | ૪૦૦ |
| ૧૭ | દક્ષિણ અર્ધ-<br>મહાવિદેહક્ષેત્ર | સા.૧,૫૮,૧૧૩ | ૧૬ ૧/૨ | સા.૩૦,૦૪,૧૬૩ ૧/૨ | સા.૧૬,૮૮૩ | ૧૩ ૧/૪ | સા.૩,૨૦,૭૯૦૧/૪ | - |
| ૧૮ | ઉત્તર અર્ધ-<br>મહાવિદેહક્ષેત્ર | સા.૧,૫૮,૧૧૩ | ૧૬ ૧/૨ | સા.૩૦,૦૪,૧૬૩ ૧/૨ | સા.૧૬,૮૮૩ | ૧૩ ૧/૪ | સા.૩,૨૦,૭૯૦ ૧/૪ | - |
| ૧૯ | ભરતક્ષેત્રનો<br>વૈતાઢ્યપર્વત (૨જો ખંડ) | - | - | - | - | - | - | ૧૦ |
| ૨૦ | ઐરવતક્ષેત્રનો<br>વૈતાઢ્યપર્વત (૨જો ખંડ) | - | - | - | - | - | - | ૧૦ |
| ૨૧ | ભરતક્ષેત્રનો<br>વૈતાઢ્યપર્વત (૩જો ખંડ) | - | - | - | - | - | - | ૫ |
| ૨૨ | ઐરવતક્ષેત્રનો<br>વૈતાઢ્યપર્વત (૩જો ખંડ) | - | - | - | - | - | - | ૫ |

## જંબૂદ્વીપના ક્ષેત્ર-પર્વતના પ્રતરગણિત, ઘનગણિત અને શેના બનેલા છે ? તે

| ક્રમ | ક્ષેત્ર-પર્વત | પ્રતરગણિત | | | ઘનગણિત | | શેના બનેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળા | કળા | યોજન | કળા | |
| ૧ | દક્ષિણ ભરતક્ષેત્ર | સા.૧૮,૩૫,૪૮૫ | ૧૨ ૬/૧૯ | સા.૬૬,૨૬,૧૦,૩૧૯ | - | - | - |
| ૨ | ઉત્તર ભરતક્ષેત્ર | સા.૧૮,૩૫,૪૮૫ | ૧૨ ૬/૧૯ | સા.૬૬,૨૬,૧૦,૩૧૯ | - | - | - |
| ૩ | ભરતક્ષેત્રનો વૈતાઢ્યપર્વત (૧લો ખંડ) | સા.૫,૧૨,૩૦૭ | ૧૨ | સા.૯૭,૩૩,૮૪૫ | સા.૫૧,૨૩,૦૭૬ | ૬ | ચાંદીનો |
| ૪ | ઐરવતક્ષેત્રનો વૈતાઢ્યપર્વત (૧લો ખંડ) | સા.૫,૧૨,૩૦૭ | ૧૨ | સા.૯૭,૩૩,૮૪૫ | સા.૫૧,૨૩,૦૭૬ | ૬ | ચાંદીનો |
| ૫ | ઉત્તર ભરતક્ષેત્ર | સા.૩૦,૩૨,૮૮૮ | ૧૨ ૧૧/૧૯ | સા.૧,૦૯,૪૮,૭૨,૮૦૭ | - | - | - |
| ૬ | ઉત્તર ઐરવતક્ષેત્ર | સા.૩૦,૩૨,૮૮૮ | ૧૨ ૧૧/૧૯ | સા.૧,૦૯,૪૮,૭૨,૮૦૭ | - | - | - |
| ૭ | લઘુહિમવંતપર્વત | ૨,૧૪,૫૬,૯૭૧ | ૮ ૧૦/૧૯ | સા.૭,૭૪,૫૯,૬૬,૬૯૨ | ૨,૧૪,૫૬,૯૭,૧૧૪ | ૧૬ ૧૨/૧૯ | પીળા સુવર્ણનો |
| ૮ | શિખરીપર્વત | ૨,૧૪,૫૬,૯૭૧ | ૮ ૧૦/૧૯ | સા.૭,૭૪,૫૯,૬૬,૬૯૨ | ૨,૧૪,૫૬,૯૭,૧૧૪ | ૧૬ ૧૨/૧૯ | પીળા સુવર્ણનો |
| ૯ | હિમવંતક્ષેત્ર | સા.૬,૭૨,૫૩,૧૪૫ | ૫ ૮/૧૯ | સા.૨૪,૨૭,૮૩,૮૫,૪૪૮ | - | - | - |
| ૧૦ | હિરણ્યવંતક્ષેત્ર | સા.૬,૭૨,૫૩,૧૪૫ | ૫ ૮/૧૯ | સા.૨૪,૨૭,૮૩,૮૫,૪૪૮ | - | - | - |
| ૧૧ | મહાહિમવંતપર્વત | ૧૯,૫૮,૬૮,૧૮૬ | ૧૦ ૫/૧૯ | સા.૭૦,૭૦,૮૪,૧૫,૩૪૦ | ૩૯,૧૭,૩૬,૩૭,૩૦૮ | ૧૨/૧૯ | પીળા સુવર્ણનો |
| ૧૨ | રુક્મીપર્વત | ૧૯,૫૮,૬૮,૧૮૬ | ૧૦ ૫/૧૯ | સા.૭૦,૭૦,૮૪,૧૫,૩૪૦ | ૩૯,૧૭,૩૬,૩૭,૩૦૮ | ૧૨/૧૯ | સફેદ સુવર્ણનો |

- ભૂતકાળમાં આરાધનાને લક્ષ્ય બનાવવાની બદલે આપણે અનુકૂળતાને જ લક્ષ્ય બનાવી.
- સંપત્તિ સારી રીતે જીવવા ય ન દે અને સારી રીતે મરવા ય ન દે.

| ક્રમ | ક્ષેત્ર-પર્વત | પ્રતરગણિત | | | ઘનગણિત | | શેના બનેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળા | કળા | યોજન | કળા | |
| ૧૩ | હરિવર્ષક્ષેત્ર | સા.૫૪,૪૭,૭૩,૮૭૦ | ૭ | સા.૧,૯૬,૬૬,૩૩,૬૭,૨૦૩ | - | - | - |
| ૧૪ | રમ્યકક્ષેત્ર | સા.૫૪,૪૭,૭૩,૮૭૦ | ૭ | સા.૧,૯૬,૬૬,૩૩,૬૭,૨૦૩ | - | - | - |
| ૧૫ | નિષધપર્વત | ૧,૪૨,૫૪,૬૬,૫૬૯ | ૧૮ | સા.૫,૧૪,૫૯,૩૪,૩૧,૭૪૬ | ૫,૭૦,૧૮,૬૬,૨૭,૯૭૯ | - | તપનીય (લાલ) સુવર્ણનો |
| ૧૬ | નીલવંતપર્વત | ૧,૪૨,૫૪,૬૬,૫૬૯ | ૧૮ | સા.૫,૧૪,૫૯,૩૪,૩૧,૭૪૬ | ૫,૭૦,૧૮,૬૬,૨૭,૯૭૯ | - | વૈડૂર્યરત્નનો |
| ૧૭ | દક્ષિણ અર્ધમહા-વિદેહક્ષેત્ર | સા.૧,૬૩,૫૭,૩૯,૩૦૨ | ૧૦ ૧૫/૧૯ | સા.૫,૯૦,૫૦,૧૮,૮૮,૨૨૭ | - | - | - |
| ૧૮ | ઉત્તર અર્ધમહા-વિદેહક્ષેત્ર | સા.૧,૬૩,૫૭,૩૯,૩૦૨ | ૧૦ ૧૫/૧૯ | સા.૫,૯૦,૫૦,૧૮,૮૮,૨૨૭ | - | - | - |
| ૧૯ | ભરતક્ષેત્રનો વૈતાઢ્યપર્વત (૨જો ખંડ) | સા.૩,૦૭,૩૮૪ | ૧૧ | સા.૫૮,૪૦,૩૦૭ | સા.૩૦,૭૩,૮૪૫ | ૧૫ | ચાંદીનો |
| ૨૦ | ઐરવતક્ષેત્રનો વૈતાઢ્યપર્વત (૨જો ખંડ) | સા.૩,૦૭,૩૮૪ | ૧૧ | સા.૫૮,૪૦,૩૦૭ | સા.૩૦,૭૩,૮૪૫ | ૧૫ | ચાંદીનો |
| ૨૧ | ભરતક્ષેત્રનો વૈતાઢ્ય-પર્વત (૩જો ખંડ) | સા.૧,૦૨,૪૬૧ | ૧૦ | સા.૧૯,૪૬,૭૬૯ | સા.૫,૧૨,૩૦૭ | ૧૨ | ચાંદીનો |
| ૨૨ | ઐરવતક્ષેત્રનો વૈતાઢ્ય-પર્વત (૩જો ખંડ) | સા.૧,૦૨,૪૬૧ | ૧૦ | સા.૧૯,૪૬,૭૬૯ | સા.૫,૧૨,૩૦૭ | ૧૨ | ચાંદીનો |

• સંસાર ! દોડાવે.......ભટકાવે.........રખડાવે..........રીબાવે અને અંતે.... મારે.

# ધાતકીખંડ અને પુષ્કરવરાર્ધ દ્વીપના મેરુપર્વતો



**• ધાતકીખંડ દ્વીપના અને પુષ્કરવરાર્ધ દ્વીપના મેરુપર્વતો -**

ધાતકીખંડમાં બે મેરુપર્વત છે. પુષ્કરવરાર્ધદ્વીપમાં બે મેરુપર્વત છે. તે ૮૪,૦૦૦ યોજન ઊંચા છે અને ૧,૦૦૦ યોજન ઊંડા છે. તેમની ભૂમિતલે પહોળાઈ ૯,૪૦૦ યોજન છે. તેમના ૩ કાંડ છે.

૧) પહેલો કાંડ ભૂમિની નીચે ૧,૦૦૦ યોજન ઊંડો છે.

૨) બીજો કાંડ ભૂમિની ઉપર ૫૬,૦૦૦ યોજન ઊંચો છે.

૩) ત્રીજો કાંડ બીજા કાંડની ઉપર ૨૮,૦૦૦ યોજન ઊંચો છે.

મેરુપર્વતની તળેટીમાં ભદ્રશાલવન છે. ત્યાંથી ૫૦૦ યોજન ઉપર જતા ચારે બાજુથી ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. તેમાં ૫૦૦ યોજન પહોળું નંદનવન છે. ત્યાંથી ૫૫,૫૦૦ યોજન ઉપર જતા ચારે બાજુથી ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. તેમાં ૫૦૦ યોજન પહોળું સૌમનસવન છે. ત્યાંથી ૨૮,૦૦૦ યોજન ઉપર જતા મેરુપર્વતનું ઉપરીતલ આવે છે. તેમાં ૪૯૪ યોજન પહોળુ પાંડુકવન છે. મેરુપર્વતનો ઉપરનો વિસ્તાર ૧,૦૦૦ યોજન છે. પાંડુકવનની મધ્યમાં ૪૦ યોજન ઊંચી, મૂળમાં ૧૨ યોજન પહોળી, વચ્ચે ૮ યોજન પહોળી, ઉપર ૪ યોજન પહોળી ચૂલિકા છે.

**• ધાતકીખંડ દ્વીપ** - (સૂત્ર-૩/૧૨)

તે લવણસમુદ્રની ચારે બાજુ વીંટાયેલ છે. તે ૪,૦૦,૦૦૦ યોજન વિસ્તારવાળો છે. તેની ઉત્તરમાં અને દક્ષિણમાં ઉત્તર-દક્ષિણ ૪,૦૦,૦૦૦ યોજન લાંબા, પૂર્વ-પશ્ચિમ ૧,૦૦૦ યોજન પહોળા, ૫૦૦ યોજન ઊંચા ૧-૧ □ઇષ્વાકાર પર્વતો છે. તેનાથી ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે ભાગ થાય છે. દરેક ભાગમાં ૭ ક્ષેત્રો અને ૬ વર્ષધરપર્વતો છે. તેમના નામ અને ક્રમ પૂર્વે કહ્યા

□ બૃહત્ક્ષેત્રસમાસની ગાથા ૪૯૩માં આને ઈષુકારપર્વતો કહ્યા છે.

## ધાતકીખંડ




(૧) ઈષ્વાકાર પર્વત, (૨) શિખરી પર્વત, (૩) રુક્મિ પર્વત, (૪) નીલવંત પર્વત, (૫) નિષધ પર્વત, (૬) મહાહિમવંત પર્વત, (૭) લઘુહિમવંત પર્વત, (૮) ઈષ્વાકાર પર્વત, (૯) લઘુહિમવંત પર્વત, (૧૦) મહાહિમવંત પર્વત, (૧૧) નિષધ પર્વત, (૧૨) નીલવંત પર્વત, (૧૩) રુક્મિ પર્વત, (૧૪) શિખરી પર્વત.

મુજબ છે. ચક્રના આરાના આકારના વર્ષધરપર્વતો છે. ચક્રના આરાના છિદ્રના આકારના ક્ષેત્રો છે. બધા વર્ષધરપર્વતોની ઊંચાઈ નિષધપર્વતની ઊંચાઈ સમાન એટલે કે ૪૦૦Δ યોજન છે. ધાતકીખંડદ્વીપમાં જંબૂદ્વીપ કરતા બમણા ક્ષેત્રો, પર્વતો, નદીઓ વગેરે છે.

• પુષ્કરવરાર્ધ દ્વીપ - (સૂત્ર-૩/૧૩)

પુષ્કરવરાર્ધ દ્વીપની બધી હકીકત ધાતકીખંડ દ્વીપની જેમ જાણવી. તે કાલોદ સમુદ્રને વીંટાયેલ છે. તેનો વિસ્તાર ૮,૦૦,૦૦૦ યોજન છે. તેમાં ક્ષેત્રો, પર્વતો વગેરે જંબૂદ્વીપ કરતા બમણા છે.

પુષ્કરવરાર્ધ દ્વીપના બે વિભાગ છે- અભ્યંતર પુષ્કરવરાર્ધદ્વીપ અને બાહ્ય પુષ્કરવરાર્ધદ્વીપ. આ બન્ને વિભાગો ચાર લાખ યોજન પહોળા છે. અભ્યંતર પુષ્કરવરાર્ધ દ્વીપ પછી બાકીના બાહ્ય પુષ્કરવરાર્ધ દ્વીપમાં સુવર્ણમય માનુષોત્તરપર્વત છે. તે ૧,૭૨૧ યોજન ઊંચો અને ૪૩૦ ૧/૪ યોજન ઊંડો છે. તે મૂળમાં ૧,૦૨૨ યોજન પહોળો છે, વચ્ચે ૭૨૩ યોજન પહોળો છે અને ઉપર ૪૨૪ યોજન પહોળો છે. તે બેઠેલા સિંહના આકારનો છે.

• હે કામ ! તારું ઉત્પત્તિસ્થાન જાણું છું કે તું વિચારમાંથી ઉદ્ભવે છે. તો હું કામવાસનાનો વિચાર નહીં કરું. એટલે તું પણ જન્મી જ નહીં શકે.

આ ઉપરથી સ્પષ્ટ છે કે મનને એવા વિચારોમાં ન જવા દેવું જોઈએ. પણ નવરું મન ત્યાં ગયા વિના રહે નહીં. તેથી મનને એક ક્ષણ પણ નવરું ન પડવા દેવા માટે એને શાસ્ત્રપદાર્થોની પવિત્ર વિચારણામાં રમતું રાખવું જોઈએ.

Δ **બૃહત્ક્ષેત્રસમાસની ગાથા ૫૨૬**માં ધાતકીખંડના વર્ષધરપર્વતોની ઊંચાઈ જંબૂદ્વીપના વર્ષધરપર્વતોની ઊંચાઈ તુલ્ય કહી છે.

# પુષ્કરવરાર્ધદ્વીપ




(૧) ઈષ્વાકાર પર્વત, (૨) શિખરી પર્વત, (૩) રુક્મિ પર્વત, (૪) નીલવંત પર્વત, (૫) નિષધ પર્વત, (૬) મહાહિમવંત પર્વત, (૭) લઘુહિમવંત પર્વત, (૮) ઈષ્વાકાર પર્વત, (૯) લઘુહિમવંત પર્વત, (૧૦) મહાહિમવંત પર્વત, (૧૧) નિષધ પર્વત, (૧૨) નીલવંત પર્વત, (૧૩) રુક્મિ પર્વત, (૧૪) શિખરી પર્વત.

• • •

# મનુષ્યક્ષેત્ર પ્રકરણ

માનુષોત્તરપર્વત સુધીના અઢી દ્વીપ અને બે સમુદ્ર એ મનુષ્યક્ષેત્ર છે. મનુષ્યો મનુષ્યક્ષેત્રમાં હોય છે. (સૂત્ર-૩/૧૪) મનુષ્યક્ષેત્રની બહાર કોઈ પણ મનુષ્યના જન્મ કે મરણ ન થાય. મનુષ્યક્ષેત્રની બહાર કોઈ પણ મનુષ્યનું મરણને આશ્રયી સંહરણ ન થાય અથવા સંહરણ થાય તો પણ મરણ પહેલા તે મનુષ્યક્ષેત્રમાં પાછો આવી જાય. જંઘાચારી અને વિદ્યાચારી સંયતો મનુષ્યક્ષેત્રની બહાર જઈ શકે, પણ ત્યાં તેમનું મરણ ન થાય.

ભવિષ્યમાં મનુષ્યક્ષેત્રની બહાર ઉત્પન્ન થવાનો હોય એવો કોઈક મનુષ્ય મરણ સમુદ્ઘાતથી ઉત્પત્તિદેશે આત્મપ્રદેશોને ફેંકી પછી ઇલિકાગતિથી મરે, તે અપેક્ષાએ મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્યનું મરણ થાય, બીજી રીતે નહીં.

મનુષ્યક્ષેત્રની બહારથી કોઈ (મનુષ્ય, તેઉકાય, વાયુકાય સિવાયનો) જીવ મનુષ્યાયુષ્ય બાંધી વક્રગતિથી મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે તેને વક્રગતિમાં મનુષ્યાયુષ્યનો ઉદય થાય. તે અપેક્ષાએ મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્યનો જન્મ થાય, બીજી રીતે નહીં.

સંહરણ એટલે વૈરથી કોઈ દેવ કે વિદ્યાધર મનુષ્યને મનુષ્યક્ષેત્રની બહાર લઈ જાય તે. સાધ્વી, અવેદી, પરિહારવિશુદ્ધિચારિત્રવાળા, પુલાકસંયત, અપ્રમત્તસંયત, ચૌદપૂર્વી, આહારકશરીરી - આટલાનું કોઈ સંહરણ ન કરે.

અઢી દ્વીપની બધી હકીકત અહીં સંક્ષેપથી જણાવી છે. વિશેષથી તેને જાણવાની ઇચ્છાવાળા પુણ્યાત્માઓએ **લોકપ્રકાશ, બૃહત્ક્ષેત્રસમાસ, લઘુક્ષેત્રસમાસ, લઘુસંગ્રહણી** વગેરે ગ્રંથોનું અવલોકન કરવું.

## મનુષ્યક્ષેત્ર




- **મનુષ્યક્ષેત્રનું પ્રમાણ** - મનુષ્યક્ષેત્રનું પ્રમાણ ૪૫ લાખ યોજન છે. તે આ પ્રમાણે -

| દ્વીપ-સમુદ્ર | પ્રમાણ |
|---|---|
| જંબૂદ્વીપ | ૧ લાખ યોજન |
| લવણસમુદ્ર (બે બાજુ થઈને) | ૪ લાખ યોજન |
| ધાતકીખંડ (બે બાજુ થઈને) | ૮ લાખ યોજન |
| કાલોદ સમુદ્ર (બે બાજુ થઈને) | ૧૬ લાખ યોજન |
| પુષ્કરવરાર્ધદ્વીપ (બે બાજુ થઈને) | ૧૬ લાખ યોજન |
| કુલ | ૪૫ લાખ યોજન |

**● મનુષ્યક્ષેત્રમાં આવતા ક્ષેત્રો, પર્વતો વગેરે -**

| ક્ષેત્રો, પર્વતો વગેરે | જંબૂદ્વીપમાં | ધાતકીખંડદ્વીપમાં | પુષ્કરવરાર્ધદ્વીપમાં |
|---|---|---|---|
| ૫ મેરુપર્વત | ૧ | ૨ | ૨ |
| ૩૫ ક્ષેત્રો | ૭ | ૧૪ | ૧૪ |
| ૩૦ વર્ષધરપર્વતો | ૬ | ૧૨ | ૧૨ |
| ૫ દેવકુરુ | ૧ | ૨ | ૨ |
| ૫ ઉત્તરકુરુ | ૧ | ૨ | ૨ |
| ૧૬૦ વિજયો | ૩૨ | ૬૪ | ૬૪ |
| ૨૫૫ આર્યદેશો | ૫૧□ | ૧૦૨ | ૧૦૨ |
| ૫૬ અંતરદ્વીપ | ૫૬ | - | - |

ક્ષેત્રો, પર્વતો વગેરેની લંબાઈ, પહોળાઈ વગેરે પ્રમાણઅંગુલથી મપાય છે.

મનુષ્યક્ષેત્રમાં ૩૫ ક્ષેત્રો અને ૫૬ અંતરદ્વીપોમાં મનુષ્યોના જન્મ થાય છે. સંહરણથી કે વિદ્યાની લબ્ધિથી અઢીદ્વીપ અને બે સમુદ્રમાં સર્વત્ર મનુષ્યો હોઈ શકે અને તેમનું મરણ પણ થઈ શકે.

● ● ●

● હે નાથ ! અનાદિના અભ્યાસના લીધે ભૂંડના જેવું મારું ચપળ મન વિષયરૂપી વિષ્ટાના કાદવભર્યા ખાડામાં દોડી જાય છે અને હું તે ચંચળ મનને નિવારી શકતો નથી. માટે હે દેવાધિદેવ ! મારા ઉપર મહેર કરીને તેને જરૂર જરૂર અટકાવી દો.

□ ભરતક્ષેત્રમાં ૨૫ ૧/૨ આર્યદેશ અને ઐરવતક્ષેત્રમાં ૨૫ ૧/૨ આર્યદેશ છે.

# મનુષ્યપ્રકાર પ્રકરણ

મનુષ્યો બે પ્રકારના છે - આર્ય અને મ્લેચ્છ. (સૂત્ર-૩/૧૫)

**૧) આર્ય** - ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્રમાં શિષ્ટલોક, ન્યાય અને ધર્મથી યુક્ત આચરણવાળા મનુષ્યો તે આર્ય મનુષ્યો. તે ૬ પ્રકારના છે -

**(૧) ક્ષેત્રાર્ય** - ૧૫ કર્મભૂમિમાં, ભરત-ઐરવતમાં ૨૫ ૧/૨ આર્યદેશોમાં અને મહાવિદેહક્ષેત્રની વિજયોમાં જન્મેલા મનુષ્યો તે ક્ષેત્રાર્ય મનુષ્યો છે.

**૨) જાતિઆર્ય** - ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, અમ્બષ્ઠ, જ્ઞાત, કુરુ, વુંવનાલ, ઉગ્ર, ભોગ, રાજન્ય વગેરે ઉત્તમ વંશમાં જન્મેલા મનુષ્યો તે જાતિઆર્ય મનુષ્યો છે.

**૩) કુલાર્ય** - કુલકરો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો અને બીજા પણ જે ત્રીજા, પાંચમા, સાતમા કુલકરો સુધીના વિશુદ્ધ કુળ અને સ્વભાવવાળા મનુષ્યો હોય તે કુલાર્ય મનુષ્યો છે.

**૪) કર્માર્ય** - યજ્ઞ કરનારા, યજ્ઞ કરાવનારા, ભણનારા, ભણાવનારા, પ્રયોગ કરનારા, ખેતી કરનારા, લખનારા, વેપાર કરનારા, યોનિપોષણ કરનારા વગેરે. આ રીતે આજીવિકા ચલાવે તે કર્માર્ય મનુષ્યો છે. આચાર્યના ઉપદેશ વિના શીખેલું હોય તે કર્મ.

**૫) શિલ્પાર્ય** - દરજી, કુંભાર, હજામ, વણકર, શિલ્પી વગેરે અલ્પ પાપ કરનારા અને અનિન્દ્ય આજીવિકાવાળા મનુષ્યો તે શિલ્પાર્ય મનુષ્યો છે. આચાર્યના ઉપદેશથી શીખેલું હોય તે શિલ્પ.

૬) **ભાષાર્ય** - ગણધર વગેરે શિષ્ટોની ભાષા એટલે કે સંસ્કૃત, અર્ધમાગધી વગેરે ભાષાના નિયત વર્ણોવાળી, લોકમાં રૂઢ, સ્પષ્ટ શબ્દોવાળી, પાંચ પ્રકારના આર્યોની ભાષા બોલે તે ભાષાર્ય મનુષ્યો છે.

(૨) **મ્લેચ્છ** - પૂર્વે કહેલ ક્ષેત્રો વગેરેથી વિપરીત ક્ષેત્રો વગેરેવાળા મનુષ્યો તે મ્લેચ્છ મનુષ્યો. તે શક, યવન, કિરાત, કામ્બોજ, વાહ્લીક વગેરે અનેક પ્રકારના છે. અન્તરદ્વીપના મનુષ્યો પણ મ્લેચ્છ મનુષ્યો છે, કેમકે તેમના ક્ષેત્ર વગેરે વિપરીત છે.

• • •

- માણસને ઘી-દૂધ ચોખ્ખા જોઈએ છે, ધાન્ય-મસાલા-મીઠાઈ ચોખ્ખા જોઈએ છે, કપડા સ્વચ્છ ગમે છે, મકાન વગેરે ય સ્વચ્છ ગમે છે અને પોતાનું શરીર પણ સ્વચ્છ અને સ્વસ્થ જોઈએ છે. પરંતુ મૂઢતા એવી છે કે સૌથી અગત્યની વસ્તુ જે પોતાનું મન એ સ્વચ્છ અને સ્વસ્થ જોઈએ એ તરફ દૃષ્ટિ જ નથી.

  એ તો સમજે છે કે ઘી-દૂધ વગેરે ચોખ્ખા મળે, ખવાય-પીવાય તો શરીર સારું રહે, કપડાં સ્વચ્છ હોય તો લોકમાં શોભીએ, મકાન સ્વચ્છ હોય તો ઘરે આવનાર પાડોશી વગેરે આપણને સારો માને, શરીર સ્વચ્છ હોય તો સારા લાગીએ, અને સ્વસ્થ હોય તો દુનિયાના કામ બજાવી શકીએ, આનંદમંગળ રહે. એને આ બધી સમજ છે, પણ મન સ્વચ્છ અને સ્વસ્થ હોય તો કેટલા મહાન લાભ થાય, તેમજ મન મલિન અને અસ્વસ્થ હોય તો કેવા ભયંકર નુકસાન થાય, એનો વિચાર જ નથી.

# અંતરદ્વીપ પ્રકરણ

લઘુહિમવંતપર્વતની પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં જંબૂદ્વીપની વેદિકાથી બે-બે દાઢા નીકળે છે. પૂર્વ તરફની બે દાઢા ઈશાન અને અગ્નિખૂણા તરફ જાય છે. પશ્ચિમ તરફની બે દાઢા નૈઋત્ય અને વાયવ્ય ખૂણા તરફ જાય છે. દરેક દાઢા ઉપર ૩૦૦ યોજન ગયા પછી ૩૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. આ ચાર દ્વીપોથી ૪૦૦ યોજન પછી ૪૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. આ ચાર દ્વીપોથી ૫૦૦ યોજન પછી ૫૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. આ ચાર દ્વીપોથી ૬૦૦ યોજન પછી ૬૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. આ ચાર દ્વીપોથી ૭૦૦ યોજન પછી ૭૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. આ ચાર દ્વીપોથી ૮૦૦ યોજન પછી ૮૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. આ ચાર દ્વીપોથી ૯૦૦ યોજન પછી ૯૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે.

**અંતરદ્વીપના નામો -**

| ક્ર. | ઇશાનમાં | અગ્નિમાં | નૈઋત્યમાં | વાયવ્યમાં |
|---|---|---|---|---|
| ૧. | એકોરુક | આભાસિક | લાંગૂલિક | વૈષાણિક |
| ૨. | હયકર્ણ | ગજકર્ણ | ગોકર્ણ | શષ્કુલિકર્ણ |
| ૩. | □આદર્શમુખ | □મેષમુખ | □હયમુખ | □ગજમુખ |
| ૪. | અશ્વમુખ | હસ્તિમુખ | સિંહમુખ | વ્યાઘ્રમુખ |
| ૫. | અશ્વકર્ણ | સિંહકર્ણ | હસ્તિકર્ણ | કર્ણપ્રાવરણ |
| ૬. | ઉલ્કામુખ | વિદ્યુજ્જિહ્વ | મેષમુખ | વિદ્યુદન્ત |
| ૭. | ઘનદંત | ગૂઢદંત | Δવિશિષ્ટદંત | શુદ્ધદંત |

□ પાઠાંતરે ગજમુખ, વ્યાઘ્રમુખ, આદર્શમુખ, ગોમુખ.

Δ પાઠાંતરે શ્રેષ્ઠદંત.

# પ૬ અંતરદ્વીપ


લવણ
ઐરવત ક્ષેત્ર
શિખરી પર્વત
મેરુ પર્વત
જંબૂ
દ્વીપ
લઘુ હિમવંત પર્વત
ભરત ક્ષેત્ર
સમુદ્ર
અંતરદ્વીપો

**બૃહત્ક્ષેત્રસમાસની ગાથા-૪૫૪,૪૫૬,૪૫૮,૪૫૯,૪૬૦માં અને ક્ષેત્રલોકપ્રકાશના સર્ગ-૧૬ની ગાથા-૩૧૧,૩૧૫,૩૧૬,૩૧૭, ૩૧૮** માં અંતરદ્વીપોના નામો આ રીતે કહ્યા છે -

| ક્ર. | ઇશાનમાં | અગ્નિમાં | નૈઋત્યમાં | વાયવ્યમાં |
|---|---|---|---|---|
| ૧ | એકોરુક | આભાષિક | વૈષાણિક | ⊕લાંગૂલિક |
| ૨ | હયકર્ણ | ગજકર્ણ | ગોકર્ણ | શષ્કુલિકર્ણ |
| ૩ | આદર્શમુખ | મેંઢમુખ | અયોમુખ | ગોમુખ |
| ૪ | અશ્વમુખ | હસ્તિમુખ | સિંહમુખ | વ્યાઘ્રમુખ |
| ૫ | અશ્વકર્ણ | હરિકર્ણ | અકર્ણ | કર્ણપ્રાવરણ |
| ૬ | ઉલ્કામુખ | મેઘમુખ | વિદ્યુન્મુખ | વિદ્યુદન્ત |
| ૭ | ઘનદંત | લષ્ટદંત | ગૂઢદંત | શુદ્ધદંત |

આ ૨૮ અંતરદ્વીપો લઘુહિમવંતપર્વતની ચાર દાઢાઓ ઉપર છે. શિખરીપર્વતમાંથી પણ આ જ રીતે ચાર દાઢા નીકળે છે અને તેમની ઉપર આ જ નામ અને પ્રમાણવાળા ૨૮ અંતરદ્વીપો છે.

અંતરદ્વીપના મનુષ્યોમાં સ્ત્રી-પુરુષનું યુગલ સાથે જન્મે છે. તેમનું આયુષ્ય પલ્યોપમ/અસંખ્ય છે અને અવગાહના ૮૦૦ ધનુષ્ય પ્રમાણ છે.

• • •

- સમાનતા તો સિદ્ધિગતિમાં જ રહેવાની, સંસારમાં તો વિષમતા જ રહેવાની
- શંકાનો સ્વભાવ પસરવાનો છે.
- જે ટાંકણા ન ખાય તે પ્રતિમા ન બની શકે.

⊕ લોકપ્રકાશમાં નાંગોલિક કહેલ છે.

## કર્મભૂમિ-અકર્મભૂમિ પ્રકરણ (સૂત્ર-૩/૧૬)

**કર્મભૂમિ** - જે ક્ષેત્રોમાંથી જીવો કર્મોનો ક્ષય કરીને મોક્ષે જઈ શકે તે કર્મભૂમિ.

**અકર્મભૂમિ** - કર્મભૂમિ સિવાયના ક્ષેત્ર તે અકર્મભૂમિ.

મનુષ્યક્ષેત્રમાં ૧૫ કર્મભૂમિ છે -

| કર્મભૂમિ | જંબૂદ્વીપમાં | ધાતકીખંડદ્વીપમાં | પુષ્કરવરાર્ધદ્વીપમાં |
|---|---|---|---|
| ૫ ભરતક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| ૫ મહાવિદેહક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| ૫ ઐરવતક્ષેત્ર | ૧ | ૨ | ૨ |

મહાવિદેહક્ષેત્રમાં આવેલ દેવકુરુ-ઉત્તરકુરુ એ કર્મભૂમિ નથી, પણ અકર્મભૂમિ છે.

મનુષ્યક્ષેત્રમાં ૩૦ અકર્મભૂમિ છે -

| અકર્મભૂમિ | જંબૂદ્વીપમાં | ધાતકીખંડમાં | પુષ્કરવરાર્ધદ્વીપમાં |
|---|---|---|---|
| ૫ હિમવંતક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| ૫ હરિવર્ષક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| ૫ રમ્યકક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| ૫ હિરણ્યવંતક્ષેત્ર | ૧ | ૨ | ૨ |
| ૫ દેવકુરુ | ૧ | ૨ | ૨ |
| ૫ ઉત્તરકુરુ | ૧ | ૨ | ૨ |

● **તિર્યંચ** - એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય એ તિર્યંચ છે. પંચેન્દ્રિયમાં દેવ, નારકી, મનુષ્ય સિવાયના તિર્યંચ છે. (સૂત્ર-૪/૨૮) તિર્યંચો સર્વલોકવ્યાપી છે. તિર્છાલોકમાં તેઓ ઘણા હોય છે.

● ● ●

# મનુષ્ય-તિર્યંચ સ્થિતિ પ્રકરણ

● સ્થિતિ - સ્થિતિ એટલે કાળ. તે બે પ્રકારે છે - ભવસ્થિતિ અને કાયસ્થિતિ.

૧) ભવસ્થિતિ - એક ભવમાં રહેવાનો કાળ તે ભવસ્થિતિ.

૨) કાયસ્થિતિ - મરીને ફરી તેવા ને તેવા ભવોમાં જનમવાનો કાળ તે કાયસ્થિતિ.

મનુષ્યોની ભવસ્થિતિ - (સૂત્ર-૩/૧૭)

| મનુષ્ય | જઘન્ય ભવસ્થિતિ | ઉત્કૃષ્ટ ભવસ્થિતિ |
|---|---|---|
| ગર્ભજ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

મનુષ્યોની કાયસ્થિતિ -

| મનુષ્ય | જઘન્ય કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|
| ગર્ભજ | અંતર્મુહૂર્ત | ૭-૮ ભવ |
| સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત | ૭-૮ ભવ |

જ્યારે ૮ ભવ થાય ત્યારે ૭ ભવ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અને ૮મો ભવ અસંખ્ય વર્ષના આયુષ્યવાળો થાય. આઠ ભવનો કુલ કાળ = ૩ પલ્યોપમ + પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ. સંમૂર્ચ્છિમ મનુષ્યને આઠ ભવનો કુલ કાળ = ૩ પલ્યોપમ + મુહૂર્તપૃથક્ત્વ.

## તિર્યંચોની ભવસ્થિતિ - (સૂત્ર-૩/૧૮)

| જીવો | જઘન્ય ભવસ્થિતિ | ઉત્કૃષ્ટ ભવસ્થિતિ |
|---|---|---|
| પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | ૨૨,૦૦૦ વર્ષ |
| અપ્‌કાય | અંતર્મુહૂર્ત | ૭,૦૦૦ વર્ષ |
| તેઉકાય | અંતર્મુહૂર્ત | ૩ અહોરાત્ર |
| વાયુકાય | અંતર્મુહૂર્ત | ૩,૦૦૦ વર્ષ |
| વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | ૧૦,૦૦૦ વર્ષ |
| બેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૧૨ વર્ષ |
| તેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૬ માસ |
| પંચેન્દ્રિય તિર્યંચ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |

## પૃથ્વીકાયમાં વિશેષ ભવસ્થિતિ -

| જીવો | જઘન્ય ભવસ્થિતિ | ઉત્કૃષ્ટ ભવસ્થિતિ |
|---|---|---|
| શ્લક્ષ્ણ પૃથ્વી (મરુભૂમિની સુંવાળી માટી) | અંતર્મુહૂર્ત | ૧,૦૦૦ વર્ષ |
| શુદ્ધ પૃથ્વી | અંતર્મુહૂર્ત | ૧૨,૦૦૦ વર્ષ |
| વાલુકા (નદીની રેતી) | અંતર્મુહૂર્ત | ૧૪,૦૦૦ વર્ષ |
| મનશિલ (પારો) | અંતર્મુહૂર્ત | ૧૬,૦૦૦ વર્ષ |
| શર્કરા (કાંકરા) | અંતર્મુહૂર્ત | ૧૮,૦૦૦ વર્ષ |
| ખર પૃથ્વી (શિલા) | અંતર્મુહૂર્ત | ૨૨,૦૦૦ વર્ષ |

## પંચેન્દ્રિય તિર્યંચની વિશેષ ભવસ્થિતિ -

| જીવો | જઘન્ય ભવસ્થિતિ | ઉત્કૃષ્ટ ભવસ્થિતિ |
|---|---|---|
| ગર્ભજ જલચર | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| ગર્ભજ ઉરપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| ગર્ભજ ભુજપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| ગર્ભજ ચતુષ્પદ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| ગર્ભજ ખેચર | અંતર્મુહૂર્ત | પલ્યોપમ/અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ જલચર | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૫૩,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૪૨,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ચતુષ્પદ | અંતર્મુહૂર્ત | ૮૪,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ખેચર | અંતર્મુહૂર્ત | ૭૨,૦૦૦ વર્ષ |

## તિર્યંચોની કાયસ્થિતિ -

| જીવો | જઘન્ય કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|
| પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી |
| અપ્કાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી |
| તેઉકાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી |
| વાયુકાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી |
| વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી |
| વિકલેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| પંચેન્દ્રિય તિર્યંચ | અંતર્મુહૂર્ત | ૭-૮ ભવ |

જ્યારે ૮ ભવ થાય ત્યારે ૭ ભવ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અને આઠમો ભવ અસંખ્ય વર્ષના આયુષ્યવાળો થાય. આઠ ભવનો કુલ કાળ = ૩ પલ્યોપમ + પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ.

જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિની વચ્ચેની બધી મધ્યમ સ્થિતિ જાણવી.

• • •

- સ્ત્રીઓ ખોટા ખોટા હસવા વડે, ખોટા ખોટા બોલવા વડે, ખોટા ખોટા રડવા વડે અતિબુદ્ધિશાળી માણસના ચિત્તને પણ વિવશ કરી દે છે.
- સ્ત્રી પોતાના વચનો વડે પુરુષના હૃદયને હરે છે અને પોતાના હૃદયથી પુરુષના હૃદયને હણે છે. સ્ત્રીની વાણી અમૃતથી બનેલી છે અને હૈયુ વિષથી બનેલું છે.
- કામદેવના હાથમાં સ્ત્રીરૂપી ધનુષ્ય છે. તેમાંથી તે કટાક્ષોરૂપી બાણો છોડે છે અને જીવોના અંતરને વિંધી નાંખે છે. જેણે પોતાના મનને શુભ ભાવનાનું બખ્તર પહેરાવ્યું નથી એવો જીવ એ કટાક્ષો સામે ટકી શકતો નથી, એ ઘાયલ થઈ જાય છે.
- સર્પના દંશથી માણસના શરીરમાં ઝેર પસરવા લાગે છે. તેમ સ્ત્રીના સંસર્ગથી જીવના અંતરમાં મોહનું ઝેર ફેલાવા લાગે છે.
- અગ્નિની નજીકમાં રહેલ ઘી અને મીણ ઓગળી જાય છે. તેમ હીનસત્ત્વવાળા જીવનું મન સ્ત્રીસંપર્કથી ઢીલું બને છે.
- સુખી થવા ભૌતિક જગતમાં નીચે જોવું, ઊંચે ન જોવું. સુખી થવા આધ્યાત્મિક જગતમાં ઊંચે જોવું, નીચે ન જોવું.

# દેવગતિ પ્રકરણ

● દેવો - (સૂત્ર-૪/૧)

દેવો ચાર પ્રકારના છે - ૧) ભવનપતિ ૨) વ્યંતર ૩) જ્યોતિષ અને ૪) વૈમાનિક. ભવનપતિ દેવો અને વૈમાનિક દેવો ૧૦-૧૦ પ્રકારના છે. તે આ પ્રમાણે - (સૂત્ર-૪/૪)

૧) **ઈન્દ્ર** - તેઓ શેષ ૯ પ્રકારના દેવોના અને દેવલોકના અધિપતિ છે. તેઓ પરમ ઐશ્વર્યવાળા છે.

૨) **સામાનિક** - તેઓ બધી રીતે ઈન્દ્રની સમાન હોય છે, માત્ર ઈન્દ્રપણું તેમનામાં હોતું નથી. તેઓ ઈન્દ્રને પૂજ્ય હોય છે અને ઈન્દ્રને સ્વામી તરીકે સ્વીકારે છે.

૩) **ત્રાયસ્ત્રિંશ** - તેઓ ઈન્દ્રના મંત્રી, પુરોહિત જેવા છે.

૪) **પારિષદ્ય** - તેઓ ઈન્દ્રના મિત્ર જેવા છે. તેઓ પર્ષદાના દેવો છે.

૫) **આત્મરક્ષક** - તેઓ ઈન્દ્રના રક્ષક દેવો છે.

૬) **લોકપાલ** - તેઓ અન્યાયકારી દેવોનો નિગ્રહ કરનારા દેવો છે.

૭) **સેનાપતિ** - તેઓ સૈન્યના અધિપતિ દેવો છે. સૈન્ય ૭ પ્રકારના છે.

(૧) ઘોડાઓનું સૈન્ય
(૨) હાથીઓનું સૈન્ય
(૩) રથોનું સૈન્ય
(૪) બળદોનું/પાડાઓનું સૈન્ય□
(૫) સૈનિકોનું સૈન્ય
(૬) ગંધર્વ સૈન્ય
(૭) નાટ્ય સૈન્ય

પહેલા પાંચ સૈન્ય યુદ્ધ માટે છે. છેલ્લા બે સૈન્ય ઉપભોગ માટે છે.

---

□ વૈમાનિક ઈન્દ્રોને બળદોનું સૈન્ય હોય છે, શેષ ઈન્દ્રોને પાડાઓનું સૈન્ય હોય છે.

૮) પ્રકીર્ણક - તેઓ પ્રજાજન જેવા દેવો છે.

૯) આભિયોગ્ય - તેઓ દાસ જેવા દેવો છે.

૧૦) કિલ્બિષિક - તેઓ ચંડાળ જેવા દેવો છે.

વ્યંતરદેવો અને જ્યોતિષદેવો ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના આઠ પ્રકારના છે. (સૂત્ર-૪/૫)

• • •

- નારીમાં અને દુશ્મનમાં બહુ ફરક નથી. દુશ્મન પીડા આપે છે અને જીવનને હરે છે. નારી પણ જીવને શારીરિક-માનસિક દુઃખોના જંગલમાં ભટકાવે છે અને સંયમજીવનને હરી લે છે.
- શ્લેષ્મમાં પડેલી માખી છૂટી શકતી નથી. તેને કોઈ છોડાવી શકતું નથી. તેમ સ્ત્રીના સંસર્ગમાં પડેલો પુરુષ પોતાની જાતને છોડાવી શકતો નથી.
- હે આત્મન્ ! સ્વમતિથી કલ્પેલા એવા ક્ષણિક સુખના લાલચુ બની, હે મૂઢ ! શિયળથી મળતા મોક્ષના અનન્ત સુખને અને ચંદ્ર સમાન નિર્મળ યશને કેમ ખોઈ નાંખે છે ?
- સ્ત્રી દેખાવમાં સુંદર છે પણ તેણીનું સ્વરૂપ વિફરેલી વાઘણ કરતા ય ભયંકર છે. સંધ્યાના રંગો ક્ષણે ક્ષણે બદલાય છે. તેમ સ્ત્રીના મનના ભાવો ક્ષણે ક્ષણે પલટાય છે. હરણ જેમ શીઘ્ર ગતિથી દોડે છે તેમ સ્ત્રીનો રાગ એક પુરુષ પરથી બીજા પુરુષ પર શીઘ્રતાથી દોડે છે.
- આદર્શજીવન અને વાત્સલ્ય વિનાનું વડિલપણું એ માત્ર નામનું જ વડિલપણું છે.

## રત્નપ્રભાપૃથ્વીમાં ભવનપતિ, વ્યન્તર, વાણવ્યન્તર અને નરકના સ્થાન




ચિત્રમાં તે તે વસ્તુઓ સ્પષ્ટ સમજી શકાય એ માટે માપો સ્કેલ પ્રમાણે લીધા નથી.

# ભવનપતિદેવ પ્રકરણ

● **ભવનપતિદેવો** - તેમના રહેવાના સ્થાનો ભૂમિમાં હોવાથી તે સ્થાનોને ભવન કહેવાય છે. તેઓ ભવનમાં રહેવાના સ્વભાવવાળા હોવાથી તેમને ભવનપતિદેવો કહેવાય છે.

રત્નપ્રભા પૃથ્વીની ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈના ઉપરના અને નીચેના ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો રહે છે. તેઓ દશ પ્રકારના છે - (સૂત્ર-૪/૩,૪/૧૧)

૧) **અસુરકુમાર** - તેઓ ઘન શરીરવાળા છે. તેમના બધા અંગોપાંગ સુંદર છે. તેઓ મોટા શરીરવાળા છે. તેઓ રત્નવાળા મુગટથી શોભે છે.

૨) **નાગકુમાર** - તેમના મસ્તક-મુખ વધુ સુંદર છે. તેઓ કોમળ અને સુંદર ગતિવાળા છે.

૩) **વિદ્યુત્કુમાર** - તેઓ સ્નિગ્ધ અને દેદીપ્યમાન છે.

૪) □**સુપર્ણકુમાર**- તેમના ગળુ-છાતી વધુ સુંદર છે.

૫) **અગ્નિકુમાર** - તેઓ માન-ઉન્માન-પ્રમાણથી યુક્ત અને દેદીપ્યમાન છે.

૬) **વાયુકુમાર** - તેઓ સ્થિર, પુષ્ટ અને ગોળ શરીરવાળા છે. તેમનું પેટ નીચું છે.

૭) **સ્તનિતકુમાર** -તેઓ સ્નિગ્ધ છે. તેઓ સ્નિગ્ધ અને ગંભીર પ્રતિધ્વનિ અને મહાનાદ કરે છે.

૮) **ઉદધિકુમાર** - તેમના સાથળ અને કેડ વધુ સુંદર છે.

---

□ બૃહત્સંગ્રહણિની ગાથા-૪૨ની ટીકામાં આમને સુવર્ણકુમાર કહ્યા છે.

૯) **દ્વીપકુમાર** - તેમના છાતી, ખભા, બાહુ અને અગ્રહાથ વધુ સુંદર છે.

૧૦) **દિક્કુમાર** - તેમના જંઘા અને પગના અગ્રભાગ વધુ સુંદર છે.

બધા ભવનપતિ દેવો વિવિધ વસ્ત્રો અને આભરણોવાળા છે. આ દેવો કુમારની જેમ સુંદર દર્શનવાળા છે, કોમળ છે, કોમળ-મધુર-સુંદર ગતિવાળા છે, શૃંગારથી સુંદર રૂપવાળા છે, વિવિધ ક્રીડા કરનારા છે, કુમારની જેમ ઉદ્ધત રૂપ-વેષ-ભાષા-અલંકાર-શસ્ત્ર-છત્રાદિ-યાન-વાહનવાળા છે, કુમારની જેમ બહુ રાગવાળા છે, ક્રીડામાં તત્પર છે. તેથી તેમને કુમાર કહેવાય છે.

અસુરકુમારો મોટા ભાગે આવાસોમાં રહે છે, ક્યારેક ભવનોમાં પણ રહે છે. નાગકુમાર વગેરે પ્રાયઃ ભવનોમાં જ રહે છે.

**આવાસો** - તે શરીર પ્રમાણ મોટા મંડપો છે. તે વિવિધ રત્નોથી દેદીપ્યમાન ચંદરવાવાળા છે. રત્નપ્રભા પૃથ્વીની જાડાઈના ઉપરના અને નીચેના ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં સર્વત્ર આવાસો છે. મેરુપર્વતની ઉત્તરમાં અને દક્ષિણમાં લાખો કોટીકોટી યોજનોમાં આવાસો છે.

**ભવન** - તે બહારથી ગોળ, અંદરથી ચોરસ અને નીચેથી કમળના બીજના ડોડાના આકારના છે. રત્નપ્રભા પૃથ્વીની જાડાઈના ઉપરથી ૯૦,૦૦૦ યોજન ગયા પછી ભવનો આવેલા છે.

અસુરકુમાર વગેરે દરેક ભવનપતિ દેવો બે પ્રકારના છે - દક્ષિણ દિશાના અને ઉત્તર દિશાના. અસુરકુમાર વગેરે દરેક ભવનપતિ દેવોના બે-બે ઇન્દ્રો છે - ૧ દક્ષિણ દિશાનો અને ૧ ઉત્તર દિશાનો. (સૂત્ર-૪/૬)

● ભવનપતિદેવોના ઈન્દ્રો, ભવનો, ચિહ્નો, શરીરનો વર્ણ અને વસ્ત્રનો વર્ણ

| ક્ર. | ભવનપતિ દેવો | દક્ષિણ દિશાનો ઇન્દ્ર | ઉત્તર દિશાનો ઇન્દ્ર | દક્ષિણ દિશાના ભવનો | ઉત્તર દિશાના ભવનો | કુલ | ચિહ્ન□ | શરીર નો વર્ણ | વસ્ત્રનો વર્ણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અસુરકુમાર | ચમર | બલિ | ૩૪,૦૦,૦૦૦ | ૩૦,૦૦,૦૦૦ | ૬૪,૦૦,૦૦૦ | Δચૂડામણિ | કાળો | લાલ |
| ૨ | નાગકુમાર | ધરણ | ભૂતાનંદ | ૪૪,૦૦,૦૦૦ | ૪૦,૦૦,૦૦૦ | ૮૪,૦૦,૦૦૦ | સર્પ | સફેદ | લીલો |
| ૩ | વિદ્યુત્કુમાર | હરિ | હરિસહ | ૪૦,૦૦,૦૦૦ | ૩૬,૦૦,૦૦૦ | ૭૬,૦૦,૦૦૦ | વજ્ર | લાલ | લીલો |
| ૪ | સુપર્ણકુમાર | વેણુદેવ | વેણુદારી | ૩૮,૦૦,૦૦૦ | ૩૪,૦૦,૦૦૦ | ૭૨,૦૦,૦૦૦ | ગરુડ | પીળો | સફેદ |
| ૫ | અગ્નિકુમાર | અગ્નિશિખ | અગ્નિમાણવ | ૪૦,૦૦,૦૦૦ | ૩૬,૦૦,૦૦૦ | ૭૬,૦૦,૦૦૦ | ઘડો | લાલ | લીલો |
| ૬ | વાયુકુમાર | વેલંબ | પ્રભંજન | ૫૦,૦૦,૦૦૦ | ૪૬,૦૦,૦૦૦ | ૯૬,૦૦,૦૦૦ | ઘોડો⊕ | લીલો | સંધ્યા જેવો |
| ૭ | સ્તનિતકુમાર | સુઘોષ | મહાઘોષ | ૪૦,૦૦,૦૦૦ | ૩૬,૦૦,૦૦૦ | ૭૬,૦૦,૦૦૦ | વર્ધમાનક⊗ | પીળો | સફેદ |
| ૮ | ઉદધિકુમાર | જલકાંત | જલપ્રભ⊠ | ૪૦,૦૦,૦૦૦ | ૩૬,૦૦,૦૦૦ | ૭૬,૦૦,૦૦૦ | મગર⊕ | સફેદ | લીલો |
| ૯ | દ્વીપકુમાર | પૂર્ણ | વસિષ્ઠ∇ | ૪૦,૦૦,૦૦૦ | ૩૬,૦૦,૦૦૦ | ૭૬,૦૦,૦૦૦ | સિંહ | લાલ | લીલો |
| ૧૦ | દિક્કુમાર | અમિતગતિ | અમિતવાહન | ૪૦,૦૦,૦૦૦ | ૩૬,૦૦,૦૦૦ | ૭૬,૦૦,૦૦૦ | હાથી | પીળો | સફેદ |
| | | | કુલ | ૪,૦૬,૦૦,૦૦૦ | ૩,૬૬,૦૦,૦૦૦ | ૭,૭૨,૦૦,૦૦૦ | | | |

□ આ ચિહ્નો મુગટમાં હોય છે. Δ ચૂડામણિ = મસ્તક ઉપરનો મણિ. ⊕ **બૃહત્સંગ્રહણિની ગાથા** ૪૩માં વાયુકુમારનું ચિહ્ન મગર અને ઉદધિકુમારનું ચિહ્ન ઘોડો કહ્યું છે. ⊗ વર્ધમાનક = કોળિયાનું સંપુટ. ⊠ પાઠાંતરે જલભવ. ∇ પાઠાંતરે અવશિષ્ટ.

● **ભવનપતિ દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ** (સૂત્ર-૪/૨૯ થી ૪/૩૨,૪/૪૫)

| ક્ર. | દેવ-દેવી | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | દક્ષિણ દિશાના અસુરકુમાર દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ (ચમરેન્દ્રની) |
| ૨ | ઉત્તર દિશાના અસુરકુમાર દેવ | ૧૦,૦૦૦ વર્ષ | સાધિક ૧ સાગરોપમ (બલીન્દ્રની) |
| ૩ | દક્ષિણ દિશાના શેષ ૯ ભવનપતિ દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ ૧/૨ પલ્યોપમ (તે તે ઇન્દ્રની) |
| ૪ | ઉત્તર દિશાના શેષ ૯ ભવનપતિ દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ ૩/૪ પલ્યોપમ☐ (તે તે ઇન્દ્રની) |
| ૫ | દક્ષિણ દિશાની અસુરકુમારની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૩ ૧/૨ પલ્યોપમ (ઇન્દ્રાણીની) |
| ૬ | ઉત્તર દિશાની અસુરકુમારની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૪ ૧/૨ પલ્યોપમ (ઇન્દ્રાણીની) |
| ૭ | દક્ષિણ દિશાની શેષ ૯ ભવનપતિની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૧/૨ પલ્યોપમ (ઇન્દ્રાણીની) |
| ૮ | ઉત્તર દિશાની શેષ ૯ ભવનપતિની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | દેશોન ૧ પલ્યોપમ (ઇન્દ્રાણીની) |

જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિની વચ્ચેની બધી મધ્યમ સ્થિતિ જાણવી. એમ આગળ પણ બધે જાણવું.

● **લેશ્યા** - ભવનપતિ દેવોની લેશ્યા ચાર પ્રકારની છે - કૃષ્ણ, નીલ, કાપોત, તેજો. આ દ્રવ્યલેશ્યા⊠ જાણવી. ભાવલેશ્યા છએ હોઈ શકે. (સૂત્ર-૪/૭)

☐ **બૃહત્સંગ્રહણિની ગાથા ૫**માં ઉત્તર દિશાના શેષ ૯ ભવનપતિ ઇન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન ૨ પલ્યોપમ કહી છે.

⊠ તત્ત્વાર્થાધિગમસૂત્રની શ્રીસિદ્ધસેનગણિ કૃત ટીકામાં દ્રવ્યલેશ્યાનો અર્થ શરીરનો વર્ણ કર્યો છે.

# વ્યંતરદેવ પ્રકરણ

● **વ્યંતરદેવો** - રત્નપ્રભા પૃથ્વીની જાડાઈના પહેલા ૧,૦૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી વચ્ચેના ૮૦૦ યોજનમાં વ્યંતર દેવોના નગરો છે. તેઓ પોતાના ભવનોમાં, નગરોમાં અને આવાસોમાં રહે છે, કેમકે તેઓ બાળકની જેમ ચંચળ હોય છે. માટે વિવિધ અંતરવાળા એટલે રહેઠાણવાળા હોવાથી તેઓ વ્યંતર કહેવાય છે. કેટલાક વ્યંતરો ચક્રવર્તી વગેરે મનુષ્યોની પણ દાસની જેમ સેવા કરે છે. તેથી મનુષ્યો કરતાં અંતર વિનાના હોવાથી પણ તેઓ વ્યંતર કહેવાય છે. ભવનપતિ અને મનુષ્ય-તિર્યંચરૂપ બે નિકાયની વચ્ચે રહેલા હોવાથી પણ તેઓ વ્યંતર કહેવાય છે. તેઓ આઠ પ્રકારના છે - (સૂત્ર-૪/૩, ૪/૧૨)

૧) **કિન્નર** - તેઓ સૌમ્યદર્શનવાળા છે, અધિક રૂપ અને શોભાથી યુક્ત મુખવાળા છે, મુગટધારી છે. તેઓ ૧૦ પ્રકારના છે -

| | | | |
|---|---|---|---|
| (૧) કિંપુરુષ | (૪) કિન્નરોત્તમ | (૭) અનિન્દિત | (૧૦) રતિશ્રેષ્ઠ |
| (૨) કિંપુરુષોત્તમ | (૫) હૃદયંગમ | (૮) મનોરમ | |
| (૩) કિન્નર | (૬) રૂપશાલી | (૯) રતિપ્રિય | |

૨) **કિંપુરુષ** - તેઓના સાથળ, બાહુ વધુ શોભાવાળા છે, મુખ વધુ દેદીપ્યમાન છે. તેઓ વિવિધ આભરણથી ભૂષિત છે, વિવિધ માળા અને વિલેપન ધારણ કરે છે. તે ૧૦ પ્રકારના છે -

| | | | |
|---|---|---|---|
| (૧) પુરુષ | (૪) પુરુષવૃષભ | (૭) મરુદેવ | (૧૦) યશસ્વાન્ |
| (૨) સત્પુરુષ | (૫) પુરુષોત્તમ | (૮) મરુત્ | |
| (૩) મહાપુરુષ | (૬) અતિપુરુષોત્તમ☐ | (૯) મરુત્પ્રભ | |

☐ પાઠાંતરે અતિપુરુષ.

૩) **મહોરગ** - તેઓ મોટા વેગવાળા છે, સૌમ્યદર્શનવાળા છે, મોટા શરીરવાળા છે, વિશાળ અને પુષ્ટ ખભાવાળા અને ગળાવાળા છે, વિવિધ વિલેપન અને આભૂષણવાળા છે. તે ૧૦ પ્રકારના છે -

| | | | |
|---|---|---|---|
| (૧) ભુજગ | (૪) અતિકાય | (૭) મહાવેગ | (૧૦) ભાસ્વાન્ |
| (૨) ભોગશાલી | (૫) સ્કંધશાલી | (૮) મહેષ્વક્ષ | |
| (૩) મહાકાય | (૬) મનોરમ | (૯) મેરુકાન્ત | |

૪) [Δ]**ગાંધર્વ** - તેઓ ગંભીર, પ્રિયદર્શનવાળા, રૂપાળા, સુંદર મુખવાળા અને આકારવાળા, સુંદર સ્વરવાળા, મુગટવાળા, હારવાળા છે. તે ૧૨ પ્રકારના છે -

| | | | |
|---|---|---|---|
| (૧) હાહા | (૪) નારદ | (૭) કાદમ્બ | (૧૦) વિશ્વાવસુ |
| (૨) હૂહૂ | (૫) ઋષિવાદક | (૮) મહાકાદમ્બ | (૧૧) ગીતરતિ |
| (૩) તુમ્બુરુ | (૬) [⊕]ભૂતવાદિક | (૯) રૈવત | (૧૨) ગીતયશ |

૫) **યક્ષ** - તેઓ ગંભીર, મોટા પેટવાળા, સુંદર, પ્રિયદર્શનવાળા, માન-ઉન્માન-પ્રમાણથી યુક્ત, દેદીપ્યમાન મુગટવાળા, વિવિધ રત્નોથી વિભૂષિત છે. તેમના હાથ-પગના તળીયા, નખ, તાળવું, જીભ, હોઠ લાલ છે. તે ૧૩ પ્રકારના છે -

| | | |
|---|---|---|
| (૧) પૂર્ણભદ્ર | (૫) સુમનોભદ્ર | (૯) મનુષ્યયક્ષ[□] |
| (૨) મણિભદ્ર | (૬) વ્યતિપાતિકભદ્ર[□] | (૧૦) વનાધિપતિ[□] |
| (૩) શ્વેતભદ્ર | (૭) સુભદ્ર | (૧૧) વનાહાર[□] |
| (૪) હરિભદ્ર | (૮) સર્વતોભદ્ર | (૧૨) રૂપયક્ષ |
| | | (૧૩) યક્ષોત્તમ |

Δ **બૃહત્સંગ્રહણિની ગાથા ૫૮ની** ટીકામાં આમને ગંધર્વ કહ્યા છે.

⊕ **બૃહત્સંગ્રહણિની ગાથા ૫૮ની** ટીકામાં આમને ભૂતવાદક કહ્યા છે.

□ **બૃહત્સંગ્રહણિની ગાથા ૫૮ની** ટીકામાં આમને ક્રમશઃ વ્યતિપાકભદ્ર, મનુષ્યપક્ષ, ધનાધિપતિ, ધનાહાર કહ્યા છે.

**૬) રાક્ષસ** - તેમનું દર્શન ભયંકર છે. તેઓ ભયંકર મસ્તકવાળા, લાલ અને લાંબા હોઠવાળા, સુવર્ણના અલંકારવાળા, વિવિધ વિલેપનવાળા છે. તે ૭ પ્રકારના છે -

| | | |
|---|---|---|
| (૧) ભીમ | (૪) વિનાયક | (૭) બ્રહ્મરાક્ષસ |
| (૨) મહાભીમ | (૫) જલરાક્ષસ | |
| (૩) વિઘ્ન | (૬) રાક્ષસરાક્ષસ | |

**૭) ભૂત** - તે રૂપાળા, સૌમ્ય, સ્થૂલ, વિવિધ વિલેપનવાળા છે. તે ૯ પ્રકારના છે -

| | | |
|---|---|---|
| (૧) સુરૂપ | (૪) ભૂતોત્તમ | (૭) મહાવેગ |
| (૨) પ્રતિરૂપ | (૫) સ્કન્દિક | (૮) પ્રતિચ્છન્ન |
| (૩) અતિરૂપ | (૬) મહાસ્કન્દિક | (૯) આકાશગ |

**૮) પિશાચ** - તે રૂપાળા, સૌમ્યદર્શનવાળા, હાથ-ગળામાં મણિ-રત્નના અલંકારવાળા છે. તે ૧૫ પ્રકારના છે -

| | | |
|---|---|---|
| (૧) કૂષ્માંડ | (૬) મહાકાલ | (૧૧) અધસ્તારક |
| (૨) □પટક | (૭) મોક્ષ | (૧૨) દેહ |
| (૩) જોષ | (૮) અચોક્ષ | (૧૩) □મહાવિદેહ |
| (૪) □આહ્નક | (૯) તાલપિશાચ | (૧૪) તૂષ્ણીક |
| (૫) કાલ | (૧૦) મુખરપિશાચ | (૧૫) વનપિશાચ |

કિન્નર વગેરે દરેક વ્યંતર દેવો બે પ્રકારના છે - દક્ષિણ દિશાના અને ઉત્તર દિશાના. કિન્નર વગેરે દરેક વ્યંતર દેવોના બે-બે ઇન્દ્ર છે - ૧ દક્ષિણ દિશાનો અને ૧ ઉત્તર દિશાનો. (સૂત્ર-૪/૬)

□ બૃહત્સંગ્રહણિની ગાથા ૫૮ની ટીકામાં આમને ક્રમશઃ પાટક, આહ્નિક, મહાદેહ કહ્યા છે.

### વ્યંતરદેવોના ઈન્દ્રોના નામ, વર્ણ અને ચિહ્ન -

| ક્ર. | વ્યંતરદેવો | દક્ષિણ દિશાનો ઇન્દ્ર | ઉત્તર દિશાનો ઇન્દ્ર | વર્ણ | ચિહ્ન□ |
|---|---|---|---|---|---|
| ૧ | કિન્નર | કિન્નર | કિંપુરુષ | લીલો | અશોકવૃક્ષ |
| ૨ | કિંપુરુષ | સત્પુરુષ | મહાપુરુષ | સફેદ | ચંપકવૃક્ષ |
| ૩ | મહોરગ | અતિકાય | મહાકાય | શ્યામ | નાગવૃક્ષ |
| ૪ | ગાન્ધર્વ | ગીતરતિ | ગીતયશ | ⊕લાલ | તુમ્બરુવૃક્ષ |
| ૫ | યક્ષ | પૂર્ણભદ્ર | માણિભદ્ર | શ્યામ | વટવૃક્ષ |
| ૬ | રાક્ષસ | ભીમ | મહાભીમ | શ્વેત | ખટ્વાંગΔ |
| ૭ | ભૂત | પ્રતિરૂપ⊠ | અતિરૂપ⊠ | કાળો | સુલસ∇ |
| ૮ | પિશાચ | કાલ | મહાકાલ | શ્યામ | કદમ્બવૃક્ષ |

વ્યંતરોના ભવનો અસંખ્ય છે.

### વ્યંતર દેવ-દેવીની જઘન્યસ્થિતિ-ઉત્કૃષ્ટસ્થિતિ-(સૂત્ર-૪/૪૬,૪/૪૭)

| દેવ-દેવી | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટસ્થિતિ |
|---|---|---|
| વ્યંતરદેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ પલ્યોપમ |
| વ્યંતરદેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૧/૨ પલ્યોપમ |

□ આ ચિહ્નો ધજામાં હોય છે.

⊕ બૃહત્સંગ્રહણિની ગાથા ૬૨,૬૩માં ગાન્ધર્વોનો વર્ણ શ્યામ કહ્યો છે.

Δ ખટ્વાંગ = તાપસોનું ઉપકરણ.

⊠ બૃહત્સંગ્રહણિની ગાથા ૫૯ની ટીકામાં આમને ક્રમશઃ સુરૂપ-પ્રતિરૂપ કહ્યા છે.

∇ સુલસ = વનસ્પતિવિશેષ.

**લેશ્યા** - વ્યંતરદેવોની લેશ્યા ૪ પ્રકારની છે - કૃષ્ણ, નીલ, કાપોત, તેજો. આ દ્રવ્યલેશ્યા□ જાણવી. ભાવલેશ્યા છએ હોઈ શકે. (સૂત્ર-૪/૭)

● **વાણવ્યંતર દેવો** - તેઓ એક પ્રકારના વ્યંતરદેવો છે. રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ સો યોજનમાં ઉપર-નીચે ૧૦-૧૦ યોજન છોડી વચ્ચેના ૮૦ યોજનમાં વાણવ્યંતર દેવો રહે છે. તેમના ૮ નિકાય છે. દરેકના બે પ્રકાર છે - દક્ષિણ દિશાના અને ઉત્તર દિશાના. વાણવ્યંતરના ૮ નિકાયના બે-બે ઈન્દ્રો છે - ૧ દક્ષિણ દિશાનો અને ૧ ઉત્તર દિશાનો.

| ક્ર. | વાણવ્યંતર નિકાય | દક્ષિણ દિશાનો ઇન્દ્ર | ઉત્તર દિશાનો ઇન્દ્ર |
|---|---|---|---|
| ૧ | અણપન્ની | સંનિહિત | સામાન |
| ૨ | પણપન્ની | ધાતા | વિધાતા |
| ૩ | ઋષિવાદી | ઋષિ | ઋષિપાલ |
| ૪ | ભૂતવાદી | ઈશ્વર | મહેશ્વર |
| ૫ | કંદિત | સુવત્સ | વિશાલ |
| ૬ | મહાકંદિત | હાસ્ય | હાસ્યરતિ |
| ૭ | કોહંડ | શ્વેત | મહાશ્વેત |
| ૮ | પતંગ | પતંગ | પતંગપતિ |

● ● ●

□ **તત્ત્વાર્થાધિગમસૂત્રની શ્રીસિદ્ધસેનગણિ** કૃત ટીકામાં દ્રવ્યલેશ્યાનો અર્થ શરીરનો વર્ણ કર્યો છે.

# જ્યોતિષદેવ પ્રકરણ

• **જ્યોતિષદેવો** - તેઓ સમભૂતલથી ઉપર ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીમાં હોય છે. તેઓ પાંચ પ્રકારના છે - ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. (સૂત્ર-૪/૩,૪/૧૩) સૂર્ય વગેરે આપણને જે દેખાય છે તે વિમાનો છે. તેમાં દેવો રહે છે.

સમભૂતલથી ૭૯૦ યોજન ઉપર જતાં જ્યોતિષવિમાનોનું પ્રથમ પ્રતર છે. ત્યાંથી ૧૦ યોજન ઉપર જતા સૂર્યના વિમાનો છે. ત્યાંથી ૮૦ યોજન ઉપર જતા ચંદ્રના વિમાનો છે. ત્યાંથી ૨૦ યોજન ઉપર જતા તારા અને ગ્રહોના વિમાનો છે. તારા અને ગ્રહો અનિયતચારી હોવાથી સૂર્ય અને ચંદ્રની ઉપર અને નીચે ચાર ચરે છે. તેઓ સૂર્યથી ૧૦ યોજનના અંતરે ચાર ચરે છે. જ્યોતિષચક્રમાં સૌથી નીચે સૂર્યો છે, તેમની ઉપર ચંદ્રો છે, તેમની ઉપર ગ્રહો છે, તેમની ઉપર નક્ષત્રો છે, તેમની ઉપર તારા છે.

**બૃહત્સંગ્રહણિ ગા.૧૦૨ની ટીકા**માં કહ્યું છે કે - સમભૂતલથી ૭૯૦ યોજન ઉપર જતા તારાના વિમાનો છે. ત્યાંથી ૧૦ યોજન ઉપર જતા સૂર્યના વિમાનો છે. ત્યાંથી ૮૦ યોજન ઉપર જતા ચંદ્રના વિમાનો છે. ત્યાંથી ૪ યોજન ઉપર જતા નક્ષત્રના વિમાનો છે. ત્યાંથી ૪ યોજન ઉપર જતા બુધના વિમાનો છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા શુક્રના વિમાનો છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા ગુરુના વિમાનો છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા મંગળના વિમાનો છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા શનિના વિમાનો છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા દેવોના મુગટના અગ્રભાગ ઉપર ક્રમશઃ ચંદ્ર, સૂર્ય, ગ્રહ,નક્ષત્ર, તારાના ચિહ્નો છે.

## જ્યોતિષ વિમાનોના સ્થાનો

(બૃહત્સંગ્રહણિ ગાથા ૧૦૨ ની ટીકા પ્રમાણે)



જ્યોતિષવિમાનો જંબૂદ્વીપના મેરુપર્વતથી ૧,૧૨૧ યોજનની અબાધા રાખીને ચરે છે અને લોકાંતથી ૧,૧૧૧ યોજનની અબાધા રાખીને ચરે છે.

નક્ષત્રમંડળમાં સૌથી ઉપર સ્વાતિ નક્ષત્ર ચાર ચરે છે, સૌથી નીચે ભરણી નક્ષત્ર ચાર ચરે છે, સૌથી દક્ષિણમાં મૂળ નક્ષત્ર ચાર ચરે છે, સૌથી ઉત્તરમાં અભિજિત નક્ષત્ર ચાર ચરે છે.

મનુષ્યક્ષેત્રમાં રહેલ જ્યોતિષ વિમાનો હંમેશા પ્રદક્ષિણાક્રમે મેરુપર્વતની ચારે બાજુ ચાર ચરે છે. (સૂત્ર-૪/૧૪) મનુષ્યક્ષેત્રની બહાર રહેલ જ્યોતિષ વિમાનો સ્થિર છે. (સૂત્ર-૪/૧૬) મનુષ્યક્ષેત્રમાં રહેલા જ્યોતિષવિમાનોના વર્ણ ગ્રહણ વગેરેથી બીજા પણ થાય છે. મનુષ્યક્ષેત્રની બહાર રહેલા જ્યોતિષ વિમાનોનો વર્ણ હંમેશા પીળો હોય છે. મનુષ્યક્ષેત્રમાં ચંદ્રના કિરણો ઠંડા અને સૂર્યના કિરણો ગરમ હોય છે. મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્રના કિરણો બહુ ઠંડા હોતા નથી અને સૂર્યના કિરણો બહુ ગરમ હોતા નથી. એટલે કે ચંદ્ર-સૂર્યના કિરણો સાધારણ અને સુખકારી હોય છે. મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર-સૂર્યનો નક્ષત્રો સાથેનો યોગ બદલાતો રહે છે. મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્રનો યોગ હંમેશા અભિજિત નક્ષત્ર સાથે હોય છે અને સૂર્યનો યોગ હંમેશા પુષ્યનક્ષત્ર સાથે હોય છે.

જ્યોતિષ વિમાનો સ્ફટિકના બનેલા છે અને અડધા કોઠાના ફળના આકારના છે.

ધ્રુવતારો મેરુપર્વતની ચારે બાજુ ફરતો નથી પણ પોતાના સ્થાનમાં જ ભમે છે.

- પ્રભુ ! બુજ્ઝ બુજ્ઝ કહી આપે ચંડકોશિયાને તાર્યો, મને બુજ્ઝ બુજ્ઝ કહેવા ક્યારે આવશો ?

**● મનુષ્યક્ષેત્રમાં સૂર્ય વગેરેની સંખ્યા -**

| ક્ર. | દ્વીપ-સમુદ્ર | સૂર્ય | ચંદ્ર | નક્ષત્ર | ગ્રહ | તારા |
|---|---|---|---|---|---|---|
| ૧ | જંબૂદ્વીપ | ૨ | ૨ | ૫૬ | ૧૭૬ | ૧,૩૩,૯૫૦ કોટીકોટી |
| ૨ | લવણસમુદ્ર | ૪ | ૪ | ૧૧૨ | ૩૫૨ | ૨,૬૭,૯૦૦ કોટીકોટી |
| ૩ | ધાતકીખંડ | ૧૨ | ૧૨ | ૩૩૬ | ૧,૦૫૬ | ૮,૦૩,૭૦૦ કોટીકોટી |
| ૪ | કાળોદધિસમુદ્ર | ૪૨ | ૪૨ | ૧,૧૭૬ | ૩,૬૯૬ | ૨૮,૧૨,૯૫૦ કોટીકોટી |
| ૫ | પુષ્કરવરાર્ધદ્વીપ | ૭૨ | ૭૨ | ૨,૦૧૬ | ૬,૩૩૬ | ૪૮,૨૨,૨૦૦ કોટીકોટી |
| | કુલ | ૧૩૨ | ૧૩૨ | ૩,૬૯૬ | ૧૧,૬૧૬ | ૮૮,૪૦,૭૦૦ કોટીકોટી |

૧ ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ કોટીકોટી તારા છે.

મનુષ્યક્ષેત્રની બહાર અસંખ્ય ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા છે. મનુષ્યક્ષેત્રની અંદરના અને બહારના દરેક સૂર્યનો અને દરેક ચંદ્રનો ૧-૧ ઈન્દ્ર છે. એટલે અસંખ્ય સૂર્યેન્દ્ર છે અને અસંખ્ય ચંદ્રેન્દ્ર છે.

**● સૂર્યના મંડલ -**

સૂર્યના ૧૮૪ મંડલ□ છે. દક્ષિણક્ષેત્રોમાં રહેલા મનુષ્યોના દષ્ટિપથમાં આવનારા, અગ્નિખૂણામાં રહેલ, ઉદયને આશ્રયીને ૬૩ મંડલ નિષધપર્વતના મસ્તક ઉપર છે, ૨ મંડલ હરિવર્ષક્ષેત્રની જીવાના છેડા ઉપર છે અને ૧૧૯□ મંડલ લવણસમુદ્રની ઉપર છે. ઉત્તરક્ષેત્રોમાં રહેલા મનુષ્યોના દષ્ટિપથમાં આવનારા, વાયવ્યખૂણામાં રહેલ, ઉદયને આશ્રયીને ૬૩ મંડલ નીલવંત પર્વતના મસ્તક ઉપર છે, ૨ મંડલ રમ્યકક્ષેત્રની જીવાના છેડા ઉપર છે અને ૧૧૯ મંડલ લવણસમુદ્રની

□ તત્ત્વાર્થાધિગમસૂત્રના ૪/૧૪ સૂત્રની શ્રીસિદ્ધસેનગણિ કૃત ટીકામાં સૂર્યના ૧૮૩ મંડલ કહ્યા છે અને તેમાંથી લવણસમુદ્રની ઉપર ૧૧૮ મંડલ કહ્યા છે.

ઉપર છે. અસ્તને આશ્રયીને પણ આ રીતે સમજવું. સૂર્યના બે મંડલ વચ્ચેનું અંતર બે યોજન છે. સૂર્યનું મંડલક્ષેત્ર ૫૧૦ ૪૮/૬૧ યોજન છે. તેમાંથી જંબૂદ્વીપની ઉપર ૧૮૦ યોજન છે, શેષ ૩૩૦ ૪૮/૬૧ યોજન લવણસમુદ્રની ઉપર છે. સૂર્યના પહેલા મંડલ અને છેલ્લા મંડલ વચ્ચેનું અંતર ૫૦૯$\frac{૧૩}{૬૧}$ યોજન છે.

● **ચંદ્રના મંડલ -**

ચંદ્રના ૧૫ મંડલ છે. તેમાંથી ૫ મંડલ જંબૂદ્વીપની ઉપર છે અને ૧૦ મંડલ લવણસમુદ્રની ઉપર છે. ચંદ્રના બે મંડલ વચ્ચેનું અંતર ૩૫ ૩૦/૬૧ ૪/૭ યોજન છે. ચંદ્રનું મંડલક્ષેત્ર ૫૧૦ ૪૮/૬૧ યોજન છે. તેમાંથી જંબૂદ્વીપની ઉપર ૧૮૦ યોજન છે, શેષ ૩૩૦ ૪૮/૬૧ યોજન લવણસમુદ્રની ઉપર છે. ચંદ્રના પહેલા મંડલ અને છેલ્લા મંડલ વચ્ચેનું અંતર ૫૦૮$\frac{૫૮}{૬૧}$ યોજન છે.

ઉમાસ્વાતિ મહારાજના મતે સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર તિર્ચ્છાલોકમાં છે અને તારા ઊર્ધ્વલોકમાં છે.

● **સ્ત્રી સ્વાર્થી છે. પોતાનો સ્વાર્થ પૂરો ન થાય ત્યાં સુધી એ પુરુષની હા માં હા મિલાવે છે. પણ એકવાર સ્વાર્થ સધાઈ જાય એટલે એ જ સ્ત્રી પોતાની ઉપર વિશ્વાસ મૂકનારા, પોતાની ઉપર ઉપકાર કરનારા, પોતાની ઉપર સ્નેહ વરસાવનારા પુરુષને પણ હણી નાખતા અચકાતી નથી.**

● સર્પને જોઈ માણસ ડરે છે, ડરીને ભાગે છે. સર્પનો કોઈ વિશ્વાસ કરતું નથી. તેમ તમે પણ સ્ત્રીથી ડરજો, સ્ત્રીથી ભાગજો, સ્ત્રીનો ક્યારેય વિશ્વાસ ના કરતાં.

● કોઈને ય ડંખવું નહીં, કોઈનો પણ ડંખ હૃદયમાં રાખવો નહીં.

# ચંદ્ર-સૂર્યનું મંડલક્ષેત્ર



# સૂર્યના મંડલ અને તેના આંતરા

(૧૮૪ મંડલ, ૧૮૩ આંતરા)

જંબૂદ્વીપમાં-૬૫ મંડલ, લવણ સમુદ્રમાં ૧૧૯ મંડલ



## ચંદ્રના મંડલ ૧૫, આંતરા ૧૪



**● મનુષ્યક્ષેત્રમાં રહેલા જ્યોતિષ વિમાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ-**

| જ્યોતિષવિમાન | લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ |
|---|---|---|---|
| સૂર્ય | ૪૮/૬૧ યોજન | ૪૮/૬૧ યોજન | ૨૪/૬૧ યોજન |
| ચંદ્ર | ૫૬/૬૧ યોજન | ૫૬/૬૧ યોજન | ૨૮/૬૧ યોજન |
| ગ્રહ | ૧/૨ યોજન | ૧/૨ યોજન | ૧/૪ યોજન |
| નક્ષત્ર | ૧ ગાઉ | ૧ ગાઉ | ૧/૨ ગાઉ |
| તારા (ઉત્કૃષ્ટ સ્થિતિવાળા) | ૧/૨ ગાઉ | ૧/૨ ગાઉ | ૧/૪ ગાઉ |
| તારા (જઘન્ય સ્થિતિવાળા) | ૫૦૦ ધનુષ્ય | ૫૦૦ ધનુષ્ય | ૨૫૦ ધનુષ્ય |

મનુષ્યક્ષેત્રની બહાર રહેલા જ્યોતિષ વિમાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ મનુષ્યક્ષેત્રના જ્યોતિષ વિમાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ કરતા અડધી છે.

સર્વથી અંદરના મંડલમાં રહેલ બે સૂર્યોનું અને બે ચંદ્રોનું અંતર ૯૯,૬૪૦ યોજન છે.

સર્વથી બહારના મંડલમાં રહેલ બે સૂર્યોનું અંતર ૧,૦૦,૬૬૦ યોજન છે અને બે ચંદ્રોનું અંતર ૧,૦૦,૬૫૯ ૪૫/૬૧ યોજન છે.

**● જ્યોતિષવિમાનોને વહન કરનારા દેવો -**

જ્યોતિષવિમાનો આલંબન વિના જ તથાસ્વભાવે આકાશમાં અદ્ધર રહે છે. છતાં આભિયોગિક દેવો પોતાની ઋદ્ધિ બતાવવા માટે અને તેવા પ્રકારના નામકર્મના ઉદયને લીધે જ્યોતિષવિમાનોની નીચે રહી તેમને વહન કરે છે.

**● જ્યોતિષ વિમાનોને વહન કરનારા દેવો-**

| જ્યોતિષ વિમાન | વહન કરનારા દેવો | | | | |
|---|---|---|---|---|---|
| | પૂર્વમાં સિંહરૂપે | દક્ષિણમાં હાથીરૂપે | પશ્ચિમમાં બળદરૂપે | ઉત્તરમાં ઘોડારૂપે | કુલ |
| સૂર્ય | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૧૬,૦૦૦ |
| ચંદ્ર | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૧૬,૦૦૦ |
| ગ્રહ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૮,૦૦૦ |
| નક્ષત્ર | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૪,૦૦૦ |
| તારા | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૨,૦૦૦ |

**● જ્યોતિષ દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ** - (સૂત્ર-૪/૪૮ થી ૪/૫૩)

| ક્ર. | દેવ-દેવી | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ચંદ્રદેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ |
| ૨ | સૂર્યદેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ |
| ૩ | ગ્રહદેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ૪ | નક્ષત્રદેવ | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ |
| ૫ | તારાદેવ | ૧/૮ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |
| ૬ | ચંદ્રદેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ + ૫૦,૦૦૦ વર્ષ |
| ૭ | સૂર્યદેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ + ૫૦૦ વર્ષ |
| ૮ | ગ્રહદેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ |
| ૯ | નક્ષત્રદેવી | ૧/૪ પલ્યોપમ | સાધિક ૧/૪ પલ્યોપમ |
| ૧૦ | તારાદેવી | ૧/૮ પલ્યોપમ | સાધિક ૧/૮ પલ્યોપમ |

**લેશ્યા** - જ્યોતિષ દેવોની લેશ્યા પીત છે. આ દ્રવ્યલેશ્યા□ જાણવી. ભાવલેશ્યા છએ હોઈ શકે. (સૂત્ર-૪/૨)

● ● ●

□ તત્ત્વાર્થાધિગમસૂત્રની શ્રીસિદ્ધસેનગણિ કૃત ટીકામાં દ્રવ્યલેશ્યા શરીરના વર્ણરૂપ કહી છે.

# વૈમાનિકદેવ પ્રકરણ

● **વૈમાનિકદેવો** - (સૂત્ર-૪/૧૭) વિશેષે કરીને પુણ્યશાળીઓને જે માન આપે તે વિમાન. વિમાનોમાં રહે તે વૈમાનિક દેવો. તેમના વિમાનો ઊર્ધ્વલોકમાં છે. વૈમાનિકદેવો બે પ્રકારના છે - (સૂત્ર-૪/૧૮)

(૧) કલ્પોપપન્ન (૨) કલ્પાતીત

**(૧) કલ્પોપપન્ન** - જ્યાં ઈન્દ્ર, સામાનિક વગેરે દશ પ્રકારના દેવો હોય તે કલ્પોપપન્ન. તે ૧૨ પ્રકારના છે - ૧૨ દેવલોકના દેવો. (સૂત્ર-૪/૩)

જ્યોતિષવિમાનોના ઉપરના પ્રતરથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી સમશ્રેણીએ અર્ધચંદ્રાકારે દક્ષિણમાં સૌધર્મ દેવલોક છે અને અર્ધચંદ્રાકારે ઉત્તરમાં ઈશાન$^{\Delta}$ દેવલોક છે. સમભૂતલથી સૌધર્મ દેવલોકના ઉપરના અંત સુધી ૧ રજ્જુ છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી સમશ્રેણીએ અર્ધચંદ્રાકારે દક્ષિણમાં સનત્કુમાર દેવલોક છે અને અર્ધચંદ્રાકારે ઉત્તરમાં માહેન્દ્ર દેવલોક છે. સમભૂતલથી માહેન્દ્ર દેવલોકના ઉપરના અંત સુધી ૨ રજ્જુ છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી પૂર્ણચંદ્રાકારે બ્રહ્મલોક દેવલોક છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી પૂર્ણચંદ્રાકારે લાંતક દેવલોક છે. સમભૂતલથી લાંતક દેવલોકના ઉપરના અંત સુધી ૩ રજ્જુ છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી પૂર્ણચંદ્રાકારે મહાશુક્ર દેવલોક છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી પૂર્ણચંદ્રાકારે સહસ્રાર દેવલોક છે. સમભૂતલથી સહસ્રાર દેવલોકના ઉપરના અંત સુધી ૪ રજ્જુ છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી સમશ્રેણીએ અર્ધચંદ્રાકારે દક્ષિણમાં આનત દેવલોક છે અને

---

Δ **તત્ત્વાર્થાધિગમસૂત્ર**ના **મૂળસૂત્રો**માં અને **ભાષ્ય**માં સર્વત્ર બીજા દેવલોકને ઐશાન દેવલોક કહ્યો છે. પણ બીજા દેવલોકનું પ્રસિદ્ધ નામ ઈશાન દેવલોક હોવાથી અમે અહીં સર્વત્ર બીજા દેવલોકને ઈશાન દેવલોક કહ્યો છે.

અર્ધચંદ્રાકારે ઉત્તરમાં પ્રાણત દેવલોક છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી સમશ્રેણીએ અર્ધચંદ્રાકારે દક્ષિણમાં આરણ દેવલોક છે અને અર્ધચંદ્રાકારે ઉત્તરમાં અચ્યુત દેવલોક છે. સમભૂતલથી અચ્યુત દેવલોકના ઉપરના અંત સુધી ૫ રજ્જુ છે. સૌધર્મથી સહસ્રાર સુધી દરેક દેવલોકનો ૧-૧ ઇન્દ્ર છે. આનત-પ્રાણત દેવલોકનો ૧ ઇન્દ્ર છે. આરણ-અચ્યુત દેવલોકનો ૧ ઇન્દ્ર છે. (સૂત્ર-૪/૧૯, ૪/૨૦) ગ્રૈવેયકની નીચે સુધી ૧૨ દેવલોક છે. (સૂત્ર-૪/૨૪)

(૨) **કલ્પાતીત** - જ્યાં ઇન્દ્ર, સામાનિક વગેરે દશ પ્રકારના દેવો ન હોય અને બધા દેવો અહમિન્દ્રો હોય તે કલ્પાતીત. તે ૧૪ પ્રકારના છે - ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર. તેમાં ઇન્દ્રો હોતા નથી.

અચ્યુત દેવલોકના ઉપરના અંતથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી ઉપર ઉપર ૯ ગ્રૈવેયક આવેલા છે. સમભૂતલથી નવમા ગ્રૈવેયકના ઉપરના અંત સુધી ૬ રજ્જુ છે. ત્યાંથી અસંખ્ય યોજન ઉપર ગયા પછી એક જ પ્રતરમાં ૫ અનુત્તર વિમાનો છે. તેમાં વચ્ચે સર્વાર્થસિદ્ધ વિમાન છે અને પૂર્વમાં વિજય, દક્ષિણમાં વૈજયન્ત, પશ્ચિમમાં જયંત અને ઉત્તરમાં અપરાજિત વિમાનો છે.

**● દેવલોકના નામના હેતુ -**

૧) સૌધર્મ દેવલોકમાં સુધર્મા સભા છે. તેથી તેનું નામ સૌધર્મ દેવલોક છે.

૨) ઇશાનથી અચ્યુત સુધીના દેવલોકોમાં તે તે નામવાળા ઇન્દ્રો છે. તેથી તે દેવલોકોના ઇશાન વગેરે નામ છે.

૩) નવ ગ્રૈવેયક લોકપુરુષની ગ્રીવા(ગળા)ના સ્થાને છે. તેથી તેમને ગ્રૈવેયક કહેવાય છે.

૪) અનુત્તર વિમાનોની ઉપર કોઈ વિમાનો નથી. માટે તેમને અનુત્તર કહેવાય છે.

વિજય-વૈજયન્ત-જયન્ત વિમાનના દેવોએ સ્વર્ગના વિઘ્નરૂપ હેતુઓને જીતી લીધા હોવાથી તે વિમાનોને વિજય-વૈજયન્ત-જયન્ત કહેવાય છે, અથવા તે દેવો નિકટ મુક્તિગામી હોવાથી કર્મોને તેમણે જીતી લીધા છે, માટે તે વિમાનોને વિજય-વૈજયન્ત-જયન્ત કહેવાય છે. અપરાજિત વિમાનના દેવો સ્વર્ગના વિઘ્નરૂપ હેતુઓથી પરાજિત ન થયા હોવાથી તે વિમાનને અપરાજિત કહેવાય છે, અથવા તે દેવો પૂર્વે સાધુના ભવમાં કે દેવના ભવમાં પણ પરીષહોથી જીતાયા ન હોવાથી તે વિમાનને અપરાજિત કહેવાય છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો ઉત્કૃષ્ટ અભ્યુદયવાળા અને સુખવાળા હોવાથી બધા કાર્યોમાં સિદ્ધ છે, અથવા તેમના બધા પ્રયોજનો સિદ્ધ થયા છે, અથવા તેમના બધા સાંસારિક કર્તવ્યો પૂર્ણ થયા છે, અથવા પછીના ભવમાં મોક્ષે જનારા હોવાથી તેમનો મોક્ષ સિદ્ધ થયો છે, માટે તે વિમાનને સર્વાર્થસિદ્ધ કહેવાય છે.

● ઉપર ઉપરના દેવોના સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાની વિશુદ્ધિ, ઇન્દ્રિયોનો વિષય, અવધિજ્ઞાનનો વિષય વધુ છે. (સૂત્ર-૪/૨૧)

૧) સ્થિતિ - (સૂત્ર-૪/૩૩ થી ૪/૪૨)

| **દેવલોક** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| સૌધર્મ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ઈશાન | સાધિક ૧ પલ્યોપમ | સાધિક ૨ સાગરોપમ |
| સનત્કુમાર | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| માહેન્દ્ર | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૭ સાગરોપમ |
| બ્રહ્મલોક | સાધિક ૭ સાગરોપમ□ | ૧૦ સાગરોપમ |

□ બૃહત્સંગ્રહણીની ગાથા ૧૪ની ટીકામાં બ્રહ્મલોકના દેવોની જઘન્યસ્થિતિ ૭ સાગરોપમ કહી છે.

| દેવલોક | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| લાંતક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| મહાશુક્ર | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| સહસ્રાર | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| આનત | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| પ્રાણત | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| આરણ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| અચ્યુત | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| અધસ્તનઅધસ્તન ગ્રૈવેયક | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| અધસ્તનમધ્યમ ગ્રૈવેયક | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| અધસ્તનઉપરિતન ગ્રૈવેયક | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| મધ્યમઅધસ્તન ગ્રૈવેયક | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| મધ્યમમધ્યમ ગ્રૈવેયક | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| મધ્યમઉપરિતન ગ્રૈવેયક | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ઉપરિતનઅધસ્તન ગ્રૈવેયક | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ઉપરિતનમધ્યમ ગ્રૈવેયક | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| ઉપરિતનઉપરિતન ગ્રૈવેયક | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત | ૩૧ સાગરોપમ | ૩૨ સાગરોપમ |
| સર્વાર્થસિદ્ધ | અજઘન્યઅનુત્કૃષ્ટ$^{\Delta}$ ૩૩ સાગરોપમ | |

$\Delta$ તત્ત્વાર્થભાષ્યમાં ઉમાસ્વાતિ મહારાજે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની જઘન્ય સ્થિતિ ૩૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ કહી છે.

| દેવલોક | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| સૌધર્મ દેવલોકની પરિગૃહીતા દેવી | ૧ પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| સૌધર્મ દેવલોકની અપરિગૃહીતા દેવી | ૧ પલ્યોપમ | ૫૦ પલ્યોપમ |
| ઈશાન દેવલોકની પરિગૃહીતા દેવી | સાધિક ૧ પલ્યોપમ | ૯ પલ્યોપમ |
| ઈશાન દેવલોકની અપરિગૃહીતા દેવી | સાધિક ૧ પલ્યોપમ | ૫૫ પલ્યોપમ |

જે ઉપરના દેવોની સ્થિતિ નીચેના દેવોની સ્થિતિની સમાન હોય તેમની પણ તે સ્થિતિ ઉપર-ઉપર ગુણથી અધિક હોય છે. ગુણ = સુખ, આહારગ્રહણ, અલ્પશરીરપણું વગેરે.

૨) **પ્રભાવ** - પ્રભાવ એટલે નિગ્રહ, અનુગ્રહ, અણિમા વગેરે પરિણામની શક્તિ, બીજા પાસે પરાણે કરાવવું વગેરેની અચિન્ત્ય શક્તિ. તે પ્રભાવ ઉપર ઉપરના દેવોનો અનંતગુણ અધિક છે. ઉપર ઉપરના દેવો મંદ અભિમાનવાળા અને ઓછા સંક્લેશવાળા હોવાથી તે શક્તિનો ઉપયોગ કરતા નથી.

૩) **સુખ** - ઉપર ઉપરના દેવોનું ક્ષેત્રસ્વભાવજનિત સુખ અનંતગુણ અધિક છે.

૪) **દ્યુતિ** - દ્યુતિ એટલે શરીરની કાન્તિ. ઉપર ઉપરના દેવોની શરીરની કાન્તિ અનંતગુણ અધિક છે.

સૌધમ-ઈશાનના દેવોનો વર્ણ સુવર્ણ જેવો પીળો છે.

સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોકના દેવોનો વર્ણ કમળની પાંદડી જેવો છે.

લાંતક અને ઉપરના દેવોનો વર્ણ શ્વેત છે.

ઉપર ઉપરના દેવોના શરીરના વર્ણની વિશુદ્ધિ વધુ છે.

૫) લેશ્યા - (સૂત્ર-૪/૨૩)

| દેવલોક | લેશ્યા |
|---|---|
| સૌધર્મ-ઈશાન | પીતલેશ્યા |
| સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક | પદ્મલેશ્યા |
| લાંતકથી સર્વાર્થસિદ્ધ | શુક્લલેશ્યા |

ઉપર ઉપરના દેવોની લેશ્યા વધુ વિશુદ્ધ હોય છે. આ દ્રવ્યલેશ્યા □ જાણવી. વૈમાનિક દેવોને છએ ભાવલેશ્યા હોય છે.

**૬) ઈન્દ્રિયોનો વિષય** - ઉપર ઉપરના દેવોની ઈન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં વધુ સમર્થ છે.

**૭) અવધિજ્ઞાનનો વિષય** - ઉપર ઉપરના દેવોનો અવધિજ્ઞાનનો વિષય વધુ છે.

| દેવલોક | અવધિજ્ઞાનનો વિષય | | |
|---|---|---|---|
| | નીચે | ઉપર | તીર્છું |
| સૌધર્મ-ઈશાન | રત્નપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| સનત્કુમાર-માહેન્દ્ર | શર્કરાપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |

□ **તત્ત્વાર્થાધિગમસૂત્રની શ્રીસિદ્ધસેનગણિ કૃત ટીકામાં** ચારે પ્રકારના દેવોની લેશ્યાનો અર્થ 'શરીરનો વર્ણ' એવો કર્યો છે. પણ **બૃહત્સંગ્રહણીની ગાથા-૨૮૯ની ટીકામાં મલયગિરિ મહારાજે** લેશ્યાનો અર્થ 'શરીરનો વર્ણ' એવો કરનારા મતનું ખંડન કર્યું છે, કેમકે ત્યાં દેવોની લેશ્યા બતાવી પછી તેમના શરીરનો વર્ણ પણ બતાવ્યો છે.

| દેવલોક | અવધિજ્ઞાનનો વિષય | | |
|---|---|---|---|
| | નીચે | ઉપર | તીર્છું |
| બ્રહ્મલોક-લાંતક | વાલુકાપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| મહાશુક્ર-સહસ્રાર | પંકપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| આનતથી અચ્યુત | ધૂમપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| અધસ્તન ૩ ગ્રૈવેયક મધ્યમ ૩ ગ્રૈવેયક | તમઃપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| ઉપરિતન ૩ ગ્રૈવેયક | મહાતમઃપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| ૫ અનુત્તર | ☐ સંપૂર્ણ લોકનાળી | સ્વભવનના સ્તૂપના અગ્રભાગ સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |

જેમના અવધિજ્ઞાનનો વિષય સમાન છે તેઓમાં ઉપર ઉપરના દેવોની અવધિજ્ઞાનની વિશુદ્ધિ વધુ છે.

● ઉપર ઉપરના દેવોના ગતિ, શરીરની અવગાહના, પરિગ્રહ, અભિમાન અલ્પ છે. (સૂત્ર-૪/૨૨)

૧) ગતિ - બે સાગરોપમની જઘન્ય સ્થિતિવાળા દેવોથી માંડીને ઉપરના દેવોનો ગતિનો વિષય નીચે ૭મી નરક પૃથ્વી સુધી છે અને તીર્છો અસંખ્ય યોજન છે. ૨ સાગરોપમથી ઓછી જઘન્ય સ્થિતિવાળા દેવોનો ગતિનો વિષય ૧-૧ નરકપૃથ્વી ઓછી છે, યાવત્ જઘન્યસ્થિતિવાળા દેવોનો ગતિનો વિષય ત્રીજી નરકપૃથ્વી સુધી છે.

☐ બૃહત્સંગ્રહણીની ગાથા ૨૨૨ની ટીકામાં ૫ અનુત્તરના દેવોના અવધિજ્ઞાનનો નીચેનો વિષય ન્યૂન લોકનાળી કહ્યો છે.

દેવો પૂર્વના મિત્ર વગેરે માટે ત્રીજી નરકપૃથ્વી સુધી જાય છે. તેની આગળની નરકપૃથ્વીમાં ગતિનો વિષય હોવા છતાં તેઓ જતા નથી.

ઉપર ઉપરના દેવોના પરિણામ વધુ ને વધુ શુભ હોય છે અને તેઓ વધુ ને વધુ ઉદાસીન હોય છે. તેથી જિનવંદનાદિ સિવાય તેઓ ગતિ કરતા નથી. તેથી ઉપર ઉપરના દેવોની ગતિ ઓછી હોય છે.

**૨) શરીરની અવગાહના** - ઉપર ઉપરના દેવોની શરીરની અવગાહના અલ્પ હોય છે.

| દેવલોક | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|
| સૌધર્મ, ઈશાન | ૭ હાથ |
| સનત્કુમાર, માહેન્દ્ર | ૬ હાથ |
| બ્રહ્મલોક, લાંતક | ૫ હાથ |
| મહાશુક્ર, સહસ્રાર | ૪ હાથ |
| આનત, પ્રાણત, આરણ, અચ્યુત | ૩ હાથ |
| ૯ ગ્રૈવેયક | ૨ હાથ |
| ૫ અનુત્તર | ૧ હાથ |

જઘન્ય અવગાહના બધા દેવલોકમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રથમ સમયે હોય છે.

- દુનિયાનો કોઈ અગ્નિ એવો નથી જે સ્મરણ માત્રથી જીવને બાળે, જ્યારે સ્ત્રીના રૂપ રૂપી અગ્નિ એવો છે કે એનું સ્મરણ પણ જીવના ગુણોને, શુભ ભાવોને, શુભ લેશ્યાને અને પુણ્યના થોકે થોકને બાળી નાંખે છે, નરકાદિ ગતિમાં લઈ જાય છે.
- મરણ એટલે શરીર બદલવાની પ્રક્રિયા. એમાં આત્માએ કશું ગુમાવવાનું નથી, તો પછી મરણનો ભય શા માટે ?

# વૈમાનિક દેવલોકના એક પ્રતરમાં રહેલા આવલિકાગત અને પુષ્પાવકીર્ણ વિમાનો



૩) પરિગ્રહ - ઉપર ઉપરના દેવોના વિમાનો ઓછા છે.

| **દેવલોક** | **પ્રતર** | **આવલિકા-પ્રવિષ્ટ વિમાનો** | **પુષ્પાવકીર્ણ વિમાનો** | **કુલ વિમાનો** |
|---|---|---|---|---|
| સૌધર્મ | ૧૩☐ | ૧,૭૦૭ | ૩૧,૯૮,૨૯૩ | ૩૨,૦૦,૦૦૦ |
| ઈશાન | ૧૩☐ | ૧,૨૧૮ | ૨૭,૯૮,૭૮૨ | ૨૮,૦૦,૦૦૦ |
| સનત્કુમાર | ૧૨☐ | ૧,૨૨૬ | ૧૧,૯૮,૭૭૪ | ૧૨,૦૦,૦૦૦ |
| માહેન્દ્ર | ૧૨☐ | ૮૭૪ | ૭,૯૯,૧૨૬ | ૮,૦૦,૦૦૦ |
| બ્રહ્મલોક | ૬ | ૮૩૪ | ૩,૯૯,૧૬૬ | ૪,૦૦,૦૦૦ |
| લાંતક | ૫ | ૫૮૫ | ૪૯,૪૧૫ | ૫૦,૦૦૦ |
| મહાશુક્ર | ૪ | ૩૯૬ | ૩૯,૬૦૪ | ૪૦,૦૦૦ |
| સહસ્રાર | ૪ | ૩૩૨ | ૫,૬૬૮ | ૬,૦૦૦ |
| આનત-પ્રાણત | ૪ | ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| આરણ-અચ્યુત | ૪ | ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| અધસ્તન ૩ ગ્રૈવેયક | ૩ | ૧૧૧ | ૦ | ૧૧૧ |
| મધ્યમ ૩ ગ્રૈવેયક | ૩ | ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ઉપરિતન ૩ ગ્રૈવેયક | ૩ | ૩૯ | ૬૧ | ૧૦૦ |
| અનુત્તર | ૧ | ૫ | - | ૫ |
| કુલ | ૬૨ | ૭,૮૭૪ | ૮૪,૮૯,૧૪૯ | ૮૪,૯૭,૦૨૩ |

☐ સૌધર્મ-ઈશાનના અને સનત્કુમાર-માહેન્દ્રના પ્રતરો સમશ્રેણીઓ છે, તેથી ભેગા મળીને પણ ક્રમશઃ ૧૩ અને ૧૨ પ્રતર જ થાય.

વિમાનો બે પ્રકારના છે -

૧) આવલિકાપ્રવિષ્ટ વિમાનો - તે પંક્તિમાં રહેલા છે.

૨) પુષ્પાવકીર્ણ વિમાનો - તે પુષ્પની જેમ જ્યાં ત્યાં વેરાયેલા છે. તે ઈન્દ્રક વિમાનની પૂર્વમાં ન હોય.

દરેક પ્રતરની મધ્યમાં ઈન્દ્રક વિમાન છે અને ચારે દિશામાં આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે.

ઈન્દ્રક વિમાનો ગોળ છે. આવલિકાપ્રવિષ્ટ વિમાનો ગોળ, ત્રિકોણ અને ચોરસ છે. પુષ્પાવકીર્ણ વિમાનો વિવિધ આકારના છે.

આવલિકાપ્રવિષ્ટ વિમાનોમાં ઈન્દ્રક વિમાન પછી ત્રિકોણ વિમાન, ચોરસ વિમાન, ગોળ વિમાન, ત્રિકોણ વિમાન, ચોરસ વિમાન આ ક્રમે વિમાનો આવેલા છે.

સૌધર્મ દેવલોકના પ્રથમ પ્રતરમાં દરેક દિશામાં ૬૨ આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે. ઉપર ઉપરના પ્રતરોમાં દરેક દિશામાંથી અંતિમ ૧-૧ વિમાન ઓછું થતું જાય છે. અનુત્તરમાં ચારે દિશામાં ૧-૧ વિમાન છે.

૪) **અભિમાન** - ઉપર ઉપરના દેવોને સ્થાન, પરિવાર, શક્તિ, અવધિજ્ઞાનનો વિષય, ઈન્દ્રિયોનો વિષય, સંપત્તિ, આયુષ્ય - આ બધાને વિષે અલ્પ અભિમાન છે.

● **શ્વાસોચ્છ્વાસ-આહાર** - ઉપર ઉપરના દેવો ઘણા કાળે શ્વાસોચ્છ્વાસ લે છે. ઉપર ઉપરના દેવો ઘણા કાળે આહાર લે છે.

● મૈથુનના નિષેધ સિવાય જિનેશ્વરોએ કોઈ પણ વસ્તુના અનુજ્ઞા કે પ્રતિષેધ એકાંતે કરેલ નથી, કેમકે મૈથુનનું પાપ રાગ-દ્વેષ વિના થઈ શકતું નથી.

**કયા દેવો કેટલા કાળે શ્વાસોચ્છ્વાસ અને આહાર કરે ?**

| દેવો | શ્વાસોચ્છ્વાસ કેટલા કાળે ? | આહાર કેટલા કાળે ? |
|---|---|---|
| ૧૦,૦૦૦ વર્ષ આયુષ્યવાળા | ૭ સ્તોક | ૧ અહોરાત્ર |
| પછી ન્યૂન ૧ પલ્યોપમ સુધીના આયુષ્યવાળા | મુહૂર્તપૃથક્ત્વ સુધી વૃદ્ધિ કરવી | દિવસપૃથક્ત્વ સુધી વૃદ્ધિ કરવી |
| ૧ પલ્યોપમ આયુષ્યવાળા | મુહૂર્તપૃથક્ત્વ (અહોરાત્રની અંદર) | દિવસપૃથક્ત્વ |
| પછી ન્યૂન ૧ સાગરોપમ સુધીના આયુષ્યવાળા | ૧ પક્ષ સુધી વૃદ્ધિ કરવી | ૧,૦૦૦ વર્ષ સુધી વૃદ્ધિ કરવી |
| ૧ સાગરોપમ આયુષ્યવાળા | ૧ પક્ષ | ૧,૦૦૦ વર્ષ |
| પછી જેટલા સાગરોપમ આયુષ્યવાળા | તેટલા પક્ષ | તેટલા હજાર વર્ષ |

● **દેવોને વેદના** - દેવોને હંમેશા સદ્વેદના હોય છે. કોઈક નિમિત્તથી અસદ્વેદના આવે તો પણ અંતર્મુહૂર્ત સુધી રહે, વધુ નહીં. સદ્વેદના પણ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી હોય, પછી આંતરુ પડે.

● **દેવોમાં ઉપપાત** -

| જીવો | ઉત્કૃષ્ટ ઉપપાત | જઘન્ય ઉપપાત |
|---|---|---|
| તાપસ$^{\Delta}$ | જ્યોતિષ | વ્યંતર$^{\oplus}$ |
| ચરક-પરિવ્રાજક$^{\square}$ | બ્રહ્મલોક | વ્યંતર |
| પંચેન્દ્રિય તિર્યંચ (સમ્યક્ત્વયુક્ત, દેશવિરતિયુક્ત) | સહસ્રાર | વ્યંતર |

$\Delta$ તાપસ = વનમાં રહેનારા, મૂળ-કંદ-ફળ ખાનારા. $\oplus$ તાપસાદિનો આ જઘન્ય ઉપપાત સ્વાચારમાં રહેલાને હોય છે, સ્વાચારથી ભ્રષ્ટ થયેલાને નહીં. $\square$ ચરક = ૪-૫ નું ટોળુ ભેગુ ભિક્ષા માગે તે. પરિવ્રાજક = કપિલમતને અનુસરનારા.

| જીવો | ઉત્કૃષ્ટ ઉપપાત | જઘન્ય ઉપપાત |
|---|---|---|
| શ્રાવક | અચ્યુત | સૌધર્મ[Δ] |
| છદ્મસ્થ સંયત | અચ્યુત | સૌધર્મ[Δ] |
| મિથ્યાદૃષ્ટિ સાધુવેષધારી | ઉપરિતન ગ્રૈવેયક | વ્યંતર |
| મિથ્યાદૃષ્ટિ અન્યવેષધારી | અચ્યુત | ભવનપતિ |
| ચૌદ પૂર્વધર | સર્વાર્થસિદ્ધ | બ્રહ્મલોક[⊠] |

● **લોકાંતિક દેવો, કૃષ્ણરાજીઓ** - લોકાંતિક દેવો પાંચમા બ્રહ્મલોક દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રતરમાં છે. તેમનો ઉત્કૃષ્ટથી ૭-૮ ભવમાં અને જઘન્યથી ૨-૩ ભવમાં મોક્ષ થઈ જાય છે. માટે લોક = સંસાર, તેને અંતે રહેલ હોવાથી તેઓ લોકાંતિક દેવો કહેવાય છે. (સૂત્ર-૪/૨૫)

બ્રહ્મલોક દેવલોકના ત્રીજા પ્રતરમાં મધ્યમાં રિષ્ટ વિમાન છે. તેની ચારે દિશામાં સચિત્ત-અચિત્ત પૃથ્વીના પરિણામરૂપ બે-બે કૃષ્ણરાજીઓ છે. તે અખાડાના આકારે છે. પૂર્વ-પશ્ચિમની કૃષ્ણરાજીઓ ઉત્તર-દક્ષિણ લાંબી છે અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે. ઉત્તર-દક્ષિણની કૃષ્ણરાજીઓ પૂર્વ-પશ્ચિમ લાંબી છે અને ઉત્તર-દક્ષિણ પહોળી છે. દરેક દિશાની અંદરની કૃષ્ણરાજી પછીની દિશાની બહારની કૃષ્ણરાજીને સ્પર્શે છે. ચારે દિશાની અંદરની કૃષ્ણરાજીઓ લંબચોરસ છે. પૂર્વ-પશ્ચિમની બહારની કૃષ્ણરાજીઓ ષટ્કોણ છે. ઉત્તર-દક્ષિણની બહારની કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે.

---

Δ સૌધર્મ દેવલોકમાં શ્રાવકની જઘન્ય સ્થિતિ પલ્યોપમ છે અને સંયતની જઘન્ય સ્થિતિ પલ્યોપમપૃથક્ત્વ છે.

⊠ **બૃહત્સંગ્રહણિની ગાથા ૧૬૯માં** ચૌદ પૂર્વધરનો જઘન્ય ઉપપાત લાંતક દેવલોકમાં કહ્યો છે.

# કૃષ્ણરાજી




छ = અર્ચિ વિમાન

अ = અર્ચિમાલી વિમાન

ब = વૈરોચન વિમાન

क = પ્રભંકર વિમાન

ख = ચન્દ્રાભ વિમાન

ग = સૂર્યાભ વિમાન

घ = શુક્રાભ વિમાન

च = સુપ્રતિષ્ઠાભ વિમાન

ज = રિષ્ટ વિમાન

કૃષ્ણરાજીઓના આઠ આંતરાઓમાં લોકાંતિક દેવોના આઠ વિમાનો આવેલા છે. તે આ પ્રમાણે - ઉત્તર અને પૂર્વની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં અર્ચિ વિમાન છે. પૂર્વની બે કૃષ્ણરાજીઓના આંતરામાં અર્ચિમાલી વિમાન છે. પૂર્વ અને દક્ષિણની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં વૈરોચન વિમાન છે. દક્ષિણની બે કૃષ્ણરાજીઓના આંતરામાં પ્રભંકર વિમાન છે. દક્ષિણ અને પશ્ચિમની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં ચંદ્રાભ વિમાન છે. પશ્ચિમની બે કૃષ્ણરાજીઓના આંતરામાં સૂર્યાભ વિમાન છે. પશ્ચિમ અને ઉત્તરની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં શુક્રાભ વિમાન છે. ઉત્તરની બે કૃષ્ણરાજીઓના આંતરામાં સુપ્રતિષ્ઠાભ વિમાન છે. આઠે કૃષ્ણરાજીઓની મધ્યમાં રિષ્ટ વિમાન છે. આ વિમાનોમાં લોકાંતિક દેવો રહે છે. તે આ પ્રમાણે - અર્ચિ વિમાનમાં સારસ્વત દેવો, અર્ચિમાલી વિમાનમાં આદિત્ય દેવો, વૈરોચન વિમાનમાં વહ્નિ દેવો, પ્રભંકર વિમાનમાં વરુણ દેવો, ચંદ્રાભ વિમાનમાં ગર્દતોય દેવો, સૂર્યાભ વિમાનમાં તુષિત દેવો, શુક્રાભ વિમાનમાં અવ્યાબાધ દેવો, સુપ્રતિષ્ઠાભ વિમાનમાં મરુત્ દેવો (તેમનું બીજું નામ આગ્નેય દેવો છે), રિષ્ટ વિમાનમાં રિષ્ટ દેવો રહે છે. (સૂત્ર-૪/૨૬) સારસ્વત અને આદિત્ય બંનેના ભેગા મળીને ૭ દેવો છે અને તેમનો ૭૦૦ દેવોનો પરિવાર છે. વહ્નિ અને વરુણ બંનેના ભેગા મળીને ૧૪ દેવો છે અને તેમનો ૧૪,૦૦૦ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિત બંનેના ભેગા મળીને ૭ દેવો છે અને તેમનો ૭,૦૦૦ દેવોનો પરિવાર છે. અવ્યાબાધ-આગ્નેય-રિષ્ટના નવ દેવો છે અને તેમનો ૯૦૦ દેવોનો પરિવાર છે. લોકાંતિક દેવોની સ્થિતિ ૮ સાગરોપમ છે. તેઓ તીર્થંકર ભગવંતોને દીક્ષાના એક વર્ષ પૂર્વે ધર્મતીર્થ પ્રવર્તાવવાની વિનંતિ કરી દીક્ષા ગ્રહણ કરવા જણાવે છે. ભગવાન સ્વયં જાણે છે, પણ તે દેવોનો તે પ્રમાણેનો આચાર છે.

**• દેવોનું સિદ્ધિગમન -**

વિજયાદિ ચાર વિમાનોના દેવો મનુષ્યના બે ભવ કરીને મોક્ષે જાય છે. (સૂત્ર-૪/૨૭)

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો મનુષ્યનો ૧ ભવ કરીને મોક્ષે જાય છે.

શેષ દેવો મનુષ્યના ૧,૨,૩,૪ વગેરે ભવ કરીને મોક્ષે જાય છે અથવા મોક્ષે જતા નથી.

**• દેવોના □પ્રવીચાર-અપ્રવીચાર -**

દેવો ૩ પ્રકારના છે -

૧) દેવી સહિત પ્રવીચાર સહિત-ભવનપતિથી ઈશાન સુધીના દેવો.

૨) દેવી રહિત પ્રવીચાર સહિત - સનત્કુમાર થી અચ્યુત સુધીના દેવો.

૩) દેવી રહિત પ્રવીચાર રહિત - ગ્રૈવેયક-અનુત્તરના દેવો.

દેવીની ઉત્પત્તિ ભવનપતિથી ઈશાન દેવલોક સુધી થાય છે. ઈશાન દેવલોક પછી દેવીની ઉત્પત્તિ નથી. દેવીનું ગમનાગમન સહસ્રાર દેવલોક સુધી છે. દેવીઓ બે પ્રકારની છે -

૧) પરિગૃહીતા દેવી - કુલપત્ની જેવી દેવી.

૨) અપરિગૃહીતા દેવી - વેશ્યા જેવી દેવી. તે સૌધર્મ-ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

સનત્કુમાર-માહેન્દ્ર દેવલોકના દેવોને પ્રવીચારની ઈચ્છા થાય ત્યારે સૌધર્મ-ઈશાનમાંથી અપરિગૃહીતા દેવીઓ ત્યાં જાય છે. તે દેવો તે દેવીઓના સ્પર્શથી પ્રવીચારનું સુખ પામે છે. બ્રહ્મલોક-લાંતક દેવલોકના

---

□ પ્રવીચાર= મૈથુન

દેવોને પ્રવીચારની ઈચ્છા થાય ત્યારે સૌધર્મ-ઈશાનમાંથી અપરિગૃહીતા દેવીઓ ત્યાં જાય છે. તે દેવો તે દેવીઓના રૂપના દર્શનથી પ્રવીચારનું સુખ પામે છે. મહાશુક્ર-સહસ્રાર દેવલોકના દેવોને પ્રવીચારની ઈચ્છા થાય ત્યારે સૌધર્મ-ઈશાનમાંથી અપરિગૃહીતા દેવીઓ ત્યાં જાય છે. તે દેવો તે દેવીઓના શબ્દના શ્રવણથી પ્રવીચારનું સુખ પામે છે. આનતથી અચ્યુત દેવલોક સુધીના દેવોને પ્રવીચારની ઈચ્છા થાય ત્યારે તેઓ અપરિગૃહીતા દેવીઓનો મનમાં વિચાર કરે છે. તે દેવીઓ પણ પોતાના સ્થાનમાં રહીને જ પ્રવીચાર માટેનું મન કરે છે. આમ પરસ્પર મન કરે છતે તે દેવો પ્રવીચારનું સુખ પામે છે. ગ્રૈવેયક અને અનુત્તરના દેવો પ્રવીચાર વિના સુખને અનુભવે છે.

**દેવોનો દેવીઓ સાથેનો પ્રવીચાર** - (સૂત્ર-૪/૮,૪/૯,૪/૧૦)

| **દેવલોક** | **પ્રવીચાર** | **સુખ** |
|---|---|---|
| ભવનપતિથી ઈશાન | કાયાથી | અલ્પ |
| સનત્કુમાર-માહેન્દ્ર | સ્પર્શથી | અનંતગુણ |
| બ્રહ્મલોક-લાંતક | રૂપના દર્શનથી | અનંતગુણ |
| મહાશુક્ર-સહસ્રાર | શબ્દના શ્રવણથી | અનંતગુણ |
| આનતથી અચ્યુત | મનથી | અનંતગુણ |
| ગ્રૈવેયક-અનુત્તર | અપ્રવીચારી | અનંતગુણ |

**કેટલા આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીઓ કયા દેવોના ઉપભોગ માટે હોય ?**

- મુનિઓ પણ જો ચારિત્ર લીધા પછી સાધ્વી કે શ્રાવિકાઓનો સંસર્ગ અતિશયપણે રાખે છે તો તેઓ પણ નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી.

**પહેલા દેવલોકની અપરિગૃહીતા દેવી -**

| **કેટલા આયુષ્યવાળી ?** | **કોના ઉપભોગ માટે ?** |
|---|---|
| ૧ પલ્યોપમ | ૧લા દેવલોકના દેવો |
| (૧ પલ્યોપમ+૧ સમય)થી ૧૦ પલ્યોપમ | ૩જા દેવલોકના દેવો |
| (૧૦ પલ્યોપમ+૧ સમય)થી ૨૦ પલ્યોપમ | ૫મા દેવલોકના દેવો |
| (૨૦ પલ્યોપમ+૧ સમય)થી ૩૦ પલ્યોપમ | ૭મા દેવલોકના દેવો |
| (૩૦ પલ્યોપમ+૧ સમય)થી ૪૦ પલ્યોપમ | □૯ મા દેવલોકના દેવો |
| (૪૦ પલ્યોપમ+૧ સમય)થી ૫૦ પલ્યોપમ | □૧૧મા દેવલોકના દેવો |

**બીજા દેવલોકની અપરિગૃહીતા દેવી -**

| **કેટલા આયુષ્યવાળી ?** | **કોના ઉપભોગ માટે ?** |
|---|---|
| સાધિક પલ્યોપમ | ૨જા દેવલોકના દેવો |
| (સાધિક પલ્યોપમ+૧ સમય)થી ૧૫ પલ્યોપમ | ૪થા દેવલોકના દેવો |
| (૧૫ પલ્યોપમ+૧ સમય)થી ૨૫ પલ્યોપમ | ૬ઠ્ઠા દેવલોકના દેવો |
| (૨૫ પલ્યોપમ+૧ સમય)થી ૩૫ પલ્યોપમ | ૮મા દેવલોકના દેવો |
| (૩૫ પલ્યોપમ+૧ સમય)થી ૪૫ પલ્યોપમ | □૧૦મા દેવલોકના દેવો |
| (૪૫ પલ્યોપમ+૧ સમય)થી ૫૫ પલ્યોપમ | □૧૨મા દેવલોકના દેવો |

• • •

□ અપરિગૃહીતા દેવીઓ પોતાના સ્થાનમાં રહીને જ ૯મા થી ૧૨મા દેવલોકના દેવોને ઉપભોગયોગ્ય થાય છે.

# અજીવતત્ત્વ
## દ્રવ્ય પ્રકરણ

• **દ્રવ્ય** - જેમાં ગુણો અને પર્યાયો હોય તે દ્રવ્ય કહેવાય. (સૂત્ર-૫/૩૭)

**ગુણ** - જેઓ દ્રવ્યમાં એકસાથે રહેલા હોય અને જેમાં ગુણો ન હોય તે ગુણ કહેવાય. (સૂત્ર-૫/૪૦)

**પર્યાય** - જે દ્રવ્યમાં રહેલા હોય પણ ક્રમભાવી હોય તે પર્યાય કહેવાય.

દ્રવ્ય પાંચ છે - (સૂત્ર-૫/૨,૫/૩,૫/૫,૫/૬)

૧) **ધર્માસ્તિકાય** - ગતિશીલ એવા જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાય કરનારું દ્રવ્ય તે ધર્માસ્તિકાય. તે સર્વલોકવ્યાપી છે. (સૂત્ર-૫/ ૧૨, ૫/૧૩) તે અસંખ્ય પ્રદેશોવાળુ છે. (સૂત્ર-૫/૭) પ્રદેશ એટલે નિર્વિભાજ્ય અંશ. ધર્માસ્તિકાય એક સ્કંધરૂપ છે. તે એક છે. તે નિષ્ક્રિય છે. તે અરૂપી[Δ] છે. તે નિત્ય છે, એટલે કે તેનો નાશ થતો નથી. તે અવસ્થિત છે, એટલે કે તે પોતાના ગુણ છોડીને બીજાના ગુણને ગ્રહણ કરતું નથી. જેમ ગતિશીલ એવા માછલાને પાણી સહાય કરે છે, તેમ ગતિશીલ એવા જીવ અને પુદ્ગલોને ધર્માસ્તિકાય સહાય કરે છે.

૨) **અધર્માસ્તિકાય** - જીવો અને પુદ્ગલોને સ્થિર રહેવામાં સહાય કરનારું દ્રવ્ય તે અધર્માસ્તિકાય. તે સર્વલોકવ્યાપી છે. (સૂત્ર-૫/૧૨, ૫/૧૩) તે અસંખ્ય પ્રદેશોવાળુ છે. (સૂત્ર-૫/૭) તે એક સ્કંધરૂપ છે. તે એક છે. તે નિષ્ક્રિય છે. તે અરૂપી છે. તે નિત્ય છે. તે અવસ્થિત છે.

---

Δ જેનામાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોય તે રૂપી. જેનામાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ન હોય તે અરૂપી.

૩) **આકાશાસ્તિકાય** - અન્ય દ્રવ્યોને રહેવાનું સ્થાન આપનારું દ્રવ્ય તે આકાશાસ્તિકાય. તે લોકાલોકવ્યાપી છે. તે અનંત પ્રદેશોવાળુ છે. (સૂત્ર-૫/૯) તે એક સ્કંધરૂપ છે. તે એક છે. તે નિષ્ક્રિય છે. તે અરૂપી છે. તે નિત્ય છે. તે અવસ્થિત છે. તે બે પ્રકારે છે -

લોકાકાશ - લોકવ્યાપી આકાશાસ્તિકાય તે લોકાકાશ. તે અસંખ્ય પ્રદેશોવાળુ છે.

અલોકાકાશ - અલોકવ્યાપી આકાશાસ્તિકાય તે અલોકાકાશ. તે અનંત પ્રદેશોવાળુ છે.

નૈયાયિકો - વૈશેષિકો આકાશને શબ્દગુણવાળુ માને છે. સાંખ્યો આકાશને પ્રધાનનો વિકાર માને છે. તે બરાબર નથી, કેમકે શબ્દ એ ગુણ નથી, પણ પુદ્ગલ છે. પ્રધાન નિત્ય છે. તેનો પરિણામ ન થાય. આકાશ એ સ્વતંત્ર દ્રવ્ય છે.

૪) **જીવાસ્તિકાય** - જીવ ઉપયોગલક્ષણવાળો છે. તે અસંખ્ય પ્રદેશોવાળો છે. (સૂત્ર-૫/૮) તેના પ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા છે. તે પ્રદેશોને દીવાના પ્રકાશની જેમ સંકોચી અને પ્રસારી શકાય છે. (સૂત્ર-૫/૧૬) તેથી તેમની અવગાહના લોકના એક અસંખ્યાતમા ભાગથી માંડીને સર્વલોક સુધી છે. (સૂત્ર-૫/૧૨, ૫/૧૫) સંસારી જીવો અનંતાનંત પુદ્ગલસ્કંધોથી બનેલા કાર્મણશરીરથી યુક્ત હોય છે. કાર્મણશરીરની જઘન્ય અવગાહના અંગુલ/અસંખ્ય પ્રમાણ છે અને સિદ્ધો ચરમ શરીરના ત્રીજા ભાગની અવગાહનાવાળા છે, તેથી જીવોની અવગાહના એક વગેરે આકાશપ્રદેશોમાં હોતી નથી, પણ જઘન્યથી પણ લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશોમાં હોય છે. જીવો અનંતા છે. તે ક્રિયાવાળા છે. તે અરૂપી છે. તે નિત્ય છે. તે અવસ્થિત છે. સંસારી જીવો શરીરવ્યાપી છે.

**૫) પુદ્ગલાસ્તિકાય** - વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા દ્રવ્યને પુદ્ગલ કહેવાય છે. (સૂત્ર-૫/૨૩) તે પરમાણુથી માંડીને અનંત પ્રદેશવાળા છે. (સૂત્ર ૫/૧૦) તે એક આકાશપ્રદેશથી માંડીને સર્વલોકમાં વ્યાપેલા હોય છે. (સૂત્ર ૫/૧૨) તે અનંત છે. તે ક્રિયાવાળા છે. (સૂત્ર-૫/૪) તે રૂપી છે. તે નિત્ય છે. તે અવસ્થિત છે. પરમાણુના પ્રદેશ હોતા નથી. (સૂત્ર-૫/૧૧) પરમાણુ એક આકાશપ્રદેશમાં રહે છે. દ્વયણુક ૧ કે ૨ આકાશપ્રદેશમાં રહે છે. ત્ર્યણુક ૧, ૨ કે ૩ આકાશપ્રદેશમાં રહે છે. સંખ્યાતા પ્રદેશોના સ્કંધો ૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા આકાશપ્રદેશોમાં રહે છે. અસંખ્યાતા પ્રદેશોના સ્કંધો ૧, ૨, ૩ યાવત્ અસંખ્ય આકાશ-પ્રદેશોમાં રહે છે. અનંત પ્રદેશોના સ્કંધો ૧, ૨, ૩ યાવત્ અસંખ્ય આકાશપ્રદેશોમાં રહે છે. (સૂત્ર-૫/૧૪)

વર્ણ પાંચ પ્રકારના છે - કૃષ્ણ, નીલ, લોહિત, પીત, શ્વેત.

ગંધ બે પ્રકારની છે - સુરભિ, દુરભિ.

રસ પાંચ પ્રકારના છે - તિક્ત, કટુ, કષાય, અમ્લ, મધુર.

સ્પર્શ આઠ પ્રકારના છે - કઠિન, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ.

દ્રવ્યો પાંચ જ છે, વધુ કે ઓછા નહીં.

• **પાંચ દ્રવ્યોનો ઉપકાર** - (સૂત્ર-૫/૧૭ થી ૫/૨૧)

**૧) ધર્માસ્તિકાય** - જીવ અને પુદ્ગલને ગતિમાં સહાય કરવી એ ધર્માસ્તિકાયનો ઉપકાર છે.

**૨) અધર્માસ્તિકાય** - જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં સહાય કરવી એ અધર્માસ્તિકાયનો ઉપકાર છે.

**૩) આકાશાસ્તિકાય** - અન્ય દ્રવ્યોને રહેવાનું સ્થાન આપવું એ આકાશાસ્તિકાયનો ઉપકાર છે.

૪) **જીવાસ્તિકાય** - હિતનું પ્રતિપાદન અને અહિતનો નિષેધ કરવા વડે એકબીજા ઉપર ઉપકાર કરવો એ જીવોનો ઉપકાર છે.

૫) **પુદ્ગલાસ્તિકાય** - જીવો ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, આહારક વર્ગણા, તૈજસ વર્ગણા, કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિક શરીર, વૈક્રિય શરીર, આહારક શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર બનાવે છે. બેઈન્દ્રિય વગેરે જીવો ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી તેમને ભાષા રૂપે પરિણમાવીને બોલે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી તેમને મનરૂપે પરિણમાવીને વિચારે છે. બધા જીવો શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તેમને શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવીને શ્વાસોચ્છ્વાસ લે છે. ઈષ્ટ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દથી જીવોને સુખ થાય છે. અનિષ્ટ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દથી જીવોને દુઃખ થાય છે. વિધિપૂર્વક કરાયેલ સ્નાન, આચ્છાદન, વિલેપન, ભોજન વગેરે જીવિત ઉપર ઉપકાર કરે છે. વિષ, શસ્ત્ર, અગ્નિ વગેરેથી જીવોનું મરણ થાય છે. ત્રણ પ્રકારનો આહાર બધા જીવો ઉપર ઉપકાર કરે છે. આ બધા પુદ્ગલના ઉપકાર છે.

જીવાસ્તિકાય સિવાયના ચાર દ્રવ્યો - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય એ અજીવ છે. (સૂત્ર-૫/૧)

● ● ●

- કસોટી દરેકના જીવનમાં આવે છે. એમાંથી જે પાર ઊતરે છે તે જ મહાન બની શકે છે. સોનું પણ અગ્નિપરીક્ષામાં પાસ થયા પછી શુદ્ધ બને છે.
- ગુરુકુલવાસમાં રહેવું. ગુરુકુલવાસમાં અનેકની વચ્ચે રહેવાથી સહેલાઈથી બ્રહ્મચર્યનું પાલન થઈ શકે છે.

# પુદ્‌ગલ પ્રકરણ

• **પુદ્‌ગલના પરિણામ** - (સૂત્ર-૫/૨૪) પુદ્‌ગલના દશ પ્રકારના પરિણામ છે. તે આ પ્રમાણે-

૧) **શબ્દ** - તે બે પ્રકારે છે -

**વૈસ્રસિક શબ્દ** - સ્વાભાવિક શબ્દ તે વૈસ્રસિક શબ્દ છે. દા.ત. વાદળોની ગર્જના વગેરે.

**પ્રાયોગિક શબ્દ** - જીવના વ્યાપારથી થતો શબ્દ તે પ્રાયોગિક શબ્દ છે. તે છ પ્રકારે છે -

(૧) **તત** - મૃદંગ, પડહ વગેરેનો શબ્દ તે તત.

(૨) **વિતત** - વીણા, તંત્રી વગેરેનો શબ્દ તે વિતત.

(૩) **ઘન** - કાંસાના ભાજન અને લાકડાની દાંડીથી થતો શબ્દ તે ઘન.

(૪) **શુષિર** - વેણુ, શંખ, વાંસના છિદ્રમાંથી થતો શબ્દ તે શુષિર.

(૫) **સંઘર્ષ** - કરવત અને લાકડા વગેરેના સંઘર્ષથી થતો શબ્દ તે સંઘર્ષ.

(૬) **ભાષા** - વ્યક્ત વચનો વડે વર્ણ, પદ, વાક્ય રૂપે બોલાય તે ભાષા. નિયત આકારવાળા અક્ષરો તે વર્ણો. વર્ણોનો સમુદાય તે પદ. પદોનો સમુદાય તે વાક્ય.

૨) **બંધ** - પરસ્પર જોડાવું તે બંધ. તે ત્રણ પ્રકારે છે -

(૧) **પ્રયોગબંધ** - જીવના વ્યાપારથી થતો બંધ તે પ્રયોગબંધ. દા.ત. ઔદારિક શરીર, લાખ, લાકડુ વગેરે.

(૨) **વિસ્રસાબંધ** - સ્વાભાવિક રીતે થતો બંધ તે વિસ્રસાબંધ. તે બે પ્રકારે છે -

**(i) આદિવાળો** - વીજળી, ઉલ્કા, વાદળ, અગ્નિ, ઇન્દ્રધનુષ્ય વગેરે.

**(ii) અનાદિ** - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય. પુદ્‌ગલોમાં અનાદિ વિસ્રસાબંધ હોતો નથી. માટે વિસ્રસાબંધને સમજાવવા ધર્માસ્તિકાય વગેરેના દૃષ્ટાંત કહ્યા છે.

(૩) **મિશ્રબંધ** - જીવના પ્રયોગ અને અચેતન દ્રવ્યના પરિણામ બંનેથી થતો બંધ તે મિશ્રબંધ. અહીં જીવના વ્યાપાર અને અચેતન દ્રવ્યના પરિણામ બંનેની મુખ્યરૂપે વિવક્ષા કરી છે. પ્રયોગબંધમાં માત્ર જીવના વ્યાપારની મુખ્યતા છે. દા.ત. થાંભલા, ઘડા વગેરે.

● **પુદ્‌ગલોનો બંધ કેવી રીતે થાય ? -**

સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્‌ગલોનો પરસ્પર બંધ થાય છે. (સૂત્ર-૫/૩૨)

જઘન્ય ગુણવાળા સ્નિગ્ધ-રૂક્ષ પુદ્‌ગલોનો પરસ્પર બંધ ન થાય. (સૂત્ર-૫/૩૩) એટલે કે ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય. ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય. ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય. ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય.

સમાન ગુણવાળા કે વિષમ ગુણવાળા અસમાન પુદ્‌ગલોનો બંધ થાય. એટલે કે ૨ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૨ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય. ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૨ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય.

સમાન ગુણવાળા સમાન પુદ્‌ગલોનો બંધ ન થાય. (સૂત્ર-૫/૩૪) એટલે કે ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય. ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય. ૨ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૨

ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય. ૨ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૨ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ ન થાય.

બે કે બેથી અધિક ગુણવાળા સમાન પુદ્‌ગલોનો બંધ થાય. (સૂત્ર-૫/૩૫) એટલે કે ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૩ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ થાય. ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૩ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય. ૨ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૪ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય.

**બંધ થયા પછી પુદ્‌ગલોનો પરિણામ** - (સૂત્ર-૫/૩૬) સમાન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો સમાન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે સ્નિગ્ધ પુદ્‌ગલો રૂક્ષ પુદ્‌ગલોને પોતાના રૂપે પરિણમાવે અથવા રૂક્ષ પુદ્‌ગલો સ્નિગ્ધ પુદ્‌ગલોને પોતાના રૂપે પરિણમાવે છે. એટલે કે બંધમાં રૂક્ષ પુદ્‌ગલો સ્નિગ્ધ થઈ જાય અથવા સ્નિગ્ધ પુદ્‌ગલો રૂક્ષ થઈ જાય. દા.ત. ૨ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૨ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે સ્નિગ્ધ પુદ્‌ગલો રૂક્ષ પુદ્‌ગલોને સ્નિગ્ધ બનાવે છે અથવા રૂક્ષ પુદ્‌ગલો સ્નિગ્ધ પુદ્‌ગલોને રૂક્ષ બનાવે છે. અધિક ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો હીન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે અધિક ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો હીન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોને પોતાના રૂપે પરિણમાવે છે. એટલે કે બંધમાં હીન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો અધિક ગુણવાળા થઈ જાય છે. દા.ત. ૩ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો ૩ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો થઈ જાય. અધિક ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો હીન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે અધિક ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો હીન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોને પોતાના રૂપે પરિણમાવે છે. એટલે કે બંધમાં હીન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો અધિક ગુણવાળા થઈ

જાય છે. દા.ત. ૩ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો ૩ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો થઈ જાય છે. અધિક ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો હીન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે અધિક ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો હીન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોને પોતાના રૂપે પરિણમાવે છે. એટલે કે બંધમાં હીન ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો અધિક ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો બની જાય છે. દા.ત. ૩ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે ૧ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો ૩ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો બની જાય છે. અધિક ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો હીન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે અધિક ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો હીન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોને પોતાના રૂપે પરિણમાવે છે. એટલે કે બંધમાં હીન ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો અધિક ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો થઈ જાય છે. દા.ત. ૩ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલોનો ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલોની સાથે બંધ થાય ત્યારે ૧ ગુણવાળા સ્નિગ્ધ પુદ્‌ગલો ૩ ગુણવાળા રૂક્ષ પુદ્‌ગલો બની જાય છે.

## કયા પુદ્‌ગલોનો બંધ થાય અને ન થાય ?

| **પુદ્‌ગલ** | **સમાન કે અસમાન** | **ગુણસમાન કે અગુણસમાન** | **બંધ થાય કે ન થાય** |
|---|---|---|---|
| પાંચગુણ સ્નિગ્ધ તથા સાતગુણ સ્નિગ્ધ | સમાન | અગુણસમાન | થાય |
| ચારગુણ સ્નિગ્ધ તથા દશ ગુણ સ્નિગ્ધ | સમાન | અગુણસમાન | થાય |
| પાંચગુણ રૂક્ષ તથા સાતગુણ રૂક્ષ | સમાન | અગુણસમાન | થાય |

| પુદ્ગલ | સમાન કે અસમાન | ગુણસમાન કે અગુણસમાન | બંધ થાય કે ન થાય |
|---|---|---|---|
| ચારગુણ રૂક્ષ તથા દશગુણ રૂક્ષ | સમાન | અગુણસમાન | થાય |
| પાંચગુણ સ્નિગ્ધ તથા પાંચગુણ રૂક્ષ | અસમાન | ગુણસમાન | થાય |
| ચારગુણ સ્નિગ્ધ તથા ચારગુણ રૂક્ષ | અસમાન | ગુણસમાન | થાય |
| પાંચગુણ સ્નિગ્ધ તથા પાંચગુણ સ્નિગ્ધ | સમાન | ગુણસમાન | ન થાય |
| પાંચગુણ રૂક્ષ તથા પાંચગુણ રૂક્ષ | સમાન | ગુણસમાન | ન થાય |

## નીચે જણાવેલ પુદ્ગલોનો પરસ્પર બંધ થાય.

| બંધ થાય | કેમ થાય ? |
|---|---|
| એકગુણ સ્નિગ્ધનો બેગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી, સમાન પણ નથી |
| એકગુણ રૂક્ષનો બેગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી, સમાન પણ નથી |
| એકગુણ સ્નિગ્ધનો ત્રણગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી, સમાન હોવા છતાં એકગુણ વૈષમ્ય નથી |
| એકગુણ રૂક્ષનો ત્રણગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી, સમાન હોવા છતાં એકગુણ વૈષમ્ય નથી |
| બેગુણ સ્નિગ્ધનો બેગુણ રૂક્ષ સાથે | ગુણનું સામ્ય છે પણ સમાન નથી |
| બેગુણ રૂક્ષનો બેગુણ સ્નિગ્ધ સાથે | ગુણનું સામ્ય છે પણ સમાન નથી |

## નીચે જણાવેલા પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય.

| બંધ ન થાય | કેમ ન થાય ? | નિષેધક સૂત્ર |
|---|---|---|
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે | ૫/૩૩ |
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે | ૫/૩૩ |
| એકગુણ રૂક્ષનો એકગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે | ૫/૩૩ |
| બેગુણ સ્નિગ્ધનો બેગુણ સ્નિગ્ધ સાથે | સમાન છે અને ગુણસામ્ય છે | ૫/૩૪ |
| બેગુણ રૂક્ષનો બેગુણ રૂક્ષ સાથે | સમાન છે અને ગુણસામ્ય છે | ૫/૩૪ |
| પાંચગુણ સ્નિગ્ધનો પાંચગુણ સ્નિગ્ધ સાથે | સમાન છે અને ગુણસામ્ય છે | ૫/૩૪ |
| પાંચગુણ રૂક્ષનો પાંચગુણ રૂક્ષ સાથે | સમાન છે અને ગુણસામ્ય છે | ૫/૩૪ |
| બેગુણ સ્નિગ્ધનો ત્રણગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | ૫/૩૫ |
| બેગુણ રૂક્ષનો ત્રણગુણ રૂક્ષ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | ૫/૩૫ |
| એકગુણ સ્નિગ્ધનો બેગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | ૫/૩૫ |
| એકગુણ રૂક્ષનો બેગુણ રૂક્ષ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | ૫/૩૫ |

(આ ત્રણ કોઠાઓ શ્રીરાજશેખરસૂરિજી લિખિત શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના વિવેચનમાંથી સાભાર લીધેલ છે.)

૩) **સૂક્ષ્મતા** - અવયવોનો સંકોચ તે સૂક્ષ્મતા. તે બે પ્રકારે છે -

(૧) **અન્ત્ય સૂક્ષ્મતા** - તે પરમાણુમાં હોય છે.

(૨) **આપેક્ષિક સૂક્ષ્મતા** - તે અનેક પ્રકારે છે.દા.ત. ત્ર્યણુક કરતા દ્વ્યણુક સૂક્ષ્મ છે, આમળા કરતા બોર સૂક્ષ્મ છે.

૪) **સ્થૂલતા** - અવયવોનો વિકાસ તે સ્થૂલતા. તે બે પ્રકારે છે -

(૧) **અન્ત્ય સ્થૂલતા** - તે સર્વલોકવ્યાપી અચિત્ત મહાસ્કંધમાં હોય છે.

(૨) **આપેક્ષિક સ્થૂલતા** - તે અનેક પ્રકારે છે.દા.ત. બોર કરતા આમળા સ્થૂલ છે.

૫) **સંસ્થાન** - સંસ્થાન એટલે આકાર. સંસ્થાન બે પ્રકારે છે - જીવોના શરીરના સંસ્થાન અને અજીવોના સંસ્થાન.

(૧) **જીવોના શરીરના સંસ્થાન** - તે છ પ્રકારે છે. તે આ પ્રમાણે -

(૧) **સમચતુરસ્ર સંસ્થાન** - જેમાં સામુદ્રિક શાસ્ત્રમાં કહેલ લક્ષણ-પ્રમાણથી યુક્ત એવું શરીર હોય અને પર્યંકઆસનમાં બેઠેલા તે શરીરના ચાર અંતરો (૧) બે ઢીંચણ વચ્ચેનું અંતર, (૨) જમણા ઢીંચણ અને ડાબા ખભાનું અંતર, (૩) ડાબા ઢીંચણ અને જમણા ખભાનું અંતર, (૪) લલાટ અને પલાઠીનું અંતર, સમાન હોય તે.

(૨) **ન્યગ્રોધ સંસ્થાન** - જેમાં નાભીની ઉપરનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત હોય, નીચેનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત ન હોય તે.

(૩) **સાદિ સંસ્થાન** - જેમાં નાભીની નીચેનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત હોય અને ઉપરનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત ન હોય તે.

(૪) □**વામન સંસ્થાન** - જેમાં માથુ, ડોક, હાથ, પગ વગેરે લક્ષણ-પ્રમાણયુક્ત હોય, છાતી-પેટ-પીઠ વગેરે તેવા ન હોય તે.

(૫) □**કુબ્જ સંસ્થાન** - જેમાં છાતી-પેટ વગેરે લક્ષણ-પ્રમાણયુક્ત હોય, હાથ-પગ વગેરે તેવા ન હોય તે.

(૬) **હુંડક સંસ્થાન** - જેમાં સર્વ અવયવો લક્ષણ-પ્રમાણરહિત હોય તે.

| **જીવોનું શરીર** | **સંસ્થાન** |
|---|---|
| પૃથ્વીકાય | મસૂર જેવું |
| અપ્કાય | પાણીના પરપોટા જેવું |
| તેઉકાય | સોયના સમૂહ જેવું |
| વાયુકાય | ધજા જેવું |
| વનસ્પતિકાય | અનેક પ્રકારનું |
| વિકલેન્દ્રિય | હુંડક |
| નારકી | હુંડક |
| દેવ | સમચતુરસ્ર |
| ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ, હુંડક |
| સંમૂર્છિમ મનુષ્ય, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ | હુંડક |

(૨) **અજીવોના સંસ્થાન** - તે પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે - (a) પરિમંડલ (b) ગોળ (c) ત્રિકોણ (d) ચોરસ (e) આયત (લાંબુ). દરેકના બે પ્રકાર છે - ઘન, પ્રતર. આયતના ૩ પ્રકાર છે ઘન, પ્રતર, શ્રેણી. પરિમંડલ વિના તે દરેકના ફરી બે પ્રકાર છે - ઓજપ્રદેશજન્ય અને યુગ્મપ્રદેશજન્ય.

□ કેટલાક આચાર્યો વામન-કુબ્જ સંસ્થાનના લક્ષણ વિપરીત રીતે કહે છે.

**(૧) ઓજપ્રદેશપ્રતરગોળ** - તે ૫ પ્રદેશથી બનેલ હોય.



**(૨) યુગ્મપ્રદેશપ્રતરગોળ** - તે ૧૨ પ્રદેશથી બનેલ હોય.



**(૩) ઓજપ્રદેશઘનગોળ** - તે ૭ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશપ્રતરગોળના વચ્ચેના પરમાણુની ઉપર-નીચે ૧-૧ પરમાણુ મૂકવાથી ઓજપ્રદેશઘનગોળ થાય.

**(૪) યુગ્મપ્રદેશઘનગોળ** - તે ૩૨ પ્રદેશથી બનેલ હોય. યુગ્મપ્રદેશપ્રતરગોળની ઉપર ૧૨ પરમાણુ મૂકવા. પછી ઉપર-નીચે ચાર-ચાર પરમાણુ મૂકવાથી યુગ્મપ્રદેશઘનગોળ થાય.

**(૫) ઓજપ્રદેશપ્રતરત્રિકોણ** - તે ૩ પ્રદેશથી બનેલ હોય.



**(૬) યુગ્મપ્રદેશપ્રતરત્રિકોણ** - તે ૬ પ્રદેશથી બનેલ હોય.



**(૭) ઓજપ્રદેશઘનત્રિકોણ** - તે ૩૫ પ્રદેશથી બનેલ હોય. તીર્છા ૫ પરમાણુ સ્થાપવા. તેની આગળ ક્રમશઃ તીર્છા ૪, ૩, ૨, ૧ પરમાણુ સ્થાપવા. આ ૧૫ પરમાણુનું ૧ પ્રતર થયું. તેની ઉપર-ઉપર દરેક પંક્તિમાંથી છેલ્લા ૧-૧ પરમાણુનો ત્યાગ કરી ચાર પ્રતરોમાં ક્રમશઃ ૧૦, ૬, ૩, ૧ પરમાણુ મૂકવા. આમ કરવાથી ઓજપ્રદેશઘનત્રિકોણ થાય.

**(૮) યુગ્મપ્રદેશઘનત્રિકોણ** - તે ૪ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશપ્રતરત્રિકોણના મધ્ય પરમાણુની ઉપર ૧ પરમાણુ મૂકવાથી યુગ્મપ્રદેશઘનત્રિકોણ થાય.

**(૯) ઓજપ્રદેશપ્રતરચોરસ** - તે ૯ પ્રદેશથી બનેલ હોય.



**(૧૦) યુગ્મપ્રદેશપ્રતરચોરસ** - તે ૪ પ્રદેશથી બનેલ હોય.



**(૧૧) ઓજપ્રદેશઘનચોરસ** - તે ૨૭ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશપ્રતરચોરસની ઉપર-નીચે ૯-૯ પરમાણુ મૂકવાથી ઓજપ્રદેશઘનચોરસ થાય.

**(૧૨) યુગ્મપ્રદેશઘનચોરસ** - તે ૮ પ્રદેશથી બનેલ હોય. યુગ્મપ્રદેશપ્રતરચોરસની ઉપર ૪ પરમાણુ મૂકવાથી યુગ્મપ્રદેશઘનચોરસ થાય.

**(૧૩) ઓજપ્રદેશશ્રેણીઆયત** - તે ૩ પ્રદેશથી બનેલ હોય.



**(૧૪) યુગ્મપ્રદેશશ્રેણીઆયત** - તે ૨ પ્રદેશથી બનેલ હોય.



**(૧૫) ઓજપ્રદેશપ્રતરઆયત** - તે ૧૫ પ્રદેશથી બનેલ હોય.



**(૧૬) યુગ્મપ્રદેશપ્રતરઆયત** - તે ૬ પ્રદેશથી બનેલ હોય.



**(૧૭) ઓજપ્રદેશઘનઆયત** - તે ૪૫ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશપ્રતરઆયતની ઉપર-નીચે ૧૫-૧૫ પરમાણુ મૂકવાથી ઓજપ્રદેશઘનઆયત થાય.

**(૧૮) યુગ્મપ્રદેશઘનઆયત** - તે ૧૨ પ્રદેશથી બનેલ હોય. યુગ્મપ્રદેશ-પ્રતરઆયતની ઉપર ૬ પરમાણુ મૂકવાથી યુગ્મપ્રદેશઘનઆયત થાય.

**(૧૯) પ્રતરપરિમંડલ** - તે ૨૦ પ્રદેશથી બનેલ હોય□



**(૨૦) ઘનપરિમંડલ** - તે ૪૦ પ્રદેશથી બનેલ હોય$^{\Delta}$. પ્રતરપરિમંડલની ઉપર ૨૦ પરમાણુ મૂકવાથી ઘનપરિમંડલ થાય.

આ સિવાયના પણ અનિયત સંસ્થાનો અનેક પ્રકારના છે. ઉપર સંસ્થાનોમાં જે પ્રદેશોની સંખ્યા કહી તે જઘન્યથી સમજવી. ઉત્કૃષ્ટથી દરેક સંસ્થાનમાં અનંત પ્રદેશ છે.

૬) **ભેદ** - દ્રવ્યના એકપણારૂપ પરિણામનું છૂટું પડવું તે ભેદ. તે પાંચ પ્રકારે છે -

**(૧) ઉત્કરિકા ભેદ** - કોતરવું તે. દા.ત. લાકડામાંથી કોતરાતા પ્રસ્થક, ભેરી વગેરે.

---

□ પ્રતરપરિમંડલ ૮ પ્રદેશોનું પણ સંભવે છે -  પણ બધા ગ્રંથોમાં પ્રતરપરિમંડલ ૨૦ પ્રદેશથી બનેલ જ કહ્યું હોવાથી અમે પણ તે પ્રમાણે જ કહ્યું છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

Δ પ્રતરપરિમંડલના ૮ પરમાણુઓની ઉપર બીજા ૮ પરમાણુઓ મૂકવાથી ઘનપરિમંડલ ૧૬ પ્રદેશોનું સંભવે છે. પણ બધા ગ્રંથોમાં ઘનપરિમંડલ ૪૦ પ્રદેશોથી બનેલ જ કહ્યું હોવાથી અમે પણ તે પ્રમાણે જ કહ્યું છે. અહીં તત્ત્વ કેવળીગમ્ય છે.

(૨) **ચૌર્ણિકભેદ** - ચૂર્ણ કરવું-તે. દા.ત. લોટ વગેરે.

(૩) **ખંડભેદ** - ટુકડા કરવા તે. દા.ત.માટીના ઢેફા વગેરે.

(૪) **પ્રતરભેદ** - ઘણા પડ ઉખેડવા તે. દા.ત. અબરખ, ભોજપત્ર વગેરેમાં ઘણા પડ ઉખેડવા.

(૫) **અનુતટ ભેદ** - છોલવું તે. દા.ત. વાંસ, શેરડી, લાકડી વગેરેની છાલ ઉતારવી તે.

૭) **અંધકાર** - જેમ દિવાલ દૃષ્ટિનો પ્રતિબંધ કરનાર હોવાથી પુદ્ગલનો પરિણામ છે, તેમ અંધકાર પણ દૃષ્ટિનો પ્રતિબંધ કરનાર હોવાથી પુદ્ગલનો પરિણામ છે.

૮) **છાયા** - જેમ પાણી ઠંડક આપતું હોવાથી પુદ્ગલનો પરિણામ છે, તેમ છાયા ઠંડક આપતી હોવાથી પુદ્ગલનો પરિણામ છે.

૯) **આતપ (ઉષ્ણ પ્રકાશ)** - જેમ અગ્નિ પસીનામાં કારણભૂત હોવાથી અને ઉષ્ણ હોવાથી પુદ્ગલનો પરિણામ છે, તેમ આતપ પણ પસીનામાં કારણભૂત હોવાથી અને ઉષ્ણ હોવાથી પુદ્ગલનો પરિણામ છે.

૧૦) **ઉદ્યોત (અનુષ્ણ પ્રકાશ)** - જેમ જળ આહ્લાદક હોવાથી અને અગ્નિ પ્રકાશક હોવાથી પુદ્ગલના પરિણામ છે, તેમ ઉદ્યોત આહ્લાદક અને પ્રકાશક હોવાથી પુદ્ગલનો પરિણામ છે.

● **પુદ્ગલો બે પ્રકારના છે** - (સૂત્ર-૫/૨૫)

૧) **પરમાણુ** - તે અંતિમ કારણ છે. તે સૂક્ષ્મ છે. તે નિત્ય છે. તે ૧ વર્ણવાળો, ૧ ગંધવાળો, ૧ રસવાળો અને બે અવિરુદ્ધ સ્પર્શ (સ્નિગ્ધ-શીત, સ્નિગ્ધ-ઉષ્ણ, રૂક્ષ-શીત, રૂક્ષ-ઉષ્ણ આ ચાર જોડકામાંથી કોઈ પણ એક જોડકાના બે સ્પર્શ)વાળો છે. પરમાણુઓ અસંયુક્ત હોય છે. પરમાણુની ઉત્પત્તિ સ્કંધના ભેદથી થાય છે. (સૂત્ર-૫/૨૭)

૨) **સ્કંધ** - તે બંધાયેલા હોય છે. તે અનિત્ય છે. તે બે પ્રકારના છે - સૂક્ષ્મપરિણામવાળા અને બાદરપરિણામવાળા. સ્કંધો ૫ વર્ણવાળા, ૨ ગંધવાળા, ૫ રસવાળા છે. સૂક્ષ્મપરિણામવાળા સ્કંધો ૪ સ્પર્શવાળા છે. તેમાં મૃદુ અને લઘુ એ બે સ્પર્શો નિયત છે. બાકીના બે સ્પર્શો અનિયત છે. સ્નિગ્ધ-ઉષ્ણ, સ્નિગ્ધ-શીત, રૂક્ષ-ઉષ્ણ, રૂક્ષ-શીત આ ચાર જોડકામાંથી કોઈ પણ એક જોડકાના બે સ્પર્શ હોય. બાદરપરિણામવાળા સ્કંધો ૮ સ્પર્શવાળા છે. સ્કંધ ત્રણ રીતે ઉત્પન્ન થાય છે - (સૂત્ર-૫/૨૬)

**(૧) સંઘાતથી** - પરમાણુ કે સ્કંધના જોડાવાથી સ્કંધ ઉત્પન્ન થાય છે. દા.ત. બે પરમાણુના સંઘાતથી બે પ્રદેશવાળો સ્કંધ બને છે. બે પ્રદેશવાળા સ્કંધ અને પરમાણુના સંઘાતથી ત્રણ પ્રદેશવાળો સ્કંધ બને છે.

**(૨) ભેદથી** - પરમાણુ કે સ્કંધના છૂટા પડવાથી સ્કંધ ઉત્પન્ન થાય છે. દા.ત. ચાર પ્રદેશવાળા સ્કંધમાંથી ૧ પરમાણુ છૂટો પડતા ત્રણ પ્રદેશવાળો સ્કંધ બને છે.

**(૩) સંઘાત-ભેદથી** - પરમાણુ કે સ્કંધના જોડાવાથી અને છૂટા પડવાથી સ્કંધ ઉત્પન્ન થાય છે. દા.ત. બે પ્રદેશવાળા સ્કંધમાંથી એક જ સમયે ૧ પરમાણુ છૂટો પડે અને બીજા પરમાણુનો સંઘાત થાય ત્યારે નવો સ્કંધ બને છે.

ચક્ષુગ્રાહ્ય સ્કંધો સંઘાત-ભેદથી ઉત્પન્ન થાય છે. ચક્ષુથી અગ્રાહ્ય સ્કંધો સંઘાતથી, ભેદથી અને સંઘાત-ભેદથી ઉત્પન્ન થાય છે. (સૂત્ર-૫/૨૮)

• • •

# કાળ પ્રકરણ

● કાળ - કાળ એ દ્રવ્ય છે કે પર્યાય છે ?

અહીં બે મત છે -

૧) કેટલાક એમ કહે છે કે કાળ એ જીવદ્રવ્યનો અને અજીવદ્રવ્યનો વિશિષ્ટ પ્રકારનો પર્યાય છે. ભગવતીસૂત્રમાં કહ્યું છે - "**किमिदं भंते ! काले त्ति वुच्चति ? गोयमा ! जीवा चेव अजीवा चेव ।**" "હે ભગવંત ! આ કાળ એ શું છે ? હે ગૌતમ ! કાળ એ જીવ અને અજીવ રૂપ છે."

૨) કેટલાક એમ કહે છે કે કાળ એ સ્વતંત્ર છઠ્ઠુ દ્રવ્ય છે. (સૂત્ર-૫/૩૮) ભગવતીસૂત્રમાં કહ્યું છે - "**कइ णं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा ! छ दव्वा पण्णत्ता, तं जहा - धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए जीवत्थिकाए पुग्गलत्थिकाए अद्धासमए ।**" "હે ભગવંત ! કેટલા દ્રવ્યો કહ્યા છે ? હે ગૌતમ ! છ દ્રવ્યો કહ્યા છે. તે આ પ્રમાણે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અદ્ધાસમય."

● **કાળનો વિભાગ** - (સૂત્ર-૪/૧૫)

જ્યોતિષ વિમાનોના ચારથી કાળનો વિભાગ થાય છે. તે આ પ્રમાણે - અણુભાગ, ચાર, અંશ, કલા, લવ, નાલિકા, મુહૂર્ત, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ.

બીજી રીતે કાળના ત્રણ વિભાગ છે -

૧) વર્તમાનકાળ - તે મુહૂર્ત વગેરે અનેક પ્રકારે છે.

૨) ભવિષ્યકાળ - તે બે પ્રકારે છે -

(૧) ભાવથી - ઘડા વગેરેની ઉત્પત્તિ પહેલાનો કાળ.

(૨) વિષયથી - ઘડા વગેરેના દર્શન પહેલાનો કાળ.

૩) ભૂતકાળ - તે બે પ્રકારે છે -

(૧) ભાવથી - ઘડા વગેરેના નાશ થયા પછીનો કાળ.

(૨) વિષયથી - ઘડા વગેરેના દર્શન પછીનો કાળ.

ત્રીજી રીતે કાળના ત્રણ વિભાગ છે -

૧) સંખ્યાતકાળ, ૨) અસંખ્યાતકાળ, ૩) અનંતકાળ

**૧) સંખ્યાતકાળ** - પરમાણુને પોતાના અવગાહનાક્ષેત્રમાંથી પછીના આકાશપ્રદેશમાં જતા જેટલો કાળ થાય તે ૧ સમય. સમય એ નાનામાં નાનો કાળ છે. તેના વિભાગ નથી.

અસંખ્ય સમય = ૧ આવલિકા (અહીં જઘન્ય યુક્ત અસંખ્યાતના સમય પ્રમાણ અસંખ્ય સમય સમજવા.)

૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલિકા = ૧ ઉચ્છ્‌વાસ

૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલિકા = ૧ નિઃશ્વાસ

શારીરિક બળવાળા, પરિપૂર્ણ ઇન્દ્રિયવાળા, નીરોગી, મધ્યમ વયવાળા, માનસિક દુઃખથી પીડિત નહીં થયેલા મનુષ્યના ૧ ઉચ્છ્‌વાસ + ૧ નિઃશ્વાસ = ૧ પ્રાણ.

૭ પ્રાણ = ૧ સ્તોક

૭ સ્તોક = ૧ લવ

૩૮ ૧/૨ લવ = ૧ નાલિકા

૨ નાલિકા = ૧ મુહૂર્ત

૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર

૧૫ અહોરાત્ર = ૧ શુક્લપક્ષ

૧૫ અહોરાત્ર = ૧ કૃષ્ણપક્ષ

૧ શુક્લપક્ષ + ૧ કૃષ્ણપક્ષ = ૧ માસ

૨ માસ = ૧ ઋતુ

૩ ઋતુ = ૧ અયન

૨ અયન = ૧ વર્ષ

ચંદ્રવર્ષ + ચંદ્રવર્ષ + અભિવર્ધિતવર્ષ + ચંદ્રવર્ષ + અભિવર્ધિતવર્ષ = ૧ યુગ

૨૦ યુગ = ૧૦૦ વર્ષ

૧૦ x ૧૦૦ વર્ષ = ૧,૦૦૦ વર્ષ

૧૦૦ x ૧,૦૦૦ વર્ષ = ૧,૦૦,૦૦૦ વર્ષ

૮૪ x ૧,૦૦,૦૦૦ વર્ષ = ૧ પૂર્વાંગ

૮૪,૦૦,૦૦૦ પૂર્વાંગ = ૧ પૂર્વ

૮૪,૦૦,૦૦૦ પૂર્વ = ૧ તુટ્યંગ□

૮૪,૦૦,૦૦૦ તુટ્યંગ□ = ૧ તુટિકા△

૮૪,૦૦,૦૦૦ તુટિકા△ = ૧ અડડાંગ

---

□ અનુયોગદ્વારસૂત્રના સૂત્ર ૧૧૪ની મલધારી હેમચંદ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં.૯૧ ઉપર અહીં 'ત્રુટિતાંગ' કહ્યું છે.

△ અનુયોગદ્વારસૂત્રના સૂત્ર ૧૧૪ની મલધારી હેમચંદ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં.૯૧ ઉપર અહીં 'ત્રુટિત' કહ્યું છે.

૮૪,૦૦,૦૦૦ અડડાંગ = ૧ અડડ

૮૪,૦૦,૦૦૦ અડડ = ૧ અવવાંગ

૮૪,૦૦,૦૦૦ અવવાંગ = ૧ અવવ

૮૪,૦૦,૦૦૦ અવવ = ૧ હાહાંગ

૮૪,૦૦,૦૦૦ હાહાંગ = ૧ હાહા

૮૪,૦૦,૦૦૦ હાહા = ૧ હૂહૂંગ

૮૪,૦૦,૦૦૦ હૂહૂંગ = ૧ હૂહુક

૮૪,૦૦,૦૦૦ હૂહુક = ૧ ઉત્પલાંગ

૮૪,૦૦,૦૦૦ ઉત્પલાંગ = ૧ ઉત્પલ

૮૪,૦૦,૦૦૦ ઉત્પલ = ૧ પદ્માંગ

૮૪,૦૦,૦૦૦ પદ્માંગ = ૧ પદ્મ

૮૪,૦૦,૦૦૦ પદ્મ = ૧ નલિનાંગ

૮૪,૦૦,૦૦૦ નલિનાંગ = ૧ નલિન

૮૪,૦૦,૦૦૦ નલિન = ૧ અર્થનિયૂરાંગ□

૮૪,૦૦,૦૦૦ અર્થનિયૂરાંગ□ = ૧ અર્થનિયૂર$^{\Delta}$

૮૪,૦૦,૦૦૦ અર્થનિયૂર$^{\Delta}$ = ૧ ચૂલિકાંગ

---

**□ અનુયોગદ્વારસૂત્રના સૂત્ર ૧૧૪ની મલધારી હેમચંદ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં.૯૧** ઉપર અહીં 'અર્થનિપૂરાંગ' કહ્યું છે.

**Δ અનુયોગદ્વારસૂત્રના સૂત્ર ૧૧૪ની મલધારી હેમચંદ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં.૯૧** ઉપર અહીં 'અર્થનિપૂર' કહ્યું છે.

**અનુયોગદ્વારસૂત્રના સૂત્ર ૧૧૪ અને તેની મલધારી હેમચંદ્રસૂરિ મહારાજ કૃત ટીકામાં પાના નં.૮૯-૯૧** ઉપર અહીંથી આગળ આ પ્રમાણે કહ્યું છે -

૮૪,૦૦,૦૦૦ અર્થનિપૂર = ૧ અયુતાંગ    ૮૪,૦૦,૦૦૦ અયુતાંગ = ૧ અયુત

૮૪,૦૦,૦૦૦ ચૂલિકાંગ = ૧ ચૂલિકા

૮૪,૦૦,૦૦૦ ચૂલિકા = ૧ શીર્ષપ્રહેલિકાંગ

૮૪,૦૦,૦૦૦ શીર્ષપ્રહેલિકાંગ = ૧ શીર્ષપ્રહેલિકા

આટલો સંખ્યાતો કાળ છે.

**૫ પ્રકારના માસ-વર્ષ -**

૧) ચંદ્રમાસ = ૨૯$\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર

ચંદ્રવર્ષ = ૨૯$\frac{૩૨}{૬૨}$ x ૧૨ = ૩૪૮ ૩૮૪/૬૨ = ૩૫૪$\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર

૨) અભિવર્ધિતમાસ = ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ અહોરાત્ર

અભિવર્ધિતવર્ષ = ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ x ૧૨ = ૩૭૨$\frac{૧૪૫૨}{૧૨૪}$ = ૩૮૩$\frac{૮૮}{૧૨૪}$ = ૩૮૩$\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર

યુગમાં બે અભિવર્ધિતમાસ આવે છે. એક અભિવર્ધિતમાસ યુગના ત્રીજા અભિવર્ધિતવર્ષમાં આવે છે અને બીજો અભિવર્ધિતમાસ યુગના પાંચમા અભિવર્ધિતવર્ષમાં આવે છે.

૩) સૂર્યમાસ = ૩૦$\frac{૧}{૨}$ અહોરાત્ર

સૂર્યવર્ષ = ૩૦$\frac{૧}{૨}$ x ૧૨ = ૩૬૬ અહોરાત્ર

સૂર્યમાસથી બધા કાળની, બધા આયુષ્યની અને આરાઓની ગણતરી થાય છે.

૪) સાવનમાસ = કર્મમાસ = ઋતુમાસ = ૩૦ અહોરાત્ર

---

૮૪,૦૦,૦૦૦ અયુત = ૧ નયુતાંગ
૮૪,૦૦,૦૦૦ નયુતાંગ = ૧ નયુત
૮૪,૦૦,૦૦૦ નયુત = ૧ પ્રયુતાંગ
૮૪,૦૦,૦૦૦ પ્રયુતાંગ = ૧ પ્રયુત
૮૪,૦૦,૦૦૦ પ્રયુત = ૧ ચૂલિકાંગ
૮૪,૦૦,૦૦૦ ચૂલિકાંગ = ૧ ચૂલિકા
૮૪,૦૦,૦૦૦ ચૂલિકા = ૧ શીર્ષપ્રહેલિકાંગ
૮૪,૦૦,૦૦૦ શીર્ષપ્રહેલિકાંગ = ૧ શીર્ષપ્રહેલિકા

સાવનવર્ષ = ૩૦ x ૧૨ = ૩૬૦ અહોરાત્ર

૫) નક્ષત્રમાસ = ૨૭$\frac{૨૧}{૬૭}$ અહોરાત્ર

નક્ષત્રવર્ષ = ૨૭$\frac{૨૧}{૬૭}$ x ૧૨ = ૩૨૪$\frac{૨૫૨}{૬૭}$ = ૩૨૭$\frac{૫૧}{૬૭}$ અહોરાત્ર

૧ યુગ = ૧,૮૩૦ અહોરાત્ર

૬૨ ચંદ્રમાસ = ૬૨ x ૨૯$\frac{૩૨}{૬૨}$ = ૧,૭૯૮+૩૨=
૧,૮૩૦ અહોરાત્ર = ૧ ચંદ્રયુગ

૫૭$\frac{૧૮૩}{૭૯૩}$ અભિવર્ધિતમાસ = ૫૭$\frac{૧૮૩}{૭૯૩}$ x ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ = $\frac{૪૫,૩૮૪}{૭૯૩}$ x $\frac{૩,૯૬૫}{૧૨૪}$ = ૪૫,૩૮૪ x $\frac{૫}{૧૨૪}$ = $\frac{૨,૨૬,૯૨૦}{૧૨૪}$ = ૧,૮૩૦ અહોરાત્ર = ૧ અભિવર્ધિતયુગ

૬૦ સૂર્યમાસ = ૬૦ x ૩૦$\frac{૧}{૨}$ = ૧,૮૦૦ + ૩૦=૧,૮૩૦ અહોરાત્ર = ૧ સૂર્યયુગ

૬૧ સાવનમાસ = ૬૧ x ૩૦ = ૧,૮૩૦ અહોરાત્ર = ૧ સાવનયુગ

૬૭ નક્ષત્રમાસ = ૬૭ x ૨૭$\frac{૨૧}{૬૭}$ = ૧,૮૦૯+૨૧=૧,૮૩૦ અહોરાત્ર = ૧ નક્ષત્રયુગ

૨) **અસંખ્ય કાળ** - સંખ્યાતાકાળ પછી અસંખ્યકાળ આવે છે. ગણિતના વિષયને ઓળંગી ગયેલ કાળ તે અસંખ્યકાળ. તે આ પ્રમાણે -

**પલ્યોપમ** - તે ત્રણ પ્રકારે છે - ઉદ્ધાર પલ્યોપમ, અદ્ધા પલ્યોપમ, ક્ષેત્ર પલ્યોપમ. તે દરેકના બે બે પ્રકાર છે - બાદર અને સૂક્ષ્મ.

૧) **બાદર ઉદ્ધાર પલ્યોપમ** - ઉત્સેધ અંગુલથી બનેલ ૧ યોજન લાંબો-પહોળો-ઊંડો ગોળ પ્યાલો કલ્પી તેને દેવકુરુ-ઉત્તરકુરુના યુગલિકોના મસ્તક મુંડાવ્યા પછી ૧ થી ૭ દિવસમાં ઊગેલા વાલાગ્રોથી ઠાંસી ઠાંસીને

એવી રીતે ભરવો કે જેથી અગ્નિ તે વાલાગ્રોને બાળી ન શકે, વાયુ તેમને હરી ન શકે, પાણી તેમને ભીંજવી ન શકે. પછી ૧-૧ સમયે તેમાંથી ૧-૧ વાલાગ્ર બહાર કાઢતા જેટલા કાળે સંપૂર્ણ પ્યાલો ખાલી થાય તે ૧ બાદર ઉદ્ધાર પલ્યોપમ છે. તે સંખ્યાતા સમય પ્રમાણ છે.

૧૦ કોટાકોટી બાદર ઉદ્ધાર પલ્યોપમ=૧ બાદર ઉદ્ધાર સાગરોપમ.

૨) **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ** - ઉપર કહેલા દરેક વાલાગ્રના અસંખ્ય ટુકડા કરીને તે પ્યાલાને ભરવો. તે ટુકડા નિર્મળ આંખવાળો છદ્મસ્થ મનુષ્ય જેને જોઈ ન શકે એવા પુદ્ગલદ્રવ્યના અસંખ્યાતમા ભાગ જેટલા અને સૂક્ષ્મ નિગોદના જીવના શરીર કરતા અસંખ્યગુણ જેટલા અને બાદર પર્યાપ્તા પૃથ્વીકાયના શરીર જેટલા હોય છે. દરેક સમયે ૧-૧ ટુકડો બહાર કાઢતા સંપૂર્ણ પ્યાલો ખાલી થતા જેટલો કાળ લાગે તે એક સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ છે. તે સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ છે.

૧૦ કોટાકોટી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ = ૧ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ.

આ પલ્યોપમ-સાગરોપમથી દ્વીપ-સમુદ્રોની સંખ્યા મપાય છે. તિર્ચ્છાલોકમાં અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના સમય જેટલા દ્વીપ-સમુદ્રો છે.

૩) **બાદર અદ્ધા પલ્યોપમ** - બાદર ઉદ્ધાર પલ્યોપમમાં વાલાગ્રોથી ભરેલા પ્યાલામાંથી દર સો વર્ષે ૧-૧ વાલાગ્ર બહાર કાઢતા સંપૂર્ણ પ્યાલો ખાલી થતા જેટલો કાળ લાગે તે ૧ બાદર અદ્ધા પલ્યોપમ. તે સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ છે.

૧૦ કોટાકોટી બાદર અદ્ધા પલ્યોપમ = ૧ બાદર અદ્ધા સાગરોપમ.

૪) **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** - સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમમાં વાલાગ્રોથી ભરેલા પ્યાલામાંથી દર સો વર્ષે ૧-૧ વાલાગ્ર બહાર કાઢતા સંપૂર્ણ

પ્યાલો ખાલી થતા જેટલો કાળ લાગે તે ૧ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ. તે અસંખ્ય વર્ષ પ્રમાણ છે.

૧૦ કોટાકોટી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ = ૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ.

આ પલ્યોપમ-સાગરોપમથી ઉત્સર્પિણી-અવસર્પિણી, કર્મસ્થિતિ, કાયસ્થિતિ, ભવસ્થિતિ વગેરે મપાય છે.

૧૦ કોટાકોટી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ = ૧ ઉત્સર્પિણી

૧૦ કોટાકોટી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ = ૧ અવસર્પિણી

૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી = ૧ કાળચક્ર

**૫) બાદર ક્ષેત્ર પલ્યોપમ** - બાદર ઉદ્ધાર પલ્યોપમમાં વાલાગ્રોથી ભરેલા પ્યાલામાંથી તે વાલાગ્રોને સ્પર્શેલા આકાશપ્રદેશોમાંથી ૧-૧ આકાશપ્રદેશને પ્રતિસમય બહાર કાઢતા બધા સ્પર્શેલા આકાશપ્રદેશો ખાલી થતા જેટલો કાળ લાગે તે ૧ બાદર ક્ષેત્ર પલ્યોપમ. તે અસંખ્ય કાળચક્ર પ્રમાણ છે.

૧૦ કોટાકોટી બાદર ક્ષેત્ર પલ્યોપમ = ૧ બાદર ક્ષેત્ર સાગરોપમ

**૬) સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ** - સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમમાં વાલાગ્રોથી ભરેલા પ્યાલામાંથી તે વાલાગ્રોને સ્પર્શેલા અને નહિ સ્પર્શેલા આકાશપ્રદેશોમાંથી ૧-૧ આકાશપ્રદેશને પ્રતિસમય બહાર કાઢતા બધા આકાશપ્રદેશો ખાલી થતા જેટલો કાળ લાગે તે ૧ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ. તે બાદર ક્ષેત્ર પલ્યોપમ કરતા અસંખ્યગુણ છે.

૧૦ કોટાકોટી સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ = ૧ સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ.

આ પલ્યોપમ-સાગરોપમથી પૃથ્વી વગેરે જીવોનું પ્રમાણ મપાય છે.

ત્રણે પ્રકારના બાદર પલ્યોપમોનું કોઈ વિશિષ્ટ પ્રયોજન નથી. છતાં તેમની પ્રરૂપણા સૂક્ષ્મ પલ્યોપમોનું જ્ઞાન સહેલાઈથી થઈ શકે એ માટે કરી છે.

## અવસર્પિણી-ઉત્સર્પિણી -

**અવસર્પિણી** - જેમાં શરીરની ઊંચાઈ, આયુષ્ય, કલ્પવૃક્ષ વગેરેની ઉત્તરોત્તર હાનિ થાય તે કાળવિભાગ એટલે અવસર્પિણી. તેમાં અશુભ પરિણામોની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. તે ૧૦ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. તેમાં ૬ આરા છે. તેમના નામ, પ્રમાણ, તેમાં મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અને ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ નીચે મુજબ છે.

**અવસર્પિણીના આરાના નામ, પ્રમાણ, તેમાં મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અને ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ -**

| આરા | નામ | પ્રમાણ | મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | મનુષ્યોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ |
|---|---|---|---|---|
| ૧લો | સુષમસુષમ | ૪ કોટાકોટી સાગરોપમ | ૩ પલ્યોપમ | ૩ ગાઉ |
| ૨જો | સુષમ | ૩ કોટાકોટી સાગરોપમ | ૨ પલ્યોપમ | ૨ ગાઉ |
| ૩જો | સુષમદુ:ષમ | ૨ કોટાકોટી સાગરોપમ | ૧ પલ્યોપમ | ૧ ગાઉ |
| ૪થો | દુ:ષમસુષમ | ૧ કોટાકોટી સાગરોપમ –૪૨,૦૦૦ વર્ષ | □ ૧ ક્રોડ પૂર્વ વર્ષ | ૫૦૦ ધનુષ્યથી ૭ હાથ સુધી |
| ૫મો | દુ:ષમ | ૨૧,૦૦૦ વર્ષ | અનિયત (૧૦૦ Ⅲ વર્ષની અંદર), અંતે ૨૦ વર્ષ | અનિયત, અંતે ૨ હાથ |

□ **તત્ત્વાર્થાધિગમસૂત્રના ૪/૧૫ સૂત્રની શ્રીસિદ્ધસેનગણિ કૃત ટીકા**માં અહીં ૧ લાખ પૂર્વ વર્ષ કહ્યું છે.

Ⅲ **જીવવિચાર પ્રકરણ**માં અવસર્પિણીના પાંચમા આરાના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨૦ વર્ષનું કહ્યું છે. **બૃહત્ક્ષેત્રસમાસ** અને **લઘુક્ષેત્રસમાસ**માં અવસર્પિણીના પાંચમા આરાના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૩૦ વર્ષનું કહ્યું છે.

| આરા | નામ | પ્રમાણ | મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | મનુષ્યોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ |
|---|---|---|---|---|
| ૬ઠ્ઠો | દુઃષમદુઃષમ | ૨૧,૦૦૦ વર્ષ | અનિયત, અંતે ૧૬ વર્ષ | અનિયત, અંતે ૧ હાથ |

## કાળચક્ર



**ઉત્સર્પિણી** - જેમાં શરીરની ઊંચાઈ, આયુષ્ય, કલ્પવૃક્ષ વગેરેની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તે કાળવિભાગ એટલે ઉત્સર્પિણી. તેમાં અશુભ પરિણામોની ઉત્તરોત્તર હાનિ થાય છે. તે ૧૦ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. તેમાં ૬ આરા છે. તેમના નામ, પ્રમાણ, તેમાં મનુષ્યોના ઉત્કૃષ્ટ આયુષ્ય-ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ અવસર્પિણીના ૬ આરાથી વિપરીત ક્રમે જાણવા.

આ અવસર્પિણી-ઉત્સર્પિણીનું કાળચક્ર ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં અનાદિકાળથી અનંતકાળ સુધી થાય છે.

**અવસ્થિતકાળ** -

| ક્ષેત્ર | આરો | નામ |
|---|---|---|
| દેવકુરુ-ઉત્તરકુરુ | ૧લો | સુષમસુષમ |
| હરિવર્ષ-રમ્યક | ૨જો | સુષમ |
| હિમવંત-હિરણ્યવંત | ૩જો | સુષમદુઃષમ |
| મહાવિદેહ, ૫૬ અંતરદ્વીપ | ૪થો | દુઃષમસુષમ |

**૩) અનંતકાળ** -

અસંખ્યકાળ પછી અનંતકાળ આવે છે. અંત વિનાનો કાળ તે અનંતકાળ. તે આ પ્રમાણે -

અનંત અવસર્પિણી-ઉત્સર્પિણી = ૧ પુદ્ગલપરાવર્ત

અનંત પુદ્ગલપરાવર્ત = અતીત અદ્ધા (અદ્ધા = કાળ)

અનંત પુદ્ગલપરાવર્ત = અનાગત અદ્ધા

અતીત અદ્ધા + વર્તમાન અદ્ધા (૧ સમય) + અનાગત અદ્ધા = સર્વ અદ્ધા

વર્તમાનકાળ ૧ સમયરૂપ છે. અતીતકાળ અનંત સમયરૂપ છે. અનાગતકાળ અનંત સમયરૂપ છે. આમ કાળ અનંત સમયરૂપ છે. (સૂત્ર-૫/૩૯)

**અલ્પબહુત્વ** - અભવ્ય કરતા સિદ્ધો અનંતગુણ છે.

તેના કરતા અતીતકાળના સમયો અસંખ્યગુણ છે.

તેના કરતા ભવ્ય અનંતગુણ છે.

તેના કરતા અનાગતકાળના સમયો અનંતગુણ છે.

**પુદ્ગલપરાવર્ત** - તેના ૪ પ્રકાર છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. દરેકના બે-બે ભેદ છે - બાદર અને સૂક્ષ્મ.

૧) **બાદર દ્રવ્ય પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧૪ રાજલોકમાં રહેલા બધા પુદ્ગલોને અનેક ભવોમાં આહારક શરીર સિવાયના સાત પદાર્થો (ઔદારિક શરીર, વૈક્રિય શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન) તરીકે પરિણમાવીને છોડે તેટલો કાળ તે ૧ બાદર દ્રવ્ય પુદ્ગલપરાવર્ત છે.

૨) **સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧૪ રાજલોકમાં રહેલ બધા પુદ્ગલોને આહારક શરીર સિવાયના સાત પદાર્થોમાંથી એક પદાર્થ તરીકે પરિણમાવીને છોડે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત છે.

૩) **બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧૪ રાજલોકના બધા આકાશપ્રદેશોને સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત.

૪) **સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧૪ રાજલોકના બધા આકાશપ્રદેશોને ક્રમશઃ સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત છે.

**૫) બાદર કાળ પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧ ઉત્સર્પિણી - ૧ અવસર્પિણીના બધા સમયોમાં મરે તેટલો કાળ તે ૧ બાદર કાળ પુદ્ગલપરાવર્ત છે.

**૬) સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં ૧ ઉત્સર્પિણી - ૧ અવસર્પિણીના બધા સમયોમાં ક્રમશઃ મરે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત છે.

**૭) બાદર ભાવ પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં રસબંધના અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ બધા અધ્યવસાયસ્થાનોને સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ બાદર ભાવ પુદ્ગલપરાવર્ત છે. અથવા ૫ વર્ણ - ૨ ગંધ - ૫ રસ - ૮ સ્પર્શ - અગુરુલઘુ - ગુરુલઘુ - આ ૨૨ ભેદે એક જીવ જેટલા કાળે સર્વ પુદ્ગલોને સ્પર્શે તેટલો કાળ તે ૧ બાદર ભાવ પુદ્ગલપરાવર્ત છે.

**૮) સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત** - એક જીવ જેટલા કાળમાં રસબંધના બધા અધ્યવસાયસ્થાનોને ક્રમશઃ સ્પર્શીને મરે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત છે. અથવા ઉપર કહેલા ૨૨માંથી એક-એક ભેદરૂપે એક જીવ જેટલા કાળે સર્વ પુદ્ગલોને સ્પર્શે તેટલો કાળ તે ૧ સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત છે.

આ બધો કાળનો વિભાગ મનુષ્યક્ષેત્રમાં છે. મનુષ્યક્ષેત્રમાં પ્રસિદ્ધ એવા કાળવિભાગથી બીજે પણ રહેલા દેવતા વગેરે વ્યવહાર કરે છે.

● **કાળના ઉપકાર** - વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વાપરત્વ એ કાળના ઉપકાર છે. (સૂત્ર-૫/૨૨)

**(૧) વર્તના** - જેનાથી પદાર્થો વર્તાવાય તે વર્તના. પદાર્થો સ્વયં જ વર્તે છે, છતાં કાળ તેમાં નિમિત્ત બને છે. વર્તતા એ પદાર્થોની પ્રયોજક કાળના આશ્રયવાળી વૃત્તિ તે વર્તના. તેથી વર્તના એ કાળનો ઉપકાર છે.

૨) **પરિણામ** - દ્રવ્યનો કે ગુણનો પોતાની જાતિનો ત્યાગ કર્યા વિના પરિસ્પંદ કે ઈતર પ્રયોગથી થયેલ પર્યાય તે પરિણામ. (સૂત્ર-૫/૪૧) દા.ત. અંકુરારૂપ વનસ્પતિનો મૂળ, થડ, છાલ, પાંદડા, ડાળી, ફૂલ, ફળ રૂપ પરિણામ. પુરુષદ્રવ્યનો બાળ, કુમાર, યુવાન, મધ્યમ અવસ્થાઓ રૂપ પરિણામ. તે બે પ્રકારે છે - (સૂત્ર-૫/૪૨)

(૧) **અનાદિ પરિણામ** - શરૂઆત વિનાનો પરિણામ તે અનાદિ પરિણામ. અરૂપી દ્રવ્યો અને કાળમાં આ પરિણામ હોય છે. રૂપી એવા પુદ્ગલદ્રવ્યમાં દ્રવ્યત્વ, મૂર્તત્વ, સત્ત્વ વગેરે અનાદિ પરિણામો છે.

ધર્માસ્તિકાયના અનાદિ પરિણામ - અસંખ્યપ્રદેશવાળાપણું, લોકાકાશમાં વ્યાપવાપણું, જનારની ગતિના અપેક્ષાકારણપણું, અમૂર્તપણું, અગુરુલઘુપણું વગેરે.

અધર્માસ્તિકાયના અનાદિ પરિણામ - અસંખ્યપ્રદેશવાળાપણું, લોકાકાશમાં વ્યાપવાપણું, સ્થિર રહેનારની સ્થિતિના અપેક્ષાકારણપણું, અમૂર્તપણું, અગુરુલઘુપણું વગેરે.

આકાશાસ્તિકાયના અનાદિ પરિણામ - અનંતપ્રદેશવાળાપણું, અમૂર્તપણું, અગુરુલઘુપણું, લોકાલોકમાં વ્યાપવાપણું, રહેનારને અવગાહના આપવાપણું વગેરે.

આત્માના અનાદિ પરિણામ - અસંખ્યપ્રદેશવાળાપણું, અમૂર્તપણું, અગુરુલઘુપણું, જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે.

કાળના અનાદિ પરિણામ - વર્તના, અમૂર્તપણું, અગુરુલઘુપણું વગેરે.

(૨) **આદિ પરિણામ** - શરૂઆતવાળો પરિણામ તે આદિ પરિણામ. તે રૂપી દ્રવ્યોમાં અને અરૂપી દ્રવ્યોમાં હોય છે.

રૂપી દ્રવ્યોમાં આદિ પરિણામ વાદળ, ઈન્દ્રધનુષ્ય, થાંભલા, કુંભ વગેરેમાં હોય છે. (સૂત્ર-૫/૪૩) તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, સંઘાત, ભેદ વગેરે રૂપ છે. સ્પર્શ શીત વગેરે ૮ પ્રકારે છે અને શીતતર, શીતતમ વગેરે છે. રસ તિક્ત વગેરે ૫ પ્રકારે છે અને તિક્તતર વગેરે છે. ગંધ સુરભિ, દુરભિ, સુરભિતર વગેરે છે. વર્ણ શુક્લ વગેરે ૫ પ્રકારે છે અને શુક્લતર વગેરે છે.

અરૂપી દ્રવ્યોમાં આદિ પરિણામ -

ધર્માસ્તિકાયમાં જનારને ગતિમાં સહાયકપણું ગતિ શરૂ થાય છે ત્યારે શરૂ થાય છે અને ગતિ પૂર્ણ થાય છે ત્યારે પૂર્ણ થાય છે, માટે આદિ પરિણામ છે.

અધર્માસ્તિકાયમાં સ્થિર રહેનારને સ્થિતિમાં સહાયકપણું સ્થિતિ શરૂ થાય ત્યારે શરૂ થાય છે અને સ્થિતિ પૂર્ણ થાય છે ત્યારે પૂર્ણ થાય છે, માટે આદિ પરિણામ છે.

આકાશાસ્તિકાયમાં રહેનારને અવગાહના આપવાપણું રહેનાર રહે ત્યારે શરૂ થાય છે અને રહેનાર અન્યત્ર જાય ત્યારે પૂર્ણ થાય છે, માટે આદિ પરિણામ છે.

કાળમાં ભૂતપણું, વર્તમાનપણું વગેરે આદિ પરિણામ છે.

જીવમાં યોગ અને ઉપયોગ આદિ પરિણામ છે. (સૂત્ર-૫/૪૪) સિદ્ધોમાં યોગ હોતો નથી, ઉપયોગ હોય છે. યોગ ૧૫ પ્રકારના છે. તે પૂર્વે કહ્યા છે. (પાના નં. ૬૬-૬૭ ઉપર) ઉપયોગ ૧૨ પ્રકારના છે. તે પૂર્વે કહ્યા છે. (પાના નં. ૫૩-૫૪ ઉપર)

પરિણામ ઋતુઓના વિભાગ અને વેલાના નિયમથી થાય છે. તેથી પરિણામ એ કાળનો ઉપકાર છે. ઋતુઓ ૬ છે - હેમંત, શિશિર,

વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ.

ઋતુના નિયમથી થતા પરિણામ - વસંતઋતુમાં કેસર, તિલક, કુરુબક, સરસડાનું ફૂલ વગેરે પુષ્પો વિકસિત થાય છે વગેરે.

વેલાના નિયમથી થતા પરિણામ - સવારે સૂર્યના કિરણોના સંપર્કથી કમળના કોશ વિકસિત થાય છે વગેરે.

પરિણામ ક્યાંક વિસ્રસાથી (સ્વાભાવિક રીતે) હોય છે, ક્યાંક પ્રયોગથી હોય છે અને ક્યાંક વિસ્રસા અને પ્રયોગ બંનેથી હોય છે.

૩) **ક્રિયા** - ક્રિયા એટલે ગતિ. આંગળી હતી, છે અને હશે. આ ક્રિયાઓ કાળના કારણે છે. જો કાળ ન હોય તો આ ક્રિયાઓનું પરસ્પર સાંકર્ય થઈ જાય. ગતિ ત્રણ પ્રકારની છે -

(૧) **પ્રયોગગતિ** - જીવના વ્યાપારથી થતી ગતિ તે પ્રયોગગતિ. તે શરીર, આહાર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન વગેરે રૂપ છે.

(૨) **વિસ્રસાગતિ** - જીવના વ્યાપાર વિનાની માત્ર અજીવના પરિણામરૂપ ગતિ તે વિસ્રસાગતિ. તે પરમાણુ, વાદળ, ઈન્દ્રધનુષ્ય વગેરે રૂપ છે.

(૩) **મિશ્રગતિ** - જીવના વ્યાપાર અને અજીવના પરિણામ બંનેથી થતી ગતિ તે મિશ્રગતિ. તે કુંભ, થાંભલા વગેરે રૂપ છે.

વર્તના અને ક્રિયા એ પરિણામના જ વિશેષ ભેદો છે.

૪) **પરત્વ-અપરત્વ** - તે ત્રણ પ્રકારે છે -

(૧) **પ્રશંસાકૃત** - પર = શ્રેષ્ઠ, અપર = ઊતરતું.

દા.ત. ધર્મ પર છે, જ્ઞાન પર છે. અધર્મ અપર છે, અજ્ઞાન અપર છે.

(૨) **ક્ષેત્રકૃત** - પર = દૂર, અપર = નજીક

દા.ત. મુંબઈની અપેક્ષાએ અમદાવાદ કરતા દિલ્લી પર છે અને દિલ્લી કરતા અમદાવાદ અપર છે.

(૩) **કાળકૃત** - પર = વધુ કાળવાળુ, અપર = ઓછા કાળવાળુ.

દા.ત.૧૬ વર્ષના મનુષ્ય કરતા ૧૦૦ વર્ષનો મનુષ્ય પર છે. ૧૦૦ વર્ષના મનુષ્ય કરતા ૧૬ વર્ષનો મનુષ્ય અપર છે.

કાળકૃત પરત્વ-અપરત્વ એ કાળનો ઉપકાર છે.

• • •

- કેમેરામાં આપણો ખરાબ ફોટો ન આવી જાય એની કાળજી રાખનારા આપણે કેવળીના જ્ઞાનમાં આપણો ખરાબ ફોટો ન આવી જાય એ માટે સાવચેત ખરા ?
- બીજાના દેખતા ખરાબ કાર્ય કરીએ તો પાપ લાગે અને બીજા ન જોતા હોય ત્યારે ખરાબ કાર્ય કરીએ તો પાપ ન લાગે એવો કોઈ નિયમ નથી.
- નકામા સમયમાં છાપા-મેગેઝીનો વાંચવા કરતા; ગપ્પાઓ મારવા કરતા અને નકામા વિચારો કરવા કરતા સુકૃત અનુમોદના કરવાથી સમયનો સદુપયોગ થાય છે.
- આરાધના પૂર્વે મનોરથો, આરાધના વખતે આનંદ અને આરાધના પછી અનુમોદના કરવાથી આરાધનાનો સો ટકા લાભ મળે છે.
- મરણને નિવારવું અશક્ય છે. મરણ વખતે થતી અસમાધિ નિવારવી શક્ય છે. મરણ વખતે સમાધિ રહે એ માટે પ્રયત્નશીલ બનવું.

# સત્ પ્રકરણ

● **સત્** - જેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ હોય તે સત્. જેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ ન હોય તે અસત્. (સૂત્ર-૫/૨૯)

૧) **ઉત્પત્તિ** - ઉત્પત્તિ એટલે નવા આકારનું પ્રગટ થવું તે. તે બે પ્રકારે છે -

(૧) **પ્રાયોગિક ઉત્પત્તિ** - પુરુષાર્થથી થતી ઉત્પત્તિ તે પ્રાયોગિક ઉત્પત્તિ છે. તેના બે પ્રકાર છે -

**(i) અનભિસંધિકૃત**- ઈરાદા વિનાના પુરુષાર્થથી થતી ઉત્પત્તિ એ અનભિસંધિકૃત પ્રાયોગિક ઉત્પત્તિ છે. તે મન-વચન-કાયાના ભેદથી ૧૫ પ્રકારે છે. તે ૧૫ પ્રકાર એટલે મનોયોગ, વચનયોગ અને કાયયોગના ૧૫ પ્રકાર. તે પૂર્વે (પાના નં. ૬૬, ૬૭ ઉપર) બતાવ્યા છે.

**(ii) અભિસંધિકૃત** - ઈરાદાપૂર્વકના પુરુષાર્થથી થતી ઉત્પત્તિ તે અભિસંધિકૃત પ્રાયોગિક ઉત્પત્તિ છે. તે થાંભલા, કુંભ વગેરેમાં હોય છે.

(૨) **વૈસ્રસિક ઉત્પત્તિ** - સ્વાભાવિક રીતે થતી ઉત્પત્તિ તે વૈસ્રસિક ઉત્પત્તિ છે. દા. ત. વાદળ વગેરેની ઉત્પત્તિ.

૨) **વિનાશ** - જૂના આકારનું અદશ્ય થવું તે વિનાશ. તેના બે પ્રકાર છે -

(૧) **સમુદાયના વિભાગરૂપ વિનાશ** - તે બે પ્રકારે છે -

**(i) સ્વાભાવિક** - જીવના વ્યાપાર વિના થતો સમુદાયનો વિભાગ તે સ્વાભાવિક સમુદાયવિભાગરૂપ વિનાશ છે. તે દ્રવ્યરૂપે અવસ્થિત એવા ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલમાં હોય છે. દા.ત. ગતિશીલ પદાર્થના અધોગતિ પરિણામવિશેષનો વિનાશ થવા પર

ઊર્ધ્વગતિ પરિણામનું ઉત્પન્ન થવું. કોઈક દેશમાં રહેલાના તે દેશના અવસ્થાનનો વિનાશ થવા પર અન્ય દેશમાં અવસ્થાનનું ઉત્પન્ન થવું. કોઈક દેશમાં અવગાહીને રહેલાના તે દેશમાં અવગાહનો વિનાશ થવા પર અન્ય દેશમાં અવગાહનું ઉત્પન્ન થવું. કોઈક ઉપયોગમાં ઉપયોગવાળા આત્માના તે ઉપયોગનો વિનાશ થવા પર અન્ય ઉપયોગનું ઉત્પન્ન થવું. કોઈક વર્ણરૂપે પરિણત પુદ્ગલના તે વર્ણનો વિનાશ થવા પર અન્ય વર્ણનું ઉત્પન્ન થવું.

**(ii) પ્રાયોગિક** - જીવના વ્યાપારથી થતો સમુદાયનો વિભાગ તે પ્રાયોગિક સમુદાયવિભાગરૂપ વિનાશ છે. દા. ત. કપડું ફાડવું વગેરે.

(૨) **અર્થાંતરભાવગમનરૂપ વિનાશ** - અન્ય ભાવ રૂપે થવા રૂપ વિનાશ તે અર્થાંતરભાવગમનરૂપ વિનાશ. દા.ત. મનુષ્ય મરીને દેવ થાય તે.

૩) **સ્થિતિ** - તે ભાવમાંથી વિનાશ ન થવો તે સ્થિતિ એટલે કે સ્થિરતા, નિત્યત્વ. (સૂત્ર-૫/૩૦)

● **અર્પિતથી અનર્પિતની સિદ્ધિ થાય છે.** અર્પિત એટલે જેનો નિર્દેશ કરાયો હોય, જેની વિવક્ષા કરાઈ હોય તે, એટલે કે નિર્દિષ્ટ, વિવક્ષિત. અનર્પિત એટલે જેનો નિર્દેશ ન કરાયો હોય, જેની વિવક્ષા ન કરાઈ હોય તે, એટલે કે અનિર્દિષ્ટ, અવિવક્ષિત. નિર્દિષ્ટથી અનિર્દિષ્ટની સિદ્ધિ થાય છે. વિવક્ષિતથી અવિવક્ષિતની સિદ્ધિ થાય છે. તેથી સત્ અને અસત્‌ની, નિત્ય અને અનિત્યની સિદ્ધિ થાય છે. આ ધર્મોમાંથી એક સમયે એક વસ્તુમાં એક ધર્મ વિવક્ષિત હોય છે, અન્ય ધર્મો અવિવક્ષિત હોય છે. અર્પિતથી અનર્પિતની સિદ્ધિ થવાથી બંને ધર્મોથી યુક્ત એવી વસ્તુની સિદ્ધિ થાય છે. (સૂત્ર-૫/૩૧)

● **સત્‌ના ચાર પ્રકાર** -

૧) **દ્રવ્યાસ્તિક** - પર્યાય વિનાના માત્ર દ્રવ્યને માને તે દ્રવ્યાસ્તિક. એ સંગ્રહનયનો અભિપ્રાય છે.

૨) **માતૃકાપદાસ્તિક** - માતૃકા એ બધા વર્ણો, પદો, વાક્યો, પ્રકરણોની યોનિ છે. એમ ધર્માસ્તિકાય વગેરે બધા સામાન્ય-વિશેષ પર્યાયોના આશ્રયરૂપ હોવાથી માતૃકાપદ કહેવાય છે. માટે વ્યવહારયોગ્ય હોવાથી માતૃકાપદ જ છે, બીજું નથી, એવું માને તે માતૃકાપદાસ્તિક. એ વ્યવહારનયનો અભિપ્રાય છે. દ્રવ્યાસ્તિક અને માતૃકાપદાસ્તિક એ દ્રવ્યનયના અભિપ્રાયો છે.

૩) **ઉત્પન્નાસ્તિક** - સ્થૂલ અને સૂક્ષ્મ બધા ઉત્પાદોનું પ્રતિપાદન કરનાર તે ઉત્પન્નાસ્તિક. આ પર્યાયનયનો અભિપ્રાય છે.

૪) **પર્યાયાસ્તિક** - પર્યાય એટલે ભેદ, વિનાશ. પર્યાય છે, એટલે કે વિનાશ છે એમ માને તે પર્યાયાસ્તિક. આ પર્યાયનયનો અભિપ્રાય છે.

૧) દ્રવ્યાસ્તિકનો અભિધેય અર્થ - દ્રવ્ય છે, બે દ્રવ્ય છે, ઘણા દ્રવ્ય છે, અસત્‌ નથી.

૨) માતૃકાપદાસ્તિકનો અભિધેય અર્થ - માતૃકાપદ છે, બે માતૃકાપદ છે, ઘણા માતૃકાપદ છે, અમાતૃકાપદ નથી, બે અમાતૃકાપદ નથી, ઘણા અમાતૃકાપદ નથી.

૩) ઉત્પન્નાસ્તિકનો અભિધેય અર્થ - એક ઉત્પન્ન છે, બે ઉત્પન્ન છે, ઘણા ઉત્પન્ન છે, એક અનુત્પન્ન નથી, બે અનુત્પન્ન નથી, ઘણા અનુત્પન્ન નથી.

૪) પર્યાયાસ્તિકનો અભિધેય અર્થ - એક સદ્‌ભાવપર્યાયમાં આદિષ્ટ દ્રવ્ય છે, બે આદિષ્ટ દ્રવ્યો છે, ઘણા આદિષ્ટ દ્રવ્યો છે.

બે સદ્‌ભાવપર્યાયોમાં આદિષ્ટ દ્રવ્ય છે, બે આદિષ્ટ દ્રવ્યો છે, ઘણા આદિષ્ટ દ્રવ્યો છે.

ઘણા સદ્‌ભાવપર્યાયોમાં આદિષ્ટ દ્રવ્ય છે, બે આદિષ્ટ દ્રવ્યો છે, ઘણા આદિષ્ટ દ્રવ્યો છે.

એક અસદ્‌ભાવપર્યાયમાં આદિષ્ટ દ્રવ્ય નથી, બે આદિષ્ટ દ્રવ્યો નથી, ઘણા આદિષ્ટ દ્રવ્યો નથી.

બે અસદ્‌ભાવપર્યાયોમાં આદિષ્ટ દ્રવ્યો નથી, બે આદિષ્ટ દ્રવ્યો નથી, ઘણા આદિષ્ટ દ્રવ્યો નથી.

ઘણા અસદ્‌ભાવપર્યાયોમાં આદિષ્ટ દ્રવ્ય નથી, બે આદિષ્ટ દ્રવ્યો નથી, ઘણા આદિષ્ટ દ્રવ્યો નથી.

ઉભયપર્યાયમાં આદિષ્ટ દ્રવ્ય અવાચ્ય છે, બે આદિષ્ટ દ્રવ્યો અવાચ્ય છે, ઘણા આદિષ્ટ દ્રવ્યો અવાચ્ય છે.

બે ઉભયપર્યાયોમાં આદિષ્ટ દ્રવ્ય અવાચ્ય છે, બે આદિષ્ટ દ્રવ્યો અવાચ્ય છે, ઘણા આદિષ્ટ દ્રવ્યો અવાચ્ય છે.

ઘણા ઉભયપર્યાયોમાં આદિષ્ટ દ્રવ્ય અવાચ્ય છે, બે આદિષ્ટ દ્રવ્યો અવાચ્ય છે, ઘણા આદિષ્ટ દ્રવ્યો અવાચ્ય છે.

• • •

- 'આવતી કાલે મારું મરણ છે' એમ વિચારીને જીવન જીવવું. તેથી જીવનમાં ધર્મ વધશે અને પાપ ઘટશે.
- જન્મ થયો ત્યારથી ક્ષણે ક્ષણે આપણે મરીએ છીએ. એને આવિચિમરણ કહેવાય છે. આમ ક્ષણે ક્ષણે આવિચિમરણ વડે મરવાનું ચાલુ હોય ત્યારે સંસારના જલસા શી રીતે કરી શકાય ?

# સપ્તભંગી પ્રકરણ

● **સપ્તભંગી -**

સપ્તભંગી એટલે વસ્તુનું પ્રતિપાદન કરનારા સાત ભાંગા. **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં સપ્તભંગીની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે- જીવ વગેરે એક વસ્તુમાં સત્ત્વ વગેરે એક એક ધર્મના પ્રશ્નને લઈ પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી બાધા ન આવે એ રીતે જુદા-જુદા અને ભેગા એવા વિધિ-નિષેધની વિચારણા વડે સ્યાત્ શબ્દથી યુક્ત એવો સાત પ્રકારનો વચનપ્રયોગ તે સપ્તભંગી છે. તે સાત ભાંગા આ પ્રમાણે છે-

૧) **સ્યાત્ સત્ એવ** - સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ સત્ જ છે.

૨) **સ્યાત્ અસત્ એવ** - પરદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ અસત્ જ છે.

૩) **સ્યાત્ સત્ એવ સ્યાત્ અસત્ એવ** - જ્યારે વસ્તુમાં સત્ અને અસત્‌ની ક્રમશઃ વિવક્ષા કરાય ત્યારે વસ્તુ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ જ છે અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્ જ છે.

૪) **સ્યાત્ અવાચ્ય એવ** - જ્યારે વસ્તુમાં સત્ અને અસત્‌ની એકસાથે વિવક્ષા કરાય ત્યારે વસ્તુ અવાચ્ય જ છે.

૫) **સ્યાત્ સત્ એવ સ્યાત્ અવાચ્ય એવ** - જ્યારે વસ્તુમાં પહેલા સત્‌ની વિવક્ષા કરાય અને પછી સત-અસત્ બંનેની એકસાથે વિવક્ષા કરાય ત્યારે વસ્તુ અપેક્ષાએ સત્ જ છે અને અપેક્ષાએ અવાચ્ય જ છે.

૬) **સ્યાત્ અસત્ એવ સ્યાત્ અવાચ્ય એવ** - જ્યારે વસ્તુમાં પહેલા અસત્‌ની વિવક્ષા કરાય અને પછી સત્-અસત્ બંનેની એકસાથે વિવક્ષા કરાય ત્યારે વસ્તુ અપેક્ષાએ અસત્ જ છે અને અપેક્ષાએ અવાચ્ય જ છે.

૭) **સ્યાત્ સત્ એવ સ્યાત્ અસત્ એવ સ્યાત્ અવાચ્ય એવ**- જ્યારે વસ્તુમાં પહેલા સત્‌ની વિવક્ષા કરાય, પછી અસત્‌ની વિવક્ષા કરાય અને ત્યારપછી સત્-અસત્ બંનેની એક સાથે વિવક્ષા કરાય ત્યારે વસ્તુ અપેક્ષાએ સત્ જ છે, અપેક્ષાએ અસત્ જ છે અને અપેક્ષાએ અવાચ્ય જ છે.

□ પહેલા ત્રણ ભાંગા સકલાદેશ છે. છેલ્લા ચાર ભાંગા વિકલાદેશ છે. સંપૂર્ણ વસ્તુને કહે તે સકલાદેશ$^{\Delta}$. વસ્તુના અંશને કહે તે વિકલાદેશ.

નયોની અપેક્ષાએ સપ્તભંગી -

૧) **સ્યાત્ અસ્તિ એવ** - સંગ્રહનયની અપેક્ષાએ

૨) **સ્યાત્ નાસ્તિ એવ** - વ્યવહારનયની અપેક્ષાએ

૩) **સ્યાત્ અસ્તિ એવ સ્યાત્ નાસ્તિ એવ**- સંગ્રહનય-વ્યવહારનયની ક્રમશઃ અપેક્ષાએ

૪) **સ્યાત્ અવાચ્ય એવ**-સંગ્રહનય-વ્યવહારનય બંનેની એકસાથે અપેક્ષાએ

૫) **સ્યાત્ અસ્તિ એવ સ્યાત્ અવાચ્ય એવ** - સંગ્રહનય અને અવિભક્ત સંગ્રહનય-વ્યવહારનયની આપેક્ષાએ

૬) **સ્યાત્ નાસ્તિ એવ સ્યાત્ અવાચ્ય સત્**- વ્યવહારનય અને અવિભક્ત સંગ્રહનય-વ્યવહારનયની અપેક્ષાએ

૭) **સ્યાત્ અસ્તિ એવ સ્યાત્ નાસ્તિ એવ સ્યાત્ અવાચ્ય એવ**- સંગ્રહનય, વ્યવહારનય અને અવિભક્ત સંગ્રહનય-વ્યવહારનયની અપેક્ષાએ

●●●

□ **શ્રીવાદિદેવસૂરિજી રચિત શ્રીપ્રમાણનયતત્ત્વાલોકાલંકારમાં** કહ્યું છે - '**इयं सप्तभङ्गी प्रतिभङ्गं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च ॥४-४३॥**' **અર્થ** - 'આ સપ્તભંગી દરેક ભાંગે સકલાદેશસ્વભાવવાળી અને વિકલાદેશસ્વભાવવાળી છે.'

Δ **શ્રીવાદિદેવસૂરિજી રચિત શ્રીપ્રમાણનયતત્ત્વાલોકાલંકારમાં સૂત્ર ૪-૪૪ અને** ૪-૪૫ માં સકલાદેશ અને વિકલાદેશની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે- 'પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી જણાયેલી એવી અનંત ધર્મવાળી વસ્તુનું કાળ વગેરે આઠ દ્વારો વડે અભેદવૃત્તિની પ્રધાનતા દ્વારા અથવા અભેદ ઉપચાર દ્વારા એકીસાથે વસ્તુનું પ્રતિપાદન કરનારું જે વચન તે સકલાદેશ છે. નયના વિષયભૂત કરાયેલી વસ્તુના ધર્મની જ્યારે કાળ વગેરે આઠ દ્વારો દ્વારા ભેદની વિવક્ષા કરાય છે, ત્યારે એક શબ્દ અનેક અર્થનું પ્રતિપાદન કરવામાં સામર્થ્યરહિત થવાથી ભેદવૃત્તિ વડે કે ભેદ-ઉપચાર દ્વારા ક્રમે કરીને વસ્તુનું પ્રતિપાદન કરનારું જે વાક્ય છે તે વિકલાદેશ છે.'

## આસ્રવતત્ત્વ

● **આસ્રવ** - જેનાથી આત્મામાં કર્મ આવે તે આસ્રવ. જેમ સ્રોત વડે સરોવરમાં પાણી આવે છે તેમ આસ્રવ વડે આત્મામાં કર્મ આવે છે.

● ત્રણ પ્રકારનો યોગ એ આસ્રવ છે. (સૂત્ર-૬/૨) ત્રણ પ્રકારનો યોગ આ પ્રમાણે છે - (સૂત્ર-૬/૧)

૧) **કાયયોગ** - કાયાથી થતી પ્રવૃત્તિ તે કાયયોગ. તે કાયયોગ્ય પુદ્‌ગલો અને આત્મપ્રદેશોના પરિણામરૂપ છે. તે ગમન વગેરે ક્રિયાઓમાં કારણભૂત છે. તેના ૭ પ્રકાર છે. તે પૂર્વે (પાના નં. ૬૭ ઉપર) કહ્યા છે. કાયયોગના બીજી રીતે બે પ્રકાર છે -

(૧) **અશુભ કાયયોગ** - હિંસા, ચોરી, અબ્રહ્મ વગેરે.

(૨) **શુભ કાયયોગ** - અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય વગેરે.

૨) **વચનયોગ** - વચનથી થતી પ્રવૃત્તિ તે વચનયોગ. તે ભાષાયોગ્ય પુદ્‌ગલો અને આત્મપ્રદેશોના પરિણામરૂપ છે. તે ૪ પ્રકારે છે. તે પૂર્વે (પાના નં. ૬૬, ૬૭ ઉપર) કહેલ છે. વચનયોગના બીજી રીતે બે પ્રકાર છે-

(૧) **અશુભ વચનયોગ** - સાવદ્યવચન, અસત્યવચન, કઠોરવચન, ચાડી ખાવી વગેરે.

(૨) **શુભ વચનયોગ** - નિરવદ્યવચન, સત્યવચન, મૃદુવચન વગેરે.

૩) **મનોયોગ** - મનથી થતી પ્રવૃત્તિ તે મનોયોગ. તે મનયોગ્ય પુદ્‌ગલો અને આત્મપ્રદેશોના પરિણામરૂપ છે. તે ૪ પ્રકારે છે. તે પૂર્વે (પાના નં. ૬૬ ઉપર) કહેલ છે. મનોયોગના બીજી રીતે બે પ્રકાર છે-

(૧) **અશુભ મનોયોગ** - બીજાના દ્રોહનું ચિંતન, બીજાને મારવાનો વિચાર, ઈર્ષ્યા, અસૂયા (એક પ્રકારનો ગુસ્સો), અભિમાન, હર્ષ,

શોક, દીનતા, ક્રોધ, ખોટા વિચાર, રાગ, દ્વેષ, અસહિષ્ણુતા, આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે.

(૨) **શુભ મનોયોગ** - સારા વિચાર, ધર્મધ્યાન, શુક્લધ્યાન વગેરે.

આમ યોગના મૂળભેદ ૩ છે અને ઉત્તરભેદ ૧૫ છે. તે પૂર્વે (પાના નં. ૬૬-૬૭ ઉપર) કહેલ છે.

શુભ યોગ એ પુણ્યકર્મનો આસ્રવ છે. (સૂત્ર-૬/૩) જે કર્મ સારુ ફળ આપે તે પુણ્યકર્મ છે. તે ૪૨ પ્રકારે છે -

| **મૂળપ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતા વેદનીય |
| આયુષ્ય | ૩ | દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય |
| નામ | ૩૭ | મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ૫ શરીર, ૩ અંગોપાંગ, પહેલુ સંઘયણ, પહેલુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૪, મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી, સુખગતિ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, જિન, ત્રસ ૧૦ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| કુલ | ૪૨ | |

અશુભયોગ એ પાપકર્મનો આસ્રવ છે. (સૂત્ર-૬/૪) જે કર્મ ખરાબ ફળ આપે તે પાપકર્મ છે. તે ૮૨ પ્રકારે છે -

- જેના વિના આપણો મોક્ષ અટકી જવાનો હોય તેની માટે ઝગડો કરવાની છૂટ.

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિ-જ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળ-જ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ |
| વેદનીય | ૧ | અસાતાવેદનીય |
| મોહનીય | ૨૬ | મિથ્યાત્વમોહનીય, ૧૬ કષાય, ૯ નોકષાય |
| આયુષ્ય | ૧ | નરકાયુષ્ય |
| નામ | ૩૪ | નરકગતિ, તિર્યંચગતિ, પહેલી ૪ જાતિ, છેલ્લા ૫ સંઘયણ, છેલ્લા ૫ સંસ્થાન, અશુભ વર્ણાદિ ૪, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, કુખગતિ, ઉપઘાત, સ્થાવર ૧૦ |
| ગોત્ર | ૧ | નીચગોત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| કુલ | ૮૨ | |

કષાયવાળા જીવોનો યોગ સાંપરાયિક કર્મોનો આસ્રવ છે.

કષાય વિનાના જીવોનો યોગ ઈર્યાપથ કર્મોનો આસ્રવ છે. (સૂત્ર-૬/૫)

સાંપરાયિક કર્મ એટલે સંસારભ્રમણમાં કારણભૂત કર્મ. તે કષાય સહિતના યોગથી બંધાય છે.

ઈર્યાપથ કર્મ સંસારભ્રમણમાં કારણભૂત બનતું નથી. તે બે સમયની સ્થિતિવાળું હોય છે. તે પહેલા સમયે બંધાય છે, બીજા સમયે ભોગવાય છે અને ત્રીજા સમયે આત્મા ઉપરથી છૂટું પડે છે. તે કષાયરહિત યોગથી બંધાય છે.

● **સાંપરાયિક કર્મોના ૩૯ આસ્રવો** - (સૂત્ર-૬/૬)

**૫ ઇન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય. તેમનું સ્વરૂપ પૂર્વે (પાના નં. ૬૧-૬૫ ઉપર) બતાવેલ છે. ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોમાં રાગ કરવાથી અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ કરવાથી કર્મો બંધાય છે.

**૪ કષાય** - ક્રોધ, માન, માયા, લોભ. તેમનું સ્વરૂપ આગળ (પાના નં. ૩૨૦ ઉપર) બતાવાશે. ૪ કષાયો કરવાથી કર્મો બંધાય છે.

**૫ અવ્રત** - હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ. તેમનું સ્વરૂપ આગળ (પાના નં. ૨૮૧-૨૮૩ ઉપર) બતાવાશે. પાંચ અવ્રતોથી કર્મ બંધાય છે.

**૨૫ ક્રિયા** -

(૧) **સમ્યક્ત્વ ક્રિયા** - જિન-સિદ્ધ-ગુરુ વગેરેની પૂજા ભક્તિ વૈયાવચ્ચથી વ્યક્ત થતી, સમ્યક્ત્વની વૃદ્ધિમાં કારણભૂત, સાતાવેદનીયના બંધમાં કારણભૂત, દેવભવની પ્રાપ્તિમાં કારણભૂત એવી શ્રદ્ધા તે સમ્યક્ત્વક્રિયા.

(૨) **મિથ્યાત્વક્રિયા** - તત્ત્વભૂત પદાર્થોની અશ્રદ્ધા તે મિથ્યાત્વક્રિયા. તે ત્રણ પ્રકારે છે -

(i) **અભિગૃહીતા** - તે ૩૬૩ પાખંડીઓને હોય છે. ૩૬૩

પાખંડીઓનું સ્વરૂપ આગળ (પાના નં. ૨૯૫-૨૯૯ ઉપર) બતાવાશે.

**(ii) અનભિગૃહીતા** - જેમણે કોઈ વિશેષ દેવતાને સ્વીકારેલ નથી એવા જીવોની તત્ત્વભૂત પદાર્થોની અશ્રદ્ધા તે અનભિગૃહીતા મિથ્યાત્વક્રિયા છે.

**(iii) સંદિગ્ધા** - તે ભાવથી જિનપ્રવચનના એક અક્ષરની પણ અશ્રદ્ધા કરનારને હોય છે.

(૩) **પ્રયોગક્રિયા** - આત્માથી અધિષ્ઠિત એવી કાયાનો વ્યાપાર તે પ્રયોગ. ત્રણ યોગથી કરાયેલ પુદ્ગલોનું ગ્રહણ તે પ્રયોગક્રિયા. તે દોડવા-કૂદવા વગેરે કાયાના વ્યાપારરૂપ છે, હિંસક-કઠોર-અસત્ય વગેરે બોલવારૂપ વચનના વ્યાપારરૂપ છે, દ્રોહ-ઈર્ષ્યા-અભિમાન વગેરે મનના વ્યાપારરૂપ છે.

(૪) **સમાદાનક્રિયા** - સંયમીની અપૂર્વ અપૂર્વ વિરતિની અભિમુખતાવાળી ક્રિયા તે સમાદાનક્રિયા, અથવા ઈન્દ્રિયોનો સર્વથી કે દેશથી ઉપઘાત કરનારી ક્રિયા તે સમાદાનક્રિયા.

(૫) **ઈર્યાપથક્રિયા** - ઈર્યાપથ બંધમાં કારણભૂત ક્રિયા તે ઈર્યાપથક્રિયા.

(૬) **કાયક્રિયા** - તે બે પ્રકારે છે -

**(i)** દુષ્ટ એવા મિથ્યાદષ્ટિનો વચન-મનથી નિરપેક્ષ એવો બીજાનો પરાભવ કરવારૂપ ઉદ્યમ તે કાયક્રિયા.

**(ii)** પ્રમત્તસંયતની કાયાના દુષ્ટપ્રયોગથી થતી ક્રિયા તે કાયક્રિયા.

(૭) **અધિકરણક્રિયા** - બીજાનો ઘાત કરનારા શસ્ત્રો વગેરે અધિકરણોથી થતી ક્રિયા તે અધિકરણક્રિયા. તે બે પ્રકારે છે-

**(i) નિર્વર્તન અધિકરણક્રિયા** - તેના બે પ્રકાર છે -

(a) **મૂલગુણનિર્વર્તન અધિકરણક્રિયા**- ઔદારિક વગેરે પાંચ શરીરો બનાવવા તે, અથવા તલવાર, શક્તિ, ભાલા વગેરે બનાવવા તે.

(b) **ઉત્તરગુણનિર્વર્તન અધિકરણક્રિયા** - ઔદારિક વગેરે શરીરોના હાથ-પગ વગેરે અવયવો બનાવવા તે, અથવા તલવાર વગેરેની ધાર કરવી વગેરે.

(ii) **સંયોજન અધિકરણક્રિયા** - વિષ, હળ, ધનુષ્ય, યંત્ર વગેરેની સંયોજના કરવી તે.

(૮) **પ્રાદોષિકીક્રિયા** - જીવ કે અજીવ ઉપર દ્વેષ કરવો તે પ્રાદોષિકી ક્રિયા.

(૯) **પરિતાપનક્રિયા** - સ્વ કે પરને પરિતાપ (પીડા) કરાવનારી ક્રિયા તે પરિતાપનક્રિયા.

(૧૦) **પ્રાણાતિપાતક્રિયા** - સ્વ કે પરનો વધ કરનારી ક્રિયા તે પ્રાણાતિપાતક્રિયા.

(૧૧) **દર્શનક્રિયા** - જીવ કે અજીવને રાગથી જોવા તે દર્શનક્રિયા.

(૧૨) **સ્પર્શનક્રિયા** - જીવ કે અજીવને રાગથી સ્પર્શ કરવો તે સ્પર્શનક્રિયા.

(૧૩) **પ્રત્યયક્રિયા** - પોતાની બુદ્ધિથી વિચારીને નવા અધિકરણો બનાવવા તે પ્રત્યયક્રિયા.

(૧૪) **સમન્તાનુપાતક્રિયા** - સ્ત્રી, પુરુષ, નપુંસક, પશુ જ્યાં આવી જતા હોય ત્યાં મળત્યાગ કરવો તે સમન્તાનુપાતક્રિયા, અથવા પ્રમત્ત સંયતોના નહિં ઢંકાયેલ આહાર-પાણીમાં સંપાતિમ જીવો આવી પડે તે સમન્તાનુપાતક્રિયા.

(૧૫) **અનાભોગક્રિયા** - પૂંજ્યા પ્રમાર્જ્યા વિનાની જગ્યાએ શરીર અને ઉપકરણોને મૂકવા તે અનાભોગક્રિયા.

(૧૬) **સ્વહસ્તક્રિયા** - બીજાએ કરવાની ક્રિયા અભિમાનથી પોતે કરે તે સ્વહસ્તક્રિયા.

(૧૭) **નિસર્ગક્રિયા** - લાંબા કાળથી ચાલતી પરદેશી પાપપ્રવૃત્તિમાં ભાવથી અનુજ્ઞા આપવી તે નિસર્ગક્રિયા.

(૧૮) **વિદારણક્રિયા** - બીજાએ કરેલા, નહીં કહેવા યોગ્ય સાવદ્ય કાર્યને ઉઘાડા પાડવા તે વિદારણક્રિયા.

(૧૯) **આનયનક્રિયા** - ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જીવાદિ પદાર્થોની અન્યથા પ્રરૂપણા કરવી, અથવા સ્વચ્છંદ રીતે બીજા પાસે કંઈ મંગાવવું તે આનયનક્રિયા.

(૨૦) **અનવકાંક્ષાક્રિયા** - પ્રમાદને લીધે ધર્મક્રિયાઓમાં અનાદર કરવો તે અનવકાંક્ષાક્રિયા.

(૨૧) **આરંભક્રિયા** - પોતે પૃથ્વીકાય વગેરેનો ઉપઘાત કરે કે બીજા પાસે કરાવે, સૂકું ઘાસ વગેરે છેદે કે બીજા પાસે છેદાવે તે આરંભક્રિયા.

(૨૨) **પરિગ્રહક્રિયા** - ધન કમાવા - ધનનું રક્ષણ કરવા ઘણા ઉપાયો કરવા, ધન ઉપર મૂર્ચ્છા કરવી તે પરિગ્રહક્રિયા.

(૨૩) **માયાક્રિયા** - મોક્ષના સાધનરૂપ જ્ઞાનાદિમાં માયા કરવી તે માયાક્રિયા.

(૨૪) **મિથ્યાદર્શનક્રિયા** - મિથ્યાદર્શનના માર્ગથી સતત પ્રવૃત્ત બીજાની અનુમોદના કરવી તે મિથ્યાદર્શનક્રિયા.

(૨૫) **અપ્રત્યાખ્યાનક્રિયા** - સંયમનો વિઘાત કરનારા કષાય વગેરે શત્રુઓને દૂર ન કરે તે અપ્રત્યાખ્યાનક્રિયા.

**નવતત્ત્વ**માં ૨૫ ક્રિયાઓ આ પ્રમાણે જ કહી છે, માત્ર થોડો ફેરફાર છે. **નવતત્ત્વ**માં નૈસૃષ્ટિકી ક્રિયા, સામુદાયિકી ક્રિયા, આજ્ઞાપનિકી ક્રિયા, પ્રેમિકી ક્રિયા અને દ્વેષિકી ક્રિયા કહી છે. તેની બદલે અહીં નિસર્ગ ક્રિયા, સમાદાન ક્રિયા, આનયનક્રિયા, સમ્યક્ત્વક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા કહી છે. નવતત્ત્વમાં કહેલ ૨૫ ક્રિયાઓના ક્રમમાં અને ઉપર કહેલ ૨૫ ક્રિયાઓના ક્રમમાં પણ થોડો ફેરફાર છે.

આ ૨૫ ક્રિયાઓથી કર્મ બંધાય છે.

આમ આસ્રવના કુલ ૪૨ ભેદ છે. તે આ પ્રમાણે - ૩ યોગ, ૫ ઇન્દ્રિય, ૪ કષાય, ૫ અવ્રત, ૨૫ ક્રિયા.

● **આસ્રવની તરતમતાના કારણો અને ફળ** - (સૂત્ર-૬/૭) તીવ્રભાવ-મંદભાવની તરતમતાથી આસ્રવની તરતમતા થાય છે.

ઉપયોગપૂર્વકના ભાવથી (જાણતા) અને ઉપયોગ વિનાના ભાવથી (અજાણતા) આસ્રવની તરતમતા થાય છે.

વીર્યની તરતમતાથી આસ્રવની તરતમતા થાય છે.

અધિકરણની તરતમતાથી આસ્રવની તરતમતા થાય છે. (અધિકરણનું વિવરણ હવે પછી કરાશે.)

આસ્રવની તરતમતાથી કર્મબંધની તરતમતા થાય છે.

● **અધિકરણ** - જેના કારણે ત્રણ પ્રકારના આસ્રવ (મનોયોગ, વચનયોગ, કાયયોગ) ની પ્રવૃત્તિ થાય છે તે અધિકરણ. તે બે પ્રકારે છે - જીવઅધિકરણ અને અજીવઅધિકરણ. (સૂત્ર-૬/૮) તે દરેકના બે પ્રકાર છે -

(૧) **જીવદ્રવ્યઅધિકરણ** - જીવવિષયક દ્રવ્યઅધિકરણ તે જીવદ્રવ્ય-અધિકરણ. દા.ત. જીવવ્યક્તિ.

(૨) **જીવભાવઅધિકરણ** - જીવવિષયક ભાવઅધિકરણ તે જીવભાવઅધિકરણ. દા.ત. જીવના કષાય વગેરે પરિણામો.

(૧) **અજીવદ્રવ્યઅધિકરણ** - અજીવવિષયક દ્રવ્યઅધિકરણ તે અજીવદ્રવ્યઅધિકરણ. દા.ત. કુહાડી, તલવાર વગેરે અજીવ વસ્તુઓ.

(૨) **અજીવભાવઅધિકરણ** - અજીવવિષયક ભાવઅધિકરણ તે અજીવભાવઅધિકરણ. દા.ત. અજીવ વસ્તુની તીક્ષ્ણતારૂપ શક્તિ વગેરે.

(૧) **દ્રવ્યઅધિકરણ** - છેદવું, ભેદવું, તોડવું, બાંધવુ વગેરે અને ૧૦ પ્રકારના શસ્ત્ર તે દ્રવ્યઅધિકરણ છે.

**૧૦ પ્રકારના શસ્ત્ર** -

(૧) **કુહાડી** - તેનાથી હાથ, પગ, ગળુ વગેરેનો છેદ થાય છે.

(૨) **અગ્નિ** - તેનાથી જીવોને બળાય છે.

(૩) **વિષ** - તેનાથી જીવોને મરાય છે.

(૪) **લવણ** - તેનાથી પૃથ્વીકાય વગેરેનો ઘાત થાય છે.

(૫) **સ્નેહ** - સ્નેહ એટલે ઘી-તેલ વગેરે. તેનાથી પૃથ્વીકાય વગેરેનો ઘાત થાય છે.

(૬) **ક્ષાર** - તેનાથી ચામડી, માંસ વગેરે ઉખેડાય છે.

(૭) **અમ્લ (ખટાશ)** - કાંજી વગેરે ખાટા પદાર્થોથી પૃથ્વીકાયાદિનો ઘાત થાય છે.

(૮) **અનુપયુક્ત મન** - તેનાથી જે ચેષ્ટા કરે તેનાથી કર્મ બંધાય છે.

(૯) **અનુપયુક્ત વચન** - તેનાથી જે ચેષ્ટા કરે તેનાથી કર્મ બંધાય છે.

(૧૦) **અનુપયુક્ત કાયા** - તેનાથી જે ચેષ્ટા કરે તેનાથી કર્મ બંધાય છે.

(૨) ભાવઅધિકરણ - તે ૧૦૮ પ્રકારે છે - (સૂત્ર-૬/૯)

સંરંભ = જીવને પીડવાનો કે મારવાનો સંકલ્પ તે સંરંભ.

સમારંભ = જીવને પીડા કરવી તે સમારંભ.

આરંભ = જીવને મારી નાખવા તે આરંભ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સંરંભ | | મન | | કૃત (કરેલું) | | ક્રોધ | |
| સમારંભ | ૩ X | વચન | ૩ X | કારિત (કરાવેલું) | ૩ X | માન | ૪=૧૦૮ |
| આરંભ | | કાયા | | અનુમત (અનુમોદેલું) | | માયા | |
| | | | | | | લોભ | |

ક્રોધથી મનથી કરાયેલ સંરંભ

ક્રોધથી મનથી કરાયેલ સમારંભ

ક્રોધથી મનથી કરાયેલ આરંભ

ક્રોધથી મનથી કરાવેલ સંરંભ

ક્રોધથી મનથી કરાવેલ સમારંભ

ક્રોધથી મનથી કરાવેલ આરંભ

ક્રોધથી મનથી અનુમોદાયેલ સંરંભ

ક્રોધથી મનથી અનુમોદાયેલ સમારંભ

ક્રોધથી મનથી અનુમોદાયેલ આરંભ

આમ ક્રોધથી મનથી ૯ ભાંગા થયા.

આ પ્રમાણે ક્રોધથી વચનથી ૯ ભાંગા થાય અને ક્રોધથી કાયાથી ૯ ભાંગા થાય.

આમ ક્રોધથી ૨૭ ભાંગા થાય.

એમ માનથી ૨૭ ભાંગા થાય, માયાથી ૨૭ ભાંગા થાય અને

લોભથી ૨૭ ભાંગા થાય. કુલ ૧૦૮ ભાંગા થાય.

જીવઅધિકરણના પણ આ ૧૦૮ ભેદ છે.

જીવ એ કર્મબંધનું મુખ્ય કારણ હોવાથી જીવઅધિકરણ એ ભાવઅધિકરણ છે.

અજીવ એ કર્મબંધમાં નિમિત્તમાત્ર હોવાથી અજીવઅધિકરણ એ દ્રવ્યઅધિકરણ છે.

**અજીવઅધિકરણ** - તેના ૪ પ્રકાર છે - (સૂત્ર-૬/૧૦)

(૧) **નિર્વર્તના અધિકરણ** - બનાવવારૂપ અધિકરણ તે નિર્વર્તના અધિકરણ. તે બે પ્રકારે છે -

(i) **મૂલગુણ નિર્વર્તના અધિકરણ** - હિંસા વગેરેનું મુખ્ય કારણ તે. જેમકે પાંચ શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્વાસની રચના.

(ii) **ઉત્તરગુણ નિર્વર્તના અધિકરણ** - હિંસા વગેરેનું ગૌણ કારણ તે. જેમકે લાકડાના પૂતળા, કપડાના પૂતળા, ચિત્રકર્મ વગેરેની રચના.

(૨) **નિક્ષેપ અધિકરણ** - મૂકવારૂપ અધિકરણ તે નિક્ષેપ અધિકરણ. તે ૪ પ્રકારે છે -

(i) **અપ્રત્યવેક્ષિત નિક્ષેપ અધિકરણ** - જોયા વિનાની જગ્યાએ દાંડો વગેરે મૂકવા તે.

(ii) **દુષ્પ્રમાર્જિત નિક્ષેપ અધિકરણ** - નહિ પ્રમાર્જેલ કે બરાબર નહિ પ્રમાર્જેલ જગ્યાએ દાંડો વગેરે મૂકવા તે.

(iii) **સહસા નિક્ષેપ અધિકરણ** - શક્તિના અભાવે જાણવા છતા

જોયા વિનાની અને પૂંજ્યા વિનાની જગ્યાએ દાંડો વગેરે અચાનક મૂકવા તે.

(iv) **અનાભોગ નિક્ષેપ અધિકરણ** - જોયેલી અને પૂંજેલી જગ્યાએ દાંડો વગેરે મૂકવા જોઈએ, એવું ભૂલી જઈને દાંડો વગેરે મૂકવા તે.

(૩) **સંયોગ અધિકરણ** - સંયોગ કરવારૂપ અધિકરણ તે સંયોગ અધિકરણ. તે બે પ્રકારે છે -

(i) **ભક્તપાન સંયોજના અધિકરણ** - દા.ત. રોટલી વગેરેની સાથે ગોળની સંયોજના, દાડમના રસની સાથે ખાંડ-મરીની સંયોજના વગેરે. તે બે પ્રકારે છે - પાત્રામાં અને મુખમાં.

(ii) **ઉપકરણ સંયોજના અધિકરણ** - ઉપકરણોની સંયોજના કરવી તે.

(૪) **નિસર્ગ અધિકરણ** - પ્રવૃત્તિરૂપ અધિકરણ તે નિસર્ગ અધિકરણ. તે ૩ પ્રકારે છે -

(i) **કાયનિસર્ગ અધિકરણ** - કાયાને સ્વચ્છંદ રીતે પ્રવર્તાવવી તે.

(ii) **વચનનિસર્ગ અધિકરણ** - શાસ્ત્રોપદેશ સિવાય વાણીને સ્વચ્છંદ રીતે પ્રવર્તાવવી તે.

(iii) **મનનિસર્ગ અધિકરણ** - મનને સ્વચ્છંદ રીતે પ્રવર્તાવવું તે.

● **કર્મોના વિશેષ આસ્રવો** -

૧) **જ્ઞાનાવરણ** - જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનો ઉપર દ્વેષ કરવો,

તેમને છુપાવવા, તેમની ઉપર ઈર્ષ્યા કરવી, તેમને અંતરાય કરવો, તેમની આશાતના કરવી, તેમનો નાશ કરવો વગેરે. (સૂત્ર-૬/૧૧)

૨) **દર્શનાવરણ** - દર્શન, દર્શની, દર્શનના સાધનોની ઉપર દ્વેષ કરવો, તેમને છૂપાવવા, તેમની ઉપર ઈર્ષ્યા કરવી, તેમને અંતરાય કરવો, તેમની આશાતના કરવી, તેમનો નાશ કરવો વગેરે. (સૂત્ર-૬/૧૧)

૩) **અસાતાવેદનીય** - સ્વ, પર કે ઉભયને દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ, પરિદેવન કરવા-કરાવવા વગેરે. (સૂત્ર-૬/૧૨)

**દુઃખ** - ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ થવાથી થતી પીડા તે દુઃખ.

**શોક** - અનુગ્રહ કરનારના સ્નેહનો વિચ્છેદ થવાથી થતી દીનતા તે શોક.

**તાપ** - પશ્ચાતાપ

**આક્રંદન** - પસ્તાવાથી યુક્ત મને આંસુ પાડવા, અંગોનો વિકાર, વિલાપ વગેરેથી વ્યક્ત થાય તે આક્રંદન.

**વધ** - પ્રાણોને પ્રાણીથી જુદા કરવા તે વધ, અથવા ચાબુક વગેરેથી મારવું તે વધ.

**પરિદેવન** - પોતાનો કે બીજાનો અનુગ્રહ માંગવો તે પરિદેવન.

૪) **સાતાવેદનીય** - જીવોની અનુકંપા, પાખંડીઓ-શ્રાવકો-સાધુઓની અનુકંપા, દાન, સરાગસંયમ, દેશવિરતિ, અકામનિર્જરા, બાલતપ, ક્ષમા, શૌચ (લોભકષાયનો નિગ્રહ) વગેરે. (સૂત્ર-૬/૧૩)

**સરાગસંયમ** - કષાય સહિતનું સંયમ તે સરાગસંયમ.

**અકામનિર્જરા** - ઇચ્છા વિના થતી નિર્જરા તે અકામનિર્જરા.

**બાલતપ** - બાલ એટલે મિથ્યાત્વી. તેનો તપ તે બાલતપ.

**૫) દર્શનમોહનીય** - કેવલી, શ્રુતજ્ઞાન, ચતુર્વિધ સંઘ, ધર્મ, દેવોનો અવર્ણવાદ (નિંદા) કરવો વગેરે. (સૂત્ર-૬/૧૪)

**૬) ચારિત્રમોહનીય** - કષાયના ઉદયથી થતો આત્માનો તીવ્ર પરિણામ વગેરે. (સૂત્ર-૬/૧૫)

**સ્ત્રીવેદ** - શબ્દાદિ વિષયોમાં આસક્તિ, ઈર્ષ્યા, અસત્ય, વક્રતા, પરસ્ત્રીમાં રતિ વગેરે.

**પુરુષવેદ** - સરળતા, મંદ કષાયો, સ્વસ્ત્રીસંતોષ, ઈર્ષ્યાનો અભાવ વગેરે.

**નપુંસકવેદ** - તીવ્ર ક્રોધથી પશુઓનો વધ કરવો - મુંડન કરવું, સ્ત્રી-પુરુષોની સાથે □અનંગસેવા, શીલવ્રતધારીઓની સાથે વ્યભિચાર, વિષયોનો તીવ્ર રાગ વગેરે.

**હાસ્યમોહનીય** - હસવું, હસાવવું, બહુ બોલવું, મશ્કરી કરવી વગેરે.

**શોકવેદનીય** - પોતે શોક કરવો, બીજાને શોક કરાવવો વગેરે.

**રતિમોહનીય** - વિચિત્ર ક્રીડા કરવી, બીજાના ચિત્તનું આવર્જન કરવું, દેશ વગેરે જોવાની ઉત્સુકતા.

**અરતિમોહનીય** - પ્રીતિનો નાશ કરવો, પાપ કરવાનો સ્વભાવ, ચોરી વગેરે.

---

□ અનંગસેવા - મૈથુન માટેના અંગો સિવાયના હાથ વગેરે અંગોથી કામક્રીડા કરવી, અતિશય કામરાગ ઉત્પન્ન થાય તેવી રીતે કામક્રીડા કરવી.

**ભયમોહનીય** - પોતે ડરવું, બીજાને ડરાવવા, નિર્દયપણું વગેરે.

**જુગુપ્સામોહનીય** - ધર્મ-ચતુર્વિધ સંઘની જુગુપ્સા કરવી-નિંદા કરવી વગેરે.

૭) **નરકાયુષ્ય** - બહુ આરંભ, બહુ પરિગ્રહ, માંસાહાર, પંચેન્દ્રિયનો વધ, અનંતાનુબંધી કષાયો, સ્થિરવૈર, ઇન્દ્રિયોનો અનિગ્રહ, નિર્દયતા, કૃષ્ણલેશ્યા, રૌદ્રધ્યાન, શીલરહિતપણું, વ્રતરહિતપણું વગેરે. (સૂત્ર-૬/૧૬,૬/૧૯)

૮) **તિર્યંચાયુષ્ય** - માયા, મિથ્યાઉપદેશ, આરંભ, પરિગ્રહ, નીલ-કાપોત લેશ્યા, આર્તધ્યાન, માર્ગનો નાશ કરવો, અતિચાર સહિતના વ્રતો, અપ્રત્યાખ્યાનાવરણીય કષાયો, શીલરહિતપણું, વ્રતરહિતપણું વગેરે. (સૂત્ર-૬/૧૭,૬/૧૯)

૯) **મનુષ્યાયુષ્ય** - અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, નમ્રતા, સરળતા, મિથ્યાત્વ, પ્રજ્ઞાપનીયતા (સુખેથી સમજાવી શકાવાપણું), પ્રત્યાખ્યાનાવરણીય કષાયો, દેવ-ગુરુની પૂજા, સંવિભાગનો સ્વભાવ, કાપોતલેશ્યા, ધર્મધ્યાન, મધ્યમ પરિણામ, શીલરહિતપણું, વ્રતરહિતપણું વગેરે. (સૂત્ર-૬/૧૮,૬/૧૯)

૧૦) **દેવાયુષ્ય** - સરાગસંયમ, દેશવિરતિ, અકામનિર્જરા, બાલતપ, તપની ભાવના, સુપાત્રદાન, અવ્યક્ત સામાયિક (સમજણ વિનાનું સામાયિક) વગેરે. (સૂત્ર-૬/૨૦)

૧૧) **અશુભ નામકર્મ** - મન-વચન-કાયાના યોગોની □વક્રતા-વિસંવાદ, મિથ્યાત્વ, માયા, ચાડી ખાવી, અસ્થિરચિત્તપણું, ખોટા માન-તોલ કરવા, સુવર્ણ વગેરેની નકલ કરવી, ખોટી સાક્ષી આપવી,

□ વક્રતા=કુટિલ પ્રવૃત્તિ. વિસંવાદ=પહેલા સ્વીકારેલી બાબતમાં પછીથી ફેરફાર કરવો તે.

અંગોપાંગ છેદવા, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અન્યથા કરવા, પાંજરામાં પૂરવું, પરનિંદા, સ્વપ્રશંસા, અસત્ય, ચોરી, કઠોર વચન, અસભ્ય વચન, આક્રોશ, વાચાળતા, સૌભાગ્યનો નાશ કરવો, વશીકરણ કરવું, ઈંટના નિભાડા પકાવવા, દાવાગ્નિ સળગાવવા, ઉપાશ્રય-બગીચા વગેરેનો નાશ કરવો, તીવ્ર કષાયો, પાપકાર્યો કરી આજીવિકા ચલાવવી વગેરે. (સૂત્ર-૬/૨૧)

**૧૨) શુભ નામકર્મ** - મન-વચન-કાયાના યોગોની અવક્રતા-અવિસંવાદ વગેરે અશુભ નામકર્મના આસ્રવોથી વિપરીત શુભ નામકર્મના આસ્રવો છે. (સૂત્ર-૬/૨૨)

**(૧૩) તીર્થંકર નામકર્મ** - સમ્યક્ત્વની પ્રકૃષ્ટ વિશુદ્ધિ, વિનયથી યુક્તપણું, શીલો (ઉત્તરગુણો) અને વ્રતો (મૂળગુણો)માં અતિચારોનો અભાવ, વારંવાર જ્ઞાનનો ઉપયોગ, વારંવાર સંવેગ, શક્તિ મુજબના ત્યાગ અને તપ, સંઘ અને સાધુની સમાધિ અને વૈયાવચ્ચ કરવી, અરિહંત-આચાર્ય-બહુશ્રુત-પ્રવચનને વિષે પરમભાવવિશુદ્ધિ સહિતની ભક્તિ, આવશ્યક અનુષ્ઠાનોની અપરિહાનિ, મોક્ષમાર્ગની સ્વયં કરવા વડે અને બીજાને ઉપદેશવા વડે પ્રભાવના કરવી, પ્રવચનનું વાત્સલ્ય [શ્રુતધર, બાળ, વૃદ્ધ, તપસ્વી, શૈક્ષક, ગ્લાન વગેરેના સંગ્રહ (સંયમ પાળવા, શ્રુત ભણવા, ચોદના-પ્રતિચોદના વગેરે માટે આવેલા બીજા સમુદાયના સાધુનો આલોચના અપાવવાપૂર્વક સ્વીકાર કરવો તે સંગ્રહ) ઉપગ્રહ (વસ્ત્ર-પાત્રા મેળવી આપવા વગેરે) અને અનુગ્રહ (આહાર-પાણી આપવા વગેરે) કરવા તે.]. (સૂત્ર-૬/૨૩)

**વિનયના ૪ પ્રકાર છે** -

**જ્ઞાનવિનય** - કાલ, વિનય, બહુમાન, ઉપધાન વગેરે.

**દર્શનવિનય** - નિઃશંકપણું, નિઃકાંક્ષપણું વગેરે.

**ચરણવિનય** - પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ.

**ઉપચારવિનય** - અભ્યુત્થાન, આસન આપવું, અંજલિ વગેરે.

વિનયનું વિશેષ સ્વરૂપ આગળ (પાના નં. ૩૭૩-૩૭૫ ઉપર) બતાવાશે.

**સંવેગ**=સંસારના દુઃખોનો ભય અને સંસારના સુખોની અનિચ્છા.

**૧૪) નીચગોત્ર** - પરનિંદા, સ્વપ્રશંસા, બીજાના વિદ્યમાન ગુણો ઢાંકવા, પોતાના અવિદ્યમાન ગુણો પ્રગટ કરવા, જાતિમદ, કુલમદ, રૂપમદ, બલમદ, શ્રુતમદ, આજ્ઞૈશ્વર્યમદ, તપોમદ, બીજાની અવજ્ઞા કરવી, બીજાની મશ્કરી કરવી વગેરે. (સૂત્ર-૬/૨૪)

**૧૫) ઉચ્ચગોત્ર** - બીજાના ગુણોની પ્રશંસા, પોતાની નિંદા, બીજાના ગુણોને પ્રગટ કરવા - દોષોને ઢાંકવા, પોતાના ગુણોને ઢાંકવા, નમ્રતા, અભિમાનનો અભાવ વગેરે. (સૂત્ર-૬/૨૫)

**૧૬) અંતરાય** - દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યમાં અંતરાય કરવો વગેરે. (સૂત્ર-૬/૨૬)

**દાન** - વિશિષ્ટ પરિણામપૂર્વક પોતાનું ધન બીજાને આપવું તે.

**લાભ** - બીજા વડે અપાતું ધન વગેરે ગ્રહણ કરવું તે.

□**ભોગ** - સુંદર એવા શબ્દાદિ વિષયોને અનુભવવા તે.

□**ઉપભોગ** - અન્ન, પાણી, વસ્ત્ર વગેરેને સેવવા તે.

**વીર્ય** - વિશિષ્ટ ચેષ્ટારૂપ આત્માનો પરિણામ તે.

● ● ●

□ **ધર્મસંગ્રહની મહોપાધ્યાય શ્રીમાનવિજયજી કૃત ટીકામાં** ભોગ અને ઉપભોગનો અર્થ આ પ્રમાણે કર્યો છે, 'ભોગ - જે વસ્તુ એક જ વખત ઉપયોગમાં આવે તે ભોગ. દા.ત. અન્ન, ફૂલ, તંબોલ, વિલેપન, સ્નાન વગેરે. ઉપભોગ - જે વસ્તુ અનેક વખત ઉપયોગમાં આવે તે ઉપભોગ. દા.ત. સ્ત્રી, વસ્ત્ર, ઘરેણા, ઘર, પલંગ, ગાદી વગેરે.'

# વ્રત પ્રકરણ

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ થકી મન-વચન-કાયાથી વિરતિ તે વ્રત છે. (સૂત્ર-૭/૧) જાણીને શ્રદ્ધા કરીને વ્રત સ્વીકારીને પાપ ન કરવું તે વિરતિ છે.

હિંસા વગેરે થકી એક દેશથી વિરતિ તે અણુવ્રત છે અને સર્વથી વિરતિ તે મહાવ્રત છે. (સૂત્ર-૭/૨) એક દેશથી એટલે સ્થૂલથી. સર્વથી એટલે સ્થૂલથી અને સૂક્ષ્મથી.

● **અણુવ્રત -**

**૧) સ્થૂલહિંસાવિરમણ અણુવ્રત -**

સ્થૂલહિંસા = ત્રસ જીવોની હિંસા અથવા સંકલ્પપૂર્વકની હિંસા.

સૂક્ષ્મહિંસા=સ્થાવર જીવોની હિંસા અથવા આરંભથી થતી હિંસા.

ત્રસ જીવોની હિંસાથી વિરતિ અથવા સંકલ્પપૂર્વકની હિંસાથી વિરતિ તે સ્થૂલહિંસાવિરમણ અણુવ્રત.

**૨) સ્થૂલમૃષાવાદવિરમણ અણુવ્રત -**

સ્થૂલમૃષાવાદ=ખોટી સાક્ષી આપવી તે.

સૂક્ષ્મમૃષાવાદ=મર્મઘાતક વચનો બોલવા વગેરે.

ખોટી સાક્ષી આપવી વગેરે સ્થૂલમૃષાવાદથી વિરતિ તે સ્થૂલમૃષાવાદ-વિરમણ અણુવ્રત.

**૩) સ્થૂલઅદત્તાદાનવિરમણ અણુવ્રત -**

સ્થૂલઅદત્તાદાન=જેમાં ગૃહસ્થોને આભવ-પરભવસંબંધી નુકસાન થાય તેવી ધન વગેરેની હઠપૂર્વક ચોરી કરવી તે.

સૂક્ષ્મઅદત્તાદાન-મશ્કરીથી ચોરી કરવી અથવા બીજા નાના ઘાસ, લાકડા વગેરેની ચોરી કરવી તે.

ધન વગેરેની ચોરીરૂપ સ્થૂલઅદત્તાદાનથી વિરતિ તે સ્થૂલઅદત્તાદાનવિરમણ અણુવ્રત.

**૪) સ્થૂલમૈથુનવિરમણ અણુવ્રત -**

સ્થૂલમૈથુન = સ્વદારાસેવન કે પરદારાસેવન.

સૂક્ષ્મમૈથુન = અંગોપાંગ નિરખવા, માનસિક સંકલ્પ વગેરે.

સ્થૂલમૈથુનથી વિરતિ તે સ્થૂલમૈથુનવિરમણ અણુવ્રત (સ્વદારાસંતોષ અથવા પરદારાનિવૃત્તિ). સ્વદારાસંતોષી સ્વસ્ત્રી સિવાયની શેષ સ્ત્રીઓને માતા સમાન જુવે. પરદારાની નિવૃત્તિવાળો પરસ્ત્રીઓનો ત્યાગ કરે, વેશ્યાને સેવે.

**૫) સ્થૂલપરિગ્રહવિરમણ અણુવ્રત -**

સ્થૂલપરિગ્રહ = અમુક વસ્તુઓમાં અમુક પ્રમાણમાં મૂર્ચ્છા.

સૂક્ષ્મપરિગ્રહ = સર્વ વસ્તુઓની સર્વ પ્રકારે મૂર્ચ્છા.

સ્થૂલપરિગ્રહથી વિરતિ તે સ્થૂલપરિગ્રહવિરમણ અણુવ્રત

- **મહાવ્રત -**

**૧) હિંસાવિરમણ મહાવ્રત** - સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રકારની હિંસાથી વિરતિ તે હિંસાવિરમણ મહાવ્રત.

**૨) મૃષાવાદવિરમણ મહાવ્રત** - સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રકારના મૃષાવાદથી વિરતિ તે મૃષાવાદવિરમણ મહાવ્રત.

**૩) અદત્તાદાનવિરમણ મહાવ્રત**-- સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રકારના અદત્તાદાનથી વિરતિ તે અદત્તાદાનવિરમણ મહાવ્રત.

**૪) મૈથુનવિરમણ મહાવ્રત** - સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રકારના મૈથુનથી વિરતિ તે મૈથુનવિરમણ મહાવ્રત.

**૫) પરિગ્રહવિરમણ મહાવ્રત** - સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પ્રકારના પરિગ્રહથી વિરતિ તે પરિગ્રહવિરમણમહાવ્રત.

આ પાંચ મહાવ્રતો એ મૂળગુણ છે. તેમના ગ્રહણથી રાત્રિ-ભોજનવિરમણવ્રતનું પણ ગ્રહણ થઈ જાય છે, કેમકે રાત્રિભોજન વિરમણવ્રત પણ મૂળગુણ છે.

**રાત્રિભોજનનો ત્યાગ કરવાના કારણો -**

૧) દિવસે ગ્રહણ કરેલી ગોચરી પણ રાત્રે ન વપરાય, કેમકે તે કાલાતિક્રાંત છે.

૨) ગ્રહણ કરેલ આહારને લાવી, આલોચી, થોડી વાર વિશ્રામ કરીને તરત જ વાપરવાની અનુજ્ઞા છે, વધુ વખત રાખવાની અનુજ્ઞા નથી.

૩) રાત્રે ગોચરી ફરવામાં ઈર્યાસમિતિનું પાલન ન થાય.

૪) રાત્રે દાયકના ગમન, આગમન, ભીના હાથ-ભાજન વગેરે ન દેખાય.

૫) સાધુને પ્રકાશવાળા સ્થાનમાં જ વાપરવાનું છે. રાત્રે પ્રકાશ ન હોય, કેમકે અગ્નિના સમારંભનો નિષેધ છે, રત્નનો પરિગ્રહ ન હોય, ચાંદની ક્યારેક હોય ક્યારેક ન હોય. તેથી રાત્રિભોજન કરવામાં પ્રકાશમાં વાપરવાનું ન થાય.

૬) આગમમાં રાત્રિભોજનનો નિષેધ કરેલ છે.

માટે હિંસા વગેરેની જેમ રાત્રિભોજન ત્યાજ્ય છે.

**● હિંસા વગેરે પાંચ અવ્રતો -**

૧) **હિંસા** - પ્રમાદી જીવ મન-વચન-કાયાના યોગોથી આત્માથી પ્રાણોને જુદા કરે તે હિંસા. (સૂત્ર-૭/૮)

પ્રમાદ પાંચ પ્રકારે છે -

૧) **કષાય** - તે ૧૬ પ્રકારે છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલન-૪ x ક્રોધ, માન, માયા, લોભ-૪ = ૧૬

૨) **ઇન્દ્રિય** - સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિયના ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ રૂપ વિષયોને કારણે થતા રાગ-દ્વેષ.

૩) **નિદ્રા** - તે પાંચ પ્રકારે છે - નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ.

૪) **વિકથા** - તે ચાર પ્રકારે છે - રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા.

૫) **મદ્ય** - દારૂ.

બીજી રીતે પ્રમાદના ૮ પ્રકાર છે -

૧) **અજ્ઞાન** - મૂઢતા.

૨) **સંશય** - શું આ આમ હશે કે અન્ય રીતે હશે ? એવો સંદેહ.

૩) **મિથ્યાજ્ઞાન** - વિપરીત જ્ઞાન.

૪) રાગ - પ્રીતિ.

૫) દ્વેષ - અપ્રીતિ.

૬) **સ્મૃતિભ્રંશ** - ભૂલી જવાનો સ્વભાવ.

૭) **ધર્મમાં અનાદર** - જિનધર્મમાં ઉદ્યમ ન કરવો.

૮) **યોગોનું દુષ્પ્રણિધાન** - મન-વચન-કાયાને દુષ્ટ કરવા.

આ ૫ કે ૮ પ્રમાદવાળો હોય તે પ્રમાદી.

કેટલાક એમ કહે છે કે પ્રયત્ન વિનાનો અને સમિતિ વિનાનો હોય તે પ્રમાદી. પ્રયત્ન બે પ્રકારનો છે - (i) જીવ અને અજીવ પદાર્થોનું જ્ઞાન કરવું તે, અને (ii) ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિનું પાલન કરવું તે.

પ્રાણો ૧૦ પ્રકારે છે - પાંચ ઈન્દ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય.

હિંસાના પર્યાયવાચી શબ્દો - હિંસા, મરણ, પ્રાણાતિપાત, પ્રાણવધ, દેહાંતરસંક્રમણ, પ્રાણવ્યપરોપણ વગેરે.

દ્રવ્ય-ભાવથી હિંસાના ૩ ભાંગા -

૧) દ્રવ્યથી હિંસા હોય, ભાવથી હિંસા ન હોય.

૨) દ્રવ્યથી હિંસા ન હોય, ભાવથી હિંસા હોય.

૩) દ્રવ્યથી હિંસા હોય, ભાવથી હિંસા હોય.

પહેલા ભાંગામાં પ્રમાદીપણું નથી. બીજા-ત્રીજા ભાંગામાં પ્રમાદીપણું છે. તેથી પહેલા ભાંગામાં હિંસા નથી, બીજા-ત્રીજા ભાંગામાં હિંસા છે.

૨) **અસત્ય** - પ્રમાદી જીવ મન-વચન-કાયાના યોગોથી જે અસત્ બોલે તે અસત્ય. (સૂત્ર-૭/૯) અસત્ ૩ પ્રકારે છે -

(૧) **સદ્ભાવનો પ્રતિષેધ** - તે બે પ્રકારે છે -

**(i) ભૂતનિહ્નવ** - વિદ્યમાનનો અપલાપ કરવો તે ભૂતનિહ્નવ. દા.ત. આત્મા નથી, પરલોક નથી.

**(ii) અભૂતઉદ્ભાવન** - જે વિદ્યમાન ન હોય તેનું ઉદ્ભાવન કરવું તે અભૂતઉદ્ભાવન. દા.ત. આત્મા ચોખા પ્રમાણ છે, આત્મા અંગુઠાના પર્વ જેટલો છે, આત્મા સૂર્યવર્ણવાળો છે, આત્મા નિષ્ક્રિય છે વગેરે.

(૨) **અર્થાંતર** - એક વસ્તુને બીજારૂપે કહેવી તે. દા.ત. ગાયને ઘોડો કહેવું તે.

(૩) **ગર્હા** - હિંસા, કઠોરતા, ચાડી વગેરે વાળુ વચન તે ગર્હા.

૩) **ચોરી** - પ્રમાદી જીવનું મન-વચન-કાયાના યોગથી નહીં દીધેલાનું કે બીજાએ ગ્રહણ કરેલાનું સ્વેચ્છાથી, હઠથી કે ચોરીથી ગ્રહણ કરવું કે ધારણ કરવું તે ચોરી. (સૂત્ર-૭/૧૦)

૪) **અબ્રહ્મ** - સ્ત્રી-પુરુષના યુગલનું કર્મ તે મૈથુન. તે મૈથુન એટલે અબ્રહ્મ. (સૂત્ર-૭/૧૧)

૫) **પરિગ્રહ** - સચેતન (એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો) કે અચેતન બાહ્ય (વસ્તુઓ) કે અભ્યંતર (આત્માના રાગાદિ પરિણામ) પદાર્થોમાં મૂર્ચ્છા કરવી તે પરિગ્રહ. ઈચ્છા, પ્રાર્થના, કામ, અભિલાષ, કાંક્ષા, ગૃદ્ધિ, મૂર્ચ્છા - આ પર્યાયવાચી શબ્દો છે. (સૂત્ર-૭/૧૨)

● **મહાવ્રતોની સ્થિરતા માટેની ૫-૫ ભાવનાઓ** - (સૂત્ર-૭/૩)

૧) **અહિંસા મહાવ્રતની પાંચ ભાવનાઓ** -

**(૧) ઈર્યાસમિતિ** - લોકોથી ખુંદાયેલ અને પ્રકાશવાળા રસ્તે જીવોની રક્ષા માટે ગાડાની ધૂસરી જેટલી ભૂમિને જોઈને ઉપયોગપૂર્વક ચાલવું તે.

**(૨) મનગુપ્તિ** - આર્તધ્યાન-રૌદ્રધ્યાન ન કરવા, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખવો તે.

(૩) **એષણાસમિતિ** - ગવેષણૈષણા-ગ્રહણૈષણા-ગ્રાસૈષણા - આ ૩ પ્રકારની એષણાથી ૪૭ દોષરહિત આહાર-પાણી લાવવા અને વાપરવા તે.

(૪) **આદાનનિક્ષેપણાસમિતિ** - વસ્તુ લેતા-મૂકતા જોવું અને પ્રમાર્જવું તે.

(૫) **આલોકિતપાનભોજન** - દરેક ઘરમાં પાત્રામાં પડેલ આહાર જોવો, ઉપાશ્રયમાં આવી ફરી અજવાળામાં જોવો અને અજવાળામાં બેસીને વાપરવું તે.

**૨) સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ** -

(૧) **અનુવીચિભાષણ** - વિચારીને બોલવું તે.

(૨) **ક્રોધનું પચ્ચક્ખાણ** - ક્રોધનો નિગ્રહ કે અનુત્પત્તિ તે.

(૩) **લોભનું પચ્ચક્ખાણ** - લોભ ન કરવો તે.

(૪) **અભીરુત્વ** - ડરવું નહિ તે.

(૫) **હાસ્યનું પચ્ચક્ખાણ** - હાસ્ય-મશ્કરી ન કરવી તે.

**૩) અસ્તેય મહાવ્રતની ૫ ભાવનાઓ** -

(૧) **અનુવીચિઅવગ્રહયાચન** - વિચારીને અવગ્રહની યાચના કરવી તે.

અવગ્રહના ૫ પ્રકાર છે - દેવેન્દ્રનો, રાજાનો, ગૃહપતિનો, શય્યાતરનો, સાધર્મિકનો. પૂર્વપૂર્વનો સ્વામી બાધ્ય છે, પછી પછીનો સ્વામી બાધક છે. એટલે જ્યાં જે સ્વામી હોય ત્યાં તેની પાસે યાચના કરવી.

(૨) **અભીક્ષ્ણઅવગ્રહયાચન** - એકવાર અવગ્રહ મળ્યા પછી પણ

સ્થંડિલ, માત્રુ વગેરે માટેના સ્થાનોની વારંવાર યાચના કરવી તે.

(૩) **એતાવદિત્યવગ્રહાવધારણ** - આટલા ક્ષેત્રનો અવગ્રહ કરવો એવું નક્કી કરવું તે.

(૪) **સાધર્મિક પાસેથી અવગ્રહયાચન** - મકાનમાં પૂર્વે રહેલા સાધુઓ પાસેથી અવગ્રહની યાચના કરવી તે.

(૫) **અનુજ્ઞાપિતપાનભોજન** - ગુરુની અનુજ્ઞા લઈને વાપરવું તે.

**૪) બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ -**

(૧) **સ્ત્રીપશુપંડકસંસક્તશયનાસનવર્જન** - સ્ત્રી, પશુ, પંડકથી યુક્ત સ્થાનમાં સંથારો ન કરવો, બેસવું નહીં તે.

(૨) **રાગસંયુક્તસ્ત્રીકથાવર્જન** - રાગવાળી સ્ત્રીકથા ન કરવી તે.

(૩) **સ્ત્રીમનોહરેન્દ્રિયાલોકવર્જન** - સ્ત્રીના સુંદર અંગોપાંગ ન જોવા.

(૪) **પૂર્વરતાનુસ્મરણવર્જન** - પૂર્વે કરેલ કામક્રીડાનું સ્મરણ ન કરવું તે.

(૫) **પ્રણીતરસભોજનવર્જન** - સ્નિગ્ધ, મધુર અને વિગઈવાળું ભોજન ન કરવું તે.

**૫) અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ -**

પાંચ ઈન્દ્રિયોના પાંચ અનુકૂળ વિષયોમાં રાગ ન કરવો અને પાંચ પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ ન કરવો તે.

**બધા મહાવ્રતોની સામાન્ય ભાવનાઓ** - (સૂત્ર-૭/૪)

૧) હિંસાથી હિંસક હંમેશા ત્રાસકારી અને વૈરવાળો થાય છે. તે આ ભવમાં જ વધ, બંધન, ક્લેશ વગેરેને પામે છે અને પરભવમાં અશુભગતિને પામે છે અને ગર્હિત બને છે. માટે હિંસાથી અટકવું સારું.

૨) અસત્ય બોલનારનો કોઈ વિશ્વાસ કરતું નથી. તે આ ભવમાં જ જીભના છેદ વગેરેને પામે છે. તે ખોટા આળથી દુઃખી થયેલા અને વૈરવાળા જીવો થકી વધુ દુઃખોને પામે છે. તે પરભવમાં અશુભગતિને પામે છે અને ગર્હિત બને છે. માટે અસત્ય વચનોથી અટકવું સારું.

૩) ચોર બધાને ત્રાસદાયક બને છે. તે આ ભવમાં જ વધ, બંધન, અંગછેદ, ભેદન, સર્વસ્વગ્રહણ, મરણ વગેરેને પામે છે અને પરભવમાં અશુભગતિને પામે છે અને ગર્હિત બને છે. માટે ચોરીથી અટકવું સારું.

૪) વિલાસથી ચલ ચિત્તવાળો, સારા શબ્દાદિ વિષયોમાં રાગવાળો, ખરાબ શબ્દાદિ વિષયોમાં દ્વેષવાળો, મદથી આંધળા હાથીની જેમ અંકુશ વિનાનો અબ્રહ્મચારી સુખ પામતો નથી. મોહિત થયેલ તે કાર્ય-અકાર્યને જાણતો નથી અને અકાર્યને પણ કરે છે. તે પરસ્ત્રીગમનથી આ ભવમાં જ વૈરનો અનુબંધ, લિંગનો છેદ, વધ, બંધન, દ્રવ્યનું અપહરણ વગેરે અપાયોને પામે છે અને પરભવમાં અશુભગતિને પામે છે અને ગર્હિત બને છે. માટે અબ્રહ્મથી અટકવું સારું.

૫) જેના હાથમાં માંસપેશી છે એવા પક્ષી પાસેથી બીજા માંસાહારી પક્ષીઓ માંસપેશી ઝૂંટવી લે છે, તેમ પરિગ્રહવાળા પાસેથી ચોરો ધન લૂંટી લે છે. પરિગ્રહવાળો ધનના કમાવાના, રક્ષણ કરવાના અને નાશના ક્લેશોને પામે છે. ધનથી તેને તૃપ્તિ થતી નથી. લોભી એવો તે કાર્ય-અકાર્યને જોતો નથી. તે પરભવમાં અશુભગતિને પામે છે અને ગર્હિત બને છે. માટે પરિગ્રહથી અટકવું સારુ.

અથવા દુઃખની ભાવના કરવી. તે આ પ્રમાણે - (સૂત્ર-૭/૫)

૧) જેમ મને દુઃખ પ્રિય નથી, તેમ બધા જીવોને દુઃખ પ્રિય નથી. માટે હિંસાથી અટકવું સારું.

૨) જેમ મારી ઉપર આળ મૂકાય તો મને તીવ્ર દુઃખ થયું છે અને થાય છે, તેમ બધા જીવોને થાય છે. માટે અસત્ય વચનથી અટકવું સારું.

૩) જેમ મને ઇષ્ટદ્રવ્યનો વિયોગ થવા પર દુઃખ થયું છે અને થાય છે, તેમ બધા જીવોને થાય છે. માટે ચોરીથી અટકવું સારું.

૪) મૈથુન રાગદ્વેષસ્વરૂપ હોવાથી દુઃખરૂપ છે. જેમ ખરજવાના દર્દવાળો ખંજવાળને ખણવી એ દુઃખરૂપ હોવા છતાં તેને સુખરૂપ માને છે, તેમ મૈથુન વાસ્તવમાં દુઃખરૂપ હોવા છતાં મૂઢ જીવ તેને સુખરૂપ માને છે. માટે મૈથુનથી અટકવું સારું.

૫) પરિગ્રહવાળાને ધન ન મળે ત્યાં સુધી ઇચ્છાનું દુઃખ હોય છે, ધન મળી જાય તો રક્ષા કરવાનું દુઃખ હોય છે અને ધન ચાલ્યું જાય તો શોકનું દુઃખ હોય છે. માટે પરિગ્રહથી અટકવું સારું.

આ પ્રમાણે ભાવનાઓ કરવાથી સાધુની મહાવ્રતોમાં સ્થિરતા થાય છે.

**● મૈત્રીભાવના, પ્રમોદભાવના, કારુણ્યભાવના અને માધ્યસ્થ્યભાવના** - (સૂત્ર-૭/૬)

વ્રતોમાં સ્થિરતા માટે આ ચાર ભાવનાઓ ભાવવી.

**૧) મૈત્રી ભાવના** - બધા જીવો ઉપર મૈત્રી ભાવના ભાવવી. બધાના અપરાધો માફ કરવા. કોઈની સાથે વૈર ન રાખવું.

**૨) પ્રમોદ ભાવના** - ગુણાધિક જીવો ઉપર પ્રમોદ ભાવના ભાવવી. પ્રમોદ એટલે હર્ષ. સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર-તપથી અધિક એવા સાધુઓના વંદન, સ્તુતિ, વર્ણવાદ, વૈયાવચ્ચ વગેરે કરવા, બીજાએ કરેલ તેમના વંદન વગેરેથી આનંદ પામવો. આ આનંદ બધી ઇન્દ્રિયોથી વ્યક્ત થાય.

**૩) કારુણ્ય ભાવના** - મહામોહથી ઘેરાયેલા, અજ્ઞાનવાળા, વિષયાગ્નિથી બળતા, હિતનો ત્યાગ અને અહિતની પ્રાપ્તિ થાય એવી પ્રવૃત્તિ કરનારા, વિવિધ દુઃખોથી પીડિત, દીન, કૃપણ, અનાથ, બાળ, વૃદ્ધ-જીવોની ઉપર કારુણ્ય ભાવના ભાવવી. તેમને હિતનો ઉપદેશ આપવો, અન્ન-પાણી-રહેવાનું સ્થાન-ઔષધ વગેરે આપવા.

**૪) માધ્યસ્થ્ય ભાવના** - મહામોહથી ઘેરાયેલા, દુષ્ટ જીવોથી ભોળવાયેલા, સમજાવી ન શકાય એવા જીવો ઉપર માધ્યસ્થ્ય ભાવના ભાવવી.

આ ભાવનાઓ ભાવવાથી પણ વ્રતોમાં સ્થિરતા થાય છે.

● **જગતના સ્વભાવની અને કાયાના સ્વભાવની ભાવના** - (સૂત્ર-૭/૭)

સંવેગ અને વૈરાગ્ય માટે જગતના સ્વભાવની અને કાયાના સ્વભાવની ભાવના કરવી. સંવેગ અને વૈરાગ્યથી વ્રતોમાં સ્થિરતા થાય છે.

**સંવેગ** એટલે સંસારનો ભય, આરંભ-પરિગ્રહમાં દોષ દેખાવાથી અણગમો, ધર્મ અને ધર્મીજનો પ્રત્યે બહુમાન.

**વૈરાગ્ય** એટલે શરીર-ભોગ-સંસાર પ્રત્યેની ઉદાસીનતાથી ઉપશાંત થયેલાને બાહ્ય-અંતર ઉપધિઓમાં આસક્તિ ન થવી તે.

**જગતનો સ્વભાવ** - પ્રિયનો વિયોગ, અપ્રિયનો સંયોગ, ઇષ્ટનો

લાભ ન થવો, દરિદ્રતા, દૌર્ભાગ્ય, દૌર્મનસ્ય, વધ, બંધન, અસમાધિ, દુઃખ, દ્રવ્યોની અનાદિપરિણામતા-આદિમત્પરિણામતા-પ્રાદુર્ભાવ-તિરોભાવ-સ્થિતિ-ભેદ-ઉપકાર-વિનાશ વગેરે.

**કાયાનો સ્વભાવ** - ગર્ભજોનું શરીર માતા-પિતાના ઓજ-વીર્યમાંથી બને છે, સંમૂર્ચ્છિમોનું શરીર ઉત્પત્તિદેશના સ્કંધોમાંથી બને છે, શરીરો અશુભ પરિણામવાળા છે, વિવિધ આકારવાળા છે, અનિત્ય છે, દુઃખનું કારણ છે, સારરહિત છે, અપવિત્ર છે, નાશ અને પુષ્ટ થવાના ધર્મવાળા છે વગેરે.

● **વ્રતી** -

વ્રતો (મહાવ્રતો કે અણુવ્રતો)ને ધારણ કરે તે વ્રતી. તે શલ્ય વિનાનો હોય. (સૂત્ર-૭/૧૩) તે શલ્ય ૩ પ્રકારના છે -

૧) **માયાશલ્ય** - શઠતા.

૨) **નિદાનશલ્ય** - દેવેન્દ્ર વગેરેની ઋદ્ધિ જોઈને મનમાં અભિલાષા કરે કે મને પણ તપના પ્રભાવે આવી ઋદ્ધિ પ્રાપ્ત થાઓ તે.

૩) **મિથ્યાદર્શનશલ્ય** - તત્ત્વભૂત પદાર્થોની અશ્રદ્ધા.

વ્રતી બે પ્રકારના છે - સાધુ અને શ્રાવક (સૂત્ર-૭/૧૪).

૧) **સાધુ** - જેમણે આરંભ, પરિગ્રહ, ઘર વગેરેનો વિધિપૂર્વક ત્યાગ કર્યો છે અને જેઓ પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતને ધારણ કરે છે તે. તે બે પ્રકારે છે -

(૧) **ગચ્છવાસી** - ગચ્છમાં રહેનારા તે ગચ્છવાસી. તે બે પ્રકારે છે -

**(i) ગચ્છવાસી સાધુ** - તે પાંચ પ્રકારના છે -

આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક

**(ii) ગચ્છવાસી સાધ્વી** - તે પાંચ પ્રકારે છે -

પ્રવર્તિની, અભિષેકા, સ્થવિરા, ગણાવચ્છેદિકા, ક્ષુલ્લિકા

(૨) **ગચ્છનિર્ગત** - ગચ્છમાંથી નીકળી ગયેલા જિનકલ્પિક, પરિહાર-વિશુદ્ધિ સંયમવાળા, પ્રતિમા સ્વીકારેલા વગેરે. તેમનું સ્વરૂપ આગળ (પાના નં. ૩૯૮-૪૦૧, ૪૦૫-૪૦૬, ૩૯૦-૩૯૩ ઉપર) બતાવાશે.

૨) **શ્રાવક** - સમ્યક્ત્વવાળો અને અણુવ્રતોવાળો જે દરરોજ સાધુઓ પાસેથી સાધુઓની અને શ્રાવકોની સામાચારી સાંભળે તે શ્રાવક. (સૂત્ર ૭/૧૫) તેના ૩ પ્રકાર છે -

(૧) સમ્યક્ત્વધારી

(૨) સમ્યક્ત્વધારી + અણુવ્રતધારી. તે છ પ્રકારના છે - વ્રતોને લેવાના છ પ્રકારના આધારે શ્રાવકના પણ છ પ્રકાર છે. વ્રતોને લેવાના છ પ્રકાર -

| ક્ર. | વ્રતોને લેવાના પ્રકાર | ભાંગા |
|---|---|---|
| i | દ્વિવિધ (કરણ-કરાવણ) X ત્રિવિધ (મન-વચન-કાયા) | ૧ |
| ii | દ્વિવિધ (કરણ-કરાવણ) X દ્વિવિધ (મન-વચન/મન-કાયા/વચન-કાયા) | ૩ |
| iii | દ્વિવિધ (કરણ-કરાવણ) X એકવિધ (મન/વચન/કાયા) | ૩ |
| iv | એકવિધ (કરણ/કરાવણ) X ત્રિવિધ (મન-વચન-કાયા) | ૨ |
| v | એકવિધ (કરણ/કરાવણ) X દ્વિવિધ (મન-વચન/મન-કાયા/વચન-કાયા) | ૬ |
| vi | એકવિધ (કરણ/કરાવણ) X એકવિધ (મન/વચન/કાયા) | ૬ |
| | કુલ | ૨૧ |

(૩) સમ્યક્ત્વધારી + અણુવ્રતધારી + ઉત્તરગુણધારી

એટલે શ્રાવકના ૧+૬+૧=૮ પ્રકાર થયા.

અથવા સમ્યક્વધારી+અણુવ્રતધારીના છ પ્રકાર દરેક વ્રતમાં સંભવે. તેથી ૬x૫=૩૦. તેમાં સમ્યક્ત્વધારીને અને સમ્યક્ત્વધારી + અણુવ્રતધારી + ઉત્તરગુણધારીને ઉમેરતા ૩૨ પ્રકાર થાય.

● **શ્રાવકના ૧૨ વ્રતો** - (સૂત્ર-૭/૧૬)

૫ અણુવ્રત (પૂર્વે પાના નં. ૨૭૮-૨૭૯ ઉપર કહ્યા છે)

૩ ગુણવ્રત

૪ શિક્ષાવ્રત

૧૨ વ્રત

૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એ ૭ને શીલ કહેવાય છે.

**૩ ગુણવ્રત** -

**૧) દિશાપરિમાણ વ્રત** - તીર્છું, ઉપર અને નીચે એમ દશે દિશાઓમાં જવાના પરિમાણનો અભિગ્રહ કરવો તે.

**૨) ઉપભોગપરિભોગપરિમાણ વ્રત** -

ઉપભોગ - જેનો એકવાર ભોગ થાય તે ઉપભોગ. ફૂલ, આહાર વગેરે. અથવા જેનો અંદર ભોગ થાય તે ઉપભોગ. દા.ત. આહાર વગેરે.

પરિભોગ - જેનો વારંવાર ભોગ થાય, અથવા જેનો બહાર ભોગ થાય તે પરિભોગ. દા.ત. વસ્ત્ર, અલંકાર વગેરે.

ઉપભોગ અને પરિભોગના સાધનોનું પરિમાણ નક્કી કરવું તે ઉપભોગપરિભોગપરિમાણ વ્રત. તે બે પ્રકારે છે - ભોજનથી અને કર્મથી.

તેમાં ભોજનથી એટલે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ગંધ, માળા, પ્રાવરણ (પહેરવાના વસ્ત્ર), અલંકાર, શયન, આસન, ઘર, વાહન વગેરેનું પરિમાણ કરવું તે.

કર્મથી એટલે ૧૫ કર્માદાનનો ત્યાગ કરવો તે.

૧૫ કર્માદાન -

૧) **અંગારકર્મ** - કોલસા પાડવા, કુંભાર-લુહાર કે સોનીનું કાર્ય, ધાતુના વાસણો બનાવવા, હોટલ, ઈંટો તથા ચૂનો પકવવા વગેરે વડે આજીવિકા કરવી તે.

૨) **વનકર્મ** - વન કપાવવા, ખેતી કરવી, લાકડા કાપવા, બાગ-વાડી વગેરે કરવા વગેરે.

૩) **શકટકર્મ** - ગાડા, હળ, ગાડી, મોટર, સાયકલ વગેરે વાહન કે તેના સાધનો બનાવવા તે.

૪) **ભાટકકર્મ** - ગાડી-મોટર વગેરે વડે ટ્રાન્સપોર્ટનો ધંધો કરવો તે.

૫) **સ્ફોટનકર્મ** - જમીન-ખાણ વગેરે ફોડવાનો કે કૂવા-તળાવ વગેરે ખોદવાનો-ખોદાવવાનો ધંધો કરવો તે.

૬) **દંતવાણિજ્ય** - હાથીદાંત, વાળ, નખ, શંખ, છીપ વગેરે પ્રાણીઓના અવયવોનો વેપાર કરવો તે.

૭) **લાખવાણિજ્ય** - લાખ, ગળી, ટંકણખાર, સાબુ વગેરેનો વેપાર કરવો તે.

૮) **રસવાણિજ્ય** - મધ, દારૂ, તેલ, ઘી વગેરે પ્રવાહીનો વેપાર કરવો તે.

૯) **કેશવાણિજ્ય** - દાસ-દાસી, ગાય-ઘોડા, પંખીનો વેપાર કરવો તે.

૧૦) **વિષવાણિજ્ય** - ઝેર, યંત્રો, શસ્ત્રો, હળ વગેરેનો વેપાર કરવો તે.

૧૧) **યંત્રપીડન** - દળવા-ખાંડવા-પીલવાનો કે મિલો-કારખાના ચલાવવા રૂપ ધંધો કરવો તે.

૧૨) **નિર્લાંછનકર્મ** - પશુ-પંખીઓના અવયવોને છેદવાનો ધંધો કરવો તે.

૧૩) **દવદાન** - જંગલો બાળવા વગેરેનો ધંધો કરવો તે.

૧૪) **શોષણકર્મ** - કૂવા, તળાવ વગેરે સૂકવવાનો ધંધો કરવો તે.

૧૫) **અસતીપોષણ** - વેપાર કે સરકસ વગેરે માટે પશુ-પંખી પાળવાના, પોલ્ટ્રીફાર્મ, વાઘરી, વેશ્યા, ચોર, કસાઈ, પારધીને પોષવાના ધંધા કરવા તે.

૩) **અનર્થદંડવિરમણ વ્રત** - જેમાં વિના કારણે જીવોની હિંસા થાય તે અનર્થદંડ. તેનાથી અટકવું તે અનર્થદંડવિરમણ વ્રત.

તેમાં ખોટા વિચારો, પાપી કાર્યોનો ઉપદેશ, હિંસક શસ્ત્રો આપવા, પ્રમાદ આચરવો વગેરેનો ત્યાગ કરવો.

**૪ શિક્ષાવ્રત** -

૧) **સામાયિકવ્રત** - અમુક કાળ સુધી સર્વસાવદ્યયોગના દ્વિવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કરવા તે સામાયિકવ્રત.

૨) **દેશાવગાસિકવ્રત**□ - ઓરડા, ઘર, ગામ, સીમા વગેરેમાં જવાના પરિમાણનો અભિગ્રહ કરવો તે દેશાવગાસિકવ્રત.

□ દિશાપરિમાણવ્રત યાવજ્જીવનું, ૧ વરસનું કે ૪ મહિનાનું હોય છે. દેશાવગાસિક વ્રત દરેક દિવસનું, દરેક પ્રહરનું કે દરેક મુહૂર્તનું હોય છે.

૩) **પૌષધોપવાસવ્રત** - પૌષધ એટલે પર્વ. પર્વના દિવસે આહાર, શરીરસત્કાર, મૈથુન અને સાવદ્ય કર્મનો ત્યાગ કરવો તે પૌષધોપવાસવ્રત.

૪) **અતિથિસંવિભાગવ્રત** - ન્યાયથી ઉપાર્જેલા, કલ્પનીય આહાર-પાણી વગેરે દ્રવ્યો દેશ-કાળને ઉચિત એવા શ્રદ્ધા-સત્કાર સહિત, પોતાની ઉપર ઉપકાર થયો એવી બુદ્ધિથી સંયતોને આપવા તે અતિથિસંવિભાગ વ્રત.

● **સંલેખના વ્રત** - શ્રાવક કાળ, સંઘયણની દુર્બળતા, ઉપસર્ગ વગેરે દોષોને લીધે આવશ્યકની હાનિ કે મરણને જાણીને છઠ્ઠ-અટ્ઠમ વગેરે તપોથી શરીર અને કષાયોની સંલેખના કરીને સંયમ સ્વીકારી ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ કરીને અનશનની આરાધના કરે તે સંલેખના વ્રત. (સૂત્ર-૭/૧૭)

● ● ●

● જન્મદિવસ આવે ત્યારે માણસ ખુશ થાય છે. જન્મદિવસ તો એમ સૂચવે છે કે, 'તારા જીવનમાંથી એક વરસ ઓછું થયું. એટલે કે તારું મોત એક વરસ નજીક આવ્યું. તું મોત તરફ ઢસડાયો.'
● મરણ નિવારવું હોય તો જન્મને નિવારવો જરૂરી છે. જન્મને નિવારવા કર્મોને નિવારવા જરૂરી છે. કર્મોને નિવારવા રાગ-દ્વેષને નિવારવા જરૂરી છે. માટે રાગ-દ્વેષને નિવારવાના પ્રયત્નો કરવા..
● આ જગતના જીવો યમરાજરૂપી કસાઈના વાડામાં પૂરાયેલા ઢોર જેવા છે. આપણી નજર સમક્ષ યમરાજ રોજ થોડા જીવોને ઉપાડી જાય છે. ત્યારે આપણે મજેથી શી રીતે જીવાય ?

# વ્રત અતિચાર પ્રકરણ

• **બાર વ્રતોના અતિચારો** - ૫ વ્રતો અને ૭ શીલો દરેકના ૫-૫ અતિચારો છે. તે આ પ્રમાણે - (સૂત્ર-૭/૧૯)

**૧) સમ્યક્ત્વના પાંચ અતિચારો** - (સૂત્ર-૭/૧૮)

**(૧) શંકા** - અત્યંત સૂક્ષ્મ, અતીન્દ્રિય, માત્ર આગમગમ્ય પદાર્થોમાં જે સંદેહ થવો તે શંકા.

**(૨) કાંક્ષા** - આલોક-પરલોક સંબંધી વિષયોની આશંસા તે કાંક્ષા. અથવા અન્ય અન્ય ધર્મોની ઇચ્છા કરવી તે કાંક્ષા.

**(૩) વિચિકિત્સા / વિદ્વજ્જુગુપ્સા** - આમ પણ હોય છે અને આમ પણ હોય છે એવું બુદ્ધિનું ડામાડોળપણું તે વિચિકિત્સા. અથવા સાધુભગવંતોની નિંદા કરવી તે વિદ્વજ્જુગુપ્સા.

**(૪) અન્યદૃષ્ટિપ્રશંસા** - અન્યદર્શનવાળાની સ્તવના કરવી તે અન્યદૃષ્ટિપ્રશંસા.

**(૫) અન્યદૃષ્ટિસંસ્તવ** - અન્ય દર્શનવાળાની સાથે રહીને તેમનો પરિચય કરવો તે અન્યદૃષ્ટિસંસ્તવ. અન્યદર્શનવાળા એટલે ૩૬૩ પાખંડીઓ. તે આ પ્રમાણે -

**૧) ક્રિયાવાદી** - જીવ વગેરે તત્ત્વો છે, એવું માને તે ક્રિયાવાદી. તેમના ૧૮૦ ભેદ છે. તે આ પ્રમાણે -

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જીવ<br>અજીવ<br>પુણ્ય<br>પાપ<br>આસ્રવ<br>સંવર<br>બંધ<br>નિર્જરા<br>મોક્ષ | ૯ તત્ત્વ x | સ્વતઃ<br>પરતઃ | ૨ x | નિત્ય<br>અનિત્ય | ૨ x | કાળ<br>ઈશ્વર<br>આત્મા<br>નિયતિ<br>સ્વભાવ | ૫ = ૧૮૦ |

જીવ કાળથી સ્વતઃ નિત્ય છે.

જીવ ઈશ્વરથી સ્વતઃ નિત્ય છે.

જીવ આત્માથી સ્વતઃ નિત્ય છે.

જીવ નિયતિથી સ્વતઃ નિત્ય છે.

જીવ સ્વભાવથી સ્વતઃ નિત્ય છે.

આ નિત્ય સાથે ૫ ભાંગા થયા.

એમ અનિત્ય સાથે ૫ ભાંગા થાય.

આ ૧૦ ભાંગા સ્વતઃ થયા.

એમ પરતઃ ૧૦ ભાંગા થાય.

આ ૨૦ ભાંગા જીવના થયા.

એમ શેષ ૮ તત્ત્વોના દરેકના ૨૦-૨૦ ભાંગા થાય.

આમ કુલ ૯ x ૨૦ = ૧૮૦ ભેદ થાય.

૨) **અક્રિયાવાદી** - જીવ વગેરે તત્ત્વો નથી, એવું માને તે અક્રિયાવાદી. તેમના ૮૪ ભેદ છે. તે આ પ્રમાણે -

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જીવ<br>અજીવ<br>આસ્રવ<br>સંવર<br>બંધ<br>નિર્જરા<br>મોક્ષ | ૭ તત્ત્વ x | સ્વતઃ<br>પરતઃ | ૨ x | કાળ<br>ઈશ્વર<br>આત્મા<br>નિયતિ<br>સ્વભાવ<br>યદચ્છા | ૬ = ૮૪ | |

જીવ કાળથી સ્વતઃ નથી.

જીવ ઈશ્વરથી સ્વતઃ નથી.

જીવ આત્માથી સ્વતઃ નથી.

જીવ નિયતિથી સ્વતઃ નથી.

જીવ સ્વભાવથી સ્વતઃ નથી.

જીવ યદચ્છાથી સ્વતઃ નથી.

આમ સ્વતઃ ૬ ભાંગા થયા.

એમ પરતઃ ૬ ભાંગા થાય.

આ ૧૨ ભાંગા જીવના થયા.

એમ અજીવ વગેરેના ૧૨-૧૨ ભાંગા થાય.

આમ કુલ ૭ x ૧૨ = ૮૪ ભેદ થાય.

૩) **અજ્ઞાનિક** - અજ્ઞાનને સારું માને તે અજ્ઞાનિક. તેમના ૬૭ પ્રકાર છે. તે આ પ્રમાણે -

- પરીક્ષામાં પાસ થવા માટે વાસક્ષેપ નંખાવવા કરતા પરીક્ષામાં ચોરી કરવાનું મન ન થાય એ માટે વાસક્ષેપ નંખાવવો સારો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| જીવ<br>અજીવ<br>પુણ્ય<br>પાપ<br>આસ્રવ<br>સંવર<br>બંધ<br>નિર્જરા<br>મોક્ષ | ૯ X | સત્<br>અસત્<br>સદસત્<br>અવાચ્ય<br>સદવાચ્ય<br>અસદવાચ્ય<br>સદસદવાચ્ય | ૭ = ૬૩ | ઉત્પત્તિ X સત્<br>અસત્<br>સદસત્<br>અવાચ્ય | ૪ = ૪ |

૬૩ + ૪ = ૬૭

જીવ છે એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

જીવ નથી એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

જીવ છે અને નથી એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

જીવ અવાચ્ય છે એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

જીવ છે અને અવાચ્ય છે એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

જીવ નથી અને અવાચ્ય છે એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

જીવ છે, નથી અને અવાચ્ય છે એવું કોણ જાણે છે ? અથવા જાણવાથી શું ફાયદો ?

આમ જીવ સાથે ૭ ભાંગા થયા.

એમ અજીવ વગેરે દરેક સાથે ૭-૭ ભાંગા થાય અને ઉત્પત્તિ સાથે ૪ ભાંગા થાય.

આમ કુલ (૯x૭) + (૧x૪) = ૬૩ + ૪ = ૬૭ ભેદ થાય.

૪) **વૈનયિક** - વિનયથી ચરે તે વૈનયિક. તેમના ૩૨ પ્રકાર છે -

દેવ
રાજા
યતિ
જ્ઞાતિ (સ્વજન)
સ્થવિર
અધમ
માતા
પિતા
} ૮ X { મન, વચન, કાયા, દાન } ૪ = ૩૨

દેવ વગેરે દરેકનો મન-વચન-કાયા-દાનથી વિનય કરવો.

આમ કુલ ૮ X ૪ = ૩૨ ભેદ થાય.

| અન્ય દર્શની (પાખંડીઓ) | ભેદ |
|---|---|
| ક્રિયાવાદી | ૧૮૦ |
| અક્રિયાવાદી | ૮૪ |
| અજ્ઞાનિક | ૬૭ |
| વૈનયિક | ૩૨ |
| કુલ | ૩૬૩ |

**૨) સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૦)

(૧) **બંધ** - દોરડા વગેરે વડે બાંધવુ તે.

ગૃહસ્થે તેવા જ દ્વિપદ-ચતુષ્પદ રાખવા જે બાંધ્યા વિના જ રહી શકતા હોય. એવું શક્ય ન હોય તો તેમને કારણસર સાપેક્ષ રીતે બાંધવા.

(૨) **વધ** - ચાબુક વગેરે વડે મારવું તે.

ગૃહસ્થે પહેલાથી જ ભીતપર્ષદાવાળા (જેનાથી નોકરો-પશુઓ વગેરે

ડરતા હોય તેવા) થવું. કારણસર મારવું પડે તો સાપેક્ષ રીતે મારવું.

(૩) **છવિચ્છેદ** - અંગોપાંગ છેદવા, ચામડીને ફાડવી તે.

વિના કારણે છવિચ્છેદ ન કરવો. કારણે સાપેક્ષ રીતે કરવો.

(૪) **અતિભારઆરોપણ** - ખભા-પીઠ વગેરે ઉપર ઘણો ભાર સ્થાપવો તે.

ગૃહસ્થે ઉત્સર્ગથી ભાડાથી ગાડા ચલાવવા વગેરે વડે આજીવિકા ન કરવી. જીવવાનો બીજો ઉપાય ન હોય તો નોકરો, પશુઓ વગેરે ઉપર ઉચિત ભારથી ઓછો ભાર આરોપવો, તેમને ચારો-પાણી આપવા અને ગરમીમાં છોડી દેવા.

(૫) **અન્નપાનનિરોધ** - આહાર-પાણી ન આપવા તે.

વિના કારણે આહાર-પાણીનો નિરોધ ન કરવો. કારણે સાપેક્ષ રીતે કરવો.

**૩) સ્થૂલમૃષાવાદવિરમણ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૧)

(૧) **મિથ્યોપદેશ** - પ્રમાદથી બીજાને પીડા થાય તેવું વચન બોલવું, વસ્તુના સ્વરૂપથી વિપરીત ઉપદેશ આપવો, ઝગડામાં એકને બીજાને ઠગવાનો ઉપદેશ આપવો.

(૨) **રહસ્યાભ્યાખ્યાન** - એકાંતમાં કોઈની ખોટી વાત બીજાને કહેવી તે. દા.ત. ઘરડી સ્ત્રીને કહે કે તારો પતિ કુમારીમાં આસક્ત છે.

(૩) **કૂટલેખક્રિયા** - ખોટો લેખ કરવો તે.

(૪) **ન્યાસાપહાર** - બીજાએ મૂકેલી થાપણનો અપલાપ કરવો તે.

(૫) **સાકારમંત્રભેદ** - બીજાના આકાર ઉપરથી ગુપ્તભાષણનું અનુમાન કરી અન્યને તે કહેવું તે.

**૪) સ્થૂલઅદત્તાદાનવિરમણ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૨)

(૧) **સ્તેનપ્રયોગ** - 'તમે ચોરી કરો,' એમ ચોરોને ચોરી કરવામાં પ્રેરણા કરવી, અથવા ચોરી કરવામાં ઉપયોગી એવા ઉપકરણો બનાવવા, વેચવા તે.

(૨) **સ્તેનાહૃતાદાન** - ચોરોએ ચોરેલા દ્રવ્યને વિના મૂલ્યે કે વેચાતું લેવું તે.

(૩) **વિરુદ્ધરાજ્યાતિક્રમ** - વિરોધી રાજાના રાજ્યમાં પ્રવેશવું તે.

(૪) **હીનાધિકમાનોન્માન** - બીજાને આપવાનું હોય ત્યારે માન-ઉન્માન ઓછુ કરવું, પોતે લેવાનું હોય ત્યારે માન-ઉન્માન વધુ કરવું તે. માન = કુડવ વગેરે, ઉન્માન = ત્રાજવું વગેરે.

(૫) **પ્રતિરૂપકવ્યવહાર** - અનાજમાં ડાંગર-ભૂસુ નાંખવા, તેલમાં ચરબી નાંખવી વગેરે.

**૫) સ્થૂલમૈથુનવિરમણ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૩)

(૧) **પરવિવાહકરણ** - પોતાના સંતાનો સિવાય બીજાના વિવાહ કરવા તે.

(૨) **ઈત્વરપરિગૃહીતાગમન** - બીજાએ અલ્પકાળ માટે ગ્રહણ કરેલી વેશ્યાને સેવવી તે.

(૩) **અપરિગૃહીતાગમન** - વેશ્યા, સ્વૈરિણી, જેનો પતિ બહારગામ ગયો છે તે પ્રોષિતભર્તૃકા વગેરે અનાથ સ્ત્રીઓને સેવવી તે.

(૪) **અનંગક્રીડા** - અનંગ એટલે કામ. તેનાથી ક્રીડા કરવી તે અનંગક્રીડા. કૃત્રિમ અંગોથી કામક્રીડા કરવી, હસ્તકર્માદિ કરવા, અતિશય કામરાગ ઉત્પન્ન થાય તેવી ક્રીડા કરવી વગેરે.

(૫) **તીવ્રકામાભિનિવેશ** - તીવ્ર કામવાસના હોવી તે. સ્વસ્ત્રીમાં પણ અત્યંત કામાસક્તિ હોવી તે.

**૬) સ્થૂલપરિગ્રહવિરમણ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૪)

(૧) **ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિક્રમ** - ક્ષેત્ર = જમીન, ખેતર વગેરે. વાસ્તુ = ઘર, મકાન વગેરે. તેમના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે.

(૨) **હિરણ્યસુવર્ણપ્રમાણાતિક્રમ** - હિરણ્ય = ચાંદી, સુવર્ણ = સોનું. તેમના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે.

(૩) **ધનધાન્યપ્રમાણાતિક્રમ** - ધન = ગાય વગેરે પશુઓ, ધાન્ય = ઘઉં વગેરે. તેમના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે.

(૪) **દાસીદાસપ્રમાણાતિક્રમ** - દાસી-દાસના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે.

(૫) **કુપ્યપ્રમાણાતિક્રમ** - કુપ્ય = વાસણ, વસ્ત્ર વગેરે. તેમના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે.

**૭) દિશાપરિમાણવ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૫)

(૧) **ઊર્ધ્વવ્યતિક્રમ** - ઊર્ધ્વદિશા (ઉપરની દિશા) ના પ્રમાણને ઓળંગવું તે.

(૨) **અધોવ્યતિક્રમ** - અધોદિશા (નીચેની દિશા) ના પ્રમાણને ઓળંગવું તે.

(૩) **તિર્યગ્વ્યતિક્રમ** - પૂર્વ વગેરે ૮ દિશાઓના પ્રમાણને ઓળંગવું તે.

(૪) **ક્ષેત્રવૃદ્ધિ** - એક દિશાના પ્રમાણમાંથી અમુક પ્રમાણ લઈ બીજી દિશામાં વધારવું તે.

(૫) **સ્મૃત્યન્તર્ધાન** - નિયમને ભૂલી જવો તે.

**૮) ઉપભોગપરિભોગવ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૩૦)

(૧) **સચિત્તાહાર** - સચિત્તનો આહાર કરવો તે.

(૨) **સચિત્તસંબદ્ધઆહાર** - સચિત્તની સાથે સંબદ્ધનો આહાર કરવો તે.

(૩) **સચિત્તસંમિશ્રઆહાર** - સચિત્તની સાથે સંમિશ્ર વસ્તુનો આહાર કરવો તે. દા.ત. દાડમના બીજવાળો ભાત વાપરવો તે.

(૪) **અભિષવાહાર** - કુંથવા, કીડી વગેરે સૂક્ષ્મ જંતુઓથી મિશ્ર આહાર કરવો તે, અથવા દારૂ વગેરેનો આહાર કરવો તે.

(૫) **દુષ્પક્વાહાર** - અડધુ પાકેલું ભોજન કરવું તે.

**૯) અનર્થદંડવિરમણ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૭)

(૧) **કંદર્પ** - રાગથી યુક્ત એવો અસભ્ય વાક્યપ્રયોગ અને હાસ્ય તે કંદર્પ.

(૨) **કૌત્કુચ્ય** - શરીરની દુષ્ટ ચેષ્ટાથી યુક્ત એવો રાગવાળો અસભ્ય વાક્યપ્રયોગ અને હાસ્ય તે કૌત્કુચ્ય.

(૩) **મૌખર્ય** - સંબંધ વિનાનું બહુ બોલવું તે મૌખર્ય.

(૪) **અસમીક્ષ્યાધિકરણ** - જેનાથી આત્મા નરક વગેરે દુર્ગતિમાં જવાનો અધિકારી બને તે અધિકરણ. જે પોતાની ઉપર કોઈ ઉપકાર ન કરે, માત્ર બીજાનું પ્રયોજન સાધે તે અસમીક્ષ્યાધિકરણ. અધિકરણોને જોડીને તૈયાર રાખવા તે.

(૫) **ઉપભોગાધિકત્વ** - સ્નાન માટેનો સાબુ, અલંકાર વગેરે પોતાના ઉપભોગથી વધુ રાખવા તે.

**૧૦) સામાયિક વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૮)

(૧) **કાયદુષ્પ્રણિધાન** - કાયાને જયણા વિના પ્રવર્તાવવી તે.

(૨) **વાગ્દુષ્પ્રણિધાન** - વાણીનો દુરુપયોગ કરવો તે.

(૩) **મનદુષ્પ્રણિધાન** - મનથી ખરાબ વિચારો કરવા તે.

(૪) **અનાદર** - સામાયિક ચોક્કસ સમયે ન કરવું, જેમ તેમ કરવું તે.

(૫) **સ્મૃત્યનુપસ્થાપન** - સામાયિક કર્યું કે નહિ ? તેનું વિસ્મરણ થવું તે.

**૧૧) દેશાવગાસિક વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૬)

(૧) **આનયન** - મર્યાદાની બહાર રહેલ વસ્તુને સંદેશો મોકલવા વગેરે વડે મર્યાદાની અંદર મંગાવવી તે.

(૨) **પ્રેષ્યપ્રયોગ** - મર્યાદાની બહાર રહેલ કાર્યને કરવા બીજાને મોકલવા તે.

(૩) **શબ્દાનુપાત** - મર્યાદાની બહારનું કાર્ય કરવાનું હોય ત્યારે અવાજ કરી ત્યાંના લોકોને બોલાવવા તે.

(૪) **રૂપાનુપાત** - મર્યાદાની બહારનું કાર્ય કરવાનું હોય ત્યારે પોતાનું શરીર કે રૂપ ત્યાંના લોકોને બતાવવું, જેથી તે લોકો નજીક આવે તે.

(૫) **પુદ્ગલક્ષેપ** - મર્યાદાની બહારનું કાર્ય કરવાનું હોય ત્યારે પથ્થર વગેરે નાંખી ત્યાંના લોકોને જણાવવું તે.

**૧૨) પૌષધ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૨૯)

(૧) **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગ** - નહિ જોયેલી, નહીં પૂંજેલી ભૂમિ ઉપર મળ-મૂત્રનો ત્યાગ કરવો તે.

(૨) **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતાદાનનિક્ષેપ** - નહીં જોયેલી, નહીં પૂંજેલી વસ્તુ લેવી-મૂકવી તે.

(૩) **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતસંસ્તારકોપક્રમણ** - નહીં જોયેલી, નહીં પૂંજેલી ભૂમિ ઉપર સંથારો કરવો તે.

(૪) **અનાદર** - પૌષધની ક્રિયાઓમાં ઉત્સાહ ન હોવો તે.

(૫) **સ્મૃત્યનુપસ્થાપન** - પર્વ દિવસને ભૂલી જવો તે, અથવા પૌષધ કર્યો કે નહીં તે ભૂલી જવું તે.

**૧૩) અતિથિસંવિભાગ વ્રતના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૩૧)

(૧) **સચિત્તનિક્ષેપ** - નહિં દેવાની બુદ્ધિથી અન્ન વગેરે સચિત્ત ઉપર મૂકવા તે.

(૨) **સચિત્તપિધાન** - નહિં દેવાની બુદ્ધિથી અન્ન વગેરેને સચિત્તથી ઢાંકવા તે.

(૩) **પરવ્યપદેશ** - નહિ દેવાની બુદ્ધિથી સાધુની સામે 'આ દ્રવ્ય અમારું નથી બીજાનું છે' એમ કહેવું તે.

(૪) **માત્સર્ય** - ગુસ્સાથી ન આપવું તે, અથવા બીજા દાતાની ઈર્ષ્યાથી આપવું તે.

(૫) **કાલાતિક્રમ** - ભિક્ષાને ઉચિત કાળની પહેલા અથવા પછી વાપરવું તે.

**૧૪) સંલેખનાના ૫ અતિચાર** - (સૂત્ર-૭/૩૨)

(૧) **જીવિતાશંસા** - અનશન વખતે મોટી પૂજા અને ઘણા લોકોને જોઈને જીવવાની ઈચ્છા થવી તે.

(૨) **મરણાશંસા** - અનશન વખતે કોઈ સેવા-ચાકરી કરતું ન હોવાથી કે કોઈ પ્રશંસા કરતું ન હોવાથી મરવાની ઈચ્છા કરવી તે.

(૩) **મિત્રાનુરાગ**□ - અનશન વખતે પણ મિત્રો-સ્વજનો ઉપર સ્નેહ કરવો તે.

(૪) **સુખાનુબંધ**Δ - અનુભવેલ પ્રીતિને અનશન વખતે મનમાં યાદ કરવી તે.

(૫) **નિદાનકરણ** - અનશન વખતે 'આ તપથી મને ચક્રવર્તીપણું વગેરે મળે.' એવી આશંસા કરવી તે.

આમ, સમ્યક્ત્વના ૫ અતિચાર, ૧૨ વ્રતોના ૬૦ અતિચાર અને સંલેખનાના ૫ અતિચાર થયા. એટલે કુલ ૭૦ અતિચાર થયા.

• • •

- ભૂલ આપણે કરી હોય તો સ્વીકારીને અને બીજાએ કરી હોય તો ભૂલીને હળવાફૂલ થવું જોઈએ.
- ધર્મીને દુઃખ આવે ત્યારે તેણે એમ વિચારવું કે પાપકર્મોનું દેવું પતે છે અને પુણ્યનું બેલેન્સ ઊભું થાય છે. પાપીના જીવનમાં સુખ જોઈ વિચારવું કે એનું પુણ્યનું બેલેન્સ ખલાસ થઈ રહ્યું છે અને એ પાપનું દેવું ઊભું કરી રહ્યો છે.
- ધર્મી દુઃખી થાય છે અને પાપી સુખી થાય છે એમ વિચારીએ તો શ્રદ્ધા તુટી જાય, બીજા પાપી સારા લાગે, ધર્મી હીન લાગે. તેની બદલે એમ વિચારવું - દુઃખી પણ ધર્મ કરે છે અને સુખી પણ પાપ કરે. આમ વિચારવાથી ધર્મી મહાન લાગે અને પાપી પર દયા આવે.

□ અન્યત્ર અહીં 'ઐહિકઆશંસા' કહી છે. તેનો અર્થ આવો છે - આ જન્મ સંબંધી પૂજા, કીર્તિ વગેરેની ઇચ્છા તે ઐહિકઆશંસા.

Δ અન્યત્ર અહીં 'આમુષ્મિકઆશંસા' કહી છે. તેનો અર્થ આવો છે - પરલોક સંબંધી સ્વર્ગના સુખ વગેરેની ઇચ્છા તે આમુષ્મિકઆશંસા.

# દાન પ્રકરણ

સ્વ અને પર બંને ઉપર ઉપકાર કરવા માટે પોતાના અન્ન, પાણી, વસ્ત્રો વગેરે પાત્રને આપવા તે દાન. (સૂત્ર-૭/૩૩)

પાત્ર બે પ્રકારે છે -

૧) અરિહંત ભગવંત - તેમને પુષ્પ, ધૂપ, દીપ વગેરે ધરવા.

૨) સાધર્મિક - તે બે પ્રકારે છે - સાધુ અને શ્રાવક. તેમને અન્ન, પાણી વગેરે આપવા.

વિધિ-દ્રવ્ય-દાતા-પાત્રની તરતમતાથી દાનધર્મમાં તરતમતા થાય છે અને તેની તરતમતાથી દાનના ફળમાં તરતમતા થાય છે. (સૂત્ર-૭/૩૪)

**(૧) વિધિ -**

**(i) દેશસમ્પત્** - દાન આપનાર અને લેનાર બંને જ્યાં ઊભા હોય તે ભૂમિ ત્રસ-સ્થાવર જીવો રહિત હોવી જોઈએ.

**(ii) કાલસમ્પત્** - રાત્રે નહીં, દિવસે પણ પોતાના માટે ભોજન બનાવ્યું હોય અને ઉચિત ભોજનકાળે પીરસવા માટે ઊભા થયા હોય ત્યારે.

**(iii) શ્રદ્ધા** - ગુણવાનોને દાન આપવાની અભિલાષા તે શ્રદ્ધા. જેમ કે, 'આમને આપવાથી બહુ ફળ મળે છે.' એવી શ્રદ્ધા.

**(iv) સત્કાર** - ઊભા થવું, આસન આપવું, હર્ષપૂર્વક આપવું વગેરે.

**(v) ક્રમ** - આપવાની વસ્તુનો ક્રમ - જે દેશમાં જે રીતે પ્રસિદ્ધ હોય તે રીતે આપવું. પાત્રનો ક્રમ-રત્નાધિકના ક્રમે અથવા પ્રકૃષ્ટ, મધ્યમ, જઘન્ય એ ક્રમે.

**(vi) કલ્પનીય** - ઉદ્‌ગમાદિ દોષરહિત, અભક્ષ્ય-અપેય-અગ્રાહ્ય ન હોય તે.

**(૨) દ્રવ્ય** - સાર, જાતિ અને ગુણોની ઉત્કૃષ્ટતાવાળું દ્રવ્ય આપવું. સાર એટલે ગંધ-રસ વગેરે બગડ્યા ન હોય તેવું. જાતિ એટલે અનાજ વગેરેની સારી જાતિ. ગુણ એટલે સુગંધી, સ્નિગ્ધ, મધુર વગેરે.

**(૩) દાતા** - (૧) દાતાને દાન લેનાર ઉપર ગુસ્સો ન હોવો જોઈએ. (૨) તેને દાન આપ્યા પછી વિષાદ ન થવો જોઈએ. (૩) દાતાએ દાન આદરપૂર્વક આપવું જોઈએ. (૪) દાતાને દાન આપ્યા પહેલાં, દાન આપતી વખતે અને દાન આપ્યા પછી હર્ષ થવો જોઈએ. (૫) દાતાએ કર્મનિર્જરાના ઉદ્દેશથી દાન આપવું જોઈએ. (૬) દાતાને દાન આપવા પાછળ દૃષ્ટ (સાંસારિક)ફળની અપેક્ષા ન હોવી જોઈએ. (૭) દાતાએ દાન આપવામાં માયા ન કરવી. દા.ત. ઉપર સારું ને નીચે ખરાબ રાખીને આપવું તે માયા. (૮) દાતાએ દાન આપ્યા પછી એના ફળનું નિયાણું ન કરવું.

**(૪) પાત્ર** - સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્‌તપથી યુક્ત પાત્ર હોય તેને દાન કરવું.

• • •

- બેઝિક ફોર્મ્યુલા સમજાયા પછી ગણિતનો દાખલો ઉકેલવો સરળ પડે છે. એના અભાવમાં એ જ દાખલો અઘરો લાગે છે. જીવનના પણ બેઝિક ફોર્મ્યુલા શીખી લઈએ એટલે જીવનના દાખલા ઉકેલવા સહેલા પડે. જીવનનો બેઝિક ફોર્મ્યુલા આ છે - ધર્મથી સુખ મળે છે, પાપથી દુઃખ મળે છે.
- આપણું સુખ ખોવાયું નથી, ઢંકાઈ ગયું છે. ચાલો, એને પ્રગટ કરવાના પ્રયત્નો કરીએ.

# બંધતત્ત્વ

● **બંધ** - કાર્મણવર્ગણાના પુદ્ગલોનો આત્માની સાથે એકમેક સંબંધ થવો તે બંધ. જીવ સકષાયી હોવાથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને આત્માની સાથે એકમેક કરે છે. (સૂત્ર-૮/૨,૮/૩)

● **બંધના હેતુઓ** - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ - આ કર્મબંધના ૫ હેતુઓ છે. (સૂત્ર-૮/૧)

૧) **મિથ્યાત્વ** - ભગવાને કહેલા તત્ત્વોથી વિપરીત માન્યતા તે મિથ્યાત્વ. તેના ૫ પ્રકાર છે -

(૧) **આભિગ્રહિક મિથ્યાત્વ** - કુદર્શનમાં રહેલા જીવો પોતાના દર્શનને જ સાચું માને તે. દા.ત. ૩૬૩ પાખંડીઓ.

(૨) **અનાભિગ્રહિક મિથ્યાત્વ** - બધા ધર્મોને સમાન માનવા તે.

(૩) **આભિનિવેશિક મિથ્યાત્વ** - કદાગ્રહને પકડી રાખવો તે.

(૪) **સાંશયિક મિથ્યાત્વ** - ભગવાનના વચનોમાં શંકા થવી તે.

(૫) **અનાભોગિક મિથ્યાત્વ** - અનાભોગથી એકેન્દ્રિય વગેરે અજ્ઞાન જીવોને હોય તે. **તત્ત્વાર્થભાષ્યમાં** મિથ્યાત્વના આભિગ્રહિક અને અનાભિગ્રહિક એમ બે જ ભેદ કહ્યા છે. શેષ ભેદોનો આ બે ભેદમાં સમાવેશ સમજી લેવો.

૨) **અવિરતિ** - હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ થકી મન-વચન-કાયાથી અને કરણ-કરાવણ-અનુમોદનાથી અટકવું તે વિરતિ. વિરતિનો અભાવ તે અવિરતિ. તેના ૧૨ પ્રકાર છે -

(૧-૬) છ કાયના જીવોની હિંસા.

(૭-૧૨) પાંચ ઇન્દ્રિયો અને મનનું અનિયંત્રણ.

૩) **પ્રમાદ** - ઇન્દ્રિયોના દોષને લીધે મોક્ષમાર્ગમાં શિથિલતા તે પ્રમાદ. તેના ૩ પ્રકાર છે -

(૧) **સ્મૃત્યનવસ્થાન** - વિકથા વગેરેમાં વ્યગ્ર હોવાથી કર્તવ્યને ભૂલી જવું તે.

(૨) **કુશળમાં અનાદર** - આગમમાં કહેલા અનુષ્ઠાનોમાં અનુત્સાહ એટલે કે અપ્રવૃત્તિ.

(૩) **યોગદુષ્પ્રણિધાન** - દુષ્ટ મનથી મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ કરવી તે.

૪) **કષાય** - કષ=સંસાર, આય=લાભ. જેનાથી સંસારનો લાભ થાય તે કષાય. તેના ૨૫ પ્રકાર છે - ૧૬ કષાય અને ૯ નોકષાય. તે આગળ (પાના નં. ૩૧૭ થી ૩૨૧ ઉપર) કહેવાશે.

૫) **યોગ** - મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે યોગ.

યોગના મુખ્ય ૩ પ્રકાર છે અને ઉત્તરભેદ ૧૫ છે. તે પૂર્વે (પાના નં. ૬૬-૬૭ ઉપર) કહ્યા છે.

પ્રમાદનો સમાવેશ અવિરતિમાં થઈ જતો હોવાથી કર્મગ્રંથ વગેરેમાં પ્રમાદ નામનો બંધહેતુ જુદો કહ્યો નથી.

મિથ્યાત્વ વગેરે ૫ બંધહેતુઓમાં પૂર્વ-પૂર્વના બંધહેતુ હોય, ત્યારે પછી પછીના બંધહેતુઓ અવશ્ય હોય, પછી પછીના બંધહેતુ હોય ત્યારે પૂર્વ પૂર્વના બંધહેતુઓ હોય અથવા ન પણ હોય.

| બંધહેતુ | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | કુલ |
|---|---|---|---|---|---|
| ઉત્તરભેદ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |

## ગુણસ્થાનકે બંધહેતુઓ -

| ગુણ-સ્થાનક | મૂળ બંધહેતુ | ઉત્તર બંધહેતુ | | | | | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|
| | | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | કુલ | |
| ૧લુ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | આહારક ૨ વિના |
| ૨જુ | ૩ | - | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૦ | મિથ્યાત્વ ૫ વિના |
| ૩જુ | ૩ | - | ૧૨ | ૨૧ | ૧૦ | ૪૩ | અનંતાનુબંધી ૪, ઔદારિક મિશ્ર, વૈક્રિયમિશ્ર, કાર્મણ વિના |
| ૪થુ | ૩ | - | ૧૨ | ૨૧ | ૧૩ | ૪૬ | ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, કાર્મણ વધે |
| ૫મુ | ૩ | - | ૧૧ | ૧૭ | ૧૧ | ૩૯ | ત્રસની અવિરતિ, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, ઔદારિક મિશ્ર, કાર્મણ વિના |
| ૬ઠ્ઠુ | ૨ | - | - | ૧૩ | ૧૩ | ૨૬ | અવિરતિ ૧૧, પ્રત્યાખ્યાનાવરણીય ૪ વિના, આહારક ૨ વધે |
| ૭મુ | ૨ | - | - | ૧૩ | ૧૧ | ૨૪ | આહારકમિશ્ર, વૈક્રિયમિશ્ર વિના |
| ૮મુ | ૨ | - | - | ૧૩ | ૯ | ૨૨ | આહારક, વૈક્રિય વિના |
| ૯મુ | ૨ | - | - | ૭ | ૯ | ૧૬ | હાસ્ય ૬ વિના |
| ૧૦મુ | ૨ | - | - | ૧ | ૯ | ૧૦ | વેદ ૩, સંજ્વલન ૩ વિના |
| ૧૧મુ | ૧ | - | - | - | ૯ | ૯ | સંજ્વલન લોભ વિના |
| ૧૨મુ | ૧ | - | - | - | ૯ | ૯ | |
| ૧૩મુ | ૧ | - | - | - | ૭ | ૭ | અસત્ય મનોયોગ, સત્યાસત્ય મનોયોગ, અસત્ય વચનયોગ, સત્યા-સત્ય વચનયોગ વિના, ઔદારિક મિશ્ર, કાર્મણ વધે |
| ૧૪મુ | - | - | - | - | - | - | શેષ યોગો વિના. |

**• બંધના ૪ પ્રકાર** - (સૂત્ર-૮/૪)

૧) **પ્રકૃતિબંધ** - જેમ કોઈ મોદકનો વાયુ દૂર કરવાનો સ્વભાવ હોય છે, કોઈ મોદકનો પિત્ત દૂર કરવાનો સ્વભાવ હોય છે, તેમ કર્મનો જ્ઞાનાદિ ગુણને ઢાંકવાનો જે સ્વભાવ નક્કી થાય તે પ્રકૃતિબંધ.

૨) **સ્થિતિબંધ** - જેમ કોઈ મોદક ૧૦ દિવસ ટકે છે, કોઈ મોદક ૧૫ દિવસ ટકે છે, તેમ કર્મનો આત્માની ઉપર રહેવાનો જે કાળ નક્કી થાય તે સ્થિતિબંધ.

૩) **રસબંધ** - જેમ કોઈ મોદક અલ્પ ગળપણવાળો હોય છે, કોઈ મોદક વધુ ગળપણવાળો હોય છે, તેમ કર્મની આત્માને ફળ આપવાની તીવ્ર કે મંદ જે શક્તિ નક્કી થાય તે રસબંધ.

૪) **પ્રદેશબંધ** - જેમ કોઈ મોદક નાનો હોય છે, કોઈ મોદક મોટો હોય છે તેમ કર્મના દળની જે સંખ્યા નક્કી થવી તે પ્રદેશબંધ.

**• પ્રકૃતિબંધ**

તેના બે પ્રકાર છે - મૂળપ્રકૃતિબંધ અને ઉત્તરપ્રકૃતિબંધ. મૂળપ્રકૃતિબંધ ૮ પ્રકારે છે અને ઉત્તરપ્રકૃતિબંધ ૧૫૮ પ્રકારે છે. તે આ પ્રમાણે - (સૂત્ર-૮/૫,૮/૬)

| ક્ર. | મૂળપ્રકૃતિનું નામ | વ્યાખ્યા | કયા ગુણને ઢાંકે ? | ઉત્તરભેદ | દૃષ્ટાંત |
|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણ | વસ્તુના વિશેષ બોધરૂપ જ્ઞાનને ઢાંકે તે | અનંતજ્ઞાન | ૫ | આંખે પાટા બાંધવા જેવું |
| ૨ | દર્શનાવરણ | વસ્તુના સામાન્ય બોધરૂપ દર્શનને ઢાંકે તે | અનંતદર્શન | ૯ | દ્વારપાળ જેવું |

| ક્ર. | મૂળપ્રકૃતિનું નામ | વ્યાખ્યા | કયા ગુણને ઢાંકે ? | ઉત્તર-ભેદ | દૃષ્ટાંત |
|---|---|---|---|---|---|
| ૩ | વેદનીય | સુખ-દુઃખનો અનુભવ કરાવે તે | અવ્યાબાધ સુખ | ૨ | મધથી લેપાયેલ તલવાર જેવું |
| ૪ | મોહનીય | જીવને સાચા-ખોટાના વિવેક વિનાનો કરે અને ખોટામાં પ્રવર્તાવે તે | અનંતચારિત્ર | ૨૮ | દારૂપાન જેવું |
| ૫ | આયુષ્ય | ભવમાં પકડી રાખે તે | અક્ષયસ્થિતિ | ૪ | બેડી જેવું |
| ૬ | નામ | જીવને ગતિ વગેરે પર્યાયોનો અનુભવ કરાવે તે | અરૂપીપણું | ૧૦૩ | ચિતારા જેવું |
| ૭ | ગોત્ર | ઊંચા-નીચા કુળનો અનુભવ કરાવે તે | અગુરુલઘુપણું | ૨ | કુંભાર જેવું |
| ૮ | અંતરાય | જીવને દાન વગેરેથી કે તેની શક્તિથી અટકાવે તે | અનંતશક્તિ | ૫ | ખજાનચી જેવું |
| કુલ | ૮ | | | ૧૫૮ | |

નામકર્મની ઉત્તરપ્રકૃતિઓના પેટાભેદ પણ ગણ્યા હોવાથી અહીં નામકર્મના ૧૦૩ ભેદ કહ્યા છે. જો નામકર્મની માત્ર ઉત્તરપ્રકૃતિઓ જ ગણીએ અને તેના પેટાભેદ ન ગણીએ તો નામકર્મના ૪૨ ભેદ થાય.

૧) **જ્ઞાનાવરણકર્મ** - જે કર્મ વસ્તુના વિશેષબોધરૂપ જ્ઞાનગુણને ઢાંકે તે જ્ઞાનાવરણકર્મ. તેના પાંચ ભેદ છે - (સૂત્ર-૮/૭)

(૧) **મતિજ્ઞાનાવરણકર્મ** - જે કર્મ મતિજ્ઞાનને ઢાંકે તે મતિજ્ઞાનાવરણકર્મ.

(૨) **શ્રુતજ્ઞાનાવરણકર્મ** - જે કર્મ શ્રુતજ્ઞાનને ઢાંકે તે શ્રુતજ્ઞાનાવરણકર્મ.

(૩) **અવધિજ્ઞાનાવરણકર્મ** - જે કર્મ અવધિજ્ઞાનને ઢાંકે તે અવધિજ્ઞાનાવરણકર્મ.

(૪) **મનઃપર્યવજ્ઞાનાવરણકર્મ** - જે કર્મ મનઃપર્યવજ્ઞાનને ઢાંકે તે મનઃપર્યવજ્ઞાનાવરણકર્મ.

(૫) **કેવળજ્ઞાનાવરણકર્મ** - જે કર્મ કેવળજ્ઞાનને ઢાંકે તે કેવળજ્ઞાનાવરણકર્મ.

૨) **દર્શનાવરણકર્મ** - જે કર્મ વસ્તુના સામાન્યબોધરૂપ દર્શનગુણને ઢાંકે તે દર્શનાવરણકર્મ. તેના ૯ ભેદ છે - (સૂત્ર-૮/૮)

(૧) **ચક્ષુદર્શનાવરણકર્મ** - જે કર્મ આંખથી થતા વસ્તુના સામાન્યબોધરૂપ ચક્ષુદર્શનને ઢાંકે તે ચક્ષુદર્શનાવરણકર્મ.

(૨) **અચક્ષુદર્શનાવરણકર્મ** - જે કર્મ આંખ સિવાયની ૪ ઇન્દ્રિયો અને મનથી થતા વસ્તુના સામાન્યબોધરૂપ અચક્ષુદર્શનને ઢાંકે તે અચક્ષુદર્શનાવરણકર્મ.

(૩) **અવધિદર્શનાવરણકર્મ** - જે કર્મ અમુક મર્યાદામાં રહેલ રૂપી દ્રવ્યોના સામાન્યબોધરૂપ અવધિદર્શનને ઢાંકે તે અવધિદર્શનાવરણકર્મ.

(૪) **કેવળદર્શનાવરણકર્મ** - જે કર્મ લોકાલોકના સર્વ દ્રવ્યોના સામાન્યબોધરૂપ કેવળદર્શનને ઢાંકે તે કેવળદર્શનાવરણકર્મ.

(૫) **નિદ્રાવેદનીયદર્શનાવરણકર્મ** - જેમાંથી નખની ચપટી વગેરે

દ્વારા સુખેથી જાગી શકાય તે નિદ્રા. જે કર્મથી નિદ્રા આવે તે નિદ્રાવેદનીયદર્શનાવરણકર્મ.

(૬) **નિદ્રાનિદ્રાવેદનીયદર્શનાવરણકર્મ** - જેમાંથી મુશ્કેલીથી જાગી શકાય તે નિદ્રાનિદ્રા. જે કર્મથી નિદ્રાનિદ્રા આવે તે નિદ્રાનિદ્રાવેદનીયદર્શનાવરણકર્મ.

(૭) **પ્રચલાવેદનીયદર્શનાવરણકર્મ** - જેમાં બેઠા બેઠા કે ઊભા ઊભા ઊંઘે તે પ્રચલા. જે કર્મથી પ્રચલા આવે તે પ્રચલાવેદનીયદર્શનાવરણકર્મ.

(૮) **પ્રચલાપ્રચલાવેદનીયદર્શનાવરણકર્મ** - જેમાં ચાલતા ચાલતા ઊંઘે તે પ્રચલાપ્રચલા. જે કર્મથી પ્રચલાપ્રચલા આવે તે પ્રચલાપ્રચલાવેદનીયદર્શનાવરણકર્મ.

(૯) **થીણદ્ધિવેદનીયદર્શનાવરણકર્મ** - જેમાં દિવસે જાગૃત અવસ્થામાં ચિંતવેલ કાર્યને રાત્રે નિદ્રાવસ્થામાં કરે તે થીણદ્ધિ. જે કર્મથી થીણદ્ધિ આવે તે થીણદ્ધિવેદનીયદર્શનાવરણકર્મ.

૩) **વેદનીયકર્મ** - જે કર્મ જીવને સુખ-દુઃખનો અનુભવ કરાવે તે વેદનીયકર્મ. તેના બે ભેદ છે - (સૂત્ર-૮/૯)

(૧) **સાતાવેદનીયકર્મ** - જે કર્મ જીવને સુખનો અનુભવ કરાવે તે સાતાવેદનીયકર્મ.

(૨) **અસાતાવેદનીયકર્મ** - જે કર્મ જીવને દુઃખનો અનુભવ કરાવે તે અસાતાવેદનીયકર્મ.

૪) **મોહનીયકર્મ** - જે કર્મ જીવને સંસારમાં મુંઝાવે, અથવા સાચા-ખોટાના વિવેક વિનાનો કરે તે મોહનીયકર્મ. તેના બે ભેદ છે - (સૂત્ર-૮/૧૦)

(૧) દર્શનમોહનીયકર્મ અને (૨) ચારિત્રમોહનીયકર્મ

(૧) **દર્શનમોહનીયકર્મ** - દર્શન=સમ્યક્ત્વ. વીતરાગ સર્વજ્ઞ ભગવાનને દેવ માનવા, પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને ગુરુ માનવા અને કેવલીભગવંતે પ્રરૂપેલ ધર્મને ધર્મ માનવો એ સમ્યક્ત્વ છે. જે કર્મ જીવના સમ્યક્ત્વ ગુણને ઢાંકે તે દર્શનમોહનીયકર્મ. તેના ૩ ભેદ છે -

(i) **મિથ્યાત્વમોહનીયકર્મ** - જે કર્મ જીવને તત્ત્વભૂત પદાર્થો ઉપર શ્રદ્ધા ન કરવા દે તે મિથ્યાત્વમોહનીયકર્મ.

(ii) **મિશ્રમોહનીયકર્મ** - જે કર્મ જીવને તત્ત્વભૂત પદાર્થો ઉપર શ્રદ્ધા પણ ન કરવા દે અને અશ્રદ્ધા પણ ન કરવા દે તે મિશ્રમોહનીયકર્મ.

(iii) **સમ્યક્ત્વમોહનીયકર્મ** - જે કર્મ જીવને તત્ત્વભૂત પદાર્થો ઉપર શ્રદ્ધા કરાવે તે સમ્યક્ત્વમોહનીયકર્મ.

આ ત્રણમાંથી માત્ર મિથ્યાત્વમોહનીયકર્મ જ બંધાય છે, મિશ્રમોહનીયકર્મ અને સમ્યક્ત્વમોહનીયકર્મ બંધાતા નથી. મિથ્યાત્વમોહનીયકર્મ જ્યારે અર્ધવિશુદ્ધ થાય ત્યારે તે જ મિશ્રમોહનીયકર્મ બને. મિથ્યાત્વમોહનીયકર્મ જયારે સંપૂર્ણ વિશુદ્ધ થાય ત્યારે તે જ સમ્યક્ત્વમોહનીયકર્મ બને.

સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે. તે સમ્યક્ત્વમોહનીયકર્મના ઉદયથી થતો નથી. પરંતુ સમ્યક્ત્વમોહનીયકર્મના દલિકો વિશુદ્ધ હોવાથી સમ્યક્ત્વનો ઘાત કરી શકતા નથી. તેથી ઉપચારથી એમ કહેવાય કે સમ્યક્ત્વમોહનીયકર્મના ઉદયથી જીવને તત્ત્વભૂત પદાર્થો ઉપર શ્રદ્ધા થાય છે. સમ્યક્ત્વમોહનીયકર્મ ક્યારેક સમ્યક્ત્વમાં અતિચાર લગાડે.

(૨) **ચારિત્રમોહનીયકર્મ** - જે કર્મ જીવના ચારિત્ર ગુણને ઢાંકે તે

ચારિત્રમોહનીયકર્મ. તેના બે ભેદ છે - (A) કષાયમોહનીયકર્મ અને (B) નોકષાયમોહનીયકર્મ.

**(A) કષાયમોહનીયકર્મ** - જેનાથી સંસારનો લાભ થાય તે કષાય. જે કર્મ જીવને કષાય કરાવે તે કષાયમોહનીયકર્મ. તેના ૪ ભેદ છે -

**(૧) અનંતાનુબંધીકષાયમોહનીયકર્મ** - અનંત=સંસાર. જે કષાય સંસારનો અનુબંધ કરાવે તે અનંતાનુબંધીકષાય. તેને સંયોજના કષાય પણ કહેવાય છે. જે કર્મ જીવને અનંતાનુબંધી કષાય કરાવે તે અનંતાનુબંધીકષાયમોહનીયકર્મ. તેના ૪ ભેદ છે -

**(i) અનંતાનુબંધીક્રોધમોહનીયકર્મ** - જે કર્મ જીવને અનંતાનુબંધી ક્રોધ કરાવે તે અનંતાનુબંધીક્રોધમોહનીયકર્મ.

**(ii) અનંતાનુબંધીમાનમોહનીયકર્મ** - જે કર્મ જીવને અનંતાનુબંધી માન કરાવે તે અનંતાનુબંધીમાનમોહનીયકર્મ.

**(iii) અનંતાનુબંધીમાયામોહનીયકર્મ** - જે કર્મ જીવને અનંતાનુબંધી માયા કરાવે તે અનંતાનુબંધીમાયામોહનીયકર્મ.

**(iv) અનંતાનુબંધીલોભમોહનીયકર્મ** - જે કર્મ જીવને અનંતાનુબંધી લોભ કરાવે તે અનંતાનુબંધીલોભમોહનીયકર્મ.

**(૨) અપ્રત્યાખ્યાનાવરણીયકષાયમોહનીયકર્મ** - જે કષાય જીવને અલ્પ પણ પચ્ચક્ખાણ ન કરવા દે તે અપ્રત્યાખ્યાનાવરણીયકષાય. જે કર્મ જીવને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય કરાવે તે અપ્રત્યાખ્યાનાવરણીયકષાયમોહનીયકર્મ. તેના ૪ ભેદ છે -

**(i) અપ્રત્યાખ્યાનાવરણીયક્રોધમોહનીયકર્મ** - જે કર્મ જીવને અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કરાવે તે અપ્રત્યાખ્યાનાવરણીયક્રોધમોહનીયકર્મ.

**(ii) અપ્રત્યાખ્યાનાવરણીયમાનમોહનીયકર્મ** - જે કર્મ જીવને અપ્રત્યાખ્યાનાવરણીય માન કરાવે તે અપ્રત્યાખ્યાનાવરણીયમાન-મોહનીયકર્મ.

**(iii) અપ્રત્યાખ્યાનાવરણીયમાયામોહનીયકર્મ** - જે કર્મ જીવને અપ્રત્યાખ્યાનાવરણીય માયા કરાવે તે અપ્રત્યાખ્યાનાવરણીયમાયા-મોહનીયકર્મ.

**(iv) અપ્રત્યાખ્યાનાવરણીયલોભમોહનીયકર્મ** - જે કર્મ જીવને અપ્રત્યાખ્યાનાવરણીય લોભ કરાવે તે અપ્રત્યાખ્યાનાવરણીયલોભ-મોહનીયકર્મ.

(૩) **પ્રત્યાખ્યાનાવરણીયકષાયમોહનીયકર્મ** - જે કષાય જીવને અલ્પ પચ્ચક્ખાણ કરવા દે પણ સર્વ સાવદ્યના પચ્ચક્ખાણ ન કરવા દે તે પ્રત્યાખ્યાનાવરણીય કષાય. જે કર્મ જીવને પ્રત્યાખ્યાનાવરણીય કષાય કરાવે તે પ્રત્યાખ્યાનાવરણીયકષાયમોહનીયકર્મ. તેના ૪ ભેદ છે -

**(i) પ્રત્યાખ્યાનાવરણીયક્રોધમોહનીયકર્મ** - જે કર્મ જીવને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કરાવે તે પ્રત્યાખ્યાનાવરણીયક્રોધ-મોહનીયકર્મ.

**(ii) પ્રત્યાખ્યાનાવરણીયમાનમોહનીયકર્મ** - જે કર્મ જીવને પ્રત્યાખ્યાનાવરણીય માન કરાવે તે પ્રત્યાખ્યાનાવરણીય-માનમોહનીયકર્મ.

**(iii) પ્રત્યાખ્યાનાવરણીયમાયામોહનીયકર્મ** - જે કર્મ જીવને પ્રત્યાખ્યાનાવરણીય માયા કરાવે તે પ્રત્યાખ્યાનાવરણીયમાયા-મોહનીયકર્મ.

**(iv) પ્રત્યાખ્યાનાવરણીયલોભમોહનીયકર્મ** - જે કર્મ જીવને પ્રત્યાખ્યાનાવરણીય લોભ કરાવે તે પ્રત્યાખ્યાનાવરણીયલોભ-મોહનીયકર્મ.

(૪) **સંજ્વલનકષાયમોહનીયકર્મ** - જે કષાય ચારિત્રને કંઈક બાળે તે સંજ્વલન કષાય. જે કર્મ જીવને સંજ્વલનકષાય કરાવે તે સંજ્વલન-કષાયમોહનીયકર્મ. તેના ૪ ભેદ છે -

**(i) સંજ્વલનક્રોધમોહનીયકર્મ** - જે કર્મ જીવને સંજ્વલનક્રોધ કરાવે તે સંજ્વલનક્રોધમોહનીયકર્મ.

**(ii) સંજ્વલનમાનમોહનીયકર્મ** - જે કર્મ જીવને સંજ્વલનમાન કરાવે તે સંજ્વલમાનમોહનીયકર્મ.

**(iii) સંજ્વલનમાયામોહનીયકર્મ** - જે કર્મ જીવને સંજ્વલનમાયા કરાવે તે સંજ્વલમાયામોહનીયકર્મ.

**(iv) સંજ્વલનલોભમોહનીયકર્મ** - જે કર્મ જીવને સંજ્વલનલોભ કરાવે તે સંજ્વલનલોભમોહનીયકર્મ.

### ૧૬ કષાયોના ગુણઘાત, ગતિપ્રાપ્તિ, સ્થિતિ અને ઉપમા

| કષાય | ગુણઘાત | ગતિપ્રાપ્તિ | સ્થિતિ | ક્રોધ (ઉપમા) |
|---|---|---|---|---|
| અનંતાનુબંધી | સમ્યક્ત્વ | નરક | યાવજ્જીવ | પર્વતના વિભાગ |
| અપ્રત્યાખ્યા-નાવરણીય | દેશવિરતિ | તિર્યંચ | ૧ વર્ષ | પૃથ્વીની ફાડ |
| પ્રત્યાખ્યા-નાવરણીય | સર્વવિરતિ | મનુષ્ય | ૪ માસ | રેતીમાં રેખા |
| સંજ્વલન | યથાખ્યાત ચારિત્ર | દેવ | ૧ પક્ષ | પાણીમાં રેખા |

| કષાય | માન (ઉપમા) | માયા (ઉપમા) | લોભ (ઉપમા) |
|---|---|---|---|
| અનંતાનુબંધી | પથ્થરનો થાંભલો | કઠણવાંસના મૂળ | કીરમજનો રંગ |
| અપ્રત્યાખ્યાના-વરણીય | હાડકાનો થાંભલો | ઘેટાના સીંગડા | ગાડાની મળી |
| પ્રત્યાખ્યાના-વરણીય | લાકડાનો થાંભલો | ગોમૂત્ર | કાજળ |
| સંજવલન | નેતરની સોટી | વાંસની છાલ | હળદરનો રંગ |

| કષાય | લક્ષણ | પ્રતિઘાત હેતુ |
|---|---|---|
| ક્રોધ | અપ્રીતિ | ક્ષમા |
| માન | સ્વોત્કર્ષ, પરાપકર્ષ | મૃદુતા |
| માયા | શઠતા, છળ, પ્રપંચ | સરળતા |
| લોભ | આસક્તિ, તૃષ્ણા | સંતોષ |

આમ કષાયમોહનીયકર્મના કુલ ૧૬ ભેદ છે.

**(B) નોકષાયમોહનીયકર્મ** - જે કષાયરૂપ નથી, પણ કષાયના સહચારી અને પ્રેરક છે તે નોકષાય. તેઓ કષાયની સાથે જ પોતાનું કાર્ય કરવા સમર્થ છે, એકલા નહીં. જે કષાયનો ઉદય હોય તેઓ તેના જેવા થઈ જાય છે. એટલે કે અનંતાનુબંધી કષાયના ઉદયમાં નોકષાયો અનંતાનુબંધી જેવા થઈ જાય છે, વગેરે. જે કર્મ જીવને નોકષાય કરાવે તે નોકષાયમોહનીય કર્મ. તેના ૯ ભેદ છે -

(૧) **હાસ્યમોહનીયકર્મ** - જે કર્મ જીવને કારણે કે કારણ વિના હસાવે તે હાસ્યમોહનીયકર્મ.

(૨) **રતિમોહનીયકર્મ** - જે કર્મ જીવને બાહ્ય-અભ્યંતર વસ્તુઓ

ઉપર પ્રીતિ કરાવે તે રતિમોહનીયકર્મ.

(૩) **અરતિમોહનીયકર્મ** - જે કર્મ જીવને બાહ્ય-અભ્યંતર વસ્તુઓ ઉપર અપ્રીતિ કરાવે તે અરતિમોહનીયકર્મ.

(૪) **શોકમોહનીય કર્મ** - જે કર્મ જીવને શોક કરાવે તે શોકમોહનીય-કર્મ.

(૫) **ભયમોહનીયકર્મ** - જે કર્મ જીવને કારણે કે કારણ વિના ભય પમાડે તે ભયમોહનીયકર્મ.

(૬) **જુગુપ્સામોહનીયકર્મ** - જે કર્મ જીવને શુભ-અશુભ દ્રવ્યોને વિષે જુગુપ્સા કરાવે તે જુગુપ્સામોહનીયકર્મ.

(૭) **પુરુષવેદમોહનીયકર્મ** - જે કર્મ પુરુષને સ્ત્રીને ભોગવવાની ઇચ્છા કરાવે તે પુરુષવેદમોહનીયકર્મ.

(૮) **સ્ત્રીવેદમોહનીયકર્મ** - જે કર્મ સ્ત્રીને પુરુષને ભોગવવાની ઇચ્છા કરાવે તે સ્ત્રીવેદમોહનીયકર્મ.

(૯) **નપુંસકવેદમોહનીયકર્મ** - જે કર્મ જીવને પુરુષ-સ્ત્રી બંનેને ભોગવવાની ઇચ્છા કરાવે તે નપુંસકવેદમોહનીયકર્મ.

પુરુષવેદ ઘાસના અગ્નિ જેવો છે. તે જલ્દીથી શાંત થઈ જાય છે.

સ્ત્રીવેદ લાકડાના અગ્નિ જેવો છે. તે ઘણા કાળે શાંત થાય છે.

નપુંસકવેદ છાણના અગ્નિ જેવો છે. તે અતિ ઘણા કાળે શાંત થાય છે.

આમ ચારિત્રમોહનીયકર્મના કુલ ૧૬+૯=૨૫ ભેદ છે અને મોહનીયકર્મના કુલ ૩+૨૫=૨૮ ભેદ છે.

૫) **આયુષ્યકર્મ** - જે કર્મ જીવને ભવમાં પકડી રાખે તે આયુષ્યકર્મ. તેના ૪ ભેદ છે - (સૂત્ર-૮/૧૧)

(૧) **નરકાયુષ્યકર્મ** - જે કર્મ જીવને નરકના ભવમાં રાખે તે નરકાયુષ્ય કર્મ.

(૨) **તિર્યંચાયુષ્યકર્મ** - જે કર્મ જીવને તિર્યંચના ભવમાં રાખે તે તિર્યંચાયુષ્ય કર્મ.

(૩) **મનુષ્યાયુષ્યકર્મ** - જે કર્મ જીવને મનુષ્યના ભવમાં રાખે તે મનુષ્યાયુષ્ય કર્મ.

(૪) **દેવાયુષ્યકર્મ** - જે કર્મ જીવને દેવના ભવમાં રાખે તે દેવાયુષ્ય કર્મ.

૬) **નામકર્મ** - જે કર્મ જીવને ગતિ વગેરે પર્યાયોનો અનુભવ કરાવે તે નામકર્મ. તેના ત્રણ ભેદ છે - (A) પિંડપ્રકૃતિ, (B) પ્રત્યેકપ્રકૃતિ અને (C) ત્રસદશક-સ્થાવરદશક. (સૂત્ર-૮/૧૨)

**(A) પિંડપ્રકૃતિ** - સમુદાયવાળી પ્રકૃતિ તે પિંડપ્રકૃતિ. તેના ૧૪ ભેદ છે-

(૧) **ગતિનામકર્મ** - જે કર્મ જીવને તે તે ગતિમાં મોકલે તે ગતિનામકર્મ. તેના ૪ ભેદ છે -

**(i) નરકગતિનામકર્મ** - જે કર્મ જીવને નરકગતિમાં મોકલે તે નરકગતિનામકર્મ.

**(ii) તિર્યંચગતિનામકર્મ** - જે કર્મ જીવને તિર્યંચગતિમાં મોકલે તે તિર્યંચગતિનામકર્મ.

**(iii) મનુષ્યગતિનામકર્મ** - જે કર્મ જીવને મનુષ્યગતિમાં મોકલે તે મનુષ્યગતિનામકર્મ.

**(iv) દેવગતિનામકર્મ** - જે કર્મ જીવને દેવગતિમાં મોકલે તે દેવગતિ નામકર્મ.

(૨) **જાતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો તે તે જાતિરૂપે વ્યવહાર થાય તે જાતિનામકર્મ. તેના પાંચ ભેદ છે -

**(i) એકેન્દ્રિયજાતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો એકેન્દ્રિયજાતિ રૂપે વ્યવહાર થાય તે એકેન્દ્રિયજાતિનામકર્મ. તે અનેક પ્રકારનું છે. જેમકે - પૃથ્વીકાયિકજાતિનામકર્મ, અપ્કાયિકજાતિનામકર્મ, તેજસ્કાયિકજાતિનામકર્મ, વાયુકાયિકજાતિનામકર્મ, વનસ્પતિકાયિકજાતિનામકર્મ.

પૃથ્વીકાયિકજાતિનામકર્મ અનેક પ્રકારે છે. જેમકે - શુદ્ધપૃથ્વીજાતિનામકર્મ, શર્કરાજાતિનામકર્મ, વાલુકાજાતિનામકર્મ, શિલાજાતિનામકર્મ, લવણજાતિનામકર્મ, સ્ફટિકજાતિનામકર્મ વગેરે.

અપ્કાયિકજાતિનામકર્મ અનેક પ્રકારે છે. જેમકે - હિમજાતિનામકર્મ, ઘનોદધિજાતિનામકર્મ, શુદ્ધોદકજાતિનામકર્મ વગેરે.

તેજસ્કાયિકજાતિનામકર્મ અનેક પ્રકારે છે. જેમકે - અંગારાજાતિનામકર્મ, જ્વાલાજાતિનામકર્મ, શુદ્ધાગ્નિજાતિનામકર્મ વગેરે.

વાયુકાયિકજાતિનામકર્મ અનેક પ્રકારે છે. જેમકે - ઉત્કલિકાવાયુજાતિનામકર્મ, મંડલિકાવાયુજાતિનામકર્મ, ઘનવાતજાતિનામકર્મ વગેરે.

વનસ્પતિકાયિકજાતિનામકર્મ અનેક પ્રકારે છે. જેમકે - કંદજાતિનામકર્મ, મૂલજાતિનામકર્મ, ફલજાતિનામકર્મ વગેરે.

**(ii) બેઈન્દ્રિયજાતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો બેઈન્દ્રિયજાતિરૂપે વ્યવહાર થાય તે બેઈન્દ્રિયજાતિનામકર્મ. તે અનેક પ્રકારે

છે. જેમકે - શંખજાતિનામકર્મ વગેરે.

**(iii) તેઈન્દ્રિયજાતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો તેઈન્દ્રિયજાતિરૂપે વ્યવહાર થાય તે તેઈન્દ્રિયજાતિનામકર્મ. તે અનેક પ્રકારે છે. જેમકે - કીડીજાતિનામકર્મ વગેરે.

**(iv) ચઉરિન્દ્રિયજાતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો ચઉરિન્દ્રિયજાતિરૂપે વ્યવહાર થાય તે ચઉરિન્દ્રિયજાતિનામકર્મ. તે અનેક પ્રકારે છે. જેમકે - ભ્રમરજાતિનામકર્મ વગેરે.

**(v) પંચેન્દ્રિયજાતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનો પંચેન્દ્રિયજાતિરૂપે વ્યવહાર થાય તે પંચેન્દ્રિયજાતિનામકર્મ. તે અનેક પ્રકારે છે. જેમકે - મનુષ્યજાતિનામકર્મ, દેવજાતિનામકર્મ વગેરે.

જન્મથી આંધળો ચઉરિન્દ્રિય નથી કહેવાતો, કેમકે તેને પંચેન્દ્રિયજાતિનામકર્મનો ઉદય હોય છે. બકુલ વગેરે વનસ્પતિને પાંચે ઈન્દ્રિઓનું જ્ઞાન દેખાવા છતાં તે પંચેન્દ્રિય નથી કહેવાતી, કેમકે તેને એકેન્દ્રિયજાતિનામકર્મનો ઉદય હોય છે.

(૩) **શરીરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ તે તે શરીર બનાવે તે શરીરનામકર્મ. તેના ૫ ભેદ છે -

**(i) ઔદારિકશરીરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ ઔદારિક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને ઔદારિકશરીરરૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે ઔદારિકશરીરનામકર્મ.

**(ii) વૈક્રિયશરીરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને વૈક્રિયશરીરરૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે વૈક્રિયશરીરનામકર્મ.

**(iii) આહારકશરીરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને આહારકશરીરરૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે આહારકશરીરનામકર્મ.

**(iv) તૈજસશરીરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને તૈજસશરીરરૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે તૈજસશરીરનામકર્મ.

**(v) કાર્મણશરીરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને કાર્મણશરીરરૂપે પરિણમાવે અને આત્માની સાથે એકમેક કરે તે કાર્મણશરીરનામકર્મ.

(૪) **અંગોપાંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ શરીરમાંથી અંગોપાંગ બનાવે તે અંગોપાંગનામકર્મ. તેના ૩ ભેદ છે -

**(i) ઔદારિકઅંગોપાંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ ઔદારિકશરીરરૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે ઔદારિકઅંગોપાંગનામકર્મ.

**(ii) વૈક્રિયઅંગોપાંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ વૈક્રિયશરીર રૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે વૈક્રિયઅંગોપાંગનામકર્મ.

**(iii) આહારકઅંગોપાંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ આહારકશરીરરૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ બનાવે તે આહારકઅંગોપાંગનામકર્મ.

આ ત્રણેના દરેકના ૩-૩ ભેદ છે.

**(i) અંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ અંગો બનાવે તે

અંગનામકર્મ.તેના ૬ ભેદ છે - શિરનામકર્મ, ઉરનામકર્મ, પૃષ્ઠનામકર્મ, બાહુનામકર્મ, ઉદરનામકર્મ, પાદનામકર્મ.

**(ii) ઉપાંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ ઉપાંગો બનાવે તે ઉપાંગનામકર્મ. તેના અનેક ભેદ છે - મસ્તકનામકર્મ, લલાટ-નામકર્મ, ઓષ્ઠ (હોઠ)નામકર્મ, નયનનામકર્મ, કર્ણનામકર્મ વગેરે.

**(iii) અંગોપાંગનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ અંગોપાંગ બનાવે તે અંગોપાંગનામકર્મ. તેના અનેક ભેદ છે - કેશનામકર્મ, પર્વનામકર્મ, રોમનામકર્મ, નખનામકર્મ વગેરે.

અંગ ૮ છે - બે પગ, બે બાહુ, પેટ, છાતી, પીઠ, મસ્તક.

ઉપાંગ એટલે અંગના અવયવ. દા.ત. આંખ, કાન, નાક, આંગળી વગેરે.

અંગોપાંગ એટલે ઉપાંગના અવયવ. દા.ત. કેશ, રોમ, પર્વ, નખ વગેરે.

તૈજસશરીર અને કાર્મણશરીરમાં અંગોપાંગ હોતા નથી.

(૫) **બંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે બંધનનામકર્મ. તેના પાંચ ભેદ છે -

**(i) ઔદારિકબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ★પૂર્વગૃહીત ઔદારિક પુદ્ગલોનો □ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોની સાથે સંબંધ થાય તે ઔદારિકબંધનનામકર્મ.

**(ii) વૈક્રિયબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત વૈક્રિય પુદ્ગલોનો ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોની સાથે સંબંધ થાય તે વૈક્રિયબંધનનામકર્મ.

★ પૂર્વગૃહીત=પૂર્વે ગ્રહણ કરેલા. □ ગૃહ્યમાણ=વર્તમાનમાં ગ્રહણ કરાતા.

**(iii) આહારકબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત આહારક પુદ્ગલોનો ગૃહ્યમાણ આહારક પુદ્ગલોની સાથે સંબંધ થાય તે આહારકબંધનનામકર્મ.

**(iv) તૈજસબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત તૈજસ પુદ્ગલોનો ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે તૈજસબંધનનામકર્મ.

**(v) કાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત કાર્મણ પુદ્ગલોનો ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે કાર્મણબંધનનામકર્મ.

મતાંતરે બંધનનામકર્મના ૧૫ ભેદ છે -

(૧) **ઔદારિકઔદારિકબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત ઔદારિક પુદ્ગલોનો ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોની સાથે સંબંધ થાય તે ઔદારિકઔદારિકબંધનનામકર્મ.

(૨) **ઔદારિકતૈજસબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોનો ગૃહીત તે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે ઔદારિકતૈજસબંધનનામકર્મ.

(૩) **ઔદારિકકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે ઔદારિકકાર્મણબંધનનામકર્મ.

(૪) **ઔદારિકતૈજસકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ ઔદારિક, તૈજસ, કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે ઔદારિકતૈજસકાર્મણબંધનનામકર્મ.

(૫) **વૈક્રિયવૈક્રિયબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત વૈક્રિય

પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોનો સંબંધ થાય તે વૈક્રિય-વૈક્રિયબંધનનામકર્મ.

(૬) **વૈક્રિયતૈજસબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે વૈક્રિયતૈજસબંધનનામકર્મ.

(૭) **વૈક્રિયકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે વૈક્રિયકાર્મણબંધનનામકર્મ.

(૮) **વૈક્રિયતૈજસકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ વૈક્રિય, તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે વૈક્રિયતૈજસકાર્મણબંધનનામકર્મ.

(૯) **આહારકઆહારકબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત આહારક પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ આહારક પુદ્ગલોનો સબંધ થાય તે આહારકઆહારકબંધનનામકર્મ.

(૧૦) **આહારકતૈજસબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે આહારકતૈજસબંધનનામકર્મ.

(૧૧) **આહારકકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે આહારકકાર્મણબંધનનામકર્મ.

(૧૨) **આહારકતૈજસકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ આહારક, તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય તે આહારકતૈજસકાર્મણબંધનનામકર્મ.

(૧૩) **તૈજસતૈજસબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત તૈજસ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોનો સંબંધ થાય તે તૈજસતૈજસબંધનનામકર્મ.

(૧૪) **તૈજસકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી ગૃહીત કે ગૃહ્યમાણ તૈજસ પુદ્ગલોનો ગૃહીત કે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે તૈજસકાર્મણબંધનનામકર્મ.

(૧૫) **કાર્મણકાર્મણબંધનનામકર્મ** - જે કર્મના ઉદયથી પૂર્વગૃહીત કાર્મણ પુદ્ગલોની સાથે ગૃહ્યમાણ કાર્મણ પુદ્ગલોનો સંબંધ થાય તે કાર્મણકાર્મણબંધનનામકર્મ.

(૬) **સંઘાતનામકર્મ** - ગ્રહણ કરેલા શરીરપુદ્ગલોની જે કર્મના ઉદયથી વિશેષ રચના થાય તે સંઘાતનામકર્મ. **પહેલા કર્મગ્રંથ**માં સંઘાત-નામકર્મની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે - **'जं संघायइ उरलाइपुग्गले तणगणं व दंताली । तं संघायं बंधणमिव तणुनामेण पंचविहं ॥३५॥'** **-કર્મવિપાક.** 'જે કર્મના ઉદયથી શરીરપુદ્ગલોને એકઠા કરાય તે સંઘાતનામકર્મ.' તેના પાંચ ભેદ છે -

(૧) **ઔદારિકસંઘાતનામકર્મ** - ગ્રહણ કરેલા ઔદારિક પુદ્ગલોની જે કર્મના ઉદયથી વિશેષ રચના થાય તે ઔદારિકસંઘાતનામકર્મ.

(૨) **વૈક્રિયસંઘાતનામકર્મ** - ગ્રહણ કરેલા વૈક્રિય પુદ્ગલોની જે કર્મના ઉદયથી વિશેષ રચના થાય તે વૈક્રિયસંઘાતનામકર્મ.

(૩) **આહારકસંઘાતનામકર્મ** - ગ્રહણ કરેલા આહારક પુદ્ગલોની જે કર્મના ઉદયથી વિશેષ રચના થાય તે આહારકસંઘાતનામકર્મ.

(૪) **તૈજસસંઘાતનામકર્મ** - ગ્રહણ કરેલા તૈજસ પુદ્ગલોની જે કર્મના ઉદયથી વિશેષ રચના થાય તે તૈજસસંઘાતનામકર્મ.

(૫) **કાર્મણસંઘાતનામકર્મ** - ગ્રહણ કરેલા કાર્મણ પુદ્‌ગલોની જે કર્મના ઉદયથી વિશેષ રચના થાય તે કાર્મણસંઘાતનામકર્મ.

(૭) **સંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરનો તે તે પ્રકારનો આકાર બને તે સંસ્થાનનામકર્મ. તેના ૬ ભેદ છે -

(૧) **સમચતુરસ્રસંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સમચતુરસ્રસંસ્થાનની પ્રાપ્તિ થાય તે સમચતુરસ્રસંસ્થાન-નામકર્મ.

(૨) **ન્યગ્રોધસંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં ન્યગ્રોધસંસ્થાનની પ્રાપ્તિ થાય તે ન્યગ્રોધસંસ્થાનનામકર્મ.

(૩) **સાદિસંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સાદિસંસ્થાનની પ્રાપ્તિ થાય તે સાદિસંસ્થાનનામકર્મ.

(૪) **કુબ્જસંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કુબ્જસંસ્થાનની પ્રાપ્તિ થાય તે કુબ્જસંસ્થાનનામકર્મ.

(૫) **વામનસંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં વામનસંસ્થાનની પ્રાપ્તિ થાય તે વામનસંસ્થાનનામકર્મ.

(૬) **હુંડકસંસ્થાનનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં હુંડકસંસ્થાનની પ્રાપ્તિ થાય તે હુંડકસંસ્થાનનામકર્મ.

સંસ્થાનોની વ્યાખ્યા પૂર્વે (પાના નં. ૨૩૦, ૨૩૧ ઉપર) કરી છે.

(૮) **સંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે સંઘયણની પ્રાપ્તિ થાય તે સંઘયણનામકર્મ. તેના ૬ ભેદ છે -

(૧) **વજ્રઋષભનારાચસંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં વજ્રઋષભનારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે વજ્રઋષભ-નારાચસંઘયણનામકર્મ.

(૨) **અર્ધવજ્રઋષભનારાચસંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં અર્ધવજ્રઋષભનારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે અર્ધવજ્રઋષભનારાચસંઘયણનામકર્મ.

(૩) **નારાચસંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં નારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે નારાચસંઘયણનામકર્મ.

(૪) **અર્ધનારાચસંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં અર્ધનારાચસંઘયણની પ્રાપ્તિ થાય તે અર્ધનારાચસંઘયણનામકર્મ.

(૫) **કીલિકાસંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કીલિકાસંઘયણની પ્રાપ્તિ થાય તે કીલિકાસંઘયણનામકર્મ.

(૬) **સૂપાટિકાસંઘયણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સૂપાટિકાસંઘયણની પ્રાપ્તિ થાય તે સૂપાટિકાસંઘયણનામકર્મ.

સંઘયણ એટલે હાડકાની રચના. તે છ પ્રકારના છે -

(૧) **વજ્રઋષભનારાચસંઘયણ** - વજ્ર=ખીલી. ઋષભ=હાડકાનો પાટો. નારાચ=બંને બાજુ મર્કટબંધ. મર્કટ=વાંદરાનું બચ્ચુ. તે જેમ માતાની છાતીએ જોરથી વળગી રહે છે તેમ જેમાં બે હાડકા પરસ્પર વળગી રહ્યા હોય તેવી રચનાને મર્કટબંધ કહેવાય છે. જેમાં બન્ને બાજુ મર્કટબંધથી બંધાયેલા અને પાટા આકારના ત્રીજા હાડકાથી વીંટાયેલા બે હાડકાની ઉપર ત્રણેને ભેદનારી હાડકાની ખીલી હોય તે વજ્રઋષભનારાચસંઘયણ.

(૨) **અર્ધવજ્રઋષભનારાચસંઘયણ** - જેમાં વજ્ર, ઋષભ અને નારાચ ત્રણેનું અર્ધ હોય તે અર્ધવજ્રઋષભનારાચસંઘયણ. આ **તત્ત્વાર્થભાષ્યકાર**નો મત છે. **પહેલા કર્મગ્રંથમાં** બીજું ઋષભનારાચ-સંઘયણ કહ્યું છે. તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે - 'જેમાં બે બાજુ મર્કટબંધથી બંધાયેલા બે હાડકા પાટા આકારના ત્રીજા હાડકાથી

વીંટાયેલ હોય તે ઋષભનારાચસંઘયણ.' **કર્મપ્રકૃતિ** વગેરેમાં બીજું વજ્રનારાચસંઘયણ કહ્યું છે. તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે - 'જેમાં બે બાજુ મર્કટબંધથી બંધાયેલા બે હાડકા ઉપર બંનેને ભેદનારી ખીલી હોય તે વજ્રનારાચસંઘયણ.'

(૩) **નારાચસંઘયણ** - જેમાં બે હાડકા માત્ર મર્કટબંધથી બંધાયેલા હોય તે નારાચસંઘયણ.

(૪) **અર્ધનારાચસંઘયણ** - જેમાં બે હાડકા એક બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને બીજી બાજુ ખીલીથી બંધાયેલા હોય તે અર્ધનારાચસંઘયણ.

(૫) **કીલિકાસંઘયણ** - જેમાં બે હાડકા માત્ર ખીલીથી બંધાયેલા હોય તે કીલિકાસંઘયણ.

(૬) **સૃપાટિકાસંઘયણ** - જેમાં બે હાડકા માત્ર અંતે સ્પર્શેલા હોય અને ચામડી-સ્નાયુ-માંસથી બંધાયેલા હોય તે સૃપાટિકાસંઘયણ. **કર્મગ્રંથ** વગેરેમાં આને સેવાર્ત સંઘયણ કે છેદસ્પૃષ્ટ સંઘયણ કહ્યું છે.

(૯) **વર્ણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે વર્ણની પ્રાપ્તિ થાય તે વર્ણનામકર્મ. તેના ૫ ભેદ છે -

(૧) **કૃષ્ણવર્ણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કોલસા વગેરે જેવું કાળુ થાય તે કૃષ્ણવર્ણનામકર્મ.

(૨) **નીલવર્ણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર મરકતમણી વગેરે જેવું લીલુ થાય તે નીલવર્ણનામકર્મ.

(૩) **રક્તવર્ણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર હિંગુલ વગેરેની જેવું લાલ થાય તે રક્તવર્ણનામકર્મ.

**(૪) પીતવર્ણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર હળદર વગેરેની જેવું પીળુ થાય તે પીતવર્ણનામકર્મ.

**(૫) શુક્લવર્ણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર શંખ વગેરેની જેવું સફેદ થાય તે શુક્લવર્ણનામકર્મ.

**(૧૦) ગંધનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સારી કે ખરાબ ગંધની પ્રાપ્તિ થાય તે ગંધનામકર્મ. તેના બે ભેદ છે -

**(૧) સુરભિગંધનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કપુર વગેરેની જેમ સુગંધવાળુ થાય તે સુરભિગંધનામકર્મ.

**(૨) દુરભિગંધનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર લસણ વગેરેની જેમ દુર્ગંધવાળુ થાય તે દુરભિગંધનામકર્મ.

**(૧૧) રસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે રસની પ્રાપ્તિ થાય તે રસનામકર્મ. તેના પાંચ ભેદ છે -

**(૧) તિક્તરસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર લીંબડા વગેરેની જેમ કડવું થાય તે તિક્તરસનામકર્મ.

**(૨) કટુરસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર સૂંઠ, મરી વગેરેની જેમ તીખું થાય તે કટુરસનામકર્મ.

**(૩) કષાયરસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર આમળા, બેડા વગેરેની જેમ તૂરું થાય તે કષાયરસનામકર્મ.

**(૪) અમ્લરસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર આંબલી વગેરેની જેમ ખાટું થાય તે અમ્લરસનામકર્મ.

**(૫) મધુરરસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર શેરડી વગેરેની જેમ મધુર થાય તે મધુરરસનામકર્મ. લવણરસનો સમાવેશ મધુરરસમાં થઈ જાય છે.

(૧૨) **સ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તે તે સ્પર્શની પ્રાપ્તિ થાય તે સ્પર્શનામકર્મ. તેના ૮ ભેદ છે -

(૧) **કર્કશસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર પથ્થર વગેરેની જેમ કર્કશ બને તે કર્કશસ્પર્શનામકર્મ. આને કઠિનસ્પર્શનામકર્મ પણ કહેવાય છે.

(૨) **મૃદુસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર માખણ વગેરેની જેમ કોમળ થાય તે મૃદુસ્પર્શનામકર્મ.

(૩) **ગુરુસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર વજ્ર વગેરેની જેમ ગુરુ થાય તે ગુરુસ્પર્શનામકર્મ.

(૪) **લઘુસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર આકડાના રૂ વગેરેની જેમ લઘુ થાય તે લઘુસ્પર્શનામકર્મ.

(૫) **સ્નિગ્ધસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર તેલ વગેરેની જેમ સ્નિગ્ધ થાય તે સ્નિગ્ધસ્પર્શનામકર્મ.

(૬) **રૂક્ષસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર રાખ વગેરેની જેમ રૂક્ષ થાય તે રૂક્ષસ્પર્શનામકર્મ.

(૭) **શીતસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર કમળની દાંડી વગેરેની જેમ ઠંડુ થાય તે શીતસ્પર્શનામકર્મ.

(૮) **ઉષ્ણસ્પર્શનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર અગ્નિ વગેરેની જેમ ઉષ્ણ થાય તે ઉષ્ણસ્પર્શનામકર્મ.

(૧૩) **આનુપૂર્વીનામકર્મ** - જે કર્મના ઉદયથી વક્રગતિથી ભવાંતરમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે આનુપૂર્વીનામકર્મ. તેના ૪ ભેદ છે -

(૧) **નરકાનુપૂર્વીનામકર્મ** - જે કર્મના ઉદયથી વક્રગતિથી નરકગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે નરકાનુપૂર્વીનામકર્મ.

(૨) **તિર્યંચાનુપૂર્વીનામકર્મ** - જે કર્મના ઉદયથી વક્રગતિથી તિર્યંચગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે તિર્યંચાનુપૂર્વીનામકર્મ.

(૩) **મનુષ્યાનુપૂર્વીનામકર્મ** - જે કર્મના ઉદયથી વક્રગતિથી મનુષ્યગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે મનુષ્યાનુપૂર્વીનામકર્મ.

(૪) **દેવાનુપૂર્વીનામકર્મ** - જે કર્મના ઉદયથી વક્રગતિથી દેવગતિમાં જતા જીવની આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર ગતિ થાય તે દેવાનુપૂર્વીનામકર્મ.

આનુપૂર્વીનામકર્મનો ઉદય વક્રગતિમાં હોય છે, ઋજુગતિમાં નહીં.

કેટલાક એમ કહે છે કે, 'નિર્માણ નામકર્મથી નિર્મિત શરીરના અંગોપાંગોની સ્થાપનાના ક્રમનું નિયમન કરનાર કર્મ તે આનુપૂર્વીનામકર્મ.'

(૧૪) **વિહાયોગતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ આકાશમાં ગમન કરી શકે તે વિહાયોગતિનામકર્મ. એટલે કે જે કર્મના ઉદયથી જીવને ગતિ (ચાલ)ની પ્રાપ્તિ થાય તે વિહાયોગતિનામકર્મ. આને ખગતિનામકર્મ પણ કહેવાય છે. વિહાયોગતિ બે પ્રકારે છે -

**(i) લબ્ધિથી** - દેવો વગેરેને

**(ii) શિક્ષાથી પ્રાપ્ત થયેલ ઋદ્ધિથી**

આ દરેકના બે-બે ભેદ છે - શુભ અને અશુભ.

વિહાયોગતિનામકર્મના બે ભેદ છે -

(૧) **શુભવિહાયોગતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને હંસ, હાથી, બળદ વગેરે જેવી શુભગતિ પ્રાપ્ત થાય તે શુભવિહાયોગતિનામકર્મ. આને સુખગતિનામકર્મ પણ કહેવાય છે.

(૨) **અશુભવિહાયોગતિનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને ઊંટ, શિયાળ વગેરે જેવી અશુભગતિ પ્રાપ્ત થાય તે અશુભવિહાયોગતિનામકર્મ. આને કુખગતિનામકર્મ પણ કહેવાય છે.

**(B) પ્રત્યેકપ્રકૃતિ** - એક-એક છૂટી પ્રકૃતિ તે પ્રત્યેકપ્રકૃતિ. તેના ૮ ભેદ છે -

(૧) **અગુરુલઘુનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું શરીર ગુરુ (ભારે), લઘુ (હલકુ) કે ગુરુલઘુ ન થાય, પરંતુ અગુરુલઘુ પરિણામવાળુ થાય તે અગુરુલઘુનામકર્મ.

(૨) **ઉપઘાતનામકર્મ** - જે કર્મના ઉદયથી પડજીભ, ચૌરદંત, રસોળી વગેરે પોતાના જ અવયવોથી પોતે હણાય તે ઉપઘાતનામકર્મ. ગળે ફાંસો ખાવો, ખીણમાં ભૂસકો મારવો વગેરે દ્વારા આપઘાત કરે તેમાં પણ ઉપઘાત નામકર્મનો ઉદય **પંચસંગ્રહ**માં કહેલ છે. કેટલાક એમ કહે છે કે જે કર્મના ઉદયથી પોતાના પરાક્રમ, વિજય વગેરેનો ઉપઘાત થાય તે ઉપઘાતનામકર્મ.

(૩) **પરાઘાતનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ પોતાની પ્રતિભા વડે બીજાને ક્ષોભ પમાડે તે પરાઘાતનામકર્મ.

(૪) **ઉચ્છ્વાસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ શ્વાસોચ્છ્વાસ કરવા સમર્થ બને તે ઉચ્છ્વાસનામકર્મ.

(૫) **આતપનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર

ઉષ્ણ પ્રકાશ કરે તે આતપનામકર્મ. સૂર્યના વિમાનમાં રહેલ બાદર પૃથ્વીકાયના જીવોને જ આતપનામકર્મનો ઉદય હોય છે.

**(૬) ઉદ્યોતનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર અનુષ્ણ પ્રકાશ કરે તે ઉદ્યોતનામકર્મ. ચંદ્ર-તારા વગેરેના જ્યોતિષ વિમાનોમાં રહેલ બાદર પૃથ્વીકાયના જીવો, રત્નો, ઔષધિઓ, આગિયા વગેરે જીવોને ઉદ્યોતનામકર્મનો ઉદય હોય છે.

**(૭) નિર્માણનામકર્મ** - જે કર્મ જીવોના શરીરના અવયવોની રચનાનું નિયમન કરે તે નિર્માણનામકર્મ. તે સુથાર જેવું છે.

**(૮) તીર્થંકરનામકર્મ** - જે કર્મના ઉદયથી ત્રણ લોકને પૂજ્ય, ઉત્તમોત્તમ ધર્મતીર્થના પ્રવર્તક એવા તીર્થંકરપદની પ્રાપ્તિ થાય તે તીર્થંકરનામકર્મ. આને જિનનામકર્મ પણ કહેવાય છે.

**(C) ત્રસદશક-સ્થાવરદશક -**

**(i) ત્રસદશક** - ત્રસનામકર્મ વગેરે ૧૦ કર્મપ્રકૃતિઓનો સમૂહ તે ત્રસદશક. તે ૧૦ કર્મપ્રકૃતિઓ આ પ્રમાણે છે -

**(૧) ત્રસનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને ત્રસપણાની પ્રાપ્તિ થાય તે ત્રસનામકર્મ.

**(૨) બાદરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને બાદરપણાની પ્રાપ્તિ થાય તે બાદરનામકર્મ.

**(૩) પર્યાપ્તનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરવા સમર્થ બને તે પર્યાપ્તનામકર્મ.

**પર્યાપ્તિ** - જે શક્તિથી જીવ આહારને ગ્રહણ કરવો, શરીર બનાવવું, ઇન્દ્રિયો બનાવવી વગેરે માટે સમર્થ બને તે પર્યાપ્તિ. તેના ૬ ભેદ છે -

(૧) **આહારપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મનને યોગ્ય દલિકોને ગ્રહણ કરે તે આહારપર્યાપ્તિ.

(૨) **શરીરપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ગ્રહણ કરેલા શરીર યોગ્ય પુદ્ગલોમાંથી શરીર બનાવે તે શરીરપર્યાપ્તિ.

(૩) **ઇન્દ્રિયપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ શરીર રૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી ઇન્દ્રિય બનાવે તે ઇન્દ્રિયપર્યાપ્તિ.

(૪) **શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવે અને તેમનું વિસર્જન કરે તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ.

(૫) **ભાષાપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને ભાષારૂપે પરિણમાવે અને તેમનું વિસર્જન કરે તે ભાષાપર્યાપ્તિ.

(૬) **મનપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે, તેમને મનરૂપે પરિણમાવે અને તેમનું વિસર્જન કરે તે મનપર્યાપ્તિ.

ઉત્તરોત્તર પર્યાપ્તિ વધુ ને વધુ સૂક્ષ્મ પુદ્ગલોથી બનેલ હોવાથી વધુ ને વધુ સૂક્ષ્મ છે. તેથી બધી પર્યાપ્તિઓની શરૂઆત એકસાથે થવા છતાં તેમની સમાપ્તિ ક્રમે કરીને થાય છે. ઔદારિકશરીરમાં ઉત્પત્તિના પ્રથમ સમયે આહારપર્યાપ્તિ પૂર્ણ થાય છે. ત્યાર પછી ક્રમશઃ અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે શેષ પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે. વૈક્રિય-આહારક શરીરોમાં ઉત્પત્તિના પ્રથમ સમયે આહારપર્યાપ્તિ પૂર્ણ થાય, પછી અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય, પછી ક્રમશઃ સમયે સમયે શેષ પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે. જેમ એકસાથે શરૂ કરવા છતાં

વધુ ને વધુ સૂક્ષ્મ દોરો કાંતતા વધુ ને વધુ સમય લાગે છે, તેમ ઉત્તરોત્તર પર્યાપ્તિઓ પૂર્ણ થતાં વધુ ને વધુ સમય લાગે છે.

**તત્ત્વાર્થભાષ્ય**માં ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિની ભેગી એક જ પર્યાપ્તિ કહી છે, તેથી કુલ પાંચ પર્યાપ્તિ કહી છે.

એકેન્દ્રિયને પહેલી ચાર પર્યાપ્તિઓ હોય. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય. સંજ્ઞી પંચેન્દ્રિયને છએ પર્યાપ્તિઓ હોય.

**(૪) પ્રત્યેકનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું સ્વતંત્ર જુદું ઔદારિક વગેરે શરીર થાય તે પ્રત્યેકનામકર્મ.

**(૫) સ્થિરનામકર્મ** - જે કર્મના ઉદયથી દાંત, હાડકા, મસ્તક વગેરે અવયવો સ્થિર થાય તે સ્થિરનામકર્મ.

**(૬) શુભનામકર્મ** - જે કર્મના ઉદયથી નાભિની ઉપરના શુભ અવયવો જીવને પ્રાપ્ત થાય તે શુભનામકર્મ. નાભિની ઉપરના અવયવો શુભ ગણાય છે અને નાભિની નીચેના અવયવો અશુભ ગણાય છે. તેથી મસ્તકથી કોઈ સ્પર્શ કરે તો આનંદ થાય છે અને પગથી સ્પર્શ કરે તો દુઃખ થાય છે.

**(૭) સુભગનામકર્મ** - જે કર્મના ઉદયથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય, અનુપકારી છતાં પ્રિય લાગે તે સુભગનામકર્મ.

**(૮) સુસ્વરનામકર્મ** - જે કર્મના ઉદયથી સાંભળનારને પ્રીતિ થાય તેવા મધુર સ્વરની પ્રાપ્તિ થાય તે સુસ્વરનામકર્મ.

**(૯) આદેયનામકર્મ** - જે કર્મના ઉદયથી ગમે તેવું યુક્તિ વિનાનું વચન બોલે તો પણ બધાને સ્વીકાર્ય બને અને દર્શન માત્રથી સન્માન વગેરે પામે તે આદેયનામકર્મ.

(૧૦) **યશનામકર્મ** - જે કર્મના ઉદયથી યશ, કીર્તિ, પ્રશંસા વગેરેની પ્રાપ્તિ થાય તે યશનામકર્મ. દાન-પુણ્યથી પ્રાપ્ત થાય તે કીર્તિ, પરાક્રમથી પ્રાપ્ત થાય તે યશ. અથવા, એક દિશામાં ફેલાય તે કીર્તિ, સર્વ દિશાઓમાં ફેલાય તે યશ.

(ii) **સ્થાવરદશક** - સ્થાવરનામકર્મ વગેરે ૧૦ કર્મપ્રકૃતિઓનો સમૂહ તે સ્થાવરદશક. તે ૧૦ કર્મપ્રકૃતિઓ આ પ્રમાણે છે -

(૧) **સ્થાવરનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને સ્થાવરપણાની પ્રાપ્તિ થાય તે સ્થાવરનામકર્મ.

(૨) **સૂક્ષ્મનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને સૂક્ષ્મપણાની પ્રાપ્તિ થાય તે સૂક્ષ્મનામકર્મ.

(૩) **અપર્યાપ્તનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા સમર્થ ન બને તે અપર્યાપ્તનામકર્મ.

(૪) **સાધારણનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવને અનંતા જીવો વચ્ચે એક એવું સાધારણશરીર મળે તે સાધારણનામકર્મ.

(૫) **અસ્થિરનામકર્મ** - જે કર્મના ઉદયથી કાન, જીભ વગેરે અવયવો અસ્થિર (ચંચળ) થાય તે અસ્થિરનામકર્મ.

(૬) **અશુભનામકર્મ** - જે કર્મના ઉદયથી નાભિની નીચેના અશુભ અવયવોની પ્રાપ્તિ થાય તે અશુભનામકર્મ.

(૭) **દુર્ભગનામકર્મ** - જે કર્મના ઉદયથી ઉપકારી હોય તો પણ અપ્રિય બને તે દુર્ભગનામકર્મ.

(૮) **દુઃસ્વરનામકર્મ** - જે કર્મના ઉદયથી સાંભળનારને અપ્રીતિ થાય તેવા કર્કશ સ્વરની પ્રાપ્તિ થાય તે દુઃસ્વરનામકર્મ.

(૯) **અનાદેયનામકર્મ** - જે કર્મના ઉદયથી જીવનું યુક્તિસંગત વચન પણ માન્ય ન થાય તથા યોગ્ય હોવા છતાં સત્કાર વગેરે ન પામે તે અનાદેયનામકર્મ.

(૧૦) **અપયશનામકર્મ** - જે કર્મના ઉદયથી મધ્યસ્થજનથી પણ અપકીર્તિ થાય તે અપયશનામકર્મ.

આમ નામકર્મના કુલ ૧૪+૮+૨૦=૪૨ ભેદ છે.

પિંડપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓ ગણીએ તો નામકર્મના (૪+૫+૫+૩+૧૫+૫+૬+૬+૨૦+૪+૨)+૮+૨૦=૭૫+૮+૨૦=૧૦૩ ભેદ થાય.

બંધનનામકર્મના ૧૫ ભેદની બદલે ૫ ભેદ ગણીએ તો નામકર્મના (૪+૫+૫+૩+૫+૫+૬+૬+૨૦+૪+૨)+૮+૨૦=૬૫+૮+૨૦ = ૯૩ ભેદ થાય.

વર્ણનામકર્મ, ગંધનામકર્મ, રસનામકર્મ, સ્પર્શનામકર્મના ઉત્તરભેદ ન ગણતા મુખ્ય ૪ ભેદ ગણીએ અને બંધનનામકર્મ-સંઘાતનામકર્મનો શરીરનામકર્મમાં સમાવેશ કરીએ તો નામકર્મના (૪+૫+૫+૩+૬+૬+૪+૪+૨)+૮+૨૦=૩૯+૮+૨૦ = ૬૭ ભેદ થાય.

આમ નામકર્મના વિવિધ રીતે ૪૨, ૬૭, ૯૩ કે ૧૦૩ ભેદ થાય.

૭) **ગોત્રકર્મ** - જે કર્મના ઉદયથી જીવને ઊંચા કે નીચા ગોત્રની પ્રાપ્તિ થાય તે ગોત્રકર્મ. તેના બે ભેદ છે - (સૂત્ર-૮/૧૩)

(૧) **ઉચ્ચગોત્રકર્મ** - જે કર્મના ઉદયથી લોકમાં પૂજા, આદર, ગૌરવ, સત્કારની પ્રાપ્તિ થાય તેવા ઊંચા કુળમાં જન્મ થાય તે ઉચ્ચગોત્રકર્મ.

(૨) **નીચગોત્રકર્મ** - જે કર્મના ઉદયથી લોકમાં નિંદા થાય તેવા હલકા કુળમાં જન્મ થાય તે નીચગોત્રકર્મ.

૮) **અંતરાયકર્મ** - જે કર્મ જીવને દાન વગેરેથી અટકાવે તે અંતરાયકર્મ. તેના ૫ ભેદ છે - (સૂત્ર-૮/૧૪)

**(૧) દાનાંતરાયકર્મ** - દાનની સામગ્રી હોય, ગુણવાન પાત્ર મળે, દાનનું ફળ જાણે છતાં જે કર્મના ઉદયથી દાન ન આપી શકે તે દાનાંતરાયકર્મ.

**(૨) લાભાંતરાયકર્મ** - દાતા ઉદાર હોય, દેય વસ્તુ પણ હોય, યાચક યાચનામાં કુશળ હોય છતાં જે કર્મના ઉદયથી તે યાચકને દાન ન મળે તે લાભાંતરાયકર્મ.

**(૩) ભોગાંતરાયકર્મ** - આહારાદિ ભોગ્ય વસ્તુઓ હોય, પોતે વિરતિ વગરનો હોય તો પણ જે કર્મના ઉદયથી તેમને ભોગવી ન શકે તે ભોગાંતરાયકર્મ.

**(૪) ઉપભોગાંતરાયકર્મ** - વસ્ત્ર-અલંકાર વગેરે ઉપભોગની સામગ્રી હોવા છતાં જે કર્મના ઉદયથી તેમનો ઉપભોગ ન કરી શકે તે ઉપભોગાંતરાયકર્મ.

**(૫) વીર્યાંતરાયકર્મ** - યુવાન વય, નિરોગી શરીર, બળ વગેરે હોવા છતાં જે કર્મના ઉદયથી તણખલુ પણ ભાંગી ન શકે તે વીર્યાંતરાયકર્મ.

## ● સ્થિતિબંધ -

**મૂળપ્રકૃતિમાં સ્થિતિબંધ** - (સૂત્ર-૮/૧૫ થી ૮/૨૧)

| મૂળપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| દર્શનાવરણ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| વેદનીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૭,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| આયુષ્ય | ૩૩ સાગરોપમ | ૧/૩ પૂર્વક્રોડ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

| મૂળપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|
| નામ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| અંતરાય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

કર્મ બંધાયા પછી જેટલો કાળ જીવને બાધા ન કરે, એટલે કે ઉદયમાં ન આવે તે અબાધાકાળ. આયુષ્ય સિવાયના ૭ કર્મોમાં જે કર્મનો જેટલા કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય તે કર્મની તેટલા સો વર્ષ ઉત્કૃષ્ટ અબાધા હોય. આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા સ્વભવનો ત્રીજો ભાગ છે. આઠે કર્મોની જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત છે. વેદનીયકર્મની જઘન્યસ્થિતિ ૧૨ મુહૂર્તની કહી છે, તે સકષાય વેદનીયકર્મની સમજવી. અકષાયવેદનીય કર્મની સ્થિતિ બે સમયની છે.

**ઉત્તરપ્રકૃતિમાં સ્થિતિબંધ -**

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૧-૫ | જ્ઞાનાવરણ-૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૬-૯ | દર્શનાવરણ-૪ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૦-૧૪ | નિદ્રા-૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૩/૭ સાગરોપમ _ પલ્યોપમ / અસંખ્ય | ૩/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૫ | અસાતા-વેદનીય | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | ૩/૭ સાગરોપમ _ પલ્યોપમ / અસંખ્ય | ૩/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | સાતા-વેદનીય | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત | ૧૨મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૭ | મિથ્યાત્વ-મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૭,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ – પલ્યોપમ/અસંખ્ય | ૧ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૮-૨૯ | કષાય ૧૨ | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૪/૭ સાગરોપમ – પલ્યોપમ/અસંખ્ય | ૪/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૩૦ | સંજ્વલન-ક્રોધ | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૨ માસ | ૨ માસ | અંતર્મુહૂર્ત |
| ૩૧ | સંજ્વલન-માન | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૧ માસ | ૧ માસ | અંતર્મુહૂર્ત |
| ૩૨ | સંજ્વલન-માયા | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | ૧૫ દિવસ | ૧૫ દિવસ | અંતર્મુહૂર્ત |
| ૩૩ | સંજ્વલન-લોભ | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૩૪-૩૫ | હાસ્ય-રતિ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગ. – પલ્યોપમ/અસંખ્ય | ૧/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૩૬-૩૯ | શોક, અરતિ, ભય, જુગુપ્સા | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગ. – પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૪૦ | પુરુષવેદ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૮ વર્ષ | ૮ વર્ષ | અંતર્મુહૂર્ત |

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૪૧ | સ્ત્રીવેદ | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૨/૭ સાગ. — પલ્યોપમ/અસંખ્ય | ૩/૧૪ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૪૨ | નપુંસકવેદ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગ. — પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૪૩,૪૪ | દેવાયુષ્ય, નરકાયુષ્ય | ૩૩ સાગરોપમ | ૧/૩ પૂર્વક્રોડ વર્ષ | ૧૦,૦૦૦ વર્ષ | ૧૦,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૪૫,૪૬ | તિર્યંચાયુષ્ય મનુષ્યાયુષ્ય- | ૩ પલ્યોપમ | ૧/૩ પૂર્વક્રોડ વર્ષ | ક્ષુલ્લકભવ | ક્ષુલ્લકભવ | અંતર્મુહૂર્ત |
| ૪૭-૪૮ | નરકગતિ, નરકાનુપૂર્વી | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨૦૦૦/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૨૦૦૦/૭ સાગરોપમ —પલ્યોપમ/અસંખ્ય | અંતર્મુહૂર્ત |
| ૪૯-૫૦ | તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૫૧-૫૨ | મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૨/૭ સાગ. — પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૫૩-૫૪ | દેવગતિ, દેવાનુપૂર્વી | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨૦૦૦/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૨૦૦૦/૭ સાગરોપમ — પલ્યો૦/અસંખ્ય | અંતર્મુહૂર્ત |

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૫૫-૫૬ | એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગ. − પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૫૭-૫૯ | બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિય-જાતિ | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ | ૨/૭ સાગ. − પલ્યોપમ/અસંખ્ય | ૯/૩૫ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૬૦-૬૩ | ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, તૈજસ શરીર, કાર્મણ શરીર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૬૪-૬૫ | વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨૦૦૦/૭ સાગરોપમ − પલ્યોપમ/અસંખ્ય | ૨૦૦૦/૭ સાગરોપમ − પલ્યોપમ/અસંખ્ય | અંતર્મુહૂર્ત |
| ૬૬-૬૭ | આહારક શરીર, આહારક અંગોપાંગ | અંતઃકોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | અંતઃકોડા-કોડી સાગરોપમ | અંતઃકોડા-કોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૬૮-૬૯ | ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ/અસંખ્ય | ૧/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |

☐ **તત્ત્વાર્થની શ્રીસિદ્ધસેનગણિ કૃત ટીકામાં** એકેન્દ્રિયજાતિ, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિની જઘન્ય સ્થિતિ ૨૦૦૦/૭ સાગરોપમ − પલ્યોપમ/અસંખ્ય કહી છે.

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૭૦-૭૧ | ૨જુ સંઘયણ, ૨જુ સંસ્થાન | ૧૨ કોડાકોડી સાગરોપમ | ૧,૨૦૦ વર્ષ | ૨/૭ સાગ. − પલ્યોપમ / અસંખ્ય | ૬/૩૫ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૭૨-૭૩ | ૩જુ સંઘયણ, ૩જુ સંસ્થાન | ૧૪ કોડાકોડી સાગરોપમ | ૧,૪૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ / અસંખ્ય | ૧/૫ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૭૪-૭૫ | ૪થુ સંઘયણ, ૪થુ સંસ્થાન | ૧૬ કોડાકોડી સાગરોપમ | ૧,૬૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ / અસંખ્ય | ૮/૩૫ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૭૬-૭૭ | ૫મુ સંઘયણ, ૫મુ સંસ્થાન | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ / અસંખ્ય | ૯/૩૫ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૭૮-૭૯ | ૬ઠ્ઠુ સંઘયણ, ૬ઠ્ઠુ સંસ્થાન | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ / અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૮૦-૮૧ | શુક્લવર્ણ, મધુરરસ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ / અસંખ્ય | ૧/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૮૨-૮૩ | પીતવર્ણ, અમ્લરસ | ૧૨ ૧/૨ કોડાકોડી સાગરોપમ | ૧,૨૫૦ વર્ષ | ૨/૭ સાગરોપમ − પલ્યોપમ / અસંખ્ય | ૫/૨૮ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |

| ક. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૮૪-૮૫ | રક્તવર્ણ, કષાયરસ | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૩/૧૪ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૮૬-૮૭ | નીલવર્ણ, કટુરસ | ૧૭ ૧/૨ કોડાકોડી સાગરોપમ | ૧,૭૫૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૧/૪ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૮૮-૮૯ | કૃષ્ણવર્ણ, તિક્તરસ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૯૦ | સુરભિગંધ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૧/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૯૧ | દુરભિગંધ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૯૨-૯૫ | મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, ઉષ્ણસ્પર્શ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ/અસંખ્ય | ૧/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૯૬-૯૯ | ગુરુસ્પર્શ, કર્કશસ્પર્શ, રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ / અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૦૦ | શુભવિહાયોગતિ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ / અસંખ્ય | ૧/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૦૧ | અશુભવિહાયોગતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ / અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૦૨ | તીર્થંકર નામકર્મ | અંતઃકોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | અંતઃકોડાકોડી સાગરોપમ | અંતઃ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૦૩-૧૦૯ | શેષ પ્રત્યેકની ૭ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ / અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૧૦-૧૧૪ | ત્રસ-૪, સ્થાવર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ / અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૧૫-૧૧૯ | સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ — પલ્યોપમ / અસંખ્ય | ૧/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |

| ક્ર. | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ અબાધા | તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ મતે જઘન્ય સ્થિતિબંધ | પંચસંગ્રહ મતે જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા |
|---|---|---|---|---|---|---|
| ૧૨૦ | યશ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૨૧-૧૨૩ | સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ – પલ્યોપમ/અસંખ્ય | ૯/૩૫ સાગ-રોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૨૪-૧૨૯ | અસ્થિર, અશુભ, દુર્ભગ, દુ:સ્વર, અનાદેય, અયશ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ – પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૩૦ | ઉચ્ચગોત્ર | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૮ મુહૂર્ત | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩૧ | નીચગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ | ૨/૭ સાગરોપમ – પલ્યોપમ/અસંખ્ય | ૨/૭ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૩૨-૧૩૬ | અંતરાય ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

કુલ ૧૫૮ પ્રકૃતિ છે. સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય બંધાતી નથી. ૧૫ બંધન નામકર્મ અને ૫ સંઘાતનામકર્મનો શરીર નામકર્મમાં સમાવેશ કર્યો છે. તેથી અહીં ૧૫૮–૨૨=૧૩૬ પ્રકૃતિ કહી છે.

**તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિમતે** અને **પંચસંગ્રહમતે** જ્ઞાનાવરણ ૫, દર્શના-વરણ ૪, સાતા, સંજ્વલન ૪, પુરુષવેદ, આયુષ્ય ૪, આહારક ૨,

દેવ ૨, નરક ૨, વૈક્રિય ૨, જિન, યશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ = ૩૫ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ સમાન છે.

**તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિમતે** શેષ ૧૦૧ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ

$$= \frac{\text{સ્વ સ્વ વર્ગનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}}{\text{મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}} - \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$$

વર્ગો ૯ છે - જ્ઞાનાવરણવર્ગ, દર્શનાવરણવર્ગ, વેદનીયવર્ગ, દર્શનમોહનીયવર્ગ, કષાયમોહનીયવર્ગ, નોકષાયમોહનીયવર્ગ, નામવર્ગ, ગોત્રવર્ગ, અંતરાયવર્ગ.

**પંચસંગ્રહમતે** શેષ ૧૦૧ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ

$$= \frac{\text{સ્વ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}}{\text{મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ}}$$

તીર્થંકરનામકર્મ, આહારકશરીરનામકર્મ અને આહારકઅંગોપાંગ-નામકર્મનો જઘન્ય સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં સંખ્યાતગુણ ન્યૂન છે.

ચાર આયુષ્ય, તીર્થંકરનામકર્મ અને આહારક ૨ સિવાયની જે પ્રકૃતિનો જેટલા કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે, તેની તેટલા સો વર્ષ ઉત્કૃષ્ટ અબાધા હોય. ચાર આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા સ્વભવનો ત્રીજો ભાગ (૧/૩ પૂર્વક્રોડ વર્ષ) છે. તીર્થંકરનામકર્મ, આહારકશરીરનામકર્મ અને આહારકઅંગોપાંગનામકર્મની ઉત્કૃષ્ટ અબાધા અંતર્મુહૂર્ત છે. બધી પ્રકૃતિઓની જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત છે.

- આજ સુધી જડ ઉપર રાગ અને જીવ ઉપર દ્વેષ કરવાના ધંધા કર્યા. હવેથી જીવ ઉપર રાગ (મૈત્રી) અને જડ ઉપર દ્વેષ (ઉદાસીનતા) કરવાનું શરૂ કરીએ.

● રસબંધ -

કર્મોનો વિપાક એટલે કે ઉદય એટલે કે ફળ એ જ રસ છે. (સૂત્ર-૮/૨૨) ફળની અપેક્ષાએ કર્મો ૪ પ્રકારના છે - (૧) ક્ષેત્રવિપાકી (૨) જીવવિપાકી (૩) ભવવિપાકી અને (૪) પુદ્‌ગલવિપાકી.

(૧) **ક્ષેત્રવિપાકી કર્મો** - ક્ષેત્ર એટલે આકાશ એટલે કે વિગ્રહગતિ. તેમાં જ જેનો ઉદય થાય તે ક્ષેત્રવિપાકી કર્મો. તેના ૪ ભેદ છે - નરકાનુપૂર્વીનામકર્મ, તિર્યંચાનુપૂર્વીનામકર્મ, મનુષ્યાનુપૂર્વીનામકર્મ, દેવાનુપૂર્વીનામકર્મ.

(૨) **જીવવિપાકી કર્મો** - જે કર્મો જીવને વિષે જ પોતાનું ફળ બતાવે તે જીવવિપાકી કર્મો. તેના ૭૮ ભેદ છે -

| ક્ર. | મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાના-વરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| ૨ | દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિ-દર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા ૫ |
| ૩ | વેદનીય | ૨ | સાતાવેદનીય, અસાતાવેદનીય |
| ૪ | મોહનીય | ૨૮ | દર્શનમોહનીય ૩, ૧૬ કષાય, ૯ નોકષાય |
| ૫ | નામ | ૨૭ | ગતિ ૪, જાતિ ૫, વિહાયોગતિ ૨, ઉચ્છ્વાસ, તીર્થંકરનામ, ત્રસ ૩, સુભગ ૪, સ્થાવર ૩, દુર્ભગ ૪ |
| ૬ | ગોત્ર | ૨ | ઉચ્ચગોત્ર, નીચગોત્ર |
| ૭ | અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| | કુલ | ૭૮ | |

જો કે ક્ષેત્રવિપાકી, ભવવિપાકી અને પુદ્ગલવિપાકી કર્મો પણ વાસ્તવમાં જીવવિપાકી જ છે, કેમકે પરંપરાએ જીવને જ તેમની અસર થાય છે, છતાં પણ ક્ષેત્ર-ભવ-પુદ્ગલ વિષે મુખ્યપણે તેમના ઉદયની વિવક્ષા કરી હોવાથી તેઓ ક્રમશઃ ક્ષેત્રવિપાકી, ભવવિપાકી, પુદ્ગલવિપાકી કહેવાય છે.

(૩) **ભવવિપાકી કર્મો** - જે કર્મો નરક વગેરે ભવને વિષે પોતાનું ફળ બતાવે તે ભવવિપાકી કર્મો. તેના ૪ ભેદ છે - નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય.

(૪) **પુદ્ગલવિપાકી કર્મો** - પુદ્ગલ એટલે શરીરરૂપે પરિણમેલ પરમાણુઓ. તેમના વિષે જેઓ પોતાનું ફળ બતાવે તે પુદ્ગલવિપાકી કર્મો. તેમના ૩૬ ભેદ છે. શરીર ૫, અંગોપાંગ ૩, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણાદિ ૪, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, નિર્માણ, પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ.

★ કર્મોનું ફળ બે રીતે મળે છે -

(૧) જે રીતે કર્મો બંધાયા હોય તે જ રીતે તેમનું ફળ મળે. દા.ત. બંધાયેલ સાતાવેદનીયકર્મનું સુખરૂપ ફળ મળે તે.

(૨) જે રીતે કર્મો બંધાયા હોય તેનાથી અન્ય રીતે તેમનું ફળ મળે, એટલે કે કર્મોનો અન્ય કર્મરૂપે સંક્રમ થઈ જાય અને પછી તે અન્ય કર્મરૂપે તેમનું ફળ મળે. દા.ત. બંધાયેલ સાતાવેદનીયકર્મનો અસાતાવેદનીયકર્મમાં સંક્રમ થઈ જાય અને પછી તેનું દુઃખરૂપ ફળ મળે તે.

મૂળપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ ન થાય.

એક મૂળપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ થાય.

દર્શનમોહનીય કર્મો અને ચારિત્રમોહનીય કર્મોનો પરસ્પર સંક્રમ ન થાય.

મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં અને મિથ્યાત્વમોહનીયમાં સંક્રમ થાય.

સમ્યક્ત્વમોહનીયનો મિથ્યાત્વમોહનીયમાં સંક્રમ થાય, મિશ્રમોહનીયમાં સંક્રમ ન થાય.

મિથ્યાત્વમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્રમોહનીયમાં સંક્રમ થાય.

૪ આયુષ્ય કર્મોમાં પરસ્પર સંક્રમ ન થાય.

★ **ઉદ્વર્તના** - બંધાતા કર્મોના સત્તામાં રહેલા સ્થિતિ કે રસ વધારવા તે ઉદ્વર્તના.

**અપવર્તના** - સત્તામાં રહેલા કર્મોના સ્થિતિ કે રસ ઘટાડવા તે અપવર્તના.

અપવર્તના બધા કર્મોની થાય.

ઉદ્વર્તના આયુષ્ય સિવાયના કર્મોની થાય.

કર્મોનું ફળ તેમના નામ પ્રમાણે મળે છે. (સૂત્ર-૮/૨૩)

કર્મોનું ફળ મળ્યા પછી તેમની નિર્જરા થાય છે, એટલે કે આત્મા ઉપરથી તેમનો ક્ષય થાય છે. (સૂત્ર-૮/૨૪) નિર્જરાનું વિશેષ સ્વરૂપ આગળ નિર્જરાતત્ત્વમાં (પાના નં. ૪૦૭ ઉપર) બતાવાશે.

● જીવો પ્રત્યે જે કઠોર બને છે તેના પ્રત્યે કર્મસત્તા કઠોર બને છે.

## ● પ્રદેશબંધ

(૧) (સૂત્ર-૮/૨૫) જીવ કર્મો બાંધે ત્યારે સામાન્યથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. પછી અધ્યવસાય વિશેષથી તેમને જ્ઞાનાવરણાદિ કર્મો રૂપે તેમના નામ પ્રમાણે પરિણમાવે છે.

અથવા, પોતાના નામમાં કારણભૂત એવા કર્મો બંધાય છે, કેમકે કર્મોના તે તે ફળ આપવાના સ્વભાવને આધારે તેમના તે તે નામ પડે છે.

અથવા, કર્મોનું કારણ યોગ છે અને પરંપરાએ ગતિ વગેરે પણ કર્મોના કારણ છે. તેથી જેમનું કારણ નામકર્મ છે એવા કર્મો બંધાય છે.

(૨) જીવ દશે દિશામાં રહેલા કર્મપુદ્ગલોને પોતાના બધા આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે.

(૩) જીવ પોતાના તીવ્ર-મધ્યમ-મંદ એવા મન-વચન-કાયાના યોગો વડે કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે.

(૪) જીવ કાર્મણવર્ગણાના ગ્રહણયોગ્ય સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેની પૂર્વેના બાદર પુદ્ગલોને ગ્રહણ કરતો નથી.

(૫) જીવ જે આકાશપ્રદેશોમાં રહેલો હોય ત્યાં રહેલા કર્મપુદ્ગલોને તે ગ્રહણ કરે છે, અન્ય આકાશપ્રદેશોમાં રહેલા કર્મપુદ્ગલોને તે ગ્રહણ કરતો નથી.

(૬) જીવ સ્થિર કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે, ગતિવાળા કર્મપુદ્ગલોને ગ્રહણ કરતો નથી.

(૭) બધા આત્મપ્રદેશો ઉપર બધી કર્મપ્રકૃતિઓના પુદ્ગલો બંધાય છે.

(૮) દરેક આત્મપ્રદેશ ઉપર અનંતાનંત કર્મપુદ્ગલો બંધાય છે.

આ પ્રદેશબંધ થયો.

બંધાયેલા કર્મપુદ્ગલો બે પ્રકારના છે - પુણ્યકર્મ અને પાપકર્મ.

**પુણ્યકર્મ-** જે કર્મનો ઉદય જીવને ગમે તે પુણ્યકર્મ છે. તેના ૪૫ ભેદ છે. તે આ પ્રમાણે (સૂત્ર-૮/૨૬)

| **મૂળપ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતાવેદનીય |
| મોહનીય | ૪ | સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ |
| આયુષ્ય | ૨ | દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય |
| નામ | ૩૭ | મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ૫ શરીર, ૩ અંગોપાંગ, પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન, શુભ વર્ણાદિ ૪, મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી, સુખગતિ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, જિન, ત્રસ ૧૦ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| કુલ | ૪૫ | |

- સ્વાધ્યાયાદિ માટે જરૂર પડે તો ખૂણામાં ભીંત તરફ મોઢુ કરીને બેસી શકાય, પણ તેમાં બીજાઓની નજર આપણા તરફ પડવી જોઈએ.

**પાપકર્મ-** જે કર્મનો ઉદય જીવને ન ગમે તે પાપકર્મ છે. તેના ૮૧ ભેદ છે. તે આ પ્રમાણે (સૂત્ર-૮/૨૬)

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ. |
| દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ , નિદ્રા ૫ |
| વેદનીય | ૧ | અસાતાવેદનીય |
| મોહનીય | ૨૪ | મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, ૧૬ કષાય, શોક, અરતિ, ભય, જુગુપ્સા, નપુંસકવેદ, સ્ત્રીવેદ |
| આયુષ્ય | ૨ | તિર્યંચાયુષ્ય, નરકાયુષ્ય |
| નામ | ૩૪ | નરકગતિ, તિર્યંચગતિ, પહેલી ૪ જાતિ, છેલ્લા ૫ સંઘયણ, છેલ્લા ૫ સંસ્થાન, અશુભ વર્ણાદિ ૪, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, કુખગતિ, ઉપઘાત, સ્થાવર ૧૦ |
| ગોત્ર | ૧ | નીચગોત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| કુલ | ૮૧ | |

પૂર્વે પાના નં. ૨૬૨-૨૬૩ ઉપર પુણ્યકર્મના ૪૨ ભેદ અને પાપકર્મના ૮૨ ભેદ કહ્યા છે તે કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ વગેરેના મતે જાણવા.

અહીં પુણ્યકર્મના ૪૫ ભેદ અને પાપકર્મના ૮૧ ભેદ કહ્યા છે. તે તત્ત્વાર્થ મતે જાણવા.

બન્ને મતોમાં ભેદ આ પ્રમાણે છે-

(૧) કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ મતે મોહનીયની બધી પ્રકૃતિઓ પાપપ્રકૃતિઓ છે. તત્ત્વાર્થ મતે સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, મોહનીયની આ ચાર પ્રકૃતિઓ પુણ્યપ્રકૃતિઓ છે અને બાકીની ૨૪ પ્રકૃતિઓ પાપપ્રકૃતિઓ છે.

(૨) કર્મગ્રંથ, કર્મપ્રકૃતિમતે તિર્યંચાયુષ્ય પુણ્યપ્રકૃતિ છે. તત્ત્વાર્થ મતે તિર્યંચાયુષ્ય પાપપ્રકૃતિ છે.

પૂર્વે પાના નં. ૨૬૨-૨૬૩ ઉપર પુણ્યકર્મ - પાપકર્મના ભેદ બંધની અપેક્ષાએ કહ્યા હોવાથી તેમાં સમ્યક્ત્વમોહનીય-મિશ્ર-મોહનીયની ગણત્રી કરી નથી. અહીં પુણ્યકર્મ-પાપકર્મના ભેદ ઉદયની અપેક્ષાએ કહ્યા હોવાથી તેમાં સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની ગણત્રી કરી છે.

• • •

- તોફાની છોકરાને તોફાન કર્યા વિના ચેન ન પડે. આરાધકને આરાધના કર્યા વિના ચેન ન પડે.
- પૈસા, પાણી, ભોજન વગેરેનો વેડફાટ આપણને ગમતો નથી, પણ સમયના વેડફાટનો આપણને અણગમો ખરો ?
- કષ્ટ પોતે સ્વીકારે અને ઇષ્ટ બીજાને આપે તે જ સાચા સંત.

# સંવરતત્વ

● **સંવર** -

૪૨ પ્રકારના આસ્રવનો નિરોધ એ સંવર છે. આત્મામાં આવતા કર્મો જેનાથી અટકે તે સંવર છે. (સૂત્ર-૯/૧) તેના ૫૭ ભેદ છે - (સૂત્ર-૯/૨)

| | |
|---|---|
| ગુપ્તિ | ૩ |
| સમિતિ | ૫ |
| યતિધર્મ | ૧૦ |
| અનુપ્રેક્ષા (ભાવના) | ૧૨ |
| પરિષહજય | ૨૨ |
| ચારિત્ર | ૫ |
| કુલ | ૫૭ |

તપથી પણ સંવર થાય છે. (સૂત્ર ૯/૩) તેનો સમાવેશ યતિધર્મમાં થતો હોવાથી તેની જુદી ગણતરી કરી નથી.

**(A) ગુપ્તિ** - આગમ અનુસાર મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ કરવો તે ગુપ્તિ. તેના ત્રણ ભેદ છે - (સૂત્ર-૯/૪)

**૧) કાયગુપ્તિ** - કાયાને અશુભ પ્રવૃત્તિથી રોકવી અને શુભ પ્રવૃત્તિમાં પ્રવર્તાવવી તે કાયગુપ્તિ. સૂવું, બેસવું, ઊઠવું, ચાલવું, લેવું, મૂકવું વગેરેમાં કાયાને જયણાપૂર્વક પ્રવર્તાવવી તે કાયગુપ્તિ.

**૨) વચનગુપ્તિ** - સાવદ્ય વચનોનો ત્યાગ કરી મુહપત્તિના ઉપયોગપૂર્વક નિરવદ્યવચન બોલવા તે વચનગુપ્તિ. માંગવું, પૂછવું,

જવાબ આપવો વગેરેમાં વાણીને જયણાપૂર્વક પ્રવર્તાવવી તે વચનગુપ્તિ અથવા મૌન રહેવું તે વચનગુપ્તિ.

૩) **મનગુપ્તિ** - મનને અશુભ વિચારોથી રોકવું અને શુભમાં પ્રવર્તાવવું તે મનગુપ્તિ, અથવા શુભ અને અશુભ એવા સંકલ્પોનો નિરોધ તે મનગુપ્તિ.

**(B) સમિતિ** - સર્વજ્ઞ ભગવાને કહેલા આગમ અનુસાર પ્રવૃત્તિ કરવી તે સમિતિ. તેના ૫ ભેદ છે - (સૂત્ર-૯/૫)

૧) **ઈર્યાસમિતિ** - જરૂરી કાર્ય આવે ત્યારે જીવોની રક્ષા માટે ગાડાની ધૂસરી જેટલી ભૂમિને જોઈને ઉપયોગપૂર્વક ચાલવું તે ઈર્યાસમિતિ.

૨) **ભાષાસમિતિ** - મુહપત્તિના ઉપયોગપૂર્વક હિતકારી, પરિમિત, સંદેહરહિત અને નિરવદ્યવચન બોલવા તે ભાષાસમિતિ. સાવદ્યવચન એટલે જેનાથી પાપ લાગે તેવા વચન, જેવા કે આદેશના વચન, અસત્ય વચન, આરંભની અનુમોદનાના વચન અને જ-કારપૂર્વકના વચન. સાવદ્યવચનથી વિપરીત વચન તે નિરવદ્ય વચન.

૩) **એષણાસમિતિ** - ગવેષણૈષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાના ૪૭ દોષોથી રહિત આહાર, પાણી, વસ્ત્ર, પાત્રા વગેરે લાવવા અને વાપરવા તે એષણાસમિતિ.

૪) **આદાનનિક્ષેપસમિતિ** - વસ્તુ લેતા-મૂકતા જોવું તથા પ્રમાર્જવું તે આદાનનિક્ષેપસમિતિ.

૫) **પારિષ્ઠાપનિકાસમિતિ** - મળ, મૂત્ર, શ્લેષ્મ, કફ, થૂંક, અશુદ્ધ આહાર-પાણી વગેરેનો જંતુરહિત જગ્યાએ વિધિપૂર્વક ત્યાગ કરવો તે પારિષ્ઠાપનિકાસમિતિ.

**(C) ધર્મ** - નરક વગેરે દુર્ગતિમાં પડતા જીવોને બચાવે તે ધર્મ.

તે ૧૦ પ્રકારે છે. તેને યતિધર્મ પણ કહેવાય છે. તે આ પ્રમાણે છે - (સૂત્ર-૯/૬)

૧) **ક્ષમા** - ક્રોધનો નિગ્રહ કરવો તે ક્ષમા.

ક્રોધનો નિગ્રહ કરવાના ઉપાયો -

**(૧) ક્રોધનું નિમિત્ત પોતાનામાં છે કે નહીં તે વિચારવું.**

બીજી વ્યક્તિ આપણા જે દોષો બોલે કે જેનાથી આપણને ગુસ્સો આવે તે ક્રોધનું નિમિત્ત. તે દોષો જો આપણામાં હોય તો વિચારવું કે 'આ વ્યક્તિ ખોટું નથી બોલતી, સાચું જ બોલે છે.' એમ વિચારી ક્ષમા રાખવી. તે દોષો જો આપણામાં ન હોય તો વિચારવું કે 'આ દોષો મારામાં નથી. આ વ્યક્તિ અજ્ઞાનથી આવું બોલે છે.' આમ વિચારી ક્ષમા રાખવી.

**(૨) ક્રોધના દોષો વિચારવા.**

ક્રોધથી દ્વેષ થાય, ગુરુ વગેરેની આશાતના થાય, સ્મૃતિનો ભ્રંશ થાય, વ્રતનો લોપ થાય વગેરે. ક્રોધના આવા દોષો વિચારી ક્ષમા રાખવી.

**(૩) સામી વ્યક્તિના બાળસ્વભાવની વિચારણા કરવી.**

સામી વ્યક્તિ પરોક્ષમાં (બીજાની સામે) નિંદા કરતી હોય તો એમ વિચારવું કે 'મારી સામે તો મારી નિંદા નથી કરતી ને !' સામી વ્યક્તિ સામે નિંદા કરતી હોય તો એમ વિચારવું કે 'મને મારતી તો નથી ને!' સામી વ્યક્તિ મારતી હોય તો એમ વિચારવું કે 'મને મારી તો નથી નાખતી ને !' સામી વ્યક્તિ મારી નાંખતી હોય તો એમ વિચારવું કે 'મને ધર્મથી ભ્રષ્ટ તો નથી કરતી ને !'

આમ સામી વ્યક્તિના બાળસ્વભાવની અને પોતાના લાભની વિચારણા કરી ગુસ્સો ન કરવો.

**(૪) પોતાના કર્મના ઉદયને વિચારવો.**

'સામી વ્યક્તિ જે પ્રતિકૂળ વર્તે છે તેમાં તે તો માત્ર નિમિત્ત છે, ખરો દોષ તો મારા કર્મોનો છે.' આમ વિચારી ક્ષમા રાખવી.

**(૫) ક્ષમાના ગુણો વિચારવા.**

સ્વસ્થતા, ક્રોધ નિમિત્તક કર્મબંધ અને પ્રાયશ્ચિત્તનો અભાવ, સમાધિ, પ્રસન્નતા વગેરે ક્ષમાના ગુણો વિચારી ક્ષમા રાખવી.

**૨) માર્દવ** - માર્દવ એટલે મૃદુતા, નમ્રતા, માનનો અભાવ, પૂજ્યો આવે ત્યારે ઊભા થવું - આસન આપવું - અંજલિ જોડવી વગેરે. માનના ૮ સ્થાન છે.

(૧) **જાતિમદ** - પિતાનો વંશ તે જાતિ. તેનું માન તે જાતિમદ.

(૨) **કુળમદ** - માતાનો વંશ તે કુળ. તેનું માન તે કુળમદ.

(૩) **રૂપમદ** - સારા રૂપનું માન તે રૂપમદ.

(૪) **ઐશ્વર્યમદ** - ધન-ધાન્ય વગેરેની સંપત્તિ તે ઐશ્વર્ય. તેનું માન તે ઐશ્વર્યમદ.

(૫) **વિજ્ઞાનમદ** - ૪ પ્રકારની બુદ્ધિનું માન તે વિજ્ઞાનમદ.

બુદ્ધિના ચાર પ્રકાર છે -

**(i) ઔત્પાતિકી** - પૂર્વે ક્યારેય નહીં જોયેલી, નહીં સાંભળેલી વસ્તુ વિષે કાર્યપ્રસંગે સ્વાભાવિક રીતે એકાએક ઉત્પન્ન થતી બુદ્ધિ તે ઔત્પાતિકી બુદ્ધિ. દા.ત. રોહકની બુદ્ધિ.

**(ii) વૈનયિકી** - ગુરુ વગેરેનો વિનય કરીને ઉત્પન્ન થતી બુદ્ધિ તે વૈનયિકી બુદ્ધિ.

**(iii) કાર્મિકી** - કાર્ય કરતા કરતા ઉત્પન્ન થતી બુદ્ધિ તે કાર્મિકી બુદ્ધિ.

**(iv) પારિણામિકી** - પૂર્વાપરના અનુભવથી અથવા વયના પરિપાક વગેરેથી ઉત્પન્ન થતી બુદ્ધિ તે પારિણામિકી બુદ્ધિ. દા.ત. અભયકુમારની બુદ્ધિ.

**(૬) શ્રુતમદ** - શ્રુત એટલે ભગવાને કહેલ આગમ. તે ભણ્યા પછી તેનું માન કરે તે શ્રુતમદ.

**(૭) લાભમદ** - રાજા, મિત્ર, નોકર, સ્વજનો વગેરે પાસેથી સત્કાર-સન્માન વગેરે વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થવી તે લાભ. લાભનું માન તે લાભમદ.

**(૮) વીર્યમદ** - વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતું બળ તે વીર્ય. તેનું માન તે વીર્યમદ.

આ આઠ મદસ્થાનોનો નિગ્રહ કરવો તે માર્દવ.

**૩) આર્જવ** - આર્જવ એટલે માયાનો અભાવ, સરળતા, ભાવની વિશુદ્ધિ, વિસંવાદનો અભાવ.

**૪) શૌચ** - શૌચ એટલે લોભનો અભાવ.

**૫) સત્ય** - કઠોરતા વિનાનું, ચાડી નહીં ખાનારું, અસભ્યતા વિનાનું, ચપળતા વિનાનું, સંદેહ વિનાનું, સ્પષ્ટ, ઉદારતાવાળું, ગામળીયું નહીં, વિવક્ષિત પદાર્થને કહેનારું, લંબાણ વિનાનું, રાગ-દ્વેષ વિનાનું, સૂત્રના માર્ગને અનુસારી અર્થવાળુ, પ્રસ્તુત અર્થવાળુ, માયારહિત, દેશ-કાળને ઉચિત, નિરવદ્ય, જિનશાસનમાં અનુજ્ઞા અપાયેલ, પ્રયત્નપૂર્વકનું, પરિમિત એવું - યાચના કરવાનું, પૂછવાનું, જવાબ આપવાનું વગેરે વચન તે સત્ય.

**૬) સંયમ** - મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ કરવો તે સંયમ. તેના ૧૭ ભેદ છે -

૫ મહાવ્રત, ૫ ઈન્દ્રિયોનો નિગ્રહ, ૪ કષાયોનો વિજય અને ૩ દંડની નિવૃત્તિ. ૩ દંડ=મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓ.

અથવા બીજી રીતે ૧૭ પ્રકારનું સંયમ આ પ્રમાણે છે -

(૧) **પૃથ્વીકાયિકસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી પૃથ્વીકાય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે પૃથ્વીકાયિકસંયમ.

(૨) **અપ્કાયિકસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી અપ્કાય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે અપ્કાયિકસંયમ.

(૩) **તેજસ્કાયિકસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી તેઉકાય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે તેજસ્કાયિકસંયમ.

(૪) **વાયુકાયિકસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી વાયુકાય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે વાયુકાયિકસંયમ.

(૫) **વનસ્પતિકાયિકસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી વનસ્પતિકાય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે વનસ્પતિકાયિકસંયમ.

(૬) **બેઈન્દ્રિયસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી બેઈન્દ્રિય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે બેઈન્દ્રિયસંયમ.

(૭) **તેઈન્દ્રિયસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી તેઈન્દ્રિય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે તેઈન્દ્રિયસંયમ.

(૮) **ચઉરિન્દ્રિયસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી ચઉરિન્દ્રિય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે ચઉરિન્દ્રિયસંયમ.

(૯) **પંચેન્દ્રિયસંયમ** - મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન ભેદથી પંચેન્દ્રિય જીવોના સંઘટ્ટા-પરિતાપ-વધનો ત્યાગ તે પંચેન્દ્રિયસંયમ.

(૧૦) **પ્રેક્ષ્યસંયમ** - ચક્ષુથી બીજ, જંતુ, વનસ્પતિ રહિત ભૂમિ જોઈને પછી ઊભા રહેવું, બેસવું, સૂવું વગેરે તે પ્રેક્ષ્યસંયમ.

(૧૧) **ઉપેક્ષ્યસંયમ** - સાધુઓને શાસ્ત્રમાં કહેલ ક્રિયાઓમાં પ્રવર્તાવવા અને પોતાની (સંસારની) ક્રિયાઓમાં નહીં પ્રવર્તતા ગૃહસ્થો પ્રત્યે ઉદાસીનતા રાખવી તે ઉપેક્ષ્યસંયમ.

(૧૨) **અપહૃત્યસંયમ** - નિરુપયોગી વસ્ત્ર, અશુદ્ધ આહાર વગેરેને વિધિપૂર્વક પરઠવવા તે અપહૃત્યસંયમ.

(૧૩) **પ્રમૃજ્યસંયમ** - જોયેલી ભૂમિ ઉપર પ્રમાર્જીને બેસવું, ઊઠવું વગેરે, એક ભૂમિમાંથી બીજી ભૂમિમાં જતા કે અસ્થંડિલ ભૂમિમાંથી સ્થંડિલ ભૂમિમાં જતા પગ પ્રમાર્જવા તે પ્રમૃજ્યસંયમ.

(૧૪) **કાયસંયમ** - દોડવું-કૂદવું વગેરેની નિવૃત્તિ અને શુભક્રિયાઓમાં પ્રવૃત્તિ તે કાયસંયમ.

(૧૫) **વાક્સંયમ** - હિંસક-કઠોર વગેરે વચનો ન બોલવા અને શુભવચનો બોલવા તે વાક્સંયમ.

(૧૬) **મનસંયમ** - દ્રોહ-અભિમાન-ઈર્ષ્યા વગેરે ન કરવા અને ધર્મધ્યાન વગેરેમાં પ્રવૃત્તિ કરવી તે મનસંયમ.

(૧૭) **ઉપકરણસંયમ** - ઉપકરણસંયમ એટલે અજીવકાયનું સંયમ. અજીવકાય એટલે પુસ્તક વગેરે. જ્યારે પુરુષો ગ્રહણ કરવાની અને

ધારણ કરવાની શક્તિવાળા હતા ત્યારે પુસ્તકોનું પ્રયોજન ન હતું. દુઃષમકાળના પ્રભાવથી ગ્રહણ કરવાની અને ધારણ કરવાની શક્તિ ઘટવાથી પુસ્તકની અનુજ્ઞા છે. આમ કાળની અપેક્ષાએ અસંયમ કે સંયમ જાણવા.

૭) **તપ** - ઈચ્છાનો નિરોધ કરવો તે તપ. તે બે પ્રકારે છે -

(૧) બાહ્યતપ અને (૨) અભ્યંતરતપ

**(૧) બાહ્યતપ** - બાહ્ય શરીર-ઈન્દ્રિયો વગેરે ઉપર જેની અસર થાય તે બાહ્યતપ, અથવા લોકોમાં પણ જેની તપ તરીકે ગણતરી થાય તે બાહ્યતપ, અથવા લોકો જાણી શકે એવો તપ તે બાહ્યતપ. તેના ૬ પ્રકાર છે - (સૂત્ર-૯/૧૯)

**(i) અનશન** - વિધિપૂર્વક આહારનો ત્યાગ કરવો તે અનશન. તે બે પ્રકારે છે -

**(a) ઈત્વરકથિક અનશન** - અલ્પકાળ માટે અશનાદિનો ત્યાગ તે ઈત્વરકથિક અનશન. દા.ત. નવકારશી, એકાસણું, ઉપવાસ વગેરે ૬ માસ સુધીનો તપ તે.

**(b) યાવત્કથિક અનશન** - જીવનના અંત સુધી અશનાદિનો ત્યાગ તે યાવત્કથિક અનશન. તે ત્રણ પ્રકારે છે -

**(૧) પાદપોપગમન અનશન** - ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરીને વૃક્ષની જેમ હલન-ચલન કર્યા વિના, શુભધ્યાનપૂર્વક પ્રાણો જાય ત્યાં સુધી પડ્યા રહેવું તે પાદપોપગમન અનશન. તે બે પ્રકારે છે -

**(i) સવ્યાઘાત** - રોગથી મહાવેદના થવાથી વિદ્યમાન એવા આયુષ્યનું પણ જે ઉપક્રમણ કરાય તે સવ્યાઘાત પાદપોપગમન અનશન.

**(ii) નિર્વ્યાઘાત** - ચારિત્ર લીધા પછી છેલ્લી અવસ્થામાં જે કરાય તે નિર્વ્યાઘાત પાદપોપગમન અનશન.

**(૨) ઇંગિનીમરણ અનશન** - ચારિત્ર લીધા પછી છેલ્લી અવસ્થામાં ચારે આહારના પચ્ચક્ખાણ કરી નક્કી કરેલ દેશમાં સંક્રમ કરતો અને ચેષ્ટા કરતો સાધુ જે પ્રાણ છોડે તે ઇંગિનીમરણ અનશન.

**(૩) ભક્તપરિજ્ઞા અનશન** - ગચ્છમાં રહેલ સાધુ અંતે ત્રિવિધ કે ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ કરીને, મૃદુ સંથારા ઉપર સંથારીને, શરીર વગેરે ઉપકરણોનું મમત્વ છોડીને, પોતે નવકાર ગણતો કે બીજા સાધુ પાસેથી નવકાર સાંભળતો, પડખા ફેરવતો, સમાધિપૂર્વક કાળ કરે તે ભક્તપરિજ્ઞા અનશન.

**(ii) ઊણોદરી** - ભૂખ કરતા ઓછું ભોજન કરવું તે ઊણોદરી. પુરુષનો આહાર ૩૨ કોળીયાનો છે. અહીં મુખને વિકૃત કર્યા વિના જે મુખમાં પ્રવેશી શકે તે ૧ કોળિયાનું પ્રમાણ જાણવું. ઊણોદરીના ૫ ભેદ છે -

**(૧) અલ્પાહાર ઊણોદરી** - ૧ કોળીયાથી ૮ કોળીયા સુધી વાપરવા તે.

૧ કોળીયો વાપરવો તે જઘન્ય અલ્પાહાર ઊણોદરી. ૮ કોળીયા વાપરવા તે ઉત્કૃષ્ટ અલ્પાહાર ઊણોદરી. ૨ થી ૭ કોળીયા વાપરવા તે મધ્યમ અલ્પાહાર ઊણોદરી.

**(૨) ઉપાર્ધ ઊણોદરી** - ૯ કોળીયાથી ૧૨ કોળીયા સુધી વાપરવા તે.

૯ કોળીયા વાપરવા તે જઘન્ય ઉપાર્ધ ઊણોદરી. ૧૨ કોળીયા વાપરવા તે ઉત્કૃષ્ટ ઉપાર્ધ ઊણોદરી. ૧૦-૧૧ કોળીયા વાપરવા તે મધ્યમ ઉપાર્ધ ઊણોદરી.

**(૩) ભાગદ્વય ઊણોદરી** - ૧૩ કોળીયાથી ૧૬ કોળીયા સુધી વાપરવા તે.

૧૩ કોળીયા વાપરવા તે જઘન્ય ભાગદ્વય ઊણોદરી. ૧૬ કોળીયા વાપરવા તે ઉત્કૃષ્ટ ભાગદ્વય ઊણોદરી. ૧૪-૧૫ કોળીયા વાપરવા તે મધ્યમ ભાગદ્વય ઊણોદરી.

(૪) **પ્રમાણપ્રાપ્ત ઊણોદરી** - ૧૭ કોળીયાથી ૨૪ કોળીયા સુધી વાપરવા તે.

૧૭ કોળીયા વાપરવા તે જઘન્ય પ્રમાણપ્રાપ્ત ઊણોદરી. ૨૪ કોળીયા વાપરવા તે ઉત્કૃષ્ટ પ્રમાણપ્રાપ્ત ઊણોદરી. ૧૮ થી ૨૩ કોળીયા વાપરવા તે મધ્યમ પ્રમાણપ્રાપ્ત ઊણોદરી.

(૫) **કિંચિદૂન ઊણોદરી** - ૨૫ કોળીયાથી ૩૧ કોળિયા સુધી વાપરવા તે.

૨૫ કોળીયા વાપરવા તે જઘન્ય કિંચિદૂન ઊણોદરી. ૩૧ કોળીયા વાપરવા તે ઉત્કૃષ્ટ કિંચિદૂન ઊણોદરી. ૨૬ થી ૩૦ કોળીયા વાપરવા તે મધ્યમ કિંચિદૂન ઊણોદરી.

સ્ત્રીનો આહાર ૨૮ કોળીયા છે. એટલે ૫ પ્રકારની ઊણોદરીમાં તે પ્રમાણે કોળિયા જાણવા.

**(iii) વૃત્તિપરિસંખ્યાન** - ગોચરીમાં દત્તિ-ભિક્ષા વગેરેના અભિગ્રહને ધારણ કરવા તેમજ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભિગ્રહોને ધારણ કરવા તે વૃત્તિપરિસંખ્યાન.

**દ્રવ્યથી અભિગ્રહ** - અમુક દ્રવ્ય જ વાપરવા, બીજા નહીં.

**ક્ષેત્રથી અભિગ્રહ** - એક પગ ડહેલીની અંદર રાખીને અને એક પગ ડહેલીની બહાર રાખીને વહોરાવે તો જ વહોરવું વગેરે.

**કાળથી અભિગ્રહ** - બધા ભિક્ષાચરો પાછા ફરી ગયા હોય ત્યારે જે મળે તે વહોરવું વગેરે.

**ભાવથી અભિગ્રહ** - હસતો કે રડતો કે બેડીથી બંધાયેલો દાતા વહોરાવે તો વહોરવું વગેરે.

**(iv) રસત્યાગ** - ૪ મહાવિગઈઓનો સંપૂર્ણ ત્યાગ કરવો, ૬ વિગઈઓનો યથાશક્તિ ત્યાગ કરવો, વિરસ-રૂક્ષ ભોજન વગેરેના અભિગ્રહો કરવા તે રસત્યાગ.

જેનાથી આત્માને વિકાર થાય તે વિગઈ. અથવા જે આત્માને દુર્ગતિમાં લઈ જાય તે વિગઈ.

૪ મહાવિગઈ -

**(૧) મદ્ય** - દારૂ. તે બે પ્રકારે છે -

(i) કાષ્ઠનો - વનસ્પતિનો

(ii) પિષ્ટનો - લોટનો

**(૨) માંસ** - તે ૩ પ્રકારે છે -

(i) જલચરનું, (ii) સ્થલચરનું, (iii) ખેચરનું.

**(૩) મધ** - તે ૩ પ્રકારે છે -

(i) કુંતિયા (જંગલમાં ઉત્પન્ન થતા ક્ષુદ્ર જંતુઓ)નું

(ii) માખીઓનું

(iii) ભમરીઓનું

**(૪) માખણ** - તે ૪ પ્રકારે છે -

(i) ગાયનું, (ii) ભેંસનું, (iii) બકરીનું, (iv) ઘેટીનું.

૬ વિગઈ -

**(૧) દૂધ** - તે ૫ પ્રકારે છે -

(i) ગાયનું, (ii) ભેસનું, (iii) બકરીનું, (iv) ઘેટીનું, (v) ઊંટડીનું.★

**(૨) દહીં** - તેના ૪ પ્રકાર છે -

(i) ગાયનું, (ii) ભેસનું, (iii) બકરીનું, (iv) ઘેટીનું.

★ ઊંટડીના દૂધમાંથી દહીં, માખણ અને ઘી ન થાય.

**(૩) ઘી** - તેના ૪ પ્રકાર છે -

(i) ગાયનું, (ii) ભેસનું, (iii) બકરીનું, (iv) ઘેટીનું.

**(૪) ગોળ** - તેના ૨ પ્રકાર છે -

(i) દ્રવ (પ્રવાહી) ગોળ, (ii) પિંડ (ઘન) ગોળ.

**(૫) તેલ** - તેના ૪ પ્રકાર છે -

(i) તલનું, (ii) સરસવનું, (iii) અળસીનું, (iv) કુસુંબીના ઘાસનું.

**(૬) અવગાહિમ (કડા) વિગઈ**-પકવાન્ન વગેરે. તેના બે પ્રકાર છે -

(૧) ઘીમાં તળેલું, (૨) તેલમાં તળેલું.

ચારે મહાવિગઈઓમાં સરખા વર્ણવાળા અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે. માંસમાં નિગોદના અનંત જીવોની ઉત્પત્તિ છે. વળી મહાવિગઈઓ બહુ વિકાર કરનારી છે. માટે મહાવિગઈઓનો સર્વથા ત્યાગ કરવો.

વિગઈઓ વિકાર કરનારી હોવાથી તેમનો પણ યથાશક્તિ ત્યાગ કરવો.

**(v) વિવિક્તશય્યાસનતા** - સ્ત્રી-પશુ-નપુંસક રહિત, એકાંતવાળા, શૂન્યગૃહ, દેવકુલ, સભા, પર્વતની ગુફા વગેરે સ્થાનોમાં ઇન્દ્રિયો, કષાયો અને મન-વચન-કાયાનું નિયંત્રણ કરીને રહેવારૂપ સંલીનતા તે વિવિક્તશય્યાસનતા.

**ઇન્દ્રિયસંલિનતા** - ઇન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા તે.

**કષાયસંલિનતા** - ઉદયમાં નહીં આવેલા કષાયોનો નિરોધ કરવો અને ઉદયમાં આવેલા કષાયોને નિષ્ફળ કરવા તે.

**મનસંલિનતા** - અકુશળ મનનો નિરોધ કરવો, કુશળ મનની ઉદીરણા કરવી તે.

**વચનસંલિનતા** - અકુશળ વચનનો નિરોધ કરવો, કુશળ વચનની ઉદીરણા કરવી તે.

**કાયસંલિનતા** - કાર્ય વિના નિશ્ચલ આસનમાં રહેવું, કાર્ય આવે ત્યારે કાયાને જયણાપૂર્વક પ્રવર્તાવવી તે.

**(vi) કાયક્લેશ** - કાયાને વિવેકપૂર્વક કષ્ટ આપવું તે કાયક્લેશ. તે અનેક પ્રકારે છે - કાઉસ્સગ્ગમાં ઊભા રહેવું, વીરાસન-ઉત્કટુકાસન-એક પડખે સૂવું - દંડની જેમ સીધા સૂવું, આતાપના લેવી, ઠંડીમાં ઓઢવું નહીં વગેરે.

છ પ્રકારના બાહ્યતપથી નિઃસંગપણું, શરીરની લઘુતા, ઈન્દ્રિયોનો વિજય, સંયમની રક્ષા અને કર્મનિર્જરા થાય છે.

**(૨) અભ્યંતરતપ** - લોકો જાણી ન શકે એવો તપ તે અભ્યંતરતપ. લોકોમાં જેની ગણતરી તપ તરીકે નથી થતી એવો તપ તે અભ્યંતર તપ. તેના છ ભેદ છે - (સૂત્ર-૯/૨૦,૯/૨૧)

**(i) પ્રાયશ્ચિત્ત** - લાગેલા અતિચારોને ગુરુ સમક્ષ પ્રગટ કરીને તેમનો દંડ લેવો અને તેને વહન કરી આપવો તે. તેના ૯ ભેદ છે - (સૂત્ર-૯/૨૨)

**(૧) આલોચન** - લાગેલા અતિચારો ગુરુને જણાવવા તે. કેટલાક અતિચારો એવા હોય છે, જે ગુરુને જણાવવા માત્રથી શુદ્ધ થઈ જાય છે.

**(૨) પ્રતિક્રમણ** - લાગેલા અતિચારોનું મિચ્છામિ દુક્કડં દેવું તે. કેટલાક અતિચારો એવા હોય છે જે મિચ્છામિ દુક્કડં દેવા માત્રથી શુદ્ધ થઈ જાય છે.

**(૩) તદુભય** - લાગેલા અતિચારો પહેલા ગુરુને જણાવવા અને પછી ગુરુના કહ્યા મુજબ તેનું મિચ્છામિ દુક્કડં દેવું તે. કેટલાક અતિચારો આ રીતે શુદ્ધ થાય છે.

(૪) **વિવેક** - ઉપયોગવાળા ગીતાર્થે પહેલા ગ્રહણ કરેલ અન્ન, પાણી, ઉપકરણો વગેરે પછીથી અશુદ્ધ છે એવું જણાતા તેમનો ત્યાગ કરવો તે. તેમાં લાગેલ અતિચાર તે જ રીતે શુદ્ધ થાય છે.

(૫) **વ્યુત્સર્ગ** - વ્યુત્સર્ગ એટલે કાઉસ્સગ્ગ. કાઉસ્સગ્ગ એટલે પ્રણિધાનપૂર્વક મન-વચન-કાયાના વ્યાપારનો ત્યાગ. કેટલાક અતિચારો કાઉસ્સગ્ગ કરવાથી શુદ્ધ થાય છે. દા.ત. અશુદ્ધ અન્ન-પાણી-ઉપકરણ વગેરે પરઠવ્યા પછી, ગમનાગમન પછી, વિહાર પછી, શ્રુત ભણતી વખતે, સાવદ્ય સ્વપ્ન જોયા પછી, નદી ઊતર્યા પછી, સ્થંડિલ-માત્રુ પરઠવ્યા પછી કાઉસ્સગ્ગ કરવો. તે તે ક્રિયાઓમાં લાગેલ અતિચારોની શુદ્ધિ તે કાઉસ્સગ્ગથી થાય છે.

(૬) **તપ** - બાહ્ય અનશન વગેરે તપ અને પ્રકીર્ણક તપ કરવો તે. કેટલાક અતિચારોની શુદ્ધિ તપથી થાય છે.

(૭) **છેદ** - મહાવ્રતોનું આરોપણ કર્યા પછીના ચારિત્રપર્યાયમાંથી દિવસ, પક્ષ, માસ, વર્ષનો છેદ કરવો તે. તપ કરવા અસમર્થ, તપની શ્રદ્ધા નહીં કરનારો, તપથી જેનું દમન શક્ય નથી એવા અતિપરિણામી સાધુના અતિચારોની શુદ્ધિ આ પ્રાયશ્ચિત્તથી થાય છે.

(૮) **પરિહાર** - પરિહાર પ્રાયશ્ચિત્ત પામેલ સાધુની સાથે બીજા સાધુઓ એક માસથી છ માસ સુધી વંદન, વાતચીત, અન્ન-પાણી આપવા વગેરે ક્રિયાઓનો ત્યાગ કરે. ત્યાર પછી તેને મૂલ પ્રાયશ્ચિત્ત અપાય છે, એટલે કે ફરીથી મહાવ્રતોનું આરોપણ કરાય છે. સંકલ્પપૂર્વકનો પ્રાણાતિપાત, દર્પથી મૈથુન સેવવું, ઉત્કૃષ્ટ મૃષાવાદ બોલવું વગેરે અતિચારો સેવનારા સાધુના અતિચારો આ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે. અન્ય ગ્રંથોમાં પરિહાર પ્રાયશ્ચિત્તના સ્થાને મૂલ પ્રાયશ્ચિત્ત કહેલ છે.

(૯) **ઉપસ્થાપન**□ - તેના બે પ્રકાર છે -

**(i) અનવસ્થાપ્ય** - કહેલો તપ જ્યાં સુધી ન કરાય ત્યાં સુધી ફરી વ્રતોમાં કે લિંગમાં ન સ્થપાય તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત. તે પૂર્ણ થયા પછી ફરી ચારિત્ર અપાય. સાધર્મિક કે અન્ય ધર્મીની ચોરી, હાથથી મારવું વગેરે અકાર્ય કરનારના અતિચાર આ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે.

**(ii) ★પારંચિક** - મહાસત્ત્વસાળી આચાર્યોને જઘન્યથી છ મહિનાથી લઈ ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ સુધી અપ્રગટ લિંગ ધારણ કરવાપૂર્વક, જિનકલ્પ સમાન આચારપૂર્વક બહાર રહી વિપુલ તપ ન કરે ત્યાંસુધી ફરી વ્રતોમાં કે લિંગમાં ન સ્થપાય તે પારંચિક પ્રાયશ્ચિત્ત. તે એ રીતે જ અતિચારોના પારને પામે માટે તેને પારંચિક પ્રાયશ્ચિત્ત કહેવાય છે. તે પૂર્ણ થયા પછી ફરી ચારિત્ર અપાય છે. સ્વલિંગી સાધ્વીને કે રાજરાણીને સેવનારા, સાધુનો કે રાજાનો વધ કરનારા, દુષ્ટ, મૂઢ, પરસ્પરકરણ વગેરે કરનારને પારંચિક પ્રાયશ્ચિત્ત અપાય છે.

દેશ, કાળ, શક્તિ, સંઘયણ, સંયમવિરાધના, કાય (પૃથ્વીકાય વગેરે)-ઇન્દ્રિયજાતિ (એકેન્દ્રિય વગેરે)-ગુણ (રાગ, દ્વેષ, મોહ)ની ઉત્કટતા વગેરેને આશ્રયીને આ નવ પ્રકારનું પ્રાયશ્ચિત્ત યથાયોગ્ય રીતે અપાય છે અને આચરાય છે.

**(ii) વિનય** - જેનાથી ૮ પ્રકારના કર્મો દૂર થાય તે વિનય. તેના ૪ ભેદ છે - (સૂત્ર-૯/૨૩)

(૧) **જ્ઞાનવિનય** - જ્ઞાનના ભક્તિ, બહુમાન, શ્રદ્ધા વગેરે તે જ્ઞાનવિનય. તેના ૫ ભેદ છે - (૧) મતિજ્ઞાનવિનય (૨) શ્રુતજ્ઞાન-

---

□ અન્યત્ર પ્રાયશ્ચિત્તના દસ પ્રકાર બતાવ્યા છે. તેમાં નવમું અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત અને દસમું પારાંચિત પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

★ અન્યત્ર આને પારાંચિત કહ્યું છે.

વિનય (૩) અવધિજ્ઞાનવિનય (૪) મનઃપર્યવજ્ઞાનવિનય (૫) કેવળજ્ઞાનવિનય. શ્રુતજ્ઞાનવિનયમાં કાળ, વિનય, બહુમાન, ઉપધાન વગેરે ૮ પ્રકારનો જ્ઞાનાચાર જાણવો.

**૮ પ્રકારનો જ્ઞાનાચાર -**

(૧) **કાળ** - અંગપ્રવિષ્ટ વગેરે સૂત્રોનો જે કાળે સ્વાધ્યાય કહ્યો હોય, તે કાળે જ સ્વાધ્યાય કરવો તે. બીજા કાળે તેમનો સ્વાધ્યાય કરવાથી વિઘ્ન આવવાનો સંભવ છે.

(૨) **વિનય** - જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો (પુસ્તક) વગેરેની ભક્તિ કરવી તે. દા.ત. આસન આપવું, આજ્ઞા માંગીને ભણવું વગેરે.

(૩) **બહુમાન** - અંદરની પ્રીતિ (ચિત્તપ્રસન્નતા) પૂર્વક ભણવું તે.

(૪) **ઉપધાન** - જે સૂત્ર, અધ્યયન, ઉદ્દેશા વગેરેનો જે તપ કહ્યો હોય તે તપ કરવાપૂર્વક તે સૂત્ર વગેરે ભણવું તે.

(૫) **અનિહ્નવ** - અભિમાનને વશ થઈ પોતાની લઘુતાની બીકથી જ્ઞાનદાતા ગુરુ કે શ્રુતનો અપલાપ (છૂપાવવું) ન કરવો તે.

(૬) (૭) (૮) **વ્યંજન, અર્થ, તદુભય** - વ્યંજન=અક્ષરો. અર્થ = અભિધેય. તદુભય=અક્ષરો અને અર્થ. બરાબર ઉપયોગપૂર્વક સૂત્ર, અર્થ અને તદુભય બોલવા તે.

(૨) **દર્શનવિનય** - જિનેશ્વર પ્રરૂપિત ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાધુ, સાંભોગિકના અનાશાતના, ભક્તિ, બહુમાન, વર્ણવાદ કરવા તે, ૮ પ્રકારનો દર્શનાચાર, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય, તે દર્શનવિનય.

**૮ પ્રકારનો દર્શનાચાર -**

(૧) **નિઃશંકિતપણું** - ધર્મમાં શંકા ન કરવી તે.

(૨) **નિષ્કાંક્ષિતપણું** - અન્ય ધર્મની ઇચ્છા ન કરવી તે.

(૩) **નિર્વિચિકિત્સા** - ધર્મના ફળમાં શંકા ન કરવી તે.

(૪) **અમૂઢદષ્ટિ** - કુતીર્થિકોના તપ, વિદ્યા, અતિશય વગેરે ઋદ્ધિ જોવા છતા મુંઝાવું નહીં તે.

(૫) **ઉપબૃંહણા** - સાધર્મિકોના ગુણોની અનુમોદના કરવી તે.

(૬) **સ્થિરીકરણ** - જૈનધર્મમાં સીદાતા જીવોને જૈન ધર્મમાં સ્થિર કરવા તે.

(૭) **વાત્સલ્ય** - સાધર્મિકને ભોજન, વસ્ત્ર વગેરેનું સન્માનપૂર્વક દાન કરવું તે.

(૮) **પ્રભાવના** - ધર્મકથા, પ્રતિવાદીનો જય, દુષ્કર તપારાધના વગેરેથી જૈનધર્મની પ્રભાવના કરવી તે.

(૩) **ચારિત્રવિનય** - ચારિત્રના સ્વરૂપની શ્રદ્ધા કરવી, વિધિપૂર્વક તેનું આચરણ કરવું અને પ્રરૂપણા કરવી, ૮ પ્રકારનો ચારિત્રાચાર તે ચારિત્રવિનય. તેના ૫ ભેદ છે - (૧) સામાયિકવિનય (૨) છેદોપસ્થાપનીયવિનય (૩) પરિહારવિશુદ્ધિવિનય (૪) સૂક્ષ્મસંપરાયવિનય (૫) યથાખ્યાતવિનય. પાંચ પ્રકારનું ચારિત્ર આગળ (પાના નં. ૪૦૪-૪૦૬ ઉપર) બતાવાશે.

**૮ પ્રકારનો ચારિત્રાચાર** - ચિત્તની સ્વસ્થતાપૂર્વક મન-વચન-કાયાના વ્યાપારથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું તે.

(૪) **ઔપચારિકવિનય** - ઉપચાર એટલે શ્રદ્ધાપૂર્વકની ક્રિયારૂપ વ્યવહાર. તદ્રૂપ વિનય તે ઔપચારિકવિનય. તેના અનેક પ્રકાર છે. દા.ત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ગુણોથી અધિક એવા સાધુ ભગવંતો આવે તો ઊભા થવું, તેમને આસન આપવું, વંદન કરવા, જાય ત્યારે વળાવા જવું વગેરે.

**(iii) વૈયાવચ્ચ** - આચાર્ય વગેરેના કાર્યોમાં વ્યગ્રતા તે વૈયાવચ્ચ. આચાર્ય વગેરેની ભક્તિ-સેવા કરવી તે વૈયાવચ્ચ. તેના ૧૦ ભેદ છે - (સૂત્ર-૯/૨૪)

**(૧) આચાર્યની વૈયાવચ્ચ** - સ્વયં આચારોને આચરે અને બીજા પાસે આચારોનું આચરણ કરાવે તે આચાર્ય. તે પાંચ પ્રકારના છે -

**(i) પ્રવ્રાજક આચાર્ય** - સામાયિક અને વ્રતોનું આરોપણ કરે તે પ્રવ્રાજકાચાર્ય.

**(ii) દિગાચાર્ય** - સચિત્ત-અચિત્ત-મિશ્ર વસ્તુની અનુજ્ઞા આપે તે દિગાચાર્ય.

**(iii) શ્રુતઉદ્દેશાચાર્ય** - શ્રુત એટલે આગમ. તેનો ઉદ્દેશો આપે તે શ્રુતઉદ્દેશાચાર્ય.

**(iv) શ્રુતસમુદ્દેશાચાર્ય** - આગમના સમુદ્દેશ અને અનુજ્ઞા આપે તે શ્રુતસમુદ્દેશાચાર્ય.

**(v) આમ્નાયાર્થવાચકાચાર્ય** - આમ્નાય એટલે આગમ. તેનો ઉત્સર્ગ-અપવાદરૂપ અર્થ કહે તે આમ્નાયાર્થવાચકાચાર્ય.

**(૨) ઉપાધ્યાયની વૈયાવચ્ચ** - જેની પાસેથી આચારનો વિનય અને સ્વાધ્યાય શિખાય તે ઉપાધ્યાય. સંગ્રહ-ઉપગ્રહના અનુગ્રહ માટે જેને સેવાય તે ઉપાધ્યાય. સંગ્રહ=વસ્ત્ર-પાત્રા આપવા તે. ઉપગ્રહ= અન્ન, પાણી, ઔષધ આપવા તે.

સાધુના બે સંગ્રહ છે - આચાર્ય, ઉપાધ્યાય

સાધ્વીના ત્રણ સંગ્રહ છે - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તિની

પ્રવર્તિની - જેણે નિશીથ, કલ્પ, વ્યવહારને સાંભળીને ગ્રહણ કર્યા

હોય, જે સાધ્વીઓને સચિત્ત-અચિત્ત-મિશ્ર વસ્તુની અનુજ્ઞા આપે, સ્વયં મોક્ષ માટે પ્રવર્તે અને અન્ય સાધ્વીઓને સારણા વગેરે વડે મોક્ષમાર્ગમાં પ્રવર્તાવે તે પ્રવર્તિની.

(૩) **તપસ્વીની વૈયાવચ્ચ** - ૪ ઉપવાસથી ૬ માસના ઉપવાસ સુધીનો વિકૃષ્ટ તપ કરે તે તપસ્વી.

(૪) **શૈક્ષકની વૈયાવચ્ચ** - જેની નવી દીક્ષા થઈ હોય તે શૈક્ષક.

(૫) **ગ્લાનની વૈયાવચ્ચ** - ગ્લાન એટલે રોગી.

(૬) **ગણની વૈયાવચ્ચ** - એક શ્રુતસ્થવિરની પરંપરા તે ગણ.

(૭) **કુલની વૈયાવચ્ચ** - એક આચાર્યની પરંપરા તે કુલ.

(૮) **સંઘની વૈયાવચ્ચ** - સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનો સમુદાય તે સંઘ.

(૯) **સાધુની વૈયાવચ્ચ** - જે પાંચ મહાવ્રતને ધારણ કરે અને મોક્ષમાર્ગને સાધે તે સાધુ.

(૧૦) **સાંભોગિકની વૈયાવચ્ચ** - જેમની સાથે બાર પ્રકારનો સંભોગ (લેવડ-દેવડ) થાય તેવા એક જ સામાચારીનું આચરણ કરનારા અન્ય ગણના સાધુ તે સાંભોગિક. બાર પ્રકારનો સંભોગ આ પ્રમાણે છે - અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્રા, કામળી, રજોહરણ, સોય, અસ્ત્રો, નખ કાપવાનું સાધન અને કાનનો મેલ કાઢવાનું સાધન.

આચાર્ય વગેરે દશની અન્ન-પાણી-વસ્ત્ર-પાત્રા-ઉપાશ્રય-પીઠ-ફલક-સંથારો-ઔષધ વગેરે ધર્મસાધનો વડે અને જંગલ વગેરે સંકટોમાં રક્ષણ કરવા વડે સેવા કરવી તે વૈયાવચ્ચ.

**(iv) સ્વાધ્યાય** - તેના ૫ ભેદ છે - (સૂત્ર-૯/૨૫)

(૧) **વાચના** - ભણવું-ભણાવવું તે વાચના.

(૨) **પૃચ્છના** - સંદેહ પડે તો સૂત્ર અને અર્થ પૂછવા તે પૃચ્છના.

(૩) **અનુપ્રેક્ષા** - સૂત્ર અને અર્થનો ઉચ્ચારણ વિના મનથી અભ્યાસ કરવો તે અનુપ્રેક્ષા.

(૪) **આમ્નાય** - દોષથી વિશુદ્ધ એવું પરાવર્તન કરવું તે આમ્નાય.

(૫) **ધર્મોપદેશ** - બીજાને સૂત્ર-અર્થનું વ્યાખ્યાન કરવું તે ધર્મોપદેશ.

**(v) વ્યુત્સર્ગ** - વિવિધ પ્રકારની વસ્તુઓનો ત્યાગ તે વ્યુત્સર્ગ અથવા ઉપયોગપૂર્વક કાયા અને વાણીની પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ તેના બે ભેદ છે - (સૂત્ર-૯/૨૬)

(૧) **બાહ્ય વ્યુત્સર્ગ** - જીવોથી સંસક્ત, અકલ્પ્ય કે વધારાના આહાર, પાણી, ૧૨ પ્રકારની ઉપધિ વગેરેનો ત્યાગ તે બાહ્ય વ્યુત્સર્ગ.

૧૨ પ્રકારની ઉપધિ - પાત્રા, પાત્રાબંધન (ઝોળી), ગુચ્છા, પાત્રકેસરીકા (ચરવાળી), પલ્લા, રજસ્ત્રાણ, પાત્રસ્થાપન (પાત્રાસન), ત્રણ કપડા, રજોહરણ અને મુહપત્તિ.

(૨) **અભ્યંતર વ્યુત્સર્ગ** - તેના બે ભેદ છે -

**(i) શરીરનો વ્યુત્સર્ગ** - અંતસમયે શરીરનો ત્યાગ કરવો તે.

**(ii) કષાયનો વ્યુત્સર્ગ** - સંસારમાં પરિભ્રમણમાં કારણભૂત એવા કષાયોનો ત્યાગ કરવો તે.

**(vi) ધ્યાન** - ઉત્તમ સંઘયણવાળા છદ્મસ્થ જીવનું એક આલંબન ઉપર ચિત્તને સ્થિર કરવું તે છદ્મસ્થનું ધ્યાન છે. (સૂત્ર-૯/૨૭) મનોયોગ, વચનયોગ અને કાયયોગનો નિરોધ કરવો (અટકાવવા) તે કેવળીઓનું ધ્યાન છે. **તત્ત્વાર્થાધિગમસૂત્રની સિદ્ધસેનગણિ કૃત ટીકા**માં કહ્યું છે કે, 'કેવળીઓના વચનયોગ અને કાયયોગનો નિરોધ એ કેવળીઓનું ધ્યાન. કેવળજ્ઞાન થયા પછી મનનો વ્યાપાર ન હોવાથી કેવળીઓને મન હોતું નથી.' ઉત્તમ સંઘયણ એટલે પહેલા ચાર સંઘયણ. ચિત્તનો નિરોધ

કરવાનું વિશિષ્ટ સામર્થ્ય પહેલા ચાર સંઘયણવાળા જીવોમાં જ હોવાથી અહીં પહેલા ચાર સંઘયણવાળા જીવો લીધા. કોઈ પણ ધ્યાનનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત છે. (સૂત્ર-૯/૨૮) ત્યાર પછી મોહનીયકર્મના કારણે થતા સંક્લેશ અને વિશુદ્ધિથી ધ્યાન બદલાઈ જાય છે. ધ્યાનના ૪ ભેદ છે - (સૂત્ર-૯/૨૯)

(૧) **આર્તધ્યાન** - શારીરિક-માનસિક દુઃખથી ઉત્પન્ન થયેલ અને દુઃખનો અનુબંધ કરાવનાર ધ્યાન તે આર્તધ્યાન. તેના ૪ ભેદ છે -

(i) અશુભ વિષયોનો સંપર્ક થવા પર તેમને દૂર કરવાનું પ્રણિધાન કરવું. (સૂત્ર-૯/૩૧)

(ii) દુઃખરૂપ વેદનાનો સંપર્ક થવા પર તેને દૂર કરવાનું પ્રણિધાન કરવું. (સૂત્ર-૯/૩૨)

(iii) શુભ વિષયો અને સુખરૂપ વેદના દૂર થતા હોય તો તેના સંપર્ક માટે પ્રણિધાન કરવું. (સૂત્ર-૯/૩૩)

(iv) ઉગ્ર તપ કરીને કામી જીવોની જેમ તેના ફળ રૂપે સાંસારિક સુખોની પ્રાપ્તિના પ્રણિધાનરૂપ નિયાણું કરવું. (સૂત્ર-૯/૩૪)

શોક, આક્રંદ, વિલાપ, ઝગડો કરવો, માયા, ઈર્ષ્યા, અરતિ, સ્ત્રીકથા, ભોજનકથા, મિત્રનો રાગ, સ્વજનનો રાગ વગેરે આર્તધ્યાનના લક્ષણો છે.

આર્તધ્યાનના મુખ્ય ચાર લક્ષણો છે. તે આ પ્રમાણે - (૧) વિલાપ કરવો (૨) આંખમાં આંસુ લાવીને રડવું (૩) દીનતા કરવી (૪) માથુ કૂટવું, છાતી પીટવી વગેરે.

આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયતોને હોય છે. એટલે પહેલા ગુણઠાણાથી છઠ્ઠા ગુણઠાણા* સુધીના જીવોને હોય છે. (સૂત્ર-૯/૩૫) **તત્ત્વાર્થની સિદ્ધસેનીય ટીકા**માં આર્તધ્યાનના સ્વામી ૪થા

★ ગુણઠાણાનું સ્વરૂપ આગળ (પાના નં. ૪૦૭-૪૧૦ ઉપર) કહેવાશે.

ગુણઠાણાથી ૬ઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો કહ્યા છે.

આર્તધ્યાનનું ફળ તિર્યંચગતિ છે.

આર્તધ્યાન અતિસંક્લિષ્ટ નહીં એવી કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાવાળાને હોય છે.

આર્તધ્યાન સંસારનું કારણ છે.

(૨) **રૌદ્રધ્યાન** - પ્રાણીવધ વગેરેનું તીવ્ર અશુભ ચિંતન તે રૌદ્રધ્યાન. તેના ૪ ભેદ છે - (સૂત્ર-૯/૩૬)

(i) હિંસાનું તીવ્ર પ્રણિધાન.

(ii) ગાઢ અસત્યનું પ્રણિધાન.

(iii) ચોરીનું તીવ્ર પ્રણિધાન.

(iv) વિષયોના રક્ષણનું તીવ્ર પ્રણિધાન.

રૌદ્રધ્યાનના ચાર લક્ષણો છે. તે આ પ્રમાણે -

(૧) **ઉત્સન્નદોષ** - રૌદ્રધ્યાનના ચાર પ્રકારમાંથી એક પ્રકારમાં સતત પ્રવૃત્તિ.

(૨) **બહુલદોષ** - રૌદ્રધ્યાનના ચારે પ્રકારોમાં સતત પ્રવૃત્તિ.

(૩) **નાનાવિધદોષ** - હિંસા વગેરેના ભિન્ન ભિન્ન પ્રયોગ વારંવાર કરવા.

(૪) **આમરણદોષ** - પોતાના અકાર્યથી પોતાનું કે બીજાનું મરણ થાય તો પણ અકાર્યનો પસ્તાવો ન થવો, અકાર્યથી અટકવું નહીં.

રૌદ્રધ્યાન અવિરત અને દેશવિરતને હોય છે, એટલે પહેલા ગુણઠાણાથી પાંચમા ગુણઠાણા સુધીના જીવોને હોય છે.

રૌદ્રધ્યાનનું ફળ નરકગતિ છે.

રૌદ્રધ્યાન અતિસંક્લિષ્ટ અધ્યવસાયવાળા જીવોને હોય છે.

રૌદ્રધ્યાન સંસારનું કારણ છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો અભ્યંતરતપમાં સમાવેશ થતો નથી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધ્યાનના પ્રકારો હોવાથી તેમનું સ્વરૂપ બતાવવા અહીં જણાવ્યા છે.

(૩) **ધર્મધ્યાન** - ક્ષમા વગેરે દશ પ્રકારના ધર્મોથી યુક્ત એવું ધ્યાન તે ધર્મધ્યાન. તેના ૪ ભેદ છે - (સૂત્ર-૯/૩૭)

**(i) આજ્ઞાવિચય** - ભગવાનની આજ્ઞાની વિચારણા કરવી તે આજ્ઞાવિચય.

**(ii) અપાયવિચય** - વિષય-કષાયના નુકસાનરૂપ શારીરિક-માનસિક દુ:ખોનો વિચાર કરવો તે અપાયવિચય.

**(iii) વિપાકવિચય** - આઠ કર્મોના ફળની વિચારણા કરવી તે વિપાકવિચય.

**(iv) સંસ્થાનવિચય** - લોક, દ્રવ્ય વગેરેના સ્વરૂપની વિચારણા કરવી તે સંસ્થાનવિચય.

ધર્મધ્યાન સાતમા ગુણઠાણાથી બારમા ગુણઠાણા સુધીના જીવોને હોય છે. (સૂત્ર-૯/૩૮)

નીચેના ગુણઠાણામાં અભ્યાસરૂપ ધર્મધ્યાન હોય, વાસ્તવિક ધર્મધ્યાન ન હોય.

(૧) આગમથી, (૨) ઉપદેશશ્રવણથી, (૩) ગુરુઆજ્ઞાથી અને (૪) સ્વભાવથી ભગવાનના વચનો ઉપરની શ્રદ્ધા વગેરે ધર્મધ્યાનના લક્ષણો છે.

ધર્મધ્યાનથી દેવગતિ મળે છે.

ધર્મધ્યાન મોક્ષનું કારણ છે. (સૂત્ર-૯/૩૦)

(૪) **શુક્લધ્યાન** - સકલ કર્મના ક્ષયમાં કારણભૂત એવું નિર્મળ ધ્યાન તે શુક્લધ્યાન. તેના ૪ ભેદ છે - (સૂત્ર-૯/૪૧)

**(i) પૃથક્ત્વવિતર્કસવિચાર** - પૂર્વધર મહાત્માને પૂર્વશ્રુતના આધારે પરમાણુ, આત્મા વગેરે દ્રવ્યરૂપ એક આશ્રયના ભિન્ન ભિન્ન પર્યાયોનું અર્થ-વ્યંજન-યોગની સંક્રાંતિવાળું ચિંતન તે પૃથક્ત્વવિતર્ક સવિચાર. (સૂત્ર-૯/૪૩) પૃથક્ત્વ એટલે ભિન્ન. વિતર્ક એટલે પૂર્વગતશ્રુતને અનુસારી. (સૂત્ર-૯/૪૫) સવિચાર એટલે અર્થ-વ્યંજન-યોગની સંક્રાંતિવાળુ. (સૂત્ર-૯/૪૬) આ ધ્યાન ત્રણે યોગોના વ્યાપારવાળા જીવોને હોય છે. (સૂત્ર-૯/૪૨) આ ધ્યાન ૧૧મા-૧૨મા ગુણઠાણાવાળા ચૌદ પૂર્વધર મહાત્માઓને હોય છે. (સૂત્ર-૯/૩૯)

**(ii) એકત્વવિતર્કઅવિચાર** - પૂર્વધર મહાત્માને પૂર્વશ્રુતના આધારે દ્રવ્યના એક પર્યાયનું અર્થ-વ્યંજન-યોગની સંક્રાન્તિ વિનાનું ચિંતન તે એકત્વવિતર્કઅવિચાર. (સૂત્ર-૯/૪૩, ૯/૪૪) એકત્વ એટલે એક. વિતર્ક એટલે પૂર્વગતશ્રુતને અનુસારી. અવિચાર એટલે અર્થ-વ્યંજન-યોગની સંક્રાંતિ વિનાનું. આ ધ્યાન ત્રણમાંથી એક યોગના વ્યાપારવાળા જીવને હોય છે. (સૂત્ર-૯/૪૨) આ ધ્યાન ૧૧મા-૧૨મા ગુણઠાણાવાળા ચૌદપૂર્વધર મહાત્માઓને હોય છે. (સૂત્ર-૯/૩૯)

**(iii) સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ** - મનોયોગ અને વચનયોગનો નિરોધ કર્યા પછી કાયયોગના વ્યાપારવાળા કેવળી ભગવંતોને આ ધ્યાન હોય છે. (સૂત્ર-૯/૪૦, ૯/૪૨) આ અવસ્થામાં જીવ સૂક્ષ્મ ક્રિયા કરે છે અને આ ધ્યાનથી જીવ પડતો નથી, માટે આ ધ્યાનને સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ ધ્યાન કહેવાય છે. આ ધ્યાન તેરમા ગુણઠાણે યોગનિરોધ કરતી વખતે હોય છે.

**(iv) વ્યુપરતક્રિયાઅનિવર્તી** - મનોયોગ, વચનયોગ અને કાયયોગનો નિરોધ કર્યા પછી અયોગી કેવળી ભગવંતોને શૈલેષી અવસ્થામાં આ ધ્યાન હોય છે. (સૂત્ર-૯/૪૦,૯/૪૨) આ અવસ્થામાં જીવ કોઈ ક્રિયા કરતો નથી. આ ધ્યાન પછી જીવ પાછો ફરતો નથી પણ સીધો મોક્ષમાં જાય છે. માટે આ ધ્યાનને વ્યુપરતક્રિયાઅનિવર્તી ધ્યાન કહેવાય છે. આ ધ્યાન ૧૪મા ગુણઠાણે હોય છે.

શુક્લધ્યાનનું ફળ મોક્ષ છે. શુક્લધ્યાન મોક્ષનું કારણ છે. (સૂત્ર-૯/૩૦)

બાહ્યતપ અને અભ્યંતરતપ ઉપરાંત પ્રકીર્ણકતપ અનેક પ્રકારનો છે-

**(૧) યવમધ્યા ચંદ્રપ્રતિમા તપ** - શુક્લપક્ષમાં જેમ ચંદ્રની વૃદ્ધિ થાય તેમ શુક્લપક્ષમાં એકમે એક કવલ વાપરવો, બીજે બે કવલ વાપરવા, ત્રીજે ત્રણ કવલ વાપરવા. એમ દરરોજ એક એક કવલ વધારતા પૂનમે ૧૫ કવલ વાપરવા. કૃષ્ણપક્ષમાં એકમે ૧૫ કવલ વાપરવા. કૃષ્ણપક્ષમાં જેમ ચંદ્રની હાનિ થાય છે, તેમ પછી દરરોજ ૧-૧ કવલ ઘટાડતા અમાસે ૧ કવલ વાપરવો. આ યવમધ્યા ચંદ્રપ્રતિમા તપ છે.

**(૨) વજ્રમધ્યા ચંદ્રપ્રતિમા તપ** - કૃષ્ણપક્ષમાં એકમે ૧૫ કવલ વાપરવા. ત્યાર પછી દરરોજ ૧-૧ કવલ ઘટાડતા અમાસે ૧ કવલ વાપરવો. શુક્લપક્ષમાં એકમે ૧ કવલ વાપરવો. ત્યાર પછી દરરોજ ૧-૧ કવલ વધારતા પૂનમે ૧૫ કવલ વાપરવા. આ વ્રજમધ્યા ચંદ્રપ્રતિમા તપ છે.

**(૩) કનકાવલી તપ** - પહેલા ૧ ચોથભક્ત$^{\Delta}$ કરવો, પછી છઠ્ઠ કરવો, પછી અઠ્ઠમ કરવો, પછી ૮ છઠ્ઠ કરવા, પછી ક્રમશઃ ચોથભક્ત-

---

Δ ઉત્તરપારણે અને પારણે એકાસણા કરવાપૂર્વક ઉપવાસ કરવો તે ચોથભક્ત છે.

છઠ્ઠ - અઠ્ઠમ-૪ ઉપવાસ-૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ- ૮ ઉપવાસ - ૯ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૨ ઉપવાસ - ૧૩ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૫ ઉપવાસ - ૧૬ ઉપવાસ કરવા. પછી ૩૪ છઠ્ઠ કરવા. પછી ૧૬ ઉપવાસ - ૧૫ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૩ ઉપવાસ - ૧૨ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૯ ઉપવાસ - ૮ ઉપવાસ - ૭ ઉપવાસ - ૬ ઉપવાસ - ૫ ઉપવાસ - ૪ ઉપવાસ - અઠ્ઠમ - છઠ્ઠ - ચોથભક્ત કરવા. પછી ૮ છઠ્ઠ કરવા. પછી અઠ્ઠમ કરવો, પછી છઠ્ઠ કરવો, પછી ચોથભક્ત કરવો.

આમાં તપના દિવસ ૩૮૪ છે, પારણાના દિવસ ૮૮ છે, કુલ ૪૭૨ દિવસ છે, એટલે ૧ વર્ષ ૩ માસ અને ૨૨ દિવસ છે. આ કનકાવલી તપ છે. પ્રથમ કનકાવલી તપમાં બધી વિગઈઓ સહિતના પારણા હોય છે. બીજા કનકાવલી તપમાં બધા નીવિયાતાના પારણા હોય છે. ત્રીજા કનકાવલી તપમાં લેપરહિત આહારના પારણા હોય છે. ચોથા કનકાવલી તપમાં આયંબિલના અને પરિમિત ભિક્ષાના પારણા હોય છે. આમ આ ચારે કનકાવલી તપોનો કુલ કાળ ૫ વર્ષ ૨ માસ ૨૮ દિવસ છે.

**(૪) રત્નાવલી તપ** - પહેલા ચોથભક્ત કરવો, પછી છઠ્ઠ કરવો, પછી અઠ્ઠમ કરવો, પછી ૮ અઠ્ઠમ કરવા, પછી ક્રમશઃ ચોથભક્ત -છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ૮ ઉપવાસ - ૯ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૨ ઉપવાસ-૧૩ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૫ ઉપવાસ - ૧૬ ઉપવાસ કરવા. પછી ૩૪ અઠ્ઠમ કરવા. પછી ૧૬ ઉપવાસ - ૧૫ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૩ ઉપવાસ - ૧૨ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૯ ઉપવાસ - ૮ ઉપવાસ - ૭ ઉપવાસ - ૬ ઉપવાસ - ૫ ઉપવાસ - ૪ ઉપવાસ - અઠ્ઠમ - છઠ્ઠ-ચોથભક્ત કરવા. પછી ૮ અઠ્ઠમ કરવા. પછી અઠ્ઠમ, છઠ્ઠ, ચોથભક્ત કરવા.

આમાં પારણાના દિવસો ૮૮ છે, તપના દિવસો ૪૩૪ છે. કુલ ૫૨૨ દિવસ છે, એટલે ૧ વર્ષ ૫ માસ અને ૧૨ દિવસ છે. ચાર રત્નાવલી તપોનો કુલ કાળ ૫ વર્ષ ૯ માસ અને ૧૮ દિવસ છે. ચારે રત્નાવલી તપોમાં પારણા કનકાવલી તપની જેમ જાણવા.

(૫) **મુક્તાવલી તપ** - પહેલા ચોથભક્ત કરવો. પછી છટ્ઠ કરવો. પછી ચોથભક્ત કરવો. પછી અટ્ઠમ કરવો. પછી ચોથભક્ત કરવો. પછી ૪ ઉપવાસ કરવા. પછી ચોથભક્ત કરવો. પછી ૫ ઉપવાસ કરવા. પછી ચોથભક્ત - ૬ ઉપવાસ - ચોથભક્ત - ૭ ઉપવાસ - ચોથભક્ત - ૮ ઉપવાસ - ચોથભક્ત - ૯ ઉપવાસ - ચોથભક્ત - ૧૦ ઉપવાસ - ચોથભક્ત-૧૧ ઉપવાસ - ચોથભક્ત - ૧૨ ઉપવાસ - ચોથભક્ત - ૧૩ ઉપવાસ - ચોથભક્ત - ૧૪ ઉપવાસ - ચોથભક્ત - ૧૫ ઉપવાસ - ચોથભક્ત - ૧૬ ઉપવાસ કરવા. પછી ૧૬ ઉપવાસ - ચોથભક્ત - ૧૫ ઉપવાસ - ચોથભક્ત - ૧૪ ઉપવાસ - ચોથભક્ત - ૧૩ ઉપવાસ - ચોથભક્ત - ૧૨ ઉપવાસ - ચોથભક્ત - ૧૧ ઉપવાસ - ચોથભક્ત - ૧૦ ઉપવાસ - ચોથભક્ત - ૯ ઉપવાસ - ચોથભક્ત - ૮ ઉપવાસ - ચોથભક્ત - ૭ ઉપવાસ - ચોથભક્ત - ૬ ઉપવાસ - ચોથભક્ત - ૫ ઉપવાસ - ચોથભક્ત - ૪ ઉપવાસ - ચોથભક્ત - અટ્ઠમ - ચોથભક્ત - છટ્ઠ - ચોથભક્ત કરવા.

આમાં તપના દિવસ ૩૦૦ છે, પારણાના દિવસ ૬૦ છે. કુલ ૩૬૦ દિવસ છે, એટલે ૧ વર્ષ છે. ચાર મુક્તાવલી તપોમાં ૪ વર્ષ થાય. તેમાં પારણા કનકાવલી તપની જેમ જાણવા.

(૬) **લઘુસિંહવિક્રીડિત તપ** - પહેલા ચોથભક્ત કરવો. પછી છટ્ઠ-ચોથભક્ત-અટ્ઠમ-છટ્ઠ-૪ ઉપવાસ-અટ્ઠમ-૫ ઉપવાસ-૪ ઉપવાસ-૬ ઉપવાસ-૫ ઉપવાસ-૭ ઉપવાસ-૬ ઉપવાસ-૮ ઉપવાસ-૭ ઉપવાસ-૯ ઉપવાસ-૮ ઉપવાસ કરવા. પછી ૯ ઉપવાસ-૭ ઉપવાસ-૮ ઉપવાસ-

૬ ઉપવાસ-૭ ઉપવાસ-૫ ઉપવાસ-૬ ઉપવાસ-૪ ઉપવાસ-૫ ઉપવાસ-અઠ્ઠમ-૪ ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ-ચોથભક્ત-છઠ્ઠ-ચોથભક્ત કરવા.

આમાં તપના દિવસ ૧૫૪ છે, પારણાના દિવસ ૩૩ છે. કુલ ૧૮૭ દિવસ છે, એટલે ૬ માસ ૭ દિવસ છે. ચાર લઘુસિંહવિક્રીડિત તપોમાં ૨ વર્ષ ૨૮ દિવસ છે. તેમાં પારણા કનકાવલી તપની જેમ જાણવા.

(૭) **મહાસિંહવિક્રીડિત તપ** - પહેલા ચોથભક્ત કરવો. પછી છઠ્ઠ-ચોથભક્ત - અઠ્ઠમ - છઠ્ઠ - ૪ ઉપવાસ - અઠ્ઠમ - ૫ ઉપવાસ - ૪ ઉપવાસ - ૬ ઉપવાસ - ૫ ઉપવાસ - ૭ ઉપવાસ - ૬ ઉપવાસ - ૮ ઉપવાસ - ૭ ઉપવાસ - ૯ ઉપવાસ - ૮ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૯ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૧૨ ઉપવાસ - ૧૧ ઉપવાસ-૧૩ ઉપવાસ - ૧૨ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૩ ઉપવાસ - ૧૫ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૬ ઉપવાસ - ૧૫ ઉપવાસ કરવા. પછી ૧૬ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૫ ઉપવાસ - ૧૩ ઉપવાસ - ૧૪ ઉપવાસ - ૧૨ ઉપવાસ - ૧૩ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૨ ઉપવાસ-૧૦ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૯ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૮ ઉપવાસ - ૯ ઉપવાસ - ૭ ઉપવાસ - ૮ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - છઠ્ઠ - અઠ્ઠમ - ચોથભક્ત - છઠ્ઠ - ચોથભક્ત કરવા.

આમાં તપના દિવસ ૪૯૭ છે, પારણાના દિવસ ૬૧ છે. કુલ ૫૫૮ દિવસ છે, એટલે ૧ વર્ષ ૬ માસ ૧૮ દિવસ છે. ચાર મહાસિંહવિક્રીડિત તપોમાં ૬ વર્ષ ૨ માસ ૧૨ દિવસ છે. તેમાં પારણા કનકાવલી તપની જેમ જાણવા.

(૮) **સમસમમિકા પ્રતિમા** - પહેલા ૭ દિવસ રોજ ૧-૧ ભિક્ષા□

□ અન્ય ગ્રંથોમાં ભિક્ષાની બદલે દત્તિ કહી છે.

વાપરે. બીજા ૭ દિવસ રોજ ૨-૨ ભિક્ષા વાપરે. એમ ઉત્તરોત્તર સપ્તકમાં ૧-૧ ભિક્ષા વધુ વાપરે. યાવત્ સાતમા સપ્તકમાં દરરોજ ૭-૭ ભિક્ષા વાપરે. કુલ ૪૯ દિવસ છે.

**(૯) અષ્ટઅષ્ટમિકા પ્રતિમા** - પહેલા ૮ દિવસ રોજ ૧-૧ ભિક્ષા વાપરે. બીજા ૮ દિવસ રોજ ૨-૨ ભિક્ષા વાપરે. એમ ઉત્તરોત્તર અષ્ટકમાં ૧-૧ ભિક્ષા વધુ વાપરે. યાવત્ આઠમા અષ્ટકમાં દરરોજ ૮-૮ ભિક્ષા વાપરે. કુલ ૬૪ દિવસ છે.

**(૧૦) નવનવમિકા પ્રતિમા** - પહેલા ૯ દિવસ રોજ ૧-૧ ભિક્ષા વાપરે. બીજા ૯ દિવસ રોજ ૨-૨ ભિક્ષા વાપરે. એમ ઉત્તરોત્તર નવકમાં ૧-૧ ભિક્ષા વધુ વાપરે. યાવત્ નવમા નવકમાં દરરોજ ૯-૯ ભિક્ષા વાપરે. કુલ ૮૧ દિવસ છે.

**(૧૧) દશદશમિકા પ્રતિમા** - પહેલા ૧૦ દિવસ રોજ ૧-૧ ભિક્ષા વાપરે. બીજા ૧૦ દિવસ રોજ ૨-૨ ભિક્ષા વાપરે. એમ ઉત્તરોત્તર દશકમાં ૧-૧ ભિક્ષા વધુ વાપરે. યાવત્ દશમા દશકમાં દરરોજ ૧૦-૧૦ ભિક્ષા વાપરે. કુલ ૧૦૦ દિવસ છે.

**(૧૨) લઘુસર્વતોભદ્ર તપ** - પહેલી પંક્તિમાં ચોથભક્ત - છટ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ કરવા. બીજી પંક્તિમાં ૪ ઉપવાસ-૫ ઉપવાસ-ચોથભક્ત - છટ્ઠ - અઠ્ઠમ કરવા. ત્રીજી પંક્તિમાં છટ્ઠ - અઠ્ઠમ-૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ચોથભક્ત કરવા. ચોથી પંક્તિમાં ૫ ઉપવાસ - ચોથભક્ત - છટ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ કરવા. પાંચમી પંક્તિમાં અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ચોથભક્ત - છટ્ઠ કરવા.

આમાં તપના દિવસ ૭૫ છે, પારણાના દિવસ ૨૫ છે. કુલ ૧૦૦ દિવસ છે, એટલે ૩ માસ અને ૧૦ દિવસ છે. ચાર લઘુસર્વતોભદ્ર

તપમાં ૧ વર્ષ ૧ માસ અને ૧૦ દિવસ થાય. તેમાં પારણા કનકાવલી તપની જેમ જાણવા.

લઘુસર્વતોભદ્ર તપની તીર્છી, ઊભી અને ત્રાંસી દરેક પંક્તિમાં ઉપવાસોનો સરવાળો ૧૫ છે.

૧લો વિકલ્પ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |

૨જો વિકલ્પ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |

લઘુસર્વતોભદ્ર તપનો બીજો વિકલ્પ - પહેલી પંક્તિમાં ચોથભક્ત - છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ કરવા. બીજી પંક્તિમાં ૩ ઉપવાસ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ચોથભક્ત - છઠ્ઠ કરવા. ત્રીજી પંક્તિમાં ૫ ઉપવાસ - ચોથભક્ત - છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ કરવા. ચોથી પંક્તિમાં છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ચોથભક્ત કરવા. પાંચમી પંક્તિમાં ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ચોથભક્ત - છઠ્ઠ - અઠ્ઠમ કરવા.

**(૧૩) મહાસર્વતોભદ્ર તપ** - પહેલી પંક્તિમાં ચોથભક્ત-છઠ્ઠ-અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ કરવા. બીજી પંક્તિમાં ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ચોથભક્ત - છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ કરવા. ત્રીજી પંક્તિમાં ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ચોથભક્ત - છઠ્ઠ - અઠ્ઠમ કરવા. ચોથી પંક્તિમાં છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ચોથભક્ત કરવા. પાંચમી પંક્તિમાં ૭ ઉપવાસ-ચોથભક્ત-

છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ કરવા. છઠ્ઠી પંક્તિમાં ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ચોથભક્ત - છઠ્ઠ - અઠ્ઠમ - ૪ ઉપવાસ કરવા. સાતમી પંક્તિમાં અઠ્ઠમ - ૪ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ-ચોથભક્ત-છઠ્ઠ કરવા.

આમાં તપના ૧૯૬ દિવસ છે, પારણાના ૪૯ દિવસ છે. કુલ ૨૪૫ દિવસ છે, એટલે ૮ માસ ૫ દિવસ છે.

મહાસર્વતોભદ્ર તપની તીર્ચ્છી, ઊભી અને ત્રાંસી દરેક પંક્તિમાં ઉપવાસોનો સરવાળો ૨૮ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ |

**(૧૪) ભદ્રોત્તર તપ** - પહેલી પંક્તિમાં ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ૮ ઉપવાસ - ૯ ઉપવાસ કરવા. બીજી પંક્તિમાં ૮ ઉપવાસ - ૯ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ કરવા. ત્રીજી પંક્તિમાં ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ૮ ઉપવાસ - ૯ ઉપવાસ - ૫ ઉપવાસ કરવા. ચોથી પંક્તિમાં ૯ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ - ૭ ઉપવાસ - ૮ ઉપવાસ કરવા. પાંચમી પંક્તિમાં ૭ ઉપવાસ - ૮ ઉપવાસ - ૯ ઉપવાસ - ૫ ઉપવાસ - ૬ ઉપવાસ કરવા.

આમાં તપના ૧૭૫ દિવસ છે, પારણાના ૨૫ દિવસ છે. કુલ ૨૦૦ દિવસ છે, એટલે ૬ માસ અને ૨૦ દિવસ છે.

ભદ્રોત્તર તપની તીર્ચ્છી, ઊભી અને ત્રાંસી દરેક પંક્તિમાં ઉપવાસોનો સરવાળો ૩૫ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૫ |
| ૯ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૯ | ૫ | ૬ |

**(૧૫) વર્ધમાન આયંબિલ તપ** - પહેલા ૧ આયંબિલ - ૧ ચોથભક્ત કરવા. પછી ૨ આયંબિલ - ૧ ચોથભક્ત કરવા. પછી ૩ આયંબિલ - ૧ ચોથભક્ત કરવા. પછી ૪ આયંબિલ - ૧ ચોથભક્ત કરવા. એમ ૧-૧ આયંબિલ વધારવું અને છેલ્લે ચોથભક્ત કરવું. યાવત્ છેલ્લે ૧૦૦ આયંબિલ અને ૧ ચોથભક્ત કરવું.

આમાં તપના કુલ ૫,૧૫૦ દિવસ થાય, એટલે ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસ થાય.

આવા અનેક પ્રકારના તપો છે.

સાધુની ૧૨ પ્રતિમાઓ પણ વિશિષ્ટ પ્રકારનો તપ છે.

**સાધુની ૧૨ પ્રતિમા** - પ્રતિમા એટલે વિશેષ પ્રકારનો અભિગ્રહ. સાધુની આવી ૧૨ પ્રતિમા છે. તે આ પ્રમાણે-

**(૧) એકમાસિકી પ્રતિમા** - ૧ માસમાં દરરોજ ભોજનની ૧ દત્તિ અને પાણીની ૧ દત્તિ વાપરે. આ પ્રતિમાની વિશિષ્ટ ચર્યા આ પ્રમાણે છે -

(૧) આપનારનો એક પગ ઉંબરાની અંદર હોય અને બીજો પગ ઉંબરાની બહાર હોય તો વહોરવું કલ્પે.

(૨) ભિક્ષા સમયની શરૂમાં, મધ્યમાં અને અંતે ગોચરી જાય. પેટા, અર્ધપેટા, ગોમૂત્રિકા, પતંગવીથિ, સંબુક્કવૃત્ત, ગત્વાપ્રત્યાગતા આ ૬ ગોચરભૂમિઓમાં ચરે.

(૩) જ્યાં પોતે જણાય ત્યાં ૧ રાત્રી રહે. જ્યાં પોતે ન જણાય ત્યાં ૧ રાત્રી કે બે અહોરાત્ર રહે, તેથી વધુ નહીં.

(૪) માગવું, પૂછવું, રજા લેવી, જવાબ આપવો - આ કારણોસર બોલે, અન્યથા નહીં.

(૫) આગમનગૃહ, વિકટગૃહ (ખુલ્લુ ઘર), વૃક્ષમૂલ - આ ત્રણ ઉપાશ્રયમાં રહે.

(૬) પૃથ્વીનો સંથારો, લાકડાનો સંથારો, યથાસ્તીર્ણ સંથારો (પાથરેલો સંથારો) - આ ત્રણ સંથારામાં સૂવે.

(૭) કોઈ તેમના ઉપાશ્રયમાં આગ લગાડે તો ત્યાંથી નીકળે નહીં.

(૮) પગમાં લાગેલ કાંટો વગેરે કે આંખમાં પડેલ તણખલું વગેરે કાઢે નહીં. જલમાં કે સ્થલમાં જ્યાં સૂર્ય આથમે ત્યાંથી એક ડગલું પણ ચાલે નહીં.

(૯) અચિત્ત પાણીથી પણ હાથ-પગ ન ધુવે.

(૧૦) સામે આવતા દુષ્ટ હાથી, ઘોડા વગેરેના ડરથી એક પગલું પણ સરકે નહીં.

(૨) **દ્વિમાસિકી પ્રતિમા** - બે માસમાં દરરોજ ભોજનની ૨ દત્તિ અને પાણીની ૨ દત્તિ વાપરે. શેષ ચર્યા એકમાસિકી પ્રતિમાની જેમ જાણવી.

(૩) **ત્રિમાસિકી પ્રતિમા** - ૩ માસમાં દરરોજ ભોજનની ૩ દત્તિ

અને પાણીની ૩ દત્તિ વાપરે. શેષ ચર્યા એકમાસિકી પ્રતિમાની જેમ જાણવી.

**(૪) ચતુર્માસિકી પ્રતિમા** - ૪ માસમાં દરરોજ ભોજનની ૪ દત્તિ અને પાણીની ૪ દત્તિ વાપરે. શેષ ચર્યા એકમાસિકી પ્રતિમાની જેમ જાણવી.

**(૫) પંચમાસિકી પ્રતિમા** - ૫ માસમાં દરરોજ ભોજનની ૫ દત્તિ અને પાણીની ૫ દત્તિ વાપરે. શેષ ચર્યા એકમાસિકી પ્રતિમાની જેમ જાણવી.

**(૬) ષણ્માસિકી પ્રતિમા** - ૬ માસમાં દરરોજ ભોજનની ૬ દત્તિ અને પાણીની ૬ દત્તિ વાપરે. શેષ ચર્યા એકમાસિકી પ્રતિમાની જેમ જાણવી.

**(૭) સપ્તમાસિકી પ્રતિમા** - ૭ માસમાં દરરોજ ભોજનની ૭ દત્તિ અને પાણીની ૭ દત્તિ વાપરે. શેષ ચર્યા એકમાસિકી પ્રતિમાની જેમ જાણવી.

**(૮) પ્રથમ સપ્તરાત્રિકી પ્રતિમા** - આ પ્રતિમા સાત રાત્રીની છે. તેમાં એકાંતરે ચઉવિહાર ચોથભક્ત કરે, પારણે આયંબિલ કરે, ગામની બહાર સીધા સૂવે, પડખે સૂવે કે બેસે, દિવ્ય, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સારી રીતે સહન કરે.

**(૯) બીજી સપ્તરાત્રિકી પ્રતિમા** - આ પ્રતિમા સાત[Δ] રાત્રીની છે. તેમાં એકાંતરે ચઉવિહાર ચોથભક્ત કરે, પારણે આયંબિલ કરે, દંડની જેમ પગ લાંબા કરીને સૂઈ રહે, લગંડશાયી (વાંકા લાકડાની જેમ માત્ર પીઠના આધારે મસ્તક-પગ જમીનને ન સ્પર્શે તેમ સૂઈ રહે), ઉત્કુટુક

Δ **તત્ત્વાર્થભાષ્યમાં** આ પ્રતિમા ૧૪ રાત્રીની કહી છે. ટીકામાં તે પાઠ બરાબર ન હોવાનો ખુલાસો કર્યો છે.

આસન (મસ્તક અને પાનીઓના આધારે માત્ર વચ્ચે સાથળ-વાંસાથી અદ્ધર રહે તે)માં રહે અને ઉપસર્ગો સહન કરે.

**(૧૦) ત્રીજી સપ્તરાત્રિકી પ્રતિમા** - આ પ્રતિમા ☐સાત રાત્રિની છે. તેમાં એકાંતરે ચઉવિહાર ચોથભક્ત કરે, પારણે આયંબિલ કરે, ગોદોહિકા આસન (પગના આંગળાના આધારે ઉભડક પગે બેસવું તે)માં રહે, વીરાસન (સિંહાસન પર બેઠા પછી સિંહાસન લઈ લેવા છતા તેમ જ બેસી રહેવું તે)માં રહે, આમ્રકુબ્જિતા આસન (કેરીની જેમ વાંકા શરીરે બેસવું તે)માં રહે.

**(૧૧) અહોરાત્રિકી પ્રતિમા** - આ પ્રતિમા ૧ અહોરાત્રની છે. તેમાં ચઉવિહાર છઠ્ઠ કરે, ગામની બહાર બે પગ વચ્ચે ૪ અંગુઠાનું અંતર રાખી હાથ લાંબા રાખી કાઉસ્સગ્ગમાં રહે. આ પ્રતિમા એક અહોરાત્ર સુધી પાળીને પછી બે ઉપવાસ કરવાના હોવાથી ત્રણ દિવસે પૂર્ણ થાય છે. આમાં આગળ-પાછળ ઠામચઉવિહાર એકાસણું કરીને વચ્ચે ચઉવિહાર બે ઉપવાસ કરવાના હોય છે. શેષ પૂર્વેની જેમ.

**(૧૨) એકરાત્રિકી પ્રતિમા** - આ પ્રતિમા ૧ રાત્રિની છે. તેમાં ચઉવિહાર અઠ્ઠમ કરે, ગામની બહાર અનશનની શિલા ઉપર રહી, એક પુદ્‌ગલ ઉપર અનિમેષ નયન રાખી, શરીર-ઇન્દ્રિયો ગોપવી, કાઉસ્સગ્ગમાં રહી, દિવ્ય-મનુષ્ય સંબંધી-તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સહન કરે. આ પ્રતિમાનું પાલન કર્યા પછી ત્રણ દિવસ ઉપવાસ કરવાના હોવાથી ચાર દિવસે આ પ્રતિમા પૂર્ણ થાય છે. આ પ્રતિમામાં અવધિજ્ઞાન વગેરે ત્રણ જ્ઞાનમાંથી કોઈ પણ એક જ્ઞાન આત્મામાં પ્રગટે છે.

**(૮) ત્યાગ** - ઉપકરણો કે અન્ન-પાન વગેરે રૂપ બાહ્ય ઉપધિ અને કષાયો કે શરીરરૂપ અભ્યંતર ઉપધિ ઉપરની મૂર્ચ્છાને છોડવી તે ત્યાગ.

---

☐ **તત્ત્વાર્થભાષ્યમાં** આ પ્રતિમા ૨૧ રાત્રીની કહી છે. ટીકામાં તે પાઠ બરાબર ન હોવાનો ખુલાસો કર્યો છે.

**(૯) આકિંચન્ય** - શરીર અને ધર્મોપકરણોને વિષે મમત્વનો ત્યાગ કરવો તે આકિંચન્ય.

**(૧૦) બ્રહ્મચર્ય** - વ્રતોને પાળવા માટે, જ્ઞાનની વૃદ્ધિ માટે અને કષાયોના ઉપશમ કે ક્ષય માટે ગુરુકુળમાં રહેવું તે બ્રહ્મચર્ય.

ગુરુકુળમાં રહેવું એટલે સ્વતંત્રતાનો અભાવ, ગુરુને અધીનપણું, ગુરુની આજ્ઞામાં રહેવું.

બ્રહ્મચર્યની ભાવનાઓ પૂર્વે કહી છે. તદુપરાંત ઇષ્ટ સ્પર્શ-રસ-ગંધ-વિભૂષા મળે તો પણ ખુશ ન થવું એ બ્રહ્મચર્યની ભાવના છે.

નવતત્ત્વ પ્રકરણમાં દસ પ્રકારનો યતિધર્મ જુદી રીતે બતાવ્યો છે. તે આ પ્રમાણે- ક્ષમા, મૃદુતા, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય. આમાં મુક્તિ એટલે સંતોષ-લોભનો અભાવ અને શૌચ એટલે મન-વચન-કાયાની પવિત્રતા. શેષ ધર્મોનો અર્થ ઉપર મુજબ જાણવો.

**(D) અનુપ્રેક્ષા** - અનુપ્રેક્ષા એટલે ભાવનાઓ. તેના ૧૨ ભેદ છે - (સૂત્ર-૯/૭)

**(૧) અનિત્યભાવના** - બાહ્ય-અભ્યંતર એવા શરીર, શય્યા, આસન, વસ્ત્ર વગેરે દ્રવ્યો અને બધા સંયોગો અનિત્ય છે એમ વિચારવું તે અનિત્યભાવના. આમ વિચારવાથી રાગ થતો નથી. તેથી વિયોગનું દુઃખ થતું નથી.

**(૨) અશરણભાવના** - જન્મ, જરા, મરણ, રોગ, પ્રિયવિયોગ, અપ્રિયસંયોગ, ઇષ્ટલાભ, દરિદ્રતા, દૌર્ભાગ્ય, દૌર્મનસ્ય, મરણ વગેરેથી થતા દુઃખોથી હણાયેલ જીવને સંસારમાં કોઈ શરણ નથી એમ વિચારવું તે અશરણભાવના. આમ વિચારવાથી સાંસારિક પદાર્થો ઉપર રાગ થતો નથી અને શરણરૂપ ભગવાને કહેલ આરાધનામાં પ્રવૃત્તિ થાય છે.

**(૩) સંસારભાવના** - અનાદિ સંસારમાં ચાર ગતિમાં ભટકતા જીવના બધા જીવો સાથે બધા સંબંધો થયા છે. તેથી કોઈ સ્વજન કે પરજન નથી. ૮૪ લાખ યોનિઓમાં જીવો તીવ્ર દુઃખો પામે છે. સંસાર દ્વંદ્વોથી ભરેલ છે, કષ્ટમય છે. આમ વિચારવું તે સંસારભાવના. આમ વિચારવાથી સંસાર પ્રત્યે નિર્વેદ થાય છે. તેથી સંસારનો નાશ કરવા પ્રયત્ન થાય છે.

**(૪) એકત્વભાવના** - હું એકલો જ છું, મારે કોઈ પોતાનું કે પારકું નથી. હું એકલો જ જન્મ્યો છું અને એકલો જ મરીશ. મારા દુઃખમાં કોઈ ભાગ પડાવનાર નથી. એમ વિચારવું તે એકત્વભાવના. આમ વિચારવાથી સ્વજનો ઉપર રાગ અને બીજાઓ ઉપર દ્વેષ થતો નથી, તેથી નિઃસંગ બની મોક્ષ માટે પ્રવૃત્તિ થાય છે.

**(૫) અન્યત્વભાવના** - હું શરીરથી ભિન્ન છું. શરીર અનિત્ય છે. હું નિત્ય છું. શરીર જડ છે. હું ચેતન છું. મારા આત્મા સિવાયનું આ દુનિયામાં બધુ પારકુ છે. આમ વિચારવું તે અન્યત્વભાવના. આમ વિચારવાથી શરીર વગેરે પ્રત્યે મમત્વ થતું નથી. તેથી મોક્ષ માટે પ્રવૃત્તિ થાય છે.

**(૬) અશુચિભાવના** - આ શરીર મળ-મૂત્ર વગેરે અશુચિ પદાર્થોથી ભરેલું છે એમ વિચારવું તે અશુચિભાવના. આમ વિચારવાથી શરીર પ્રત્યે મમત્વ થતું નથી. તેથી શરીરનો નાશ કરવા પ્રયત્ન થાય છે.

**(૭) આસ્રવભાવના** - ૪૨ પ્રકારના આસ્રવો દ્વારા પ્રતિસમય આત્મામાં કર્મો આવે છે અને તેનાથી આત્મા ભારે થાય છે એમ વિચારવું તે આસ્રવભાવના. આમ વિચારવાથી આસ્રવનો નિરોધ કરવા માટે પ્રવૃત્તિ થાય છે.

**(૮) સંવરભાવના** - સંવરના ૫૭ ભેદોનું ચિંતન કરવું તે સંવરભાવના. એમ કરવાથી સંવર માટે પ્રવૃત્તિ થાય છે.

**(૯) નિર્જરાભાવના** - નિર્જરા બે પ્રકારની છે -

**(i) અબુદ્ધિપૂર્વ નિર્જરા** - કર્મની નિર્જરા કરું એવી બુદ્ધિ જેમાં ન હોય એવી નિર્જરા તે અબુદ્ધિપૂર્વ નિર્જરા. આને અકામનિર્જરા પણ કહેવાય છે.

**(ii) કુશલમૂલ નિર્જરા** - તપ અને પરીષહજયથી થયેલ નિર્જરા તે કુશલમૂલ નિર્જરા. તે અવશ્ય બુદ્ધિપૂર્વકની હોય છે. આને સકામનિર્જરા પણ કહેવાય છે.

અથવા બાર પ્રકારના તપથી નિર્જરા થાય છે, માટે નિર્જરાના બાર ભેદ છે.

નિર્જરાના બે ભેદો અથવા બાર ભેદોની વિચારણા કરવી તે નિર્જરાભાવના. આમ વિચારવાથી નિર્જરા માટે પ્રવૃત્તિ થાય છે.

**(૧૦) લોકભાવના** - પાંચ અસ્તિકાય આત્મક લોકના સ્વરૂપની વિચારણા કરવી તે લોકભાવના. આમ વિચારવાથી તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ થાય છે.

**(૧૧) બોધિદુર્લભભાવના** - અનાદિ સંસારમાં ભમતા, વિવિધ દુ:ખોથી હણાયેલા, મિથ્યાત્વથી ઘેરાયેલા, ૪ ઘાતિકર્મોના ઉદયથી પરાભૂત થયેલા જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થવું દુર્લભ છે, માટે તે પ્રાપ્ત કરવા યત્ન કરવો અને તે પ્રાપ્ત થઈ જાય તો તેનું રક્ષણ કરવું - એમ વિચારવું તે બોધિદુર્લભભાવના. આમ વિચારવાથી સમ્યક્ત્વ પામવા માટે પ્રયત્ન થાય છે અને સમ્યક્ત્વ પામ્યા પછી પ્રમાદ થતો નથી.

**(૧૨) ધર્મભાવના** - સમ્યગ્દર્શનરૂપી મૂળવાળો અને ૫

મહાવ્રતવાળો ધર્મ જિનેશ્વરભગવાને સારી રીતે કહ્યો છે. આ ધર્મના પ્રભાવથી જ લોકની આકાશમાં સ્થિતિ વગેરે થાય છે. આમ વિચારવું તે ધર્મભાવના. આમ વિચારવાથી જીવ ધર્મથી ભ્રષ્ટ થતો નથી અને ધર્માચરણમાં પ્રવૃત્ત થાય છે.

**(E) પરીષહ** - માર્ગથી ભ્રષ્ટ થયા વિના નિર્જરા માટે સહન કરવું તે પરીષહ. તેના ૨૨ ભેદ છે - (સૂત્ર-૯/૮,૯/૯)

**(૧) ક્ષુધા** - ભુખને સહન કરવી અને અનેષણીય આહારનો ત્યાગ કરવો તે ક્ષુધા પરીષહ.

**(૨) પિપાસા** - તરસને સહન કરવી અને અનેષણીય પાણીનો ત્યાગ કરવો તે પિપાસાપરીષહ.

**(૩) શીત** - ઠંડીને સહન કરવી, પણ અકલ્પ્ય વસ્ત્ર કે અગ્નિનો ઉપયોગ ન કરવો તે શીત પરીષહ.

**(૪) ઉષ્ણ** - ગરમી-તડકો વગેરે સહન કરવા, પણ છત્ર-સ્નાન-પંખા વગેરેનો ઉપયોગ ન કરવો તે ઉષ્ણ પરીષહ.

**(૫) દંશમશક** - ડાંસ, મચ્છર વગેરે ડંખ મારે તો પણ ત્યાંથી બીજે ન જવું, તેમને દૂર ન કરવા, પણ સહન કરવું તે દંશમશક પરીષહ.

**(૬) નાગ્ન્ય** - શાસ્ત્રમાં કહેલ વિધિ મુજબ જીર્ણ વસ્ત્રો વાપરવા, મૂલ્યવાન વસ્ત્રો ન વાપરવા તે નાગ્ન્ય પરીષહ. વસ્ત્રોનો ત્યાગ કરી નગ્ન બનવું એ નાગ્ન્ય પરીષહ નથી.

શાસ્ત્રમાં બે પ્રકારના કલ્પ કહ્યા છે - સ્થવિરકલ્પ અને જિનકલ્પ.

**સ્થવિરકલ્પ** - સ્થવિરકલ્પી સાધુઓ બહુ મૂલ્ય વિનાના, ખંડિત, જીર્ણ અને સંપૂર્ણ શરીરને નહીં ઢાંકનારા એવા વસ્ત્ર ધારણ કરનારા હોવાથી નગ્નતાવાળા જ કહેવાય. તેમની ઉપધિ ૧૪ પ્રકારની હોય

છે. તે આ પ્રમાણે - પાત્રા, પાત્રબંધન, ગુચ્છા, પાત્રકેસરિકા, પલ્લા, રજસ્ત્રાણ, પાત્રસ્થાપન, ત્રણ કપડા, રજોહરણ, મુહપત્તિ, માત્રક (મોટું પાત્રું) અને ચોલપટ્ટો. તેઓ ઉત્સર્ગ-અપવાદથી વ્યવહાર કરનારા હોય છે. તેઓ ઔપગ્રહિક ઉપધિને ધારણ કરે છે. તેઓ ૫ પ્રકારના હોય છે - આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ભિક્ષુ, ક્ષુલ્લક. તેઓ માસકલ્પે વિહાર કરે છે. તેઓ દશવિધ સામાચારીનું પાલન કરે છે. તેઓ ઉદ્ગમ-ઉત્પાદન-એષણાના દોષોથી શુદ્ધ આહાર, ઉપધિ, શય્યા વગેરે વાપરે છે. તેઓ દીક્ષા લીધા બાદ ૧૨ વર્ષ સુધી સૂત્ર ગ્રહણ કરે છે. પછી ૧૨ વર્ષ સુધી તેઓ અર્થ ગ્રહણ કરે છે. પછી ૧૨ વર્ષ સુધી અનિયતવાસી એવા તેઓ દેશદર્શન કરે છે. દેશદર્શન કરતાં તેઓ શિષ્યોને તૈયાર કરે છે. શિષ્યોને તૈયાર કર્યા પછી તેઓ અભ્યુદ્યતવિહાર સ્વીકારે છે. તે ત્રણ પ્રકારે છે - જિનકલ્પ, પરિહારવિશુદ્ધિ, યથાલંદ.

**જિનકલ્પ** - જિનકલ્પ સ્વીકારનાર પહેલા તપ-સત્ત્વ વગેરે ભાવનાઓ વડે પોતાને ભાવિત કરે. તે આ પ્રમાણે -

(૧) **તપભાવના** - તેમાં તપ વડે આત્માને એવી રીતે ભાવિત કરે કે જેથી ભૂખને જીતી શકે. દેવ વગેરેના ઉપસર્ગ વગેરેથી અનેષણીય આહાર બને તો છ મહિના સુધી આહાર વિના પણ બાધા ન પામે.

(૨) **સત્ત્વભાવના** - તેમાં સત્ત્વ વડે ભય અને નિદ્રાને જીતે. ભય અને નિદ્રાને જીતવા માટે રાત્રે બધા સાધુ સૂઈ ગયા પછી ઉપાશ્રયમાં કાઉસ્સગ્ગ કરે તે પહેલી સત્ત્વભાવના, ઉપાશ્રયની બહાર કાઉસ્સગ્ગ કરે તે બીજી સત્ત્વભાવના, ચોકમાં કાઉસ્સગ્ગ કરે તે ત્રીજી સત્ત્વભાવના, શૂન્યઘરમાં કાઉસ્સગ્ગ કરે તે ચોથી સત્ત્વભાવના, સ્મશાનમાં કાઉસ્સગ્ગ કરે તે પાંચમી સત્ત્વભાવના.

(૩) **સૂત્રભાવના** - સૂત્રને પોતાના નામની જેમ પરિચિત કરે,

જેથી દિવસે કે રાત્રે શરીરની છાયા વગેરેના અભાવમાં પણ ઉચ્છ્વાસ, પ્રાણ, સ્તોક, મુહૂર્ત વગેરે કાળને સૂત્રના પરાવર્તનને અનુસારે સારી રીતે જાણી શકે.

(૪) **એકત્વભાવના** - તેમાં આત્માને ભાવતો સંઘાટક સાધુ વગેરેની સાથે પૂર્વમાં બનેલી વાતો, સૂત્રાર્થ, સુખ-દુઃખ વગેરેના પ્રશ્નો રૂપ પરસ્પર કથાવૃત્તાન્તનો ત્યાગ કરે છે. તેથી બાહ્ય મમત્વ મૂલથી જ નાશ થયા બાદ તે હવે શરીર, ઉપધિ વગેરેથી પણ આત્માને ભિન્ન જોતો તે તે પદાર્થોમાં નિરાસક્ત રહે છે.

(૫) **બળભાવના** - તપ વગેરેથી શરીરબળ તેવા પ્રકારનું ન હોવા છતાં પણ ધૈર્યબળથી આત્માને એવો ભાવિત કરે કે મોટા પરીષહ-ઉપસર્ગોથી પણ ચલાયમાન ન થાય.

જો તે પાણિપાત્રની લબ્ધિવાળો હોય તો તે રીતે પરિકર્મ કરે. જો તે પાણિપાત્રની લબ્ધિ વિનાનો હોય તો પાત્રા રાખીને પરિકર્મ કરે. પરિકર્મ એટલે પૂર્વતૈયારી રૂપે આત્માને ભાવિત કરવો. પાણિપાત્રની લબ્ધિવાળાની ઉપધિ બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે અને પાંચ પ્રકારે છે.

બે પ્રકારે - મુહપત્તિ, રજોહરણ

ત્રણ પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૧ કપડો

ચાર પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૨ કપડા

પાંચ પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૩ કપડા

પાત્રધારીની ઉપધિ ૯ પ્રકારે, ૧૦ પ્રકારે, ૧૧ પ્રકારે અને ૧૨ પ્રકારે છે.

૯ પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૭ પ્રકારનો પાત્રનિર્યોગ

(પાત્રાસન, પાત્રબંધન (ઝોડી), પલ્લા, પાત્રા, પાત્રકેસરીકા (પૂંજણી), ગુચ્છા, રજસ્રાણ)

૧૦ પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૧ કપડો, ૭ પ્રકારનો પાત્રનિર્યોગ

૧૧ પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૨ કપડા, ૭ પ્રકારનો પાત્રનિર્યોગ

૧૨ પ્રકારે - મુહપત્તિ, રજોહરણ, ૩ કપડા, ૭ પ્રકારનો પાત્રનિર્યોગ

સ્થવિરકલ્પ અને જિનકલ્પ સંબંધી આવા પ્રકારની નગ્નતા અહીં નાગ્ન્ય પરીષહમાં લેવી.

(૧) સંસૃષ્ટા (૨) અસંસૃષ્ટા (૩) ઉદ્ધૃતા (૪) અલ્પલેપિકા (૫) અવગૃહીતા (૬) પ્રગૃહીતા (૭) ઉજ્ઝિતધર્મા - આ સાત પ્રકારની એષણામાંથી પહેલી બેને છોડી જિનકલ્પી બાકીની પાંચમાંથી કોઈ પણ બેનો અભિગ્રહ કરે. એક એષણાથી પાણી લે અને બીજી એષણાથી આહાર લે. દશ પ્રકારની સામાચારીમાંથી જિનકલ્પીને પાંચ સામાચારી હોય છે - મિથ્યાકાર, આપ્રચ્છન, આવશ્યકી, નૈષેધિકી, ગૃહસ્થોપસંપદા. અથવા જિનકલ્પીને ત્રણ સામાચારી હોય છે - આવશ્યકી, નૈષેધિકી, ગૃહસ્થોપસંપદા. તેમની શ્રુતસંપદા જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુ સુધીની હોય છે અને ઉત્કૃષ્ટથી ન્યૂન દશ પૂર્વ સુધીની હોય છે. તેઓ પહેલા સંઘયણવાળા હોય છે. ક્ષેત્રથી તેમનો જન્મ અને સદ્ભાવ બધી જ કર્મભૂમિઓમાં હોય છે, સંહરણથી તેઓ કર્મભૂમિ કે અકર્મભૂમિમાં હોય છે. કાળથી અવસર્પિણીમાં તેમનો જન્મ ત્રીજા-ચોથા આરામાં હોય છે, સદ્ભાવ ત્રીજા-ચોથા-પાંચમા આરામાં હોય છે. કાળથી ઉત્સર્પિણીમાં તેમનો જન્મ બીજા-ત્રીજા-ચોથા આરામાં હોય છે, સદ્ભાવ ત્રીજા-ચોથા આરામાં હોય છે. જિનકલ્પનો સ્વીકાર સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રવાળાને હોય છે.

**પરિહારવિશુદ્ધિ** - તે આગળ ચારિત્રના પ્રકારમાં કહેવાશે.

**યથાલંદ** - તેમાં પાંચનો ગચ્છ હોય છે. જેમના સૂત્રાર્થ પૂર્ણ ન થયા હોય તેઓ ગચ્છપ્રતિબદ્ધ હોય છે. જેમના સૂત્રાર્થ પૂર્ણ થયા હોય તેઓ ગચ્છમાં અપ્રતિબદ્ધ હોય છે. કેટલાક જિનકલ્પિક યથાલંદી હોય છે અને કેટલાક સ્થવિરકલ્પિક યથાલંદી હોય છે. જિનકલ્પિક યથાલંદી શરીરનું પ્રતિકર્મ ન કરે, રોગની ચિકિત્સા ન કરે, આંખનો મેલ પણ ન કાઢે. સ્થવિરકલ્પિક યથાલંદીઓ જેને રોગ થાય તેને ગચ્છમાં મૂકી દે. ગચ્છ પણ પ્રાસુક-એષણીય ઔષધ વગેરેથી તેની ચિકિત્સા કરે છે. સ્થવિરકલ્પિક યથાલંદીઓ ૧ પાત્રાવાળા અને પ્રાવરણવાળા હોય છે. જિનકલ્પિક યથાલંદીઓ વસ્ત્ર-પાત્ર વિનાના કે વસ્ત્ર-પાત્રવાળા હોય છે. યથાલંદીઓ એક સ્થાનમાં પાંચ રાત્રી રહે. તેમના જઘન્યથી ત્રણ ગણ હોય, ઉત્કૃષ્ટથી સેંકડો ગણ હોય. તેમની ૫ ભિક્ષાચર્યાઓ હોય છે. તેઓ ૫ દિવસ સુધી દરરોજ ૧-૧ શેરીમાં ગોચરી જાય. ફરી ૫ દિવસ સુધી દરરોજ ૧-૧ શેરીમાં ગોચરી જાય. આમ ૧ માસમાં ૧ શેરીમાં ૬ વાર ગોચરી જાય. તેઓ સ્થિતકલ્પમાં અને અસ્થિતકલ્પમાં બંનેમાં હોય છે.

સ્થિતકલ્પ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે - (૧) શય્યાતરપિંડનો ત્યાગ, (૨) કૃતિકર્મ, (૩) વ્રત, (૪) જયેષ્ઠપણું. અસ્થિતકલ્પ છ પ્રકારનો છે. તે આ પ્રમાણે - (૧) આચેલક્ય, (૨) ઔદ્દેશિક પિંડનો ત્યાગ, (૩) રાજપિંડનો ત્યાગ, (૪) માસકલ્પ, (૫) ચોમાસાની વિધિ, (૬) પ્રતિક્રમણ.

(૭) **અરતિ** - કદાચ સંયમમાં કંટાળો આવે તો પણ ઉદ્વેગ ન કરવો પણ શુભ ભાવના ભાવી સંયમમાં લીન બનવું તે અરતિ પરીષહ.

(૮) **સ્ત્રી** - સ્ત્રી તરફ રાગપૂર્વક દૃષ્ટિ ન કરવી, તેના અંગોપાંગ ન નિરખવા, તેનું ચિંતન ન કરવું તે સ્ત્રી પરીષહ.

**(૯) ચર્યા** - ગ્રામાનુગ્રામ વિચરવામાં કંટાળવું નહીં, નવકલ્પી વિહાર કરવો તે ચર્યા પરીષહ.

**(૧૦) નિષદ્યા** - સ્ત્રી-પશુ-નપુંસક રહિત સ્થાનમાં અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરીને રહેવું તે નિષદ્યા પરીષહ.

**(૧૧) શય્યા** - કર્કશ, કઠણ વગેરે પ્રતિકૂળ સંથારો મળે કે ધૂળવાળો-ઠંડો-ગરમ ઉપાશ્રય મળે તો ઉદ્વેગ ન કરવો તે શય્યા પરીષહ.

**(૧૨) આક્રોશ** - કોઈ આક્રોશ કરે તો તેની ઉપર દ્વેષ ન કરવો પણ તેને ઉપકારી માનવો તે આક્રોશ પરીષહ.

**(૧૩) વધ** - કોઈ મારે તો પણ મારનાર ઉપર ખરાબ ભાવ ન ભાવવો પણ 'આત્મા અવિનશ્વર છે અને શરીર નશ્વર છે' એમ વિચારી સહન કરવું તે વધ પરીષહ.

**(૧૪) યાચના** - સાધુએ વસ્ત્ર, પાત્રા, આહાર, પાણી, ઉપાશ્રય વગેરે બધું યાચના કરીને જ મેળવવાનું હોય છે. તેથી કુળવાન હોવાના કારણે યાચના કરવામાં લજ્જા ન રાખવી, તે યાચના પરીષહ.

**(૧૫) અલાભ** - યાચના કરવા છતાં વસ્તુ ન મળે તો પણ દીનતા ન કરવી પણ સમતાભાવમાં લીન બનવું તે અલાભ પરીષહ.

**(૧૬) રોગ** - તાવ-ઝાડા-ખાંસી-શ્વાસ વગેરે રોગો આવે ત્યારે ગચ્છનિર્ગત સાધુઓ ચિકિત્સા ન કરાવે, ગચ્છવાસી સાધુઓ લાભાલાભ જોઈને સહન કરે અથવા શાસ્ત્રમાં કહેલ વિધિ મુજબ ચિકિત્સા કરાવે તે રોગ પરીષહ.

**(૧૭) તૃણસ્પર્શ** - ડાભ વગેરે પોલાણ વિનાના ઘાસની ઉપર સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને સૂતા હોય ત્યારે તેની અણીઓ શરીરમાં વાગે તો તેને સહન કરવી, વસ્ત્રનો સંથારો પણ જીર્ણ કે કર્કશ હોય તો તેને સહન કરવું તે તૃણસ્પર્શ પરીષહ.

**(૧૮) મલ** - શરીર કે વસ્ત્ર ઉપર લાગેલ મેલ દૂર કરવા પ્રયત્ન ન કરવો તે મલ પરીષહ.

**(૧૯) સત્કાર-પુરસ્કાર** - બીજા આહાર-પાણી-વસ્ત્ર-પાત્રા વગેરે આપે તે સત્કાર. બીજા ગુણોની પ્રશંસા કરે, વંદન કરે, ઊભા થાય, આસન આપે તે પુરસ્કાર. કોઈ સત્કાર-પુરસ્કાર કરે તો આનંદ ન પામવો અને ન કરે તો દીનતા-દ્વેષ ન કરવો તે સત્કાર-પુરસ્કાર પરીષહ.

**(૨૦) પ્રજ્ઞા** - બહુ બુદ્ધિશાળી હોય તો ગર્વ ન કરવો, અલ્પબુદ્ધિવાળો હોય તો દીનતા ન કરવી તે પ્રજ્ઞા પરીષહ.

**(૨૧) અજ્ઞાન** - ૧૪ પૂર્વો, ૧૧ અંગો વગેરે શ્રુતને ધારણ કરતો હોય તો તેનો ગર્વ ન કરવો, આગમના જ્ઞાન વિનાનો હોય તો પણ જ્ઞાનાવરણ કર્મના ઉદયને વિચારવો તે અજ્ઞાન પરીષહ.

**(૨૨) અદર્શન** - ભગવાને કહેલ પુણ્ય, પાપ, આત્મા, દેવ, નરક વગેરે ભાવો ન દેખાવાથી અશ્રદ્ધા ન કરે પણ શ્રદ્ધા રાખે તે અદર્શન પરીષહ.

રાગદ્વેષને હણીને આ પરીષહોને સહન કરવા.

**કયા ગુણઠાણે કેટલા પરીષહ ?** (સૂત્ર-૯/૧૦,૯/૧૧,૯/૧૨)

| ગુણઠાણુ | પરીષહ | કુલ |
|---|---|---|
| ૧લા થી ૯મુ | સર્વ | ૨૨ |
| ૧૦મુ, ૧૧મુ, ૧૨મુ | ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ | ૧૪ |
| ૧૩મુ, ૧૪મુ | ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ | ૧૧ |

**કયા કર્મના ઉદય વગેરેથી કયા પરીષહ ? (સૂત્ર-૯/૧૩ થી ૯/૧૬)**

| કર્મ | પરીષહ | કુલ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | પ્રજ્ઞા, અજ્ઞાન | ૨ |
| દર્શનમોહનીય | અદર્શન | ૧ |
| અંતરાય | અલાભ | ૧ |
| ચારિત્રમોહનીય | નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કારપુરસ્કાર | ૭ |
| વેદનીય | ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ | ૧૧ |

એક સાથે એક જીવને જઘન્યથી ૧ પરિષહ હોય અને ઉત્કૃષ્ટથી ૧૯ પરીષહ હોય. (સૂત્ર-૯/૧૭) એક જીવને એકસાથે શીત-ઉષ્ણ બંને પરીષહો ન હોય, પણ બેમાંથી એક જ હોય. એકસાથે એક જીવને ચર્યા-શય્યા-નિષદ્યા પરીષહો ન હોય પણ ત્રણમાંથી એક જ હોય.

**(F) ચારિત્ર** - આત્મા ઉપર લાગેલા કર્મોના ચયને ખાલી કરે તે ચારિત્ર. તેના ૫ ભેદ છે - (સૂત્ર-૯/૧૮)

**(૧) સામાયિકચારિત્ર** - રાગદ્વેષ વિના પ્રવર્તવું તે સામાયિક. તેમાં સર્વસાવદ્ય યોગના પચ્ચક્ખાણ હોય છે. છેદોપસ્થાપનીય વગેરે ચારિત્રો સામાયિક ચારિત્રના જ વિશેષ ભેદો છે. સામાયિક ચારિત્ર બે પ્રકારે છે -

**૧) અલ્પકાળનું** - શ્રાવકનું બે ઘડીનું સામાયિક-પૌષધ તથા પહેલા અને છેલ્લા ભગવાનના શાસનમાં નાની દીક્ષાથી મોટી દીક્ષા સુધીનું ચારિત્ર તે અલ્પકાળનું સામાયિકચારિત્ર છે.

**૨) યાવજ્જીવનું** - ૨૨ ભગવાનના શાસનમાં દીક્ષાથી જીવનના અંત સુધીનું ચારિત્ર તે યાવજ્જીવનું સામાયિકચારિત્ર છે.

**(૨) છેદોપસ્થાપ્ય ચારિત્ર** - પૂર્વેના ચારિત્રપર્યાયનો છેદ કરી ફરી

મહાવ્રતોનું આરોપણ કરવું તે છેદોપસ્થાપ્ય ચારિત્ર. તેના બે ભેદ છે -

**(૧) નિરતિચાર છેદોપસ્થાપ્ય ચારિત્ર** - તેના બે ભેદ છે -

(૧) નાની દીક્ષાવાળા સાધુને વડીદીક્ષાથી આ ચારિત્ર હોય છે.

(૨) ૨૨ ભગવાનના સાધુ જયારે છેલ્લા ભગવાનનું શાસન સ્વીકારે ત્યારે તેમને પણ આ ચારિત્ર હોય છે.

**(૨) સાતિચાર છેદોપસ્થાપ્ય ચારિત્ર** - મૂલગુણનું ખંડન થાય ત્યારે જેને ફરી મહાવ્રતોનું આરોપણ કરાય તેને આ ચારિત્ર હોય છે.

છેદોપસ્થાપ્ય ચારિત્ર પહેલા-છેલ્લા ભગવાનના શાસનમાં જ હોય છે. તે સ્થિતકલ્પમાં જ છે.

**(૩) પરિહારવિશુદ્ધિ ચારિત્ર** - પરિહાર એટલે વિશેષ પ્રકારનો તપ. તેનાથી વિશુદ્ધ ચારિત્ર તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર. આમાં ૯ સાધુઓનો સમૂહ હોય છે - ૪ પરિહારી (તપ કરનારા), ૪ અનુપરિહારી (સેવા કરનારા) અને ૧ કલ્પસ્થિત (વાચનાચાર્ય). તેઓ બધા શ્રુત વગેરેના અતિશયથી યુક્ત હોય છે, છતાં રૂઢિથી એક વાચનાચાર્યની સ્થાપના કરાય છે.

| તપ | ઉનાળામાં | શિયાળામાં | ચોમાસામાં |
|---|---|---|---|
| જઘન્ય | ચોથભક્ત | છટ્ઠ | અટ્ઠમ |
| મધ્યમ | છટ્ઠ | અટ્ઠમ | ૪ ઉપવાસ |
| ઉત્કૃષ્ટ | અટ્ઠમ | ૪ ઉપવાસ | ૫ ઉપવાસ |

પારણે આયંબિલ કરે. સેવા કરનારા અને વાચનાચાર્ય પણ દરરોજ આયંબિલ કરે.

આ રીતે ૬ માસ કરે. પછી તપ કરનારા સેવા કરે, સેવા કરનારા તપ કરે અને વાચનાચાર્ય વાચના આપે. આમ ફરી ૬ માસ કરે. પછી

વાચનાચાર્ય તપ કરે, □એક જણ સેવા કરે અને એક વાચનાચાર્ય થાય. આમ ૬ માસ કરે. આમ ૧૮ મહિને આ તપ પૂર્ણ થાય. ત્યાર પછી કેટલાક ફરીથી તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર સ્વીકારે, કેટલાક જિનકલ્પ સ્વીકારે અને કેટલાક ગચ્છમાં પ્રવેશ કરે.

આ ચારિત્ર પહેલા-છેલ્લા ભગવાનના શાસનમાં જ હોય છે, ૨૨ ભગવાનના શાસનમાં હોતું નથી. આ ચારિત્ર સ્થિતકલ્પમાં જ હોય છે.

આ ચારિત્રના બે ભેદ છે -

**(i) નિર્વિશ્યમાનક**- વર્તમાનમાં સેવાતું એવું પરિહારવિશુદ્ધિચારિત્ર તે નિર્વિશ્યમાનક. આ ચારિત્ર સેવનારા પણ નિર્વિશ્યમાનક કહેવાય છે.

**(ii) નિર્વિષ્ટકાયિક**- ભૂતકાળમાં સેવાયેલું એવું પરિહારવિશુદ્ધિ-ચારિત્ર તે નિર્વિષ્ટકાયિક. જેમણે આ ચારિત્ર સેવી લીધું છે તે પણ નિર્વિષ્ટકાયિક.

(૪) **સૂક્ષ્મસંપરાય ચારિત્ર** - સૂક્ષ્મ લોભ કષાયનો જ ઉદય જે ચારિત્રમાં હોય તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર.

(૫) **યથાખ્યાત ચારિત્ર** - સંપૂર્ણ અતિચાર વિનાનું નિર્મળ ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર.

| **ચારિત્ર** | **ગુણઠાણા** |
|---|---|
| સામાયિક | ૬ઠ્ઠું, ૭મુ, ૮મુ, ૯મુ |
| છેદોપસ્થાપ્ય | ૬ઠ્ઠું, ૭મુ, ૮મુ, ૯મુ |
| પરિહારવિશુદ્ધિ | ૬ઠ્ઠું, ૭મુ |
| સૂક્ષ્મસંપરાય | ૧૦મુ |
| યથાખ્યાત | ૧૧મુ, ૧૨મુ, ૧૩મુ, ૧૪મુ |

• • •

□ **પ્રવચનસારોદ્ધારની ગાથા ૬૦૭ની ટીકામાં** કહ્યું છે કે બાકીના આઠમાંથી એક વાચનાચાર્ય થાય અને સાત સેવા કરે.

# નિર્જરાતત્ત્વ

● **નિર્જરા** - આત્મા ઉપરથી કર્મોનું છુટા પડવું તે નિર્જરા. નિર્જરા બે પ્રકારની છે-

(૧) **વિપાકજા નિર્જરા-** સ્વાભાવિક રીતે થયેલા ઉદયથી ફળ ભોગવાયા પછી સ્થિતિક્ષય થવાથી થયેલી કર્મોની નિર્જરા તે વિપાકજા નિર્જરા.

(૨) **અવિપાકજા નિર્જરા-** ઉદયાવલિકાની ઉપરની સ્થિતિમાં રહેલા કર્મોને ઉદીરણાકરણ વડે ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી ભોગવાયા પછી તેમની થયેલી નિર્જરા તે અવિપાકજા નિર્જરા.

નિર્જરાના ૧૨ ભેદ છે. બાર પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે, માટે બાર પ્રકારનો તપ એ જ નિર્જરા છે. (સૂત્ર-૯/૩) ૧૨ પ્રકારનો તપ પૂર્વે સંવરતત્ત્વમાં (પાના નં. ૩૬૬-૩૮૩ ઉપર) બતાવેલ છે.

● **૧૪ ગુણઠાણા** -

પૂર્વે અનેક સ્થળે ગુણઠાણાની વાત આવી છે. તેથી હવે ગુણઠાણાનું સ્વરૂપ બતાવાય છે.

ગુણો = જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી જીવના સ્વભાવવિશેષ. ગુણસ્થાનક = જ્ઞાનાદિ ગુણોનું સ્થાન. શુદ્ધિના પ્રકર્ષ અને અશુદ્ધિના અપકર્ષથી થતો ગુણોનો સ્વરૂપ ભેદ તે ગુણસ્થાનક. ગુણસ્થાનક ૧૪ છે. તે આ પ્રમાણે -

**૧) મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક** - ધતુરા ખાધેલ મનુષ્યને સફેદ વસ્તુમાં પીળાશની પ્રતીતિ થાય છે, તેમ જીવ-અજીવાદિ તત્ત્વો વિષે મિથ્યા (વિપરીત) જ્ઞાન જેને હોય તે મિથ્યાદષ્ટિ જીવ. તેનું ગુણસ્થાનક તે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક છે.

**૨) સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક** - ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં મિથ્યાત્વમોહનીયનો ઉપશમ હોય છે અને અનંતાનુબંધી ચારની વિસંયોજના કે ઉપશમ હોય છે, એટલે કે તેમના પ્રદેશોદય અને વિપાકોદય હોતા નથી. ઔપશમિક સમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ બાકી રહેતા કોઈ જીવને અનંતાનુબંધી કષાયનો વિપાકોદય થાય છે. હજી મિથ્યાત્વમોહનીયનો વિપાકોદય થયો હોતો નથી. ત્યાં સુધીના કાળને સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે. આ ગુણસ્થાનકે રહેલ જીવ સમ્યક્ત્વના કંઈક સ્વાદને અનુભવતો હોવાથી આ ગુણસ્થાનકને સાસ્વાદન (આસ્વાદન સહિત) સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક કહ્યું છે. અથવા ઔપશમિક સમ્યક્ત્વના આય (લાભ)નો શાતન (નાશ) કરે તે આસાદન. તેના સહિત જીવ તે સાસાદન. તેવા સમ્યગ્દષ્ટિ જીવનું ગુણસ્થાનક તે સાસાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક.

**૩) સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક** - આ ગુણસ્થાનકે રહેલા જીવને જિનવચન ઉપર રુચિ પણ હોતી નથી અને અરુચિ પણ હોતી નથી.

**૪) અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક** - જિનેશ્વર ભગવાને કહેલા તત્ત્વો ઉપર શ્રદ્ધાવાળો જીવ તે સમ્યગ્દષ્ટિ. જિનવચન દ્વારા વિરતિને મોક્ષની નિસરણી રૂપ માનવા છતાં અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયથી જે જીવ વિરતિધર્મને સ્વીકારી શકતો નથી તે અવિરતિ સમ્યગ્દષ્ટિ. તેનું ગુણસ્થાનક તે અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક.

**૫) દેશવિરતિ ગુણસ્થાનક** - પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયથી જે જીવ સર્વવિરતિને સ્વીકારી ન શકે પણ દેશથી વિરતિને સ્વીકારે તે દેશવિરતિ. તેનું ગુણસ્થાનક તે દેશવિરતિ ગુણસ્થાનક.

**૬) પ્રમત્તસંયત ગુણસ્થાનક** - સર્વસાવદ્યયોગથી અટકે તે સંયત. સંયમ હોવા છતાં ક્યારેક સંજ્વલન કષાય કે નિદ્રાના ઉદયથી સંયમના

યોગોમાં જે પ્રમાદ કરે છે તે પ્રમત્ત. પ્રમત્ત એવા સંયતનું ગુણસ્થાનક તે પ્રમત્તસંયત ગુણસ્થાનક.

૭) **અપ્રમત્તસંયત ગુણસ્થાનક** - નિદ્રા-વિકથાદિ પ્રમાદ વિનાના સંયતનું ગુણસ્થાનક તે અપ્રમત્તસંયતગુણસ્થાનક.

૮) **અપૂર્વકરણ ગુણસ્થાનક** - સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, સ્થિતિબંધ - આ પાંચ અપૂર્વ વસ્તુઓ જ્યાં થાય છે તે અપૂર્વકરણ ગુણસ્થાનક.

**સ્થિતિઘાત** - સત્તામાં રહેલ જ્ઞાનાવરણાદિ કર્મની દીર્ઘસ્થિતિઓને અપવર્તનાકરણ વડે ઘટાડીને અલ્પ કરવી તે સ્થિતિઘાત.

**રસઘાત** - સત્તામાં રહેલ જ્ઞાનાવરણાદિ અશુભ કર્મોના તીવ્ર રસને અપવર્તનાકરણ વડે ઘટાડીને અલ્પ કરવો તે રસઘાત.

**ગુણશ્રેણિ** - ઉપરની સ્થિતિમાંથી અપવર્તનાકરણ વડે ઉતારેલા કર્મદલિકોને જલ્દીથી ખપાવવા માટે ઉદય સમયથી અંતર્મુહૂર્ત સુધીના સમયોમાં અસંખ્યગુણના ક્રમથી ગોઠવવા તે ગુણશ્રેણિ.

**ગુણસંક્રમ** - સત્તામાં રહેલા નહીં બંધાતા અશુભકર્મના દલિકોને પ્રતિસમય અસંખ્યગુણવૃદ્ધિથી બંધાતી કર્મપ્રકૃતિમાં સંક્રમાવવા તે ગુણસંક્રમ.

**અપૂર્વસ્થિતિબંધ** - વિશુદ્ધિના કારણે પૂર્વ પૂર્વ સ્થિતિબંધથી ઉત્તરોત્તર પલ્યોપમના સંખ્યાતમા ભાગ ન્યૂન સ્થિતિબંધ કરવો તે અપૂર્વસ્થિતિબંધ.

૯) **અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનક** - નિવૃત્તિ=તરતમતા. એક સાથે આ ગુણસ્થાનકે આવેલા જીવોના અધ્યવસાય સરખા (તરતમતા વિનાના) હોય છે. હવે પછીના ગુણસ્થાનકમાં સૂક્ષ્મ કષાયનો ઉદય આવવાનો છે. તેની અપેક્ષાએ અહીં બાદર કષાયનો

ઉદય છે. તેથી આ ગુણસ્થાનકને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનક કહેવાય છે.

**૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક** - સૂક્ષ્મ કિટ્ટિરૂપે કરાયેલા લોભ કષાયના ઉદયવાળા જીવોનું ગુણસ્થાનક તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક.

**૧૧) ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક** - ચારિત્રમોહનીય કર્મ સર્વથા ઉપશાંત થયું છે. તેથી વીતરાગપણું પ્રાપ્ત થયું છે. પણ જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મના ઉદયથી છદ્મસ્થપણું બાકી છે. એવા જીવનું ગુણસ્થાનક તે ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક.

**૧૨) ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાનક** - ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી વીતરાગપણું પ્રાપ્ત થયું છે. પણ ત્રણ ઘાતિકર્મોના ઉદયથી છદ્મસ્થપણું બાકી છે. આવા જીવનું ગુણસ્થાનક તે ક્ષીણકષાયવીતરાગ-છદ્મસ્થ ગુણસ્થાનક.

**૧૩) સયોગીકેવલી ગુણસ્થાનક** - ત્રણે યોગ જેમને વર્તે છે તે સયોગી. કેવળજ્ઞાન અને કેવળદર્શન જેમને છે તે કેવલી. સયોગી એવા કેવલીનું ગુણસ્થાનક તે સયોગીકેવલી ગુણસ્થાનક.

**૧૪) અયોગીકેવલી ગુણસ્થાનક** - ત્રણે યોગ જેમને વર્તતા નથી તે અયોગી. અયોગી એવા કેવલીનું ગુણસ્થાનક તે અયોગીકેવલી ગુણસ્થાનક.

- કલ કા રોના ક્યોં રોતે હો ? ઈસ દિન કો ભી ક્યોં ખોતે હો ?
- ધર્મપ્રવૃત્તિ સાથે પાપનિવૃત્તિ પણ જરૂરી છે.
- સુખમાં રહું વૈરાગ્યથી, દુઃખમાં રહું સમતા ધરી.

## ચૌદ ગુણસ્થાનકોનો જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ

| ક્ર. | ગુણસ્થાનક | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૧ | મિથ્યાદષ્ટિ | અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિ સાંત, સમ્યક્ત્વપતિતને સાદિ સાંત | |
| | | અંતર્મુહૂર્ત | દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત |
| ૨ | સાસ્વાદન સમ્યગ્દષ્ટિ | ૧ સમય | ૬ આવલિકા |
| ૩ | સમ્યગ્મિથ્યાદષ્ટિ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪ | અવિરતિ સમ્યગ્દષ્ટિ | અંતર્મુહૂર્ત | સાધિક ૩૩ સાગરોપમ |
| ૫ | દેશવિરતિ | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |
| ૬ | પ્રમત્તસંયત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૭ | અપ્રમત્તસંયત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૮ | અપૂર્વકરણ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૯ | અનિવૃત્તિબાદરસંપરાય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૧ | ઉપશાંતકષાય-વીતરાગછદ્મસ્થ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૨ | ક્ષીણકષાય-વીતરાગછદ્મસ્થ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩ | સયોગીકેવલી | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |
| ૧૪ | અયોગીકેવલી | સામાન્યથીપાંચહ્રસ્વાક્ષરઉચ્ચારણજેટલોકાળ | |

● **શ્રેણિ-** ઉપર ગુણઠાણાનું સ્વરૂપ બતાવ્યું. તેથી પ્રસંગોપાત શ્રેણિનું સ્વરૂપ પણ બતાવાય છે. શ્રેણિ બે પ્રકારની છે - (૧) ઉપશમશ્રેણિ અને (૨) ક્ષપકશ્રેણિ

**(૧) ઉપશમશ્રેણિ** - ઉપશમશ્રેણિ માંડનાર અપ્રમત્ત સંયત હોય. મતાંતરે ઉપશમશ્રેણિ માંડનાર ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોમાંથી કોઈ પણ જીવ હોય. તે પહેલા અંતર્મુહૂર્તમાં અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે. મતાંતરે તે પહેલા અંતર્મુહૂર્તમાં અનંતાનુબંધી ૪ને એકસાથે ઉપશમાવે. પછી દર્શન ૩ને ઉપશમાવે. પછી ઉપશમશ્રેણિ માંડનાર પુરુષ હોય તો પહેલા નપુંસકવેદને ઉપશમાવે, પછી સ્ત્રીવેદને ઉપશમાવે, પછી હાસ્ય ૬ને ઉપશમાવે, પછી પુરુષવેદને ઉપશમાવે. ઉપશમશ્રેણિ માંડનાર સ્ત્રી હોય તો પહેલા નપુંસકવેદને ઉપશમાવે, પછી પુરુષવેદને ઉપશમાવે, પછી હાસ્ય ૬ ને ઉપશમાવે, પછી સ્ત્રીવેદને ઉપશમાવે. ઉપશમશ્રેણિ માંડનાર નપુંસક હોય તો પહેલા સ્ત્રીવેદને ઉપશમાવે, પછી પુરુષવેદને ઉપશમાવે, પછી હાસ્ય ૬ને ઉપશમાવે, પછી નપુંસકવેદને ઉપશમાવે. (કર્મપ્રકૃતિના મત પ્રમાણે-ઉપશમશ્રેણિ માંડનાર સ્ત્રી હોય તો પહેલા નપુંસકવેદને ઉપશમાવે, પછી સ્ત્રીવેદને ઉપશમાવે, પછી હાસ્ય ૬ અને પુરુષવેદને એક સાથે ઉપશમાવે. ઉપશમશ્રેણિ માંડનાર નપુંસક હોય તો પહેલા નપુંસકવેદ અને સ્ત્રીવેદને એક સાથે ઉપશમાવે, પછી હાસ્ય ૬ અને પુરુષવેદને એકસાથે ઉપશમાવે.) પછી અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધને અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધને એકસાથે ઉપશમાવે. પછી સંજવલન ક્રોધને ઉપશમાવે. પછી અપ્રત્યાખ્યાનાવરણીય માનને અને પ્રત્યાખ્યાનાવરણીય માનને એકસાથે ઉપશમાવે. પછી સંજ્વલન માનને ઉપશમાવે. પછી અપ્રત્યાખ્યાનાવરણીય માયાને અને પ્રત્યાખ્યાનાવરણીય માયાને એકસાથે ઉપશમાવે. પછી સંજવલન માયાને ઉપશમાવે. પછી અપ્રત્યાખ્યાનાવરણીય લોભને અને પ્રત્યાખ્યાનાવરણીય લોભને એકસાથે ઉપશમાવે. પછી સંજલન લોભના સંખ્યાતા ખંડ કરીને તેમને ક્રમશઃ ઉપશમાવે. તેના છેલ્લા ખંડના અસંખ્ય ખંડો કરે. પછી ૧૦મા

ગુણઠાણે પ્રતિસમય અસંખ્ય ભાગોને ઉપશમાવતો અંતર્મુહૂર્તમાં સંજ્વલન લોભને ઉપશમાવે. પછી ૧૧મા ગુણઠાણે આવે. ત્યાં સંપૂર્ણ વીતરાગભાવ હોય છે. આ ગુણઠાણેથી જીવ અવશ્ય પડે. તે બે રીતે પડે- (૧) **કાળક્ષયથી** - ૧૧મા ગુણઠાણાનો કાળ પૂર્ણ થતા જે ક્રમે ચઢ્યો હોય તે ક્રમે પડે. (૨) **ભવક્ષયથી** - ૧૧મા ગુણઠાણે મરણ પામે તો વૈમાનિક દેવલોકમાં જાય. ત્યાં ૪થુ ગુણઠાણુ મળે. (ઉપશમશ્રેણિની વિસ્તૃત જાણકારી માટે વાંચો અમે લખેલ **'ઉપશમનાકરણ ભાગ-૧, વિસ્તૃત ગુજરાતી વિવેચન.'**)

(૩) **ક્ષપકશ્રેણિ** - ક્ષપકશ્રેણિ માંડનાર ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોમાંથી કોઈ પણ જીવ હોય. તે પહેલા અનંતાનુબંધી ૪ને એકસાથે ખપાવે. પછી ક્રમશઃ દર્શન ૩ને ખપાવે. પછી અપ્રત્યાખ્યાનાવરણીય ૪ને અને પ્રત્યાખ્યાનાવરણીય ૪ને એકસાથે ખપાવવાનું શરૂ કરે. તેમાં વચ્ચે આ ૧૬ પ્રકૃતિઓને ખપાવે - નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, બેઈન્દ્રિય-જાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ. પછી બાકી રહેલ અપ્રત્યાખ્યાનાવરણીય ૪ને અને પ્રત્યાખ્યાનાવરણીય ૪ને ખપાવે. પછી ક્ષપકશ્રેણિ માંડનાર પુરુષ હોય તો નપુંસકવેદને ખપાવે, પછી સ્ત્રીવેદને ખપાવે, પછી હાસ્ય ૬ને ખપાવે, પછી પુરુષવેદને ખપાવે. ક્ષપકશ્રેણિ માંડનાર સ્ત્રી હોય તો પહેલા નપુંસકવેદને ખપાવે, પછી પુરુષવેદને ખપાવે, પછી હાસ્ય ૬ ને ખપાવે, પછી સ્ત્રીવેદને ખપાવે. ક્ષપકશ્રેણિ માંડનાર નપુંસક હોય તો પહેલા સ્ત્રીવેદને ખપાવે, પછી પુરુષવેદને ખપાવે, પછી હાસ્ય ૬ ને ખપાવે, પછી નપુંસકવેદને ખપાવે. (કર્મપ્રકૃતિના મત પ્રમાણે- ક્ષપકશ્રેણિ માંડનાર સ્ત્રી હોય તો પહેલા નપુંસકવેદને ખપાવે, પછી સ્ત્રીવેદને ખપાવે, પછી હાસ્ય ૬ અને

પુરુષવેદને એકસાથે ખપાવે. ક્ષપકશ્રેણિ માંડનાર નપુંસક હોય તો પહેલા નપુંસકવેદ અને સ્ત્રીવેદને એક સાથે ખપાવે, પછી પુરુષવેદ અને હાસ્ય ૬ને એકસાથે ખપાવે). પછી સંજ્વલન ક્રોધને ખપાવે. તેનો છેલ્લો ભાગ બાકી હોય ત્યારે સંજ્વલન માનને ખપાવવાનું શરૂ કરે. તેની સાથે સંજ્વલન ક્રોધનો પણ શેષ ભાગ ખપાવે. સંજ્વલન માનનો છેલ્લો ભાગ બાકી હોય ત્યારે સંજ્વલન માયાને ખપાવવાનું શરૂ કરે. તેની સાથે સંજ્વલન માનનો પણ શેષ ભાગ ખપાવે. સંજ્વલન માયાનો છેલ્લો ભાગ બાકી હોય ત્યારે સંજ્વલન લોભને ખપાવવાનું શરૂ કરે. તેની સાથે સંજ્વલન માયાનો પણ શેષ ભાગ ખપાવે. સંજ્વલન લોભના છેલ્લા સંખ્યાતમા ભાગના અસંખ્ય ખંડો કરીને પ્રતિસમય ૧-૧ ખંડ ખપાવે. ત્યારે તે ૧૦મા ગુણઠાણે હોય. સંજ્વલન લોભનો સર્વથા ક્ષય થતાં તે ૧૨મા ગુણઠાણે આવે. ૧૨મા ગુણઠાણાના ઉપાંત્ય સમયે નિદ્રા ૨ને ખપાવે. ૧૨મા ગુણઠાણાના ચરમ સમયે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ પ્રકૃતિઓને એકસાથે ખપાવે. પછી ૧૩મા ગુણઠાણે કેવળી થાય. પછી ૧૪મા ગુણઠાણાના દ્વિચરમસમયે નિર્માણ, નીચગોત્ર, સાતા/અસાતા, અપર્યાપ્ત, સુસ્વર, દેવ ૨, ખગતિ ૨, ગંધ ૨, પ્રત્યેક ૩, અંગોપાંગ ૩, અગુરુલઘુ ૪, વર્ણ ૫, રસ ૫, શરીર ૫, બંધન ૫, સંઘાતન ૫, સંઘયણ ૬, સંસ્થાન ૬, અસ્થિર ૬, સ્પર્શ ૮ - આ ૭૨ પ્રકૃતિઓને અથવા મનુષ્યાનુપૂર્વી સાથે ૭૩ પ્રકૃતિઓને ખપાવે. પછી ૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ત્રસ ૩, સુભગ, આદેય, યશ, જિન, ઉચ્ચગોત્ર, સાતા/અસાતા, મનુષ્ય ૩, પંચેન્દ્રિયજાતિ - આ ૧૩ પ્રકૃતિઓને અથવા મનુષ્યાનુપૂર્વી વિના ૧૨ પ્રકૃતિઓને ખપાવે. પછી સાદિ અનંતકાળ માટે સિદ્ધ થાય. (ક્ષપકશ્રેણિની વિસ્તૃત જાણકારી માટે વાંચો અમે લખેલ **‘ઉપશમનાકરણ ભાગ-૨, ક્ષપકશ્રેણિ અર્થાધિકાર અને પશ્ચિમસ્કંધ અર્થાધિકાર, વિસ્તૃત ગુજરાતી વિવેચન’**)

● **જીવોની નિર્જરા** (સૂત્ર-૯/૪૭)

સમ્યગ્દષ્ટિની નિર્જરા કરતા શ્રાવકની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા વિરતની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા અનંતાનુબંધીવિસંયોજકની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા દર્શનમોહનીયક્ષપકની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા ચારિત્રમોહનીયઉપશમકની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા ચારિત્રમોહનીયક્ષપકની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થની નિર્જરા અસંખ્યગુણ છે.
તેના કરતા કેવળીની નિર્જરા અસંખ્યગુણ છે.

● ● ●

- નારી નરકની દીવડી, દુર્ગતિ તણી દાતાર રે.
- સુખ સંસારમાં નહીં, આત્મામાં છે.
- ગુરુબહુમાન એ જ મોક્ષ છે.
- અફર પાછળ અફસોસ ન કરવો.
- ઇરિયાવહી કર્યા વિના ચૈત્યવંદન, સજ્ઝાય, આવશ્યક વગેરે કશું કરવું કલ્પે નહીં.
- આ ભવમાં આપણે ''એવી મજબૂત આરાધના કરીએ કે કર્મસત્તા આપણને જન્મ લેવા માટે 'Once More' કહે એ પહેલા આપણે એને 'No More' કહી શકીએ.
- સંયમી બનવામાં છોડવાનું થોડું છે, મેળવવાનું ઘણું છે.
- જેનું અભિમાન કરો એ વસ્તુ ભવિષ્યમાં હલકી મળે.
- ઓછા પૈસે સંતોષ હજી સુલભ છે, પણ અઢળક પૈસે સંતોષ ભારે દુર્લભ છે.

# નિર્ગ્રન્થ પ્રકરણ

● **નિર્ગ્રન્થ** - ગ્રન્થ એટલે ધર્મોપકરણ સિવાયની બાહ્ય-અભ્યંતર ઉપધિ. તેમાંથી નીકળી ગયેલા એટલે કે તેનો ત્યાગ કરનારા તે નિર્ગ્રંથ. તે ૫ પ્રકારના છે - (સૂત્ર-૯/૪૮)

**૧) પુલાક** - પુલાક એટલે નિઃસાર એટલે ડાંગરના ફોતરા. પુલાકની જેમ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ સાર વિનાના નિગ્રન્થ તે પુલાક. કેટલાક એમ કહે છે કે સતત અપ્રમાદી એવા સાધુ તે પુલાક. તેમના બે પ્રકાર છે - લબ્ધિપુલાક અને સેવાપુલાક.

**(a) લબ્ધિપુલાક** - તપ-શ્રુતથી ઉત્પન્ન થયેલ લબ્ધિનો ઉપયોગ કરી આજીવિકા ચલાવવાથી પોતાના સંયમને નિઃસાર કરે તે લબ્ધિપુલાક.

**(b) સેવાપુલાક** - તેમના ૫ ભેદ છે -

**(i) જ્ઞાનપુલાક** - જેની જ્ઞાનમાં સ્ખલના વગેરે થાય તે.

**(ii) દર્શનપુલાક** - કુદર્શનવાળાનો પરિચય કરે તે.

**(iii) ચારિત્રપુલાક** - મૂલગુણો અને ઉત્તરગુણોની પ્રતિસેવા કરે તે.

**(iv) લિંગપુલાક** - યથોક્ત લિંગને અધિકરણ બનાવે તે.

**(v) સૂક્ષ્મપુલાક** - કંઈક પ્રમાદથી મન વડે અકલ્પ્ય ગ્રહણ કરે તે.

**૨) બકુશ** - બકુશ એટલે શબલ એટલે કે કાબરચીતરું. અતિચારો સેવીને ચારિત્રને કાબરચીતરું કરે તે બકુશ. તેઓ શરીર-ઉપકરણની વિભૂષા કરે, ઋદ્ધિ-યશને ઇચ્છે, સુખશીલતાનો આશ્રય કરે, અસંયમ સેવનારા પરિવારવાળા હોય, છેદ પ્રાયશ્ચિત્ત આવે તેવા અતિચાર સેવનારા હોય. તે બે પ્રકારે છે -

**(i) શરીરબકુશ** - શરીરની શોભા કરે તે શરીરબકુશ. જેમકે - હાથ-પગ-મોઢું ધુવે, આંખ-કાન-નાકમાંથી મેલ કાઢે, દાતણ કરે, તેલ માલિશ કરે, વાળ ઓળે વગેરે કરે.

**(ii) ઉપકરણબકુશ** - જે અકાળે જ ચોલપટ્ટો-કપડા વગેરેને ધુવે, જેને ચોખ્ખા કપડાં પહેરવા પ્રિય હોય, જે પાત્રા-દાંડો વગેરે તેલથી ઉજ્જવળ કરે તે ઉપકરણબકુશ.

બકુશ સામાન્યથી ૫ પ્રકારના છે -

**(i) આભોગબકુશ** - જાણીને અતિચારો સેવે તે.

**(ii) અનાભોગબકુશ** - અજાણતા અતિચારો સેવે તે.

**(iii) સંવૃતબકુશ** - છૂપી રીતે અતિચારો સેવે તે.

**(iv) અસંવૃતબકુશ** - પ્રગટ રીતે અતિચારો સેવે તે.

**(v) સૂક્ષ્મબકુશ** - કંઈક પ્રમાદથી આંખનો મેલ વગેરે દૂર કરે તે.

**૩) કુશીલ** - શીલ એટલે અઢાર હજાર ભાંગાવાળુ ચારિત્ર. ઉત્તરગુણનો ભંગ કરવા વડે કે કષાયો વડે જેનું શીલ ખરાબ છે તે કુશીલ. તેના બે ભેદ છે -

**(i) પ્રતિસેવનાકુશીલ** - તેઓ ઈન્દ્રિયોના નિગ્રહ વિનાના હોય છે, કંઈક બહાનુ કાઢીને ઉત્તરગુણોમાં અતિચાર લગાડે છે. તેમના ૫ ભેદ છે -

**(i) જ્ઞાનપ્રતિસેવનાકુશીલ** - જ્ઞાનના અતિચારોને સેવે તે.

**(ii) દર્શનપ્રતિસેવનાકુશીલ** - દર્શનના અતિચારોને સેવે તે.

**(iii) ચારિત્રપ્રતિસેવનાકુશીલ** - ચારિત્રના અતિચારોને સેવે તે.

**(iv) લિંગપ્રતિસેવનાકુશીલ** - લિંગના અતિચારોને સેવે તે.

**(v) સૂક્ષ્મપ્રતિસેવનાકુશીલ** - આ મહાત્મા સારા તપસ્વી છે વગેરે પ્રશંસાથી જે સંતુષ્ટ થાય તે.

**(ii) કષાયકુશીલ** - સંજવલન કષાયોના ઉદયના કારણે જેમનું શીલ ખરાબ છે તે કષાય કુશીલ.

**૪) નિર્ગ્રન્થ** - ૧૧મા-૧૨મા ગુણઠાણે રહેલા અને ૨ સમયવાળા ઈર્યાપથ કર્મબંધને પામેલા મહાત્માઓ તે નિર્ગ્રન્થ. તેમના ૫ ભેદ છે-

**(i) પ્રથમસમયનિર્ગ્રન્થ** - પહેલા સમયે રહેલા નિર્ગ્રન્થ.

**(ii) અપ્રથમસમયનિર્ગ્રન્થ** - પહેલા સમય સિવાયના સમયોમાં રહેલા નિર્ગ્રન્થ.

**(iii) ચરમસમયનિર્ગ્રન્થ** - છેલ્લા સમયે રહેલા નિર્ગ્રન્થ.

**(iv) અચરમસમયનિર્ગ્રન્થ** - છેલ્લા સમય સિવાયના સમયોમાં રહેલા નિર્ગ્રન્થ.

**(v) સૂક્ષ્મ નિર્ગ્રન્થ** - પહેલા વગેરે સમયની વિવક્ષા વિના સામાન્યથી બધા સમયોમાં રહેલા નિર્ગ્રન્થ.

**૫) સ્નાતક** - ૧૩મા-૧૪મા ગુણઠાણે રહેલા કેવળીઓ તે સ્નાતક. તેમના ૫ ભેદ છે -

**(i) અચ્છવિ** - છવિ=શરીર. કાયયોગનો નિરોધ કર્યા પછી શરીરની પ્રવૃત્તિનો અભાવ હોવાથી અચ્છવિ.

**(ii) અશબલ** - અતિચારરહિત હોવાથી અશબલ.

**(iii) અકર્માંશ** - કર્મોને ખપાવી દીધા હોવાથી અકર્માંશ.

**(iv) અપરિશ્રાવી** - બધા યોગનો નિરોધ કર્યા પછી નિષ્ક્રિય હોવાથી અપરિશ્રાવી.

**(v) સંશુદ્ધજ્ઞાનદર્શનધર** - બીજા જ્ઞાનના સંપર્ક વિનાના હોવાથી સંશુદ્ધજ્ઞાનદર્શનધર.

● **નિર્ગ્રન્થોની ૮ અનુયોગદ્વારો વડે વિચારણા** - (સૂત્ર-૯/૪૯)

**(૧) સંયમ** -

● સમાધિ વિનાની આરાધના વાંઝિયા વૃક્ષ જેવી છે.

| નિર્ગ્રન્થ | સંયમ |
|---|---|
| પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ | સામાયિક, છેદોપસ્થાપ્ય |
| કષાયકુશીલ | સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય |
| નિર્ગ્રન્થ, સ્નાતક | યથાખ્યાત |

(૨) **શ્રુત** -

| નિર્ગ્રન્થ | ઉત્કૃષ્ટ શ્રુત | જઘન્ય શ્રુત |
|---|---|---|
| પુલાક | ૧૦ પૂર્વ☐ | ૯મા પૂર્વની ૩જી આચાર વસ્તુ |
| બકુશ | ૧૦ પૂર્વ | ૮ પ્રવચનમાતા |
| પ્રતિસેવનાકુશીલ | ૧૦ પૂર્વ | ૮ પ્રવચનમાતા |
| કષાયકુશીલ | ૧૪ પૂર્વ | ૮ પ્રવચનમાતા |
| નિર્ગ્રન્થ | ૧૪ પૂર્વ | ૮ પ્રવચનમાતા |
| સ્નાતક | શ્રુતરહિત | શ્રુતરહિત |

(૩) **પ્રતિસેવના** - દોષો સેવવા તે પ્રતિસેવના.

| નિર્ગ્રન્થ | પ્રતિસેવના |
|---|---|
| પુલાક | Δ૫ મૂલગુણ અને રાત્રિભોજન વિરમણ વ્રતની પ્રતિસેવના |
| ઉપકરણબકુશ | ઉપકરણોની શોભા કરે, ઉપકરણો ઉપર રાગ કરે, ઘણા ઉપકરણો રાખે, ઘણા ઉપકરણોની ઈચ્છા કરે. |
| શરીરબકુશ | શરીર ઉપર રાગ કરે, શરીરની વિભૂષા કરે. |

☐ **ભગવતીસૂત્ર**માં પુલાકનું ઉત્કૃષ્ટ શ્રુત ૯ પૂર્વ કહ્યું છે.

Δ મતાંતરે બ્રહ્મચર્ય મહાવ્રતની પ્રતિસેવના.

| નિર્ગ્રન્થ | પ્રતિસેવના |
|---|---|
| પ્રતિસેવનાકુશીલ | ઉત્તરગુણોની વિરાધના કરે. |
| કષાયકુશીલ, નિર્ગ્રન્થ, સ્નાતક | પ્રતિસેવના ન કરે. |

**(૪) તીર્થ** -

પાંચે નિર્ગ્રન્થો બધા તીર્થંકરોના તીર્થમાં હોય છે.

મતાંતરે પુલાક-બકુશ-પ્રતિસેવનાકુશીલ તીર્થમાં અવશ્ય હોય છે, કષાયકુશીલ-નિર્ગ્રન્થ-સ્નાતક તીર્થમાં હોય કે અતીર્થમાં હોય.

**(૫) લિંગ** - લિંગ બે પ્રકારના છે -

દ્રવ્યલિંગ - રજોહરણ, મુહપત્તિ વગેરે

ભાવલિંગ - જ્ઞાન, દર્શન, ચારિત્ર

પાંચે નિર્ગ્રન્થો ભાવલિંગમાં અવશ્ય હોય છે. દ્રવ્યલિંગમાં હોય અથવા ન પણ હોય.

**(૬) લેશ્યા** -

| નિર્ગ્રન્થ | લેશ્યા |
|---|---|
| પુલાક | તેજો, પદ્મ, શુક્લ |
| બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ (૬ઠ્ઠા થી ૯મા ગુણઠાણાવાળા), પરિહારવિશુદ્ધિ | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ |
| કષાયકુશીલ (૧૦મા ગુણઠાણાવાળા), નિર્ગ્રન્થ, સ્નાતક (સયોગી) | શુક્લ |
| સ્નાતક (અયોગી) | અલેશ્ય |

(૭) ઉપપાત -

| **નિર્ગ્રન્થ** | **ઉત્કૃષ્ટ ઉપપાત** |
|---|---|
| પુલાક | ઉત્કૃષ્ટ સ્થિતિ(૧૮ સાગરોપમ)વાળા સહસ્રાર દેવલોકમાં |
| બકુશ, પ્રતિસેવનાકુશીલ | ૨૨ સાગરોપમની સ્થિતિવાળા અચ્યુત દેવલોકમાં |
| કષાયકુશીલ, નિર્ગ્રન્થ | ૩૩ સાગરોપમની સ્થિતિવાળા સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં |
| સ્નાતક | નિર્વાણ |

સ્નાતક સિવાયના ચારે નિર્ગ્રન્થોનો જઘન્ય ઉપપાત પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિવાળા સૌધર્મ દેવલોકમાં છે. સ્નાતક મોક્ષ પામે છે.

(૮) **સંયમસ્થાન** - સંયમસ્થાન એટલે અધ્યવસાયસ્થાન.

કષાયનિમિત્તક અસંખ્ય સંયમસ્થાનો છે.

સર્વજઘન્ય સંયમસ્થાનથી અસંખ્ય સંયમસ્થાનો પુલાક અને કષાયકુશીલના છે. ત્યાર પછી અસંખ્ય સંયમસ્થાનો માત્ર કષાયકુશીલના છે. ત્યાર પછી અસંખ્ય સંયમસ્થાનો કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશના છે. ત્યાર પછી અસંખ્ય સંયમસ્થાનો કષાયકુશીલ અને પ્રતિસેવનાકુશીલના છે. ત્યાર પછી અસંખ્ય સંયમસ્થાનો માત્ર કષાય-કુશીલના છે.

ત્યાર પછી અકષાય સંયમસ્થાનો શરૂ થાય છે. અસંખ્ય અકષાય સંયમસ્થાનો નિર્ગ્રન્થના છે. ત્યાર પછી માત્ર એક જ સંયમસ્થાન સ્નાતકનું છે.

પાંચે નિર્ગ્રન્થોમાં ઉત્તરોત્તર નિર્ગ્રન્થોની સંયમલબ્ધિ અનંતાનંત-ગુણ છે.

●●●

# મોક્ષતત્ત્વ

● મોક્ષ -

મોહનીયકર્મ, જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, અંતરાયકર્મના ક્ષયથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (સૂત્ર-૧૦/૧)

ત્યાર પછી શેષ ચાર અઘાતી કર્મોથી યુક્ત એવા કેવળજ્ઞાની ભગવંત પૃથ્વીતલ ઉપર વિચરે છે.

પછી ૧૪મા ગુણઠાણાને અંતે વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ - આ ચાર અઘાતિકર્મોનો ક્ષય થાય છે. આમ ૮ મૂળપ્રકૃતિ અને ૧૫૮ ઉત્તરપ્રકૃતિ એમ સર્વ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. એ જ મોક્ષ છે.

પૂર્વે કહેલા પાંચ બંધહેતુઓનો અભાવ હોવાથી નવા કર્મો બંધાતા નથી અને જૂના કર્મો નિર્જરા દ્વારા સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. આમ બંધહેતુઓનો અભાવ અને નિર્જરા - આ બંને દ્વારા સંપૂર્ણ કર્મોનો ક્ષય થઈ જવાથી મોક્ષ થાય છે. (સૂત્ર-૧૦/૨, ૧૦/૩)

● કયા ગુણઠાણે કઈ પ્રકૃતિઓનો ક્ષય થાય છે ?

| ગુણઠાણા | ઉત્તરકર્મપ્રકૃતિઓનો ક્ષય | કુલ |
|---|---|---|
| ૪થા થી ૭મુ | મોહનીય ૭ = અનંતાનુબંધી ૪, દર્શન ૩ | ૭ |
| ૯મુ | મોહનીય ૨૦ = અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, વેદ ૩, હાસ્ય ૬, સંજ્વલન ૩ | ૬ |
| | નામ ૧૩ = નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, જાતિ ૪, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ | |

| ગુણઠાણા | ઉત્તરકર્મપ્રકૃતિઓનો ક્ષય | કુલ |
|---|---|---|
| ૯મુ | દર્શનાવરણ ૩ = નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ | |
| ૧૦મુ | મોહનીય ૧ = સંજવલન લોભ | ૧ |
| ૧૨માના દ્વિચરમ સમયે | દર્શનાવરણ ૨ = નિદ્રા, પ્રચલા | ૨ |
| ૧૨માના ચરમ સમયે | જ્ઞાનાવરણ ૫ = મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ | ૧૪ |
| | દર્શનાવરણ ૪ = ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ | |
| | અંતરાય ૫ = દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય | |
| ૧૪માના દ્વિચરમ સમયે | નામ ૮૧ = દેવગતિ, શરીર ૫, અંગોપાંગ ૩, બંધન ૧૫, સંઘાતન ૫, સંસ્થાન ૬, સંઘયણ ૬, વર્ણાદિ ૨૦, દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, વિહાયોગતિ ૨, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, પ્રત્યેક ૩, સુસ્વર, અપર્યાપ્ત, અસ્થિર ૨, દુર્ભગ ૪ | ૮૩ |
| | વેદનીય ૧ = સાતા/અસાતા | |

| ગુણઠાણા | ઉત્તરકર્મપ્રકૃતિઓનો ક્ષય | | કુલ |
|---|---|---|---|
| ૧૪માના દ્વિચરમસમયે | ગોત્ર ૧ | = નીચગોત્ર | |
| ૧૪માના ચરમ સમયે | નામ ૯ | = મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ, જિન | ૧૨ |
| | વેદનીય ૧ | = સાતા/અસાતા | |
| | ગોત્ર ૧ | = ઉચ્ચગોત્ર | |
| | આયુષ્ય ૧ | = મનુષ્યાયુષ્ય | |
| કુલ | | | ૧૫૫ |

આમ ૧૫૫ પ્રકૃતિઓનો ક્ષય થયો. દેવાયુષ્ય, નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય બાંધ્યા ન હોવાથી તેમનો ક્ષય કરવાનો નથી.

ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, સિદ્ધત્વ વગેરે રૂપ ક્ષાયિકભાવ સિવાયના ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક ભાવો અને ભવ્યત્વનો અભાવ હોવાથી મોક્ષ થાય છે. (સૂત્ર-૧૦/૪)

● **કર્મક્ષય થયા પછી જીવની ગતિ** - સંપૂર્ણ કર્મનો ક્ષય થયા પછી જીવ ઉપર ચૌદ રાજલોકને અંતે જાય છે. (સૂત્ર-૧૦/૫) કર્મ વિના પણ જીવની આ ગતિના ૪ હેતુ છે - (સૂત્ર-૧૦/૬)

**(i) પૂર્વપ્રયોગથી** - જેમ દાંડાથી કુંભારનું ચક્ર હલાવ્યા પછી દાંડો લઈ લેવા છતાં પૂર્વના પ્રયોગથી તે ચક્ર હાલે છે, તેમ કર્મોનો ક્ષય થવા છતા યોગનિરોધને અભિમુખ એવા જીવની ક્રિયાના પ્રયોગના સંસ્કાર ક્ષીણ થયા ન હોવાથી યોગના અભાવમાં પણ તે પૂર્વપ્રયોગથી ગતિ થાય છે.

**(ii) અસંગ હોવાથી** - દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ બે ગતિમાન દ્રવ્યો છે. તેમાં પુદ્ગલો નીચે જવાના સ્વભાવવાળા છે અને જીવો ઉપર જવાના સ્વભાવવાળા છે. તેથી બધા સંગોથી રહિત જીવની સ્વાભાવિક રીતે ઊર્ધ્વગતિ થાય છે.

**(iii) બંધનો છેદ થવાથી** - જેમ બીજકોશના બંધન છેદાવાથી એરંડિયાના બીજની ઊર્ધ્વગતિ થાય છે, તેમ કર્મના બંધન છેદાવાથી જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(iv) તેવા પ્રકારના ગતિપરિણામથી** - સર્વકર્મરહિત જીવ યોગ વિનાનો હોવા છતાં તેનો તેવા પ્રકારનો ગતિપરિણામ હોય છે કે જેનાથી તેની ઊર્ધ્વગતિ થાય છે.

સૂકુ તુંબડું પાણીમાં ડૂબતું નથી. તેની ઉપર માટીનો લેપ કરવામાં આવે તો તે પાણીને તળિયે બેસી જાય છે. પાણીથી માટી ભીની થઈને જ્યારે તેનો લેપ ઊખડી જાય છે, ત્યારે તે તુંબડું પાણીની સપાટીએ આવી જાય છે. તેમ જીવનો સ્વભાવ ઉપર જવાનો છે. કર્મના લેપથી તે સંસારમાં ડૂબે છે. જ્યારે કર્મોનો લેપ ઊખડી જાય છે, ત્યારે જીવની ઊર્ધ્વગતિ થાય છે અને તે લોકને અંતે પહોંચી જાય છે.

અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી જીવની અલોકમાં ગતિ થતી નથી.

**● ૧૨ અનુયોગદ્વારોથી સિદ્ધો (મોક્ષમાં ગયેલા જીવો)ની વિચારણા -** (સૂત્ર-૧૦/૭)

બે નય છે -

**(i)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય - સિદ્ધોની પૂર્વાવસ્થાની અપેક્ષાએ વિચારણા. નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય - આ ત્રણ નયો પૂર્વભાવપ્રજ્ઞાપનીય નયો છે.

**(ii)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનય - સિદ્ધોની વર્તમાન અવસ્થાની

અપેક્ષાએ વિચારણા. ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવંભૂતનય - આ ચાર નયો પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય નયો છે.

સિદ્ધોને વિષે આ બે નયોથી ૧૨ અનુયોગદ્વારોની વિચારણા કરવાની છે. તે આ પ્રમાણે -

૧) **ક્ષેત્ર** - સિદ્ધો કયા ક્ષેત્રમાં સિદ્ધ થાય છે ?

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ સિદ્ધો સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થાય છે.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ - જન્મથી ૧૫ કર્મભૂમિમાં જન્મેલા સિદ્ધ થાય છે. સંહરણથી મનુષ્યક્ષેત્રમાં રહેલા સિદ્ધ થાય છે.

સંહરણ બે પ્રકારનું હોય છે -

**(i) સ્વકૃતસંહરણ** - ચારણલબ્ધિવાળા અને વિદ્યાધરોનું ઇચ્છાપૂર્વક વિશિષ્ટ સ્થાનમાં જવું તે.

**(ii) પરકૃતસંહરણ** - ચારણલબ્ધિવાળા, વિદ્યાધરો અને દેવો અન્ય જીવને દુશ્મનપણાથી કે અનુકંપાથી અન્યત્ર મૂકે તે.

પ્રમત્તસંયત અને દેશવિરતનું સંહરણ થાય છે. સાધ્વી, અવેદી, પરિહારવિશુદ્ધિસંયમવાળા, પુલાક સંયત, અપ્રમત્ત સંયત, ૧૪ પૂર્વી, આહારકશરીરી - આટલાનું સંહરણ ન થાય.

૨) **કાળ** - કયા કાળમાં સિદ્ધ થાય છે ?

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અકાળમાં સિદ્ધ થાય છે.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ -

**(a) જન્મથી** -

(૧) **સામાન્યથી** - અવસર્પિણી, ઉત્સર્પિણી અને અનવસર્પિણી-અનુત્સર્પિણીમાં સિદ્ધ થાય છે.

(૨) **વિશેષથી - અવસર્પિણીમાં** - ૩જા આરામાં સંખ્યાતા વર્ષ બાકી હોય ત્યારે જન્મેલો સિદ્ધ થાય છે. ૪થા આરામાં જન્મેલ ૪થા આરામાં સિદ્ધ થાય છે. ૪થા આરામાં જન્મેલ ૫મા આરામાં સિદ્ધ થાય છે. ૫મા આરામાં જન્મેલ ૫મા આરામાં સિદ્ધ ન થાય. શેષ આરામાં જન્મેલા સિદ્ધ ન થાય.

**ઉત્સર્પિણીમાં** - બીજા આરામાં જન્મેલ ત્રીજા આરામાં સિદ્ધ થાય છે. ત્રીજા આરામાં જન્મેલ ત્રીજા આરામાં સિદ્ધ થાય છે. ચોથા આરામાં શરૂઆતના સંખ્યાતા વર્ષમાં જન્મેલ સિદ્ધ થાય છે. શેષ આરામાં જન્મેલા સિદ્ધ ન થાય.

**(b) સંહરણથી** - અવસર્પિણી-ઉત્સર્પિણીના બધા આરામાં અને અનવસર્પિણી-અનુત્સર્પિણીમાં સિદ્ધ થાય.

૩) ગતિ - કઈ ગતિમાં સિદ્ધ થાય ?

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ સિદ્ધિગતિમાં સિદ્ધ થાય.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય બે પ્રકારે છે -

**(a)** અનંતરપશ્ચાત્કૃતગતિક - મનુષ્યગતિમાં સિદ્ધ થાય.

**(b)** એકાંતરપશ્ચાત્કૃતગતિક - સર્વગતિમાં સિદ્ધ થાય.

૪) લિંગ - કયા લિંગમાં સિદ્ધ થાય ?

**પહેલો વિકલ્પ -**

લિંગ ત્રણ પ્રકારે છે - પુરુષ, સ્ત્રી અને નપુંસક.

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અવેદી સિદ્ધ થાય.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય બે પ્રકારે છે -

**(a)** અનંતરપશ્ચાત્કૃતગતિક - ત્રણે લિંગમાં સિદ્ધ થાય.

**(b)** પરંપરપશ્ચાત્કૃતગતિક - ત્રણે લિંગમાં સિદ્ધ થાય.

**બીજો વિકલ્પ** -

લિંગ બે પ્રકારે છે - દ્રવ્યલિંગ અને ભાવલિંગ.

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અલિંગમાં સિદ્ધ થાય.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ

**(a)** ભાવલિંગમાં સ્વલિંગમાં સિદ્ધ થાય. ભાવલિંગ = શ્રુતજ્ઞાન, ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષાયિકચારિત્ર.

**(b)** દ્રવ્યલિંગમાં સ્વલિંગમાં, ગૃહીલિંગમાં અને અન્ય લિંગમાં સિદ્ધ થાય.

દ્રવ્યલિંગ હોય કે ન પણ હોય, પણ ભાવલિંગ અવશ્ય હોય. સ્વલિંગ=રજોહરણ, મુહપત્તિ, ચોલપટ્ટો વગેરે. ગૃહીલિંગ=ગૃહસ્થનો વેષ. અન્યલિંગ=પરિવ્રાજક વગેરેનો વેષ.

**૫) તીર્થ** - તીર્થંકરના તીર્થમાં તીર્થંકરસિદ્ધ છે, નોતીર્થંકર-(પ્રત્યેકબુદ્ધ)સિદ્ધ છે અને અતીર્થંકર(સાધુ)સિદ્ધ છે. એમ તીર્થંકરીના તીર્થમાં તીર્થંકરીસિદ્ધ છે, નોતીર્થંકર(પ્રત્યેકબુદ્ધ)સિદ્ધ છે અને અતીર્થંકર (સાધુ)સિદ્ધ છે.

**૬) ચારિત્ર** - કયા ચારિત્રમાં સિદ્ધ થાય ?

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ નોચારિત્રી નોઅચારિત્રી સિદ્ધ થાય છે.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય બે પ્રકારે છે -

**(a)** અનંતરપશ્ચાત્કૃતિક - યથાખ્યાત ચારિત્રમાં સિદ્ધ થાય.

**(b)** પરંપરપશ્ચાત્કૃતિક - તે બે રીતે છે - અવ્યક્ત, વ્યક્ત

(૧) અવ્યક્ત - **(i)** ત્રિચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ, **(ii)** ચતુશ્ચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ, **(iii)** પંચચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ.

(૨) વ્યક્ત- **(i)** સામાયિક-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ.

**(ii)** છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ.

**(iii)** સામાયિક-છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ.

**(iv)** છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ.

**(v)** સામાયિક-છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ.

૭) **પ્રત્યેકબુદ્ધબોધિત** - સિદ્ધ થનારના બે પ્રકાર છે -

**(i) સ્વયંબુદ્ધ** - બીજાના ઉપદેશ વિના બોધ પામીને મોક્ષે જાય તે.
તેના બે ભેદ છે - (૧) તીર્થંકર
(૨) પ્રત્યેકબુદ્ધ - કોઈક નિમિત્તથી જાતિસ્મરણ જ્ઞાન પામી સિદ્ધ થાય તે. દા.ત. વલ્કલચીરિ, કરકંડુ વગેરે.

**(ii) બુદ્ધબોધિત** - બીજાના ઉપદેશથી બોધ પામીને મોક્ષે જાય તે.
તેના બે ભેદ છે - (૧) પરબોધક - બીજાને ઉપદેશ આપે તે.
(૨) સ્વેષ્ટકારી - બીજાને ઉપદેશ ન આપે તે.

૮) **જ્ઞાન** - કયા જ્ઞાનમાં સિદ્ધ થાય ?

**(i)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ કેવળજ્ઞાનમાં સિદ્ધ થાય છે.

**(ii)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય - તે બે પ્રકારે છે -

**(a)** અનંતરપશ્ચાત્કૃતિક, **(b)** પરંપરપશ્ચાત્કૃતિક

તે બંનેના બે બે પ્રકાર છે -

(૧) અવ્યક્ત - ૨, ૩ કે ૪ જ્ઞાનમાં સિદ્ધ થાય.

(૨) વ્યક્ત - **(i)** મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનમાં સિદ્ધ થાય.
**(ii)** મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાનમાં સિદ્ધ થાય.
**(iii)** મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-મનઃપર્યવજ્ઞાનમાં સિદ્ધ થાય.
**(iv)** મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાનમાં સિદ્ધ થાય.

૯) **અવગાહના** - કેટલી અવગાહનામાં રહેલ સિદ્ધ થાય ?

**(i)** પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ -

ઉત્કૃષ્ટ અવગાહના- ૫૦૨ ધનુષ્યથી ૫૦૯☐ ધનુષ્યની અવગાહનામાં રહેલ સિદ્ધ થાય.

જઘન્ય અવગાહના - ૨ થી ૯ અંગુલ ન્યૂન ૨ હાથની અવગાહનામાં રહેલ સિદ્ધ થાય.

**(ii)** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ -

ત્રીજો ભાગ ન્યૂન ઉપર કહેલી અવગાહનામાં સિદ્ધ થાય.

૧૦) **અંતર** - સિદ્ધોનું અંતર કેટલું ?

**(i)** નિરંતર - જઘન્યથી ૨ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.
ઉત્કૃષ્ટથી ૮ સમય સુધી નિરંતર સિદ્ધ થાય.

☐ બૃહત્સંગ્રહણિમાં મોક્ષે જનારની ઉત્કૃષ્ટ અવગાહના ૫૨૫ ધનુષ્ય કહી છે.

**(iii) સાંતર** - જઘન્યથી ૧ સમયના અંતરે સિદ્ધ થાય.
ઉત્કૃષ્ટથી ૬ માસના અંતરે સિદ્ધ થાય.

**૧૧) સંખ્યા** - ૧ સમયમાં કેટલા સિદ્ધ થાય ?

૧ સમયમાં જઘન્યથી ૧ અને ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય.

૧ થી ૩૨ જીવો ૮ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૩૩ થી ૪૮ જીવો ૭ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૪૯ થી ૬૦ જીવો ૬ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૬૧ થી ૭૨ જીવો ૫ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૭૩ થી ૮૪ જીવો ૪ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૮૫ થી ૯૬ જીવો ૩ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૯૭ થી ૧૦૨ જીવો ૨ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

૧૦૩ થી ૧૦૮ જીવો ૧ સમય સુધી નિરંતર સિદ્ધ થાય. પછી અવશ્ય અંતર પડે.

**૧૨) અલ્પબહુત્વ** - ક્ષેત્ર વગેરે ૧૧ દ્વારોનું અલ્પબહુત્વ -

**(૧) ક્ષેત્ર** - પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| સંહરણસિદ્ધ | અલ્પ |
| જન્મથીસિદ્ધ | અસંખ્યગુણ |
| ઊર્ધ્વલોકસિદ્ધ | અલ્પ |
| અધોલોકસિદ્ધ | સંખ્યાતગુણ |
| તિર્ચ્છાલોકસિદ્ધ | સંખ્યાતગુણ |
| સમુદ્રસિદ્ધ | અલ્પ |
| દ્વીપસિદ્ધ | સંખ્યાતગુણ |
| લવણસમુદ્રસિદ્ધ | અલ્પ |
| કાલોદધિસિદ્ધ | સંખ્યાતગુણ |
| જંબૂદ્વીપસિદ્ધ | સંખ્યાતગુણ |
| ધાતકીખંડસિદ્ધ | સંખ્યાતગુણ |
| પુષ્કરવરદ્વીપાર્ધસિદ્ધ | સંખ્યાતગુણ |

(૨) કાળ -

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અકાળમાં સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| ઉત્સર્પિણીસિદ્ધ | અલ્પ |
| અવસર્પિણીસિદ્ધ | વિશેષાધિક |
| અનવસર્પિણી-અનુત્સર્પિણીસિદ્ધ | સંખ્યાતગુણ |

(૩) ગતિ -

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ સિદ્ધિગતિમાં સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયમાં અનંતરપશ્ચાત્કૃતિકની અપેક્ષાએ મનુષ્યગતિમાં સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયમાં પરંપરપશ્ચાત્કૃતિકની અપેક્ષાએ અનંતર-ગતિસિદ્ધનું અલ્પબહુત્વ.

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| તિર્યંચગતિસિદ્ધ | અલ્પ |
| મનુષ્યગતિસિદ્ધ | સંખ્યાતગુણ |
| નરકગતિસિદ્ધ | સંખ્યાતગુણ |
| દેવગતિસિદ્ધ | સંખ્યાતગુણ |

(૪) લિંગ -

**પહેલો વિકલ્પ** - પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અવેદી સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| નપુંસકસિદ્ધ | અલ્પ |
| સ્ત્રીસિદ્ધ | સંખ્યાતગુણ |
| પુરુષસિદ્ધ | સંખ્યાતગુણ |

**બીજો વિકલ્પ** -

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની-અપેક્ષાએ અલિંગમાં સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| ગૃહીલિંગસિદ્ધ | અલ્પ |
| અન્યલિંગસિદ્ધ | અસંખ્યગુણ |
| સ્વલિંગસિદ્ધ | અસંખ્યગુણ |

(૫) તીર્થ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| તીર્થંકરીસિદ્ધ | અલ્પ |
| તીર્થંકરીના તીર્થમાં નોતીર્થંકરસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરીના તીર્થમાં અતીર્થંકર નપુંસકસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરીના તીર્થમાં અતીર્થંકર સ્ત્રીસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરીના તીર્થમાં અતીર્થંકર પુરુષસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરસિદ્ધ | અનંતગુણ |
| તીર્થંકરના તીર્થમાં નોતીર્થંકરસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરના તીર્થમાં અતીર્થંકર નપુંસકસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરના તીર્થમાં અતીર્થંકર સ્ત્રીસિદ્ધ | સંખ્યાતગુણ |
| તીર્થંકરના તીર્થમાં અતીર્થંકર પુરુષસિદ્ધ | સંખ્યાતગુણ |

(૬) ચારિત્ર -

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાનીયનયની અપેક્ષાએ નોચારિત્રી-નોઅચારિત્રી સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અવ્યક્તનું અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| પંચચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | અલ્પ |
| ચતુશ્ચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | સંખ્યાતગુણ□ |
| ત્રિચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | સંખ્યાતગુણ |

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ વ્યક્તનું અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| Δસામાયિક-છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | અલ્પ |
| છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મ-સંપરાય-યથાખ્યાતચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | સંખ્યાતગુણ |
| સામાયિક-છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | સંખ્યાતગુણ |
| સામાયિક-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત-ચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | સંખ્યાતગુણ |
| છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત-ચારિત્રપશ્ચાત્કૃતસિદ્ધ | સંખ્યાતગુણ |

□ **સિદ્ધપ્રાભૃતની ગાથા ૧૦૧ અને તેની ટીકામાં** કહ્યું છે કે, 'પંચચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ કરતા ચતુશ્ચરિત્રપશ્ચાત્કૃતસિદ્ધ અસંખ્યગુણ છે.'

Δ **સિદ્ધપ્રાભૃતની ગાથા ૧૦૨ અને તેની ટીકામાં** કહ્યું છે કે, 'છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ અલ્પ છે. તેના કરતા સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ સંખ્યાતગુણ છે. તેના કરતા છેદોપસ્થાપનીય-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત ચારિત્ર પશ્ચાત્કૃતસિદ્ધ અસંખ્યગુણ છે. તેના કરતા સામાયિક-છેદોપસ્થાપનીય-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ સંખ્યાતગુણ છે. તેના કરતા સામાયિક-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર-પશ્ચાત્કૃતસિદ્ધ સંખ્યાતગુણ છે.'

(૭) પ્રત્યેકબુદ્ધબોધિત -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| પ્રત્યેકબુદ્ધસિદ્ધ | અલ્પ |
| બુદ્ધબોધિત નપુંસકસિદ્ધ | સંખ્યાતગુણ |
| બુદ્ધબોધિત સ્ત્રીસિદ્ધ | સંખ્યાતગુણ |
| બુદ્ધબોધિત પુરુષસિદ્ધ | સંખ્યાતગુણ |

(૮) જ્ઞાન -

પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ કેવળજ્ઞાનમાં સિદ્ધ થતા હોવાથી અલ્પબહુત્વ નથી.

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ અવ્યક્તનું અલ્પબહુત્વ-

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| બેજ્ઞાનસિદ્ધ | અલ્પ |
| ચારજ્ઞાનસિદ્ધ | સંખ્યાતગુણ□ |
| ત્રણજ્ઞાનસિદ્ધ | સંખ્યાતગુણ |

પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયની અપેક્ષાએ વ્યક્તનું અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન સિદ્ધ | અલ્પ |
| મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન સિદ્ધ | સંખ્યાતગુણ |
| મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન સિદ્ધ | સંખ્યાતગુણ$^{\Delta}$ |
| મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન સિદ્ધ | સંખ્યાતગુણ |

□ **સિદ્ધપ્રાભૃતની ગાથા ૧૦૩ અને તેની ટીકામાં** કહ્યું છે કે, 'બે જ્ઞાનસિદ્ધ કરતા ચાર જ્ઞાનસિદ્ધ અસંખ્યગુણ છે.

Δ **સિદ્ધપ્રાભૃતની ગાથા ૧૦૪ અને તેની ટીકામાં** કહ્યું છે કે, 'મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનસિદ્ધ કરતા મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાનસિદ્ધ અસંખ્યગુણ છે.

(૯) અવગાહના -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| જઘન્યઅવગાહનાસિદ્ધ | અલ્પ |
| ઉત્કૃષ્ટઅવગાહનાસિદ્ધ | અસંખ્યગુણ |
| યવમધ્યસિદ્ધ | અસંખ્યગુણ |
| યવમધ્યની ઉપરના સિદ્ધ | અસંખ્યગુણ |
| યવમધ્યની નીચેના સિદ્ધ | વિશેષાધિક |
| સર્વઅવગાહનાસિદ્ધ | વિશેષાધિક |

(૧૦) અંતર - નિરંતરસિદ્ધનું અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| ૮ સમય સુધી નિરંતરસિદ્ધ | અલ્પ |
| ૭ સમય સુધી નિરંતરસિદ્ધ | સંખ્યાતગુણ |
| ૬ સમય સુધી નિરંતરસિદ્ધ | સંખ્યાતગુણ |
| ૫ સમય સુધી નિરંતરસિદ્ધ | સંખ્યાતગુણ |
| ૪ સમય સુધી નિરંતરસિદ્ધ | સંખ્યાતગુણ |
| ૩ સમય સુધી નિરંતરસિદ્ધ | સંખ્યાતગુણ |
| ૨ સમય સુધી નિરંતરસિદ્ધ | સંખ્યાતગુણ |

સાંતરસિદ્ધનું અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| ૬ માસના અંતરે સિદ્ધ થનાર | અલ્પ |
| ૧ સમયના અંતરે સિદ્ધ થનાર | સંખ્યાતગુણ |
| યવમધ્યના અંતરે સિદ્ધ થનાર | સંખ્યાતગુણ |

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| યવમધ્યની નીચેના અંતરે સિદ્ધ થનાર | સંખ્યાતગુણ |
| યવમધ્યની ઉપરના અંતરે સિદ્ધ થનાર | વિશેષાધિક |
| સર્વ અંતરે સિદ્ધ થનાર | વિશેષાધિક |

**(૧૧) સંખ્યા -**

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| ૧૦૮ સિદ્ધ | અલ્પ |
| ૧૦૭ સિદ્ધ | અનંતગુણ |
| ૧૦૬ સિદ્ધ | અનંતગુણ |
| ⋮ | ⋮ |
| યાવત્ ૫૦ સિદ્ધ | અસંખ્યગુણ |
| ૪૯ સિદ્ધ | અસંખ્યગુણ |
| ૪૮ સિદ્ધ | અસંખ્યગુણ |
| ⋮ | ⋮ |
| યાવત્ ૨૫ સિદ્ધ | અસંખ્યગુણ |
| ૨૪ સિદ્ધ | સંખ્યાતગુણ |
| ૨૩ સિદ્ધ | સંખ્યાતગુણ |
| ⋮ | ⋮ |
| યાવત્ ૧ સિદ્ધ | સંખ્યાતગુણ |

૧ સિદ્ધથી ૧૦૮ સિદ્ધ સુધીના વિપરીત ક્રમની અપેક્ષાએ અનંતગુણહાનિસિદ્ધ, અસંખ્યગુણહાનિસિદ્ધ અને સંખ્યાતગુણહાનિ-સિદ્ધનું અલ્પબહુત્વ -

| સિદ્ધ | અલ્પબહુત્વ |
|---|---|
| અનંતગુણહાનિસિદ્ધ (૫૦ સિદ્ધથી ૧૦૮ સિદ્ધ સુધીના સિદ્ધો) | અલ્પ |
| અસંખ્યગુણહાનિસિદ્ધ (૨૫ સિદ્ધથી ૪૯ સિદ્ધ સુધીના સિદ્ધો) | અનંતગુણ |
| સંખ્યાતગુણહાનિસિદ્ધ (૧ સિદ્ધથી ૨૪ સિદ્ધ સુધીના સિદ્ધો) | સંખ્યાતગુણ |

● **ઋદ્ધિઓ**- શુક્લધ્યાનના પહેલા બે ભેદોમાંથી કોઈ પણ એક ભેદમાં વર્તમાન જીવ વિવિધ પ્રકારની ઋદ્ધિઓને પામે છે. તે ઋદ્ધિઓ આ પ્રમાણે છે -

૧) **આમર્શૌષધિત્વ** - પોતાના હાથ-પગ વગેરે અવયવોના સ્પર્શમાત્રથી બધા રોગોને દૂર કરવાનું સામર્થ્ય.

૨) **વિપ્રુડૌષધિત્વ** - પોતાના મૂત્ર-વિષ્ટાના અવયવોના સંપર્કથી બધા રોગોને દૂર કરવાનું સામર્થ્ય.

૩) **સર્વૌષધિત્વ** - પોતાના બધા અવયવોના સંપર્કથી બધા રોગોને દૂર કરવાનું સામર્થ્ય.

૪) **અભિવ્યાહારસિદ્ધિ** - વચન માત્રથી શાપ આપવાનું અને અનુગ્રહ કરવાનું સામર્થ્ય.

૫) **ઈશિત્વ** - બધા જીવો ઉપરનું ઈશ્વર(માલિક)પણું.

૬) **વશિત્વ** - બધા જીવોનું પોતાના વશમાં વર્તવાપણું.

૭) **અવધિજ્ઞાન** - અમુક મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જોવાપણું.

૮) **વૈક્રિયશરીર લબ્ધિ** - મૂળ શરીરથી જૂદું વૈક્રિયશરીર બનાવવાની લબ્ધિ.

૯) **અણિમા** - કમળની નાળના છિદ્રમાં પેસીને બેસી શકાય એવું સામર્થ્ય.

૧૦) **લધિમા** - વાયુ કરતાં પણ વધુ લઘુ બની શકાય એવું સામર્થ્ય.

૧૧) **મહિમા**- મેરુપર્વત કરતાં પણ વધુ મોટું શરીર કરવાનું સામર્થ્ય.

૧૨) **પ્રાપ્તિ** - ભૂમિ ઉપર રહેલો પણ આંગળીના અગ્રભાગથી મેરુશિખર, સૂર્ય વગેરેને સ્પર્શી શકે એવું સામર્થ્ય.

૧૩) **પ્રાકામ્ય** - પાણીમાં ભૂમિની જેમ ચાલવાનું સામર્થ્ય અને ભૂમિ ઉપર પાણીની જેમ ઉપર-નીચે થવાનું સામર્થ્ય.

૧૪) **જંઘાચારણત્વ** - જેનાથી અગ્નિની શિખા, ધૂમ્મસ, ઓસ, વરસાદની ધારા, તંતુ, સૂર્ય-ચંદ્ર વગેરેના કિરણ, વાયુ - આ બધામાંથી કોઈ પણ એકનું આલંબન લઈને આકાશમાં જઈ શકાય તેવું સામર્થ્ય.

૧૫) **આકાશગતિચારિત્વ** - જેનાથી કોઈ પણ આલંબન વિના આકાશમાં ભૂમિની જેમ જઈ શકે, પક્ષીની જેમ ઉપર-નીચે ઊડી શકે તેવું સામર્થ્ય.

૧૬) **અપ્રતિઘાતિત્વ** - આકાશની જેમ પર્વત વગેરેની મધ્યમાંથી જઈ શકે તેવું સામર્થ્ય.

૧૭) **અંતર્ધાન** - જેનાથી અદશ્ય થઈ શકે તેવું સામર્થ્ય.

૧૮) **કામરૂપિત્વ** - જુદા જુદા સ્થાને રહેલા અનેક રૂપો એકસાથે ધારણ કરી શકવાનું સામર્થ્ય.

૧૯) **તેજોલેશ્યા** - બીજાને બાળી નાંખે તેવી તેજોલેશ્યા મૂકવાનું સામર્થ્ય.

૨૦) **શીતલેશ્યા** - બીજા ઉપર કૃપા કરે તેવી શીતલેશ્યા મૂકવાનું સામર્થ્ય.

૨૧) **વિષયલબ્ધિ** - મતિજ્ઞાનની વિશુદ્ધિથી દેશ-પ્રમાણના નિયમોને ઓળંગીને પણ વિષયોને ગ્રહણ કરવાનું સામર્થ્ય.

૨૨) **સંભિન્નજ્ઞાનત્વ** - એકસાથે ઘણા વિષયોને ગ્રહણ કરવાનું સામર્થ્ય.

૨૩) **કોષ્ઠબુદ્ધિત્વ** - કોઠીમાં નાખેલ અનાજની જેમ ગ્રહણ કરેલા પદ, વાક્યાર્થ વગેરે ક્યારેય ભૂલાય નહીં એવું સામર્થ્ય.

૨૪) **બીજબુદ્ધિત્વ** - પદ, પ્રકરણ, ઉદ્દેશો, અધ્યાય, પ્રાભૃત, વસ્તુ, પૂર્વાંગને અનુસારે સંપૂર્ણ ગ્રંથને જાણવાનું સામર્થ્ય.

૨૫) **ઋજુમતિત્વ** - સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોએ વિચારેલ પદાર્થોને સામાન્યથી જાણવાનું સામર્થ્ય.

૨૬) **વિપુલમતિત્વ** - સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોએ વિચારેલ પદાર્થોને વિશેષથી જાણવાનું સામર્થ્ય.

૨૭) **અભિલષિતાર્થપ્રાપ્તિ**- ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય તેવું સામર્થ્ય.

૨૮) **અનિષ્ટાનવાપ્તિ** - અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય તેવું સામર્થ્ય.

૨૯) **ક્ષીરાસ્રવિત્વ** - જેનાથી સાંભળનારને વચન દૂધ જેવુ મીઠું લાગે તેવું સામર્થ્ય.

૩૦) **મધ્વાસ્રવિત્વ** - જેનાથી સાંભળનારને વચન મધ જેવુ મીઠું લાગે તેવું સામર્થ્ય.

૩૧) **વાદિત્વ** - વિદ્વાનોની સભામાં અપરાજિત રહેવાનું સામર્થ્ય.

૩૨) **સર્વરુતજ્ઞત્વ** - બધા પશુ-પક્ષીઓના અવાજના અર્થને જાણવાનું સામર્થ્ય.

૩૩) **સર્વસત્ત્વાવબોધન** - બધા જીવોને બોધ કરવાનું સામર્થ્ય.

૩૪) **વિદ્યાધરત્વ** - બધી વિદ્યાઓ સ્વયં આવે તેવું સામર્થ્ય.

૩૫) **આશીવિષત્વ** - દાઢમાં ઝેર હોવાનું સામર્થ્ય. તેના બે પ્રકાર છે-

**(i) કર્મથી આશીવિષત્વ** - તપ, ચારિત્રના અનુષ્ઠાનો કે બીજા કોઈ ગુણના કારણે પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને સહસ્રાર દેવલોક સુધીના દેવોને પ્રાપ્ત થતું આશીવિષ સાપ, વીંછી, નાગ વગેરે વડે સાધ્ય ક્રિયા કરવાનું સામર્થ્ય.

**(ii) જાતિથી આશીવિષત્વ** - વીંછી, દેડકા, સાપ અને મનુષ્યને જન્મથી પ્રાપ્ત થતું દાઢામાં ઝેર હોવાનું સામર્થ્ય.

૩૬) **ભિન્નચૌદપૂર્વીપણું** - ન્યૂન ૧૪ પૂર્વોને જાણવાનું સામર્થ્ય.

૩૭) **અભિન્નચૌદપૂર્વીપણું** - સંપૂર્ણ ૧૪ પૂર્વોને જાણવાનું સામર્થ્ય.

તે ઋદ્ધિઓને વિષે અનાસક્ત એવો જીવ આગળ વધી સકલકર્મનો ક્ષય કરી સંસારસુખને ઓળંગી આત્યંતિક, ઐકાંતિક, નિરુપમ, નિત્ય, નિરતિશય, નિર્વાણ સુખને પામે છે.

જેમ અંધકારનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિ એકસાથે થાય છે, તેમ કર્મોનો નાશ અને નિર્વાણની ઉત્પત્તિ એકસાથે થાય છે.

- **સિદ્ધશિલાનું સ્વરૂપ** - સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ યોજન ઉપર સિદ્ધશિલા આવેલી છે. મતાંતરે સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ યોજન ઉપર લોકાંત છે. સિદ્ધશિલા ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે. તે અર્જુનસુવર્ણમય હોવાથી સ્ફટિકની જેમ નિર્મળ છે. તે સીધા કરેલ છત્રના આકારે અથવા ઘીથી ભરેલ કડાઈના આકારે છે. તે મધ્યભાગે ૮ યોજન જાડી છે. ત્યારપછી તેની જાડાઈ ઘટતી ઘટતી

# સિદ્ધશિલા અને સિદ્ધભગવંતો



અંતે અંગુલ/અસંખ્ય જેટલી થાય છે. સિદ્ધશિલાની ઉપર ૧ યોજને લોકાંત છે. તે યોજનના ઉપરના ગાઉના ઉપરના છઠ્ઠા ભાગમાં સિદ્ધોની સ્થિતિ છે.

● **સુખના ચાર અર્થો-** લોકમાં સુખ શબ્દ ચાર અર્થોમાં વપરાય છે -

૧) **વિષયમાં** - વિષયોને સુખરૂપ માનવા તે. જેમકે અગ્નિ સુખ છે, વાયુ સુખ છે.

૨) **વેદનાના અભાવમાં-** દુઃખના અભાવમાં હું સુખી છું એમ માનવું તે.

૩) **વિપાકમાં** - સાતાવેદનીય વગેરે પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થતું ઇષ્ટ વૈષયિકસુખ.

૪) **મોક્ષમાં** - કર્મ અને ક્લેશના ક્ષયથી પ્રાપ્ત થતું સુખ.

સકલ કર્મોનો ક્ષય થવાથી જીવ મોક્ષનું સુખ પામે છે.

● આમ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રથી યુક્ત સાધુ સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી મોક્ષ પામે છે.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રથી યુક્ત એવો જે સાધુ મોક્ષ માટે પ્રયત્ન કરવા છતાં કાળ-સંઘયણ-આયુષ્યના દોષથી અલ્પશક્તિવાળો હોવાથી સકલ કર્મનો ક્ષય કરી શકતો નથી તે આયુષ્યના ક્ષયે વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તે પુણ્યકર્મને ભોગવી સ્થિતિના ક્ષયથી ચ્યવીને ઉત્તમ-દેશ-જાતિ-કુળ-શીલ-વિદ્યા-વિનય-વૈભવ-વિષય-ઐશ્વર્યયુક્ત મનુષ્યભવમાં જન્મીને વિશુદ્ધ બોધિને પામે છે. આમ ત્રણ વાર જન્મીને એટલે કે ત્રણ ભવ (મનુષ્ય-દેવ-મનુષ્ય) કરીને તે સિદ્ધ થાય છે.

**શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રનો પદાર્થસંગ્રહ સંપૂર્ણ.**

● ● ●

## શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રની
# કારિકા
### મૂળગાથા અને શબ્દાર્થ

**સમ્યગ્દર્શનશુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ ।**
**દુઃખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ ॥૧॥**

જે જીવ સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાન અને ચારિત્રને પામે છે, તેનો દુઃખોના કારણભૂત એવો પણ આ મનુષ્યજન્મ પ્રશંસાપાત્ર બને છે. (૧)

**જન્મનિ કર્મક્લેશૈ-રનુબદ્ધેઽસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્ ।**
**કર્મક્લેશાભાવો, યથા ભવત્યેષ પરમાર્થઃ ॥૨॥**

જન્મ થવા પર મન-વચન-કાયાથી કર્મો બંધાય છે. કર્મોથી કષાયોરૂપી ક્લેશો પ્રગટે છે. ક્લેશોને લીધે ફરી જન્મ થાય છે. જન્મ થવા પર કર્મો બંધાય છે. કર્મોથી ક્લેશો થાય છે. ક્લેશોને લીધે ફરી જન્મ થાય છે. આમ જન્મ આઠ પ્રકારના કર્મો અને કષાયોરૂપી ક્લેશોથી સતત વીંટળાયેલ છે. આવા આ મનુષ્ય જન્મમાં તેવી રીતે પ્રયત્ન કરવો કે જેથી કર્મો અને ક્લેશોનો ક્ષય થાય. આ પરમાર્થ છે, એટલે કે ઉત્કૃષ્ટ ફળ છે, એટલે કે મોક્ષ છે. (૨)

**પરમાર્થાલાભે વા, દોષેષ્વારમ્ભકસ્વભાવેષુ ।**
**કુશલાનુબન્ધમેવ, સ્યાદનવદ્યં યથા કર્મ ॥૩॥**

કાળ-સંઘયણની હાનિના કારણે આ જન્મમાં મોક્ષ ન મળે તો પણ અશુભમાં પ્રવૃત્તિ કરાવનાર દોષો હોતે છતે તેવી રીતે પ્રવૃત્તિ કરવી કે જેથી કુશળનો અનુબંધ કરાવનાર અનિંદ્ય કર્મ બંધાય. (૩)

**કર્માહિતમિહ ચામુત્ર, ચાધમતમો નરઃ સમારભતે ।**
**ઈહફલમેવ ત્વધમો, વિમધ્યમસ્તૂભયફલાર્થમ્ ॥૪॥**

જીવો છ પ્રકારના છે -

૧) **અધમતમ** - જે આ લોક અને પરલોક બંનેમાં અહિતકારી એવા કાર્યો કરે તે. દા.ત. માછીમાર વગેરે.

૨) **અધમ** - જે આ લોકમાં ફળ આપનારા કાર્યો કરે તે. દા.ત. પરલોકનો અપલાપ કરનારા વગેરે.

૩) **વિમધ્યમ** - જે આ લોક અને પરલોક બંનેમાં ફળ આપનારા કાર્યો કરે તે. દા.ત. ખેડૂત, વેપારી વગેરે. (૪)

**પરલોકહિતાયૈવ પ્રવર્તતે, મધ્યમઃ ક્રિયાસુ સદા ।**
**મોક્ષાયૈવ તુ ઘટતે, વિશિષ્ટમતિરુત્તમઃ પુરુષઃ ॥૫॥**

૪) **મધ્યમ** - જે પરલોકમાં હિત થાય એ માટે જ ક્રિયાઓમાં પ્રવર્તે તે. દા.ત. તાપસ વગેરે.

૫) **ઉત્તમ** - જે વિશિષ્ટ મતિવાળા મોક્ષ માટે જ પ્રયત્ન કરે તે. દા.ત. સાધુ ભગવંત, શ્રાવક વગેરે. (૫)

**યસ્તુ કૃતાર્થોઽપ્યુત્તમમવાપ્ય ધર્મં પરેભ્ય ઉપદિશતિ ।**
**નિત્યં સ ઉત્તમેભ્યો-ઽપ્યુત્તમ ઈતિ પૂજ્યતમ એવ ॥૬॥**

૬) **ઉત્તમોત્તમ** - ઉત્તમ એવા કેવળજ્ઞાનને પામીને કૃતાર્થ થયેલા એવા પણ જે બીજાઓને ધર્મનો ઉપદેશ આપે છે તે. દા.ત. તીર્થંકર વગેરે. તે પૂજ્યતમ છે. (૬)

**તસ્માદર્હતિ પૂજા-મર્હન્નેવોત્તમોત્તમો લોકે ।**
**દેવર્ષિનરેન્દ્રેભ્યઃ, પૂજ્યેભ્યોઽપ્યન્યસત્ત્વાનામ્ ॥૭॥**

તીર્થંકર ભગવંત કૃતાર્થ હોવા છતાં પણ ધર્મનો ઉપદેશ આપે છે. તેથી ઉત્તમોત્તમ એવા અરિહંત ભગવંત જ લોકમાં બીજા જીવોને પૂજ્ય એવા દેવો, ઋષિઓ અને નરેન્દ્રો થકી પૂજાને યોગ્ય છે. (૭)

**અભ્યર્ચનાદર્હતાં, મનઃપ્રસાદસ્તતઃ સમાધિશ્ચ ।**
**તસ્માદપિ નિઃશ્રેયસ-મતો હિ તત્પૂજનં ન્યાય્યમ્ ॥૮॥**

અરિહંત ભગવંતના પૂજનથી મન પ્રસન્ન થાય છે. મન પ્રસન્ન થવાથી સમાધિ પ્રાપ્ત થાય છે. સમાધિવાળાને ભગવાનના વચનો સાંભળવાની ઇચ્છા થાય છે. પછી ભગવાનના વચનોનું શ્રવણ થાય છે. શ્રવણથી ભગવાને બતાવેલા તત્ત્વોનું ગ્રહણ થાય છે, તેની ધારણા થાય છે અને તેની ઉપર ઉહાપોહ થાય છે. તેનાથી સંસારના સ્વરૂપનો બોધ થાય છે. તેથી હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ વગેરે થાય છે. તેથી મોક્ષ થાય છે. માટે કૃતાર્થ એવા પણ અરિહંત ભગવંતનું પૂજન યોગ્ય છે. (૮)

**તીર્થપ્રવર્ત્તનફલં, યત્પ્રોક્તં કર્મ તીથકરનામ ।**
**તસ્યોદયાત્કૃતાર્થો-ડપ્યર્હંસ્તીર્થં પ્રવર્તયતિ ॥૯॥**

જેનાથી સંસારસમુદ્રને તરાય તે તીર્થ. તીર્થને પ્રવર્તાવવું એ તીર્થંકર નામકર્મનું ફળ છે. કૃતાર્થ એવા પણ તીર્થંકર ભગવંત તે તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થને પ્રવર્તાવે છે. (૯)

**તત્સ્વાભાવ્યાદેવ, પ્રકાશયતિ ભાસ્કરો યથા લોકમ્ ।**
**તીર્થપ્રવર્તનાય, પ્રવર્તતે તીર્થકર એવમ્ ॥૧૦॥**

જેમ સૂર્ય તેવા પ્રકારના સ્વભાવથી જ લોકને પ્રકાશિત કરે છે, તેમ તીર્થંકર પણ તેવા પ્રકારના સ્વભાવથી જ તીર્થને પ્રવર્તાવવા માટે પ્રવર્તે છે. (૧૦)

**યઃ શુભકર્માસેવન-ભાવિતભાવો ભવેષ્વનેકેષુ ।**
**જજ્ઞે જ્ઞાતેક્ષ્વાકુષુ, સિદ્ધાર્થ નરેન્દ્રકુલદીપઃ ॥૧૧॥**

અનેક ભવોમાં જીવોની અનુકંપા વગેરે અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિ વગેરે શુભક્રિયાઓના અભ્યાસથી જેમનો અંતરાત્મા ભાવિત થયો, જેઓ જ્ઞાત (વિશેષ પ્રકારના ક્ષત્રિય) અને ઈક્ષ્વાકુ (વિશેષ પ્રકારના જ્ઞાતક્ષત્રિય)માં સિદ્ધાર્થ રાજાના કુળમાં દીપક સમાન જન્મ્યા, (૧૧)

**જ્ઞાનૈઃ પૂર્વાધિગતૈ-રપ્રતિપતિતૈર્મતિશ્રુતાવધિભિઃ ।**
**ત્રિભિરપિ શુદ્ધૈર્યુક્તઃ, શૈત્યદ્યુતિકાન્તિભિરિવેન્દુઃ ॥૧૨॥**

જેમ ચંદ્ર ઠંડક, દ્યુતિ અને કાંતિથી યુક્ત છે, તેમ જેઓ પૂર્વભવમાં પ્રાપ્ત થયેલા અને નહિ પડેલા એવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનરૂપી ત્રણ શુદ્ધ જ્ઞાનોથી યુક્ત હતા, (૧૨)

**શુભસારસત્ત્વસંહનન-વીર્યમાહાત્મ્યરૂપગુણયુક્તઃ ।**
**જગતિ મહાવીર ઈતિ, ત્રિદશૈર્ગુણતઃ કૃતાભિખ્યઃ ॥૧૩॥**

શુભ સાર, સત્ત્વ, સંઘયણ, વીર્ય, મહિમા, રૂપ અને ગુણથી યુક્ત એવા જેમનું જગતમાં દેવોએ ગુણ ઉપરથી મહાવીર એવું નામ પાડ્યું હતું, (૧૩)

**સ્વયમેવ બુદ્ધતત્ત્વઃ, સત્ત્વહિતાભ્યુદ્યતાચલિતસત્ત્વઃ ।**
**અભિનન્દિતશુભસત્ત્વઃ, સેન્દ્રૈર્લોકાન્તિકૈર્દેવૈઃ ॥૧૪॥**

જેઓ સ્વયં તત્ત્વનો બોધ પામેલા હતા, જેઓ જીવોના હિત માટે તૈયાર હતા, જેમનું સત્ત્વ ચલિત નહોતું થયું, ઈન્દ્રો સહિત લોકાંતિક દેવોએ જેમના શુભસત્ત્વની અનુમોદના કરી હતી, (૧૪)

**જન્મજરામરણાર્ત્તં, જગદશરણમભિસમીક્ષ્ય નિઃસારમ્ ।**
**સ્ફીતમપહાય રાજ્યં, શમાય ધીમાન્ પ્રવવ્રાજ ॥૧૫॥**

જગતને જન્મ, જરા અને મરણથી પીડિત, અશરણ અને સાર વિનાનું જોઈને જેમણે સમૃદ્ધ એવા રાજ્યને છોડીને મોક્ષ માટે ચારિત્ર

લીધું, ચારિત્ર લીધા બાદ જેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું હતું, (૧૫)

**પ્રતિપદ્યાશુભશમનં, નિઃશ્રેયસસાધકં શ્રમણલિઙ્ગમ્ ।**
**કૃતસામાયિકકર્મા, વ્રતાનિ વિધિવત્સમારોપ્ય ॥૧૬॥**

અશુભ કર્મોને ખપાવવા માટેના ઉપાયરૂપ અને મોક્ષના સાધન સમાન સાધુવેષને સ્વીકારીને, સર્વ સાવદ્યયોગના પચ્ચક્ખાણરૂપ સામાયિક ઉચ્ચરીને જેમણે વિધિપૂર્વક પાંચ મહાવ્રતો સ્વીકાર્યા હતા, (૧૬)

**સમ્યક્ત્વજ્ઞાનચારિત્ર-સંવરતપઃસમાધિબલયુક્તઃ ।**
**મોહાદીનિ નિહત્યા-શુભાનિ ચત્વારિ કર્માણિ ॥૧૭॥**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સંવર, તપ અને સમાધિરૂપ બળથી યુક્ત એવા જેમણે મોહ વગેરે ચાર અશુભકર્મોને હણી નાંખ્યા હતા, (૧૭)

**કેવલમધિગમ્ય વિભુઃ, સ્વયમેવ જ્ઞાનદર્શનમનન્તમ્ ।**
**લોકહિતાય કૃતાર્થો-ઽપિ દેશયામાસ તીર્થમિદમ્ ॥૧૮॥**

**દ્વિવિધમનેકદ્વાદશ-વિધં મહાવિષયમમિતગમયુક્તમ્ ।**
**સંસારાર્ણવપાર-ગમનાય દુઃખક્ષયાયાલમ્ ॥૧૯॥**

**ગ્રન્થાર્થવચનપટુભિઃ, પ્રયત્નવદ્ભિરપિ વાદિભિર્નિપુણૈઃ ।**
**અનભિભવનીયમન્યૈ-ર્ભાસ્કર ઈવ સર્વતેજોભિઃ ॥૨૦॥**

જેમણે પોતે જ અનંત એવા કેવળજ્ઞાનને અને કેવળદર્શનને પામીને કૃતાર્થ થયા હોવા છતાં પણ લોકોના હિત માટે બે પ્રકારનું, અનેક પ્રકારનું અને બાર પ્રકારનું, મહાન વિષયવાળું, અસંખ્ય ગમો (નયો)વાળું, સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે અને દુઃખોનો ક્ષય કરવા

માટે સમર્થ, જેમ બધા તેજો વડે સૂર્યનો પરાભવ થતો નથી તેમ ગ્રંથ-અર્થ-વચનમાં હોંશિયાર-પ્રયત્નવાળા-બુદ્ધિશાળી એવા પણ બીજા વાદીઓ વડે જેનો પરાભવ થઈ શકે એવો નથી, એવું આ તીર્થ પ્રવર્તાવ્યું હતું, (૧૮, ૧૯, ૨૦)

**કૃત્વા ત્રિકરણશુદ્ધં, તસ્મૈ પરમર્ષયે નમસ્કારમ્ ।**
**પૂજ્યતમાય ભગવતે, વીરાય વિલીનમોહાય ॥૨૧॥**

**તત્ત્વાર્થાધિગમાખ્યં, બહ્વર્થં સંગ્રહં લઘુગ્રન્થમ્ ।**
**વક્ષ્યામિ શિષ્યહિત-મિમમર્હદ્વચનૈકદેશસ્ય ॥૨૨॥**

જેમનો મોહ નાશ પામ્યો છે એવા તે પરમઋષિ પૂજ્યતમ વીરપ્રભુને મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક નમસ્કાર કરીને અરિહંત ભગવંતોના વચનોના એકદેશના સંગ્રહરૂપ, શિષ્યોને હિતકારી, ઘણા અર્થવાળા **'તત્ત્વાર્થાધિગમ'** નામના નાના ગ્રંથને હું કહીશ. (૨૧,૨૨)

**મહતોઽતિમહાવિષયસ્ય, દુર્ગમગ્રન્થભાષ્યપારસ્ય ।**
**કઃ શક્તઃ પ્રત્યાસં, જિનવચનમહોદધેઃ કર્ત્તુમ્ ॥૨૩॥**

મહાન, અતિમહાન વિષયવાળા, જેના ગ્રંથો અને ભાષ્યોનો પાર મુશ્કેલીથી પામી શકાય એવો છે, એવા જિનવચનરૂપી સમુદ્રનો તિરસ્કાર કરવા કોણ સમર્થ છે ? (૨૩)

**શિરસા ગિરિં બિભિત્સે-દુચ્ચિક્ષિપ્સેચ્ચ સ ક્ષિતિં દોર્ભ્યામ્ ।**
**પ્રતિતીર્ષેચ્ચ સમુદ્રં, મિત્સેચ્ચ પુનઃ કુશાગ્રેણ ॥૨૪॥**

**વ્યોમ્નીન્દું ચિક્રમિષે-ન્મેરુગિરિં પાણિના ચિકમ્પયિષેત્ ।**
**ગત્યાનિલં જિગીષે-ચ્ચરમસમુદ્રં પિપાસેચ્ચ ॥૨૫॥**

**ખદ્યોતકપ્રભાભિઃ, સોઽભિબુભૂષેચ્ચ ભાસ્કરં મોહાત્ ।**
**યોઽતિમહાગ્રન્થાર્થં, જિનવચનં સંજિઘૃક્ષેચ્ચ ॥૨૬॥**

જે અતિમહાન ગ્રંથ અને અર્થવાળા એવા જિનવચનનો સંગ્રહ કરવા ઇચ્છે છે, તે અજ્ઞાનથી પર્વતને ભેદવા ઇચ્છે છે, બે હાથથી પૃથ્વીને ઉંચકવા ઇચ્છે છે, બે હાથથી સમુદ્રને તરવા ઇચ્છે છે, ઘાસના અગ્રભાગથી સમુદ્રને માપવા ઇચ્છે છે, આકાશમાં ચંદ્રને ઓળંગવા ઇચ્છે છે, હાથથી મેરૂપર્વતને કંપાવવા ઇચ્છે છે, ગતિથી પવનને જીતવા ઇચ્છે છે, છેલ્લા (સ્વયંભૂરમણ) સમુદ્રને પીવા ઇચ્છે છે, આગિયાની પ્રભાથી સૂર્યનો પરાભવ કરવા ઇચ્છે છે. (૨૪, ૨૫, ૨૬)

**એકમપિ તુ જિનવચનાદ્દ, યસ્માન્નિર્વાહકં પદં ભવતિ ।**
**શ્રૂયન્તે ચાનન્તાઃ, સામાયિકમાત્રપદસિદ્ધાઃ ॥૨૭॥**

**તસ્માત્તત્પ્રામાણ્યાત્, સમાસતો વ્યાસતશ્ચ જિનવચનમ્ ।**
**શ્રેય ઇતિ નિર્વિચારં, ગ્રાહ્યં ધાર્યં ચ વાચ્યં ચ ॥૨૮॥**

જે કારણથી જિનવચનનું એક પણ પદ સંસારથી પાર ઉતારનાર થાય છે અને 'કરેમિ ભંતે ! સામાઈયં' એટલા જ માત્ર પદને ભાવથી ગ્રહણ કરીને અનંતા જીવો સિદ્ધ થયા છે, એવું સંભળાય છે, તે કારણથી જિનવચન પ્રમાણ હોવાથી 'જિનવચન કલ્યાણકારી છે' એ પ્રમાણે શંકા વિના સંક્ષેપથી અને વિસ્તારથી તેને ગ્રહણ કરવું, ધારણ કરવું અને બીજાને કહેવું. (૨૭, ૨૮)

**ન ભવતિ ધર્મઃ શ્રોતુઃ, સર્વસ્યૈકાન્તતો હિતશ્રવણાત્ ।**
**બ્રુવતોઽનુગ્રહબુદ્ધ્યા, વક્તુસ્ત્વેકાન્તતો ભવતિ ॥૨૯॥**

હિતકારી વચન સાંભળવાથી બધા શ્રોતાઓને એકાંતે ધર્મ નથી થતો, કેમકે તેમનું મન બીજે ક્યાંય હોય અથવા તેમનો અંતરાત્મા દુષ્ટ હોય. શ્રોતાઓ ઉપરની અનુગ્રહ બુદ્ધિથી બોલનારા વક્તાને તો એકાંતે ધર્મ થાય છે. (૨૯)

**શ્રમમવિચિન્ત્યાત્મગતં, તસ્માચ્છ્રેયઃ સદોપદેષ્ટવ્યમ્ ।**
**આત્માનં ચ પરં ચ હિ, હિતોપદેષ્ટાનુગૃહ્ણાતિ ॥૩૦॥**

માટે પોતાના પરિશ્રમનો વિચાર કર્યા વિના હંમેશા મોક્ષમાર્ગનો ઉપદેશ આપવો, કેમકે હિતનો ઉપદેશ આપનાર પોતાની અને બીજાની ઉપર અનુગ્રહ કરે છે. (૩૦)

**નર્તે ચ મોક્ષમાર્ગા-દ્ધિતોપદેશોઽસ્તિ જગતિ કૃત્સ્નેઽસ્મિન્ ।**
**તસ્માત્પરમિમમેવે-તિ મોક્ષમાર્ગં પ્રવક્ષ્યામિ ॥૩૧॥**

આ સંપૂર્ણ જગતમાં મોક્ષમાર્ગના ઉપદેશ કરતાં ચઢીયાતો બીજો કોઈ હિતનો ઉપદેશ નથી. તેથી આ મોક્ષમાર્ગનો હિતોપદેશ એ જ ઉત્કૃષ્ટ હિતોપદેશ છે. એટલે હું મોક્ષમાર્ગને કહીશ. (૩૧)

**શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રની કારિકાના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત**

• • •

- ઊગતા સૂરજને અભિમાન નથી આવતું, કેમકે સાંજે અસ્ત દેખાય છે. આથમતા સૂરજને આંસુ નથી આવતા, કેમકે કાલનો ઉદય દેખાય છે. સુખ-દુઃખ પણ આવા જ છે, કાયમ નથી ટકતા.
- જીવનની મોટા ભાગની દોડધામ જરૂરિયાતપૂર્તિ માટે નથી, પણ ઈચ્છાપૂર્તિ માટે જ છે.
- આજનો માણસ જમવા બેસે છે ત્યારે એવી રીતે જમે છે કે જાણે બીજો ટંક આવવાનો જ નથી અને એ જ માણસ મકાન બનાવે ત્યારે એવી રીતે બનાવે છે કે જાણે એ ક્યારેય મરવાનો જ નથી.
- સમુદ્રમાં ભરતી-ઓટ આવે, તેથી સમુદ્રનું કાંઈ વધતું-ઘટતું નથી. તેમ સુખ-દુઃખ આવે, તેથી આત્માનું કાંઈ વધતું-ઘટતું નથી.

# શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર
## મૂળસૂત્ર અને શબ્દાર્થ

### પહેલો અધ્યાય

**(૧) સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ :**

(૧) સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ (ત્રણ પ્રકારનો) મોક્ષમાર્ગ છે.

**(૨) તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્.**

(૨) તત્ત્વરૂપ પદાર્થોની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે.

**(૩) તન્નિસર્ગાદધિગમાદ્વા.**

(૩) તે સ્વાભાવિક રીતે કે બીજાના ઉપદેશથી થાય છે.

**(૪) જીવાજીવાસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષાસ્તત્ત્વમ્.**

(૪) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ (૭ પ્રકારના) તત્ત્વો છે.

**(૫) નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવતસ્તન્ન્યાસઃ.**

(૫) નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી તેમના નિક્ષેપા થાય છે.

**(૬) પ્રમાણનયૈરધિગમઃ.**

(૬) જીવાદિ તત્ત્વોનું જ્ઞાન પ્રમાણ અને નયથી થાય છે.

**(૭) નિર્દેશ-સ્વામિત્વ-સાધનાધિકરણ-સ્થિતિ-વિધાનતઃ.**

(૭) જીવાદિ તત્ત્વોનું જ્ઞાન નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને ભેદથી થાય છે.

**(૮) સત્સઙ્ખ્યા-ક્ષેત્ર-સ્પર્શન-કાલાન્તર-ભાવાલ્પબહુત્વૈશ્ચ.**

(૮) જીવાદિ તત્ત્વોનું જ્ઞાન સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વથી થાય છે.

**(૯) મતિશ્રુતાવધિમનઃપર્યાયકેવલાનિ જ્ઞાનમ્.**

(૯) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એ (પાંચ પ્રકારનું) જ્ઞાન છે.

**(૧૦) તત્પ્રમાણે.**

(૧૦) (પાંચ પ્રકારનું) જ્ઞાન બે પ્રકારના પ્રમાણરૂપ છે.

**(૧૧) આદ્યે પરોક્ષમ્.**

(૧૧) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ પરોક્ષપ્રમાણ છે.

**(૧૨) પ્રત્યક્ષમન્યત્.**

(૧૨) શેષ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણ છે.

**(૧૩) મતિઃ સ્મૃતિઃ સંજ્ઞા ચિન્તાઽભિનિબોધ ઇત્યનર્થાન્તરમ્.**

(૧૩) મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા, અભિનિબોધ એ પર્યાયવાચી શબ્દો છે.

**(૧૪) તદિન્દ્રિયાનિન્દ્રિયનિમિત્તમ્.**

(૧૪) મતિજ્ઞાન ઈન્દ્રિયનિમિત્તક અને અનિન્દ્રિય(મન) નિમિત્તક છે.

**(૧૫) અવગ્રહેહાપાયધારણાઃ.**

(૧૫) અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા (એ મતિજ્ઞાનના ભેદ) છે.

**(૧૬) બહુબહુવિધક્ષિપ્રાનિશ્રિતાનુક્તધ્રુવાણાં સેતરાણામ્.**

(૧૬) (અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા) પ્રતિપક્ષ સહિત બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અનુક્ત અને ધ્રુવના (થાય છે.)

**(૧૭) અર્થસ્ય.**

(૧૭) (અવગ્રહ, ઈહા, અપાય, ધારણા) પદાર્થના (થાય છે).

**(૧૮) વ્યંજનસ્યાવગ્રહઃ.**

(૧૮) વ્યંજન(ઉપકરણેન્દ્રિયની સાથે જોડાયેલા પુદ્‌ગલો)નો અવગ્રહ થાય છે.

**(૧૯) ન ચક્ષુરનિન્દ્રિયાભ્યામ્.**

(૧૯) આંખ અને મનથી વ્યંજનાવગ્રહ થતો નથી.

**(૨૦) શ્રુતં મતિપૂર્વં દ્વ્યનેકદ્વાદશભેદમ્.**

(૨૦) શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વકનું અને બે પ્રકારનું, અનેક પ્રકારનું અને બાર પ્રકારનું છે.

**(૨૧) દ્વિવિધોઽવધિઃ.**

(૨૧) અવધિજ્ઞાન બે પ્રકારનું છે.

**(૨૨) ભવપ્રત્યયો નારકદેવાનામ્.**

(૨૨) નારકી અને દેવોનું અવધિજ્ઞાન ભવનિમિત્તક છે.

**(૨૩) યથોક્તનિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ્.**

(૨૩) શેષ જીવોનું અવધિજ્ઞાન યથોક્ત (ક્ષયોપશમ) નિમિત્તક છે અને છ પ્રકારનું છે.

**(૨૪) ઋજુવિપુલમતી મનઃપર્યાયઃ.**

(૨૪) ઋજુમતિ અને વિપુલમતિ (એમ બે પ્રકારનું) મનઃપર્યાયજ્ઞાન છે.

**(૨૫) વિશુદ્ધ્યપ્રતિપાતાભ્યાં તદ્વિશેષઃ.**

(૨૫) વિશુદ્ધિ અને પતનના અભાવથી તેમનો ભેદ છે.

**(૨૬) વિશુદ્ધિ-ક્ષેત્ર-સ્વામિ-વિષયેભ્યોઽવધિમનઃપર્યાયયોઃ.**

(૨૬) વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી, વિષયોને લીધે અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનનો ભેદ છે.

**(૨૭) મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વસર્વપર્યાયેષુ.**

(૨૭) મતિજ્ઞાનનો અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો અને અસર્વ પર્યાયો છે.

**(૨૮) રૂપિષ્વવધેઃ.**

(૨૮) અવધિજ્ઞાનનો વિષય રૂપી પુદ્ગલો છે.

**(૨૯) તદનન્તભાગે મનઃપર્યાયસ્ય.**

(૨૯) અવધિજ્ઞાનના વિષયરૂપ પુદ્ગલોના અનંતમા ભાગ જેટલા પુદ્ગલો મનઃપર્યાયજ્ઞાનનો વિષય છે.

**(૩૦) સર્વદ્રવ્યપર્યાયેષુ કેવલસ્ય.**

(૩૦) કેવળજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને સર્વપર્યાયો છે.

**(૩૧) એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ.**

(૩૧) એક જીવમાં એકસાથે ૧ થી ૪ સુધીના જ્ઞાનની ભજના હોય છે.

**(૩૨) મતિશ્રુતાવધયો વિપર્યયશ્ચ.**

(૩૨) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાનના વિપરીતજ્ઞાન (એટલે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન) હોય છે.

**(૩૩) સદસતોરવિશેષાદ્યદૃચ્છોપલબ્ધેરુન્મત્તવત્.**

(૩૩) કેમકે વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોનો તેમાં યથાવત્ બોધ હોતો નથી અને ગાંડાની જેમ તે વિચાર્યા વિનાનું જ્ઞાન છે.

**(૩૪) નૈગમ-સઙ્ગ્રહ-વ્યવહાર-ર્જુસૂત્ર-શબ્દા નયાઃ.**

(૩૪) નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ - આ નયો છે.

**(૩૫) આદ્યશબ્દૌ દ્વિત્રિભેદૌ.**

(૩૫) નૈગમનય બે પ્રકારનો છે અને શબ્દનય ત્રણ પ્રકારનો છે.

## બીજો અધ્યાય

**(૧)ઔપશમિક-ક્ષાયિકૌ ભાવૌ મિશ્રશ્ચ જીવસ્ય સ્વતત્ત્વમૌદયિક-પારિણામિકૌ ચ.**

(૧) ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર (ક્ષાયોપશમિક), ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવો જીવનું સ્વરૂપ છે.

**(૨) દ્વિનવાષ્ટાદશૈકવિંશતિત્રિભેદા યથાક્રમમ્.**

(૨) (તેમના) ક્રમશઃ ૨, ૯, ૧૮, ૨૧ અને ૩ ભેદો છે.

**(૩) સમ્યક્ત્વચારિત્રે.**

(૩) સમ્યક્ત્વ અને ચારિત્ર (એ બે પ્રકારના ઔપશમિક ભાવો છે.)

**(૪)જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગોપભોગ-વીર્યાણિ ચ.**

(૪) સમ્યક્ત્વ, ચારિત્ર, જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ,

ઉપભોગ અને વીર્ય (એ ક્ષાયિકભાવના ૯ ભેદો છે.)

**(૫) જ્ઞાનાજ્ઞાનદર્શનદાનાદિલબ્ધયશ્ચતુસ્ત્રિત્રિપંચભેદાઃ યથાક્રમં સમ્યક્ત્વચારિત્રસંયમાસંયમાશ્ચ.**

(૫) ચાર ભેદવાળુ જ્ઞાન, ત્રણ ભેદવાળુ અજ્ઞાન, ત્રણ ભેદવાળુ દર્શન, પાંચ ભેદવાળી દાન વગેરે લબ્ધિઓ, સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ (દેશવિરતિ) (એ ક્ષાયોપશમિકભાવના ૧૮ ભેદો છે.)

**(૬) ગતિ-કષાય-લિંગ-મિથ્યાદર્શના-જ્ઞાના-સંયતા-સિદ્ધત્વ-લેશ્યાશ્ચતુશ્ચતુસ્ત્ર્યેકૈકૈકૈકષડ્ભેદાઃ.**

(૬) ચાર ભેદવાળી ગતિ, ચાર ભેદવાળા કષાય, ત્રણ ભેદવાળુ લિંગ, એક ભેદવાળુ મિથ્યાત્વ, એક ભેદવાળુ અજ્ઞાન, એક ભેદવાળુ અસંયતત્વ, એક ભેદવાળુ અસિદ્ધત્વ, છ ભેદવાળી લેશ્યા (એ ઔદયિકભાવના ૨૧ ભેદ છે.)

**(૭) જીવભવ્યાભવ્યત્વાદીનિ ચ.**

(૭) જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે (પારિણામિક ભાવના ૩ ભેદ છે.)

**(૮) ઉપયોગો લક્ષણમ્.**

(૮) ઉપયોગ (એ જીવનું) લક્ષણ છે.

**(૯) સ દ્વિવિધોઽષ્ટચતુર્ભેદઃ.**

(૯) તે બે પ્રકારનો છે - આઠ ભેદવાળો (સાકારોપયોગ) અને ચાર ભેદવાળો (અનાકારોપયોગ).

**(૧૦) સંસારિણો મુક્તાશ્ચ.**

(૧૦) (જીવો બે પ્રકારના છે -) સંસારી અને મુક્ત.

**(૧૧) સમનસ્કામનસ્કાઃ.**

(૧૧) (જીવો બે પ્રકારના છે -) મનવાળા અને મન વિનાના.

**(૧૨) સંસારિણ-ત્રસ-સ્થાવરાઃ.**

(૧૨) સંસારી જીવો બે પ્રકારના છે - ત્રસ અને સ્થાવર.

**(૧૩) પૃથ્વ્યબ્વનસ્પતયઃ સ્થાવરાઃ.**

(૧૩) પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય એ સ્થાવર છે.

**(૧૪) તેજોવાયૂ દ્વીન્દ્રિયાદયશ્ચ ત્રસાઃ.**

(૧૪) તેઉકાય, વાયુકાય અને બેઈન્દ્રિય વગેરે ત્રસ છે.

**(૧૫) પંચેન્દ્રિયાણિ.**

(૧૫) ઈન્દ્રિયો પાંચ છે.

**(૧૬) દ્વિવિધાનિ.**

(૧૬) (તે) બે પ્રકારની છે.

**(૧૭) નિર્વૃત્ત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયમ્.**

(૧૭) નિર્વૃત્તિ અને ઉપકરણ એ દ્રવ્યેન્દ્રિય છે.

**(૧૮) લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ્.**

(૧૮) લબ્ધિ અને ઉપયોગ એ ભાવેન્દ્રિય છે.

**(૧૯) ઉપયોગઃ સ્પર્શાદિષુ.**

(૧૯) સ્પર્શ વગેરેમાં ઉપયોગ હોય છે.

**(૨૦) સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુઃ-શ્રોત્રાણિ.**

(૨૦) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર (એ પાંચ ઈન્દ્રિયો છે.)

**(૨૧) સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દા-સ્તેષામર્થાઃ.**

(૨૧) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ (ક્રમશઃ) તેમના વિષયો છે.

**(૨૨) શ્રુતમનિન્દ્રિયસ્ય.**

(૨૨) મનનો વિષય શ્રુતજ્ઞાન છે.

**(૨૩) વાય્વન્તાનામેકમ્.**

(૨૩) વાયુકાય સુધીના જીવોને એક ઈન્દ્રિય હોય છે.

**(૨૪) કૃમિ-પિપીલિકા-ભ્રમર-મનુષ્યાદીનામેકૈકવૃદ્ધાનિ.**

(૨૪) કૃમિ, કીડી, ભમરો, મનુષ્ય વગેરેને ૧-૧ ઇન્દ્રિય વધુ છે.

**(૨૫) સંજ્ઞિનઃ સમનસ્કાઃ.**

(૨૫) સંજ્ઞાવાળા જીવો સમનસ્ક (મનવાળા) છે.

**(૨૬) વિગ્રહગતૌ કર્મયોગઃ.**

(૨૬) વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે.

**(૨૭) અનુશ્રેણિર્ગતિઃ.**

(૨૭) (જીવ અને પુદ્‌ગલની) ગતિ આકાશપ્રદેશોની શ્રેણિને અનુસારે થાય છે.

**(૨૮) અવિગ્રહા જીવસ્ય.**

(૨૮) (મોક્ષમાં જનારા) જીવની ગતિ વિગ્રહગતિ સિવાયની હોય છે.

**(૨૯) વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ.**

(૨૯) (ભવાંતરમાં જતા) સંસારી જીવની ગતિ વિગ્રહ વિનાની અને ચારથી પહેલાના વિગ્રહવાળી (એટલે કે ૧,૨,૩, વિગ્રહવાળી) હોય છે.

**(૩૦) એકસમયોઽવિગ્રહઃ.**

(૩૦) વિગ્રહ વિનાની ગતિ ૧ સમયની છે.

**(૩૧) એકં દ્વૌ વાઽનાહારકઃ.**

(૩૧) વિગ્રહગતિમાં જીવ એક કે બે સમય અણાહારી હોય છે.

**(૩૨) સંમૂર્ચ્છનગર્ભોપપાતા જન્મ.**

(૩૨) સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત - (આ ત્રણ પ્રકારનો) જન્મ છે.

**(૩૩) સચિત્ત-શીત-સંવૃતાઃ સેતરા મિશ્રાશ્ચૈકશસ્તદ્યોનયઃ.**

(૩૩) પ્રતિપક્ષ સહિત સચિત્ત-શીત-સંવૃત્ત અને દરેકની મિશ્ર એ તેમની યોનિઓ છે, એટલે કે તેમની યોનિઓ સચિત્ત-અચિત્ત-મિશ્ર, શીત-ઉષ્ણ-મિશ્ર અને સંવૃત-વિવૃત-મિશ્ર છે.

**(૩૪) જરાય્વણ્ડપોતજાનાં ગર્ભઃ.**

(૩૪) જરાયુજ, અંડજ અને પોતજ જીવોને ગર્ભજન્મ હોય છે.

**(૩૫) નારક-દેવાનામુપપાતઃ.**

(૩૫) નારકી અને દેવોને ઉપપાતજન્મ હોય છે.

**(૩૬) શેષાણાં સંમૂર્ચ્છનમ્.**

(૩૬) શેષ જીવોને સંમૂર્ચ્છનજન્મ હોય છે.

**(૩૭) ઔદારિક-વૈક્રિયાહારક-તૈજસ-કાર્મણાનિ શરીરાણિ.**

(૩૭) ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ શરીરો છે.

**(૩૮) પરં પરં સૂક્ષ્મમ્.**

(૩૮) તે શરીરોમાંનું પછી પછીનું શરીર સૂક્ષ્મ છે.

**(૩૯) પ્રદેશતોઽસઙ્ખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્.**

(૩૯) તૈજસની પહેલાના શરીરો પ્રદેશથી અસંખ્યગુણ છે.

**(૪૦) અનન્તગુણે પરે.**

(૪૦) પછીના બે (તૈજસ-કાર્મણ) શરીરો પ્રદેશથી અનંતગુણ છે.

**(૪૧) અપ્રતિઘાતે.**

(૪૧) (તૈજસ-કાર્મણ-શરીરોનો) ક્યાંય પણ પ્રતિઘાત (અટકાવ) થતો નથી.

**(૪૨) અનાદિસંબંધે ચ.**

(૪૨) (તૈજસ-કાર્મણ શરીરોનો જીવની સાથે) અનાદિ સંબંધ છે.

**(૪૩) સર્વસ્ય.**

(૪૩) (તૈજસ-કાર્મણ-શરીરો) બધા જીવોને હોય છે.

**(૪૪) તદાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્યાઽઽચતુર્ભ્યઃ.**

(૪૪) એક જીવને એકસાથે તૈજસ-કાર્મણ શરીરથી માંડીને ચાર સુધીના શરીરોની ભજના હોય છે.

**(૪૫) નિરુપભોગમન્ત્યમ્.**

(૪૫) છેલ્લુ (કાર્મણ) શરીર ઉપભોગ વિનાનું છે.

**(૪૬) ગર્ભસંમૂર્ચ્છનજમાદ્યમ્.**

(૪૬) પહેલુ (ઔદારિક) શરીર ગર્ભજન્મ અને સંમૂર્ચ્છનજન્મથી પેદા થાય છે.

**(૪૭) વૈક્રિયમૌપપાતિકમ્.**

(૪૭) વૈક્રિયશરીર ઉપપાતજન્મથી પેદા થાય છે.

**(૪૮) લબ્ધિપ્રત્યયં ચ.**

(૪૮) અને વૈક્રિયશરીર લબ્ધિથી પેદા થાય છે.

**(૪૯) શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશપૂર્વધરસ્યૈવ.**

(૪૯) શુભ, વિશુદ્ધ અને વ્યાઘાત વિનાનું આહારકશરીર ચૌદ-પૂર્વધરને જ હોય છે.

**(૫૦) નારક-સંમૂર્ચ્છિનો નપુંસકાનિ.**

(૫૦) નારકી અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક છે.

**(૫૧) ન દેવાઃ.**

(૫૧) દેવો નપુંસક હોતા નથી.

**(૫૨) ઔપપાતિકચરમદેહોત્તમપુરુષાઽસંખ્યેયવર્ષાયુષોઽનપવર્ત્યાયુષઃ.**

(૫૨) ઉપપાત જન્મવાળા, ચરમશરીરી, ઉત્તમ પુરુષો અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવો અનપવર્તનીય આયુષ્યવાળા છે.

## ત્રીજો અધ્યાય

**(૧) રત્નશર્કરાવાલુકાપંકધૂમતમોમહાતમઃપ્રભા ભૂમયો ઘનામ્બુવાતાકાશપ્રતિષ્ઠાઃ સપ્તાધોઽધઃ પૃથુતરાઃ.**

(૧) રત્નપ્રભા-શર્કરાપ્રભા-વાલુકાપ્રભા-પંકપ્રભા-ધૂમપ્રભા-તમઃપ્રભા-મહાતમઃપ્રભા આ સાત પૃથ્વીઓ ઘનોદધિ, વાયુ, આકાશ

ઉપર પ્રતિષ્ઠિત છે અને નીચે નીચે વધુ પહોળી છે.

**(૨)તાસુ નરકાઃ.**

(૨) તે (પૃથ્વીઓ)માં નરકો (નરકાવાસો) છે.

**(૩) નિત્યાશુભતરલેશ્યા-પરિણામ-દેહ-વેદના-વિક્રિયાઃ.**

(૩) તે હંમેશા બહુ ખરાબ લેશ્યા, પરિણામ, શરીર, વેદના અને વિક્રિયાવાળા છે.

**(૪) પરસ્પરોદીરિતદુઃખાઃ.**

(૪) તે નરકોમાં નારકીઓને પરસ્પર ઉદીરિત (એકબીજાથી કરાતા) દુઃખો હોય છે.

**(૫) સંક્લિષ્ટાસુરોદીરિતદુઃખાશ્ચ પ્રાક્ ચતુર્થ્યાઃ.**

(૫) ચોથી પૃથ્વીની પહેલાની નરકો સંક્લેશવાળા અસુરોથી જન્ય દુઃખવાળી છે.

**(૬) તેષ્વેક-ત્રિ-સપ્ત-દશ-સપ્તદશ-દ્વાવિંશતિ-ત્રયસ્ત્રિંશત્-સાગરોપમાઃ સત્ત્વાનાં પરા સ્થિતિઃ.**

(૬) તે નરકોમાં જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧,૩,૭,૧૦, ૧૭,૨૨,૩૩ સાગરોપમ છે.

**(૭) જમ્બૂદ્વીપલવણાદયઃ શુભનામાનો દ્વીપસમુદ્રાઃ.**

(૭) જંબૂદ્વીપ, લવણસમુદ્ર વગેરે શુભ નામવાળા દ્વીપો-સમુદ્રો છે.

**(૮) દ્વિર્દ્વિર્વિષ્કમ્ભાઃ પૂર્વપૂર્વપરિક્ષેપિણો વલયાકૃતયઃ.**

(૮) તે દ્વીપો-સમુદ્રો બમણી બમણી પહોળાઈવાળા, પૂર્વ-પૂર્વના દ્વીપ-સમુદ્રને વીંટાયેલા અને વલયાકાર છે.

**(૯) તન્મધ્યે મેરુનાભિર્વૃત્તો યોજનશતસહસ્રવિષ્કમ્ભો જમ્બૂદ્વીપઃ.**

(૯) તેમની વચ્ચે જેની નાભિમાં મેરુપર્વત છે એવો, વર્તુળાકાર, ૧ લાખ યોજનના વ્યાસવાળો જંબૂદ્વીપ છે.

**(૧૦) તત્ર ભરત-હૈમવત-હરિ-વિદેહ-રમ્યક-હૈરણ્યવતૈરાવત-વર્ષાઃ ક્ષેત્રાણિ.**

(૧૦) તેમાં ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, હૈરણ્યવત, ઐરાવત - આ સાત ક્ષેત્રો છે.

**(૧૧) તદ્વિભાજિનઃ પૂર્વાપરાયતા હિમવન્મહાહિમવન્નિષધનીલરુક્મિ-શિખરિણો વર્ષધરપર્વતાઃ.**

(૧૧) તેમના વિભાગ કરનારા, પૂર્વ-પશ્ચિમ લાંબા, લઘુહિમવંત-મહાહિમવંત-નિષધ-નીલવંત-રુક્મી અને શિખરી વર્ષધર પર્વતો છે.

**(૧૨) દ્વિર્ધાતકીખણ્ડે.**

(૧૨) ધાતકીખંડમાં (જંબૂદ્વીપ કરતા) બમણા દ્વીપ-સમુદ્ર છે.

**(૧૩) પુષ્કરાર્ધે ચ.**

(૧૩) અને પુષ્કરવરાર્ધદ્વીપમાં (જંબૂદ્વીપ કરતા) બમણા દ્વીપ-સમુદ્ર છે.

**(૧૪) પ્રાગ્માનુષોત્તરાન્મનુષ્યાઃ.**

(૧૪) માનુષોત્તરપર્વતની પહેલા મનુષ્યો હોય છે.

**(૧૫) આર્યા મ્લેચ્છાશ્ચ.**

(૧૫) (મનુષ્યો બે પ્રકારના છે -) આર્ય અને મ્લેચ્છ.

**(૧૬) ભરતૈરાવતવિદેહાઃ કર્મભૂમયો-ઽન્યત્ર દેવકુરૂત્તરકુરુભ્યઃ.**

(૧૬) દેવકુરુ-ઉત્તરકુરુ વિના ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને

મહાવિદેહક્ષેત્ર એ કર્મભૂમિઓ છે.

**(૧૭) નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે.**

(૧૭) મનુષ્યોની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ ક્રમશઃ ૩ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે.

**(૧૮) તિર્યગ્યોનીનાં ચ.**

(૧૮) અને તિર્યંચોની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ ક્રમશઃ ૩ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે.

## ચોથો અધ્યાય

**(૧) દેવાશ્ચતુર્નિકાયાઃ.**

(૧) દેવો ચાર નિકાયના છે.

**(૨) તૃતીયઃ પીતલેશ્યઃ.**

(૨) ત્રીજો દેવનિકાય પીતલેશ્યાવાળો છે.

**(૩) દશાષ્ટપંચદ્વાદશવિકલ્પાઃ કલ્પોપપન્નપર્યન્તાઃ.**

(૩) કલ્પોપપન્ન સુધીના દેવનિકાયો ક્રમશઃ ૧૦, ૮, ૫, ૧૨ ભેદવાળા છે.

**(૪) ઈન્દ્ર-સામાનિક-ત્રાયસ્ત્રિંશ-પારિષદ્યાત્મરક્ષ-લોકપાલાનીક-પ્રકીર્ણકાભિયોગ્ય-કિલ્બિષિકાશ્ચૈકશઃ.**

(૪) દરેક દેવનિકાયમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષક, લોકપાલ, સેના (સેનાપતિ), પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક - આ દશ પ્રકારના દેવો હોય છે.

**(૫) ત્રાયસ્ત્રિંશલોકપાલવર્જ્યા વ્યન્તરજ્યોતિષ્કાઃ.**

(૫) વ્યંતર અને જ્યોતિષ દેવો ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ વિનાના છે.

**(૬) પૂર્વયોર્દ્વીન્દ્રાઃ.**

(૬) પહેલા બે દેવનિકાય (ભવનપતિ-વ્યંતર)ના (દરેક નિકાયના) બે-બે ઈન્દ્રો છે.

**(૭) પીતાન્તલેશ્યાઃ.**

(૭) પહેલા બે દેવનિકાયના દેવો પીતલેશ્યા સુધીની લેશ્યાવાળા (કૃષ્ણલેશ્યા-નીલલેશ્યા-કાપોતલેશ્યા-પીતલેશ્યાવાળા) છે.

**(૮) કાયપ્રવીચારા આ ઐશાનાત્.**

(૮) (ભવનપતિથી) ઈશાન સુધીના દેવો કાયાથી મૈથુન સેવનારા છે.

**(૯) શેષાઃ સ્પર્શરૂપશબ્દમનઃપ્રવીચારા દ્વયોર્દ્વયોઃ.**

(૯) બે બે દેવલોકમાં શેષ દેવો ક્રમશઃ સ્પર્શથી, રૂપથી, શબ્દથી અને મનથી મૈથુન સેવનારા છે.

**(૧૦) પરેઽપ્રવીચારાઃ.**

(૧૦) (કલ્પોપપન્નથી) ઉપરના દેવો મૈથુન સેવનારા નથી.

**(૧૧) ભવનવાસિનોઽસુર-નાગ-વિદ્યુત્-સુપર્ણાગ્નિ-વાત-સ્તનિતોદધિ-દ્વીપદિક્કુમારાઃ.**

(૧૧) અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર એ ભવનપતિ દેવોના ભેદો છે.

**(૧૨) વ્યન્તરાઃ કિન્નર-કિમ્પુરુષ-મહોરગ-ગાન્ધર્વ-યક્ષ-રાક્ષસ-ભૂત-પિશાચાઃ.**

(૧૨) કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ એ વ્યંતર દેવોના ભેદો છે.

**(૧૩) જ્યોતિષ્કાઃ સૂર્યાશ્ચન્દ્રમસો ગ્રહનક્ષત્રપ્રકીર્ણતારકાશ્ચ.**

(૧૩) સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને છુટા છુટા તારા એ જ્યોતિષ દેવોના ભેદો છે.

**(૧૪) મેરુપ્રદક્ષિણાનિત્યગતયો નૃલોકે.**

(૧૪) મનુષ્યલોકમાં રહેલ જ્યોતિષ વિમાનો મેરુપર્વતને પ્રદક્ષિણા આપનારા અને હંમેશા ગતિવાળા છે.

**(૧૫) તત્કૃતઃ કાલવિભાગઃ.**

(૧૫) તેમના વડે કરાયેલો કાળનો વિભાગ છે.

**(૧૬) બહિરવસ્થિતાઃ.**

(૧૬) મનુષ્યલોકની બહાર રહેલ જ્યોતિષ વિમાનો સ્થિર છે.

**(૧૭) વૈમાનિકાઃ.**

(૧૭) (ચોથો દેવનિકાય) વૈમાનિક દેવો છે.

**(૧૮) કલ્પોપપન્નાઃ કલ્પાતીતાશ્ચ.**

(૧૮) (તે બે પ્રકારના છે -) કલ્પોપપન્ન અને કલ્પાતીત.

**(૧૯) ઉપર્યુપરિ.**

(૧૯) (તે દેવલોકો) ઉપર ઉપર છે.

**(૨૦) સૌધર્મૈશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક-લાન્તક-મહાશુક્ર-સહસ્રારેષ્વાનતપ્રાણતયોરારણાચ્યુતયો-ર્નવસુ ગ્રૈવેયકેષુ વિજય-વૈજયન્ત-જયન્તાપરાજિતેષુ સર્વાર્થસિદ્ધે ચ.**

(૨૦) સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવ ગ્રૈવેયક, વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત, સર્વાર્થસિદ્ધ (દેવવિમાનો)માં (વૈમાનિક દેવો) છે.

**(૨૧) સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-વિશુદ્ધીન્દ્રિયાવધિવિષયતોઽધિકાઃ.**

(૨૧) (ઉપર ઉપરના દેવો) સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યા, વિશુદ્ધિ-ઈન્દ્રિયોના વિષય અને અવધિજ્ઞાનના વિષયથી અધિક છે.

**(૨૨) ગતિ-શરીર-પરિગ્રહા-ભિમાનતો હીનાઃ.**

(૨૨) (ઉપર ઉપરના દેવો) ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાનથી હીન છે.

**(૨૩) પીત-પદ્મ-શુક્લલેશ્યા દ્વિત્રિશેષેષુ.**

(૨૩) બે દેવોલોકોમાં, ત્રણ દેવલોકોમાં અને શેષ દેવલોકોમાં ક્રમશઃ પીતલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા દેવો છે.

**(૨૪) પ્રાગ્ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ.**

(૨૪) ગ્રૈવેયકની પહેલા દેવલોકો છે.

**(૨૫) બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ.**

(૨૫) લોકાંતિક દેવો બ્રહ્મલોક દેવલોકમાં રહેનારા છે.

**(૨૬) સારસ્વતાદિત્ય-વહ્ન્યરુણ-ગર્દતોય-તુષિતાવ્યાબાધ-મરુતઃ અરિષ્ટાશ્ચ.**

(૨૬) સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત્ અને અરિષ્ટ આ ૯ લોકાંતિક દેવો છે.

**(૨૭) વિજયાદિષુ દ્વિચરમાઃ.**

(૨૭) વિજય વગેરે અનુત્તર વિમાનોમાં રહેલા દેવોના છેલ્લા બે ભવ બાકી હોય છે.

**(૨૮) ઔપપાતિકમનુષ્યેભ્યઃ શેષાસ્તિર્યગ્યોનયઃ.**

(૨૮) ઉપપાત જન્મવાળા (નારકી અને દેવો) અને મનુષ્યો સિવાયના શેષ જીવો તિર્યંચ છે.

**(૨૯) સ્થિતિઃ.**

(૨૯) (હવે) સ્થિતિ (કહેવાશે.)

**(૩૦) ભવનેષુ દક્ષિણાર્ધાધિપતીનાં પલ્યોપમમધ્યર્ધમ્.**

(૩૦) ભવનપતિમાં દક્ષિણાર્ધના અધિપતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમ છે.

**(૩૧) શેષાણાં પાદોને.**

(૩૧) (ભવનપતિમાં) શેષ (ઉત્તરાર્ધના) અધિપતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન બે પલ્યોપમ છે.

**(૩૨) અસુરેન્દ્રયોઃ સાગરોપમમધિકં ચ.**

(૩૨) અસુરેન્દ્રના બંને અધિપતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ સાગરોપમ અને સાધિક ૧ સાગરોપમ છે.

**(૩૩) સૌધર્માદિષુ યથાક્રમમ્.**

(૩૩) સૌધર્મ વગેરે દેવલોકોમાં ક્રમશઃ (સ્થિતિ કહેવાશે).

**(૩૪) સાગરોપમે.**

(૩૪) (સૌધર્મ દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ) ૨ સાગરોપમ છે.

**(૩૫) અધિકે ચ.**

(૩૫) (ઈશાન દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ) સાધિક ૨ સાગરોપમ છે.

**(૩૬) સપ્ત સનત્કુમારે.**

(૩૬) સનત્કુમાર દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૭ સાગરોપમ છે.

**(૩૭) વિશેષ-ત્રિ-સપ્ત-દશૈકાદશ-ત્રયોદશ-પંચદશભિરધિકાનિ ચ.**

(૩૭) (માહેન્દ્ર વગેરે દેવલોકોમાં) વિશેષ, ૩, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૫ સાગરોપમથી અધિક (૭ સાગરોપમ) ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (એટલે કે માહેન્દ્ર દેવલોકમાં સાધિક ૭ સાગરોપમ, બ્રહ્મલોક દેવલોકમાં ૧૦ સાગરોપમ, લાંતક દેવલોકમાં ૧૪ સાગરોપમ, સહસ્રાર દેવલોકમાં ૧૭ સાગરોપમ, મહાશુક્ર દેવલોકમાં ૧૮ સાગરોપમ, આનત-પ્રાણત દેવલોકોમાં ૨૦ સાગરોપમ, આરણ-અચ્યુત દેવલોકોમાં ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.)

**(૩૮) આરણાચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ.**

(૩૮) આરણ-અચ્યુત દેવલોકોથી ઉપર નવ ગ્રૈવેયકમાં, વિજયાદિ ચાર વિમાનોમાં અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૧-૧ સાગરોપમ અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (એટલે કે નવ ગ્રૈવેયકમાં ક્રમશઃ ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ સાગરોપમ, વિજયાદિ ૪ વિમાનમાં ૩૨ સાગરોપમ અને સર્વાર્થસિદ્ધમાં ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.)

**(૩૯) અપરા પલ્યોપમમધિકં ચ.**

(૩૯) જઘન્ય સ્થિતિ (સૌધર્મ દેવલોકમાં) ૧ પલ્યોપમ અને (ઈશાન દેવલોકમાં) સાધિક ૧ પલ્યોપમ છે.

**(૪૦) સાગરોપમે.**

(૪૦) (સનત્કુમાર દેવલોકમાં જઘન્ય સ્થિતિ) ૨ સાગરોપમ છે.

**(૪૧) અધિકે ચ.**

(૪૧) (માહેન્દ્ર દેવલોકમાં જઘન્ય સ્થિતિ) સાધિક ૨ સાગરોપમ છે.

**(૪૨) પરતઃ પરતઃ પૂર્વા પૂર્વાનન્તરા.**

(૪૨) પછી પછીના દેવલોકોમાં અનંતર (તરત) પૂર્વે પૂર્વે(ના દેવલોકો)ની (ઉત્કૃષ્ટ સ્થિતિ) એ જઘન્ય સ્થિતિ છે.

**(૪૩) નારકાણાં ચ દ્વિતીયાદિષુ.**

(૪૩) નારકીઓની (પૂર્વે પૂર્વેની ઉત્કૃષ્ટ સ્થિતિ એ) બીજી વગેરે નરકપૃથ્વીઓમાં (જઘન્ય સ્થિતિ છે).

**(૪૪) દશવર્ષસહસ્રાણિ પ્રથમાયામ્.**

(૪૪) પહેલી નરકપૃથ્વીમાં નારકીઓની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.

**(૪૫) ભવનેષુ ચ.**

(૪૫) અને ભવનપતિમાં (જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે).

**(૪૬) વ્યન્તરાણાં ચ.**

(૪૬) અને વ્યંતરોની (જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે).

**(૪૭) પરા પલ્યોપમમ્.**

(૪૭) (વ્યંતરોની) ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ છે.

**(૪૮) જ્યોતિષ્કાણામધિકમ્.**

(૪૮) જ્યોતિષ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક ૧ પલ્યોપમ છે.

**(૪૯) ગ્રહાણામેકમ્.**

(૪૯) ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ છે.

**(૫૦) નક્ષત્રાણામર્ધમ્.**

(૫૦) નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમ છે.

**(૫૧) તારકાણાં ચતુર્ભાગઃ.**

(૫૧) તારાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧/૪ પલ્યોપમ છે.

**(૫૨) જઘન્યા ત્વષ્ટભાગઃ.**

(૫૨) તારાની જઘન્ય સ્થિતિ ૧/૮ પલ્યોપમ છે.

**(૫૩) ચતુર્ભાગઃ શેષાણામ્.**

(૫૩) શેષ જ્યોતિષ દેવોની જઘન્ય સ્થિતિ ૧/૪ પલ્યોપમ છે.

## પાંચમો અધ્યાય

**(૧) અજીવકાયા ધર્માધર્માકાશપુદ્ગલાઃ.**

(૧) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ અજીવકાય છે.

**(૨) દ્રવ્યાણિ જીવાશ્ચ.**

(૨) એ ચાર અને જીવ એ પાંચ દ્રવ્યો છે.

**(૩) નિત્યાવસ્થિતાન્યરૂપીણિ.**

(૩) આ દ્રવ્યો નિત્ય, અવસ્થિત અને અરૂપી છે.

**(૪) રૂપિણઃ પુદ્ગલાઃ.**

(૪) પુદ્ગલો રૂપી છે.

**(૫)આઽઽકાશાદેકદ્રવ્યાણિ.**

(૫) આકાશ સુધીના દ્રવ્યો ૧-૧ છે.

**(૬)નિષ્ક્રિયાણિ.**

(૬) અને ક્રિયારહિત છે.

**(૭)અસંખ્યેયાઃ પ્રદેશા ધર્માધર્મયોઃ.**

(૭) ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્ય છે.

**(૮)જીવસ્ય ચ.**

(૮) અને જીવના પ્રદેશો અસંખ્ય છે.

**(૯)આકાશસ્યાનન્તાઃ.**

(૯) આકાશના પ્રદેશો અનંત છે.

**(૧૦) સંખ્યેયાસંખ્યેયાશ્ચ પુદ્‌ગલાનામ્.**

(૧૦) પુદ્‌ગલોના પ્રદેશો સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા છે.

**(૧૧) નાણોઃ.**

(૧૧) અણુના પ્રદેશો હોતા નથી.

**(૧૨) લોકાકાશેઽવગાહઃ.**

(૧૨) લોકાકાશમાં દ્રવ્યોની અવગાહના છે.

**(૧૩) ધર્માધર્મયોઃ કૃત્સ્ને.**

(૧૩) ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયની અવગાહના સંપૂર્ણ લોકમાં છે.

**(૧૪) એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્‌ગલાનામ્.**

(૧૪) પુદ્‌ગલોની અવગાહના એક પ્રદેશ વગેરેમાં ભજનાએ હોય છે.

**(૧૫) અસંખ્યેયભાગાદિષુ જીવાનામ્.**

(૧૫) જીવોની અવગાહના લોકના એક અસંખ્યાતમા ભાગથી માંડીને સર્વલોકમાં હોય છે.

**(૧૬) પ્રદેશસંહારવિસર્ગાભ્યાં પ્રદીપવત્.**

(૧૬) દિપકની જેમ જીવના પ્રદેશોનો સંહાર (સંકોચ) અને વિસર્ગ (વિકાસ) થતો હોવાથી (જીવની અવગાહના લોકના એક અસંખ્યાતમા ભાગથી માંડીને સર્વલોકમાં હોય છે.)

**(૧૭) ગતિસ્થિત્યુપગ્રહો ધર્માધર્મયોરુપકારઃ.**

(૧૭) ગતિ અને સ્થિતિમાં સહાય કરવી એ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના ઉપકારો છે.

**(૧૮) આકાશસ્યાવગાહઃ.**

(૧૮) અવગાહના (રહેવાનું સ્થાન આપવું) એ આકાશનો ઉપકાર છે.

**(૧૯) શરીર-વાઙ્મનઃ-પ્રાણાપાનાઃ પુદ્‌ગલાનામ્.**

(૧૯) શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ એ પુદ્‌ગલોનો ઉપકાર છે.

**(૨૦) સુખ-દુઃખ-જીવિત-મરણોપગ્રહાશ્ચ.**

(૨૦) અને સુખ, દુઃખ, જીવિત અને મરણમાં સહાય કરવી એ પુદ્‌ગલોનો ઉપકાર છે.

**(૨૧) પરસ્પરોપગ્રહો જીવાનામ્.**

(૨૧) પરસ્પર સહાય કરવી એ જીવોનો ઉપકાર છે.

**(૨૨) વર્તના પરિણામઃ ક્રિયા પરત્વાપરત્વે ચ કાલસ્ય.**

(૨૨) વર્તના, પરિણામ, ક્રિયા અને પરત્વ-અપરત્વ એ કાળના ઉપકાર છે.

**(૨૩) સ્પર્શરસગન્ધવર્ણવન્તઃ પુદ્ગલાઃ.**

(૨૩) સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા હોય તે પુદ્ગલો છે.

**(૨૪) શબ્દ-બન્ધ-સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-ભેદ-તમશ્છાયાતપોદ્યોત-વન્તશ્ચ.**

(૨૪) અને શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ, ઉદ્યોતવાળા પુદ્ગલો હોય છે.

**(૨૫) અણવઃ સ્કન્ધાશ્ચ.**

(૨૫) (પુદ્ગલોના બે પ્રકાર છે -) અણુઓ અને સ્કંધો.

**(૨૬) સંઘાતભેદેભ્ય ઉત્પદ્યન્તે.**

(૨૬) સંઘાત (ભેગું થવું) અને ભેદ (છૂટું પડવું)થી સ્કંધો ઉત્પન્ન થાય છે.

**(૨૭) ભેદાદણુઃ.**

(૨૭) ભેદથી પરમાણુ ઉત્પન્ન થાય છે.

**(૨૮) ભેદસંઘાતાભ્યાં ચાક્ષુષાઃ.**

(૨૮) ભેદ અને સંઘાત બંનેથી થનારા સ્કંધો ચાક્ષુષ (આંખથી દેખાય તેવા) છે.

**(૨૯) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્.**

(૨૯) ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતાથી યુક્ત હોય તે સત્ છે.

**(૩૦) તદ્ભાવાવ્યયં નિત્યમ્.**

(૩૦) તે ભાવમાંથી નાશ ન થવો તે નિત્ય છે.

**(૩૧) અર્પિતાનર્પિતસિદ્ધેઃ.**

(૩૧) અર્પિત (વિવક્ષિત)થી અનર્પિત (અવિવક્ષિત)ની સિદ્ધિ થવાથી (પરસ્પર વિરુદ્ધ એવા સત્-અસત્ અને નિત્ય-અનિત્ય ધર્મોની સિદ્ધિ થાય છે. એક સાથે એક વસ્તુમાં બંને ધર્મો રહેવામાં કોઈ વિરોધ નથી.)

**(૩૨) સ્નિગ્ધરૂક્ષત્વાદ્બન્ધઃ.**

(૩૨) સ્નિગ્ધ અને રૂક્ષ હોવાથી પુદ્ગલોનો બંધ થાય છે.

**(૩૩) ન જઘન્યગુણાનામ્.**

(૩૩) જઘન્ય ગુણવાળા (સ્નિગ્ધ કે રૂક્ષ) પુદ્ગલોનો (પરસ્પર) બંધ થતો નથી.

**(૩૪) ગુણસામ્યે સદૃશાનામ્.**

(૩૪) ગુણની સમાનતા હોય તો સમાન પુદ્ગલોનો બંધ થતો નથી.

**(૩૫) દ્વ્યધિકાદિગુણાનાં તુ.**

(૩૫) બે અધિક વગેરે ગુણવાળા સમાન પુદ્ગલોનો બંધ થાય છે.

**(૩૬) બન્ધે સમાધિકૌ પારિણામિકૌ.**

(૩૬) બંધમાં (સમાન ગુણવાળાનો) સમાન પરિણામ થાય છે અને (હીન ગુણવાળાનો) અધિક પરિણામ થાય છે.

**(૩૭) ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્.**

(૩૭) ગુણ અને પર્યાયવાળુ હોય તે દ્રવ્ય છે.

**(૩૮) કાલશ્ચેત્યેકે.**

(૩૮) કેટલાક આચાર્યો કાળને દ્રવ્ય કહે છે.

**(૩૯) સોઽનન્તસમયઃ.**

(૩૯) તે (કાળ) અનંત સમયવાળો છે.

**(૪૦) દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ.**

(૪૦) દ્રવ્યમાં રહેનારા અને ગુણ વિનાના એવા ગુણો છે.

**(૪૧) તદ્‌ભાવઃ પરિણામઃ.**

(૪૧) દ્રવ્યો અને ગુણોનો ભાવ એ પરિણામ છે.

**(૪૨) અનાદિરાદિમાઁશ્ચ.**

(૪૨) (પરિણામ બે પ્રકારે છે -) અનાદિ અને આદિવાળો.

**(૪૩) રૂપિષ્વાદિમાન્.**

(૪૩) રૂપી દ્રવ્યોમાં (પરિણામ) આદિવાળો છે.

**(૪૪) યોગોપયોગૌ જીવેષુ.**

(૪૪) જીવોમાં યોગ અને ઉપયોગ (એ આદિવાળા પરિણામો છે.)

## છઠ્ઠો અધ્યાય

**(૧) કાયવાઙ્મનઃકર્મ યોગઃ.**

(૧) કાયા, વચન અને મનની ક્રિયા એ યોગ છે.

**(૨)સ આસ્રવઃ.**

(૨) તે (યોગ) આસ્રવ છે.

**(૩) શુભઃ પુણ્યસ્ય.**

(૩) શુભયોગ પુણ્યકર્મનો આસ્રવ છે.

**(૪) અશુભઃ પાપસ્ય.**

(૪) અશુભયોગ પાપકર્મનો આસ્રવ છે.

**(૫) સકષાયાકષાયયોઃ સામ્પરાયિકેર્યાપથયોઃ.**

(૫) કષાયવાળા જીવોનો યોગ સાંપરાયિક કર્મોનો આસ્રવ છે અને કષાય વિનાના જીવોનો યોગ ઈર્યાપથ કર્મોનો આસ્રવ છે.

**(૬) અવ્રત-કષાયેન્દ્રિય-ક્રિયાઃ પંચ-ચતુઃ-પંચ-પંચવિંશતિસંખ્યાઃ પૂર્વસ્ય ભેદાઃ.**

(૬) ક્રમશઃ ૫,૪,૫,૨૫ સંખ્યાવાળા અવ્રત, કષાય, ઈન્દ્રિય, ક્રિયા એ સાંપરાયિક આસ્રવના ભેદ છે.

**(૭) તીવ્રમન્દ-જ્ઞાતા-જ્ઞાતભાવ-વીર્યાધિકરણવિશેષેભ્યસ્તદ્વિશેષઃ.**

(૭) તીવ્રભાવ, મંદભાવ, જાણવું, ન જાણવું, વીર્ય અને અધિકરણની તરતમતાથી સાંપરાયિક આસ્રવોની તરતમતા થાય છે.

**(૮) અધિકરણં જીવાજીવાઃ.**

(૮) અધિકરણ (બે પ્રકારના છે -) જીવો અને અજીવો.

**(૯) આદ્યં સંરમ્ભસમારમ્ભારમ્ભ-યોગ-કૃતકારિતાનુમત-કષાય-વિશેષૈસ્ત્રિસ્ત્રિસ્ત્રિશ્ચતુશ્ચૈકશઃ.**

(૯) પહેલુ (જીવ) અધિકરણ સંરંભ-સમારંભ-આરંભ, મન-વચન-કાયાના યોગ, કરણ-કરાવણ-અનુમોદન અને કષાયોના વિશેષથી દરેકના ૩,૩,૩,૪ વિકલ્પોવાળુ (હોવાથી ૧૦૮ પ્રકારનું) છે.

**(૧૦) નિર્વર્તના-નિક્ષેપસંયોગનિસર્ગા દ્વિચતુર્દ્વિત્રિભેદાઃ પરમ્.**

(૧૦) ક્રમશઃ ૨,૪,૨,૩ ભેદવાળા નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ એ અજીવ અધિકરણ છે.

**(૧૧) તત્પ્રદોષ-નિહ્નવ-માત્સર્યાન્તરાયાસાદનોપઘાતા જ્ઞાનદર્શનાવરણયોઃ.**

(૧૧) જ્ઞાન-દર્શનના પ્રદ્વેષ, નિહ્નવ (છૂપાવવું), માત્સર્ય (ઇર્ષ્યા), અંતરાય, આશાતના, ઉપઘાત (નાશ) એ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મોના આસ્રવો છે.

**(૧૨) દુઃખ-શોક-તાપાક્રન્દન-વધ-પરિદેવનાન્યાત્મપરોભયસ્થાન્યસદ્વેદ્યસ્ય.**

(૧૨) પોતાનામાં, બીજામાં કે બંનેમાં રહેલા દુઃખ, શોક, સંતાપ, આક્રંદન, વધ, દીનતા એ અસાતા વેદનીયના આસ્રવો છે.

**(૧૩) ભૂતવ્રત્યનુકમ્પા દાનં સરાગસંયમાદિયોગઃ ક્ષાન્તિઃ શૌચમિતિ સદ્વેદ્યસ્ય.**

(૧૩) જીવો અને વ્રતધારીઓ ઉપર અનુકંપા, દાન, સરાગ સંયમ વગેરે (દેશવિરતિ, અકામનિર્જરા, બાળતપ)નો યોગ, ક્ષમા, શૌચ (લોભનો નિગ્રહ) એ સાતા વેદનીયના આસ્રવો છે.

**(૧૪) કેવલિ-શ્રુત-સંઘ-ધર્મ-દેવાવર્ણવાદો દર્શનમોહસ્ય.**

(૧૪) કેવલી, શ્રુતજ્ઞાન, સંઘ, ધર્મ અને દેવના અવર્ણવાદ કરવા એ દર્શનમોહનીયના આસ્રવો છે.

**(૧૫) કષાયોદયાત્તીવ્રાત્મપરિણામશ્ચારિત્રમોહસ્ય.**

(૧૫) કષાયના ઉદયથી થતો આત્માનો તીવ્ર પરિણામ એ ચારિત્રમોહનીયનો આસ્રવ છે.

**(૧૬) બહ્વારમ્ભપરિગ્રહત્વં ચ નારકસ્યાયુષઃ.**

(૧૬) બહુઆરંભપણું અને બહુપરિગ્રહપણું એ નરકાયુષ્યના આસ્રવો છે.

**(૧૭) માયા તૈર્યગ્યોનસ્ય.**

(૧૭) માયા એ તિર્યંચાયુષ્યનો આસ્રવ છે.

**(૧૮) અલ્પારમ્ભપરિગ્રહત્વં સ્વભાવમાર્દવાર્જવં ચ માનુષસ્ય.**

(૧૮) અલ્પ આરંભપણું, અલ્પ પરિગ્રહપણું અને સ્વભાવની મૃદુતા-સરળતા એ મનુષ્યાયુષ્યના આસ્રવો છે.

**(૧૯) નિઃશીલવ્રતત્વં ચ સર્વેષામ્.**

(૧૯) શીલરહિતપણું અને વ્રતરહિતપણું એ નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યના આસ્રવો છે.

**(૨૦) સરાગસંયમ-સંયમાસંયમાકામનિર્જરા-બાલતપાંસિ દૈવસ્ય.**

(૨૦) સરાગ સંયમ, દેશવિરતિ, અકામનિર્જરા અને બાલતપ એ દેવાયુષ્યના આસ્રવો છે.

**(૨૧) યોગવક્રતા વિસંવાદનં ચાશુભસ્ય નામ્નઃ.**

(૨૧) યોગોની વક્રતા અને વિસંવાદ એ અશુભ નામકર્મના આસ્રવો છે.

**(૨૨) વિપરીતં શુભસ્ય.**

(૨૨) તેનાથી વિપરીત (યોગોની અવક્રતા અને અવિસંવાદ) એ શુભ નામકર્મના આસ્રવો છે.

**(૨૩) દર્શનવિશુદ્ધિર્વિનયસંપન્નતા-શીલવ્રતેષ્વનતિચારો-ऽભીક્ષ્ણં**

**જ્ઞાનોપયોગ-સંવેગૌ શક્તિતસ્ત્યાગતપસી સંઘ-સાધુસમાધિ-વૈયાવૃત્ત્યકરણ-મર્હદાચાર્ય-બહુશ્રુતપ્રવચનભક્તિરાવશ્યકાપરિહાણિ-ર્માર્ગપ્રભાવના-પ્રવચનવત્સલત્વમિતિ તીર્થકૃત્ત્વસ્ય.**

(૨૩) સમ્યગ્દર્શનની વિશુદ્ધિ, વિનયથી યુક્તપણું, શીલ અને વ્રતોમાં અતિચારોનો અભાવ, વારંવાર જ્ઞાનોપયોગ અને સંવેગ, શક્તિ મુજબના ત્યાગ અને તપ, સંઘ અને સાધુની સમાધિ-વૈયાવચ્ચ કરવી, અરિહંત-આચાર્ય-બહુશ્રુત-પ્રવચનની ભક્તિ, આવશ્યક અનુષ્ઠાનોની અપરિહાનિ, મોક્ષમાર્ગની પ્રભાવના, પ્રવચન ઉપરનું વાત્સલ્ય એ તીર્થંકર નામકર્મના આસ્રવો છે.

**(૨૪) પરાત્મ-નિન્દા-પ્રશંસે સદસદ્ગુણાચ્છાદનોદ્ભાવને ચ નીચૈર્ગોત્રસ્ય.**

(૨૪) પરનિંદા, સ્વપ્રશંસા, બીજાના વિદ્યમાન ગુણો ઢાંકવા, પોતાના અવિદ્યમાન ગુણો પ્રગટ કરવા અથવા બીજાના દોષો પ્રગટ કરવા તે નીચગોત્રના આસ્રવો છે.

**(૨૫) તદ્વિપર્યયો નીચૈર્વૃત્ત્યનુત્સેકૌ ચોત્તરસ્ય.**

(૨૫) તેનાથી વિપરીત આચરણ કરવું, નમ્રતા, અભિમાનનો અભાવ વગેરે ઉચ્ચગોત્રના આસ્રવો છે.

**(૨૬) વિઘ્નકરણમન્તરાયસ્ય.**

(૨૬) વિઘ્ન કરવો એ અંતરાયનો આસ્રવ છે.

## સાતમો અધ્યાય

**(૧) હિંસાઽનૃતસ્તેયાબ્રહ્મપરિગ્રહેભ્યો વિરતિર્વ્રતમ્.**

(૧) હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ થકી વિરતિ એ વ્રત છે.

**(૨) દેશસર્વતોઽણુમહતી.**

(૨) દેશથી વિરતિ એ અણુવ્રત છે અને સર્વથી વિરતિ એ મહાવ્રત છે.

**(૩) તત્સ્થૈર્યાર્થં ભાવનાઃ પંચ પંચ.**

(૩) વ્રતોની સ્થિરતા માટે ૫-૫ ભાવનાઓ છે.

**(૪) હિંસાદિષ્વિહામુત્ર ચાપાયાવદ્યદર્શનમ્.**

(૪) વ્રતોની સ્થિરતા માટે હિંસા વગેરેથી આભવમાં અને પરભવમાં થતા નુકસાનો અને પાપોને જોવા.

**(૫) દુઃખમેવ વા.**

(૫) અથવા (વ્રતોની સ્થિરતા માટે હિંસા વગેરેમાં અન્ય જીવોને થતા) દુઃખની ભાવના કરવી.

**(૬) મૈત્રીપ્રમોદકારુણ્ય-માધ્યસ્થ્યાનિ સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાના-વિનેયેષુ.**

(૬) સત્ત્વશાળી જીવો, ગુણોથી અધિક જીવો, ક્લેશ પામતા (દુઃખી) જીવો, સમજાવી ન શકાય એવા જીવોને વિષે (ક્રમશઃ) મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્ય ભાવનાઓ ભાવવી.

**(૭) જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્.**

(૭) સંવેગ અને વૈરાગ્ય માટે જગતના સ્વભાવની અને શરીરના સ્વભાવની ભાવના કરવી.

**(૮) પ્રમત્તયોગાત્પ્રાણવ્યપરોપણં હિંસા.**

(૮) પ્રમાદવાળા યોગોથી પ્રાણનો નાશ કરવો તે હિંસા છે.

**(૯) અસદભિધાનમનૃતમ્.**

(૯) જૂઠું બોલવું તે અસત્ય છે.

**(૧૦) અદત્તાદાનં સ્તેયમ્.**

(૧૦) નહીં આપેલું લેવું તે ચોરી છે.

**(૧૧) મૈથુનમબ્રહ્મ.**

(૧૧) મૈથુન તે અબ્રહ્મ છે.

**(૧૨) મૂર્ચ્છા પરિગ્રહઃ.**

(૧૨) મૂર્ચ્છા તે પરિગ્રહ છે.

**(૧૩) નિઃશલ્યો વ્રતી.**

(૧૩) વ્રતધારી શલ્ય વિનાનો હોય.

**(૧૪) અગાર્યનગારશ્ચ.**

(૧૪) (વ્રતધારી બે પ્રકારના છે -) શ્રાવક અને સાધુ.

**(૧૫) અણુવ્રતોઽગારી.**

(૧૫) શ્રાવક અણુવ્રતધારી હોય છે.

**(૧૬) દિગ્દેશાનર્થદણ્ડવિરતિસામાયિકપૌષધોપવાસોપભોગપરિભોગ-પરિમાણાતિથિસંવિભાગવ્રતસંપન્નશ્ચ.**

(૧૬) અને (શ્રાવક) દિશાવ્રત, દેશવ્રત, અનર્થદંડવિરમણવ્રત, સામાયિકવ્રત, પૌષધોપવાસવ્રત, ઉપભોગપરિભોગવ્રત અને અતિથિ-સંવિભાગવ્રતથી યુક્ત હોય છે.

**(૧૭) મારણાન્તિકીં સંલેખનાં જોષિતા.**

(૧૭) શ્રાવક મરણ કાળે થનારી સંલેખના (વિશેષ તપ)ને સેવે છે.

**(૧૮) શંકા-કાંક્ષા-વિચિકિત્સાઽન્યદૃષ્ટિપ્રશંસા-સંસ્તવાઃ સમ્યગ્દૃષ્ટેરતિ-ચારાઃ.**

(૧૮) શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિની પ્રશંસા, મિથ્યાદૃષ્ટિનો પરિચય એ સમ્યગ્દૃષ્ટિના અતિચારો છે.

**(૧૯) વ્રતશીલેષુ પંચ પંચ યથાક્રમમ્.**

(૧૯) વ્રતો અને શીલોમાં ક્રમશઃ ૫-૫ અતિચારો છે.

**(૨૦) બન્ધ-વધ-ચ્છવિચ્છેદા-તિભારારોપણા-ન્નપાનનિરોધાઃ.**

(૨૦) બંધ, વધ, ચામડી કાપવી, અધિક ભાર આરોપવો, આહાર-પાણીનો નિરોધ કરવો એ અહિંસાવ્રતના અતિચારો છે.

**(૨૧) મિથ્યોપદેશ-રહસ્યાભ્યાખ્યાન-કૂટલેખક્રિયા-ન્યાસાપહાર-સાકારમન્ત્રભેદાઃ.**

(૨૧) ખોટો ઉપદેશ આપવો, એકાંતમાં કોઈની ખોટી વાત બીજાને કહેવી, ખોટા લેખ કરવા, થાપણ લઈ લેવી, આકાર ઉપરથી ગુપ્ત વાત જાહેર કરવી એ સત્યવ્રતના અતિચારો છે.

**(૨૨) સ્તેનપ્રયોગ-તદાહૃતાદાન-વિરૂદ્ધરાજ્યાતિક્રમ-હીનાધિક-માનોન્માન-પ્રતિરૂપકવ્યવહારાઃ.**

(૨૨) ચોરોને પ્રેરણા કરવી, તેમની લાવેલી વસ્તુ લેવી, વિરુદ્ધ રાજ્યને ઓળંગવું, માન-ઉન્માન ઓછા-વધુ કરવા, ભેળસેળ કરવી એ અચૌર્યવ્રતના અતિચારો છે.

**(૨૩) પરવિવાહકરણેત્વરપરિગૃહીતા-ડપરિગૃહીતાગમનાનંગક્રીડા-તીવ્રકામાભિનિવેશાઃ.**

(૨૩) બીજાના વિવાહ કરવા, ઈત્વરપરિગૃહીતાગમન કરવું, અપરિગૃહીતાગમન કરવું, અનંગક્રીડા કરવી, કામભોગોમાં તીવ્ર આસક્તિ રાખવી એ બ્રહ્મચર્ય વ્રતના અતિચારો છે.

**(૨૪) ક્ષેત્ર-વાસ્તુ-હિરણ્ય-સુવર્ણ-ધન-ધાન્ય-દાસી-દાસ-કુપ્ય-પ્રમાણાતિક્રમાઃ.**

(૨૪) ખેતર અને મકાન, ચાંદી અને સોનું, ધન અને અનાજ, દાસી અને દાસ તથા વાસણના પ્રમાણને ઓળંગવું તે પરિગ્રહપરિમાણ વ્રતના અતિચાર છે.

**(૨૫) ઊર્ધ્વાધસ્તિર્યગ્વ્યતિક્રમ-ક્ષેત્રવૃદ્ધિ-સ્મૃત્યન્તર્ધાનાનિ.**

(૨૫) ઉપરની દિશામાં જવાના પ્રમાણને ઓળંગવું, નીચેની દિશામાં જવાના પ્રમાણને ઓળંગવુ, તીર્છી આઠે દિશામાં જવાના પ્રમાણને ઓળંગવું, ક્ષેત્રની વૃદ્ધિ કરવી અને દિશાના પ્રમાણને ભૂલી જવું એ દિશાવ્રતના અતિચારો છે.

**(૨૬) આનયનપ્રેષ્યપ્રયોગ-શબ્દરૂપાનુપાત-પુદ્ગલક્ષેપાઃ.**

(૨૬) નક્કી કરેલ મર્યાદાની બહારથી દ્રવ્યો મંગાવવા, કોઈકને મોકલવો, શબ્દથી જણાવવું, રૂપથી જણાવવું, પથ્થર-ઢેફા વગેરે નાંખવા એ દેશવ્રતના અતિચારો છે.

**(૨૭) કન્દર્પ-કૌત્કુચ્ય-મૌખર્યાસમીક્ષ્યાધિકરણોપભોગાધિકત્વાનિ.**

(૨૭) કંદર્પ (રાગથી યુક્ત અસભ્ય વાક્યપ્રયોગ, હાસ્ય), કૌત્કુચ્ય (દુષ્ટ ચેષ્ટા સહિતનો કંદર્પ), મૌખર્ય (વાચાળપણું), વિચાર્યા વિના અધિકરણ કરવા, ઉપભોગની વસ્તુઓ વધુ રાખવી એ અનર્થદંડવિરમણવ્રતના અતિચારો છે.

**(૨૮) યોગદુષ્પ્રણિધાનાનાદર-સ્મૃત્યનુપસ્થાપનાનિ.**

(૨૮) યોગોનો દુરુપયોગ, અનાદર અને વિસ્મરણ એ સામાયિક વ્રતના અતિચારો છે.

**(૨૯) અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગાદાનનિક્ષેપસંસ્તારોપક્રમણાનાદર-સ્મૃત્યનુપસ્થાપનાનિ.**

(૨૯) જોયા-પૂંજ્યા વિના મળ-મૂત્રનો ત્યાગ કરવો, લેવું-મૂકવું, સંથારો કરવો, અનાદર અને વિસ્મરણ એ પૌષધોપવાસવ્રતના અતિચારો છે.

**(૩૦) સચિત્ત-સંબદ્ધ-સંમિશ્રાભિષવ-દુષ્પક્વાહારાઃ.**

(૩૦) સચિત્તનો આહાર કરવો, સચિત્ત સંબદ્ધનો આહાર કરવો, સચિત્ત મિશ્રિતનો આહાર કરવો, જંતુમિશ્રિત કે દારૂનો આહાર કરવો, અડધા પાકેલાનો આહાર કરવો એ ઉપભોગપરિભોગ વ્રતના અતિચારો છે.

**(૩૧) સચિત્તનિક્ષેપ-પિધાન-પરવ્યપદેશ-માત્સર્ય-કાલાતિક્રમાઃ.**

(૩૧) સચિત્ત ઉપર મૂકવું, સચિત્ત ઢાંકવું, બીજાનું છે એમ કહેવું, ગુસ્સાથી ન આપવું કે ઈર્ષ્યાથી આપવું, ભિક્ષાના સમયને ઓળંગવો એ અતિથિસંવિભાગવ્રતના અતિચારો છે.

**(૩૨) જીવિતમરણાશંસા-મિત્રાનુરાગ-સુખાનુબન્ધ-નિદાનકરણાનિ.**

(૩૨) જીવિતની ઈચ્છા, મરણની ઈચ્છા, મિત્ર ઉપર રાગ કરવો, સુખાનુબંધ (ભોગવેલ વિષયોનું સ્મરણ કરવું), નિયાણુ કરવું એ સંલેખનાના અતિચારો છે.

**(૩૩) અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્.**

(૩૩) પોતાની ઉપર અને બીજાની ઉપર કૃપા કરવા માટે પોતાના અન્ન, પાણી, વસ્ત્ર વગેરે (પાત્રને) આપવા તે દાન.

**(૩૪) વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્ર-વિશેષાત્તદ્વિશેષઃ.**

(૩૪) વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની તરતમતાથી દાનમાં તરતમતા થાય છે.

## આઠમો અધ્યાય

**(૧) મિથ્યાદર્શનાઽવિરતિ-પ્રમાદ-કષાય-યોગા બન્ધહેતવઃ.**

(૧) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ બંધહેતુઓ છે.

**(૨) સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્પુદ્ગલાનાદત્તે.**

(૨) કષાયવાળો હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે.

**(૩) સ બન્ધઃ.**

(૩) તે બંધ છે.

**(૪) પ્રકૃતિસ્થિત્યનુભાવપ્રદેશાસ્તદ્વિધયઃ.**

(૪) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એ તેના (બંધના) પ્રકાર છે.

**(૫) આદ્યો જ્ઞાન-દર્શનાવરણ-વેદનીય-મોહનીયાયુષ્ક-નામ-ગોત્રાન્ત-રાયાઃ.**

(૫) પહેલો (પ્રકૃતિબંધ) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય (એમ ૮ પ્રકારનો છે).

**(૬) પંચનવદ્વ્યષ્ટાવિંશતિ-ચતુર્દ્વિચત્વારિંશદ્-દ્વિપંચભેદા યથાક્રમમ્.**

(૬) (તેમના) ક્રમશઃ ૫, ૯, ૨,૨૮, ૪, ૪૨, ૨, ૫ ભેદો છે.

**(૭) મત્યાદીનામ્.**

(૭) મતિ વગેરે જ્ઞાનોના (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાનના આવરણો તે જ્ઞાનાવરણકર્મના ૫ ભેદ છે.)

**(૮) ચક્ષુરચક્ષુરવધિકેવલાનાં નિદ્રાનિદ્રાનિદ્રાપ્રચલાપ્રચલાપ્રચલાસ્ત્યાન-ગૃદ્ધિવેદનીયાનિ ચ.**

(૮) ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને થીણદ્ધિ (એ દર્શનાવરણકર્મના નવ ભેદ છે).

**(૯) સદસદ્વેદ્યે.**

(૯) સાતાવેદનીય અને અસાતાવેદનીય (એ વેદનીયકર્મના બે ભેદ છે).

**(૧૦) દર્શનચારિત્રમોહનીયકષાયનોકષાયવેદનીયાખ્યાસ્ત્રિદ્વિષોડશ-નવભેદાઃ સમ્યકત્વમિથ્યાત્વતદુભયાનિ કષાયનોકષાયાવનન્તા-નુબન્ધ્યપ્રત્યાખ્યાનપ્રત્યાખ્યાનાવરણસંજ્વલન-વિકલ્પાશ્ચૈકશઃ ક્રોધ-માનમાયાલોભા હાસ્યરત્યરતિશોકભયજુગુપ્સાસ્ત્રીપુંનપુંસકવેદાઃ.**

(૧૦) દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, કષાયવેદનીય, નોકષાય-વેદનીય નામના ૩,૨,૧૬,૯ ભેદવાળા મોહનીય કર્મના ભેદો છે. સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને તદુભય (સમ્યગ્મિથ્યાત્વ-મોહનીય) (એ દર્શનમોહનીયના ૩ ભેદ છે.) કષાયવેદનીય અને નોકષાયવેદનીય (એ ચારિત્રમોહનીયના ૨ ભેદ છે). ક્રોધ-માન-માયા-લોભ દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન ભેદો છે. (એટલે કષાયવેદનીયના ૧૬ ભેદ છે). હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા-સ્ત્રીવેદ-પુરુષવેદ-નપુંસકવેદ (એ નોકષાયવેદનીયના ૯ ભેદ છે).

**(૧૧) નારકતૈર્યગ્યોનમાનુષદૈવાનિ.**

(૧૧) નારકીનું, તિર્યંચનું, મનુષ્યનું અને દેવનું (એમ આયુષ્યકર્મના ૪ ભેદ છે).

**(૧૨) ગતિજાતિશરીરાંગોપાંગનિર્માણબન્ધનસંઘાતસંસ્થાનસંહનન-સ્પર્શરસગન્ધવર્ણાનુપૂર્વ્યગુરુલઘૂપઘાતપરાઘાતાતપોદ્યોતોચ્છ્વાસવિહાયોગતયઃ પ્રત્યેકશરીરત્રસસુભગસુસ્વરશુભસૂક્ષ્મપર્યાપ્તસ્થિરાદેયયશાંસિ સેતરાણિ તીર્થકૃત્ત્વં ચ.**

(૧૨) ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંઘયણ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ, પ્રતિપક્ષ સહિત પ્રત્યેક શરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્ત, સ્થિર, આદેય, યશ અને તીર્થંકરનામકર્મ (એ નામકર્મના ૪૨ ભેદ છે).

**(૧૩) ઉચ્ચૈર્નીચૈશ્ચ.**

(૧૩) ઉચ્ચગોત્ર અને નીચગોત્ર (એ ગોત્રકર્મના બે ભેદ છે).

**(૧૪) દાનાદીનામ્.**

(૧૪) દાન વગેરે (દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય)નો (અંતરાય એ અંતરાયકર્મના ૫ ભેદ છે).

**(૧૫) આદિતસ્તિસૃણામન્તરાયસ્ય ચ ત્રિંશત્સાગરોપમકોટીકોટ્યઃ પરા સ્થિતિઃ.**

(૧૫) શરૂઆતથી ત્રણ પ્રકૃતિની (જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીયની) અને અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે.

**(૧૬) સપ્તતિર્મોહનીયસ્ય.**

(૧૬) મોહનીયકર્મની (ઉત્કૃષ્ટ સ્થિતિ) ૭૦ કોડાકોડી સાગરોપમ છે.

**(૧૭) નામગોત્રયોર્વિંશતિઃ.**

(૧૭) નામકર્મ અને ગોત્રકર્મની (ઉત્કૃષ્ટ સ્થિતિ) ૨૦ કોડાકોડી સાગરોપમ છે.

**(૧૮) ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણ્યાયુષ્કસ્ય.**

(૧૮) આયુષ્યકર્મની (ઉત્કૃષ્ટ સ્થિતિ) ૩૩ સાગરોપમ છે.

**(૧૯) અપરા દ્વાદશમુહૂર્ત્તા વેદનીયસ્ય.**

(૧૯) વેદનીયકર્મની જઘન્યસ્થિતિ ૧૨ મુહૂર્ત છે.

**(૨૦) નામગોત્રયોરષ્ટૌ.**

(૨૦) નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ ૮ મુહૂર્ત છે.

**(૨૧) શેષાણામન્તર્મુહૂર્તમ્.**

૨૧) શેષ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

**(૨૨) વિપાકોઽનુભાવઃ.**

(૨૨) વિપાક એ અનુભાવ (રસ) છે.

**(૨૩) સ યથાનામ્.**

(૨૩) નામ પ્રમાણે કર્મોનો અનુભાવ છે.

**(૨૪) તતશ્ચ નિર્જરા.**

(૨૪) અનુભાવથી કર્મનિર્જરા થાય છે.

**(૨૫) નામપ્રત્યયાઃ સર્વતો યોગવિશેષાત્સૂક્ષ્મૈકક્ષેત્રાવગાઢસ્થિતાઃ સર્વાત્મપ્રદેશેષ્વનન્તાનન્તપ્રદેશાઃ.**

(૨૫) નામ પ્રમાણે કે નામકર્મ નિમિત્તક, સર્વ દિશાઓમાંથી, યોગની તરતમતાને અનુસારે, સૂક્ષ્મ, આત્માની સાથે એક ક્ષેત્રમાં અવગાહીને રહેલા, સ્થિર, અનંતાનંત (કર્મ) પ્રદેશો દરેક આત્મપ્રદેશ ઉપર (બંધાય છે).

**(૨૬) સદ્વેદ્ય-સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ-શુભાયુર્નામગોત્રાણિ પુણ્યમ્.**

(૨૬) સાતા વેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભ આયુષ્યકર્મ, શુભ નામકર્મ અને શુભ (ઉચ્ચ) ગોત્રકર્મ એ પુણ્ય છે.

## નવમો અધ્યાય

**(૧)આસ્રવનિરોધઃ સંવરઃ.**

(૧) આસ્રવનો નિરોધ કરવો એ સંવર છે.

**(૨) સ ગુપ્તિસમિતિધર્માનુપ્રેક્ષાપરીષહજયચારિત્રૈઃ.**

(૨) તે (સંવર) ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્રથી થાય છે.

**(૩) તપસા નિર્જરા ચ.**

(૩) તપથી સંવર અને નિર્જરા થાય છે.

**(૪) સમ્યગ્યોગનિગ્રહો ગુપ્તિઃ.**

(૪) સારી રીતે (વિધિપૂર્વક) યોગોનો નિગ્રહ કરવો તે ગુપ્તિ છે.

**(૫) ઈર્યાભાષૈષણાદાનનિક્ષેપોત્સર્ગાઃ સમિતયઃ.**

(૫) ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપ સમિતિ અને ઉત્સર્ગસમિતિ (એ ૫ સમિતિઓ છે).

**(૬) ઉત્તમઃ ક્ષમામાર્દવાર્જવશૌચસત્યસંયમતપસ્ત્યાગાકિંચન્યબ્રહ્મ-ચર્યાણિ ધર્મઃ.**

(૬) ક્ષમા, મૃદુતા, સરળતા, શૌચ (લોભનો અભાવ), સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ (૧૦ પ્રકારનો) ધર્મ છે.

**(૭) અનિત્યાશરણસંસારૈકત્વાન્યત્વાશુચિત્વાસ્રવસંવરનિર્જરાલોક-બોધિદુર્લભધર્મસ્વાખ્યાતતત્ત્વાનુચિન્તનમનુપ્રેક્ષાઃ.**

(૭) અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ, ધર્મનું સારી રીતે કહેવાયેલ તત્ત્વ - આ બધાનું ચિંતન તે (૧૨ પ્રકારની) અનુપ્રેક્ષા છે.

**(૮) માર્ગાચ્યવનનિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરીષહાઃ.**

(૮) માર્ગમાંથી ભ્રષ્ટ થયા વિના નિર્જરા માટે સહન કરવું તે પરીષહ છે.

**(૯) ક્ષુત્પિપાસાશીતોષ્ણદંશમશકનાગ્ન્યારતિસ્ત્રીચર્યાનિષદ્યાશય્યા-ऽऽક્રોશવધયાચનાऽલાભરોગતૃણસ્પર્શમલસત્કારપુરસ્કાર-પ્રજ્ઞાऽ-જ્ઞાનાદર્શનાનિ.**

(૯) ભૂખ, તરસ, શીત, ઉષ્ણ, દંશમશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન - આ ૨૨ પરીષહ છે.

**(૧૦) સૂક્ષ્મસંપરાયછદ્મસ્થવીતરાગયોશ્ચતુર્દશ.**

(૧૦) સૂક્ષ્મસંપરાય (૧૦મા ગુણઠાણાવાળા) અને છદ્મસ્થવીતરાગ (૧૧મા-૧૨મા ગુણઠાણાવાળા)ને ૧૪ પરીષહ હોય છે.

**(૧૧) એકાદશ જિને.**

(૧૧) જિન(૧૩મા-૧૪મા ગુણઠાણાવાળા)ને ૧૧ પરીષહ હોય છે.

**(૧૨) બાદરસંપરાયે સર્વે.**

(૧૨) બાદર સંપરાય (૧લા થી ૯મા ગુણઠાણા) સુધીમાં બધા પરીષહો હોય છે.

**(૧૩) જ્ઞાનાવરણે પ્રજ્ઞાજ્ઞાને.**

(૧૩) જ્ઞાનાવરણકર્મમાં પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહો હોય છે.

**(૧૪) દર્શનમોહાન્તરાયયોરદર્શનાલાભૌ.**

(૧૪) દર્શનમોહનીયકર્મમાં અને અંતરાયકર્મમાં ક્રમશઃ અદર્શન પરીષહ અને અલાભ પરિષહ હોય છે.

**(૧૫) ચારિત્રમોહે નાગ્ન્યારતિસ્ત્રીનિષદ્યાઽઽક્રોશયાચનાસત્કાર-પુરસ્કારાઃ.**

(૧૫) ચારિત્રમોહનીયકર્મમાં નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર-પુરસ્કાર પરીષહો હોય છે.

**(૧૬) વેદનીયે શેષાઃ.**

(૧૬) વેદનીયકર્મમાં શેષ પરીષહો હોય છે.

**(૧૭) એકાદયો ભાજ્યા યુગપદેકોનવિંશતેઃ.**

(૧૭) એકથી માંડીને ૧૯ પરીષહોની એકસાથે ભજના હોય છે.

**(૧૮) સામાયિક-ચ્છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતાનિ ચારિત્રમ્.**

(૧૮) સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ (૫ પ્રકારના) ચારિત્ર છે.

**(૧૯) અનશનાવમૌદર્ય-વૃત્તિપરિસંખ્યાન-રસપરિત્યાગ-વિવિક્ત-શય્યાસન-કાયક્લેશા બાહ્યં તપઃ.**

(૧૯) અનશન, ઊણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશ એ બાહ્ય તપ છે.

**(૨૦) પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવૃત્ત્ય-સ્વાધ્યાય-વ્યુત્સર્ગધ્યાનાન્યુત્તરમ્.**

(૨૦) પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ અભ્યંતર તપ છે.

**(૨૧) નવચતુર્દશપંચદ્વિભેદં યથાક્રમં પ્રાગ્ધ્યાનાત્.**

(૨૧) ધ્યાનથી પહેલા (તેમના) ક્રમશઃ ૯,૪,૧૦,૫,૨ ભેદ છે.

**(૨૨) આલોચન-પ્રતિક્રમણ-તદુભય-વિવેક-વ્યુત્સર્ગ-તપશ્છેદ-પરિહારોપસ્થાપનાનિ.**

(૨૨) આલોચન, પ્રતિક્રમણ, તદુભય (આલોચન+પ્રતિક્રમણ), વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર, ઉપસ્થાપન (એ પ્રાયશ્ચિત્તના ૯ ભેદ છે).

**(૨૩) જ્ઞાનદર્શનચારિત્રોપચારાઃ.**

(૨૩) જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય (એ વિનયના ૪ ભેદ છે).

**(૨૪) આચાર્યોપાધ્યાય-તપસ્વિ-શૈક્ષક-ગ્લાન-ગણ-કુલ-સંઘ-સાધુ-સમનોજ્ઞાનામ્.**

(૨૪) આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને સાંભોગિકની (વૈયાવચ્ચ કરવી એ વૈયાવચ્ચના દશ ભેદ છે).

**(૨૫) વાચના-પૃચ્છનાઽનુપ્રેક્ષાઽઽમ્નાય-ધર્મોપદેશાઃ.**

(૨૫) વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય (પરાવર્તન) અને ધર્મોપદેશ (એ સ્વાધ્યાયના ૫ ભેદ છે).

**(૨૬) બાહ્યાભ્યન્તરોપધ્યોઃ.**

(૨૬) બાહ્ય અને અભ્યંતર ઉપધિઓનો ત્યાગ (એ વ્યુત્સર્ગના બે ભેદ છે).

**(૨૭) ઉત્તમસંહનનસ્યૈકાગ્રચિન્તાનિરોધો ધ્યાનમ્.**

(૨૭) ઉત્તમસંઘયણવાળાનું એક આલંબન ઉપર ચિત્તનું સ્થિર કરવું તે ધ્યાન છે.

**(૨૮) આમુહૂર્તાત્.**

(૨૮) (તે ધ્યાન) અંતર્મુહૂર્ત સુધી હોય છે.

**(૨૯) આર્ત્તરૌદ્રધર્મશુક્લાનિ.**

(૨૯) આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એ ધ્યાનના ૪ ભેદ છે.

**(૩૦) પરે મોક્ષહેતૂ.**

(૩૦) પાછળના બે (ધર્મધ્યાન અને શુક્લધ્યાન) મોક્ષના હેતુ છે.

**(૩૧) આર્ત્તમમનોજ્ઞાનાં સમ્પ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિસમન્વાહારઃ.**

(૩૧) અનિષ્ટોનો સંપર્ક થવા પર તેમને દૂર કરવાની વિચારણા તે આર્તધ્યાન છે.

**(૩૨) વેદનાયાશ્ચ.**

(૩૨) અને વેદનાનો (સંપર્ક થવા પર તેને દૂર કરવાની વિચારણા તે આર્તધ્યાન છે).

**(૩૩) વિપરીતં મનોજ્ઞાનામ્.**

(૩૩) ઈષ્ટોને માટે વિપરીત (જાણવું. એટલે કે ઈષ્ટો દૂર થતા હોય તો તેમનો સંપર્ક કરવાની વિચારણા તે આર્તધ્યાન છે).

**(૩૪) નિદાનં ચ.**

(૩૪) અને નિયાણુ (એ આર્તધ્યાન છે.)

**(૩૫) તદવિરતદેશવિરતપ્રમત્તસંયતાનામ્.**

(૩૫) તે (આર્તધ્યાન) અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયતોને હોય છે.

**(૩૬) હિંસાઽનૃત-સ્તેય-વિષયસંરક્ષણેભ્યો રૌદ્રમવિરતદેશવિરતયોઃ.**

(૩૬) હિંસા માટે, જૂઠ માટે, ચોરી માટે અને વિષયોના સંરક્ષણ માટેની વિચારણારૂપ રૌદ્રધ્યાન અવિરત અને દેશવિરતને હોય છે.

**(૩૭) આજ્ઞાઽપાય-વિપાક-સંસ્થાનવિચયાય ધર્મ્મમપ્રમત્તસંયતસ્ય.**

(૩૭) આજ્ઞાની વિચારણા માટે, અપાયની વિચારણા માટે, વિપાકની વિચારણા માટે અને સંસ્થાનની વિચારણા માટે (પ્રણિધાનરૂપ) ધર્મધ્યાન અપ્રમત્તસંયતને હોય છે.

**(૩૮) ઉપશાન્તક્ષીણકષાયયોશ્ચ.**

(૩૮) અને (ધર્મધ્યાન) ઉપશાંતકષાયને અને ક્ષીણકષાયને (પણ હોય છે).

**(૩૯) શુક્લે ચાદ્યે (પૂર્વવિદઃ).**

(૩૯) ઉપશાંતકષાય અને ક્ષીણકષાય પૂર્વધરને શુક્લધ્યાનના પહેલા બે ભેદ પણ હોય છે.

**(૪૦) પરે કેવલિનઃ.**

(૪૦) શુક્લધ્યાનના પછીના બે ભેદો કેવલીને હોય છે.

**(૪૧) પૃથક્ત્વૈકત્વવિતર્ક-સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતિ-વ્યુપરતક્રિયાનિવૃત્તીનિ.**

(૪૧) પૃથક્ત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ અને વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ (એ શુક્લધ્યાનના ચાર ભેદ છે.)

**(૪૨) તત્ત્ર્યૈકકાયયોગાયોગાનામ્.**

(૪૨) તે (૪ પ્રકારનું શુક્લધ્યાન) ત્રણ યોગવાળા, એક યોગવાળા, કાયયોગવાળા અને અયોગીઓને હોય છે.

**(૪૩) એકાશ્રયે સવિતર્કે પૂર્વે.**

(૪૩) શુક્લધ્યાનના પહેલા બે ભેદ એક આલંબનને વિષે વિતર્ક સહિત (પૂર્વશ્રુતને અનુસારી) હોય છે.

**(૪૪) અવિચારં દ્વિતીયમ્.**

(૪૪) શુક્લધ્યાનનો બીજો ભેદ વિચાર વિનાનો (અર્થ-વ્યંજન-યોગની સંક્રાંતિ વિનાનો) હોય છે.

**(૪૫) વિતર્કઃ શ્રુતમ્.**

(૪૫) વિતર્ક એટલે શ્રુતજ્ઞાન.

**(૪૬) વિચારોઽર્થવ્યંજનયોગસંક્રાન્તિઃ.**

(૪૬) વિચાર એટલે અર્થ-વ્યંજન-યોગની સંક્રાંતિ.

**(૪૭) સમ્યગ્દષ્ટિશ્રાવકવિરતાનન્તવિયોજકદર્શનમોહક્ષપકોપશમકોપશાન્તમોહક્ષપકક્ષીણમોહજિનાઃ ક્રમશોઽસઙ્ખ્યેયગુણનિર્જરાઃ.**

(૪૭) સમ્યગ્દષ્ટિ, શ્રાવક, વિરત, અનંતાનુબંધી વિસંયોજક, દર્શનમોહક્ષપક, (ચારિત્રમોહ)ઉપશમક, ઉપશાંતમોહ, (ચારિત્રમોહ)-ક્ષપક, ક્ષીણમોહ અને જિન ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા છે.

**(૪૮) પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રન્થ-સ્નાતકા નિર્ગ્રન્થાઃ.**

(૪૮) પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ નિર્ગ્રન્થો છે.

**(૪૯) સંયમ-શ્રુત-પ્રતિસેવના-તીર્થ-લિંગ-લેશ્યોપપાત-સ્થાન-વિકલ્પતઃ સાધ્યાઃ.**

(૪૯) સંયમ, શ્રુતજ્ઞાન, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત, (સંયમ)સ્થાનના વિકલ્પોથી (તેમને) સાધવા (વિચારવા).

## દશમો અધ્યાય

**(૧) મોહક્ષયાદ્ જ્ઞાનદર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્.**

(૧) મોહનીયકર્મના ક્ષયથી અને જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયકર્મના ક્ષયથી કેવળજ્ઞાન થાય છે.

**(૨) બન્ધહેત્વભાવનિર્જરાભ્યામ્.**

(૨) બંધહેતુઓનો અભાવ અને નિર્જરાથી કર્મોનો ક્ષય થાય છે.

**(૩) કૃત્સ્નકર્મક્ષયો મોક્ષઃ.**

(૩) સંપૂર્ણ કર્મોનો ક્ષય એ મોક્ષ છે.

**(૪) ઔપશમિકાદિભવ્યત્વાભાવાચ્ચાન્યત્ર કેવલસમ્યક્ત્વજ્ઞાન-દર્શનસિદ્ધત્વેભ્યઃ.**

(૪) અને કેવળસમ્યક્ત્વ (ક્ષાયિકસમ્યક્ત્વ), કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ સિવાયના ઔપશમિક વગેરે ભાવો અને ભવ્યત્વનો અભાવ હોવાથી (મોક્ષ થાય છે).

**(૫)તદનન્તરમૂર્ધ્વં ગચ્છત્યાલોકાન્તાત્.**

(૫) ત્યાર પછી (સંપૂર્ણ કર્મોનો ક્ષય થયા પછી જીવ) ઉપર લોકના અંત સુધી જાય છે.

**(૬) પૂર્વપ્રયોગાદસંગત્વાદ્‌બન્ધચ્છેદાત્તથાગતિપરિણામાચ્ચ તદ્‌ગતિઃ.**

(૬) પૂર્વના પ્રયોગથી, અસંગ હોવાથી, બંધનો છેદ થવાથી અને તેવા પ્રકારના ગતિપરિણામથી તેની ગતિ થાય છે.

**(૭)ક્ષેત્ર-કાલ-ગતિ-લિંગ-તીર્થ-ચારિત્ર-પ્રત્યેકબુદ્ધબોધિત-જ્ઞાનાવગાહનાન્તરસંખ્યાલ્પબહુત્વતઃ સાધ્યાઃ.**

(૭) ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધબોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા, અલ્પબહુત્વથી (સિદ્ધોને) સાધવા (વિચારવા).

**શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રના મૂળસૂત્ર-શબ્દાર્થ સમાપ્ત**

● ● ●

- કલ્પસૂત્રમાં વરસાદ આદિ કારણે રસ્તામાં ક્યાંક ઊભા રહેવાનું થાય તો એક સાધુ અને એક સાધ્વી કે એક શ્રાવિકા હોય, એક સાધુ અને બે સાધ્વી કે બે શ્રાવિકા હોય, બે સાધુ અને એક સાધ્વી કે એક શ્રાવિકા હોય, બે સાધુ અને બે સાધ્વી કે બે શ્રાવિકા હોય તો પણ તે રીતે એકાંતમાં ઊભા રહેવાનો નિષેધ કરેલ છે. પાંચમુ કોઈ નાનો બાળક કે બાળિકા હોય અથવા અનેક જણની અવર-જવર થતાં દૃષ્ટિ પડતી હોય ત્યાં ઊભા રહી શકાય.
- જેની પાસે ૨૪ કલાકમાં ૨૭ કલાકનું કામ હોય તે સુખી, કેમકે તેનું મન નવરું ન પડે.
- અંતર્મુખી સદા સુખી.

श्रीतत्त्वार्थाधिगमसूत्रनी

# અન્તિમોપદેશકારિકા

## મૂળગાથા અને શબ્દાર્થ

એવં તત્ત્વપરિજ્ઞાના-દ્વિરક્તસ્યાત્મનો ભૃશમ્ ।
નિરાસ્રવત્વાચ્છિન્નાયાં, નવાયાં કર્મસન્તતૌ ॥૧॥

પૂર્વાર્જિતં ક્ષપયતો, યથોક્તૈઃ ક્ષયહેતુભિઃ ।
સંસારબીજં કાત્સ્ન્યેન, મોહનીયં પ્રહીયતે ॥૨॥

આ રીતે જીવ વગેરે તત્ત્વોના જ્ઞાનથી વિરક્ત થયેલા, સર્વથા આસ્રવરહિત થવાથી નવા કર્મોની પરંપરા છેદાયે છતે શાસ્ત્રમાં કહેલા ક્ષયના હેતુઓ વડે પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરનારા આત્માનું સંસારના બીજરૂપ મોહનીયકર્મ સંપૂર્ણપણે ક્ષય પામે છે. (૧-૨)

તતોઽન્તરાયજ્ઞાનઘ્ન-દર્શનઘ્નાન્યનન્તરમ્ ।
પ્રહીયન્તેઽસ્ય યુગપત્, ત્રીણિ કર્માણ્યશેષતઃ ॥૩॥

ત્યાર પછી એના ત્રણ કર્મો-અંતરાય, જ્ઞાનાવરણ અને દર્શનાવરણ એકસાથે સંપૂર્ણપણે ક્ષય પામે છે. (૩)

ગર્ભસૂચ્યાં વિનષ્ટાયાં, યથા તાલો વિનશ્યતિ ।
તથા કર્મ ક્ષયં યાતિ, મોહનીયે ક્ષયં ગતે ॥૪॥

જેમ મસ્તકની સોય નાશ પામે છતે તાડવૃક્ષ નાશ પામે છે તેમ મોહનીયકર્મનો ક્ષય થયે છતે બધા કર્મોનો ક્ષય થાય છે. (૪)

તતઃ ક્ષીણચતુઃકર્મા, પ્રાપ્તોઽથાખ્યાતસંયમમ્ ।
બીજબન્ધનનિર્મુક્તઃ, સ્નાતકઃ પરમેશ્વરઃ ॥૫॥

**શેષકર્મફલાપેક્ષઃ, શુદ્ધો બુદ્ધો નિરામયઃ ।**
**સર્વજ્ઞઃ સર્વદર્શી ચ, જિનો ભવતિ કેવલી ॥૬॥**

ત્યારપછી જેના ચાર કર્મોનો ક્ષય થયો છે એવા,યથાખ્યાત-સંયમને પામેલા, મોહનીયકર્મ વગેરેરૂપ બીજબંધનથી મુક્ત થયેલા, અંદરનો મેલ દૂર થવાથી સ્નાતક થયેલા, કેવળજ્ઞાનરૂપી ઋદ્ધિ પ્રાપ્ત થવાથી પરમ ઐશ્વર્યવાળા, શેષ અઘાતી કર્મોના ઉદયવાળા તે મહાત્મા મોહ વગેરેરૂપી મેલ દૂર થવાથી શુદ્ધ થાય છે, કેવળજ્ઞાન થવાથી બુદ્ધ થાય છે, બધા રોગના કારણો દૂર થવાથી રોગરહિત થાય છે, સર્વજ્ઞ થાય છે, સર્વદર્શી થાય છે, જિન થાય છે અને કેવળી થાય છે. (૫-૬)

**કૃત્સ્નકર્મક્ષયાદૂર્ધ્વં, નિર્વાણમધિગચ્છતિ ।**
**યથા દગ્ધેન્ધનો વહ્નિ-ર્નિરુપાદાનસન્તતિઃ ॥૭॥**

જેમ જેના કારણોની પરંપરા અટકાવી દેવાઈ છે એવો અને બળી ગયેલા ઈંધનવાળો અગ્નિ શાંત થઈ જાય છે તેમ બધા કર્મોનો ક્ષય થયા પછી તે મહાત્મા નિર્વાણ પામે છે. (૭)

**દગ્ધે બીજે યથાઽત્યન્તં, પ્રાદુર્ભવતિ નાઙ્કુરઃ ।**
**કર્મબીજે તથા દગ્ધે, નારોહતિ ભવાઙ્કુરઃ ॥૮॥**

જેમ બીજ અત્યંત બળી ગયે છતે અંકુરો ઊગતો નથી તેમ કર્મબીજ બળી ગયે છતે સંસારરૂપી અંકુરો ઊગતો નથી. (૮)

**તદનન્તરમેવોર્ધ્વ-માલોકાન્તાત્સ ગચ્છતિ ।**
**પૂર્વપ્રયોગાસઙ્ગત્વ-બન્ધચ્છેદોર્ધ્વગૌરવૈઃ ॥૯॥**

બધા કર્મોનો ક્ષય થયા પછી તે પૂર્વપ્રયોગથી, અંસગપણાથી, બંધનો છેદ થવાથી અને ઊર્ધ્વગૌરવથી ઉપર લોકના છેડા સુધી જાય છે. (૯)

**કુલાલચક્રે દોલાયા-મિષૌ ચાપિ યથેષ્યતે ।**
**પૂર્વપ્રયોગાત્કર્મેહ, તથા સિદ્ધગતિઃ સ્મૃતા ॥૧૦॥**

જેમ કુંભારના ચક્રમાં, હિંચકામાં અને બાણમાં પૂર્વપ્રયોગથી અહીં કર્મ ઇચ્છાય છે તેમ સિદ્ધોની ગતિ કહી છે. (૧૦)

**મૃલ્લેપસઙ્ગનિર્મોક્ષા-દ્યથા દૃષ્ટાપ્સ્વલાબુનઃ ।**
**કર્મસઙ્ગવિનિર્મોક્ષા-ત્તથા સિદ્ધગતિઃ સ્મૃતા ॥૧૧॥**

જેમ માટીના લેપનો સંગ નીકળી જવાથી પાણીમાં તુંબડાની ગતિ જોવાઇ છે તેમ કર્મનો સંગ નીકળી જવાથી સિદ્ધોની ગતિ કહી છે. (૧૧)

**એરંડયન્ત્રપેડાસુ, બન્ધચ્છેદાદ્યથા ગતિઃ ।**
**કર્મબન્ધનવિચ્છેદા-ત્સિદ્ધસ્યાપિ તથેષ્યતે ॥૧૨॥**

જેમ એરંડિયાના બંધનનો છેદ થવાથી, યંત્રના બંધનનો છેદ થવાથી અને પેડાના બંધનનો છેદ થવાથી બીજ, કાષ્ઠ અને પેડાપુટની ગતિ થાય છે તેમ કર્મના બંધનનો છેદ થવાથી સિદ્ધોની ગતિ ઇચ્છાય છે. (૧૨)

**ઊર્ધ્વગૌરવધર્માણો, જીવા ઇતિ જિનોત્તમૈઃ ।**
**અધોગૌરવધર્માણઃ, પુદ્ગલા ઇતિ (ચોદિતમ્) ॥૧૩॥**

જિનેશ્વરભગવંતોએ કહ્યું છે કે, જીવો ઉપર જવાના સ્વભાવવાળા છે અને પુદ્ગલો નીચે જવાના સ્વભાવવાળા છે. (૧૩)

**યથાઽધસ્તિર્યગૂર્ધ્વં ચ, લોષ્ઠવાય્વગ્નિવીતયઃ ।**
**સ્વભાવતઃ પ્રવર્ત્તન્તે, તથોર્ધ્વગતિરાત્મનામ્ ॥૧૪॥**

જેમ સ્વભાવથી જ ઢેફુ નીચે જાય છે, વાયુ તીર્ચ્છો જાય છે અને અગ્નિની જ્વાળાઓ ઉપર જાય છે તેમ સ્વભાવથી જ જીવોની ઊર્ધ્વગતિ થાય છે. (૧૪)

**અતસ્તુ ગતિવૈકૃત્ય-મેષાં યદુપલભ્યતે ।**
**કર્મણઃ પ્રતિઘાતાચ્ચ, પ્રયોગાચ્ચ તદિષ્યતે ॥૧૫॥**

ઊર્ધ્વગતિ સિવાયનો જીવોની ગતિનો જે વિકાર દેખાય છે તે ક્રિયાથી, પર્વત-ભીંત વગેરેના પ્રતિઘાતથી અને પુરુષની ઇચ્છા પ્રમાણેના પ્રયોગથી ઇચ્છાય છે. (૧૫)

**અધસ્તિર્યગથોર્ધ્વં ચ, જીવાનાં કર્મજા ગતિઃ ।**
**ઊર્ધ્વમેવ તુ તદ્ધર્મા, ભવતિ ક્ષીણકર્મણામ્ ॥૧૬॥**

જીવોની કર્મના કારણે નીચે, તીર્ચ્છી અને ઉપર ગતિ થાય છે. જેમના બધા કર્મોનો ક્ષય થયો છે એવા જીવોની સ્વાભાવિક ઊર્ધ્વગતિ જ થાય છે. (૧૬)

**દ્રવ્યસ્ય કર્મણો યદ્વ-દુત્પત્ત્યારમ્ભવીતયઃ ।**
**સમં તથૈવ સિદ્ધસ્ય, ગતિમોક્ષભવક્ષયાઃ ॥૧૭॥**

જેમ પરમાણુ વગેરે દ્રવ્યની ક્રિયાની ઉત્પત્તિ, આરંભ અને ગતિ એક સાથે થાય છે તેમ સિદ્ધની ગતિ, મોક્ષ અને ભવક્ષય એક સાથે થાય છે. (૧૭)

**ઉત્પત્તિશ્ચ વિનાશશ્ચ, પ્રકાશતમસોરિહ ।**
**યુગપદ્ ભવતો યદ્વત્, તથા નિર્વાણકર્મણોઃ ॥૧૮॥**

અહીં જેમ પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો વિનાશ એક સાથે થાય છે તેમ મોક્ષની ઉત્પત્તિ અને કર્મનો વિનાશ એક સાથે થાય છે. (૧૮)

**તન્વી મનોજ્ઞા સુરભિઃ, પુણ્યા પરમભાસ્વરા ।**
**પ્રાગ્ભારા નામ વસુધા, લોકમૂર્ધ્નિ વ્યવસ્થિતા ॥૧૯॥**

લોકના મસ્તક ભાગે વચ્ચે આઠ યોજન જાડી અને અંતે માખીની પાંખ કરતા પાતળી, ખૂબ સુંદર, સુગંધી, પવિત્ર, અત્યંત દેદીપ્યમાન એવી પ્રાગ્ભારા નામની પૃથ્વી રહેલી છે. (૧૯)

**નૃલોકતુલ્યવિષ્કમ્ભા, સિતચ્છત્રનિભા શુભા ।**
**ઊર્ધ્વં તસ્યાઃ ક્ષિતેઃ સિદ્ધા, લોકાન્તે સમવસ્થિતાઃ ॥૨૦॥**

તે પૃથ્વી મનુષ્યલોકની સમાન પહોળાઈવાળી એટલે કે ૪૫ લાખ યોજનની પહોળાઈવાળી, સીધા કરેલા સફેદ છત્રના આકારવાળી અને શુભ છે. તે પૃથ્વીની ઉપર લોકના છેડે સિદ્ધ ભગવંતો રહેલા છે. (૨૦)

**તાદાત્મ્યાદુપયુક્તાસ્તે, કેવલજ્ઞાનદર્શનૈઃ ।**
**સમ્યક્ત્વસિદ્ધતાવસ્થા, હેત્વભાવાચ્ચ નિષ્ક્રિયાઃ ॥૨૧॥**

તે સિદ્ધભગવંતો કેવળજ્ઞાન અને કેવળદર્શનના સ્વભાવવાળા હોવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગવાળા છે, ક્ષાયિકસમ્યક્ત્વ અને સિદ્ધપણામાં રહેલા છે અને કારણ ન હોવાથી ક્રિયારહિત છે. (૨૧)

**તતોઽપ્યૂર્ધ્વં ગતિસ્તેષાં, કસ્માન્નાસ્તીતિ ચેન્મતિઃ ।**
**ધર્માસ્તિકાયસ્યાભાવાત્, સ હિ હેતુર્ગતેઃ પરઃ ॥૨૨॥**

**પ્રશ્ન**- લોકાન્તથી ઉપર સિદ્ધોની ગતિ કેમ થતી નથી ?

**જવાબ**- ધર્માસ્તિકાય એ ગતિમાં કારણભૂત છે અને લોકાન્તથી ઉપર ધર્માસ્તિકાય નથી, તેથી લોકાન્તથી ઉપર સિદ્ધોની ગતિ થતી નથી. (૨૨)

**સંસારવિષયાતીતં, મુક્તાનામવ્યયં સુખમ્ ।**
**અવ્યાબાધમિતિ પ્રોક્તં, પરમં પરમર્ષિભિઃ ॥૨૩॥**

મુક્તાત્માઓને સાંસારિકસુખને ઓળંગી ગયેલું, નાશ નહીં પામનારું, પીડા વિનાનું શ્રેષ્ઠ સુખ હોય છે- એમ તીર્થંકરોએ કહ્યું છે. (૨૩)

**સ્યાદેતદશરીરસ્ય, જન્તોર્નષ્ટાષ્ટકર્મણઃ ।**
**કથં ભવતિ મુક્તસ્ય, સુખમિત્યત્ર મે શૃણુ ॥૨૪॥**

**લોકે ચતુર્ષ્વિહાર્થેષુ, સુખશબ્દઃ પ્રયુજ્યતે ।**
**વિષયે વેદનાઽભાવે, વિપાકે મોક્ષ એવ ચ ॥૨૫॥**

**સુખો વહ્નિઃ સુખો વાયુ-ર્વિષયેષ્વિહ કથ્યતે ।**
**દુઃખાઽભાવે ચ પુરુષઃ, સુખિતોઽસ્મીતિ મન્યતે ॥૨૬॥**

**પુણ્યકર્મવિપાકાચ્ચ, સુખમિષ્ટેન્દ્રિયાર્થજમ્ ।**
**કર્મક્લેશવિમોક્ષાચ્ચ, મોક્ષે સુખમનુત્તમમ્ ॥૨૭॥**

**પ્રશ્ન-** જેના આઠ કર્મોનો નાશ થયો છે એવા, શરીર વિનાના મુક્ત જીવને સુખ શી રીતે હોય છે ?

જવાબ- અહીં મારો જવાબ સાંભળ : લોકમાં સુખ શબ્દનો પ્રયોગ ચાર અર્થોમાં થાય છે. તે આ પ્રમાણે- વિષયમાં, વેદનાના અભાવમાં, સાતાવેદનીયકર્મના ઉદયમાં અને મોક્ષમાં. (૧) વિષયોમાં સુખ શબ્દનો પ્રયોગ આ રીતે કહેવાય છે-અગ્નિ સુખરૂપ છે, વાયુ સુખરૂપ. (૨) દુઃખના અભાવમાં પુરુષ એમ માને છે કે 'હું સુખી છું'. (૩) પુણ્યકર્મના ઉદયથી ઈષ્ટ વિષયોથી જન્ય સુખ થાય છે. (૪) કર્મ અને ક્લેશથી છૂટવાથી મોક્ષમાં સર્વશ્રેષ્ઠ સુખ છે. (૨૪-૨૭)

**સુખપ્રસુપ્તવત્કેચિ-દિચ્છન્તિ પરિનિર્વૃતિમ્ ।**
**તદયુક્તં ક્રિયાવત્ત્વા-ત્સુખાનુશયતસ્તથા ॥૨૮॥**

**શ્રમક્લમમદવ્યાધિ-મદનેભ્યશ્ચ સમ્ભવાત્ ।**
**મોહોત્પત્તેર્વિપાકાચ્ચ, દર્શનઘ્નસ્ય કર્મણઃ ॥૨૯॥**

કેટલાક સુખેથી ગાઢ નિદ્રામાં સૂતેલા માણસની જેમ મોક્ષને ઈચ્છે છે. તે બરાબર નથી, કેમકે નિદ્રામાં ક્રિયા હોય છે, નિદ્રામાં સુખની તરતમતા હોય છે, થાક-માંદગી-નશો-રોગ-કામ-મોહની ઉત્પત્તિ અને દર્શનાવરણકર્મના ઉદયથી નિદ્રા આવે છે. (૨૮-૨૯)

**લોકે તત્સદૃશો હ્યર્થઃ, કૃત્સ્નેઽપ્યન્યો ન વિદ્યતે ।**
**ઉપમીયેત તદ્યેન, તસ્માન્નિરુપમં સુખમ્ ॥૩૦॥**

સંપૂર્ણ લોકમાં મોક્ષના સુખ જેવી બીજી કોઈ વસ્તુ નથી જેના વડે મોક્ષના સુખની ઉપમા આપી શકાય. તેથી મોક્ષમાં અનુપમ સુખ છે. (૩૦)

**લિઙ્ગપ્રસિદ્ધેઃ પ્રામાણ્યા-દનુમાનોપમાનયોઃ ।**
**અત્યન્તં ચાપ્રસિદ્ધં ત-દ્યત્તેનાનુપમં સ્મૃતમ્ ॥૩૧॥**

જેના અન્વયવ્યતિરેકી લિંગની પ્રસિદ્ધિ હોય તે જ અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે. જેના સાદૃશ્યલિંગની પ્રસિદ્ધિ હોય તે જ ઉપમાન પ્રમાણથી સિદ્ધ થાય છે. જે કારણથી મોક્ષના સુખના આવા લિંગ અત્યંત અપ્રસિદ્ધ છે, તેથી તે અનુપમ કહ્યું છે. (૩૧)

**પ્રત્યક્ષં તદ્ ભગવતા-મર્હતાં તૈશ્ચ ભાષિતમ્ ।**
**ગૃહ્યતેઽસ્તીત્યતઃ પ્રાજ્ઞૈ-ર્નચ્છદ્મસ્થપરીક્ષયા ॥૩૨॥**

મોક્ષનું સુખ અરિહંત ભગવંતોને પ્રત્યક્ષ છે અને તેમણે તે કહ્યું છે, માટે બુદ્ધિમાનો 'મોક્ષસુખ છે' એમ માને છે, છદ્મસ્થની પરીક્ષાથી મોક્ષસુખ જણાતું નથી. (૩૨)

# ભાષ્યગત પ્રશસ્તિ

વાચકમુખ્યસ્ય શિવશ્રિયઃ, પ્રકાશયશસઃ પ્રશિષ્યેણ ।
શિષ્યેણ ઘોષનન્દિ-ક્ષમણસ્યૈકાદશાઙ્ગવિદઃ ॥૧॥

વાચનયા ચ મહાવાચક-ક્ષમણમુણ્ડપાદશિષ્યસ્ય ।
શિષ્યેણ વાચકાચાર્ય-મૂલનામ્નઃ પ્રથિતકીર્તેઃ ॥૨॥

ન્યગ્રોધિકાપ્રસૂતેન, વિહરતા પુરવરે કુસુમનામ્નિ ।
કૌભીષણિના સ્વાતિ-તનયેન વાત્સીસુતેનાર્ધ્યમ્ ॥૩॥

અર્હદ્વચનં સમ્યગ્ગુરુ-ક્રમેણાગતં સમુપધાર્ય ।
દુઃખાર્ત્તં ચ દુરાગમ-વિહતમિતિં લોકમવલોક્ય ॥૪॥

ઇદમુચ્ચૈર્નાગરવાચકેન, સત્ત્વાનુકમ્પયા દબ્ધમ્ ।
તત્ત્વાર્થાધિગમાખ્યં, સ્પષ્ટમુમાસ્વાતિના શાસ્ત્રમ્ ॥૫॥

જેમનો યશ પ્રગટ છે એવા શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય, અગ્યાર અંગને જાણનારા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી મહાવાચક ક્ષમણમુંડપાદના શિષ્ય, પસરેલી કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય, ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુરમાં વિચરતા, કુભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતાના પુત્ર, વત્સ ગોત્રવાળા ઉમામાતાના પુત્ર, એવા ઉચ્ચનાગરશાખાના ઉમાસ્વાતિ વાચકજીએ ગુરુ પરંપરાથી આવેલા અરિહંત પરમાત્માના ઉત્તમ વચનને સારી રીતે સમજીને લોકને દુઃખોથી પીડિત અને દુષ્ટ શાસ્ત્રોથી હણાયેલી મતિવાળો જોઈને જીવો ઉપરની અનુકંપાથી તત્ત્વાર્થાધિગમ નામનું સ્પષ્ટ અર્થવાળુ આ શાસ્ત્ર રચ્યું (૧-૫)

**યસ્તત્ત્વાર્થાધિગમાખ્યં, જ્ઞાસ્યતિ ચ કરિષ્યતિ ચ તત્રોક્તમ્ ।**
**સોઽવ્યાબાધં સૌખ્યં, પ્રાપ્સ્યત્યચિરેણ પરમાર્થમ્ ॥૬॥**

તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રને જે જાણશે અને તેમાં કહેલું જે કરશે તે ટુંક સમયમાં પીડા રહિત સુખરૂપ મોક્ષને પામશે. (૬)

## શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રની અંતિમોપદેશકારિકા અને ભાષ્યગત પ્રશસ્તિના મૂળગાથા - શબ્દાર્થ સમાપ્ત

● ● ●

**આ સંપૂર્ણ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ નિરૂપણ કરાયું હોય તો તેની ક્ષમા યાચું છું.**

- આપણી આરાધનાની ગાડી ધક્કાગાડી છે. ચોવીશ કલાકે ગુરુદેવ એક કલાક ઉપદેશનો ધક્કો મારે એટલે આરાધના ચોવીશ કલાક ચાલે. પછી ફરી ધક્કો મારવો પડે. આપણે ઓટોમેટિક ગાડી જેવી આરાધના કરવાની છે, જે એકવાર શરૂ થયા પછી અટકો નહીં, જેને વારંવાર ધક્કાની જરૂર ન પડે.
- અંગ્રેજીમાં કહેવત છે- River never goes reverse. નદી ક્યારેય પાછી વળતી નથી. હંમેશા તે આગળ જ વધે છે. અવિરતગતિ વડે તે સમુદ્રમાં ભળે છે. આપણી આરાધનાની ગાડી પણ ક્યારેય પાછી વળવી ન જોઈએ. આરાધનામાં આપણે હંમેશા આગળ જ વધવાનું છે. અવિરત આરાધના વડે અંતે આપણે પરમાત્મામાં ભળવાનું છે.
- જે સંસારને પકડી રાખે છે તે દુ:ખી થાય છે અને જે સંસારને છોડે છે તે સુખી થાય છે.

# QUOTES

- You must do the things you think you cannot do.
  **– Eleanor Roosvelt**

- A life spent making mistakes is not only more honourable but more useful than a life spent in doing nothing.
  **– George Bernard Shaw**

- A little knowledge that acts is worth infinitely more than much knowledge that is idle. **– Kahlil Gibran**

- How we spend our days is, of course, how we spend our lives.
  **– Annie Dillard**

- Action may not always bring happiness, but there is no happiness without action. **– Benjamin Disraeli**

- There are two kinds of failures : those who thought and never did, and those who did and never thought.
  **– Laurence J. Peter**

- Everyone thinks of changing the world, but no one thinks of changing himself. **– Leo Tolstoy**

- The real voyage of discovery consists not in seeing new landscapes but in having new eyes. **– Proust**

- Real generosity towards the future lies in giving all to the present.
  **– Albert Camus**

- We can do no great things, only small things with great love.
  **– Mother Teresa**

- The future depends on what we do in the present.
  – **Mahatma Gandhi**

- Try not to become a man of success but a man of value.
  – **Albert Einstein**

- Nothing is predestined : The objstacles of your past can become the gateways that lead to new beginnings.
  – **Ralph Blum.**

- Happy are those who dream dreams and are ready to pay the price to make them come true. – **Leon J. Suenes**

- Never let the fear of striking out get in your way.
  – **George Herman Babe Ruth**

- One way to get the most out of life is to look upon it as an adventure. – **William Feather**

- They can because they think they can. – **Virgil**

- The thing always happens that you really believe in and the belief in a thing makes it happen. – **Frank Lloyd Wright**

- Success is the good fortune that comes from aspiration, desperation, perspiration and inspiration. – **Evan Esar**

- To climb steep hills requires a slow pace at first.
  – **Shakespeare.**

- If you do not hope, you will not find what is beyond your hopes.
  – **St. Clement of Alexandra**

- Responsibility is the price of greatness. – **Winston Churchill**

- The only way of finding the limits of the possible is by going beyond them into the impossible. **– Arthur C. Clarke**

- It is hard to fail, but it is worse never to have tried to succeed. **– Theodore Roosvelt**

- Our greatest glory is not in never falling, but in rising every time we fall. **– Confucious**

- Knowing is not enough, we must apply. Willing is not enough, we must do. **– Johann Wolfgang von Goethe**

- A wise man learns by the mistakes of others, a fool by his own. **– Latin Proverb.**

- Our greatest battles are that with our own minds. **– Jameson Frank**

- Our main business is not to see what lies dimly in the distance but to do what lies clearly at hand. **– Thomas Carlyle**

- Do not follow where the path may lead. Go instead where there is not path and leave a trial. **– Ralph Waldo Emerson**

- Don't bother just to be better than your contemporaries or precedors. Try to be better than yourself. **– William Faulkner**

- Be a life long or short, its completeness depends on what it was lived for. **– David Starr Jordan**

- The first and most important step towards success is the feeling that we can succeed. **– Nelson Boswell**

- The time is always right to do what is right. **– Martin Luther King Jr.**

- Determine that the thing can and shall be done, and then we shall find the way. **– Abraham Lincoln**

- Dream as if you'll live forever, live as if you'll die today. **– James Dean**

- If you cannot be a poet, be the poem. **– David Carradine**

- There are only two ways to live your life. One is as though nothing is a miracle. The other is as if everything is. **– Albert Einstein**

- Only those who will risk going too far can possibly find out how far one can go. **– T.S. Eliot**

- It is not because things are difficult that we do not dare, it is because we do not dare that they are difficult. **– Seneca**

- The men who try to do something and fail are infinitely better than those who try to do nothing and succeed. **– Lloyd Jones**

- Courage is not the absence of fear, but rather the judgement that something else is more important than fear. **– Ambrose Redmoon**

- What lies behind us and what lies before us are tiny matters compared to what lies within us. **– Ralph Waldo Emerson**

- The journey of a thousand miles must begin with a single step. **– Lao Tzu**

- You give but little when you give of your possessions. It is when you give of yourself that you truly give. **– Kahlil Gibran**

## ઉપકારી ઉપકાર તમારો કદિય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ. પ્રવર્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

# અહો સુકૃતમ્

પદાર્થ પ્રકાશ ભાગ ૧૬ ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ
પ્રવર્તિની શ્રી રંજનશ્રીજી મ.સા ના શિષ્યા
પ્રવર્તિની શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા ની
પ્રેરણાથી
શ્રી હેમ-પ્રભા-દિવ્ય આરાધનાભુવન
(દીપકુંજ સોસાયટી, ભગવાનનગરનો ટેકરો
પાલડી, અમદાવાદ)
ના જ્ઞાનનિધિમાંથી લેવાયો છે.
સુકૃત કરનાર પુણ્યશાળી આરાધકોની
ભૂરિ...ભૂરિ અનુમોદના

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106